# સમયસાર રહસ્ય

ભાગ – ૧૪



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

# સમયસાર રહસ્ય

## ભાગ–૧૪

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૩૦૧ થી ૩૨૭ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૨૯ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

| વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|
| ૨૫૫૧ | ૨૦૮૧ | ૨૦૨૫ |

**પ્રકાશન**

ઉત્તમ ક્ષમાવણી પર્વ,
તા. ૮-૯-૨૦૨૫

**પ્રાપ્તિ સ્થાન**

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

**લેસર ટાઈપ સેટિંગ**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક**
**અજય ઑફસેટ**
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રકાશકીય

**મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી**
**મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં**

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુ:ખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદ્‌ઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું 'સમયસાર રહસ્ય' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્‌શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્‌ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદ્‌ઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧૪ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

# અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો ચૌદમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૪૨૫ | ૦૧-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૧ થી ૩૦૩, શ્લોક-૧૮૬ | ૦૦૧ |
| ૪૨૬ | ૦૨-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૧ થી ૩૦૫ | ૦૧૫ |
| ૪૨૭ | ૦૩-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૫ થી ૩૦૭, શ્લોક-૧૮૭ | ૦૨૭ |
| ૪૨૮ | ૦૪-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૬-૩૦૭ | ૦૪૪ |
| ૪૨૯ | ૦૫-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૬-૩૦૭ | ૦૫૬ |
| ૪૩૦ | ૦૬-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૬-૩૦૭ | ૦૬૭ |
| ૪૩૧ | ૦૭-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૬-૩૦૭, શ્લોક -૧૮૮ | ૦૭૯ |
| ૪૩૨ | ૦૮-૦૭-૧૯૭૩ | શ્લોક-૧૮૯-૧૯૦ | ૦૯૪ |
| ૪૩૪ | ૧૦-૦૭-૧૯૭૩ | શ્લોક-૧૯૨ થી ૧૯૪ | ૧૦૮ |
| ૪૩૫ | ૧૧-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૧૨૩ |
| ૪૩૬ | ૧૨-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૧૩૬ |
| ૪૩૭ | ૧૩-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૧૪૭ |
| ૪૩૮ | ૧૪-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૮ થી ૩૧૧ | ૧૫૯ |
| ૪૩૯ | ૧૫-૦૭-૧૯૭૩ | ગાથા-૩૦૮ થી ૩૧, શ્લોક-૧૯૫ | ૦૭૯ |
| ૪૪૦ | ૧૬-૦૭-૧૯૭૩ | ગાથા-૩૧૨-૩૧૩, શ્લોક-૧૯૫ | ૧૮૭ |
| ૪૪૧ | ૧૭-૦૭-૧૯૭૩ | ગાથા-૩૧૨ થી ૩૧૫ | ૨૦૦ |
| ૪૪૨ | ૧૮-૦૭-૧૯૭૩ | ગાથા-૩૧૬, શ્લોક-૧૯૬ | ૨૧૬ |
| ૪૪૩ | ૧૯-૦૭-૧૯૭૩ | ગાથા-૩૧૭-૩૧૮, શ્લોક -૧૯૭ | ૨૩૧ |
| ૪૪૪ | ૨૦-૦૭-૧૯૭૩ | ગાથા-૩૮, શ્લોક -૧૯૮ | ૨૪૬ |
| ૪૪૫ | ૨૧-૦૭-૧૯૭૩ | ગાથા-૩૧૯-૩૨૦, શ્લોક -૧૯૮ | ૨૫૯ |

| | | | |
|---|---|---|---|
| ૪૪૬ | ૨૨–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૨૭૪ |
| ૪૪૭ | ૨૩–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૨૮૫ |
| ૪૪૮ | ૨૪–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૨૯૮ |
| ૪૪૯ | ૨૫–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૪ થી ૩૨૭, શ્લોક–૨૦૦ | ૩૦૯ |
| ૪૫૦ | ૨૬–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૩૨૫ |
| ૪૫૧ | ૨૭–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૩૩૮ |
| ૪૫૨ | ૨૮–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૩૪૯ |
| ૪૫૩ | ૨૯–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૦ | ૩૬૧ |
| ૪૫૪ | ૩૦–૦૭–૧૯૭૩ | ગાથા–૩૨૧ થી ૩૨૩, શ્લોક–૧૯૯ | ૩૭૩ |
| ૪૫૬ | ૦૧–૦૮–૧૯૭૩ | ગાથા–૩૨૪ થી ૩૨૭, શ્લોક–૨૦૧ | ૩૮૮ |

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરણી)**

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

।।श्री परमात्मने नमः।।

# સમયસાર રહસ્ય

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૧૪)

## કળશ-૧૮૬

(अनुष्टुभ्)
परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।
बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः॥186॥

હવે આગળના કથનની સૂચનાનો શ્લોક કહે છે --

શ્લોકાર્થ :- [परद्रव्यग्रहं कुर्वन्] જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે [अपराधवान्]તે અપરાધી છે [बध्येत एव] તેથી બંધમાં પડે છે, અને [स्वद्रव्ये संवृतः यति] જે સ્વદ્રવ્યમાં જ સંવૃત્ત છે (અર્થાત્ જે પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે-મગ્ન છે-સંતુષ્ટ છે, પરદ્રવ્યને ગ્રહતો નથી) એવો યતિ [अनपराधः] નિરપરાધી છે [नि बध्यते] તેથી બંધાતો નથી. 186.

## અષાઢ સુદ-૧, રવિવાર, તા.૦૧-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૧ થી ૩૦૩, કળશ-૧૮૬, પ્રવચન-૪૨૫

સમયસાર. ૧૮૬ કળશ છે.

**(अनुष्टुभ्)**

**परद्रव्यग्रहं कुर्वन् बध्येतैवापराधवान्।**
**बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो यतिः॥186॥**

**'જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તે અપરાધી છે તેથી બંધમાં પડે છે,...'** એટલે? જે આ આત્મા જ્ઞાયક અને આનંદસ્વરૂપ છે એમાં ફેર અને દૃષ્ટિ ન કરતા આત્માથી ભિન્ન જે રાગાદિ ભાવ, શુભ-અશુભભાવ એ મારા છે એમ કરીને જે રાગમાં રહે છે એ ચોર છે, અપરાધવાન છે. આહા..હા..! **'પરદ્રવ્યને ગ્રહણ કરે છે...'** એટલે કે રાગને અનુભવે છે. આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપે છે. એમાં ન રહેતા આત્માના સ્વભાવને છોડી અને જે એની ચીજ નથી એવા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એમાં રહે છે, એને અનુભવે છે એને મારા માનીને એમાં સંતુષ્ટ થયો છે. એ અપરાધી છે. આહા..હા..! આવી વાત છે ઝીણી. એ ગુનેગાર છે. અનંત-અનંત પરમાણુના રજકણથી એ બંધાવાને લાયક થઈ ગયા. એમ કહે છે.

**'પરદ્રવ્યને ગ્રહણ...'** ભગવાન આત્મા ચૈતન્ય અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ એવો પોતાનો અનુભવ છોડી દઈને એ રાગાદિભાવ એને અનુભવે, એને અનુસરીને વિકારમાં, વેદનમાં જાય અને એ મારું સ્વરૂપ છે એમ માને એ ગુનેગાર છે, અપરાધી છે. આહા..હા..! ભારે આકરી વાતું! માર્ગ તો એ છે, ભાઈ! અનાદિથી એણે એ કામ કર્યું છે. આહા..હા..! પોતાની જાત જ્ઞાયકસ્વભાવી વસ્તુ એને પોતાની જાણી નથી. એથી જેમાં જાણ્યું એને પોતાનું માન્યું. આહા..હા..! તે બંધમાં પડે છે, તે અપરાધી છે, ગુનેગાર છે, તે અનંત કર્મના રજકણથી બંધમાં પડે છે.

**'અને...'** 'स्वद्रव्ये संवृतः यति' સ્વદ્રવ્યમાં સ્થિત, સંતોષ માનનારો **'સ્વદ્રવ્યમાં જ સંવૃત...'** એટલે પોતાનું સ્વરૂપ શુદ્ધ છે તેમાં રહેનાર, એ મારી ચીજ છે એમ જાણીને એને અનુભવનાર. ભારે! **'પોતાના દ્રવ્યમાં જ ગુપ્ત છે...'** 'संवृतः' એટલે. જ્ઞાયકસ્વરૂપ છું, ચૈતન્ય આનંદસ્વરૂપ છું એવા સ્વરૂપમાં જે સંવૃત છે, અંતરમાં ગુપ્ત છે, એમાં રાગરહિત પોતાની નિર્મળદશામાં મગ્ન છે, એમાં સંતોષ છે એ **'પરદ્રવ્યને ગ્રહતો નથી...'** આહા..હા..! એ રાગને પોતાના માનતો નથી. હોય છે રાગ, પણ એને જાણે છે કે આ એક છે બસ. એને મારા તરીકે અનુભવતો નથી. ઓહો..હો..!

ભારે કામ આકરું. અનાદિથી ચોર્યાસીના અવતાર. ઇ દુ:ખને ડરીને કરવું એ પણ એક વ્યવહાર છે. આહા..હા..! આવે છેને '**दुक्खोओ कम्मक्खओ**' આવે છે ગાથા.

બાકી તો એ દુ:ખ ચીજ રાગ એ મારી ચીજ જ નથી. એવો ચૈતન્ય સ્વભાવ એમાં જે દૃષ્ટિ કરીને રહે છે, પોતાના જ્ઞાયકભાવમાં રહે છે. ભલે રાગ હો, બધું હો, એના જાણવામાં, જાણવાના, જાણવાની દશામાં રહે છે. રાગની દશામાં નહિ. માર્ગ ભાઈ ભારે આવો. આહા..હા..! મોક્ષ છેને? મૂકાવાથી વાત કરી છે. પરદ્રવ્યના રાગથી છૂટી જા, ભાઈ! એ તારી ચીજ નથી. કેટલી ધીરજ જોઈએ! કહે છે કે જે સ્વદ્રવ્યમાં પોતાનું ચૈતન્યસ્વરૂપ એમાં જેને સંતોષ છે એને. પોતાનો આત્મા જ્ઞાયકસ્વરૂપ પોતાની સત્તાની મોજુદગી એમાં જેની લીનતા છે. ભલે રાગાદિ હોય, શરીરાદિ આખી દુનિયા હોય, પણ ધર્મી એમાં નથી.

'**એવો યતિ...**' સ્વરૂપ શુદ્ધની જતના કરનાર. આહા..હા..! યતિ એટલે એ. આ યતિ કહે છે એ નહિ. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદ એની યતના-રક્ષા કરનાર યતિ ધર્માત્મા '**નિરપરાધી છે...**' એ અપરાધ વિનાનો છે. '**તેથી બંધાતો નથી.**' બે જ વાત કરી છે. પોતાની ચીજથી બાહ્ય ચીજ રાગ એને પોતાનો અનુભવતો અનંત કર્મથી બંધાય છે. પોતાના સ્વરૂપમાં દૃષ્ટિ કરીને રહેનારો એ નિરપરાધી પ્રાણી રાગને પોતાનો નહિ માનનાર. પોતાના સ્વદ્રવ્યમાં સંવૃત છે. એટલે સ્વદ્રવ્યમાં જ રોકાયેલ છે એમ કહે છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે, ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ઘણી કઠણ વાત.

ઉત્તર :- કઠણ તો એને અભ્યાસ નથીને. આહા..હા..! ચીજ તો ઘરની છે, ઘરમાં છે, પણ એની અંદર એની મહિમા અને કિંમત જ નથી એને. મહિમા એને રાગની મંદતા કરે કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એની એને મહિમા. જે વિકાર છે, જે પરદ્રવ્ય છે, જે ગુનેગાર એની ચોરી, મારી માનતા એની ચોરી થાય છે. આહા..હા..! સંસારના કેવા દુ:ખો સહન કર્યા છે જુઓને. નરકની અંદર અહીં જરી પવનનું ખુરકું ન હોય જરી તો એકલી આમ આકુળતા. ગરમી... ગરમી... ગરમી... આહા..હા..! .. જાડું શરીર હોય પાછું તો આકુળતા. રતિભાઈ! કપડા કાઢી નાખે. પંખા. આહા..હા..! એમાં જરી ઠંડી હવાનું ખુરકું આવે થોડું. હાશ..! ..ભાઈ!

મુમુક્ષુ :- ઇ બેમાંથી એકેય ત્યાં નથી...

ઉત્તર :- આહા..હા..! એમાં નરકની અંદરમાં તો આહા..હા..! ઉષ્ણ પહેલી, બીજી, ત્રીજી નરકમાં. એક પવનનું ઠંડુ ખુરકું નહિ અને અગ્નિનો પાર નહિ. આહા..હા..! ધગધગતી અગ્નિ જેમ લાખો-કરોડો લાકડા બળતા હોય અને એમાં જેમ જોડે બેઠો હોય તદ્દન જોડે. એથી અનંતગુણી પીડા ઉષ્ણની પહેલી નરકની છે. ભૂલી ગયો તે ભૂલી ગયો. એણે ત્યાં દા'ડા કાઢ્યા છે.

આહા..હા..! ઠંડીની તો એક ગંધ નહિ અને એ ગરમી તે ગરમી કેટલી! જમશેદરપુરની ભઠ્ઠીમાં એને જીવતો શેકે, નાખે એ પીડા જે ઉષ્ણ આદિ છે એની કરતા અનંતગુણી તો પહેલી નરકમાં દસ હજાર વર્ષની સ્થિતિએ છે. એ પરદ્રવ્યને પોતાનું માનીને હેરાન થઈ ગયો છે. આહા..હા..!

એ આત્માનો ચૈતન્યસ્વભાવ એની યતના, રક્ષા, સંભાળ કરનાર એ નિરપરાધી પ્રાણી છે, એને બંધન નથી. અહીં મોક્ષ જ છેને. બંધન નથી પણ એ મૂકાય છે. આહા..હા..! શીતળ છાયાની, કલ્પવૃક્ષની છાયામાં બેઠો છે. આત્મા ઠંડો-ઠંડો શાંત... શાંત... શાંત... શાંત... જેની એક ક્ષણની શાંતિ આગળ જેને દુનિયાની ઉષ્ણતા કાંઈ દેખાતી નથી. એવો જે ભગવાન આત્મા એને શીતળ છાયે બેઠો એ સ્વરૂપની જતના કરનાર, બંધન નહિ એને. એ નિરપરાધી પ્રાણી છે. આહા..હા..! શરતું ઘણી. કહો, રતિભાઈ! આહા..હા..! જરીક આમ ઝાઝા માણસો સાંભળવા બેઠો હોય તોપણ એને ગરમી ઉપર દૃષ્ટિ જાય અને ત્યાં પંખા જોવે પાછા મુંબઈ જેવા, કલકત્તા જેવામાં. લોકો ટીકા પણ કરે કે એલા સાંભળવામાં આ વળી પાછું શું આમાં?

મુમુક્ષુ :- હવે તો મંદીરમાં પંખા

ઉત્તર :- મંદીરમાં પંખા અને થાંભલા પાસે ફરે. પંખો નથી આવતો? ઓલા ઉપલા હોય ઉપર હોય ઘણા. આ તો આમ થાંભલે-થાંભલે રાખે છેને ચક્કર? આહા..હા..! ઓલો નહિ યતિ હતોને એક. શ્રવણબેલગોલા. શ્રવણબેલગોલા. વ્યાખ્યાન સાંભળવા આવ્યો હતો. ભટ્ટારક. હાથમાં મોરપીંછી. એ પંખો ગોતે. અરેરે..! આ શું કરે? આહા..હા..! ભગવાનની વાણી ત્રણ લોકના નાથની એના સાંભળવામાં આ તો અવિનય કહેવાય કહે. ઇ બધા ... વૈરાગ્ય ન મળે, દૃષ્ટિ તત્ત્વની ખબર ન હોય અને અમે ગાદીપતી છીએ. આહા..હા..! વ્યાખ્યાન ચાલતું હોય તો આમ પંખા નાખે હાથમાં પોતે લઈને. પ્રભુ! શું કરે છે તું આ? ક્યાં બેઠો છો? શું કરે છે?

એ કહે છે કે પરની અનુકૂળતામાં રાજીપો છે એ અપરાધી પ્રાણી છે. અને નિરપરાધી તો સ્વરૂપમાં દૃષ્ટિ હોવાથી એ સ્વરૂપમાં જ છે. રાગમાં ને સંયોગમાં ને નિમિત્તમાં છે જ નહિ. આહા..હા..! આવો નિરપરાધી બંધનથી મૂકાય છે. અહીં 'તેથી બંધાતો નથી.' એમ કહ્યું છેને. એ બંધનથી મુકાય છે.

## ગાથા-૩૦૧ થી ૩૦૩

थेयादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।
मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो॥301॥
जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।
ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ॥302॥
एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।
जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि॥303॥

स्तेयादीनपराधान् यः करोति स तु शङ्कितो भ्रमति।
मा बध्ये केनापि चौर इति जने विचरन्॥301॥
यो न करोत्यपराधान् स निश्शङ्कस्तु जनपदे भ्रमति।
नापि तस्य बद्धुं यच्चिन्तोत्पद्यते कदाचित्॥302॥
एवमस्मि सापराधो बध्येऽहं तु शङ्कितश्चेतयिता।
यदि पुनर्निरपराधो निश्शङ्कोऽहं न बध्ये॥303॥

यथात्र लोके य एव परद्रव्यग्रहणलक्षणमपराधं करोति तस्यै बन्धशङ्का सम्भवति, यस्तु तं न करोति तस्य सा न सम्भवति; तथात्मापि य एवाशुद्धः सन् परद्रव्यग्रहणलक्षणमपराधं करोति तस्यैव बन्धशङ्का सम्भवति, यस्तु शुद्धः संस्तं न करोति तस्य सा न सम्भवतीति नियमः। अतः सर्वथा सर्वपरकीयभावपरिहारेण शुद्ध आत्मा गृहीतव्यः, तथा सत्येव निरपराधत्वात्।

---

હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :

અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,
કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; 301.
અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,
'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. 302.
ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,
ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. 303.

ગાથાર્થ :- [यः] જે પુરુષ [स्तेयादीन् अपराधान्] ચોરી આદિ અપરાધો [करोति] કરે છે [सः तु] તે [जिन विचरन्] લોકમાં ફરતાં [मा] રખે [केन अपि] મને કોઈ [चौरः इति] ચોર જાણીને

[बध्ये] બાંધશે-પકડશે' એમ [शङ्कितः भ्रमति] શંકિત ફરે છે; [यः] જે પુરુષ [अपराधान्] અપરાધ [न करोति] કરતો નથી [सः तु] તે [जिनपदे] લોકમાં [निश्शङ्कः भ्रमति] નિઃશંક ફરે છે, [यद्] કારણ કે [तस्य] તેને [बद्धुं चिन्ता] બંધાવાની ચિંતા [कदाचित् अपि] કદાપિ [न उपद्यते] ઊપજતી નથી. [एवम्] એવી રીતે [चेतयता] અપરાધી આત્મા [सापराधः अस्मि] હું અપરાધી છું [बध्ये तु अहम्] તેથી હું બંધાઈશ' એમ [शङ्कितः] શંકિત હોય છે, [यदि पुनः] અને જો [निरपराधः] નિરપરાધી (આત્મા) હોય તો [अहं न बध्ये] હું નહિ બંધાઉં' એમ [निःशङ्कः] નિઃશંક હોય છે.

ટીકા :- જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી, તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે. માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો, કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.

ભાવાર્થ :- જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય; નિરપરાધને શંકા શા માટે થાય? તેવી જ રીતે જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે તો તેને બંધની શંકા થાય જ; જો પોતાને શુદ્ધ અનુભવે, પરને ન ગ્રહે, તો બંધની શંકા શા માટે થાય? માટે પરદ્રવ્યને છોડી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.

---

## ગાથા-૩૦૧ થી ૩૦૩ ઉપર પ્રવચન

'હવે આ કથનને દૃષ્ટાંતપૂર્વક ગાથામાં કહે છે :-' આહા..હા..! ત્રણ ગાથા.

थेयादी अवराहे जो कुव्वदि सो उ संकिदो भमदि।
मा बज्झेज्जं केण वि चोरो त्ति जणम्हि वियरंतो॥301॥
जो ण कुणदि अवराहे सो णिस्संको दु जणवदे भमदि।
ण वि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाइ॥302॥
एवम्हि सावराहो बज्झामि अहं तु संकिदो चेदा।
जइ पुण णिरावराहो णिस्संकोहं ण बज्झामि॥303॥

નીચે હરિગીત.

**અપરાધ ચૌર્યાદિક કરે જે પુરુષ તે શંકિત ફરે,**
**કે લોકમાં ફરતાં રખે કો ચોર જાણી બાંધશે; 301.**
**અપરાધ જે કરતો નથી, નિઃશંક લોક વિષે ફરે,**
**'બંધાઉં હું' એવી કદી ચિંતા ન થાયે તેહને. 302.**
**ત્યમ આતમા અપરાધી 'હું બંધાઉં' એમ સશંક છે,**
**ને નિરપરાધી જીવ 'નહિ બંધાઉં' એમ નિઃશંક છે. 303.**

'**ટીકા :- જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે...**' '**थेयादी**' છેને ચોરી આદિ. '**જેમ આ જગતમાં જે પુરુષ, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે...**' લૌકિક દૃષ્ટાંત છે. ચોરી કરી હોય તો એને શંકા પડે આ મારું નામ આ બોલે છે? આ શું કહે છે? એને શંકા થયા કરે. દાખલો આવે છેને લૌકિકમાં નહિ? ગાય હતી ઉંચી એને તો મોચીએ એને રાપી હોયને રાપી? એને મારી ગાયને. રાપી હોય છેને ચામડા તોડવાની કટકા કરવાની મોચીને. એ ગાયને મારી અને એમાં બધા જોવા ભેગા થયા. પછી જોતા-જોતા આને શંકા પડીને. કોણ કહે છે કે આ રાપીનો ઘા છે કહે? વાત આવે છે. આવે છેને. કોણ કહે છે કે આ રાપીનો ઘા? પોતે ઓલી મારેલી ગાયને અને ચીરારિયો પડી ગયો હતો ચીરારિયો. લોકો ભેગા થઈને અરેરે..! આવી ગાય બિચારે સુંવાળી એને કોણે મારી? જઈને પોતે ઉઘાડો પડ્યો જઈને. કોણ કહે છે કે રાપીનો ઘા? એલા આણે જ રાપી મારી લાગે છે. અહીં તો અમે તો કોઈને કહેતા નથી જ કાંઈ. કે આ શું ચીજ? કોઈએ તલવાર મારી, છરી મારી? આ શું છે? એમ વાતું કરતા હતા લોકો. ઓલાએ રાપી મારેલી તો એને ઇ શંકા પડી. કોણ કહે છે કે આ રાપીનો ઘા? તું કહે છો કે રાપીનો ઘા. આહા..હા..! તે જ રાપી મારી લાગે છે. એમ જેને ગુનો છે એને કાંઈક શંકા રહ્યા જ કરે છે. આ પોલીસ એને માટે આવ્યા હશે? આ મને એના માટે બોલવતા હશે? મારું નામ આમાં આવતું હશે? નામ હોય બીજાનું અને એને આમ જોયું. પણ એને ઇ શંકા પડ્યા કરે. આહા..હા..!

પરદ્રવ્ય જેને અનુભવ જેનું લક્ષણ છે. એમ. આ ચોરી કરવાની.. 'એવો અપરાધ કરે છે તેને જ બંધની શંકા થાય છે અને જે અપરાધ કરતો નથી...' એ કડી બોલતા અમારે હીરાજી મહારાજ. આ જીભ ..કછોટડી તીનો કરે વશ. તે નર ચાલે નરપતા દુરિજન કાહુ કરંત. એ ત્રણ શબ્દ છે કાંઈક. લખેલી ભાષા તો બહુ સારી હતી. જીવ તીનો વશકરણ કછોટડી બ્રહ્મચર્ય એવી આવે છે ભાષા. ઘણા વર્ષ પહેલાની વાત છે. એવું આવે છે લોકમાં. બહારથી ચોરી કરતો નથી, બ્રહ્મચર્ય પાળે છે બરાબર અને જીભ વશ છે. એમ છે ત્રણ. તીનો વશકરણ તે નર ચાલે નૃપતા દુરિજન કાહું કરંત? પહેલું જીહવાને .. એમ છે કાંઈક. એમ અહીં કહે છે કે જેને ગુનો જ નથી

કર્યો એને શંકા જ પડતી નથી કે આ મારા માટે વાત ચાલે છે અને આ મને કહે છે. આહા..હા..!

**'અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી,...'** એ દૃષ્ટાંત થયો. **'તેમ આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...'** ભાષા જુઓ, અશુદ્ધનું વેદન કરતો અને અશુદ્ધમાં વર્તતો થકો. જ્ઞાની અશુદ્ધને વેદતો-વર્તતો નથી એમાં. અશુદ્ધ હોય એના સંબંધીનું પોતાનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન અને એ સંબંધીનું પોતાનું જે જ્ઞાનમાં રહેલો છે. આહા..હા..! એ ધર્મી અશુદ્ધમાં વર્તતો જ નથી. કે આવું આવે છેને એને વ્યવહારનો ભાવ. ભલે હોય, પણ એમાં વર્તતો નથી. અહીં કહે છે જે આત્મા એની પેઠે ઓલો ચોરી, વિષય... **'અશુદ્ધ વર્તતો થકો, પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે...'** આહા..હા..! રાગ એને પોતાનો માનીને અનુભવે છે. એ પરદ્રવ્યનો અનુભવ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે. આહા..હા..! **'તેને જ બંધની શંકા થાય છે...'** નિઃશંક તો આવી ગયું હતુંને પહેલું? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એ બંધના કરનારા એ એની શંકા અજ્ઞાનીને પડે છે. કે આમાં હું બંધાવ છું. એ જ્ઞાનીને એની બંધની શંકા હોતી નથી. આહા..હા..!

પહેલા નિઃશંકમાં આવી ગયું છે નિર્જરા અધિકારમાં. છેને ગાથા? કેટલામી છે? ૩૬-૩૭? પહેલી ગાથા છે. 'ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા...' છે? ૨૨૯. ૨૮ નહિ. ૨૮ તો એના સાત દોહાની. ૨૨૯. 'સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...' હું તો એક જાણનાર-દેખનાર ત્રિકાળ એક સાક્ષીસ્વરૂપ છું. એને 'કર્મબંધ સંબંધી શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી,...' બહુ ઝીણી વાત મૂકી છે. ધર્મી જીવને બંધ કરનારા એવા મિથ્યાત્વ આદિ ભાવ એનો તો અભાવ છે. આહા..હા..! એથી એને શંકા નથી કે હું બંધાવ છું. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું ભારે ભાઈ આ તો! છેને? બહુ સરસથી વાત છે જુઓ, ..માં પણ ઇ છે ગાથાર્થમાં. કર્મબંધ સંબંધી મોહ કરનારા, ભ્રમ ઉપજાવનારા. મિથ્યાત્વ આદિ કર્મબંધ સંબંધી ભ્રમ ઉપજાવનારા કે આના લઈને હું બંધાણો છું. એવા ભાવનો તો સમકિતીને અભાવ છે. આહા..હા..! છે કે નહિ અંદર? **'નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.'** આ તો અગમની વાતું છે, ભાઈ! ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં એને દૃષ્ટિમાં આવ્યો એને બંધ કરનારા એવા મિથ્યાત્વ આદિના ભાવનો તો અભાવ છે. શંકા કરનારા ભાવ ચાર એનો તો અભાવ છે એટલે શંકા છે નહિ. આહા..હા..! એવી વાત છે. મૂળ ભૂમિકાને પહોંચવું પહેલું એ જ વાત છે સાચી. પછી સ્થિરતા અને અસ્થિરતા એ વળી પછી પ્રકાર જાણવાના બધા. આહા..હા..!

મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ એ બંધના કરનારા છે. એનાથી હું બંધાઉ છું એવો સંદેહ

જ્ઞાનીને હોતો નથી. કેમકે એ ભાવ જ એને હોતો નથી. અજ્ઞાનીને રાગમાં વર્તતો થકો અશુદ્ધ વર્તતો થકો છેને? આહા..હા..! વીતરાગ માર્ગની ધર્મદશા અલૌકિક છે. કહે છે કે **'આત્મા પણ...'** ઓલા ચોરી આદિની અપેક્ષાએ. **'અશુદ્ધ વર્તતો થકો,...'** શુદ્ધમાં ન આવતો અશુદ્ધ વર્તતો થકો. આહા..હા..! એ શુભ-અશુભભાવમાં વર્તતો થકો. એને પોતાના માની અને એમાં આચરણ કરતો થકો. આહા..હા..! **'પરદ્રવ્યનું ગ્રહણ...'** એ રાગનો અનુભવ એ એનું લક્ષણ છે. એવો અપરાધ કરે છે. આહા..હા..! કહે છે કે રાગમાં વર્તતો થકો એ પરદ્રવ્ય છે. આહા..હા..! પરદ્રવ્યનો અનુભવ જેનું લક્ષણ છે એવો અપરાધ કરે છે. (ઘણા કહે) એ તો સમ્યગ્દષ્ટિની વાત કરી, પણ અમારે શું પહેલું કરવું ઇ? એમ કહે છે. આહા..હા..! આ કરવું. હું એક ચૈતન્યમૂર્તિ સત્સ્વરૂપ આનંદના સ્વભાવથી ભરેલી ત્રિકાળી ચીજ. એને હું જાણતો, અનુભવતો, વેદતો એમાં વર્તતો એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. અશુદ્ધભાવ હોય, પણ એમાં વર્તવું એ અજ્ઞાનીને છે. વ્યવહારભાવ નિશ્ચયવાળાને ભાવ હોય, પણ એમાં વર્તવું નથી જ્ઞાનીને. સમજાણું કાંઈ? આવો માર્ગ. આહા..હા..!

જેને આનંદની મીઠાશ આવી છે એને અશુદ્ધમાં રહેવું, વર્તવું એ કેમ હોઈ શકે? ઝેરમાં વર્તવું એ કેમ હોઈ શકે? એમ કહે છે. અને જે અશુદ્ધમાં વર્તે છે એ શુદ્ધ એવો આનંદ નાથ પ્રભુ એનો તો એણે અનાદર કર્યો છે. એ ગુનેગાર છે. કહો, .. આવું સ્વરૂપ ભારે આવું. એવું સહેલું હતું.

મુમુક્ષુ :- ખોટું હતું.

ઉત્તર :- ખોટું હતું. ભાઈ! આહા..હા..! આ જીવનમાં આવું નહિ પ્રગટ કરે, બાપુ! ક્યાં જાશે? એકલો જન્મે, એકલો મરે કોઈ સહાય નથી. એકલો ધર્મ પામે. આહા..હા..! કોઈ દ્રવ્યને કોઈ દ્રવ્ય સહાય નથી, અસહાય છે. આહા..હા..! પરદ્રવ્યની કોઈ પરદ્રવ્યને કાંઈ જરીએ મદદ નથી. ઓલામાં લખ્યું છે રત્નકરંડશ્રાવકાચારમાં. જો ભાઈ! એટલા બધા પૈસા વયા જશે તો દુઃખી થઈશ. માટે કાંઈક સાધન રાખજે. નહિતર અટવાઈ જઈશ, ધર્મ પછી નહિ થઈ શકે, મુંઝાઈ જઈશ. હાય.. હવે શું કરવું? પૈસો ન મળે, રળવા જાય તો થાતું નથી, છોકરાઓ કોઈ આપતા નથી.

મુમુક્ષુ :- મરણમુડી રાખજો.

ઉત્તર :- એવી રીતે કળશ વર્ણવ્યો છે. એ ભોગીભાઈ કહેતા હતા. ભોગીભાઈ આવ્યા હતાને હમણા. એક માણસ રાખીએ અને ... હું તો ત્યાં રહું છું. કોઈ છોકરા-બોકરા નવરા નથી જરીએ સમજવાને. એમ કહેતા હતા. આહા..હા..!

મુમુક્ષુ :- છોકરા તો એમ જ કહેને મારી સાથે ચાલો અમદાવાદ.

ઉત્તર :- અમદાવાદ શું? પડ્યો રહે એકકોર ખુણામાં એમ. એક તો અમારે દુકાનમાં ધંધા કરવા, મહિને આવે કહે જોવા એકવાર. એમ બિચારા કહેતા હોં. એને તો આ પૈસાવાળા છે એટલે કાંઈ વાંધો નહિ. નોકર રાખ્યા, રસોયો રાખ્યો છે. નોકર સાથે. એમ કે કોઈ નવરા નથી. તો આ

બધું રળીને પૈસા આપ્યા ભેગા. અત્યારે પણ ક્યાં એને ... આહા..હા..! કોઈ કે કોઈ સામું જોનાર નથી. અમદાવાદમાં રહે તો કોઈ સામું જોનાર નથી લ્યો.

મુમુક્ષુ :- આપ કહો છો કે કોઈ કોઈની સામું જોઈને...

ઉત્તર :- પણ આ તો એમ માને છેને કે કાંઈક-કાંઈક શાતા પુછનાર હોય. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છે એક પત્ર નહિ? અમને કોઈ શાતા પુછનાર નથી. ધર્મની શાતા હોં. આહા..હા..! શ્રીમદ્ ઘણું એને... તમને ધર્મમાં કેમ છે? એમ કોઈ પુછનાર, શાતાનો પુછનાર કોઈ નથી. આ શાતા હોં. આહા..હા..!

'આત્મા પણ જે અશુદ્ધ વર્તતો થકો,...' અહીં વજન છે. 'અશુદ્ધ વર્તતો થકો,...' આહા..હા..! એ પુણ્યના ભાવમાં અશુદ્ધભાવમાં વર્તતો થકો. આહા..હા..! આ હવે ભાવ હોય અને વર્તતો થકો ન હોય. હવે આ કેવી વાત! આહા..હા..! ચોરી કરનારને જેમ ચોરીની શંકા જ રહ્યા કરે એને. વ્યભિચારી હોય તો એને ઇ જાતની શંકા રહ્યા કરે કે આ જોઈ ગયા હશે? હું રાતે બાર વાગે અહીં ગયો હતો. ત્યારે એનો દીવો બળ્યો હતો તો ખરો ઘરમાં. એ જાળીમાં કોક જોતું હતું ખરું. ઓલો તો બિચારો બીજું જોવા નીકળ્યો હોય અંદર. પણ આને શંકા થયા કરે.

અહીં કહે છે કે ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપનું વર્તન-વર્તવું છોડી દઈને અરેરે..! અશુદ્ધમાં વર્તતો થકો. **'પરદ્રવ્યનું ગ્રહણ જેનું લક્ષણ છે...'** આહા..હા..! એ રાગ અને પુણ્ય-પાપના ભાવનું વેદન એ જેનું લક્ષણ **'એવો અપરાધ કરે છે...'** આહા..હા..! કહો, બાબુભાઈ! આવું બહુ પણ ભારે! પરદ્રવ્યનો અનુભવ, રાગનો અનુભવ, રાગમાં વર્તતો થકો રાગનો અનુભવ. આહા..હા..! એવો જે અપરાધ કરે છે **'તેને જ બંધની શંકા થાય છે...'** આહા..હા..! એને સંદેહ પડે કે હું બંધાવ છું. આહા..હા..! **'અને જે શુદ્ધ વર્તતો થકો...'** બસ બે જ વાત. ધર્મી જીવ જ્ઞાનસ્વરૂપી પરમાત્મા પવિત્ર સ્વરૂપ તેનામાં **'શુદ્ધ વર્તતો થકો...'** ધર્મીને અશુદ્ધભાવ હોય, પણ એમાં વર્તતો થકો એમ નથી. હીરાલાલજી! ભારે આવું. આવું વીતરાગનું સ્વરૂપ. આહા..હા..! અરેરે..! સાંભળવા ન મળે એ કે દિ' વિચારે? કે દિ' જાય? આ કરવાનું તો આ છે. લાખ શાસ્ત્ર ભણ્યો હોય. કરોડો પૈસા ખર્ચ્યા હોય દાનમાં અને ઘણા વર્ષથી શુભભાવ જ કરતો હોય. આહા..હા..! પણ કહે છે કે એમાં વર્તવું નહિ. આહા..હા..! થાય તો તો વર્તે જ ને? કહે. શુભરાગ હોય ત્યાં તો વર્તેને એમાં? એમ નહિ. એ શુભરાગ હોવા છતાં ધર્મીની દૃષ્ટિ શુદ્ધ આત્મા ઉપર હોય છે એથી એની પર્યાય શુદ્ધમાં વર્તે છે. શુદ્ધ જેની દૃષ્ટિમાં તરવરી રહ્યો છે. ત્રિકાળ આનંદનો નાથ ધ્રુવસ્વરૂપ જ્ઞાયકભાવ એ દૃષ્ટિમાં આ ધ્યેય વર્તે છે એની પરિણતિ શુદ્ધ જ હોય છે. આહા..હા..! આ તો ભગવાનની ભક્તિ કરતા હોય તો આમ દેખાવ કરે. કેવી આવડે છે અમને જુઓ! સ્તુતિ કરતા કેવી આવડે છે! એ તો અશુદ્ધમાં વર્તે છે.

**'શુદ્ધ વર્તતો થકો...'** આત્મા. .. લેવુંને આત્મા? આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું એવી દૃષ્ટિ

હોવાને લીધે એની પર્યાયમાં શુદ્ધતામાં એ વર્તતો થકો. આહા..હા..! **'અપરાધ કરતો નથી...'** એ શુભરાગને પોતામાં મેળવતો નથી. અણમળતા ભાવ સ્વભાવ સાથે રાગાદિ આત્માનો જે સ્વભાવ શાંત વીતરાગ એની સાથે રાગનો ભાવ અણમળતો છે. એની સાથે મેળ ખાય એવો નથી. આહા..હા..! કામ તો કામ છેને અને આ કામના ફળ પરમ આનંદ છે. આહા..હા..! અનંતકાળની દખલ નીકળી ગઈ અને અનંતકાળમાં સ્વભાવમાં હતો એ બહાર આવ્યો ભાવ અને એ અનંતકાળ રહેશે. આવા શુદ્ધમાં વર્તનારને ફળ એ છે. સમજાણું કાંઈ?

ધર્મી શરીરમાં વર્તતો નથી, પરદ્રવ્યમાં વર્તતો નથી, પણ અશુદ્ધ રાગમાં પણ વર્તતો નથી. ઓહો..હો..! જો પોતાનો પવિત્ર સ્વભાવ ત્રિકાળ. આવ્યું હતુંને સવારમાં આવ્યું હતું નહિ પવિત્ર? પવિત્ર આવ્યું હતું. ત્રિકાળ પવિત્ર છે આત્મા એમ. એટલે કે જેમાં શુભ-અશુભભાવનો, અપવિત્રતા ભાવનો જેમાં અભાવ છે. એ કળશટીકામાં આવ્યું. નિયમસારમાં. જે આત્મા શુદ્ધમાં વર્તતો થકો અપરાધ કરતો નથી. એટલે અશુદ્ધ મારા તેમ અનુભવતો નથી. આહા..હા..! 'તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે.' ઓલું .. નાખ્યું જોયું? **'न संभवति इति नियमं'** 'એવો નિયમ છે.' વસ્તુના સ્વભાવની મર્યાદા જ આવી છે. આહા..હા..! સંસ્કૃતમાં છે નીચે. પહેલા પણ આવી ગયું હતું. આ નિયમ છે-નિયમ છે. નિયમસારમાં તો નિયમની વ્યાખ્યા આવે છેને. સામગ્રીમાં જ્યાં... ત્રણ-ચાર સામગ્રી પોતાની. આહા..હા..! એ જ આ નિયમ છે. શુદ્ધમાં વર્તતો થકો એને શંકા પડતી નથી કે હું બંધાઉ છું, હું તો મોક્ષને માર્ગે પ્રયાણ મારા છે. આહા..હા..! છૂટવાના રસ્તે એના રસ્તામાં હું છું. બંધાવાના રસ્તામાં હું નથી. આહા..હા..! આ પહેલી વસ્તુ આવી છે એનો જ્યાં નિર્ણય-ઠેકાણા નહિ અને આ બહારમાં એમ ને એમ વખત જાય.

ઓલા કહે સમકિતની જ વાતું કરે છે. બે જ જોઈએ. સમકિત અને ચારિત્ર. બાપુ! સમકિત હોય એમાં ચારિત્ર આવે જ તે. એની શ્રદ્ધામાં આવી નથી ગયું? કે આ સ્વરૂપમાં રમીશ પૂર્ણ ત્યારે મને કેવળ થશે. એ ચારિત્ર વિના કેવળ, મુક્તિ ચારિત્ર વિના નહિ, ચારિત્ર સમ્યગ્દર્શન વિના નહિ. અને સમ્યગ્દર્શન સ્વમાં વર્તવું તે દશા છે. આહા..હા..! ભારે આ. આવું મોંઘુ લાગે તે સોંઘુ કરીને મૂક્યું જગત પાસે. અરે..! સોંઘામાં છેતરાઈને વયો જશે હોં. દાખલો આપતાને અમારે હીરાજી મહારાજ કીધુંને? એનો બાપ હતો તે વહાણ હતું સારું. વહાણનો ધંધો હતો એના બાપને. મરી ગયા. મા અને દીકરો બે જણા. એમાં દીકરો આંધળો. પછી પુનમનો દિવસ હશે શ્રાવણ સુદ પુનમને એવો કોઈ. આ કાંઠેથી ઓલે કાંઠે નર્મદામાં જાવું એવું. એનો બાપ તુટેલું વહાણ મૂકી ગયેલો. એની માને કહે બા! આ હવે આપણે શું કરશું? મને રળતા આવડતું નથી. હું આંધળો છું. તારી ઉંમર આ ૫૦-૬૦ની. મારો દેહ તો છૂટી જશે, બા! પણ હું એક પ્રયોગ કરું આ. વહાણને શણગાર્યું ફુટલાને. કાગળ-બાગળ લીલા-પીળા ચોડીને. જે આ કાંઠેથી ઓલે કાંઠે બીજા વહાણમાં બેસે એને કહે કેટલા રૂપિયા? કે દસ. આ આંધળો કહે ચાર. .. ચાલ ભાઈ! બેસો. આહા..હા..! ..

અને ચશ્મા ચડાવેલા લાલ-કાળા. કોઈ દેખે નહિ કે આ આંધળો છે. બેઠા એ તો આખું વહાણ ભરાઈ ગયું એક સાથે. જ્યાં આઘું જાય ત્યાં ઓલા કાગળ ચોડેલા. લાકડા-બાકડાના પૈસા ક્યાં હતા એની પાસે? એ પલળવા માંડ્યા અને પાણી ગરવા માંડ્યું. એલા પણ આ શું છે કહે. જુઓ હું તો આંધળો છું. તમે આંધળા? ઓલા ચાર મૂકીને દોઢે આવ્યા? તમે ન જોયું આ? પાંચસો-સાતસો રૂપિયા થયા હશે તો એની મા પાસે મૂકી આવ્યો. એ હતો વહાણમાં. હાય..હાય.. કહો, એમ આ સોંઘુ કર્યું માણસે. વ્રત પાળો ને અપવાસ કરો ને દયા કરો અને ભક્તિ કરો. એનાથી તમારે મોક્ષ મળશે, પણ આંધળા! તને ખબર નથી? આવું તો અનંતવાર કર્યું છે. એય..! ગીરધરભાઈ! અનંતવાર. એ શુભભાવ તો અનંતવાર કર્યો છે.

મુમુક્ષુ :- એ તો નિગોદ કેટલાક...

ઉત્તર :- નિગોદમાં પણ છે શુભભાવ તો. કેવો શુભભાવ! ત્યાંથી મરીને મોટા અબજોપતિ, રાજા થાય. નિગોદમાં શુભભાવ છે. અરે..! ત્યાં ને ત્યાં રહે તોપણ એને શુભભાવ સદાય થયા જ કરે છે. શુભ-અશુભ... શુભ-અશુભ... શુભ-અશુભ.... આહા..હા..! કોઈ વખતે એવો શુભ થાય તો વળી મરીને રાજા. એક મહિનાની અબજોની પેદાશ. કહો ત્યાં ક્યાં દાન અને ક્રિયા બીજી હતી? પણ એવો આત્માનો .. જરા રાગમાં મંદ થયું, શુભભાવ થયો તો રાજા અબજોપતિ. મહિનાની અબજની પેદાશું. હવે એ ક્યાં નવી ચીજ છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અજ્ઞાનીને અશુભ-શુભમાં વર્તવું એ જ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. અને એને બંધન જ થાય. શંકા પડે કે આમાં બંધાઉં.. છૂટતું કાંઈ લાગતું નથી. બંધાય તે બંધાય જ તે એ તો. આહા..હા..! હળવે-હળવે આગળ-આગળ છૂટશું. અત્યારે તો બંધાણો છોને. મિથ્યાત્વથી બંધાય છે એ તો. આહા..હા..!

મુમુક્ષુ :- આજ તો અમારા અંતરની વાત આપ...

ઉત્તર :- આહા..હા..!

**'શુદ્ધ વર્તતો થકો અપરાધ કરતો નથી તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે.'** આહા..હા..! આ બધા વાંધા જ ઇ ઉઠ્યા છેને આ. કેવા કહેવાય ઇ તમારું? કટારિયા? કોટડિયા. કોટડિયા? કપિલ કોટડિયા. બે દિ' સાંભળી ગયા પણ બધું વિરુદ્ધ પડ્યું. આહા..હા..! શું થાય?

મુમુક્ષુ :- ઇ સાંભળવા આવ્યા હતા જ ક્યાં?

ઉત્તર :- સાંભળવા આવ્યા હતા ક્યાં? એ તો જોવા આવ્યા હતા. એય..! નક્કી કરી ગયા. એ તો જે કહે છે એ જ પદ્ધતિથી જ વાત કરે છે. એમાં કાંઈ ફરતું નથી. આહા..હા..! આવું વ્રત, નિયમ મુનિઓ પાળે એની વાતું તો કરતા જ નથી. વ્રત પાળવા, તપ કરો, ઇન્દ્રિય દમન કરવું, ત્યાગ કરવો. આહા..હા..! અરેરે..! સાંભળને ભાઈ! હજી મિથ્યાત્વના ત્યાગ વિના બીજો ત્યાગ શેનો હોઈ શકે? ભાઈ! તારા લાભની વાત છે પણ હવે એ પ્રથા જ ઉડી ગઈ. એ પદ્ધતિ જ આખી

ફેરફાર. આહા..હા..!

અહીં તો કહે છે કે અજ્ઞાની એના શુભભાવમાં પંચ મહાવ્રતમાં વર્તે. આહા..હા..! બાર વ્રતના વિકલ્પમાં વર્તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલાને એ લુહાણાએ ગુનો કર્યો હતોને રાજકોટમાં. એ. મારો રાતે સુઈ ગયો ત્રણ કલાક. સવારે ફાંસીએ ચડાવે. સવારે ફાંસી નક્કી થઈ ગયેલું. લુહાણો નહિ આ વાંકાનેર?

મુમુક્ષુ :- .. હતાને આપણે.

ઉત્તર :- હા ઇ. ઓલા શેઠ નહિ વાંકાનેરવાળા? ..ભાઈ એના દીકરાની વહુ એને મારી નાખીને. દીકરાની વહુ. ખબર છેને. નક્કી થઈ ગયું કે સવારે ફાંસી દેવી. રાતે ખાઈ-પીને સૂતો હતો. ત્રણ કલાક ઉંઘી ગયો રાતે. હવે સવારે ફાંસી છે. આહા..હા..! જ્યાં સવાર પડી અને ફાંસીની તૈયારી જ્યાં કરવા માંડી. આવ્યા પોલીસો. બાંધ્યા બે હાથ આમ. પછવાડે બે હાથ આમ બાંધ્યા. અમને ત્યાં લઈ ગયા હતા જેલર બતાવવા અમને. કે આ ઠેકાણે લઈ જઈએ અમે ફાંસી દેવી હોય તો. ગયા હતાને અમે ત્યાં એક જેલર હતો. બધા કેદીઓને દર્શન કરવા હતા. અને મહારાજ આપનું વ્યાખ્યાન થોડું સાંભળવું. ત્યાંથી અમદાવાદથી હુકમ લાવ્યા હતા તો ગયા હતા. અને એમાં એક લખાણ એવું હતું. અજ્ઞાન જેવું કોઈ દુ:ખ નથી. કે જુઓ ભાઈ આ. આહા..હા..! પોતાની જાતને જાણ્યા વિના અજ્ઞાન જે છે એના જેવું કોઈ દુ:ખ નથી. એ બિચારા સાંભળે બધા. એના મોટા જેલર. પછી કહે અંદર જ્યાં લઈ જાય એ ફાંસીએ અંદર. અને જ્યાં ટોપી માથે પહેરાવી. ધ્રુજવા માંડ્યો. એવો ધ્રુજે... એવો ધ્રુજે... એલા પણ રાતે સૂતો હતોને ત્રણ કલાક. આહા..હા..!

મુમુક્ષુ :- પછી હિંમત ન રહે.

ઉત્તર :- પછી ન રહી. આહા..હા..! ધ્રુજે પછી આમ. એ કહેતા હતા જેલર કહે અમે રાખીએ અડધો કલાક રાખીએ ત્યાં. દોરી. ત્રણ દિ' તો દોરી પલાળી રાખીએ અને પછી એને ટોપી પહેરાવીને દોરી નાખીએ. નીચેથી પાટીયું લઈ લઈએ. પગ બાંધે પછી. પગ પણ બાંધી દે. એનાથી ધ્રુજે આમ-આમ. ખલાસ થઈ જાય તોપણ અડધો કલાક રાખીએ. એવો રિવાજ છે. ત્યાં અડધો કલાક રાખીએ. જે માર્ગથી નાખ્યો હતો એ માર્ગે ન કાઢીએ. બીજેથી કાઢીએ. અહીંથી કાઢીએ. એના સગાવ્હાલાને સોંપી દઈએ. આહા..હા..! આ ચોર્યાસીની ફાંસીએ અનંતવાર. આહા..હા..! પછી જ્યાં પ્રતિકૂળ છે એમ દેખે. ધ્રુજે હોં. ઘેંટાને મારેને આમ. ઘેંટુ ધ્રુજે. આમાં ધ્રુજે એવું નહોતું આવ્યું? એક ઘેંટાને મારે આમ. બીજું ઘેંટુ વિનય કરીને આમ જાય. એવી એની ટેવ ખરીને. એક ઘેંટુ આમ જાય. ... બચાવ નહોતો કર્યો હમણા બે દિ' પહેલા. ..ભાઈ હતાને ચોટીલાવાળા. એનો દીકરો ત્યાં નોકર હશે ક્યાંક મુંબઈમાં. આ હરિલાલભાઈ હતાને હરિભાઈ નહિ? ચોટીલાવાળા. ઇ છોકરાને ત્યાંથી કતલખાને મોકલ્યો નોકરી કરવા. ત્યારે ભાઈ અમે આ વાણિયા. પણ ત્યાં તો દુ:ખ ન થાય એવું કતલખાનું છે. દુ:ખી થઈને મરે. આહા..હા..! ઇ કરતા એકદમ ઝાટકે મારે તો

દુઃખ ન થાય. મારે બચાવ ભારે કાઢ્યો તે. એટલે તમારે નોકરીમાં વાંધો નથી. ઓલા કહે અમારાથી ન થાય. રાજીનામું. ત્યાં લઈ જાવ તો અમારું રાજીનામું છે. બીજે નોકરી કરું. ઘેટા ઓલા શું કહેવાય? ડુક્કર-ડુક્કર, ભુંડ-ભુંડ. ભુંડને. આહા..હા..! બળદને. ૨૧ લાખ ઘેટા એક વર્ષમાં મરશે કતલ. એક લાખ બળદ. આહા..હા..! ભાઈ! તું અનંતવાર ગયો છો એમાં. એ કાંઈ નવી વાત નથી. આહા..હા..! એ અશુદ્ધમાં વર્તવું એ જ સંસાર છે કહે. અને એના ફળ તરીકે ચોર્યાસીની યોનિ છે. આહા..હા..! કહો, જયંતિભાઈ! શ્વાસ નીકળી જાય એવું છે. આહા..હા..! રસ પડે છેને બધો બહારમાં. આહા..હા..! દુકાને બેઠો હોય થડે. લાખ-બે લાખનું કાપડ હોય અને એને સરખાઈનું આવડતું હોય દેતા, લેતા, ઉઘાડતા. એય..! ધન્નાલાલજી! કેટલું કાપડ આવતું હતું ત્યાં? સઈ (દરજી) રાખે ભાઈ કહેતો હતો. સીવડાવવા માટે ત્રણ સંચા. તમારો કહેતો હતો. અમારો કાકો આમ રાખે કહે. કાપડની દુકાન છે અને ત્રણ સંચા રાખે નહિ? ઓલા કાપડ સીવવાના મશીન-મશીન. શું કહેવાય? અને આમ ફટ-ફટ ઉઘાડે. હાથમાં મેલ ન આવે કાંઈ. અને ૨૫-૨૫ રૂપિયા એક-એકમાં પેદા થતા હોય. જુઓ મજા તમારે. અરેરે..! ભાઈ! શું.. ક્યાં તને મજા લાગી? આહા..હા..!

અહીં તો પરમાત્મા તો શુભભાવમાં વર્તે તો મિથ્યાદૃષ્ટિ બંધને પામશે. આહા..હા..! આવો વીતરાગ જિનેન્દ્રના ચરણકમલના સેવનારાઓને માટે તો આ વાત છે. આહા..હા..! જિનેન્દ્રદેવ જેની વીતરાગદશા પૂર્ણ પ્રગટ થઈ ગઈ, સર્વજ્ઞપણું પૂર્ણ પ્રગટ્યું એના ભક્તોને તો ભગવાન આમ કહે છે. ભાઈ! એ શુભમાં વર્તતો થકો એનો અનુભવ તે અપરાધ છે. આહા..હા..! અમારી ભક્તિ અને અમે કહીએ એવા વ્રત વ્યવહારના એમાં વર્તતો એ મિથ્યાત્વભાવ છે એમ કહે છે. જિનેન્દ્રદેવ સમવસરણમાં ઇન્દ્રોની સમક્ષમાં તો આમ ફરમાવતા હતા. શુભ અને અશુભમાં વર્તતો. આહા..હા..! એ એનું વર્તન. ઓલો કહે પ્રશસ્ત છેને પણ પ્રભુ! એ પ્રશસ્ત પણ રાગનું વર્તન ..ભાઈ! એને તો બંધન જ મિથ્યાત્વનું થશે. સમજાણું કાંઈ? આવી વાતું ભારે કઠણ.

‘**તેને બંધની શંકા થતી નથી-એવો નિયમ છે.**’ ઓલામાં એમ લઈ લેવું એને બંધ થાય છે એવો એક નિયમ છે. આહા..હા..! ‘**માટે સર્વથા સર્વ પારકા ભાવોના પરિહાર વડે...**’ લ્યો, આ સર્વથા આવ્યું, ભાઈ! ચેતનજી! સર્વથા આવ્યું. અરે..! ભગવાન! સર્વથા પાછું આવું. ‘સર્વ પારકા ભાવો...’ એક અંશ પણ શુભરાગ મારો છે એમ ન માન. આહા..હા..! ‘**સર્વથા સર્વ પારકા ભાવો...**’ વિકલ્પ આદિ. ‘**પરિહાર વડે (અર્થાત્ પરદ્રવ્યના સર્વ ભાવોને છોડીને) શુદ્ધ આત્માને ગ્રહણ કરવો,...**’ ભગવાન આત્માને એ આનંદથી ગ્રહણ કરવો. આહા..હા..! ‘કારણ કે એમ થાય ત્યારે જ નિરપરાધપણું થાય છે.’ આહા..હા..! એની વ્યાખ્યા થોડી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૨, સોમવાર, તા.૦૨-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૧ થી ૩૦૫, પ્રવચન-૪૨૬

૩૦૧, ૨, ૩ ગાથા. એનો ભાવાર્થ છેને ટીકાનો? 'જો માણસ ચોરી આદિ અપરાધ કરે તો તેને બંધનની શંકા થાય;...' ચોરી વ્યભિચાર કરે તો એને શંકા એમ થાય કે કોઈ મને પકડશે? બાંધશે? **'નિરપરાધને શંકા શા માટે થાય?'** લૌકિકમાં જે નિરપરાધી પ્રાણી છે. કાલે ત્રણ બોલ કહ્યા હતા. ... એ વાત છે. કર-હાથથી કોઈને દે નહિ, જીભથી જૂઠું આદિ કરે નહિ અને બ્રહ્મચર્ય. 'પર જીહ્વા .. તીનો ..ધર્મ જો નર ચાલે મલકતા દુરિજન કાહું કરંત.' એ શ્લોક અમારે હીરાજી મહારાજ બોલતા ઘણીવાર. અહીં કહે કે આ લૌકિક પહેલી વાત છે હોં આ. ચોરી, વ્યભિચાર આદિ એને જે કરે એને શંકા થયા કરે કે મને આ બાંધશે? મને કાંઈક ગુનેગાર ગણીને કેદમાં લઈ જશે? એમ શંકા પડે.

**'નિરપરાધને શંકા શા માટે થાય? તેવી જ રીતે...'** એ દૃષ્ટાંત લીધો. **'જો આત્મા પરદ્રવ્યના ગ્રહણરૂપ અપરાધ કરે...'** જો એ રાગના ભાવમાં વર્તે ઇ અપરાધી થાય **'તો તેને બંધની શંકા થાય જ;...'** ઝીણી વાત છે. રાગમાં જો વર્તે. એ રાગ પરવસ્તુ છે. એમાં જો વર્તે એ અપરાધી થયો. બંધની શંકા થાય જ એને. અબંધ છું એવી દૃષ્ટિ તો થઈ નથી. તેથી અબંધ ચૈતન્યમાં એને વર્તમાનમાં વર્તવું તો થયું નથી. તેથી રાગમાં વર્તતો જીવ બંધની શંકાવાળો છે. **'જો પોતાને શુદ્ધ અનુભવે,...'** પણ રાગ વિનાનું ચૈતન્ય સ્વરૂપ એમાં મને આનંદ એવી રીતે જીવને જ્ઞાનને, આનંદને પરિણતિથી જીવને સેવે, અનુભવે. સેવે કહો, અનુભવે કહો, સાધન કહો, રાધ કહો.

**'પરને ન ગ્રહે,...'** રાગને, વિકલ્પને ગ્રહે જ નહિ. ઝીણી વાતું બહુ. આહા..હા..! આવું સાંભળવું કઠણ એય..! પ્રેમચંદજી! તમારો ભત્રીજો કહે સવારમાં. કે આવું બધું સાંભળીએ છીએ. કમલેશ. .. કેમ બેસતું નથી? કીધું ક્યાંક રસ રોકાણો લાગે છે. એય..! ચંદુભાઈ! આહા..હા..! બરાબર હશે .. કીધું આવી વાતું સાંભળવી.. જ્યાં સુધી રાગનો રસ છે ત્યાં સુધી એને આત્માનો રસ આવે નહિ. એમ વાત છે. મૂળ તો આ બે વાત છે. સમજાણું કાંઈ? **'પરને ન ગ્રહે,...'** એટલે અબંધ સ્વરૂપી ભગવાન આત્મા એને જ અનુભવે, એને જાણે શ્રદ્ધામાં એમાં જ રહે. **'તો બંધની શંકા શા માટે થાય?'** બંધાઉ છું એ વાત જ ક્યાં છે ત્યાં? મોક્ષનો અધિકાર છેને? સમ્યગ્દર્શનમાં ચૈતન્યના સ્વરૂપનું આરાધન જે છે એ નિરપરાધભાવ છે. એમાં એને રાગનું વેદન અને રાગ મારો છે એ ભાવ તો એમાં છે નહિ. આહા..હા..! એટલે એને બંધની શંકા શા માટે

થાય?

**'માટે પરદ્રવ્યને છોડી...'** એટલે કે રાગનું લક્ષ અને આશ્રય એને છોડી **'શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું. ત્યારે જ નિરપરાધ થવાય છે.'** વાત તો આવી છે. આહા..હા..! રાગ શુભ હોય કે અશુભ. મૂળ તો અહીંયાં શુભની પ્રધાનતા છે. કષાયની મંદમાં તો અનંતવાર આવી ગયું છેને? અને એમાં જ અટક્યો છે. સમ્યગ્દર્શન વિના, જે સ્વનો આશ્રય વિના એને રાગની મંદતાનો આશ્રય તો અનંતવાર લીધો છે. એથી રાગને જ એ પોતાનું સ્વરૂપ જાણે છે અને એ રાગ કરતાં-કરતાં અંદર હળવે-હળવે કલ્યાણ થશે. એ અપરાધી પ્રાણી છે. આહા..હા..! પરને ગ્રહે, ન ગ્રહે (એ વાત નથી). ઝીણી વાતું ભાઈ! એ રાગના વિકલ્પને પોતામાં મેળવે જ નહિ એને બંધની શંકા શા માટે થાય? હું બંધાઈશ અને ભવ મારે છે એવી શંકા રાગને છોડી ચૈતન્યને અનુભવે એને એવી શંકા કેમ થાય? અરે..! ભવમાં રખડવું પડશે. આવા ભવ થશે. એ ભવ જ નથી જ્યાં. ભવનો ભાવ જ્યાં રાગ એને જ જ્યાં એકપણે ગ્રહ્યો નથી, એને ભવભ્રમણ થશે એ શંકા જ એને હોતી નથી. આહા..હા..!

**'ત્યારે જ નિરપરાધ થવાય છે.'** વ્યવહારનો રાગ જેટલો શુભ ઉપયોગ એને ગ્રહે નહિ, એને અનુભવે નહિ, એને એકપણે માને નહિ એ તો નિરપરાધી છે. આહા..હા..! ભારે કામ આકરું પણ... આ વ્યવહારવાળાને તો એવું લાગે કે આ વ્યવહાર.. એ હમણા કહેશે. પહેલો વ્યવહાર કરવા દ્યો. વ્યવહાર પડિક્કમણા આદિ એમાંથી આત્મશુદ્ધિ થશે. એમ કહેશે આગળ. આ તો .. છે. વ્યવહાર પ્રતિક્રમણ આદિ એ અશુભ ટળે છે. લોકો કરવા દ્યો પછી વળી શુભ થશે હળવે-હળવે. વ્યવહાર કરે (અને) નિશ્ચય દૃષ્ટિ જ્યાં નથી. આત્માનો અણઆરાધકભાવ જ્યાં છે. ઇ શુભભાવ કરે તો એ મિથ્યાત્વી બંધનમાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

---

## ગાથા-૩૦૪-૩૦૫

को हि नामायमपराधः ?।

संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।
अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो।।304।।
जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।
आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणंतो।।305।।

संसिद्धिराधसिद्धं साधितमाराधितं चैकार्थम्।
अपगतराधो यः खलु चेतयिता स भवत्यपराधः॥304॥
यः पुनर्निरपराधश्चेतयिता निश्शङ्कितस्तु स भवति।
आराधनया नित्यं वर्तते अहमिति जानन्॥305॥

परद्रव्यपरिहारेण शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः। अपगतो राधो यस्य चेतयितुः सोऽपराधः। अथवा अपगतो राधो यस्य भावस्य सोऽपराधः, तेन सह यश्चेतयिता वर्तते स सापराधः। स तु परद्रव्यग्रहणसद्भावेन शुद्धात्मसिद्ध्यभावाद्बन्धशङ्कासम्भवे सति स्वयमशुद्धत्वादनाराधक एव स्यात्। यस्तु निरपराधः स समग्रपरद्रव्यपरिहारेण शुद्धात्मसिद्धिसद्भावाद्बन्धशङ्काया असम्भवे सति उपयोगैकलक्षणशुद्ध आत्मैक एवाहमिति निश्चिन्वन् नित्यमेव शुद्धात्मसिद्धिलक्षणयाराधनया वर्तमानत्वादाराधक एव स्यात्।

---

હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું? તેના ઉત્તરમાં અપરાધનું સ્વરૂપ કહે છે :

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; 304.**
**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. 305.**

ગાથાર્થ :- [संसिद्धिराधसिद्धम्] સંસિદ્ધિ, *રાધ, સિદ્ધ, [साधितम् आराधितं च] સાધિત અને આરાધિત - [एकार्थम्] એ શબ્દો એકાર્થ છે; [यः खलु चेतयिता] જે આત્મા [अपगतराधः] 'અપગતરાધ' અર્થાત્ રાધથી રહિત છે [सः] તે આત્મા [अपराधः] અપરાધ [भवति] છે.

[पुनः] વળી [यः चेतयिता] જે આત્મા [निरपराधः] નિરપરાધ છે [सः तु] તે [निःशङ्कितः भवति] નિઃશંક હોય છે; [अहम् इति जानन्] 'શુદ્ધ આત્મા તે જ હું છું' એમ જાણતો થકો [आराधनया] આરાધનાથી [नित्यं वर्तते] સદા વર્તે છે.

ટીકા :- પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધન તે રાધ. જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે. અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છે:) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે; તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે. તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી, અનારાધક જ છે. અને જે આત્મા નિરપરાધ છે તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે બંધની શંકા નહિ થતી હોવાથી 'ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા જ હું છું' એમ

**નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી, આરાધક જ છે.**

**ભાવાર્થ :- સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે. અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે. જેને તે રાધ નથી તે આત્મા સાપરાધ છે અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે. જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે; અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે તેથી તેને બંધની શંકા નથી, માટે 'શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.**

---

## ગાથા-૩૦૪-૩૦૫ ઉપર પ્રવચન

**'હવે પૂછે છે કે આ 'અપરાધ' એટલે શું?'** આહા..હા..! જુઓને. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એને અપરાધ કીધો. આહા..હા..! એને એ ધર્મી ગ્રહતો નથી એમ કહે છે. આહા..! ગજબ વાત છે. ષોડશકારણ ભાવના એ તો શુભરાગ છે. એને અપરાધ કહ્યો છે.

મુમુક્ષુ :- એની તો પૂજા થાય.

ઉત્તર :- પૂજા શેની પૂજા કરે? ઇ શુભભાવની વાતું બધી છે. આહા..હા..! એ ષોડશકારણ ભાવનાના વખાણ બહુ કર્યા છે આણે. શ્રાવકરત્નકરંડ આચારમાં. ઓલી તો સમ્યગ્દર્શનસહિત છે એને એવો ભાવ આવે છે, હોય છે. છતાં એને એકપણે ગ્રહતો નથી. આમ વાત છે. અજ્ઞાનીને તો એકલો શુભભાવ જ છે. એમાંથી જો એને કલ્યાણ માન્યું છે એટલે એનો જ એને રાગનો, શુભનો જ અનુભવ છે. એ તો મિથ્યાદૃષ્ટિ બંધમાં જ પડ્યો છે. આહા..હા..! અપરાધનું શું સ્વરૂપ છે એ પૂછ્યું. એનો ઉત્તર.

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं।**
**अवगदराधो जो खलु चेदा सो होदि अवराधो॥304॥**
**जो पुण णिरावराधो चेदा णिस्संकिओ उ सो होइ।**
**आराहणाइ णिच्चं वट्टेइ अहं ति जाणंतो॥305॥**

નીચે હરિગીત.

**સંસિદ્ધિ, સિદ્ધિ, રાધ, આરાધિત, સાધિત-એક છે,**
**એ રાધથી જે રહિત છે તે આતમા અપરાધ છે; 304.**
**વળી આતમા જે નિરપરાધી તે નિઃશંકિત હોય છે,**
**વર્તે સદા આરાધનાથી, જાણતો 'હું' આત્મને. 305.**

એની 'ટીકા :- **પરદ્રવ્યના પરિહાર વડે શુદ્ધ આત્માની સિદ્ધિ...**' એટલે કે રાગનો પણ જ્યાં ત્યાગ છે દૃષ્ટિમાં. આહા..હા..! એ પરદ્રવ્ય છે રાગ. એના પરિહાર વડે એટલે એના ત્યાગ વડે '**શુદ્ધ આત્માની સિદ્ધ...**' શુદ્ધ ચૈતન્ય નિર્મળ જ્ઞાયકભાવ, આનંદભાવ એના આત્માની સિદ્ધિ એટલે પર્યાયમાં શુદ્ધતાનું પ્રગટ થવું એ સિદ્ધિ. '**અથવા સાધન...**' લ્યો આવ્યું ઓલું. પ્રજ્ઞા સાધન કહ્યું હતુંને? તો આ પણ સાધન કહ્યું. ઓલા સાધન કહે છેને શુભભાવ સાધન છે. નિશ્ચય સાધ્ય છે પંચાસ્તિકાયમાં કહ્યું છે.

મુમુક્ષુ :- એ તો ભિન્ન સાધન-સાધ્ય જુદું કહ્યું.

ઉત્તર :- હા તો ભિન્ન સાધન છેને? ભિન્ન સાધન શુભરાગ એ સાધન છે અને એનું સાધ્ય નિશ્ચય છે.

મુમુક્ષુ :- નિશ્ચય(ને) તો નિમિત્ત છે.

ઉત્તર :- નિમિત્ત કીધું એટલે જુદી ચીજ છે એનું જ્ઞાન કરાવ્યું. સાધન-ફાધન (નથી) સાધન તો આરોપ છે. એ નાખ્યું ભાઈએ નહિ ફુલચંદજીએ? ફુલચંદજીએ નાખ્યું છે. અહીં કહે છે એ સાધન છે. શું સાધન? કે રાગનો અભાવ કરીને ચૈતન્યનો આશ્રય લઈને જેટલી શુદ્ધિ અંદર નિર્મળ શુદ્ધ ઉપયોગ પ્રગટે તે સાધન છે. એ આત્માની ત્યાં સિદ્ધિ છે. આત્મા આવો છે એની ત્યાં પ્રસિદ્ધિ, જ્ઞાન અને રમણતા છે. આહા..હા..!

'**પરદ્રવ્યના...**' વ્યવહારના ત્યાગ વડે. બીજી ભાષાએ કહેતા. જેટલો વ્યવહારનો ભાવ કહ્યો એના ત્યાગ વડે '**શુદ્ધ આત્માની સિદ્ધિ...**' શુદ્ધ ચૈતન્ય નિર્મળ આનંદ જ્ઞાયકભાવ એવી જે દૃષ્ટિ ને જ્ઞાન ને સ્થિરતા થઈ એ શુદ્ધ આત્માની સિદ્ધિ થઈ. ત્યાં શુદ્ધ આત્માને એણે સાધ્યો, એને સાધન કહેવામાં આવે છે. લ્યો, વ્યવહારના સાધનને છોડી અને જે શુદ્ધ આત્માને આરાધે અને સેવે એની દશાને સાધન કહેવામાં આવે છે. બહુ ભારે! વ્યવહારવાળાને તો એવું લાગે આ. એકાંત છે રે એકાંત છે. ભાઈ! એકાંત જ છે સાંભળને. આહા..હા..! ચૈતન્ય શુદ્ધ ભગવાન આત્મા એનું અબંધસ્વરૂપ, એના તરફમાં ઝુકાવથી જે નિર્મળદશા પ્રગટી શુદ્ધતા એને અહીંયાં સાધન, એને અહીંયાં આરાધન, એને અહીંયાં આત્મા છે એવી સિદ્ધિ પર્યાયમાં થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર વડે લીધું પહેલું. વ્યવહારના ત્યાગ વડે ત્યાંથી ઉપાડ્યુંને?

પરદ્રવ્યને આશ્રયે થતો જે વિકલ્પ રાગ એના અભાવ વડે. ત્રિકાળ જ્ઞાયકભાવના પ્રતીત

જ્ઞાનમાં એ ભાવની ભાવના સદ્ભાવને લઈને પર્યાયમાં જે નિર્મળતા થઈ એ આત્મસિદ્ધિ છે. આહા..હા..! ભારે આવું માણસને હવે ક્યાં પકડવું આમાં? હવે આ બધા ધંધા માંડ-માંડ આખો દિ' કરે. કલાક સાંભળવા આવે માંડ. એમાં આવી વાતું અને હવે એમાં ક્યાં એને મોં માથુ હાથ આવે નહિ. એય..! બાબુભાઈ! આ તમારા કાકાને શું આમાં તુંબડીમાં કાંકરા જેવું લાગે. બરાબર છે? લે! કહે છે કે ધર્મ કોને થાય? કે જે રાગનો ત્યાગ કરીને અબંધસ્વરૂપનો આશ્રય લે એમાં જે નિર્મળ દશા પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે. એમાં આત્માની સાબિતી-સિદ્ધિ થઈ કે આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે એવું જેને શ્રદ્ધા, જ્ઞાનમાં, રમણતામાં સાબિતી થઈ એ ભાવનું નામ સાધન અને આરાધક કહેવામાં આવે છે. એ પર્યાયને સાધન કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- પર્યાયને સાધન કહ્યું. .. સાધન એ ક્યાં વયું ગયું?

ઉત્તર :- પણ દ્રવ્યનો આશ્રય લીધો છેને? આ રાગનો ત્યાગ કર્યો અને અહીં દ્રવ્યનો આશ્રય લીધો છે. તો આશ્રય લઈને જે પર્યાય પ્રગટી તે સાધન છે. એય..! ચેતનજી! આ શું કહે છે રામજીભાઈ? પર્યાય-પર્યાય જ આવે છે બધે. આહા..હા..! પણ પર્યાય તે ધર્મ એ પર્યાય છે અને અધર્મ એ જ મિથ્યાત્વની પર્યાય છે. ધર્મ એ સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય છે. અરે..! એના વિના જન્મ-મરણના અંત કોઈ દિ' આવવાના નથી. આહા..હા..! મોટો રાજા હોય, કરોડોની ઉપજ હોય, સુંદર રૂપાળુ શરીર, બાયડી, છોકરા અરેરે..! જેને આત્માની ખબર નથી. શું ચીજ છે એવા ભાન વિનાના મરીને નરકમાં, બોકડા અને કાગડામાં જાય. આહા..હા..! એ પડદા પાછળ આ ભાવ છે. અને જેને રાગનો પણ ત્યાગ દૃષ્ટિમાં છે. આહા..હા..! અને જેને આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ જેની દૃષ્ટિમાં આવ્યો છે, બેઠો છે, જાણ્યો છે, અનુભવ્યો છે. આહા..હા..! એવી જે શુદ્ધ આત્માની સિદ્ધિ, રાગના ત્યાગથી આત્માના સ્વભાવની જે પ્રતીતિ અને શાંતિ થઈ એ સિદ્ધિ. પર્યાયની વાત છે અહીં. કાર્ય તો પર્યાયમાં થાય છેને? આહા..હા..!

**'પરદ્રવ્યના પરિહાર વડે...'** અને સ્વદ્રવ્યના આરાધક વડે એટલે સાધન વડે. આહા..! જેમાં રાગનું લક્ષ જ છૂટી ગયું છે અને પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્યઘન છે. એવો જેણે જે પર્યાયે આશ્રય કર્યો એ પર્યાય જ સાધન અને આત્માની સિદ્ધિ કરનાર એ પર્યાય છે. આ આત્મા આવો છે એમ સિદ્ધિ તો પર્યાય જ કરે છે. આહા..હા..! કહો, બાબુભાઈ! કહો, સમજાણું આમાં? પહેલી લીટીમાં જ કેટલું નાખ્યું જુઓને. **'संसिद्धि'** એમ સમ્યક્ પ્રકારે સિદ્ધિ થઈ. શુદ્ધ ચૈતન્ય આત્મા ઇ હું એવી દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા થઈ એને જ અહીંયાં આત્માની સિદ્ધિ કહેવામાં આવે છે. આહા..હા..! જેમાં આત્મા આવો છે એવી પ્રતીત, જ્ઞાન અને રમણતા થઈ એ આત્માની સિદ્ધિ છે. આહા..હા..! અને એ જ સાધન છે મોક્ષનું. પૂર્ણાનંદનો કેવળજ્ઞાનદશાની પ્રાપ્તિનું સાધન આ છે. વ્યવહાર સાધન. વ્યવહારનો તો પરિહાર વડે કીધું. આહા..હા..!

**'સાધન તે રાધ.'** છે. આરાધન શબ્દ વાપરવો છેને? એ રાધ છે. રાધ એટલે આરાધન.

આહા..હા..! આ દેવને આરાધે છે નથી આવતા? દેવીને આરાધે છે. એ દેવ નહિ, આ ભગવાન દેવને એણે આરાધ્યો. આહા..હા..! સમ્યગ્દર્શનમાં પૂર્ણાનંદ સ્વરૂપ જેનું એવી જેની દૃષ્ટિ અને અનુભવ થયો એણે આત્માના દેવને આરાધ્યો. આહા..હા..! એને આરાધન કહેવામાં આવે છે. એ આરાધન એ નિર્મળ વીતરાગી પરિણતિ છે. ભાષા જુદી, ભાવ જુદા. આહા..હા..! વીતરાગ કેવળી પરમાત્મા તીર્થંકરના અભિપ્રાયમાં આ આરાધન છે. આહા..હા..! ભગવાન કહે છે કે મને આરાધે એ પણ આરાધક નહિ. આહા..હા..! મારા તરફનો રાગ છે એને પણ છોડીને એમ કહે છે. તું ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનું સાધન એના તરફના વલણથી જે પ્રગટદશા થઈ એ જ સિદ્ધિ છે આત્માની ત્યાં અને એ જ સાધન છે અને એ જ રાધ નામ આરાધન છે. એણે દેવને આરાધ્યો છે. આહા..હા..! દેવ પ્રસન્ન થયો ત્યાં. સાધ્યની વ્યાખ્યા છેને ઉપર જુઓને. રાધ એટલે આરાધના, પ્રસન્નતા. ભગવાન આત્મા રાગના ત્યાગ-અભાવ દ્વારા સ્વભાવનું જ્યાં શરણ લીધું એ જ એની પ્રસન્નતા છે. આહા..હા..! રાગનું શરણ ત્યાં ખેદ અને દુઃખ છે. આત્માનું આરાધન તેને અહીંયાં પ્રસન્નતા કહે છે.

પસિયંતુ આવે છેને. લોગસ્સમાં આવે છેને નહિ? વિહુરયમલા તીથયારામેપસિયંતુ. લોગસ્સમાં આવે છે. અરે..! પણ અર્થની કાંઈ ખબર ન મળે. ગડીયા હાંકે જાય. તીથયારાજમેપસિયંતુ. હે તીર્થંકર ભગવાન મને પ્રસન્ન થાઓ. એનો અર્થ કે હે પરમ આત્મા આત્મા! એ તું પ્રસન્ન થા મારી પર્યાયમાં. સ્વભાવી ચીજની જ્યાં દૃષ્ટિ ને જ્ઞાન ને શાંતિ થઈ એને અહીંયાં આરાધન અને એને અહીંયાં પ્રસન્નતા કહેવામાં આવે છે. આહા..હા..! વ્યવહાર માર્ગની અપ્રસન્નતા છે. પ્રસન્નતા-કૃપા. ભગવાન આત્માની કૃપા થઈ. લ્યો આ કૃપાદૃષ્ટિ. શ્રીમદ્‌માં આવે છેને મોટા પુરુષની કૃપાદૃષ્ટિ તે સમકિત છે. એવું આવે છે. એ આ મોટો પુરુષ પ્રભુ. પૂર્ણાનંદનો નાથ પરમાત્મા કેવળીએ જોયો, એવો જેણે અંદરમાં જોયો, જાણ્યો, માન્યો, એમાં ઠર્યો એનું નામ કૃપા આત્માની થઈ. 'કરૂણા હમ પાવત હે તુમકી વહ બાત રહી સુગુરુગમકી.' એમાં આવે છેને. ભગવાનની કરૂણા છે એ. કૃપા થઈ. રાગનો ભાવ એ તો આત્માની અકૃપાનો ભાવ છે. આહા..હા..!

વીતરાગ માર્ગ એવો લોકોએ સ્થૂળ કરી નાખ્યો. જે અજૈનને જૈનપણું ઠરાવી દીધું છે. એટલે આ વાત એને એવી લાગે છે. આહા..હા..! જૈન તો એને કહીએ કે રાગના ત્યાગના અભાવથી સ્વભાવનો આશ્રય લઈને જેણે અજ્ઞાનને જીત્યું અને રાગ-દ્વેષને જીત્યો અને તે સ્થાનમાં એને વીતરાગતા નિર્મળતા પ્રગટ થઈ એને જૈન કહીએ. જૈન કોઈ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ આવું છે. આહા..હા..! કૃપા, સિદ્ધિ. સિદ્ધિ તો શબ્દ છે અંદર. એને સિદ્ધિ કહીએ. આ પર્યાયની વાત છે હોં બધી. રાગના લક્ષને છોડી દઈને ચૈતન્યના સ્વદ્રવ્યના લક્ષે આરાધન થયું એ પર્યાયને અહીંયાં સિદ્ધિ કહેવામાં આવે છે. એણે આત્માને સિદ્ધ કર્યો, સાબિત કર્યો પર્યાયમાં. આહા..હા..! એનું નામ

સાધન અને આરાધન કહેવામાં આવે છે. હવે આ વાત છોડીને ઓલું પંચાસ્તિકાયમાં આવેને વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય. ત્યાં પકડે. લખાણમાં ઘણું આવે છે એ લોકોનું. જુઓ, અહીંયાં વ્યવહાર સાધન કહ્યું છે. ભાઈ! એ તો આરોપથી સાધન કહ્યું, વાસ્તવિક સાધન એ નથી. એ તો પરિહાર કરવા જેવું એ સાધન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવો ભગવાન આત્મા દૃષ્ટિમાં ન આવે એના રસમાં ન જાય એટલે ઓલો રસ છૂટે નહિ. આહા..હા..! એટલે બહારમાં પછી ભટક્યા ભટક અને એમાંથી કાંઈક થાશે એમ સંતોષ કરીને બેસે. અરેરે..! અવતાર અનંત રહેશે. જેણે રાગથી લાભ માન્યો એવો મિથ્યાત્વભાવ, જે છોડવા જેવી ચીજને એણે આદરણીય માની. એને તો અનંત સંસાર ચોર્યાસીના અવતાર. આહા..હા..! અરે..! જ્યાં કોઈ સાધન નથી બહાર. એકલો કુટુંબ, બાયડી, છોકરા, મકાન બધું પડ્યું રહેશે. જાશે ક્યાંક રખડવા. આહા..હા..! અને એ મનુષ્યપણું ચાલ્યું જાય અને પછી ક્યારે મનુષ્યપણું મળે એને? મિથ્યાદૃષ્ટિ કદાચિત્ કોઈ શુભભાવ હોય એવો. વ્યંતરમાં જાય દેવલોકમાં, પણ એ ત્યાંથી મિથ્યાદૃષ્ટિનું જ્યાં જોર છે દૃષ્ટિનું એ મરીને ત્યાંથી પશુ થાય અને પશુ મરીને નિગોદમાં જાય. અને આત્માનો આરાધક જીવ કાંઈક રાગ બાકી હોય સ્વર્ગમાં જાય, ત્યાંથી મનુષ્ય થઈને મોક્ષ જાય. આહા..હા..! આવી ચીજ છે.

કહે છે એ સિદ્ધિ છે. અરે..! પરમાત્મા પૂર્ણ છે એને સ્વીકાર્યો એ પર્યાયને જ પૂર્ણતા કહેવામાં આવે છે. પૂર્ણાનંદ પ્રભુ એને પૂર્ણતા કહે છે. એ સાધન જે થયું. સ્વરૂપનું સાધન શુદ્ધ ઉપયોગ એને જ અહીંયાં પૂર્ણતા કહેવામાં આવે છે. જુઓ, હજી કેવળજ્ઞાન થયું નથી છતાં આને પૂર્ણતા કહેવાય છે. લ્યો, આહા..હા..! પૂર્ણાતના લક્ષે થયેલું અને પૂર્ણતાને પામવાની તૈયારી છે બહાર પર્યાયમાં. એથી એ સાધકભાવને પૂર્ણતા કહેવામાં આવે છે. સિદ્ધ કરવું તે. જે વસ્તુ જેવી છે તેમ જ્ઞાન-દર્શનમાં સિદ્ધ થવી. આહા..હા..! એ સાધનને સિદ્ધ કરવું તે કહેવામાં આવે છે. વીતરાગી કથા એવી લુખ્ખી લાગે. બહારમાં રાગના રસવાળાને આ ભારે કઠણ. અરે..! એને ક્યાં જાવું છે? ભાઈ! કહે છે કે અમે તો એને પૂર્ણ કરવું તે કહીએ છીએ. ઓલામાં પૂર્ણતા હતીને પહેલી? એને પૂર્ણ કરવું કહ્યું, ઇ પર્યાયને પૂર્ણ કરવું કહ્યું છે. એ પર્યાય પૂર્ણતાને કરશે એટલે વર્તમાન પૂર્ણ કરવું તે એને કહીએ છીએ. આહા..હા..!

**'પરદ્રવ્યના પરિહાર વડે...'** વ્યવહારના શુભરાગના અભાવ વડે અને ત્રિકાળી પરમાત્મા પોતાનું હયાતી સ્વરૂપ શુદ્ધ એના સદ્ભાવની હયાતી વડે જે દશા અંદરમાં પ્રગટી એને અમે પૂર્ણ કરવું કહીએ છીએ કહે. **'જે આત્મા 'અપગતરાધ' અર્થાત્ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.'** હવે એનાથી રહિત હોય છે એમ કહે છે. આવો જે અપગતરાધ. આહા..હા..! આરાધનાથી રહિત છે, પ્રસન્નતાથી રહિત છે, કૃપાથી રહિત છે, સિદ્ધિથી રહિત છે, પૂર્ણતાથી રહિત સિદ્ધ રહિત, પૂર્ણ કરવું તે રહિત છે. આહા..હા..! અરે..! વીતરાગી કથા તો જુઓ,

આહા..હા..! વીતરાગનો માર્ગ તે વીતરાગભાવથી ઉત્પન્ન થાય? કે રાગથી ઉત્પન્ન થાય? હવે એ વીતરાગ માર્ગ જ ક્યાં રહ્યો? સમજાણું કાંઈ? અને એ સર્વજ્ઞ વીતરાગ થયા એ અલ્પજ્ઞ અને રાગને છોડીને થયા એથી એ છોડીને થઈને સંપૂર્ણ આત્મા તરફ જે વળ્યો એની દશાને અહીંયાં આરાધન, પૂર્ણતા, પૂર્ણ કરવું વગેરે.

એવું જ્યાં નથી. અપગતરાધ એટલે આવું રાધ અને સાધન જ્યાં નથી તે રાધરહિત હોય તે આત્મા અપરાધ છે. આહા..હા..! એ રાગનું જ સેવન કરનાર છે, તે રાગને જ સેવી રહ્યો છે, આશ્રય કરી રહ્યો છે. છેલ્લે કહે છેને? **'अपगतो राधो'** અંદર આવશે. સેવતા આવશે. સેવે છે આવે છેને? **'सापराधः'** કળશમાં છે. હા. **'शुद्धात्मसेवी'** આવે છે. એ એનો સાર કહે છે. ૧૮૭ કળશમાં. એ સેવી કહો, આરાધન કહો. આહા..હા..! જેને શુદ્ધાત્મા દૃષ્ટિમાં લઈને જેણે આત્માનું સેવન કર્યું છે. આહા..હા..! એ જીવ નિરપરાધી છે. અને જેણે એવા શુદ્ધ આત્માનું આરાધન સાધકપણાની પર્યાયને છોડી દઈ અને રાગનું જ સાધન કર્યું છે, રાગને જ જે સેવે છે, રાગમાં જે વર્તે છે એ અપરાધી જીવ છે. કહો, સમજાણું કાંઈ? આવું કાંઈક સોનગઢમાં ચાલે હળવે-હળવે. ઓલા પાંચ-પાંચ, આઠ હજાર, દસ હજાર માણસ. આવું હળવે-હળવે માંડે તો શું કરે છે કહે. એય..! સમજાણું કાંઈ?

જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એને કેવલજ્ઞાન થશે. એ થશેનો ભાવ હતો માટે થશે કેવળજ્ઞાન? અને પ્રકૃતિ બંધાણી માટે કેવળી થાશે? એ તો રાગને છોડીને સ્થિરતા કરીને કેવળજ્ઞાન કરશે ત્યારે એને એમ કહેવાય કે આ તીર્થંકરપ્રકૃતિ બાંધી હતી પરંપરા મોક્ષનું કારણ થયું. પરંપરાનો અર્થ ઇ નહિ એમ. આહા..હા..! એવી વાત! જે આત્મા અપરાધ અપગતરાધ. એ રાધ રહિત હોય તે આત્મા અપરાધ છે.

**'અથવા (બીજો સમાસવિગ્રહ આ પ્રમાણે છે:) જે ભાવ રાધ રહિત હોય તે ભાવ અપરાધ છે;...'** આહા..હા..! જે સેવન આત્માની દશા જે આત્માને સેવે નહિ એવા રાધરહિત હોય તે ભાવ અપરાધ છે. એને રાગની એકતા અને રાગ મારો એવો અનુભવ તે ભાવ અપરાધ છે. તે પર્યાય અપરાધ છે. આહા..હા..! ઓલામાં એમ હતુંને અપગતરાધ? એને આમ કહ્યું. જે ભાવ રાગરહિત હોય એમ. તે ભાવ અપરાધ છે. **'તે અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય...'** તે અપરાધ સહિત રાગમાં જે, જે રાગ અપરાધ છે એ સહિત જે આત્મા ત્યાં વર્તતો હોય 'તે આત્મા સાપરાધ છે.' આહા..હા..! અહીં વાંધા. બેસતું નથી આ બધા કોટડિયાને. કોટડિયાને? બે દિ' રહ્યો પણ એણે ઉંધું પડ્યું બધું. દૃષ્ટિ વિપરીતને. અહીંયાં કબુલ કર્યું હતું ત્યાં કૈલાસચંદજી પાસે ત્રણ કલાક ... ભારે જબરો. કબુલ કરાવ્યું વાત સાચી છે તમારી. ૯૯ દોકડા સાચી, એક દોકડો મને બેસતું નથી. અહીં કહે છે બધું... અહીં તો સ્થાનકવાસીનું વાતાવરણ. અરર..! કાળા કરે કરે છેને. .. ભગવાનને ... ત્યાં તો સ્થાનકવાસીની જ વાત આવે. સ્થાનકવાસીની વાત .. આ

બધા સ્થાનકવાસીના અગ્રેસર .. આવીને બેઠા છે. કેમકે .. છે નહિ ત્યાં. ઇ તો ઇ .. બેસે છે બહાર? આહા..હા..! શું જીવ કરે? આહા..હા..!

એણે ઇસુને માર્યાને .. કર્યા. ઇસુ .. સ્વરૂપ વર્ણવ્યું છે. ... .. અને મારતા હતા કાંકરા ને પથરાને. આખું શરીર લોહીઘાણ થઈ ગયું. હળવે-હળવે છોકરાને બિચારાને... માંડ માંડ.. આહા..હા..! એમ કે આવું તો .. બને. ... .. કાંકરા. લોહી... લોહી... કાંકરા .. લોહીઘાણ શરીરને ... હે પરમ પિતા! આ શું કરે છે એની એને ખબર નથી. એનાથી .. છે એને. પ્રભુ! એને ક્ષમા કરજે. આહા..હા..! જુઓને કષાય મંદતા બહારની! પ્રભુ! એને ક્ષમા કરજે. આહા..હા..! આ શું કરે છે? કર્મે કરે છે એની એને ખબર નથી. પ્રભુ! એને ક્ષમા આપજો. આહા..હા..! .. એ બાઈ હતી .. એ દેખીને ... પરદેશની છું માટે મેં આ દેખ્યું એનો પસ્તાવો છે. આવ્યું હતું. એક બાઈ હતી. એને લોઢાના પથરા બધો મોટો ઢગલો કરીને ઉપર બેસાડી મારી નાખી. .. ઇ ત્યાં એમ બોલી હતી. ઘણા વખતની વાત છે. ૨૫-૩૦. ઇ એમ બોલી હતી. કે હવે મને કાંઈ દૃષ્ટિ નથી. એ પોતે દેખતી નહોતી ... આ દેશની નથી. એમ કે બીજા દેશની છું. ભગવાન! આ શું કરે છે આ? લોઢાના પથરા.. આવ્યું હતું ઘણા વર્ષ પહેલા છાપામાં. અરે..! પ્રભુ! આ શું કરે છે? ... ક્ષમા કરજો, પ્રભુ! આહા..હા..! એમ પ્રભુ ક્ષમા કરવી પડે ... આહા..હા..!

અહીં કહે છે **'અપરાધ સહિત જે આત્મા વર્તતો હોય તે આત્મા સાપરાધ છે.'** પોતાના ચૈતન્ય આનંદ અને જ્ઞાયકભાવને છોડી દઈને જે કોઈ રાગમાં વર્તે છે એ અપરાધસ્વરૂપ છે. રાધ રહિત છે. આહા..હા..! અપરાધસહિત છે. તે આત્મા સાપરાધ છે. **'તે આત્મા, પરદ્રવ્યના ગ્રહણના સદ્ભાવ વડે...'** જુઓ, એ રાગને પોતાનો માનીને ત્યાં વર્તતો થકો. આહા..હા..! એ પરદ્રવ્યના ગ્રહણ નામ રાગને પોતાનો માની અને એના અનુભવમાં વર્તતો થકો. ગ્રહણનો સદ્ભાવ વર્તે છે ત્યાં. રાગની હયાતી ત્યાં વર્તે છે. આહા..હા..! **'શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવને લીધે...'** એને શુદ્ધ આત્મા રાગરહિત છે એવી સિદ્ધિના દૃષ્ટિમાં એની સાબિતિના અભાવને લઈને **'બંધની શંકા થતી હોઈને...'** એને તો બંધની જ શંકા, રાગ ઉપર જ એની દૃષ્ટિ છે. એને તો બંધાઉ છું ભવભ્રમણમાં ક્યાં જઈશ? એવો એને ભવભ્રમણનો જ સદ્ભાવ છે. શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવ છે. આહા..હા..! **'બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી,...'** એ પોતે સ્વયં અશુદ્ધ હોવાથી. લ્યો આ સ્વયં આવ્યું. કર્મને લઈને અશુદ્ધ થયો એમ નહિ. પોતે રાગની સેવા કરનારો પોતે સ્વયં અશુદ્ધ થયો છે. કહો, સુજાનમલજી! આહા..હા..!

મુમુક્ષુ :- ... રાગ થાય છે તો શું કરવું?

ઉત્તર :- થાય છે તો એનો નિશ્ચય કરવો જોઈએને એણે? રાગથી મારી ચીજ ભિન્ન છે. હું રાગમાં નથી, મારામાં રાગ નથી. આહા..હા..! .. પર્યાયમાં તો ઇ છે. બાકી બધી .. ગમે તે કરે.

**'પરદ્રવ્યના ગ્રહણ...'** નામ પક્કડના સદ્ભાવ વડે શુદ્ધ આત્માની સાબિતીના અભાવને લીધે

જ્યાં શુદ્ધ આત્માની સિદ્ધિ જ પર્યાયમાં થઈ નથી અને રાગની સદ્ભાવની સિદ્ધિ થઈ છે. **‘બંધની શંકા થતી હોઈને સ્વયં અશુદ્ધ હોવાથી,...’** પોતે જ મલિનતાને અનુભવતો અને મલિનતામાં વર્તતો હોવાથી **‘અનારાધક જ છે.’** આહા..હા..! એ ભગવાન આત્માનો સેવક નથી. એ તો રાગનો સેવક છે. જિનેન્દ્રના ચરણકમલનો ઉપાસક એ નથી. એ રાગનો સેવનાર છે એમ કહે. જિનેન્દ્રદેવના ચરણના ઉપાસકો એ તો આત્માની સેવા કરનારા એ ઉપાસક છે. આહા..હા..! આવું બહુ ઝીણું .. એટલે દયા કરો, આ કરો એ સમજાય છે ઝટ. દયા પાળવી, આ વ્રત કરવા, અપવાસ કરવા. અરે..! એ તો ક્રિયામાં રાગ મંદ હોય મિથ્યાત્વસહિત ધર્મનો અનારાધક છે. આહા..હા..! એવી વાત છે.

**‘અને જે આત્મા નિરપરાધ છે...’** હવે સવળું લીધું. જે આત્મા પોતાના શુદ્ધ સ્વભાવ એને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિના અંશ પ્રગટ થયા છે એ આત્મા નિરપરાધ છે. **‘તે, સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે...’** જુઓ અહીં સમગ્ર શબ્દ વાપર્યો છે. કોઈપણ રાગનો ભાવ શરણભૂત છે એમ નથી. આહા..હા..! **‘સમગ્ર પરદ્રવ્યના પરિહાર વડે...’** બધાયના વિકલ્પના ત્યાગ વડે **‘શુદ્ધ આત્માની સિદ્ધિના સદ્ભાવને લીધે...’** જ્યાં શુદ્ધ આત્મા જ જ્યાં પ્રતીત જ્ઞાનમાં, રમણતામાં વર્તે છે. **‘બંધની શંકા નહિ થતી હોવાથી...’** આહા..હા..! એને હું બંધાઉ છું એ શંકા જ જ્યાં નથી. આહા..હા..!

"**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા...’** લ્યો, આહા..હા..! ત્રિકાળ જ્ઞાન-દર્શનના લક્ષણવાળો ભગવાન **‘ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...’** આહા..હા..! અહીં ‘જ’ આવ્યો. જાણવા-દેખવાનો ઉપયોગ જ એક એનું લક્ષણ છે. રાગ લક્ષણ એનું નથી લ્યો. પંચાસ્તિકાયમાં તો રાગને લક્ષણ કહ્યું છે. એ વસ્તુ સિદ્ધ કરવા માટે. એ વસ્તુની સાબિતી છે. ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણ એના લક્ષણ છે. રાગનો ઉત્પાદ એ પણ એનું લક્ષણ. કેમકે આ ઉત્પાદ છે એનાથી વસ્તુ આ છે. એમ સિદ્ધ કરવા માટે એટલી વાત છે. એ મૂળ લક્ષણ નહિ. એ તો વસ્તુ આમ છે તેમ સાબિત કરવા. આ તો પરમાત્મા શુદ્ધ ઉપયોગી છે એ સાબિત કરવું છે અહીં. સમજાણું કાંઈ? આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ એમ આવે છેને ત્યાં. એ રાગને ગણે. મિથ્યાત્વ એનું લક્ષણ છે, પણ એની પર્યાયમાં થાય છેને. એનાથી આ આત્મા... આ (ભાવ-પર્યાય) આત્માનો આ છે. એ જડનું નથી ... આહા..હા..!

"**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે...’** જાણવું-દેખવું એ જ એનું એક લક્ષણ છે. **‘એવો એક શુદ્ધ આત્મા...’** એવો એક શુદ્ધ આત્મા એટલે "**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા...’** ત્રિકાળ. એ **‘જ હું છું’...’** ધર્મીને તો એ હું છું. રાગાદિ, વ્યવહારાદિ હું નહિ. આહા..હા..! "ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા...’ ત્રિકાળ ધ્રુવ શુદ્ધ ઇ આત્મા જ હું છું. **‘એમ નિશ્ચય કરતો થકો...’** આહા..હા..! એમ નિર્ણય અનુભવમાં નિર્ણય કરતો

થકો. આહા..હા..! 'શુદ્ધ આત્મા જ હું છું' એમ નિશ્ચય કરતો થકો શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...' શુદ્ધ આત્મા પવિત્ર ત્રિકાળ એની સિદ્ધિ પર્યાયમાં થઈ એ જ જેનું લક્ષણ છે. 'એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...' જુઓ હવે.

**'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...'** પહેલું ઓલું કહ્યું હતું "**ઉપયોગ જ જેનું એક લક્ષણ છે એવો એક શુદ્ધ આત્મા...**' એમ જ્યાં નિર્ણય કર્યો, અનુભવ કર્યો. ત્યારે કહે છે કે ઇ **'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...'** પરિણતિ નિર્મળ થઈ વીતરાગીદશા એ જ આત્માની સિદ્ધિ એ જ જેનું એક લક્ષણ છે. આહા..હા..! વ્યવહાર-બ્યવહાર ક્યાંય રહી ગયો. આવી ધર્મકથા તે નવા હોય એને એવું લાગે કે આપણે .. જૈનનું આ જૈનમાં ક્યાં આવ્યું? રાધ ને અપરાધ ને. બીજે છે જ ક્યાં? પણ એણે વાડામાં સાંભળ્યું ન હોય એટલે એને એવું લાગે.

**'એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...'** કે **'એક શુદ્ધ આત્મા જ હું છું' એમ નિશ્ચય કરતો થકો...'** નિશ્ચય અનુભવમાં નિર્ણય લાવતો થકો 'શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે...' તે શુદ્ધ આત્માની સાબિતી થઈ ત્યાં પર્યાયમાં. રાગની સાબિતી નહિ. **'એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...'** દેખો, ધર્મીને તો શુદ્ધ આત્માનું જ આરાધન સદાય છે. કોઈ વાર વ્યવહારનું અને કોઈવાર નિશ્ચયનું એમ નહિ એમ કહે છે. આહા..હા..! ઓલા કહે છેને વ્યવહાર આવેને એટલે જરી વિસામો મળે અને પછી અંદર .. સ્થિર થાય. લ્યો, શું છોટાલાલજી! ... ... ઓલું તો અહીંયાં અનુકૂળ હતું બધું. પછી બધું ફેરવ્યું. ક્રિયાકાંડમાં રસ છેને. એમાં કાંઈક છે. ઇ માનનારને આ ન બેસે એને. અહીં તો બધું કહે તો ઓહો..હો..! આ વાત તો ક્યાં... વળી જ્યાં ઓલામાં ગયા અંદર તો .. ... ગયો નહિ?

મુમુક્ષુ :- કોઈ ગરવા ન દે પછી ... શું કરે?

ઉત્તર :- ... છોડી દે તો શું છે?

મુમુક્ષુ :- એને આપ તો રાખો નહિ.

ઉત્તર :- આહા..હા..! આ એવું હોય તો બનાવો મોટી પાંજરાપોળ. કેટલાય માગે છે, કેટલાય કાગળ આવે છે ઘણાના. કેટલાકને તો એમ થઈ ગયું છે કે વાત તો લાગે છે સાચી અમને માટે પણ હવે કરવું શું? જાવું ક્યાં? .. અમે અહીં રાખીએ નહિ. હવે ત્યાંથી છોડાય નહિ. હવે કરવું શું? બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! તારી જવાબદારી છે. જવાબદારી એ તું છોડ જવાબદારી... બીજા રાખે તો આરાધવું, આવવું, કબુલવું એમ છે? એ તો પરનું આરાધન થયું.

અહીં તો કહે છે **'એવી આરાધનાથી સદાય વર્તતો હોવાથી,...'** આહા..હા..! જેની દૃષ્ટિમાં તો શુદ્ધ આત્મા જ તરવરે છે. જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, નિત્યભાવ એને લઈને સદાય વ્યવહારના વિકલ્પમાં દેખાય છતાં એ તો સદાય આત્મામાં જ આરાધન હોય છે. ઇ સદાય આરાધનામાં જ વર્તે છે કહે. આહા..હા..! ઇ આ ન બેસે એને પછી કહે મુનિ થાય એને આવું થાય. ... **'આરાધક**

**જ છે.**' આહા..હા..! જેણે રાગના ત્યાગ વડે આત્માના શુદ્ધ ચૈતન્યનો સ્વભાવનો આશ્રય કરીને આરાધ્યો આત્માને એ સદાય પોતાના સ્વરૂપનો આરાધક જ છે. વિરાધક જરીએ છે નહિ. આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૨, મંગળવાર, તા.૦૩-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૫ થી ૩૦૭, કળશ-૧૮૭, પ્રવચન-૪૨૭

ભાવાર્થ છે એનો. ૩૦૪-૩૦૫નો. **'સંસિદ્ધિ, રાધ, સિદ્ધિ, સાધિત અને આરાધિત-એ શબ્દોનો અર્થ એક જ છે.**' ઇ પહેલું આવી ગયું છે. **'અહીં શુદ્ધ આત્માની સિદ્ધિ અથવા સાધનનું નામ 'રાધ' છે.**' એટલે કે શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એને જે એકાગ્ર થઈને આરાધે છે એ પર્યાયને જ આરાધન કહેવામાં આવે છે. તે પર્યાયને આત્માની સિદ્ધિ કહેવામાં આવે છે. આત્મા છે એવો પર્યાયમાં સાબિત થયો, અનુભવમાં આવ્યો. એને જ સાધન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પર્યાય પર્યાયનું સાધન થયું.

ઉત્તર :- પર્યાય પોતે જ સાધન છે એમ. આત્માને સાધવામાં પર્યાય સાધન છે. મોક્ષ થવામાં પર્યાય સાધન છે. ઇ તો ચાલે છે .. પ્રજ્ઞા-પ્રજ્ઞા.

**'જેને તે રાધ નથી...**' જેને શુદ્ધાત્માની પર્યાયમાં આરાધન, નિર્મળતા, નિર્વિકલ્પતા નથી **'તે આત્મા સાપરાધ છે...**' તે રાગને જ પોતાનો માની અને રાગને અનુભવે છે તેથી અપરાધી છે. **'અને જેને તે રાધ છે તે આત્મા નિરપરાધ છે.**' શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય આનંદ એનું જેને સેવન છે, એમાં જેનું સન્મુખપણું થઈને એકાગ્રતા છે તે જીવ નિરપરાધ છે. **'જે સાપરાધ છે તેને બંધની શંકા થાય છે...**' અપરાધી એને બંધાઉં છું એમ શંકા થાય છે. **'માટે તે સ્વયં અશુદ્ધ હોવાથી અનારાધક છે;...**' એ રાગને જ પોતાનું સ્વરૂપ માનતો, અનુભવતો એ અનારાધક છે. 'અને જે નિરપરાધ છે તે નિઃશંક થયો થકો પોતાના ઉપયોગમાં લીન હોય છે તેથી તેને બંધની શંકા નથી,

માટે '**શુદ્ધ આત્મા તે જ હું છું' એવા નિશ્ચયપૂર્વક વર્તતો થકો...**' પરમાનંદ સ્વરૂપ એવું આત્માનું શુદ્ધ સ્વરૂપ એને નિશ્ચય કરતો થકો કે હું આ છું. એમ પોતાની નિર્મળ પર્યાયમાં '**સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપના એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.**' ચાર આરાધના કહેવાય છેને. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ આરાધના આ. શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ તેના સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એને અહીંયાં આરાધના કહેવામાં આવે છે. એ પહેલું 'એક ભાવરૂપ નિશ્ચય આરાધનાનો આરાધક જ છે.' લ્યો.

---

## શ્લોક-૧૮૭

**(मालिनी)**

**अनवरतमनन्तबध्यते सापराधः**
**स्पृशति निरपराधो बन्धनं नैव जातु।**
**नियतमयमशुद्धं स्वं भजन्सापराधो**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी॥187॥**

**ननु किमनेन शुद्धात्मोपासनप्रयासेन? यतः प्रतिक्रमणादिनैव निरपराधो भवत्यात्मा; सापराधस्याप्रतिक्रमणादेस्तदनपोहकत्वेन विषकुम्भत्वे सति प्रतिक्रमणादेस्तदपोह-कत्वेनामृतकुम्भत्वात्। उक्तं च व्यवहाराचारसूत्रे-अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव। अणियत्ती य अणिंदागरहासोही य विसकुंभो॥1॥ पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य। णिंदा गरहा सोही अट्ठविहो अमयकुंभो दु॥2॥**

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [सापराधः] સાપરાધ આત્મા [अनवरतम्] નિરંતર [अनन्तैः] અનંત પુદ્ગલપરમાણુરૂપ કર્મોથી [बध्यते] બંધાય છે; [निरपराधः] નિરપરાધ આત્મા [बन्धनम्] બંધનને [जातु] કદાપિ [स्पृशति न एव] સ્પર્શતો નથી જ. [अयम्] જે સાપરાધ આત્મા છે તે તો [नियतम्] નિયમથી [स्वम् अशुद्धं भजन्] પોતાને અશુદ્ધ સેવતો થકો [सापराधः] સાપરાધ છે; [निरपराधः] નિરપરાધ આત્મા તો [साधु] ભલી રીતે [शुद्धात्मसेवी भवति] શુદ્ધ આત્માનો સેવનાર હોય છે. ૧૮૭.**

(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :) 'એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે? કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે; કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે, માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે. વ્યવહારાચારસૂત્રમાં (-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં) પણ કહ્યું છે કે -'

अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो॥1॥
पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु॥2॥

અર્થ : અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ-એ (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે. 1.

[1]પ્રતિક્રમણ, [2]પ્રતિસરણ, [3]પરિહાર, [4]ધારણા, [5]નિવૃત્તિ, [6]નિંદા, [7]ગર્હા અને [8]શુદ્ધિ-એ આઠ પ્રકારનો અમૃતકુંભ છે. 2.

## કળશ-૧૮૭ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'

(मालिनी)

अनवरतमनन्तबध्यते सापराधः
स्पृशति निरपराधो बन्धनं नैव जातु।

1. પ્રતિક્રમણ = કરેલા દોષોનું નિરાકરણ કરવું તે
2. પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા
3. પરિહાર = મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ
4. ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર, પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે
5. નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે
6. નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે
7. ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે
8. શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે

नियतमयमशुद्धं स्वं भजन्सापराधो
भवति निरपराधः साधु शुद्धात्मसेवी॥187॥

**'સાપરાધ આત્મા...'** એટલે કે રાગને પોતાનો માનીને સેવનાર. શુભરાગને પોતાનો જાણી એકત્વ થઈને રાગનો અનુભવ કરનાર એ **'નિરંતર અનંત પુદ્‌ગલપરમાણુરૂપ કર્મોથી બંધાય છે;...'** કેમકે રાગ છે એ બંધસ્વરૂપ છે એને જ પોતાનું સ્વરૂપ જાણ્યું છે. ભારે માર્ગ ઝીણો! વસ્તુ અબંધ સ્વરૂપ એનું સેવન એ આરાધક છે. એને બંધન હોતું નથી. 'નિરપરાધ આત્મા બંધનને કદાપિ સ્પર્શતો નથી જ. જે સાપરાધ આત્મા છે તે તો નિયમથી પોતાને અશુદ્ધ સેવતો થકો...' જુઓ આવ્યું. **'स्वम् अशुद्धं भजन्'** 'સેવતો થકો...' રાગના ભાવને પોતાનો અનુભવી વિકારના વિભાવ ઉપર દૃષ્ટિ જેની છે, જેને અંતર રાગ અને વિકલ્પરહિત નિર્વિકલ્પ આત્માની દૃષ્ટિનો અભાવ છે. અરેરે..! એવા રાગને પોતાનો માનતો, અનુભવતો 'સાપરાધ છે;...' આહા..હા..!

**'નિરપરાધ આત્મા તો ભલી રીતે...'** **'साधु'** એટલે ભલી રીતે એમ. 'શુદ્ધ આત્માનો સેવનાર હોય છે.' ધર્મી તો આત્મા ચૈતન્ય શુદ્ધ નિર્મળ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ સેવનાર છે. આહા..હા..! લ્યો એ અધિકાર થયો. હવે શિષ્યનો પ્રશ્ન છે '(હવે વ્યવહારનયાવલંબી અર્થાત્ વ્યવહારનયને અવલંબનાર તર્ક કરે છે કે :-) **'એવો શુદ્ધ આત્માની ઉપાસનાનો પ્રયાસ (મહેનત) કરવાનું શું કામ છે?'** આત્મા આનંદ અને શુદ્ધ છે એની સેવા, શ્રદ્ધા, જ્ઞાન કરવાની પ્રથમ શું જરૂર છે? કહો, શિષ્યનો આ પ્રશ્ન છે. એવો શુદ્ધ આત્માની સેવા એનો પ્રયાસ કરવાનું શું કામ છે? **'કારણ કે પ્રતિક્રમણ આદિથી જ આત્મા નિરપરાધ થાય છે;...'** પ્રતિક્રમણ છેને આઠ બોલ વ્યવહારના? વ્યવહાર પ્રતિક્રમણ હોં. શુભરાગ રુચિ. એનાથી આત્મા નિરપરાધ થાય છે એમ શિષ્યનો પ્રશ્ન છે.

**'કેમ કે સાપરાધને, જે અપ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી,...'** અજ્ઞાનીને જે મિથ્યાત્વ અને અશુભભાવ છે તે અપ્રતિક્રમણ આદિ છે. **'તે, અપરાધને દૂર કરનારાં નહિ હોવાથી, વિષકુંભ છે,...'** મિથ્યાત્વ અને અશુભભાવ એ ઝેર છે એમ કહે છે. **'માટે જે પ્રતિક્રમણ આદિ છે તે, અપરાધને દૂર કરનારાં હોવાથી, અમૃતકુંભ છે.'** આહા..હા..! અશુભભાવ અને મિથ્યાત્વભાવ એ ઝેર છે. પણ શુભભાવ પ્રતિક્રમણાદિની વ્યવહાર આચારાંગ આદિની ક્રિયા, એનો જે ભાવ એ અમૃત છે.

મુમુક્ષુ :- ઝેરને અમૃત માને છે.

ઉત્તર :- વ્યવહારે અમૃત કીધું છે એનો દાખલો આપે છે. આહા..! શાસ્ત્રનો આધાર આપીને વાત કરે છે, પણ ઓલા નિશ્ચયથી જ્યાં નિશ્ચય આત્મ પ્રતિક્રમણ કહો કે નિશ્ચય અપ્રતિક્રમણ કહો એ તો શુદ્ધ સ્વરૂપની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને નિર્વિકલ્પ આનંદનું સેવન એ નિશ્ચયથી પ્રતિક્રમણ અને નિશ્ચયથી એ પ્રત્યાખ્યાન આદિ નિશ્ચયથી એ વસ્તુ છે. એ વસ્તુની સાથે જે વ્યવહાર

પ્રતિક્રમણની ક્રિયા જે હોય શાસ્ત્રમાં કીધી હતી. એને અહીંયાં આ અમૃતસ્વરૂપ છે તો એને રાગનો, વ્યવહારનો આરોપ કરીને અમૃતસ્વરૂપ કહ્યું છે. એમાં પણ વાંધા છે. આ જયસેનાચાર્યની ટીકામાં એમ છે. એ તો જ્યારે વીતરાગ સ્વરૂપે પરિણમે ત્યારે એ શુભભાવ ઝેર છે. પણ જ્યારે એ વીતરાગ સ્વરૂપે પરિણમતો નથી અને જ્યારે એને શુભભાવ હોય છે, નિશ્ચય દૃષ્ટિ-જ્ઞાનસહિત ત્યારે તેને અમૃતકુંભ કીધો છે. શાસ્ત્રમાં વ્યવહારની ક્રિયાઓ જેટલી શુભ છે એને અમૃત કીધી છે. પણ કઈ અપેક્ષાએ? આહા..હા..! આ બધા વાંધા, આ ઝઘડા. એ તો નિશ્ચય આત્મા શુદ્ધ, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તો પ્રગટ થઈ છે. વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન સ્વસંવેદન અને વીતરાગી સ્થિરતા તો છે, પણ શુદ્ધ ઉપયોગમાં રમતો નથી તે કાળે. એવા જીવને આવા વ્યવહારની ક્રિયા હોય છે એને આ નિશ્ચયનું અમૃત છે એનો આરોપ દઈને નિમિત્તને પણ અમૃત કીધું છે. નિશ્ચયથી તો એ ઝેર છે. આ તે વાંધા આમાં મોટા. સમજાણું? એ કહે છે કે ઝેર છે એ તો ઠરે એને ઝેર છે, પણ નથી ઠરતો એને તો અમૃત છે. એમ કહે. અરે..! નથી ઠરતો એને પણ ઝેર છે નિશ્ચયથી તો. એ તો વ્યવહારથી એને અમૃત કીધું છે. આહા..હા..! જયસેનાચાર્યની ટીકામાં .. આ બધી એમ કહે છે. અહીં તો આચાર્ય તો ચોખ્ખી વાત પહેલી કરે છે. ઇ આઠ બોલ જેટલા પ્રતિક્રમણ આદિના એ તો ઝેર છે.

મુમુક્ષુ :- ઇ તો સાચા .. છે.

ઉત્તર :- નિશ્ચયવાળાની વાત છેને. ખુલાસો કરશે પોતે. પંડિતજી પોતે. એમાં પણ ગોટો આવ્યો છેને. એમ કે જ્ઞાનીને તો એ દુ:ખ છે, દુ:ખથી બચે છે, પણ બચે છે ત્યારે પણ ઠરે છે, પણ નથી જ્યાં સુધી છે ત્યાં સુધી એ શું કહેવું એને? સમજાણું કાંઈ? આ મોટો ગોટો આમ છે બધો. જ્ઞાનીને એ છે નહિ. એને એ જ્ઞાની કહેવું. પણ જ્ઞાની તો અંતરદૃષ્ટિ જ્ઞાન ખીલ્યું છે, છતાં સ્વરૂપમાં ઠરતો નથી ત્યારે એને આવો શુભભાવ હોય છે. એ શુભભાવ છે તો પરમાર્થે તો નિશ્ચયની અપેક્ષાએ ઝેર. પણ આ અમૃત સ્વરૂપના આનંદનું જ્યાં વેદન છે. એને રાગમાં વ્યવહારે અમૃત કહીને એણે નિમિત્તને ઓળખાવ્યું છે. આહા..હા..! હવે આવી મોટી વાતું લાંબી. એય..! ચેતનજી! કહો, આ મોટા વાંધા નહિ? શાસ્ત્રના અર્થ કરનારના વાંધા છે.

અહીં તો અજ્ઞાનીનો પ્રશ્ન છે. શાસ્ત્રમાં તો એને અમૃત કીધા છે. વ્યવહાર શાસ્ત્રમાં. કરણાનુયોગમાં તો એને અમૃત વ્યવહાર છેને વ્યવહાર? માટે એને તમે ઝેર કહો છો એમ નહિ. વ્યવહારે અમૃત છે એમ કહો, પણ શાસ્ત્રમાં એને અમૃત કીધા છે. માટે પહેલેથી શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા કરવી. એનાથી આત્માને લાભ થાય ઇ કરતા પહેલો આ કરોને. શુભભાવ કે જેથી એમાં અશુભભાવ ટળે. ઓલો નિશ્ચય દૃષ્ટિ હોય તોની વાત છે હોં. જેને નિશ્ચયની દૃષ્ટિ જ નથી એના શુભભાવને તો કાંઈ એ તો એકલો પાપ ઝેર જ છે. આહા..હા..! '(-વ્યવહારને કહેનારા આચારસૂત્રમાં) પણ કહ્યું છે...' શિષ્યની દલીલ છે લ્યો આ.

**अप्पडिकमणमप्पडिसरणं अप्पडिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही य विसकुम्भो॥1॥**

આ અશુભભાવની આ પહેલી એની વાત છે. અને

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो अमयकुम्भो दु॥2॥**

આ શુભભાવની વ્યાખ્યા છે આ. સમજાય છે કાંઈ આમાં? આચારાંગ આદિ ચરણાનુયોગમાં કહ્યું છે કે મિથ્યાદૃષ્ટિનો અશુભભાવ આદિ જે છે એ ઝેર છે. સમજાણું કાંઈ? એને છોડવા માટે જે વ્યવહાર પ્રતિક્રમણ શુભભાવ છે એ સમ્યગ્દૃષ્ટિને અમૃત છે. સમજાણું? એમ કહ્યું છેને એમાં? અર્થ એનો. '**અપ્રતિક્રમણ,...**' એટલે અશુભભાવની વાત છે આ. અનાદિનો જે મિથ્યાત્વ અને અશુભભાવ છેને એ અપ્રતિક્રમણ. '**અપ્રતિસરણ,...**' એ પણ અશુભભાવ છે. '**અપરિહાર,...**' એમાં અર્થ નીચે આવશે. 'અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ-એ (આઠ પ્રકારનો) વિષકુંભ અર્થાત્ ઝેરનો ઘડો છે.' એ અશુભભાવ આચારાંગ સૂત્રમાં કહ્યા છે એને અહીંયાં ઝેરનો ઘડો કીધો. સમજાણું કાંઈ?

અને '**પ્રતિક્રમણ,...**' નીચે. '**કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.**' સમ્યગ્દૃષ્ટિને આત્માનો આશ્રય અને અવલંબન છે તેને એ શુભભાવરૂપ યુક્ત પ્રતિક્રમણ એને ત્યાં તો અમૃત કહ્યું છે. 'કરેલા દોષોનું નિરાકરણ કરવું તે.' '**પ્રતિસરણ = સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.**' એ સમકિત આવું હોય, નિર્મળ આમ હોય એવો જે વિકલ્પ. એ પણ શુભભાવ છે. એને શાસ્ત્રમાં ચરણાનુયોગના ગ્રંથમાં એને અમૃત કહ્યું છે. '**પરિહાર,...**' એને જ્યાં નિશ્ચયના ગ્રંથમાં ઝેર કીધું છે. આહા..હા..! કરેલા દોષોનું નિરાકરણ કરવું એ ઝેર છે, શુભભાવ છે. '**સમ્યક્ત્વાદિ ગુણોમાં પ્રેરણા.**' એ શુભભાવ છે. ઝેર, વિષનો ઘડો છે. પણ વ્યવહારે એને અમૃત કીધું છે. આહા..હા..! ભારે! વ્યવહાર અને નિશ્ચયના ઝઘડા મોટા.

'**પરિહાર = મિથ્યાત્વાદિ દોષોનું નિવારણ.**' કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા આદિ દોષોનું નિવારણ એવો જે શુભભાવ. શુભભાવ. એ નિશ્ચયદૃષ્ટિવાળાને આચારાંગ આદિમાં એને અમૃત કીધો છે. અને નિશ્ચય આ અધ્યાત્મ ગ્રંથમાં એને ઝેર કીધો છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ત્યારે એ તો ઝેરથી બચે છે એમ છે. પણ આ છે એની શું વાત? જ્ઞાની એ રાગને એકત્વપણે અનુભવતો નથી. સમજાણું કાંઈ? પણ એ ભાગ જે રાગનો શુદ્ધ છે એ છે શું? એ નિશ્ચયની દૃષ્ટિની અપેક્ષાએ નિશ્ચય પરિણતિ શુદ્ધ છે ત્યારે તેના શુભભાવને વ્યવહારે અમૃત કીધો. આહા..હા..! પણ નિશ્ચય પરિણતિની અપેક્ષાએ નિશ્ચય દૃષ્ટિથી જુઓ તો એ શુભભાવને ઝેર કીધો. કહો, સમજાણું કાંઈ?

'**ધારણા = પંચનમસ્કારાદિ મંત્ર,...**' નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આઈરિયાણં, એ

બધો શુભભાવ છે. ઇ આ આચારાંગ ચરણાનુયોગની અંદર એને સમ્યગ્દૃષ્ટિ જીવને આવો ભાવ શુભ હોય એને અમૃત કીધું અને નિશ્ચય ગ્રંથની અપેક્ષાએ એને પંચ પરમેષ્ઠીનું સ્મરણ એને ઝેર કીધું. સમજાણું કાંઈ? પંચ નમસ્કાર આદિ મંત્રો હોય છેને જેટલા? ૐ આદિ વગેરે-વગેરે. **'પ્રતિમા વગેરે બાહ્ય દ્રવ્યોના આલંબન વડે ચિત્તને સ્થિર કરવું તે.'** એ બધો શુભભાવ છે. સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતાની અપેક્ષાએ એને ત્યાં ઝેર કીધું છે. પણ વ્યવહાર શાસ્ત્રમાં નિશ્ચયની પરિણતિ સાથે છે તેથી એને આરોપ દઈને અમૃત કીધું છે. વ્યવહાર અન્યથા કહે છે. આહા..હા..! ટોડરમલે તો ઘણો ખુલાસો કર્યો છે. વ્યવહાર છે એમ કહે તો અન્યથા છે. નિમિત્ત આદિને દેખીને અન્યથા કહે છે. હવે અન્યથાને અહીંયાં યથાર્થ માને છે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જ્ઞાન-દર્શન-ચારિત્ર અંશ હોવા છતાં વિભાવમાં છે ત્યારે એને અમૃત વ્યવહારે કહ્યો, પણ નિશ્ચયથી? સત્યથી? સત્યની સ્થિતિની પદ્ધતિને સ્થાપન કરવામાં? એને શું કહેવું?

મુમુક્ષુ :- વિષકુંભ.

ઉત્તર :- વિષકુંભ-ઝેરનો ઘડો છે કહે છે. આહા..હા..! અપરાધ છે. છે એની અપેક્ષાએ વાત છેને આ તો? ટાળીને ઠરે છે ત્યારે તો ઇ છે નહિ. સમજાણું કાંઈ? તેથી ચરણાનુયોગમાં એમ જ આવે વ્યવહારે. અને એ તો એવો વ્યવહાર તો અજ્ઞાની સમકિતીને પણ અનંતવાર કર્યો, એ તો આવી ગયું બંધ અધિકારમાં. એ કાંઈ આત્માના હિતનું કોઈ કારણ નથી. હોય ખરો જ્ઞાનીને નિશ્ચય-વ્યવહાર. પણ એ વ્યવહાર બંધનું કારણ છે. આહા..હા..! લોકોને પોતાની દૃષ્ટિમાં ન બેસેને પછી એના અર્થો શાસ્ત્રના પણ બીજી રીતે કરવા માંડે. ઇ કહ્યું. એને ઝેર મનાવવું છે તો બીજી રીતે અર્થ કરે. લ્યો, બેયનું સામસામે કહે છે. ભાઈ! આ ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ એનું સેવન તે જ અમૃત છે. આહા..હા..! રાગનું સેવન એ જ્ઞાનીને ઝેર છે. ખુલાસો કરશે પોતે પંડિતજી. સમજાણું કાંઈ? આ મોટા વાંધા આવ્યા.

**'નિવૃત્તિ = બાહ્ય વિષયકષાયાદિ ઇચ્છામાં વર્તતા ચિત્તને પાછું વાળવું તે.'** એ શુભભાવ છે. એ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતની ભૂમિકામાં એના વ્યવહારને અમૃત કીધો. વ્યવહાર શાસ્ત્રમાં. પણ નિશ્ચયના અધ્યાત્મના ગ્રંથમાં એને ઝેર કીધું. આહા..હા..! ભારે વાતું, ભાઈ! કારણ કે આત્મા અમૃતનો સાગર એની અંતરની પરિણતિ તો અમૃતમય, શાંત, વીતરાગી નિર્વિકલ્પ હોય. એને જ્યાં વિકલ્પ શુભરાગ ઉઠે એ તો આત્માના અમૃતથી વિરુદ્ધભાવ છે. **'નિંદા = આત્મસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** એ શુભભાવ છે. નિંદા આત્મસાક્ષીએ એ પણ એક શુભભાવ છે. નિશ્ચયદૃષ્ટિ સહિતના જીવને એ શુભભાવને અમૃત કીધો વ્યવહાર શાસ્ત્રમાં. એ જ શુભભાવને અધ્યાત્મની દૃષ્ટિમાં ઝેર કીધું. બીજી નય છેને. પણ છે તે શું કીધું એણે? એ તો વ્યવહાર છે તો અન્યથા કહે છે. છે ઝેર અને એને અમૃત કહે છે. એમ વ્યવહારનું લક્ષણ જ ઇ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી તકરાર છે લોકોમાં.

મુમુક્ષુ :- અનાદિથી ચાલે છે.

ઉત્તર :- અનાદિની છે. ચાલ્યા કરે.

**'ગર્હા = ગુરુસાક્ષીએ દોષોનું પ્રગટ કરવું તે.'** શાસ્ત્રમાં જે આવે એનું પાપ લાગ્યું હોય તો પ્રાયશ્ચિત લે. એ શુભભાવ છે. એ નિશ્ચયની દૃષ્ટિએ એ વ્યવહારને ત્યાં પરિણતિની શુદ્ધતા દેખીને અમૃત છે અને એની સાથે આ સહચર છે આ ભાવ. દેખીને એને અમૃતનો આરોપ આપ્યો. વાસ્તવિક અમૃત નથી. આહા..હા..! આ તે કેમ પણ હવે. વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં. જયસેનાચાર્યની ટીકામાં એમ લખ્યું. અંદર ઠરે એને આ અમૃત છે. પણ અમથો ન ઠરે એને ઇ ઝેર છે. ઠરે એને ઓલું એમ કે ઝેર છે એમ શુભભાવ. ત્યારે એનો અભાવ કર્યો હતો ત્યારે ઝેર એમ કહે. પણ અભાવ નથી કર્યો અને શુભભાવ વર્તે છે ત્યારે પણ એ તો ઝેર જ છે. સત્ય વસ્તુની સત્ય પરિણતિની અપેક્ષાએ. આહા..હા..! એ રાગને તો ઝેર કહ્યું છે. ઝેરનો ઘડો કીધો. આહા..હા..!

**'શુદ્ધિ = દોષ થતાં પ્રાયશ્ચિત્ત લઈને વિશુદ્ધિ કરવી તે.'** એ પણ શુભભાવ છે. એ આત્માનો જેને આશ્રય છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને ચારિત્ર પણ છે અંદર શાંતિ, સમ્યગ્જ્ઞાન પણ છે. એને જ્યારે ઉપયોગમાં નિર્વિકલ્પપણે નથી ત્યારે આવો એક શુભભાવ હોય છે. એને ચરણાનુયોગની અપેક્ષાએ એને અમૃત કીધું, તત્ત્વદૃષ્ટિના દ્રવ્યાનુયોગની અપેક્ષાએ એને ઝેર કીધું. કહો, રતિભાઈ! આહા..હા..! ત્યારે ત્યાં એ કહે છેને સમકિતીને તો શુદ્ધ જ પરિણમન હોય છે, અશુદ્ધ હોતું જ નથી. આવે છે કે નહિ? કઈ અપેક્ષાએ? એ તો શ્રદ્ધા અને જ્ઞાનની અપેક્ષાએ શુદ્ધનું જ પરિણમન છે. પણ જેટલું અશુદ્ધ છે ઇ છે કે નહિ? એના અસ્તિત્વમાં છે કે નહિ? પરનો સંબંધ કાંઈ નહિ. સમજાણું કાંઈ? શુદ્ધ પરિણમન અને અશુદ્ધ પરિણમન એક સમયે બે છે કે નહિ? જ્યાં ચારિત્રની પ્રધાનતાથી કથન આવે ત્યાં તો એ અશુદ્ધ પરિણમન ઝેર છે. એમ આવે. આહા..હા..! દુ:ખ છે, કષાય છે, અગ્નિ છે. 'રાગ દાહ દહે સદા...' આવ્યું નહિ? 'રાગ આગ દાહ દહે સદા' ત્યાં રાગ અશુભરાગની વાત છે? આહા..હા..! મારા આવામાં તકરારું. અરેરે..! ક્યાં ભાઈ તારે જાવું?

શુદ્ધ ચૈતન્યનો આશ્રય જેટલો છે એટલું તો અમૃત છે. પણ એ કાળમાં પૂર્ણ વીતરાગતા નથી એથી વચ્ચે રાગનો આવો ભાવ વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો ઇ આવે. એને વ્યવહારના શાસ્ત્રો એને અમૃત કહે આરોપિત કહીને અને અનારોપિત યથાર્થ કહીને એને ઝેર કહે, પણ સીધી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

## ગાથા-૩૦૬-૩૦૭

अत्रोच्यते -

पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।
णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो॥306॥
अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।
अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो॥307॥

प्रतिक्रमणं प्रतिसरणं परिहारो धारणा निवृत्तिश्च।
निन्दा गर्हा शुद्धिः अष्टविधो भवति विषकुम्भः॥306॥
अप्रतिक्रमणमप्रतिसरणमपरिहारोऽधारणा चैव।
अनिवृत्तिश्चानिन्दाऽगर्हाऽशुद्धिरमृतकुम्भः॥307॥

यस्तावदज्ञानिजनसाधारणोऽप्रतिक्रमणादिः स शुद्धात्मसिद्ध्यभावस्वभावत्वेन स्वयमेवापराधत्वाद्विषकुम्भ एव; किं तस्य विचारेण? यस्तु द्रव्यरूपः प्रतिक्रमणादिः स सर्वापराधविषदोषापकर्षणसमर्थत्वेनामृतकुम्भोऽपि प्रतिक्रमणाप्रतिक्रमणादिविलक्षणाप्रतिक्रमणादिरूपां तीर्तीयीकीं भूमिमपश्यतः स्वकार्यकरणासमर्थत्वेन विपक्षकार्यकारित्वाद्विषकुम्भ एव स्यात्। अप्रतिक्रमणादिरूपा तृतीया भूमिस्तु स्वयं शुद्धात्मसिद्धिरूपत्वेन सर्वापराधविषदोषाणां सर्वङ्कषत्वात् साक्षात्स्वयममृतकुम्भो भवतीति व्यवहारेण द्रव्यप्रतिक्रमणादेरपि अमृतकुम्भत्वं साधयति। तयैव च निरपराधो भवति चेतयिता। तदभावे द्रव्यप्रतिक्रमणादिरप्यपराध एव। अतस्तृतीयभूमिकयैव निरपराधत्वमित्यवतिष्ठते। तत्प्राप्त्यर्थ एवायं द्रव्यप्रतिक्रमणादिः। ततो मेति मंस्था यत्प्रतिक्रमणादीन् श्रुतिस्त्याजयति, किन्तु द्रव्यप्रतिक्रमणादिना न मुञ्चति, अन्यदपि प्रतिक्रमणाप्रतिक्रमणाद्यगोचरा-प्रतिक्रमणादिरूपं शुद्धात्मसिद्धिलक्षणमतिदुष्करं किमपि कारयति। वक्ष्यते चात्रैव-कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं॥ इत्यादि।

---

ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી) ગાથામાં કરે છે :

પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,
વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. 306.
અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,
અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. 307.

ગાથાર્થ :- [प्रतिक्रमणम्] પ્રતિક્રમણ, [प्रतिसरण] પ્રતિસરણ, [परिहारः] પરિહાર, [धारणा] ધારણા, [निवृत्तिः] નિવૃત્તિ, [निन्दा] નિંદા, [गर्हा] ગર્હા [च शुद्धिः] અને શુદ્ધિ- [अष्टविधः] એ આઠ પ્રકારનો [विषकुम्भः] વિષકુંભ [भवति] છે (કારણ કે એમાં કર્તાપણાની બુદ્ધિ સંભવે છે).

[अप्रतिक्रमणम्] અપ્રતિક્રમણ, [अप्रतिसरणम्] અપ્રતિસરણ, [अपरिहारः] અપરિહાર, [अधारणा] અધારણા, [अनिवृत्तिः च] અનિવૃત્તિ, [अनिन्दा] અનિંદા, [अगर्हा] અગર્હા [च एव] અને [अशुद्धिः] અશુદ્ધિ- [अमृतकुम्भः] એ અમૃતકુંભ છે (કારણ કે એમાં કર્તાપણાનો નિષેધ છે-કાંઈ કરવાનું જ નથી, માટે બંધ થતો નથી).

ટીકા :- પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે; તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.) અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે) તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે. જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે અને એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે. તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે. તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. માટે, ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે. તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (-અટકાવી દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી); તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે. આ શાસ્ત્રમાં જ આગળ કહેશે કે - *'कम्मं जं पुव्वकयं सुहासुहमणेय-वित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।' (અર્થ : અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે તે આત્મા પ્રતિક્રમણ છે.) વગેરે.

**ભાવાર્થ :- વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-'લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે, તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે? શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે.' તેને આચાર્ય સમજાવે છે કે : જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે તે દોષનાં મટાડનારાં છે, તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે, દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે, કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે. માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિક કહ્યાં છે તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે, કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત, શુદ્ધ, અપ્રતિક્રમણાદિ-સ્વરૂપ જ છે.**

---

## ગાથા-૩૦૬-૩૦૭ ઉપર પ્રવચન

**'ઉપરના તર્કનું સમાધાન આચાર્યભગવાન (નિશ્ચયનયની પ્રધાનતાથી)...'** જુઓ, '**अत्रोच्यते**' એમ છેને? માથે છે. '**अत्रो**' માથે સંસ્કૃત છે ગાથા ઉપર. '**अत्रोच्यते**'

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य।**
**णिंदा गरहा सोही अट्ठविहो होदि विसकुंभो॥306॥**

આહા..હા..! એ આણે કુંદકુંદાચાર્યનું નામ આપ્યું છે આમાં ક્યાંક. જૈનપ્રકાશમાં આવ્યું છેને? .. કુંદકુંદાચાર્ય આમ કહે છે. પછી છેલ્લે ગોટો વાળ્યો છેલ્લે. કે આમાં આચાર્યોને એ વખતે જે જે નિર્ણય હતો એમાં એક આચાર્યનો બીજા આચાર્યમાં ફેરફાર હોય છે લ્યો.

મુમુક્ષુ :- તત્ત્વ

ઉત્તર :- તત્ત્વમાં ફેરફાર હોય? એ તો ધારણામાં કોઈ ફેર હોય. એવો ગોટો વાળ્યો. જૈનપ્રકાશમાં આવ્યું છે. અમરચંદજીએ. કુંદકુંદાચાર્યનું નામ આપ્યું છે પહેલું. પણ એમ કે તે તે વખતની પ્રચલિત આચાર્યોની જે વાત હતી તે તે પ્રકારે સાચી જ હતી એમ. પણ આચાર્ય કોણ? સનાતન દિગંબરના પરંપરાના આચાર્ય એ આચાર્ય? કે નવીન કલ્પનાથી ઉભા થયા એ આચાર્ય? હવે આ વાતના વાંધા. મધ્યસ્થતા નહિને એટલે ઓલા બધા.. પોષણ એ કર્યું છેને એણે? ભગવાનને પણ વસ્ત્ર હતું છદ્મસ્થમાં અને એને પણ એના મામા શું કહેવાય? મામાનો ભાઈબંધ. આવ્યો બ્રાહ્મણ દેવા અડધું ફાડીને આપ્યું. એ મોટી કરૂણા કરી. જૈનધર્મનો મર્મ છે. કહો, અરેરે..!

પણ એ તો વસ્ત્ર તીર્થંકરને વસ્ત્ર ન હોય. એને ઠેકાણે વસ્ત્ર સ્થાપીને પાછું અડધું. એ કલ્પસૂત્રમાં છે હોં. મૂળસૂત્રમાં નથી. બાર મહિના વસ્ત્ર રાખ્યું એટલું છે. કલ્પસૂત્રમાં વધારી દીધું. કે અડધું ફાડીને ઓલાને આપ્યું અને અડધું પછી પડી ગયું. આહા..હા..! હવે એને એમ કે આચાર્યોના જુદા જુદા મત છે. તે તે ..ની અપેક્ષાએ તે બધું સત્ય છે એમ કહે. ... સત્ય તો એક જ પ્રકારે હોય.

એક કહે કે વસ્ત્રસહિત સાધુ એ મિથ્યાદૃષ્ટિને માને અને એક કહે કે વસ્ત્ર રહિત હોય અંતર ત્રણ કષાય અભાવવાળો એ સાધુ સાચો. હવે આમાં બેમાં મેળ શો કરવો? મધ્યસ્થથી સત્ય આચાર્ય કોણ છે? એનો એણે નિર્ણય કરવો જોઈએને. એ વખતે અમુક આચાર્યે કીધું માટે એ સાચું અને પછીના આચાર્યોએ કીધું એ પણ સાચું, એના પહેલા કીધા આચાર્યોએ એનું પણ સાચું. પણ એનો અર્થ શું? આહા..હા..! બીજાના મતમાં, અભિપ્રાયમાં ફેર પડે કેમ સાચા હોય તો? આહા..હા..! અહીં કહે છે જુઓ ઇ.

**अप्पडिकमणमप्पडिसरणं अप्परिहारो अधारणा चेव।**
**अणियत्ती य अणिंदागरहासोही अमयकुंभो॥307॥**

નીચે.

**પ્રતિક્રમણ ને પ્રતિસરણ, વળી પરિહરણ, નિવૃત્તિ, ધારણા,**
**વળી શુદ્ધિ, નિંદા, ગર્હણા-એ અષ્ટવિધ વિષકુંભ છે. 306.**
**અણપ્રતિક્રમણ, અણપ્રતિસરણ, અણપરિહરણ, અણધારણા,**
**અનિવૃત્તિ, અણગર્હા, અનિંદ, અશુદ્ધિ-અમૃતકુંભ છે. 307.**

કહો, આ મિથ્યાદૃષ્ટિને માટે છે આ વાત? સમ્યગ્દૃષ્ટિને પણ, સાચા મુનિ હોય એને પણ આવો જે ભાવ હોય ઇ ઝેર છે. ઝેરને .. એમ કીધું છે? મિથ્યાદૃષ્ટિને ક્યાં છે? મિથ્યાદૃષ્ટિનું જે છે સમજાણું? અપડિક્કમણું. એની અપેક્ષાએ એનો વ્યવહારનું પડિક્કમણું ઝેર છે એમ કીધું છે? આહા..હા..! અહીંયાં તો ચૈતન્ય વસ્તુ ભગવાન દૃષ્ટિમાં, શ્રદ્ધામાં, અનુભવમાં લીધો છતાં એમાં સ્થિર થઈ શકે નહિ એ ભૂમિકામાં આવો ભાવ પ્રતિક્રમણનો હોય, પ્રતિસરણનો હોય. આઠ બોલ કીધાને? તો એને અહીં તો ઝેરના ઘડા કીધા છે. આહા..હા..! જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે એને આ શુભભાવ ઝેર કીધો છે એમ નથી. નિશ્ચયસહિત હોય એને વચ્ચે વ્યવહાર આવે. જેને વસ્તુ જ નથી એને વળી વ્યવહાર કેવો અંદર? આહા..હા..! મોટા વાંધા દૃષ્ટિમાં. એ મૂળ ચીજ, એ મૂળ અભિપ્રાય ઉપર આખો દોર છે. એ અભિપ્રાયમાં મોટા વાંધા. એ આચાર્યોએ તો અમૃત કીધું, અમારા આચાર્યોએ એને ધર્મ કીધો મહાવ્રતને. પાંચ મહાવ્રત નિર્જરાના સ્થાન છે. આહા..હા..! શું કરે છે પ્રભુ આ? માર્ગ તે કાંઈ એનો સાચો અને આનો સાચો. એમ બે થાય? કહો, સમજાણું કાંઈ?

.. કહે છે કે અમારા શાસ્ત્રમાં તો એને નિર્જરા કીધી છે. દિગંબરના શાસ્ત્રમાં કીધી હોય અમારે ક્યાં માન્ય છે ઇ? લે! પણ ન્યાયથી તો તોલ. મહાવ્રત પરના લક્ષે ઉત્પન્ન થયેલા ભાવ છે. આને ન મારવું, આને જીવાડવું, આને દુઃખ ન દઉં, આનું પ્રાયશ્ચિત લઉં વગેરે એ બધો શુભભાવ છે. એ શુભભાવ છે એ તો આસ્રવ છે. આસ્રવ છે એ બંધનું કારણ છે. એ ધર્મનું કારણ છે જ નહિ. આહા..હા..! પણ શું થાય? આખો દોર અભિપ્રાય ઉપર હતો એ બધો ફેરવી નાખ્યો. વસ્તુ અખંડ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય એનો જે અભિપ્રાય એને સમ્યગ્દર્શન અનુભવમાં કહ્યું છે. આહા..હા..! અને આ અજ્ઞાનીને તો આ શુભભાવ એ આસ્રવ નહિ, એ સંવર. આહા..હા..! નિર્જરા. મહાવ્રત તો અભવિ પણ પાળે છે. તો અને સંવર-નિર્જરા થવી જોઈએ. એના શાસ્ત્રના હિસાબે. નવમી ગ્રૈવેયક ગયો અનંતવાર. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો જૈન સાધુ થઈને.

મુમુક્ષુ :- કાળલબ્ધિ.

ઉત્તર :- હવે કાળલબ્ધિ પણ કોને કહેવી? અંદર પુરુષાર્થ સ્વભાવ તરફ ઢળ્યો ત્યારે પર્યાયનું કાર્ય થયું એ પર્યાયને જાણી એ કાળલબ્ધિ. આહા..હા..! લબ્ધિના કારણો બધા એક સાથે હોય કે કાંઈ આઘાપાછા હશે? લબ્ધિએ પ્રગટ્યું કાળલબ્ધિએ, પણ એ લબ્ધિનું જ્ઞાન કોને થાય? જેને અંતર દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ છે એને પાંચેય સમવાયનું જ્ઞાન એક સમયમાં થાય છે. એમ વાત છે. વસ્તુસ્થિતિ તો આવી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું માથાકૂટ કરીને ઇ કરતા સહેલું હતું આ લ્યો. એક જણો બિચારો આવતો. સીધું ચાલતા હતા ત્યાં ભગવાનની પૂજા, જાત્રા અને ધર્મ. આ વચ્ચે લાકડું ખોસ્યું તમે. એય..! મફાભાઈ! દેરાવાસી આવ્યો હતો. ઘણા વર્ષની વાત છે. વીરમગામનો ઓલો હતો એ શું કહેવાય? ... એનો ઉપરી હતો. સાંભળ્યું હશે આ. અંદર આવ્યો ચર્ચા. આ તો વચમાં વિઘ્ન નાખ્યું તમે. એ ભગવાન પાસે જઈએ, દર્શન કરીએ એને ધર્મ માનીએ. તમે કહો કે ધર્મ નહિ. આહા..હા..! હવે એવું તો અનંતવાર કર્યું છે સાંભળને હવે. સમ્મેદશિખરની, શેત્રુંજયની, ગિરનારની અનંતવાર જાત્રાઓ કરી છે. આહા..હા..! પરદ્રવ્યના લક્ષે તો કોઈ દિ' ધર્મ થતો હશે?

આ તો 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' વાદવિવાદનો અવસર પણ ક્યાં છે? જ્યાં સ્વસ્વભાવને આશ્રયે દૃષ્ટિ થઈ કે સ્વસ્વભાવને આશ્રયે જ્ઞાન થયું એને આશ્રયે સ્થિરતા થઈ એ ધર્મ અને જ્યાં પરાશ્રય કોઈપણ વિકલ્પ ઉઠ્યો, તીર્થંકરગોત્રનો ભાવ એ પણ પરાશ્રય. ચોખ્ખી વાત છે આમ છે. એમાં ક્યાંય ફેરફાર ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ?

હવે એની ટીકા કરે છે. અર્થ બહુ સારો કરશે ભાવાર્થમાં. જયચંદ પંડિતે સારો અર્થ કર્યો છે. **'પ્રથમ તો જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે...'** અપ્રતિક્રમણ એટલે મિથ્યાત્વ અને અશુભભાવ છે **'તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના**

**અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...'** આહા..હા..! મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ અને એનો જે અશુભભાવ એ તો સાક્ષાત્ ઝેર જ છે. કહો, સમજાણું કાંઈ? **'તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?'** લ્યો, અહીં તો ઇ કહે છે. જેની દૃષ્ટિ પર ઉપર છે અને સ્વના સ્વભાવની ખબર નથી એવા મિથ્યાદૃષ્ટિના ભાવ જેટલા બધાય એ બધા ઝેર છે. કહો, સમજાણું કાંઈ? કારણ કે ઇ તો એનો અશુભભાવ અને એને ઝેર કીધું છે. પણ એનો આખો ભાવ જ ઝેર છે સાંભળને હવે.

અહીંયાં **'તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? (તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)'** મિથ્યાત્વભાવ અને અશુભયોગ તો પહેલેથી છોડવા જેવો છે. **'અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...'** હવે વીતરાગનો માર્ગ આવ્યો. ઓલો અજ્ઞાનીની વાત કે અજ્ઞાનીની વાતું મેં છોડી દીધી. તેનું અપ્રતિક્રમણ અને બધું પ્રતિક્રમણ બધું અજ્ઞાન છે. એ પ્રતિક્રમણ એને જે વ્યવહાર કરે એ પણ અપ્રતિક્રમણ છે એમ કહે છે, ભાઈ! ઇ પડિક્કમણું આદિ કરેને મિથ્યાદૃષ્ટિ? એ બધું અપ્રતિક્રમણ જ છે એમ કહે છે. આહા..હા..! જેની દૃષ્ટિ શુભથી ધર્મ માનનારા, પુણ્યથી ધર્મ માનનારા એનો તો બધો ભાગ બધો ઝેર છે. એમ કહે છે. આહા..હા..!

**'અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...'** સમ્યગ્દૃષ્ટિમાં, સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યક્ ચારિત્રના અંશની સ્થિરતામાં જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણ છે રાગાદિનો ભાગ શુભભાવ. **'તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...'** અભાવ કરવામાં સમર્થ નહિ. **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં)...'** એટલો અશુભ ઘટે છેને એમાં? દૃષ્ટિ તો શુદ્ધ ઉપર છે. એને અસ્થિરતા વખતમાં એ પડિક્કમણાના ભાવ જે હોય છે શુભભાવ એ શુભભાવ **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** અભાવ કરવા એ સમર્થ નથી. પણ ઘટાડવા સમર્થ છે. શું કીધું? સમ્યગ્દર્શન છે શુદ્ધ ચૈતન્ય નિષ્ક્રિય રાગથી ભિન્ન એની દૃષ્ટિ છે, એનું જ્ઞાન પણ છે અને એમાં રમણતા પણ છે થોડી. એને વ્યવહારનું પ્રતિક્રમણ જે શુભભાવ છે એટલો રાગ અશુભ ઘટાડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વથા ઘટાડતો નથી. આહા..હા..! પણ એટલો... અહીં તો શુભભાવ અશુભભાવ રાગને ઘટાડવા સમર્થ છે એમ કીધું છે. દૃષ્ટિ છે એની હોં. શું કીધું? દૃષ્ટિ છે શુદ્ધની, જ્ઞાન છે શુદ્ધનું આત્મજ્ઞાન, સ્થિરતા છે શુદ્ધમાં ઓછી. એને જે આ દ્રવ્ય પ્રતિક્રમણ આદિ વિકલ્પ શુભભાવ એ એમાં રાગને ઘટાડવા, ઓછો કરવામાં સમર્થ છે, અભાવ કરવામાં સામર્થ્ય નથી.

મુમુક્ષુ :- ઘટાડવામાં સમર્થ છે?

ઉત્તર :- ઘટાડવામાં સમર્થ છે. શુભભાવમાં છે એટલો ... એય..! એમ કીધું હતુંને ..સમ્યગ્દૃષ્ટિવંતની વાત છે હોં આ. એકલા અજ્ઞાનીના એ તો અપ્રતિક્રમણાદિ ઝેર છે એની અહીં

વાત છે. એ તો અપ્રતિક્રમણ બધું. ઇ પડિક્કમણું કરે તોપણ એને અપ્રતિક્રમણ છે. આહા..હા..! પણ સમ્યગ્દષ્ટિ જીવને સ્વરૂપમાં સ્થિરતા નથી ત્યારે એને જે શુભભાવનું આવું પડિક્કમણું, પ્રતિહાર આઠ બોલ જે છે ઇ દોષને **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** સર્વ અપરાધરૂપી વિષ-ઝેરના દોષોને ઘટાડવા સમર્થ, ઓછું કરવા સમર્થ છે, અભાવ કરવા સમર્થ નથી. ભાવ થયોને એટલો? એટલો અશુભભાવ ઘટ્યો છે. .. ઇ છે. સમજાણું કાંઈ? નહિતર નિશ્ચય-વ્યવહાર બે. નિશ્ચય જે છે એ તો બેયનો અભાવ કરે છે. ચેતનજી! અને વ્યવહાર છે સમ્યગ્દષ્ટિનો એ વ્યવહાર રાગ છે એની દૃષ્ટિમાં એનું એકત્વપણું નથી, પણ સ્થિરતાના બે પ્રકાર થઈ ગયા. અંશે સ્થિરતા છે, અંશે અસ્થિરતા છે. એ અસ્થિરતાનો જે શુભભાવ **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી અમૃતકુંભ છે...'** આ અપેક્ષાએ એને અમૃત કીધો એમ કહે છે. આહા..હા..! આ વાણિયાને બધા આ વેપારવાળાને બેસતું હશે આ? લોઢા ફેરવવા હોય અને આ ફેરવવા હોય. આહા..હા..!

કહે છે પ્રભુ આત્મા જેની દૃષ્ટિ રાગ અને પુણ્ય ઉપર છે એવો જે મિથ્યાદૃષ્ટિ એની તો ગમે તે ક્રિયા હોય એ તો એકલું ઝેર છે. ત્યાં તો વ્યવહાર પણ અમૃત છે એમ છે નહિ. આહા..હા..! પણ વ્યવહારે અમૃત કેમ ક્યું જ્ઞાનીને? આહા..હા..! કે સર્વ દોષ રહિત જ મારું સ્વરૂપ છે એવી તો દૃષ્ટિ અને જ્ઞાન થયું છે. સ્થિરતાના સર્વ દોષનો અભાવ કરીને ઠરવું એ નથી. ત્યારે તે કાળમાં એને શુભભાવ હોય છે એ તેવો એટલે શુભભાવ 'સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ...' છે. અશુભરાગ ઘટે છેને? એ શુભરાગને લઈને અશુભ ઘટે છે. દૃષ્ટિ તો અહીં છે. સમજાણું કાંઈ? એથી ક્રમે ઘટે છેને અશુભ જેટલું? એ અપેક્ષાએ વ્યવહાર આચારસૂત્રમાં એને અમૃત કીધું છે. આહા..હા..! એમ કહે છે.

મુમુક્ષુ :- ... અભિપ્રાય

ઉત્તર :- ના કાંઈ ઘટાડવું નથી. એ ઝેર નિશ્ચયથી છે. શુભભાવ એમાં અશુભ ઘટે છે એ અપેક્ષાએ વ્યવહારે અમૃત કીધું. આ અમૃત અહીં સ્વરૂપ છે એનો આરોપ દઈને એને. આરોપ દેવામાં હેતુ અશુભ ઘટે છે માટે એને અમૃત કહેવામાં આવ્યું છે. વ્યવહાર અને નિશ્ચયની કથનીમાં બહુ ફેર છે.

મુમુક્ષુ :- ..માં તો ક્રમે ક્રમે ઘટાડવું એમ લખ્યું છે.

ઉત્તર :- ત્યાં એ ઘટાડવું. અહીં ઇ તો મટાડવું. ઇ ઘટાડવું-મટાડવું નહિ. ... એ તો મટાડે છે અશુભ મટે છેને એટલે. ક્રમે-ક્રમે અશુભ મટે છે. શુભભાવને અવલંબે અશુભ મટે છે. મટે કહો કે ઘટે કહો. ... ચેતનજી! એ ઘટાડવું-મટાડવું બધું એક જ છે. ભલે .. હોય. ઘટાડવામાં અહીં તો સમુકુ .. ઘટાડવામાં... તમારા શેઠનું કીધું. એનો અર્થ કે સર્વથા અપરાધને મટાડવામાં અહીં સમર્થ નથી. શુભરાગ અને અશુભરાગને મટાડવાને એ સમર્થ છે. એમાં કાંઈ બીજું ચાલતું નથી. અહીં

તો વ્યવહાર છેને એ? વ્યવહારને અમૃત કેમ કીધું? એની વાત સિદ્ધ કરે છે. આચારાંગ આદિમાં, ચરણાનુયોગમાં એને અમૃત કેમ કીધું? અહીં અમૃત પરિણતિ છે માટે આરોપ દીધો એમ ન લેતા. સમજાણું કાંઈ? નહિતર તો અમૃત પરિણતિ છે અને એની સાથે આમ નિમિત્ત-સહચર આવે છે એને અમૃત કહ્યો. ખરેખર આમ છે. પણ જ્યારે વ્યવહાર આચારાંગ આદિમાં જ્યારે ચરણાનુયોગમાં એને અમૃત કીધું તો કેમ કીધું કહે છે? કે શુદ્ધતાના ઉપયોગમાં જશે ત્યારે તો સર્વ અપરાધના ઝેરનો અભાવ કરશે, પણ જ્યારે શુદ્ધના ઉપયોગમાં નથી ગયો છતાં શુદ્ધની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાનો અંશ તો છે. એને શુભભાવમાં આવ્યો છે એને અશુભ ઘટે છે. થોડું ઘટે છે, થોડો રાગ ઘટે છે. એ અપેક્ષાએ એને. ભાષા જુઓને. આહા..હા..!

**'અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં)...'** એ તો મટાડવું કહો કે ઘટાડવું કહો અહીં. **'સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)...'** બહુ સરસ વાત! સમજાણું કાંઈ? નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ તો સર્વ અપરાધનો અભાવ કરવા સમર્થ છે. પણ નિર્વિકલ્પ દૃષ્ટિ અને જ્ઞાન હોવા છતાં નિર્વિકલ્પ સ્થિરતા નથી એને જે શુભભાવ શાસ્ત્રમાં કહ્યો એ એટલો અશુદ્ધ ઘટે છે એ અપેક્ષાએ અમૃત કહેવામાં આવે. આમ કીધું. સીધો શુદ્ધને અમૃત ન કહેતા એ ઘટે છેને? માટે એને અમૃત કીધું. કહો, સમજાણું? પણ ઓલા દૃષ્ટિવંતને હોં. અજ્ઞાનીની વાત અહીં છે જ નહિ. એની દૃષ્ટિમાં પુણ્યથી ધર્મ છે અને રાગની મંદતા કરતા ધર્મ થાય એ મિથ્યાદૃષ્ટિના એના તો બધાય ગુણો અપ્રતિક્રમણ છે. અપ્રતિક્રમણ એટલે ઓલું ત્રીજું અપ્રતિક્રમણ એ નહિ. ત્રીજી ભૂમિકા અપ્રતિક્રમણ કહેશે, એ નહિ. આ તો અજ્ઞાનીનું અપ્રતિક્રમણ. ..ભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ઘટાડવા સમર્થ છે, અભાવમાં સમર્થ નથી?

ઉત્તર :- અભાવમાં સમર્થ નથી. રાગ છેને શુભ. અભાવ કરવા તો શુદ્ધ ઉપયોગ સમર્થ છે. આ શુભ આવ્યો એટલે અશુભને ઘટાડવા સમર્થ. છે તો દૃષ્ટિનું જોર, પણ એ શુભભાવનો પુરુષાર્થ છે એટલો એમાં અશુભ એટલું નથી એમ. સમજાણું કાંઈ? એય..! છોટાભાઈ! સંસ્કૃત ટીકા છેને.

**'દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે...'** 'स' 'ते...' '**सर्वापराधविषदोषापकर्षणसमर्थत्वेन**' લ્યો સંસ્કૃતમાં અપકર્ષણ છેને? ઘટાડવું-ઘટવું. અભાવ ન થાય. અભાવ તો શુદ્ધ ઉપયોગમાં જાય એટલે સર્વ દોષનો અપરાધનો અભાવ (થાય). સમજાણું કાંઈ? છે તો શુભ ઉપયોગ એ અપરાધ. પણ એમાં શુભમાં આવ્યો એટલો અશુભ ઘટ્યો એ અપેક્ષાએ એને અમૃત કહેવામાં આવે છે. વ્યવહારે. મારા હારે ભારે! એય..! આવું બીજે ક્યાં છે? આ તો જૈનશાસન સિવાય આવી ક્યાં વાત છે? શ્વેતાંબરમાં નથી આવી. આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે. માપ આપ્યું છે. સમજાણું કાંઈ? છેને પાઠ? '**अपकर्षणसमर्थत्वेनामृतकुम्भोऽपि**' નહિ? આહા..! અભાવ નથી. અભાવ તો શુદ્ધ ઉપયોગમાં જાય ત્યારે થાય. પણ શુભમાં આવ્યો છે એથી ત્યાં જરીક રાગ ઘટ્યો છે. એથી

વ્યવહાર આચાર ચરણાનુયોગના શાસ્ત્રમાં શુભ ઉપયોગને આ કારણે એને અમૃત કીધો છે એમ કીધું. સમજાણું કાંઈ? ખરેખર તો અમૃતનું પરિણમન છે ત્યાં અને એમાં શુભરાગ છે. નિશ્ચય સમ્યગ્દર્શન છે ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શનનો જે વિકલ્પ છે એને નિમિત્ત ગણી, સહચર ગણીને સમકિતનો આરોપ એનો આપ્યો છે. કેટલું યાદ રહે આમાં? શું કીધું ઇ?

જ્યાં આત્મા નિર્વિકલ્પ અનુભવની દૃષ્ટિ થઈ નિશ્ચય સમ્યગ્દર્શન. એની ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એવો જે રાગ એને સાથે ગણી, નિમિત્ત ગણીને આ સમકિતને એને આરોપ કીધો. ઉપચાર કરીને આરોપ કર્યો છે આ સમકિત. સમજાણું કાંઈ? એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમાં કોઈ આડુઅવળું કાંઈ બેસે એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીના દ્રવ્ય પ્રતિક્રમણ આદિ. આઠેય બોલ હોં. તેવો એટલે 'स' શબ્દ હતોને એમાં? 'स' છેને? 'स' તે. તે શુભભાવ. વ્યવહાર પ્રતિક્રમણ આદિ સમકિતીને હોં શુભભાવ. **'તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ...'** છે. અભાવ કરવામાં સમર્થ નથી. સમજાણું કાંઈ? અમૃતકુંભ કીધો. આહા..! એમાં ગીરધરભાઈ જેવા ... કહે. આ તો હળવે-હળવે તો વ્યાખ્યાન ચાલે છે. આહા..હા..! આચાર્યનું હૃદય આ છે. સમજાણું કાંઈ?

વસ્તુના દૃષ્ટિસહિતમાં સ્થિરતા જામે એ તો સર્વદોષનો. દોષ તો કીધો એને. પણ સર્વ દોષનો અભાવ કરનારો એ સમકિત. આ દોષને સર્વદોષમાંથી અભાવ કરવાને સમર્થ છે. સમજાણું કાંઈ? નિશ્ચય-વ્યવહારની વસ્તુની સ્થિતિ આવી છે. સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું આમ લક્ષણ છે. એમ આવે છેને ત્યાં ભાઈને મોક્ષમાર્ગપ્રકાશકમાં. બહુ ઓહો..હો..! પહેલીવાર વાંચ્યું હતું ત્યારે તો ઓહો..હો..! કીધું આ ગજબ કામ કર્યું છે. ટોડરમલે વસ્તુની સ્થિતિ આમ છે. એ લખી લીધું હતું ૮૪માં. તે દિ' ક્યાં પુસ્તક રાખતા નહોતાને ક્યાંય. માગતા પણ નહોતા અને રાખતા પણ નહોતા અને માગવું એવો વિકલ્પ પણ નહોતો. .. બને. .. ૮૪માં. પછી લખાઈ ગયું. ભારે વાત આ. વસ્તુસ્થિતિ આમ છે. નિશ્ચય સમ્યગ્દર્શન હોય એને. ઓલા નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર શ્રદ્ધાનો આદિ રાગ વિકલ્પ એ તો રાગ છે. ત્યાં ક્યાં સમકિત છે? રાગને આરોપ આપ્યો છે. એમ શુભરાગને અશુભરાગ ઘટવાની અપેક્ષાએ અમૃતકુંભ કીધો. ખરેખર તો એ શુભ પરિણતિ અમૃત છે એની સાથે શુભ છે એનો આરોપ દઈને અમૃત કહેવાય છે. પણ આચાર્યે એમ વાપર્યો શબ્દ કે ઘટે છે એ અપેક્ષાએ એને અમૃત કહે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૪, બુધવાર, તા.૦૪-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન-૪૨૮

ફરીને એ ટીકા. ૩૦૬-૩૦૭. અધિકાર મોક્ષનો ચાલે છે. આ સમયસાર. એમાં પ્રતિક્રમણ અને પ્રતિસરણ અને પરિહાર અને એવા આઠ બોલ આવ્યાને? એ બધા શુભ ઉપયોગની વ્યાખ્યા છે બધી. શુભ ઉપયોગ. એને શિષ્યે કહ્યું કે ભાઈ પહેલું આ કરવા દ્યોને હવે. આ પાધરા શુદ્ધને માંડી તમે. અશુભને ટળીને શુભ થશે ઇ જાતનું શુદ્ધ થશે એમ એનું કહેવું છે. પછી વળી આલંબન લેશું. અજ્ઞાનીની વાત છે હોં આ શિષ્યની. જ્ઞાની શિષ્યનો આવો પ્રશ્ન હોય નહિ. એમ કહે પહેલા અશુભ ટાળીએ અને એટલું તો શુદ્ધ થાય. પછી ત્રિકાળી શુદ્ધનો આશ્રય લેશું. એવો શિષ્યનો પ્રશ્ન. એના ઉત્તરમાં આ વાત છે.

કે '**પ્રથમ તો...**' મૂળ વાત તો એ છે કે 'જે અજ્ઞાનીજનસાધારણ (અર્થાત્ અજ્ઞાની લોકોને સાધારણ એવાં) અપ્રતિક્રમણાદિ છે...' એટલે કે જે મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ આદિ જે છે '**તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળાં હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ હોવાથી વિષકુંભ જ છે;...**' અજ્ઞાનીનો તો અશુભભાવ હો કે શુભ હો. વસ્તુની દૃષ્ટિ નથી એથી એ બધું એને તો એકલું અપ્રતિક્રમણ એટલે પાપ જ છે બધું. ઝેર જ છે એમ કીધું. સમજાણું કાંઈ? 'તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે?' એની અહીં વાત છે નહિ. '**(તેઓ તો પ્રથમ જ ત્યાગવાયોગ્ય છે.)**' મિથ્યાત્વ આદિ ભાવ એ તો પહેલેથી છોડવાલાયક છે. '**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ...**' અહીં ભાષા દ્રવ્ય વાપરી છે. વ્યવહાર પ્રતિક્રમણ શબ્દ અહીં નથી વાપર્યો. શુદ્ધ ઉપયોગની અપેક્ષાએ એમાં ઉપયોગ નથીને શુભમાં? એથી એને દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય પરિહાર, દ્રવ્ય શુદ્ધિ, દ્રવ્ય ધારણા આદિ આઠ બોલ છેને બધા કહી ગયા ઇ?

એ '**દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...**' 'સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ હોવાથી...' અમૃતકુંભ વ્યવહાર શાસ્ત્રમાં કહ્યા છે. વ્યવહારના શાસ્ત્રમાં એને આ અપેક્ષાએ ઇ શુભભાવ છે એ ક્રમે રાગ ઘટાડે છે એવો એને આરોપ દઈને વ્યવહાર શાસ્ત્રમાં એને અમૃતકુંભ કહેવામાં આવ્યા છે. .. પડ્યું છેને. ઓલામાં પણ છે શબ્દ. જુઓ ઓલી દલીલ આપી હતીને? કે વ્યવહારમાં આમ કહ્યું હતુંને વ્યવહાર શાસ્ત્રમાં. કે એ વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો છે એનો હેતુ આ છે કે શુદ્ધતા જેને દૃષ્ટિમાં આવી છે અને એ ઉપરાંત શુભભાવને કાળે, એને

અશુભ કાળે જે દ્રવ્યનો આશ્રય હતો એના કરતા શુભના કાળમાં એને આશ્રય વધારે છે દ્રવ્યનો. અશુભને કાળે આશ્રય થોડો છે, શુભને કાળે જરી વિશેષ છે અને શુદ્ધને કાળે તો ઘણો આશ્રય વિશેષ છે. આવું સ્વરૂપ છે.

એ કારણે વ્યવહાર પ્રતિક્રમણ આદિ દ્રવ્યને. '**સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં (-ક્રમે ક્રમે મટાડવામાં) સમર્થ...**' છે. અમૃતકુંભ એને લઈને વ્યવહારનયથી કહ્યો છે. સમજાણું કાંઈ? વીતરાગના વ્યવહાર શાસ્ત્રમાં એમ કહ્યું છે. એ પણ કહ્યું છે કઈ અપેક્ષાએ? જેને આત્મા ચૈતન્યસ્વરૂપ એનો અનુભવ છે, એની દૃષ્ટિ છે એ ઉપરાંત આવા શુભના કાળમાં એનો સ્વનો આશ્રય વિશેષ છે. એથી ત્યાં અશુભ ઘટે છે. પણ એનો આશ્રય છે એનાથી ઘટે છે એ તો નિશ્ચયથી થયું. પણ આનાથી ઘટે એમ વ્યવહારથી આરોપ કરીને આનાથી ઘટે એમ કહેવામાં આવે છે. પંડિતજી! ભારે ઝીણું, ભાઈ! શાસ્ત્રમાં કહેશે. અમૃતકુંભ કહ્યા છે. શુભભાવને. ભગવાનની પૂજા, પ્રતિમા, દેવદર્શન બધોય શુભભાવ. ખરેખર તો ચરણાનુયોગમાં જેટલો શુભભાવ એ બધાની વ્યાખ્યા આ છે. એ ધર્મી જીવને ચૈતન્યના પૂર્ણાનંદનો આશ્રય અને અવલંબન હોવાથી એને શુભના કાળમાં વિશેષ આશ્રય હોવાથી શુભના ભાવમાં રાગની મંદતામાં અશુભરાગ ઘટે છે એ ક્રમે ઘટાડે છે એવો આરોપ દઈને એ ઘટાડે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! હાય.. હાય.. કહો, ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એટલો ભાવ હોય જ એને.

ઉત્તર :- આવે છેને ઇ. શાસ્ત્રમાં તો એમ પણ કહે કે તીવ્ર રાગનો જ્વર ટાળવા માટે શુભભાવ પ્રશસ્ત આવે. અસ્થાનેથી, કુસ્થાનેથી રાગ ઘટાડવા એવો શુભભાવ આવે. ખરેખર તો એ કાળે એ જ હોય છે, પણ કથનની ઉપદેશ પદ્ધતિમાં શું લેવું? સમજાણું કાંઈ? એ કુસ્થાનેથી રાગ ઘટાડવો એવો એક વિકલ્પ હોય, પણ એથી તો એ ટાણે (કારણે) શુભભાવ આવ્યો છે એમ નથી. તે શુભનો એનો ઇ જાતનો સ્વકાળ છે. એથી આવ્યો છે. એથી એને ઘટાડવામાં. '**વિષના દોષોને ઘટાડવામાં...**' પંડિતજીએ એમ લખ્યું છે. વિષના ક્રમને ઘટાડવામાં ક્રમે. જયચંદ પંડિતે. વિષના ક્રમને ઘટાડવામાં '**સમર્થ હોવાથી અમૃતકુંભ છે...**' આહા..હા..! '**(એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે)...**' તે જે દલીલ દીધી એ આ અપેક્ષાએ એમાં લખ્યું છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તોપણ પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી...**' એ શુભભાવની જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનની પૂજા, ભગવાનનું સ્મરણ, પ્રતિમાના દર્શન, ભગવાનના દર્શન એ બધો શુભભાવ એ વિકલ્પ છે, નિશ્ચયથી તો એ ઝેર છે. આહા..હા..! ભારે આકરું!

મુમુક્ષુ :- .. અમૃત ગણવું કે ઝેર ગણવું?

ઉત્તર :- કીધુંને બે વાત. ઘટાડવામાં આશ્રય અહીં વધ્યો છે. આશ્રય તો છે સમ્યગ્દૃષ્ટિને

એટલે આશ્રયવાનને આ થયો ઇ ઉપરાંત બીજી વાત છે કે શુભભાવ વખતે એનો દ્રવ્યનો આશ્રય વિશેષ વધ્યો છે. સમજાણું કાંઈ? એ અપેક્ષાએ એવા શુભભાવને રાગ ઘટાડવામાં એ સમર્થ છે એવું વ્યવહારે ત્યાં આરોપ દઈને કથન કરવામાં આવ્યું છે. આરે..! સમજાણું કાંઈ? આચારાંગ આદિ શાસ્ત્રમાં ચરણાનુયોગમાં એવા અધિકાર બધા વ્યવહાર.. પંચ મહાવ્રત પાળવા ને આ કરવું ને આ કરવું ને આ કરવું. ભગવાનની ભક્તિ હોંશથી કરવી, હરખથી કરવી. ત્યાં બધું એવું આવે. સમજાણું? વ્યવહારનયના ગ્રંથમાં તો વ્યવહારનું સ્વરૂપ એવું સ્થપાય. છઠ્ઠે ગુણસ્થાને વળી ત્યાં સુધી કહે બનારસીદાસજી.

એ પ્રમાદ આવે ત્યારે જેમ ઓલો દડો ઉછળેને. ગેંદ. એવું લખ્યું છે. કારણ કે શુભરાગ છેને. આહા..હા..! મુનિ છે છઠ્ઠે ગુણસ્થાને સાચા. ત્રણ કષાયનો અભાવ, પરમેષ્ઠીમાં ભળેલા. એનો પ્રમાદ પણ એ શુભરાગ છેને એ? એટલે આગળ (સાતમા) આદિમાં એની જે સ્થિરતા જોઈએ એ સ્થિરતા નથી એમાં. એટલે દડો જેમ ઉછળે અને બેસે એવી રીતે આમ.. થાય એવું લખ્યું છે. સમયસાર નાટકમાં. આમાં આ અધિકારે હોં. મોક્ષ અધિકારમાં. છતાં કહે છે કે એને અમે કહ્યું અમૃત વ્યવહારે અને એ બધા ઝેરના અંશને ઘટાડવામાં સમર્થ છે એમ કહ્યું. છતાં '**પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર પુરુષને...**' આહા..હા..! પણ જે આત્મા શુભ અને અશુભભાવથી ભિન્ન એવી ત્રીજી ભૂમિકા અપ્રતિક્રમણ, નિશ્ચય પ્રતિક્રમણ પણ અહીં અપ્રતિક્રમણ એને કહ્યું. અજ્ઞાનીનું અપ્રતિક્રમણ તો મિથ્યાત્વાદિ ભાવ અને જ્ઞાનીનું અપ્રતિક્રમણ એ શુદ્ધ ઉપયોગરૂપી ભાવ. સમજાણું કાંઈ? બે અપ્રતિક્રમણ શબ્દમાં (અર્થમાં) પણ ફેર. આહા..હા..! આમ સમજવું ને આ કરવું ને આ કરવું. હવે બિચારા ક્યા? માર્ગ તો આ છે. એ સમજ્યા વિના એનો કોઈ દિ' નિવેડો (નહિ આવે) ચોર્યાસીના ધોકામાં દુઃખી છે પ્રાણી. આહા..હા..! એ અબજોપતિ હોય કે રાજા હોય કે શેઠિયા હોય અબજોપતિ કે દેવ હોય. બધા કષાયની અગ્નિ શેકાઈ ગયા છે. આહા..હા..!

ભગવાન આત્મા અકષાય રસ આનંદસ્વરૂપ એનાથી એ બધા વિકલ્પો જાળ, અગ્નિના કષાયરૂપી અગ્નિમાં બળી ગયા છે. આહા..હા..! અને માને કે અમે સુખી છીએ. મૂઢ છે, પાગલ છે પાગલ. ભગવાનજીભાઈ! આહા..હા..! એ શેકાઈ ગયા, દુઃખી છે. એને દુઃખને મટાડવા માટે જ્યાં આનંદસ્વરૂપ ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, સુખનો સાગરને આવ્યું હતુંને સવારમાં? એવો પરમાત્માનો જેણે અંતર આશ્રય લીધો એને દુઃખ મટાડવાનો ઉપાય એણે હાથ લીધો. સમજાણું કાંઈ? એ દુઃખ મટાડવાના ઉપાયમાં પણ પ્રકાર. દૃષ્ટિએ જ્યાં આત્માને જાણ્યો કે શુદ્ધ ચૈતન્ય છે એથી રાગથી પૃથક્ થઈને પૂર્ણ સ્વરૂપને જ પ્રતીતમાં લઈને જ્ઞાન અને શાંતિનું ત્યાં વેદન હોય છે, પણ આગળ જતાં પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને જતાં એને જે ઓલો શુભભાવ આવે એ કાળે પણ એને આશ્રય ચૈતન્યનો વિશેષ છે. માટે ત્યાં રાગ ઘટે છે. એ રાગનું ઘટવું, શુભરાગને કહીને

અહીંયાં આરોપથી કથન વ્યવહારે કર્યું છે. સમજાણું કાંઈ?

અને ઇ જેને નિશ્ચયનો આશ્રય જ નથી. હવે ત્રીજી ભૂમિ એટલે પુણ્ય અને પાપથી રહિત એવા સ્વરૂપની જેને દૃષ્ટિ ને જ્ઞાન ને ભાન પણ નથી. આહા..હા..! ત્રીજી ભૂમિને નહિ દેખનાર. **'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર...'** જ્ઞાયક ને આનંદ ને શુદ્ધ ચૈતન્યને નહિ જાણનાર. આહા..હા..! **'પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ...'** જુઓ, શબ્દ મૂક્યો છેને. **'(અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે...'** આહા..હા..! ઓલો તો અંદર વ્યવહારે રાગ કાપવાને અહીં આશ્રય લીધો છે માટે સમર્થ છે. પણ જેને આશ્રય જ નથી આત્માનો. આહા..હા..! ઇ ત્રીજી ભૂમિકા જે પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત એવો જે ભગવાન આત્મા એનું જેને શરણ નથી, એનો જેણે આશ્રય લીધો નથી, એને જેણે અંતરમાં જોઈને અંદરમાં ઠર્યો નથી. એવાઓ જે આ પડિક્કમણ આઠ આદિ ભક્તિ, પૂજા કરે. એ પોતાનું કાર્ય કરવા અસમર્થ છે. એટલે રાગ ઘટાડવાનું કાર્ય કરવા એ સમર્થ નથી. સમજાણું કાંઈ?

જેને ચૈતન્ય ભગવાન આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ એનો જ્યાં અવલંબન અને આશ્રય થયો નથી એવા જીવના દ્રવ્ય પ્રતિક્રમણ આદિ એ અંશે ઘટાડવાને સમર્થ જે કહ્યું હતું એ પણ એને નથી. સમજાણું કાંઈ? વ્યવહારે કહ્યું. પણ ઓલો નિશ્ચય છે માટે. નિશ્ચય અને તેને યોગ્ય આશ્રય વિશેષ વધ્યો છે માટે. સમજાણું કાંઈ? નિશ્ચય તો ચોથે છે, પણ પાંચમે જ્યાં શુભભાવને પાળે (તે કાળે) એનો આશ્રય વિશેષ થયો છે. એથી એ શુભભાવમાં ક્રમે રાગને ઘટાડવાનું સામર્થ્ય છે એમ કહ્યું હતું, પણ જેની દૃષ્ટિમાં આત્મા જ નથી. જે આત્મા શુદ્ધ ચૈતન્યઘન એનું જ્યાં અવલંબન જ આવ્યું નથી. એવા દ્રવ્ય પ્રતિક્રમણ આદિ એ રાગ ઘટાડવાનું સામર્થ્ય પણ એનામાં નથી. વ્યવહારે જે કહ્યું હતું કે રાગ ઘટાડે છે. માટે તેને અમૃતકુંભ કહેવામાં આવે છે. એ આને નથી. ભારે ઝીણું! બહુ ઝીણો માર્ગ વીતરાગનો. એણે કોઈ દિ' ધ્યાનમાં લીધો નથી. એમ ને એમ બહારમાં ને બહારમાં. આહા..હા..! અંતરની રમતુ એણે જોઈ નથી.

ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો નાથ સુખસાગર પ્રભુ એનો જેને આશ્રય અને અવલંબન નથી. એવા જીવને તો એ શુભભાવના, ક્રિયાકાંડના જેટલા આઠ (ભેદ) કહ્યા એ બધા **'(અપરાધ કાપવારૂપ)...'** એ ત્રીજી ભૂમિ નથી જ્યા દૃષ્ટિમાં એને એવાને એ **'દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય...'** એટલે શુભરાગનું જે કાર્ય. વ્યવહારથી એમ કહ્યું છેને? **'કરવા અસમર્થ હોવાને લીધે વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી...'** એ અજ્ઞાનીનો શુભભાવ તો બંધને કરનારો હોવાથી. ઓલું ઘટાડવાનું કામ જે હતું એ તો નિશ્ચય દૃષ્ટિવાળાને એનો આશ્રય લીધો છે એણે. સમજાણું કાંઈ? પણ નિષ્ક્રિય પ્રભુ આત્મા. રાગની ક્રિયા વિનાનો આત્મા એવી જેની અંતર દૃષ્ટિ થઈ નથી. એવાઓના એ બધા પડિક્કમણા ને મહાવ્રત ને ભક્તિ

ને પૂજા ને. એ બધા ભાવો '**(અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય કરવા અસમર્થ...**' કાપવાનો અર્થ ઘટાડવું. સમજાણું કાંઈ? પણ ઇ શબ્દ છે એમાં કાપવાનો. જયચંદ પંડિતમાં. કહો, સુજાનમલજી! સમજમાં આવે છે કે નહિ?

મુમુક્ષુ :- આવે છે. પણ જવાબદારી ઘણી આવી.

ઉત્તર :- જવાબદારી. આહા..હા..!

મુમુક્ષુ :- ઘણી જવાબદારી.

ઉત્તર :- જવાબદારી તો વસ્તુ હોય એવું હોવું જોઈએને.

મુમુક્ષુ :- ... ધુળ ધાણી વા પાણી છે.

ઉત્તર :- હજી મંદિરો બનાવે દસ-દસ લાખના અને વીસ-વીસ લાખના. એમાં લાખ-લાખ રૂપિયા, બે લાખ આપેને. ધૂળ ધાણી અને વા પાણી છે. આહા..હા..! મોટા મોટા વ્રત લે ને તપસ્યાઓ દસ-દસ અપવાસ, બાર-બાર, પચ્ચીસ-પચ્ચીસ અપવાસ કરે, પણ જેને આત્મદર્શન અને આત્મભાન નથી એના એ દ્રવ્યની ક્રિયાકાંડો વ્યવહારથી જે રાગને ઘટાડવાનો, કાપવાનો, ક્રમે મટાડવાનું કહ્યું હતું ઇ એને હોતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પોતાનું કાર્ય કરવા અસમર્થ...**' પોતાનું કાર્ય એટલે? શુભભાવમાં રાગની તીવ્રતા ઘટાડું, ક્રમે રાગ ઘટાડવો એવું જે સામર્થ્ય એમાં આવ્યું હતું એ સ્વનો આશ્રય હતો માટે. એ જ સામર્થ્ય સ્વના આશ્રય વિનાના પ્રાણીને રાગને ઘટાડશે વ્યવહારે એ પણ એને લાગુ પડતું નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? ભગુભાઈ! ઝીણું બહુ આવું હોં આ. એ બધા રાડું પાડે બિચારા હોં. આહા..હા..! વાડાવાળા રાડું પાડે. કે એય..! આવું કાઢ્યું, આવું કાઢ્યું. પણ કાઢ્યું આ શું છે આ? આ કોઈએ કાઢેલું? આ તો અનાદિનું છે.

મુમુક્ષુ :- .. કરો છો તે..

ઉત્તર :- પણ જેમ એનો ભાવ યથાર્થ મગજમાં બેસે એવો ભાવ આવે તો થાયને. એમ ને અદ્ધર ને અદ્ધર કરી નાખે... આહા..હા..! જુઓને કેટલું સ્પષ્ટ કર્યું છે! આહા..હા..! સમયસાર જગતચક્ષુ. અજોડ ચક્ષુ. કેવળીના જેણે વિરહ ભૂલાવ્યા એવી એ ચીજ છે આ. '**બનાવું પત્ર**' આવે છે શું કહે છે એ? 'રતનના અક્ષરો લખી' એથી કરીને કાંઈ એની કિંમત છે? આહા..હા..!

કહે છે કે જેનો સ્વ આશ્રય નથી એવાનો જે વ્યવહાર એ રાગને ઘટાડવાને સમર્થ જે નિશ્ચયના આશ્રયવાળાને કહ્યો હતો એ આને લાગુ પડતો નથી. આહા..હા..! દૃષ્ટિમાં આત્મા ભગવાન જે વર છે એ તો આવ્યો નહિ. જાન જોડી દીધી. ચૈતન્ય ભગવાન પૂર્ણ આનંદ સ્વરૂપ એવી શ્રદ્ધા દૃષ્ટિમાં તો લીધી નહિ અને બહારની ક્રિયાકાંડમાં જોડીને એય..! જાન જોડી દીધી. એ જાન ન કહેવાય ઇ. મેળો, માણસનો મેળો કહેવાય. એય..! વર વિનાની શું કહેવાય? જાન કહેવાતી હશે? માણસનો મેળો થયો. એમ ભગવાન આત્મા આનંદ પૂર્ણાનંદ સ્વરૂપ રાગ અને પર્યાયથી

પણ ભિન્ન. આહા..હા..! '**भूदत्थमस्सिदो**' આવ્યું છેને અગિયારમી ગાથા. ભૂતાર્થ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... એનો આશ્રય કરે પર્યાય, પણ આશ્રય લે દ્રવ્યનો. આહા..હા..! એ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લેનાર '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ સમ્યગ્દષ્ટિ થાય. આહા..હા..! એ સમ્યગ્દષ્ટિમાં જ્યારે આ વ્રતાદિના એને શુભભાવ હોય ત્યારે તેને સ્વભાવ તરફનો આશ્રય થોડો વિશેષ વધ્યો છે અને તે કાળે એના જે શુભભાવ છે. આ વ્યવહારનો, ચરણાનુયોગના આચરણનો. વ્યવહારનયમાં આવ્યું છેને બંધ અધિકારમાં અભવિ પણ પૂર્ણ કરે જિનેન્દ્રે કહેલા, સાવધાન અને પરિપૂર્ણ એવા શબ્દ વાપર્યા છે. વીતરાગે કહેલા એવા મહાવ્રત એણે કહેલી એવી ભક્તિ, પૂજા, દાન, દયા વ્યવહારે. એ બધું હોવા છતાં એમાં રાગ કાપવાની શક્તિ રહી નહિ. સમજાણું કાંઈ? કહો, વિમલચંદજી! આવો માર્ગ છે આ.

મુમુક્ષુ :- .. નિશ્ચયમાં જ છે.

ઉત્તર :- હા, માલ ત્યાં છે. પછી એમાં આરોપિત વ્યવહાર કથન તો આવે. વ્યવહારના ચરણાનુયોગના શાસ્ત્રમાં આમ કરો, આ વ્યવહાર કરો, મહાવ્રત પાળો, અઠ્યાવીશ મૂળગુણ પાળો એ બધું આવેને? દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરો, બહુમાન કરો, આવે તો ઉભા થાય. હવે એ તો બધા વ્યવહાર છે.

મુમુક્ષુ :- ઉભા થાવું કે ન થાવું?

ઉત્તર :- થાય કોણ? પણ એવો ભાવ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! નિર્માનતા છેને નિર્માનતા? એ ભાવનું સામર્થ્ય સ્વભાવનો આશ્રય છે માટે એમાં અશુભ ઘટે છે એમાં એના સામર્થ્યમાં કહેવાય છે. અશુદ્ધિ ઘટે છે લ્યોને અશુદ્ધિ. કહો, સમજાણું? હવે આમ તો છઠ્ઠા ગુણસ્થાન મુનિનું કીધું નથી? મોક્ષમાર્ગપ્રકાશકમાં. કે એને હિંસાદિ પાપનો તો અશુભભાવ છે જ નહિ. લ્યો ઠીક! હવે એને શુભભાવ વખતે શુદ્ધિ ઘટે એનો અર્થ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વિશેષ કષાયરૂપ ભાવ હતોને અશુભમાં? એ ઘટ્યો છે એમ. પાંચમે જે શુભભાવ કષાય વિશેષ છે. છઠ્ઠેમાં કષાય થોડો છે. આહા..હા..! અને તે પણ એનો આશ્રય અહીં વધી ગયો છે. ત્રણ કષાયનો નાશ થતા એનો આશ્રય વધ્યો ત્યારે ત્રણ કષાયનો નાશ થયોને? એને જે પંચ મહાવ્રતાદિના પરિણામ છે ચરણાનુયોગના. એને વ્યવહારે દોષ ક્રમે ઘટાડવાનું એનામાં સામર્થ્ય વ્યવહારથી કહેવામાં આવે છે. આહા..હા..! કહો, ..ભાઈ! આમાં ત્યાં શું કર્યું હતું કલકત્તામાં? શેઠાઈ કરી હતી ત્યાં. પૈસાવાળા માણસ તો શેઠાઈ કરે એટલે પૈસા આપે. પણ આની કાંઈ ખબર હતી? સાંભળવા પણ નહોતું મળ્યું ત્યાં તો. આહા..હા..! વસ્તુ પોતે પ્રધાન તત્ત્વ. એ શ્રાવકરત્નકરંડાચારમાં જે વર્ણન કરે એ બહુ પાના ભર્યા. એ બધાને વ્યવહાર પ્રધાનતા, વ્યવહાર પ્રધાન છે... વ્યવહાર પ્રધાન છે... બહુ વર્ણવ્યું છે. લોકોને ન સમજાયને. મૂળ ચીજ છે એ રાખીને

બીજી વાત હોય. અપૂર્વ દશા થઈ, પછી એને શુભભાવ આવ્યો. એ વખતે પણ એને આશ્રય થોડો વધ્યો છે એમાં અશુભ ટાળવાની તાકાત છે. એને આણે ટાળવાની તાકાત છે એમ કહેવામાં વ્યવહાર શાસ્ત્રમાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ટાળવા...

ઉત્તર :- આ શેઠીયા રહ્યા જુઓને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! જે જાણનારો છે એને જાણ્યા વિનાની વાતું બધી એકડા વિનાના મીંડા છે. જાણનાર છે કોણ? જાણે છે ઇ જાણનાર છે કોણ? કહો આ તો ત્રીજી વાત છે. જાણનાર જેમાં જણાય છે એવો જાણનાર. ઇ છે કોણ? એ તો ત્રિકાળી જ્ઞાયકભાવસ્વરૂપ છે. એવા સ્વરૂપની દૃષ્ટિ ને આશ્રય ને અવલંબ ને આધાર નથી જ્યાં. એવા જીવને આ ચરણાનુયોગમાં કહેલા વ્યવહારો તેને લાગુ પડતા નથી. સમજાણું કાંઈ? જેને સ્વભાવનો આશ્રય લઈ અને દૃષ્ટિ નિર્મળ કરી છે એ ઉપરાંત વધારે નિર્મળ આશ્રય લઈને વિશેષ પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ છે. એવા જીવને ચરણાનુયોગમાં જે વ્યવહાર વર્ણવ્યો એ શુભભાવમાં રાગ ઘટાડવાને સમર્થ છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? શૈલી છેને? વ્યવહારનયનો વિષય છેને? આહા..હા..! પણ જેને એ ભગવાન આત્મા જાણનાર કોણ છે? જાણનારને જાણ્યા વિના માથાકુટું કરી. સમજાણું કાંઈ?

જાણનાર ભગવાન ચૈતન્ય તેજ. જેના તેજ. આવ્યું હતુંને સવારમાં? જેના તેજે કષાયની અગ્નિને બાળી મૂકે છે રાગાદિને. આહા..હા..! એ ભાવ જેને ભાસ્યો એને જે ચરણાનુયોગના જેટલા લખાણ વ્યવહારના કહેવાય એ બધાનો એને શુભભાવ ભલે વિવિધ પ્રકારનો શુભભાવ હોય અને તેથી એને રાગ કાપવાનું એનામાં સામર્થ્ય છે એમ એને આરોપથી કહેવામાં આવે છે, પણ અહીં ચીજ જ જ્યાં નથી. આહા..હા..! વળી ત્યાં સુધી એમાં લખ્યું છે કે ભાઈ! વ્યવહાર સામાયિક આ કરેને તો નવમી ગ્રૈવેયક તો પામશેને. વળી એવું લખ્યું છે. રત્નકરંડશ્રાવકાચારમાં. પણ હાથ ન આવે. શું પણ સામાયિક? એ સામાયિક જ કે દિ' હતી? નવમી ગ્રૈવેયક. પણ નવમી ગ્રૈવેયક એટલે શું? નરક અને નિગોદની ગ્રૈવેયક. જાત બેય એક જ છે ગતિ. આહા..હા..! શું લખ્યું અંદર? એમ કે સામાયિક આવી કરે તો અભવિ પણ નવમી ગ્રૈવેયક જાય. પણ શું થયું? એ સામાયિક હતી જ કે દિ'? આહા..હા..! જ્યાં સમતાનો પિંડ પ્રભુ વીતરાગ મૂર્તિ જ્યાં દૃષ્ટિમાં આવી નથી એને સામાયિક કેવી? એવી દૃષ્ટિ આવી અને જેમાં અંતરમાં સમામૃત, સમરૂપી અમૃત જેણે પીધા એને જે શુભ વિકલ્પ સામાયિકનો હોય એને વ્યવહાર સામાયિક કહેવામાં આવે. દ્રવ્ય સામાયિક એમ કહેવાય. દ્રવ્ય સામાયિક. શુભભાવ. ઓલું (નિશ્ચય)નું જ્ઞાન છે માટે. અંદરમાં ઠરે, ધ્યાનમાં શુદ્ધોપયોગમાં. તો એ ખરી સામાયિક છે. આહા..હા..!

હજી સામાયિકની વ્યાખ્યાની ખબર ન મળે. લાલજીભાઈ! સામાયિક કરી તો હશેને? ઘણા

પથરણા ફાડ્યા હશે પથરણા. આહા..હા..! રાગને ચીરીને ભિન્ન પાડે એને પથરણા ફાડ્યા ન કહેવાય. આહા..હા..! ભેદજ્ઞાન જેને રાગથી ભિન્ન પ્રભુ. વિકલ્પથી ભિન્ન આખો પરમાત્મા પોતે પડ્યો છે. જેને ખરેખર તો એ વ્યવહારના વિકલ્પને અને જ્ઞાયકભાવને કાંઈ સંબંધ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી દૃષ્ટિવંતને જે કાંઈ પડિક્કમણું, પરિહાર, પરિધારણ... નિવૃત્તિ, ગૃહા, નિંદા, શુદ્ધિ. શુદ્ધિ કરું એમ. એ બધો અશુદ્ધ છે. હું શુદ્ધિ કરું એ વિકલ્પ એ અશુદ્ધ છે. એ બધા આત્માના ધ્યેય વિના એના આવા બધા ભાવો અપરાધમાં અંશે કાપવાનું જે સમર્થ હતું એ પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે. એ તો નહિ પણ વિપક્ષ કાર્ય કરે છે હવે. આહા..હા..!

**'(અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.'** આહા..હા..! ચૈતન્યના અવલંબન અને આશ્રય વિનાના, સમ્યગ્દર્શન વિનાના જે આ બધા પ્રતિક્રમણ, ભક્તિ ને પૂજા ને મંદિર ને. દસ-દસ લાખ રૂપિયાના મંદિર બનાવીએ. માટે અમે તરી ગયા. ધૂળમાંય નથી તર્યા સાંભળને હવે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! પૈસા ક્યાં તારા હતા? એ તો અજીવ છે. એ અજીવ મારા છે અને વાપર્યા એમ માન્યું એ તો મિથ્યાદૃષ્ટિ છે. એ તો જડ છે. જડ મારા. અને મારા તરીકે મેં વાપર્યા એ તો અજીવને જીવ માન્યું મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ધર્મીને આત્માના આશ્રયમાં આવ્યો એને એવો ભાવ આવે ખરો, હોય ખરો, પણ એ પુણ્યબંધનું કારણ છે. નિશ્ચયથી એ ઝેર છે. પણ સ્વનો આશ્રય છે માટે શુભભાવને વ્યવહારે અમૃત કહેવામાં આવે છે. કહો, પંડિતજી! આ રાતે કહ્યું પછી વિચાર્યું છે કે નહિ તમે? આ વ્યવહાર ઘટાડ્યો એને અમૃત કીધું. ઓલો કહે કે નિશ્ચય હોય માટે આને નિમિત્ત અને વ્યવહાર કહેવો? બેનો મેળ કેવી રીતે બને? પંડિતજી માથે નાખ્યું છે.

એકકોર કહે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની દૃષ્ટિ અને પરિણતિ શુદ્ધ છે. એના એવા શુભભાવને પણ આ પરિણતિ અમૃત છે, માટે શુભભાવને અમૃતનો આરોપ, નિમિત્ત સહચર ઉપચારથી એને વ્યવહાર કહ્યો. ચાર બોલ વાપર્યા હતાને. સાતમાં. ચાર વાત. નિમિત્ત દેખી, સહચર દેખી ઉપચારથી વ્યવહાર કહ્યો એમ ચાર શબ્દ વાપર્યા છે. એય..! છોટાભાઈ!

મુમુક્ષુ :- એમાંથી આમાં આગળ લીધું. એમાંથી આમાં વધારે લીધું.

ઉત્તર :- આ તો આગળ છે. ઘટાડવું. અહીં ઘટે છે તો આને લઈને, પણ એનામાં ઘટે છે એવો આરોપ દઈને એને અમૃત કીધું. સીધો ભાવ જ એને અમૃત કહેવો. આ પરિણતિ નિર્મળ છે માટે એમ ન લીધું.

મુમુક્ષુ :- ઇ પદ્ધતિથી આ પદ્ધતિમાં ફેર છે.

ઉત્તર :- ફેર છે. એય..! રતિભાઈ! રાતે આ વાત ચાલી હતી રાતે. ઇ ત્યાં રાતે ઇ વિચાર આવ્યો હતો. આ ચર્ચા પહેલા. ... આ શૈલી એવી લીધી કે જેને આત્મા પરમાનંદ સ્વરૂપનો આશ્રય, અવલંબન છે. એનો જે શુભભાવ એ રાગ ઘટાડે છે ક્રમે-ક્રમે. ઇ ઘટાડે છે તો આ. પણ ઇ

વખતનો શુભભાવમાં પુરુષાર્થ અશુભનો નથી અને શુભનો છે એથી ઘટાડે છે એમ કહીને એને સીધા શુભને અમૃત ન કહેતા ઘટાડે માટે એને અમૃત કહ્યું. ઇ ઝીણી વાત વિશેષ છે એમ લાગે. સમજાણું કાંઈ?

આત્મા અંદર વસ્તુ છે. ધર્મ કરનારો કોણ? કેવો? ક્યાં? કેમ છે? એને જેણે જાણ્યો નથી અને ધર્મ થઈ જાય? પછી લાખ મંદિરો બનાવે કે લાખ દયા ને વ્રત ને જીવ મંડળીનો અધિપતિ થાય. બધા ગામના મોટા ભાઈ ઠરાવે. આ ગીરધરભાઈને મોઢા આગળ મૂકે. આ મંડળીમાં રાખો એને જરી મોઢા આગળ રાખો. આહા..હા..! બહુ .. કુંદકુંદાચાર્યની શૈલી એ શૈલીથી જ અમૃત ચંદ્રાચાર્યે કહ્યું છેને? ગાથામાં છે એને ઝેર કહ્યું છેને? અને વ્યવહાર શાસ્ત્રમાં એને અમૃત કીધું. બેનો મેળ કરવો પડશેને? એય..! હિંમતભાઈ! આહા..હા..! જૈન શાસ્ત્ર સંતોના, મુનિઓના, કેવળીના કહેલા કેડાયતોના. આવી વાત તો બીજે ક્યાંય છે જ નહિ. શ્વેતાંબરમાં નથી એ વાત, સ્થાનકવાસીમાં નથી એ વાત. અન્યમાં તો એ હોય જ નહિ. એવી વાત છે. આ તો પરમસત્યનો પ્રવાહ છે. આહા..હા..! પણ એને સમજવા માટે મળ્યું ન હોયને એટલે લાગે બેસે જાણે. આહા..હા..!

અહીં તો કહે છે ઇ આત્માનો જ્યાં આશ્રય નથી એવાઓના શુભભાવ જેટલો ચરણાનુયોગમાં કહેવામાં આવે પંચ મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ, એષણા ને, જોઈને ચાલવુંને, લેવા-મૂકતાનું ધ્યાન રાખવું, ભગવાનની ભક્તિ કરવી, ત્રણ લોકના નાથનો વિનય કરવો. આહા..હા..! મુનિઓનો વિનય કરવો, મુનિઓને આહાર-પાણી દેવા એવો જે એય..! એવો જે શુભભાવ એ મિથ્યાદૃષ્ટિનો ભાવ, સ્વના આશ્રયની દૃષ્ટિ તો છે નહિ. તો એ શુભભાવમાં રાગ ઘટાડવાનો પણ આરોપ આવતો નથી. કહો, નવનીતભાઈ, સંઘવી! સમજાય છે? આવી વાતું છે વીતરાગની તો, બાપુ! આહા..હા..! અનંત કેવળીઓ પરમાત્મા જિનેન્દ્રદેવ. જિનેન્દ્રદેવના ચરણના ઉપાસકોને આ માથે. જેણે વીતરાગમૂર્તિ આત્મા એની જેને દૃષ્ટિ અને સેવના કરી છે. આહા..હા..! એવાઓને જ્યારે શુભભાવ આવે છે ત્યારે એને શુભભાવમાં રાગ ઘટાડવાનું સામર્થ્ય છે એવું એનામાં વ્યવહારે કથન એમાં આવે. પણ જેને આત્મા જ વીતરાગ મૂર્તિ જિનેન્દ્ર સ્વરૂપ આત્માનું એવી દૃષ્ટિ અને જ્ઞાન જ થયા નથી. એવાઓના બધા શુભની ક્રિયાકાંડનો ભાવ એ પોતે રાગ મટાડવાને સમર્થ નથી, પણ ઉલટું કાર્ય બંધનું કારણ કરવામાં સમર્થ છે એમ કહે છે. આહા..હા..! ઓલામાં જરી ઘટાડવું લીધું.

અહીં તો કહે કે ઇ તો નથી, પણ ઉલટું એકલો બંધ. જોકે જ્ઞાનીને એ રાગ બંધનું કારણ છે. સમજાણું કાંઈ? પણ આ ફેર છે એટલું જરી. જ્ઞાનીને શુભભાવ ઝેર છે એ બંધનું જ કારણ છે. એને તીર્થંકર જેવું ગોત્ર બંધાય એ ભાવને અપરાધ કહેવો એ તો જૈનશાસન કહે. આહા..હા..! આમ કીધું. ત્રણ લોકના નથી વાણી સમવસરણ. આહા..હા..! સો-સો ઇન્દ્રો આવે, પણ એમાં થયું

શું? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પરમાત્મા એમ કહે કે એ અપરાધ છે તારો. આહા..હા..! .. નહિ? કહો, જેઠાભાઈ! આવી વાત છે. ઝીણી વાતું બહુ, ભાઈ! આહા..હા..! ત્યાં છે તમારે ત્યાં હતું આ? માથાકુટ ઘણી કરી હતી એણે.

મુમુક્ષુ :- કીધું પણ મળ્યું નહિ એટલે અહીં આવ્યા.

ઉત્તર :- એ કહેતા હતા કે જો આપણામાં મળે તો ફેરવવું નથી એમ કહ્યું હતું. .. માણસ અને બધી ક્રિયાકાંડ કરે એક ટંક ખાવું, ફલાણું કરવું, ઢીંકણુ, ઉનું પાણી સાથે રાખે કાથીમાં ઘડો પાણી ભરીને. એ પચાસ પ્રશ્ન કાઢ્યા અહીંથી. જો આપણામાં મળે તો મારે ફરવું નથી. એમ લખ્યું હોં પાછું એણે ભેગું. વાંચ્યું હતું. વાંચેલું છે. કાંઈ મળ્યું નહિ ઉપર પચાસ પ્રશ્ન. આહા..હા..! જ્યારે એ શોધીને ફર્યા છે હોં. એમ ને એમ ફર્યા નથી એ. આહા..હા..! કાંઈક ભાવમાં કાંઈ ભાસ થવો જોઈએને? આ આ છે, આમ છે, આમ છે. એમ ને એમ મારવું અને એમ ને એમ કરવું એનો અર્થ શું?

મુમુક્ષુ :- પણ મહારાજ પણ આપણા સાચા જ હોયને.

ઉત્તર :- સાચાની વ્યાખ્યા શું? સાચા કોને કહેવા? એ સાચા ક્રિયામાં, શુભભાવમાં આવે છે ઇ સાચા? સાચા સંત તો સ્વરૂપની દૃષ્ટિ અને એકાગ્રતા ઇ સાચું છે. હવે એ વસ્તુની તો ખબર નથી અને પછી આ સાચા ક્યાંથી લાવ્યો? સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો 'ત્રીજી ભૂમિકાને નહિ દેખનાર...' એટલે? શુભ અને અશુભ રાગ વિનાનો ભગવાન આત્મા એને નહિ જોનાર, નહિ જાણનાર. આહા..હા..! એવા 'પુરુષને તે દ્રવ્યપ્રતિક્રમણાદિ (અપરાધ કાપવારૂપ) પોતાનું કાર્ય...' પોતાનું કાર્ય તો આ હતું. એ 'કાર્ય કરવા...' સમર્થ નથી. અસમર્થ છે એમ. વિપક્ષ કાર્ય કરવામાં સમર્થ છે. આહા..હા..! સમકિતીને પણ શુભરાગ બંધનું જ કારણ છે. પણ આ ફેર છે આ. સમજાણું કાંઈ? આ તો મિથ્યાત્વસહિત વિપક્ષ કાર્ય બંધનું કારણ થાય છે. આહા..હા..! શું કીધું ઇ? સમકિતીને એ શુભરાગ વિપક્ષ કાર્ય જ કરે છે ખરેખર તો નિશ્ચય ઝેર છે, પણ વ્યવહારે એને સ્વના આશ્રયના ભાવની ભૂમિકામાં જેને આ ભાવ આવ્યો છે. એથી એને વ્યવહારે રાગ ઘટાડવાનું સામર્થ્ય હતું અને બંધનું જ કારણ નહોતું એમ એને વ્યવહાર કહ્યું. નિશ્ચયથી તો બંધનું કારણ એને જ છે. પણ એ બંધ અને આ બંધમાં ફેર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ મિથ્યાદૃષ્ટિનું બંધ છે, આ જ્ઞાનીનું બંધ છે.

ઉત્તર :- હા, આને ચારિત્ર સંબંધી ચારિત્રનું બંધ છે અને ઓલાને તો મિથ્યાદૃષ્ટિસહિત એ બધું શુભભાવમાં મહાબંધ છે.

મુમુક્ષુ :- અબંધની શાતાનો બંધ.

ઉત્તર :- ઇ બંધની મર્યાદા સ્થિતિ રસ જ થોડા છે. આમ તો છેને નિશ્ચયથી તો રાગનું જેટલું થવું એટલું કર્તા(પણું) પણ છે સમકિતીને. એટલો ભોક્તા પણ છે. ૪૭ નય. છેને? જ્ઞાન જાણે શું

એને? બરાબર જાણે. રાગનું પરિણમન છે એ મારું છે એટલું અને એટલો ભોક્તા પણ દુ:ખનો છે. અજ્ઞાનીને તો એકલો રાગ છે. એથી રાગનું કાર્યમાં જે આવવું જોઈએ કાપવાનું મંદપણું રાગનું એ ન થતાં સમુકું એકલું બંધનું જ કારણ છે. આહા..હા..! ત્યારે જ્ઞાનીને એકલું બંધનું જ કારણ છે શુભભાવ, પણ એ બંધ-બંધ બેમાં ફેર છે. એય..! મિથ્યાદૃષ્ટિ સહિતનો બંધભાવ છે. ઓલાને સમ્યગ્દર્શનસહિતનો ચારિત્રની નબળાઈનો બંધ છે. સમજાય છે કાંઈ?

**'વિપક્ષ કાર્ય (અર્થાત્ બંધનું કાર્ય) કરતાં હોવાથી વિષકુંભ જ છે.'** ધર્મીને પણ રાગ તો વિપક્ષ જ કામ કરે છે, બંધનું જ કામ કરે છે, પણ ઓલો આશ્રય છે એથી એની રાગની મંદતા ઘણી થઈ છે. ઓલાની રાગની મંદતાસહિત છે એમાં તો અનંતાનુબંધી આદિ બધા ભાવો છે. શું કહ્યું સમજાણું? મિથ્યાદૃષ્ટિના રાગમાં તો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન બધો રાગ છે. અને સમ્યગ્દૃષ્ટિના રાગમાં એ અનંતાનુબંધી આદિ નથી. પાંચમે પછી અપ્રત્યાખ્યાન નથી, ઓલાને પ્રત્યાખ્યાન નથી એ આવ્યું હતું. આહા..હા..! બંધની પણ દશામાં હિણપ આવી ગઈ છે. પણ છતાં એને શુભભાવમાં રાગને મંદ ક્રમે ઘટાડવાનું એને લાગુ પડે છે. એને આશ્રય સ્વનો વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ તે માર્ગ પણ. આહા..હા..! ઉજળો માર્ગ. એક કણ ન સામે જેમાં વિપરીત. એવો માર્ગ છે. એ માર્ગની દૃષ્ટિ વિના કહે છે કે આવા ભાવો બધા બંધનું જ કારણ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? લખે છે કાંઈક. એય..! .. શું લખ્યું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અને દૃષ્ટિવાળાને જે શુભભાવ હોય, છે તો એ બંધનું કારણ, પણ બંધ બંધમાં ઘણો ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! ટીકા તે પણ ટીકા કેવી! રતિભાઈ! બરાબર તમે આવ્યા અને આવ્યું આ.

**'જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...'** એટલે નિર્વિકલ્પદશા જે છે. શુભ અને અશુભ બે રાગ છે. એનાથી રહિત ત્રીજી ભૂમિ નિર્વિકલ્પ છે. આત્મા રાગ વિનાની દૃષ્ટિવાળો એ ત્રીજી ભૂમિકા આદિ **'જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** જોયું? ઓલું તો એનો વ્યવહાર, ઓલો આશ્રય વિશેષ હતો માટે એમાં રાગને મંદ કરવાનું એમાં કહ્યું હતું. આ તો સ્વયં પોતે જે છે ઇ કહે છે. આહા..હા..! ઓલામાં તો એટલી અપેક્ષા હતી. શુભભાવમાં સમ્યગ્દૃષ્ટિને આનો આશ્રય છે માટે તેને મંદ કરવાનું, કાપવાનું કહેવામાં આવતું. એટલી આની અપેક્ષા હતી એને. આ સ્વયં પોતે એની દશાની અપેક્ષા કોઈ છે નહિ. આહા..હા..!

**'સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** ઇ આવ્યું લ્યો. **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** ઓલામાં ક્રમ હતોને? ઇ **'સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** અહીં એટલો ફેર પડ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આમાં તો એકલો શુદ્ધ ચૈતન્ય ત્રીજી ભૂમિકા નિર્વિકલ્પ એની જ્યાં દૃષ્ટિ અને ઉપયોગ થયો એ ત્રીજી સર્વથા સિદ્ધિરૂપ **'સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** શુદ્ધ આત્માની પ્રતીતિ રમણતા સ્વયં સિદ્ધિ થઈ ત્યાં. સ્વના આશ્રયમાં હતો. આ તો મોક્ષ અધિકાર છે. સ્વયં સિદ્ધિ. પોતે જ ભગવાન સિદ્ધ સમાન જ્યાં દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો અને સ્થિરતા થઈ એ તો **'સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** ત્યાં સુધી તો ઓલામાં પણ હતું. **'સર્વ અપરાધરૂપી વિષના દોષોને...'** ઓલો શુભભાવમાં ક્રમ હતો આ આશ્રયવાળાની દૃષ્ટિ સહિતને એ અહીં તો એકલો જ્યાં નિર્વિકલ્પ દૃષ્ટિ અને સ્થિરતા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? **'સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...'** ત્રીજી ભૂમિ છે દશા હોં આ. પણ એ દશાની દૃષ્ટિ, ધ્યેય છે દ્રવ્ય ઉપર. આહા..હા..! આવું બધું મુંબઈમાં માંડે તો લાગે કે...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો માણસ થોડા, આ તો આઠ હજાર, દસ હજાર માણસ.

મુમુક્ષુ :- સાંભળનાર માણસોને...

ઉત્તર :- અહીં સાંભળનારા આપણા અને આપણા હોય. એ અમુક આવનારા હોય ઇ. બધા આવતા હોય ઇ. આઠસો આવે, હજાર આવે. ત્યાં કેટલું હોય છે? આ .. તે દિ' જુઓને છેલ્લે રવિવારે તો ઉછળી નીકળ્યું માણસ. ઓહો..હો..! ભાઈએ કીધુંને કે આ ફેરી મુંબઈ ફુલચંદભાઈના બનેવી. કીધું કે આ મુંબઈ આ ફેરી બહુ રસ આવતો હતો. બહુ દસેય વ્યાખ્યાનની વાત છેને. ત્રણ તો .. હતા અને પાંચ અહીંથી. લોકો બહુ આવતું હતું. બહુ આવતું. લોકો દસ-બાર હજાર કહેતા પણ આઠ હજાર તો ખરું. માણસને એકદમ સાંભળવાનો રસ આવી ગયો. ૬૯-૭૦-૭૧ ત્રણ ગાથાનું ચાલ્યું. આવું ઝીણું તાણવા જઈએ તો મારા.. એટલા બધા માણસમાં... આપણે જે વારંવાર જાણનાર હોય, સાંભળનારા હોય તો ઇ ચાલે.

આ તો ઝીણો અધિકાર છે. એ ત્રીજી ભૂમિકા તો સર્વથા ઝેરને નાશ કરનારી હોવાથી. **'સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...'** ઓલાને તો આરોપથી અમૃતકુંભ કીધું. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિના શુભભાવને પણ રાગ ઘટાડવાની અપેક્ષાએ અમૃતકુંભ કીધો. આ તો સાક્ષાત્ અમૃતકુંભ છે. આહા..હા..! શુદ્ધ ચૈતન્યના સ્વભાવમાં જ્યાં એકાગ્રતા. ઓલા વળી બે ભાગ પાડ્યા ... એકાગ્રતા ધ્યાન છે અને ભાવના એ વખતે વિકલ્પ છે એમ કે ભાવના કરવી. એકાગ્રતા એ જ ભાવના. એમાં છે બે શબ્દ. કોક શબ્દ જોયો. આખું કોણ વાંચે? લીટી કરેલી હતી. ... આહા..હા..! કહે છે એકલો આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો અને નિર્વિકલ્પતા થઈ એ તો સ્વયં સાક્ષાત્ અમૃતકુંભ છે, કહો, સમજાણું કાંઈ? વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૬, ગુરુવાર, તા.૦૫-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન-૪૨૯

ઝીણી વાતું છે, ભાઈ! આહા..હા..! એ અજ્ઞાની અપ્રતિક્રમણાદિ. એટલે કે એને મિથ્યાત્વભાવ, શુભભાવમાં ધર્મ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ધર્મ છે એવી જે દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિને તો તદ્દન અજ્ઞાનમાં અપ્રતિક્રમણ છે. એને તો વ્યવહાર અને નિશ્ચય પ્રતિક્રમણ એકેય નથી. કહે છે કે એ અજ્ઞાનીના જે અપ્રતિક્રમણાદિ છે તેઓ તો શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવવાળા હોવાને લીધે સ્વયમેવ અપરાધરૂપ વિષકુંભ ઝેર છે. આહા..હા..! જેની દૃષ્ટિમાં ચૈતન્ય આનંદસ્વરૂપ રાગની ક્રિયા વિનાનું તત્ત્વ દૃષ્ટિમાં આવ્યું નથી. એની દૃષ્ટિમાં તો એ પુણ્ય અને પાપના ભાવ એની દૃષ્ટિનો તો એ વિષય છે અને દૃષ્ટિમાં એ આવ્યું છે. એથી એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અનાદિકાળનો અપ્રતિક્રમણ જેને છે. આહા..હા..! સમજાણું કાંઈ? તેના ભાવ તો નરક અને નિગોદમાં જાય એવા એના ભાવ છે. સમજાય છે કાંઈ?

આ આત્મા ચૈતન્યમૂર્તિ શુદ્ધ સુખનો સાગર, આત્મા એટલે સુખનો સાગર, આનંદની મૂર્તિ. એ વાત જેને બેસી જ નથી અનાદિથી. એને તો એ પુણ્ય અને પાપના ભાવમાં એણે સુખ માન્યું છે, હિત માન્યું છે, ઇ મારું છે એમ માન્યું છે. તેથી તો મિથ્યાદૃષ્ટિ, મૂઢ-અજ્ઞાની છે. આહા..હા..! આકરું કામ ભારે! સમજાય છે કાંઈ? ભલે એનો શુભભાવ એવો હોય, શુક્લલેશ્યા હોય, પણ જ્યાં દૃષ્ટિમાં જ વિપરીતતા છે એથી એનો મિથ્યાત્વભાવ અને એ શુક્લલેશ્યાનો ભાવ બધું ઝેર છે. આહા..હા..! આત્માને શાંતિનું જરીએ કારણ નથી. એ તો કહ્યું જુઓને. શુદ્ધ આત્માની સિદ્ધિનો અભાવ છે. આહા..હા..! અહીંયાં તો અશુદ્ધ પર્યાયની સિદ્ધિને સાબિત છે. જેઠાભાઈ! આહા..હા..! શુદ્ધ આત્માની સિદ્ધિના અભાવરૂપ સ્વભાવ જ એનો એવો છે. એને લઈને સ્વયમેવ સ્વરૂપ જ એનું એવું છે કે ઇ અપરાધરૂપ હોવાથી. આહા..હા..!

ભગવાન આનંદસ્વરૂપ આત્મા નિરાકુળ સુખનો સાગર ઇ જાણનારને જાણ્યો નહિ, જોનારને જોયો નહિ. સમજાણું કાંઈ? ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એ જાણનાર. જાણનારને જોયો નહિ અને જે રાગ ને પુણ્ય ને દયા ને દાન ને વ્રત ને ભક્તિ ને પૂજા એ તો બધો વિકારભાવ છે. એમાં જેણે ધર્મ માન્યો છે એ તો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અનાદિનો રખડવાના સ્વભાવવાળો છે. ચાર ગતિમાં રખડવાના ભાવવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી આચાર્ય કહે છે કે એના અજ્ઞાનભાવમાં તો શુદ્ધ આત્માની સિદ્ધિનો તો અભાવ છે. એના અજ્ઞાનભાવમાં તો રાગ અને

અશુદ્ધતાની સાબિતીનો ભાવ છે. આહા..હા..! ડાહ્યાભાઈ! એને લઈને સ્વયમેવ ઝેર છે એ તો. આહા..હા..!

એ મિથ્યાદૃષ્ટિનો શુભભાવ દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, શરીરની કોમળતાનો, પરોપકારનો ભાવ એ બધો ઝેર છે કહે છે. કેમકે ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ એને તો એણે જાણ્યો નથી. અને એ બધું સુખ બધું આ પુણ્યમાં અને પાપમાં એમ બહારમાં માન્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ વીતરાગનો માર્ગ બહુ જુદી જાતનો છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેન્દ્રદેવ જેને પૂર્ણ પરમાત્મા દશા પ્રગટ થઈ છે. ઓહો..હો..! જિનેન્દ્રદેવ. ઓલા દેવ જુદા અને આ તો જિનેન્દ્રદેવ. જેને વીતરાગતા, વિદ્વતતા જેને પ્રગટ થઈ છે .. આહા..હા..! એમણે કહેલો માર્ગ કોઈ જુદી જાતનો છે. દુનિયાની સાથે ક્યાંય મેળ ખાય એવો નથી.

કહે છે કે અરે..! પ્રાણીઓ! જેને હજી તો રાગમાં પ્રેમ છે અને રાગમાં રુચિ છે એવા જીવને જે એનું મિથ્યાત્વ અને એનો શુભભાવ એ બધું ઝેર છે. એની શાંતિને મારી નાખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે તેમનો વિચાર કરવાનું શું પ્રયોજન છે? આચાર્ય કહે છે કે એનામાં વિચારવું શું અમારે? આહા..હા..! એ તો ઝેરમાં રખડી રહ્યા છે. આહા..હા..! નરક અને નિગોદ, નારકી અને દેવ એ બધી જેલ છે ચાર ગતિની. સમજાણું કાંઈ? આ દેહના પાંજરામાં રાગની એકતા થઈ એ પાંજરામાં, જેલમાં પડ્યો છે ઇ. શરીરથી ભગવાન આત્મા તો જુદો. જેમ નાળિયેરનો ગોટો છૂટો પડે કાચલીથી એમ આ રાગની એકતાથી છૂટો પડે, એ તો જુદો જ છે. એ દેહમાં પણ નથી અને રાગમાં પણ નથી. સમજાય છે કાંઈ? એથી જેણે રાગમાં અને દેહની ક્રિયામાં કાંઈક છે એવા જે અજ્ઞાનીઓએ માન્યું એના બધા ભાવો ઝેર છે કહે છે. કહો, ..! આ ત્યાં ક્યાં હતું તમારી શેઠાઈમાં? નથી. એ શેઠાઈ કરી હતીને? બધા શેઠિયાઓ હતાને ક્યાં ગયા ..ભાઈ? આ ત્યાં છે કલકત્તામાં. આહા..હા..!

તેમનો તો વિચાર કરવાનું કાંઈ પ્રયોજન નથી. '**(તેઓ તો પ્રથમ જ ત્યાગવા યોગ્ય છે.)**' આહા..હા..! '**અને જે દ્રવ્યરૂપ પ્રતિક્રમણ...**' ભાષા આ છે ... વ્યવહારૂપ પ્રતિક્રમણ શબ્દ ન વાપરતા દ્રવ્યરૂપ ઉપયોગ, શુદ્ધ એમાં નથી. સમજાણું કાંઈ? દ્રવ્ય પ્રતિક્રમણ આઠ બોલ લીધા છેને બધા? ખરેખર તો ચરણાનુયોગનો જેટલો વ્યવહાર છે એ બધો એમાં લઈ લીધો. ભગવાનની પ્રતિમાની પૂજા, પ્રતિમાને વંદન, ભગવાનને સામે જોઈને ચિત્તને સ્થિર કરવું એ બધો શુભભાવ, પુણ્યભાવ, દ્રવ્ય પ્રતિક્રમણ અને દ્રવ્યભાવ એ બધો છે. એ દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્યરૂપ પ્રતિક્રમણ એમ છેને? છેને? '**દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ છે તેઓ સર્વ અપરાધરૂપ વિષના દોષોને...**' આ પ્રશ્ન કેમ થયો આ? શિષ્યે એમ પ્રશ્ન કર્યો છે કે આ તમે શુદ્ધ આત્મા, શુદ્ધ આત્મા પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો નિર્વિકલ્પ એને જાણો અને એમાં ઠરો. આવી વાત પહેલેથી કરી તમે ઇ કરતા શુભભાવમાં

અશુભનો નાશ થઈ અને આત્મા શુદ્ધ થશે, પછી વળી શુદ્ધ થશે ત્યારે એનું આલંબન લેશું. પહેલા જ્યાં આ શુભ છોડો, પુણ્ય કરો... પુણ્ય કરો... એમ નહિ. કેમ? કે શાસ્ત્રમાં પણ શુભભાવને અમૃત કહ્યું છે. આધાર આપ્યો છે. શાસ્ત્રમાં એવા શુભભાવને પણ અમૃત કહ્યું છે એની સામે જવાબ છે આ કે ભાઈ! એ દ્રવ્યરૂપ પ્રતિક્રમણ આદિ શુભભાવ. આહા..હા..! એ મિચ્છામી દુક્કડમ્ .. વિકલ્પ ઉઠે છેને ઇ? એ બધો શુભભાવ છે.

**'તેઓ સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં સમર્થ હોવાથી...'** મટાડવાને સમર્થ નહિ લીધું પૂર્ણ, પણ આમ ઘટે છે. કોને? જેને ત્રીજી ભૂમિકા નિર્મળ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છે એને. સમજાણું કાંઈ? ઇ વ્યવહારમાં જે કહ્યું છે ઇ એને માટે કહ્યું છે. કેમકે સર્વ અપરાધરૂપી ઝેર એના દોષને ઘટાડવામાં એટલે ક્રમે-ક્રમે મટાડવામાં શુભભાવનો આરોપ આપ્યો. ખરેખર તો શુદ્ધ ચૈતન્ય પુણ્ય અને પાપના વિકલ્પ રાગ રહિત એની દૃષ્ટિ અને જ્ઞાન થતા એનો આશ્રય વિશેષ લેતા એને શુભભાવ હોય છે. ઇ આશ્રય વિશેષ લીધો છે અને એની ભૂમિકાનો શુભભાવ હોય. એ શુભભાવમાં આત્માનો આશ્રય.. આશ્રય તો સમકિતથી લીધો છે. પણ પછી આગળ વધતા એને શુભભાવ જે આવે છે વ્રતનો, તપનો, ભક્તિનો ... એ વ્રત, એ શુભભાવમાં અશુદ્ધને ક્રમે ટાળવાની તાકાત. તાકાત તો આની છે, પણ એનો આરોપ કરીને શુભભાવમાં રાગ મટાડવાનો નહિ. મટાડવાનો કહો તો ઓછો મટાડવાનો, ઘટાડવાની સામર્થ્યતા. ભાષા એમ લીધી છેને?

**'સર્વ અપરાધરૂપી વિષના દોષોને ઘટાડવામાં...'** સર્વ અપરાધના દોષોને અભાવમાં એમ નહિ. **'સમર્થ હોવાથી અમૃતકુંભ છે (એમ વ્યવહાર આચારસૂત્રમાં કહ્યું છે).'** ઇ વ્યવહાર આચારસૂત્રમાં વ્યવહારથી એને અમૃત કહ્યું છે કે કોને? કે જેણે આ પ્રતિક્રમણનો શુભભાવ અને એ પહેલો અજ્ઞાનીનો મિથ્યાત્વનો અપ્રતિક્રમણ ભાવ એવો એ જેને દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ભગવાન નિર્વિકલ્પ જેની દૃષ્ટિ થઈ છે. આહા..હા..! એવા દૃષ્ટિવંતને એનો આશ્રય વિશેષ લીધો છે એને જે આ રાગની મંદતાનો ભાવ વર્તે છે એ અમૃતકુંભ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ડાહ્યાભાઈ! આમાં જરી ઝીણી વાત છે.

મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું કે અહીંયાં આત્મા આનંદસ્વરૂપ છે એની જે પર્યાયમાં આનંદનું વર્તન થાય, શુદ્ધતા પ્રગટે એ નિશ્ચય અમૃત, એની જોડે રાગ શુભભાવ થાય એ વ્યવહાર અમૃત. આમાં આરોપ આપીને અહીં બીજી રીતે લીધું છે. અહીં તો એ ઓલું ઘટાડવું છે, પણ અહીં ઘટાડે છે એવું વ્યવહારથી જે કહેવામાં આવે છે માટે તેને અમૃત કહેવામાં આવે છે. અહીં અમૃત છે માટે વ્યવહારને અમૃત કહેવાય છે એમ ન કહેતા ઘટાડે છે માટે અમૃત કહીએ છીએ એમ કહેવામાં આવે છે. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! વીતરાગ માર્ગ બહુ ઝીણો છે. અત્યારે તો જગતમાં આખી વાત ફેરફાર થઈ ગયો છે. ધર્મને નામે કાંઈકનું કાંઈક .. એમ માન્યું છે.

આહા..હા..! જ્યાં દૃષ્ટિ દેતા શરણ મળે એ ચીજ તો ભૂલી ગયો. સમજાણું કાંઈ? શાસ્ત્રમાં તો એમ કહ્યું છે કે શુદ્ધભાવનું થવું .. આત્માનું એને નિર્વિકલ્પ થવું તે સુલભ છે. ભાઈ! શું કીધું? કળશમાં, નિયમસાર.

એને રાગ કરવો અને એમાં તો નિમિત્તનું લક્ષ છે. આ તો ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ જ છે અનાદિ. સચ્ચિદાનંદ સ્વરૂપ છે, સિદ્ધસ્વરૂપ જ એનું છે. એવા સિદ્ધસ્વરૂપને પામવો એ તો સરળ છે. સમજાણું કાંઈ? કેમકે એમાં કોઈ લક્ષ્મીને ખરચવું, મંદિર કરાવું કે .. કરવો એવી તો કોઈ એમાં જરૂર નથી અને એમાં એ જરૂર નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો, (નહિ) તો અપરાધ થાય. આહા..હા..! એય..! ભગવાનજીભાઈ! કહો, માર્ગ એવો છે. આ દુનિયામાં પૈસાવાળા થઈને મોટપ માને છે એ બીજાને મોટપ દેખીને એને હીણપ આવી જાય છે અંદર. .. પાંચ કરોડ અને મારી પાસે પચાસ લાખ. આ મૂઢ જીવ છે.

અહીં તો કહે છે કે જેને આત્મા અમૃતસ્વરૂપ ભગવાન અંતરમાં, દૃષ્ટિમાં આવ્યો ઇ જગતમાં મોટો છે અને એની કિંમત છે. બાકી બધા હેઠા. શેઠા શેઠ નહિ પણ હેઠા છે બધા. પંડિતજી! આહા..હા..! કહે છે કે અમે તો એમ કહીએ છીએ કે જેને નિશ્ચય અનુભવ દૃષ્ટિ થઈ છે. આત્માનું સ્વરૂપ દૃષ્ટિમાં ... વેદન આવ્યું છે. એવા જીવને વ્યવહાર શાસ્ત્રમાં જે કાંઈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ કર્યા એને જે અમૃત કર્યા છે એ આ અપેક્ષાએ એને વ્યવહારથી અમૃત કહેવામાં આવે છે. પણ ઓલું ત્રીજું અંદર હોય તો.

**'તોપણ...'** હવે કહે છે. **'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...'** એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિને નહિ દેખનાર. આહા..હા..! એટલે એમાં ભૂમિ તો કાંઈ છે નહિ બીજી-ત્રીજી. પ્રતિક્રમણ એટલે શુભરાગ અને અપ્રતિક્રમણ એટલે અજ્ઞાનીનું અનાદિનું મિથ્યાત્વ. એનાથી જુદું. એ **'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...'** જાત જ જેની જુદી છે કહે છે. વિલક્ષણ. **'એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ...'** આહા..હા..! નિર્વિકલ્પ આત્માનો સ્વભાવ એને અહીંયાં ત્રીજી ભૂમિ કહે છે. ત્રીજી ભૂમિ એટલે ત્રીજું ગુણસ્થાન એની અહીં વાત નથી. આહા..હા..! વાસ્તવિક દૃષ્ટિ અંદરમાં થઈ, નિર્વિકલ્પ પ્રભુ આત્મા તદ્દન એવી જે દૃષ્ટિ એ ત્રીજી ભૂમિકા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ **'પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ...'** એમ કીધુંને? બેયના લક્ષણથી જાત જ જુદી આ તો. આહા..હા..! અજ્ઞાનીનો જે મિથ્યાત્વસહિતનો શુભાશુભભાવ એ પહેલું અપ્રતિક્રમણ એથી આનું લક્ષણ જુદું અને સમકિતીને જે શુભભાવ આવે પ્રતિક્રમણાદિનો એનાથી આ જુદી જાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ત્રીજી ભૂમિને નહિ દેખનાર...'** આહા..હા..! વિલક્ષણ એની જાત જ કોઈ જુદી છે કહે છે. **'એવી અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ...'** એટલે નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ અનુભવ એને નહિ દેખનાર, એવી ચીજને નહિ જોનાર, એવી ચીજને નહિ અનુભવનાર, એવી ચીજને નહિ

માનનાર એવા પુરુષને દ્રવ્ય પ્રતિક્રમણાદિ એવા જેને દૃષ્ટિ દ્રવ્યના ત્રિકાળી સ્વભાવ એનો જ્યાં સત્કાર અને આદર જ થયો નથી એને તો એ દ્રવ્ય પ્રતિક્રમણાદિમાં આદર વર્તે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ તો અપરાધ કાપવારૂપ પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે. આહા..હા..! ત્રીજી જ્યાં આનંદ સ્વરૂપ ભગવાન આત્મા, અતીન્દ્રિય આનંદસ્વરૂપી પ્રભુ, એનો જ્યાં અનુભવ નથી એવી ત્રીજી ભૂમિકા વિનાના એકલા જે આ દ્રવ્ય પ્રતિક્રમણાદિ એ તો અપરાધ કાપવા પોતાનું કાર્ય કરવા અસમર્થ હોવાને લીધે. શું કીધું? ઘટાડવું છે એકલું એમાં નથી. જ્યાં સમ્યક્ નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ આત્માનું જ્ઞાન નથી એવા જીવના દ્રવ્ય પ્રતિક્રમણાદિમાં રાગને ક્રમે ઘટાડે એવું એમાં સામર્થ્ય છે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! માર્ગ તો આ છે. પરમ સત્ય અનાદિ વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની વચ્ચે દિવ્યધ્વનિ તો આ હતી. મુધુરા મીઠા વાજા વાગતા હતા ત્યાં. દિવ્યધ્વનિના વાજા હોં.

કહે છે ભલે એને અમે વ્યવહાર શાસ્ત્રમાં અમૃત કીધું. પણ કોને? જેને ત્રીજી અનુભવ દૃષ્ટિ ભૂમિકા થઈ છે એને, પણ જેને એ ત્રીજી ભૂમિકા અનુભવની થઈ જ નથી. આહા..હા..! નિર્વિકલ્પ આનંદનો સાગર જેને દૃષ્ટિમાં, અનુભવમાં, વેદનમાં, પર્યાયમાં .. થયો નથી. આહા..હા..! એવા જીવના દ્રવ્ય પ્રતિક્રમણાદિ અપરાધ કાપવા ઓલો વ્યવહાર અપરાધ કાપવા હોં. વ્યવહારે વ્યવહાર ઘટાડવારૂપ કાપવા એ દ્રવ્ય પ્રતિક્રમણમાં સમર્થપણું નથી. સમજાણું કાંઈ? ભારે! માર્ગ તો આ છે. વસ્તુસ્થિતિ પણ આ જ છે. જેને અંતરદૃષ્ટિ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, સ્વસંવેદન આત્મજ્ઞાન અને અંશે અંદર રમણતારૂપ સ્થિરતા એવી જે ત્રીજી ભૂમિ જેને નથી એવા જીવના વ્યવહાર પ્રતિક્રમણાદિની જેટલી ક્રિયાઓ ચરણાનુયોગની છે એ ક્રિયામાં, શુભભાવમાં, રાગને ઘટાડવાની તાકાત એનામાં નથી. એ તો આશ્રય અહીં લીધો હતો. એવા જીવને શુભમાં ઘટાડવાનું કહ્યું હતું. આહા..હા..! સમજાણું કાંઈ? જેને ચૈતન્ય જ્ઞાયક આત્મા એનો જેને આશ્રય જ નથી. જેને એ દૃષ્ટિ પ્રગટી જ નથી. જેને એ ચૈતન્યની જાતની અંદર પર્યાયમાં ભાત-વેદન આવ્યું જ નથી. એવાના પડિક્કમણા આદિની જેટલી ચરણાનુયોગની ક્રિયાઓ એવા જીવને માટે તો એમાં રાગને ક્રમે ઘટાડે એવું પણ એમાં સામર્થ્ય નથી. એમાં સામર્થ્ય તો ઓલા ત્રિકાળનો આશ્રય હતો અને શુદ્ધને કાળે પણ આશ્રય થોડો વધ્યો હતો. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શનમાં પહેલું આશ્રય તો થયો, પણ હવે જ્યારે અશુભભાવ હોય ત્યારે એનો આશ્રય ઓછો હોય અને શુભભાવ વખતે એનો આશ્રય વિશેષ હોય અને શુદ્ધનો ઉપયોગ હોય ત્યારે તો આશ્રય ઘણો હોય એમાં .. અહીં તો જેને એવા શુભોપયોગમાં ત્રીજી ભૂમિકાનું જ્યાં જ્ઞાન ને ભાન ને અનુભવ નથી એવા દ્રવ્ય પ્રતિક્રમણ એ દેરાસર અને મંદિરની ભક્તિઓ કે કરોડો રૂપિયા ખર્ચે મંદિરને માટે ભગવાનજીભાઈ! અને બખબખીયા લગાડે આખો દિ' ભગવાનની ભક્તિને ... એના

શુભભાવમાં ત્રિકાળનો આશ્રય નથી માટે એ શુભભાવમાં રાગને ઓછો કરવો એવી તાકાત એમાં રહેતી નથી. સમજાણું? આહા..હા..! આ કાલે આવી ગયું હતું. તમને યાદ કર્યા હતા. બે દિ' ઠીક નહિ હોય તો નથી આ આવ્યા એમ કીધું. તો સાંજે પણ ઠીક નથી. કહો, સમજાણું કાંઈ?

પોતાનું કાર્ય એટલે? જે શુભભાવ છે ભગવાનના દર્શન, પૂજા, વ્રત, તપ એવો જે શુભભાવ એને ત્રીજી અંતર દૃષ્ટિનો નિર્વિકલ્પ સ્વભાવ જેને પ્રગટ્યો જ નથી એવા જીવને એ ભાવમાં અભાવ કરવાની તો તાકાત એમાં હોય નહિ અને ઘટાડવાની તાકાત એનામાં નથી હવે.

મુમુક્ષુ :- ..ની તાકાત છે.

ઉત્તર :- ઇ વળી .. અત્યારે તો આ છે. રાગને ઓછો કરવો ક્રમે-ક્રમે ઇ ઇ આવા અજ્ઞાનીના એકલા શુભભાવમાં એ સામર્થ્ય છે નહિ. કેમકે રાગ વિનાની ચીજ આખી આત્મા છે એ ચીજની દૃષ્ટિ અને અનુભવ નથી એના શુભભાવમાં રાગને જરી ક્રમે ઘટાડવો એવું સામર્થ્ય એને રહેતું નથી. સમજાણું કાંઈ?

ઇ **'પોતાનું કાર્ય કરવાને અસમર્થ હોવાને લીધે...'** જોયું? આહા..હા..! શુદ્ધભાવ જે પ્રગટ્યો હોય સમ્યગ્દર્શન-જ્ઞાન શુદ્ધ તો તો તેના શુભભાવમાં એનું કાર્ય ઘટાડવું, ઓછું કરવું એ સામર્થ્ય રહે છે. આને તો એ કાપવામાં પોતાનું કાર્ય અસમર્થ હોવાને લીધે **'વિપક્ષ કાર્ય કરતા હોવાથી...'** એટલે એ તો એકલું બંધનું કામ કરે છે. બંધનમાં અટકે છે. સમ્યગ્દૃષ્ટિને પણ જે શુભભાવ છે એ છે તો બંધનું કારણ, પણ આ જે છે. સમજાણું કાંઈ? ઇ **'વિપક્ષ કાર્ય કરતા હોવાથી વિષકુંભ જ છે.'** એકલું. આહા..હા..! અને ઘટાડવાનો વ્યવહારે ઘટાડવાનું પણ એનામાં નથી એટલે એને તો એકલું ઝેર કીધું છે. આહા..હા..! આત્માના અનુભવ અને દૃષ્ટિ સમ્યક્ વિના જેટલા જાત્રાના અને પૂજાના અને ભક્તિના અને વ્રતના અને તપના જેટલા ભાવ થાય એ ભાવ એકલા ઝેર છે. આકરું કામ છે. કહો, સમજાણું કાંઈ? નહિતર તો સમ્યગ્દૃષ્ટિને શુભભાવમાં ઘટાડવાનું છે તોપણ જે રહ્યો છે એને તો બંધ છેને? સમજાણું?

અહીં તો કહે છે કે ઇ બંધ અને આ બંધમાં ફેર છે. અહીં તો એકલા વિપરીત અભિપ્રાય સહિતનું બંધન છે એને. સમજાણું કાંઈ? જ્ઞાનીને સમ્યક્ અભિપ્રાય સહિત ચારિત્રના દોષનું અંશે બંધન છે. એ મોટો ફેર છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ! શું આફ્રિકામાં કે આ બધા શું કરતા હશે? એય..! લાલજીભાઈ! ત્યાં તો ઓલો જતિ આવેને અહીં વાતું કરે આહા..હા..! થઈ ગયા હો.. હા.. અને કાંઈક પૈસા-બૈસા કોક ખર્ચે થઈ ગયો ધર્મી લ્યો. પચાસ લાખ આપ્યા એણે, દસ લાખ આપ્યા, પચાસ લાખની મૂડી. ધૂળેય નથી સાંભળને હવે. આહા..હા..! જેને આત્મા પૂર્ણાનંદનો નાથ એની મોટપ દૃષ્ટિમાં આવી નથી એની મહત્તા જેને દૃષ્ટિમાં આવી નથી. એને તો શુભરાગમાં મહત્તા વર્તે છે. એથી શુભરાગમાં મહત્તા વર્તનારને એનું જે શુભભાવનું કામ રાગને કાપવાનું, અભાવ કરવાનું ભલે નહિ. કાપવાનું જે હતું એ એને રહેતું નથી. એને તો એકલું ઝેર છે.

આહા..હા..! આવી વાત છે ક્યાંય?

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ સિવાય આ સમય-સમયનું શુભ અને શુદ્ધતા વચ્ચેનો આંતરો અને શુદ્ધતા વિનાના શુભનો આંતરો બતાવ્યો છે અહીં તો. સમજાણું કાંઈ? આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! એ અપરાધ **'પોતાનું કાર્ય કરવા...'** પોતાનું એટલે? કે શુભભાવમાં રાગને અંશે ઘટાડવો, અંશે ઘટાડવાનો જે આરોપ હતો એ તો એને છે નહિ. **'વિપક્ષ કાર્ય કરતા હોવાથી...'** એ તો વિપરીત કાર્ય (બંધનું) એકલું કરે છે. આહા..હા..! અંશે ઘટાડવાનું તો નહિ, પણ તદ્દ્ન બંધનું જ કામ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'વિષકુંભ જ છે.'** આહા..હા..! ડાહ્યાભાઈ! ઝીણી વાતું છે. આ તો કાલે ચાલ્યું હતું. પણ આ બે જણા નવા આવ્યાને એટલે. અહીં તો જ્યારે જ્યારે સ્વાધ્યાય .. જેઠાભાઈ! એ આનું આવું સ્પષ્ટીકરણ વ્યાખ્યાન જ પહેલું આવે છે. સમજાણું કાંઈ? એ તો જેમ જેમ વાંધા આવેને એટલે એનું (સ્પષ્ટીકરણ વિશેષ થાય) નિશ્ચય અને વ્યવહારના ઝઘડા. .. અમે કરીએ છીએને આ બધું. વ્રત પાળીએ, પંચ મહાવ્રત પાળીએ, બાર વ્રત પાળીએ. એમાં ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. એ તો રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! એથી કહે છે કે એવા માનનારાને તો શુભભાવમાં અંશે રાગ ઘટવો એવો જે સમકિતીને શુભભાવમાં કહેવામાં આવ્યું હતું ઇ આને લાગુ પડતું નથી. કહો, સમજાય છે?

**'જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...'** જોયું? ઓલું અજ્ઞાનીનું અપ્રતિક્રમણ નહિ અને જ્ઞાનીનું પણ શુભભાવનું દ્રવ્ય પ્રતિક્રમણ એ પણ નહિ. **'જે અપ્રતિક્રમણાદિરૂપ ત્રીજી ભૂમિ છે...'** એટલે કે જ્યાં શુભરાગ નથી પણ નિર્વિકલ્પ શુદ્ધિ, નિર્વિકલ્પ દૃષ્ટિ, નિર્વિકલ્પ શુદ્ધિ, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ ચારિત્ર થયું. એવી જે ત્રીજી ભૂમિ છે **'તે, સ્વયં શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** એ તો પોતાની તાકાત એટલી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા શુભરાગમાં અંશે ઘટાડવાની તાકાત એ તો આશ્રય નિશ્ચયનો હતો માટે એમાં કરવામાં આવ્યું, આને તો એ પણ નથી હવે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું આવું પણ મારા. પછી ચડાવી દીધા બિચારાને. આ કરો ને આ કરો ને આ કરો. થઈ જશે કલ્યાણ. ધૂળેય નહિ થાય સાંભળને. જ્યાં ભગવાન ત્રણ લોકનો નાથ આનંદસ્વરૂપ પ્રભુ એની જ્યાં ખબરું નથી, એના જ્યાં જ્ઞાન નથી, એના જ્યાં અંતરમાં માહાત્મ્ય નથી, એની દૃષ્ટિનો વિકાસ નથી. બધા થોથે થોથા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શાસ્ત્રના ભણતર કર્યા, પણ દૃષ્ટિ વિનાના ભણતર એકલા વિકલ્પ છે એટલો રાગ. એમાં તો રાગને અંશે ઘટાડવાનું એમાં તો છે નહિ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'ત્રીજી ભૂમિ છે તે, સ્વયં...'** એમ. **'શુદ્ધાત્માની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** અહીંયાં તો પરમાત્મા શુદ્ધ ચૈતન્ય એની દૃષ્ટિ, જ્ઞાન અને શુદ્ધિ, શુદ્ધાત્માની સિદ્ધિ પર્યાયમાં છે. આહા..હા..! **'શુદ્ધાત્મની સિદ્ધિરૂપ હોવાને લીધે...'** એ પર્યાયની વાત છે હોં. શુદ્ધ આત્મા ત્રિકાળ તો છે, પણ

એની સિદ્ધિ અહીં પર્યાયમાં થઈ. શુદ્ધ છે એવી દૃષ્ટિ થઈ, શુદ્ધ છે એવું જ્ઞાન થયું, શુદ્ધ છે તેમાં અંશે ટકવું થયું. એવી જે સિદ્ધિ શુદ્ધ આત્માની સાબિતી. દૃષ્ટિ જ્ઞાન અને શુદ્ધિ-પર્યાયમાં સાબિત થઈ. એ '**હોવાને લીધે સર્વ અપરાધરૂપી ઝેરના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી,...**' આહા..હા..! સમ્યગ્દર્શન સહિતના શુભભાવમાં અંશે ઘટાડવાનું કહ્યું હતું. આ તો સર્વથા રાગાદિને નાશ કરનારી તાકાત છે. આહા..હા..! પર્યાય પર્યાયની સંભાળ લીધી. આહા..હા..! આવી વાત સર્વજ્ઞ વીતરાગ કેવળી પરમાત્મા વિના એ વાત ક્યાંય નથી. એના વાડાવાળાને ખબર નથી. આહા..હા..! કહ્યું હતું '**સર્વ અપરાધરૂપી ઝેરના દોષોને...**' સર્વ અપરાધરૂપી વિષના દોષોને સર્વથા શબ્દ અહીં વાપર્યા છે. ઓલામાં હતું ઘટાડવાનું સામર્થ્ય. શેમાં? શુભભાવમાં. કોને? સમ્યગ્દર્શનનો ભાવ છે એને. ત્યાં તો એકલો શુદ્ધાત્માનો જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ્યા. આહા..હા..! એ તો વિષના '**દોષને સર્વથા નષ્ટ કરનારી હોવાથી...**' એ પર્યાય હોં. આ પર્યાયની વાત ચાલે છેને? એય..! ચેતનજી! શું?

શું કીધું જુઓ, '**સર્વથા નષ્ટ કરનારી હોવાથી...**' એટલે? જે શુદ્ધ ચૈતન્ય વસ્તુ પૂર્ણાનંદનો નાથ, પવિત્રતાનો પિંડ પ્રભુ ધ્રુવ એવી જેને અંતર દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા થઈ એવી જે શુદ્ધ આત્માની સિદ્ધિ થઈ એ શુદ્ધાત્માની સિદ્ધિ સર્વથા નષ્ટ કરનારી, ઝેરના કામને નષ્ટ કરનારી હોવાથી, એ પર્યાય નષ્ટ કરે છે. આહા..હા..! લ્યો, એકકોર કહે ભાઈ! સ્વનો આશ્રય થાય તો નષ્ટ થાય. એય..! મોક્ષ પણ .. કઈ અપેક્ષાએ? પર્યાયનો આશ્રય દ્રવ્ય છે, પણ પર્યાય છે એ શુદ્ધ છે. એ અશુદ્ધતાનો સર્વથા નાશ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ? કહો, હીરાભાઈ! હીરાભાઈનો તો એને પ્રેમ બહુ હતો. એના બહુ પ્રેમ એને. આને એના પ્રત્યે. સ્થિતિ પૂરી થાય ત્યાં શું ન્યા? ઇન્દ્રના ઇન્દ્રાસન ખાલી થઈ જાય. આહા..હા..! દેવ બીજા દેવલોકનો ઓહો..હો..! દૃષ્ટિની ખબર નથી એવા મિથ્યાદૃષ્ટિ દેવ શુભભાવથી ગયા એ મરીને એકેન્દ્રિયમાં જાશે. આહા..હા..! એ કાંઈ સંસાર? સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ જીવ એને શુભભાવ તોપણ સ્વર્ગમાં જાવું પડે, પણ એ શુભભાવની પાછળ પણ ક્રમે ઇ શુભ બાકી રહેશે એવા કુળમાં જ એ અવતરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ત્યાં કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય. સ્વર્ગમાં બે સાગરની સ્થિતિ હોય તો મરીને જાય એકમાં. (એકેન્દ્રિયમાં) પૃથ્વી, પાણીમાં જાય. આહા..હા..! વનસ્પતિ. અહીં કહે છે જેને આત્મા શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પોતે આનંદકંદ એની જેને દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ ત્રીજી ભૂમિ. અજ્ઞાનની પહેલી ભૂમિ, શુભભાવની સમકિતીના શુભભાવની બીજી ભૂમિ અને આ ત્રીજી ભૂમિ. બીજી એટલે હલકી એમ નથી આ.

મુમુક્ષુ :- પ્રતિક્રમણ અપ્રતિક્રમણથી જુદી આવી.

ઉત્તર :- એટલે પહેલી ઉંચી અને બીજી એથી હલકી અને ત્રીજી એટલે એનાથી હલકી એમ

અહીં નથી.

મુમુક્ષુ :- આ તો પહેલી ગતિ અને બીજી ગતિ, ત્રીજી...

ઉત્તર :- એવી વાત છે. પહેલી ગતિને .. કહેને. ત્રીજી-ચોથી એટલે પહેલીથી કાંઈ હલકી છે ઇ? આહા..હા..! અરે..! એનું સાચું જ્ઞાન તો કરે. એવું કરે કે જેમાં નિઃશંકતા આવે એને. આહા..હા..!

કહે છે જે સ્વયં શુદ્ધ પરમાત્મા પોતે છે આત્મા. એની જેને શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જેને સ્વને આશ્રયે પ્રગટી છે એ ત્રીજી ભૂમિ કહેવાય છે. એ સ્વયં શુદ્ધાત્માની સાબિતી હોવાને લીધે **'સર્વ અપરાધરૂપી ઝેરના દોષોને સર્વથા નષ્ટ કરનારી હોવાથી, સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે...'** સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ છે. એવા સમ્યગ્દૃષ્ટિના નિર્વિકલ્પ પરિણતિને સાક્ષાત્ અમૃત કીધું અને એના શુભભાવને વ્યવહારે અમૃત કીધું. જરી ઘટે છે ઇ અપેક્ષાએ એને વ્યવહાર અમૃત કીધું. અહીં બધું ઘટાડે છે. એવી શૈલી લીધી. અહીંયાં શુભાશુભ બેયને ઘટાડ્યું છે એથી એને સાક્ષાત્ અમૃતકુંભ કીધો. અને ઓલા શુભભાવ એને હોય, અંશે ઘટાડે છે એથી એને વ્યવહારે અમૃતકુંભ કીધો. આ શૈલી અહીં લીધી. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આમાં સમજવું-સમજવું આવે એકલું.

મુમુક્ષુ :- આ સમજવામાં ધર્મ થાયને?

ઉત્તર :- ધર્મ કાંઈક કરવું આવે કે નહિ? જાત્રા કરવી, ભક્તિ કરવી કે કરવાનો જે વિકલ્પ છે ત્યાં મરવાનું છે. કર્તૃત્વબુદ્ધિએ જ્યાં રાગ આવે, એ વિના રાગ આવે એ પરિણમન છે ભલે શુભ. પણ એમાં કર્તૃત્વબુદ્ધિ નથી. ધર્મીને શુદ્ધ દૃષ્ટિ સહિત શુભભાવ હોય, પણ કરવાલાયક છે એવી દૃષ્ટિ નથી, છતાં છે. તો એને રાગનો અંશ આ સ્વનો આશ્રય તે કાળે વિશેષ આવ્યો તે કાળે શુભ વખતે. અશુભ વખતે તો થોડો આશ્રય છે. શુભ વખતે જરી પુરુષાર્થ થયોને. એને લઈને ઘટાડ્યું છે તો એણે.

મુમુક્ષુ :- એણે આશ્રય પોતાનો કર્યો.

ઉત્તર :- હા, એટલું. પણ એની સાથે શુભભાવ છે એ અંશને ઘટાડે છે ક્રમે એવો આરોપ એને આવે અને વ્યવહારે અમૃત ઇ એને કહેવાય. અજ્ઞાનીના એકલા દયા, દાન અને વ્રત, ભક્તિ, પૂજા ઝેર છે એકલા. વ્યવહારે અમૃત નહિ એમ કહે છે. આહા..હા..! ભારે કામ ભાઈ આવું! અરે..! એણે આત્મા શું ચીજ છે અંદર? જાણનારને જોયા વિના માંડી બધી વાતું. જાણનાર ભગવાન આત્મા અંદર ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. આહા..હા..! છદ્મસ્થ પણ હોં. સર્વ જાણવાની શક્તિવાળું એ તત્ત્વ છે. એવા આત્માને જાણ્યો નહિ એને જ્ઞેય અંતરમાં જ્ઞાનની દશામાં જ્ઞેય બનાવ્યો નહિ એવી દૃષ્ટિ વિનાના પ્રાણીને જેટલી ક્રિયાકાંડના શુભભાવનું જે વ્યવહાર શાસ્ત્રમાં વ્યવહારના આચરણ આવે ઇ બધા એને ઝેર છે એકલા. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અને એ રીતે...'** હવે સરવાળો પાછો એ વ્યવહારમાં નાખે છે. **'(તે ત્રીજી ભૂમિ)' 'વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** જોયું? ખુલાસો કર્યો. વ્યવહારથી છે હોં. નિશ્ચય જ્યાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ પ્રગટી છે એવા જે શુદ્ધ દ્રવ્ય પ્રતિક્રમણ આદિ છે એ પણ વ્યવહારથી. એને અંશ ઘટે છે એ નિશ્ચયથી એમ નહિ. આહા..હા..! એને **'વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.'** ઓલી ત્રીજી દૃષ્ટિ દ્રવ્ય(ની) થઈ છેને વસ્તુની? એથી એને શુભભાવમાં આવ્યો છે એને વ્યવહારે દ્રવ્ય પ્રતિક્રમણ અને અમૃત કહેવામાં આવે છે. એ ત્રીજી ભૂમિ છે માટે એને વ્યવહાર સાધવામાં આવે છે. સમજાણું કાંઈ? અટપટું છે જેઠાભાઈ! આહા..હા..!

**'વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ...'** કોને? ઓલી ત્રીજી ભૂમિ છે એને. અને ત્રીજી ભૂમિ એને સાધે છે એમ કીધુંને? વ્યવહાર અમૃતકુંભ પણ કોણ? ત્રીજી ભૂમિ. ત્રીજી ભૂમિ આના વ્યવહારને સાધે છે એમ કહે છે.

મુમુક્ષુ :- ત્રીજી ભૂમિ છે તો આને વ્યવહાર છે.

ઉત્તર :- તો આને વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઇ ત્રીજી ભૂમિ સમ્યગ્દર્શન નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને નિર્વિકલ્પ સ્વનું જ્ઞાન અને નિર્વિકલ્પ સ્વરૂપની સ્થિરતા સ્વરૂપ આચરણ એવી જે દશા એ ત્રીજી ભૂમિ અને એ દશાને લઈને એ ત્રીજી ભૂમિ શુભભાવમાં વ્યવહારભાવને વ્યવહાર તરીકે અમૃત કહીને એ સાધે છે. આ હોય તો એને વ્યવહાર કહેવાય છે. સમજાણું કાંઈ? અરે..રે..! ભારે! ઓલું તો એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તે ઇન્દ્રિયા, ચો ઇન્દ્રિયા પંચેન્દ્રિયા જાઓ. સુમનભાઈ! એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા તસ્સ મિચ્છામી દુક્કડમ જાઓ થઈ ગયું. કાંઈ શીખવાનું? તસ્સ ઉતરી કરણેણં. આ જેઠાભાઈએ ઘણું કર્યું અત્યાર સુધી. તસ્સ ઉતરી કરણેણં તાવકાયં ઠાણેણં અપ્પાણં વોસરે. આ તો જૈન નામ. આહા..હા..!

શરણનો દાતા પરમાત્મા પોતે પડ્યો છેને કહે છે. એ રાગની પાછળ અને રાગને જાણનારની દશાની પાછળ. આહા..હા..! એ પડ્યો પ્રભુ એને જેને પર્યાયમાં પ્રસિદ્ધ કર્યો, સાબિત કર્યો, એને પર્યાયમાં આવ્યો એ દ્રવ્યસ્વભાવ. આ વસ્તુ તે. આહા..હા..! પર્યાયમાં ભગવાન આવ્યો એમ કહે છે. આહા..હા..! એને લઈને ત્રીજી ભૂમિ વ્યવહારથી એમ ત્રીજી ભૂમિ છે એ વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિ શુભભાવને પણ અમૃતકુંભપણું એ ત્રીજી ભૂમિ છે તે વ્યવહારથી આને અમૃતપણું સાધે છે.

મુમુક્ષુ :- ત્યારે એને સાધ્યું.

ઉત્તર :- ત્યારે જ આવે. આ જો ન હોય તો વ્યવહારથી અમૃતપણું પણ એને કહેતા નથી. એકલું ઝેર કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ભારે આ! સંસારી .. બહારની વાતું જાણે. આ .. ઢીંકણું આમ ... આહા..હા..! આ તો ચૈતન્યનો વેપાર છે. આહા..હા..! તેણે આ ચૈતન્યનો

વેપાર શુદ્ધ ચૈતન્ય પુણ્ય અને પાપના વિકલ્પના રાગરહિત એવો ભગવાન આત્મા છે અંદર. એવી જેને દૃષ્ટિ અને જ્ઞાન થયા છે. એને સ્વરૂપની સ્થિરતા પણ ભેગી સાથે છે. એ ત્રીજી ભૂમિ એ શુદ્ધતાની દશાવાળી ત્રીજી ભૂમિ વ્યવહારે દ્રવ્ય પ્રતિક્રમણાદિને વ્યવહારે અમૃતકુંભ સાધે છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- ... અહીં શુદ્ધિની વાત આવી.

ઉત્તર :- અહીં તો શુદ્ધિ અહીં વધી છે. તેથી તેવા શુભભાવને એ ભૂમિકા એને વ્યવહારે અમૃતકુંભ સાબિત કરે છે. આહા..હા..! આચાર્યોની જુઓને ટીકા તે. આહા..હા..! આવી ટીકા ભરતક્ષેત્રમાં દિગંબર સંતો એને કેવળજ્ઞાનના કેડાયતોએ કેવળજ્ઞાનના બીજડા બહાર પાડ્યા છે. આહા..હા..! આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ પડે. લખેલી છે છતાં. આહા..હા..! અહીં તો બધું ધૂળધાણી છે ભાઈ! આહા..હા..! એક રજકણ પણ જેને... મુઠ્ઠીમાં જરી લીલપ હોય ને લીલપ પાણીની અને લીલું ... જેવું. તો થોડુંક આમ રહે. પછી આમ કરે ત્યાં ... એમ આ શરીર ને બધા મારા જરીક રાગ છેને એની .. દેખાય છે બધું આ. આહા..હા..! રાગની એકતા તુટતા આ રજકણે રજકણ છૂટા પડી જશે. ... કહે છે .. છૂટો પડ્યો. વીતરાગતા થઈ જાય. એની ટીકા ... ... આહા..હા..! એકલી જ્યાં કેવળજ્ઞાન દશા પ્રગટ કરી. ત્યાં તો આ રજકણનો સ્કંધ આ રીતે ન રહે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ઝેર દેખાય એને. .. કે હું એ તો ઝેરમાં પડ્યો છે. દેહ હું, રાગ હું એ તો ઝેરમાં પડ્યો છે અને રાગ એ નહિ, હું તો ત્રિકાળ શુદ્ધ આનંદ સ્વરૂપ ભગવાન એ રાગની એકતા તૂટી ત્યાં રાગથી જુદો પડ્યો, દેહથી જુદો પણ રાગથી જુદો રહ્યો છે. આહા..હા..! એને એ ઝેર નથી હવે. આહા..હા..! સમજાણું કાંઈ?

સર્વથા રાગની પેઠે .. થોડો કાળ અઘાતિકર્મ રહે. એ લાંબો રહી શકે નહિ. તદ્દન અશરીર છે. આહા..હા..! આ એક ભવ પલટતા લ્યોને અહીં બધા બાયડી, છોકરા, કુટુંબ, પૈસો, મકાન કાંઈ સાથે આવે એકેય રજકણ?

મુમુક્ષુ :- એ તો છોકરાને સોંપીને વયું જવાનું.

ઉત્તર :- પણ શું કરે ન સોંપે તો ક્યાં જાય? ..માં? એક ડોસો તો .. છેક સુધી. કુંચી રાખી હતી ઓલો જુડો રાખેને. કુંચીનો જુડો. મર્યા તરત છોકરાએ સંભાળી લીધો જુડો. પહેલો લઈ લીધો. ...

મુમુક્ષુ :- બીજા છોકરાઓ લઈ જાય તો પાછો એની પાસે કબજો લેવો પડશે.

ઉત્તર ;- એ વળી તમારી બીજી વાત હોં ... ... બીજા. ... અરજણભાઈને .. મરી ગયા ..ભાઈ નામ શું? ભાઈઓ હતા બે .. માસ્તર નહોતા એક નાગનેશના? પાંચ હજાર લઈ ગયા. હીરા... ... ઝવેરાત.. જરી આમાં .. પણ કામ આવે એવું નથી આ. હીરો તો નથી. પણ મરી ગયા ત્યારે એનો મોટો ભાઈ પહેલો ત્યાં પહોંચ્યો. ... ભાઈના દીકરા હતાને બધા ... એ વળી લઈ લેશે તો? ...

સ્વાર્થના પૂતળા બધા છે. ઇ આજીવિકા માટે ધુતારાની ટોળી હોય છે બધી. આમ માને કે ઓહો..હો..! મારી બાયડી, મારી છોકરો, બધા સમજવા જેવા. .. છ મહિના, બાર મહિના જ્યાં રોગ (થાય તો) હવે તો ખાલી થાય તો ઠીક. એ જાણે .. હશે એને. એના માટે છે એ. ત્યાં રહેવું પડે છે એના માટે. આહા..હા..! આ તે..

આ ભગવાન આત્મા આહા..હા..! જ્યાં રાગથી પણ ભિન્ન પ્રભુ. આહા..હા..! એ વ્રત અને તપના વિકલ્પો રાગ ભક્તિના એનાથી પ્રભુ જુદો છે. એવી દૃષ્ટિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી તેના શુભભાવને પણ રાગને અંશે ઘટાડે અને વ્યવહારે અમૃત એમ કહેવામાં આવતું નથી. જ્ઞાનીના શુભભાવને અમૃત વ્યવહારે અમૃત છે એ ત્રીજી ભૂમિ સાધે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૭, શુક્રવાર, તા.૦૬-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૬-૩૦૭, પ્રવચન-૪૩૦

સમયસાર. મોક્ષ અધિકાર. ૩૦૬ અને ૩૦૭ ગાથાની ટીકા. અહીં આવ્યું છે. '**એ રીતે (તે ત્રીજી ભૂમિ) વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિને પણ અમૃતકુંભપણું સાધે છે.**' શું કહ્યું એ? કે જેને આત્મા શુદ્ધ નિર્વિકલ્પની દૃષ્ટિ અને અનુભવ થયો છે સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન એટલે કે આ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન નથી. આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતે જોયો એવો અંતર અનુભવમાં આવે. નિર્વિકલ્પ દૃષ્ટિ વડે. એને અહીં ત્રીજી ભૂમિ કહે છે. એ દ્રવ્યનો, ચૈતન્યનો આશ્રય જ્યાં નથી. એના તો જેટલા વ્યવહાર પ્રતિક્રમણ, સામાયિક, પોષા, ભક્તિ, પૂજા એ બધું ઝેર છે. આહા..હા..! વ્યવહાર ધર્મ પણ નહિ એમ કહે છે. પણ જે દ્રવ્ય પ્રતિક્રમણ છે એ જો નિશ્ચય દૃષ્ટિ હોય અનુભવ તો તે દ્રવ્ય વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણને પણ અમૃતકુંભપણું ઇ ત્રીજી ભૂમિ છે એ સાધે છે. સમજાણું કાંઈ? અંતર આત્માની નિર્વિકલ્પ રાગથી એકતાબુદ્ધિ ટળી અને અંદર પૂર્ણ આનંદની એકતાબુદ્ધિનો અનુભવ થાય એને અહીં ત્રીજી ભૂમિ કહે છે. એવી ત્રીજી ભૂમિ એ વ્યવહાર પછી આગળ વધેલો પાંચમે, છઠ્ઠે આદિ. એને વ્યવહાર પ્રતિક્રમણાદિ, શુભભાવ આદિ હોય એને વ્યવહારે ત્રીજી ભૂમિ સાધે

છે. કહો, સમજાણું? અમૃતકુંભપણું છે. અમૃતકુંભપણું એને સિદ્ધ કરે છે. વ્યવહારે અમૃતકુંભ છે તો અમૃતકુંભ અંદર ખુલ્યો છે. અમૃતનો સાગર ભગવાન એનું જેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને એના તરફનું સ્વરૂપ આચરણ એવું જેને છે એ ભૂમિકા વ્યવહાર શુભભાવ જે દ્રવ્ય પ્રતિક્રમણ આદિ એને વ્યવહાર તરીકે એને અમૃતકુંભ સાધે છે. જો આ ન હોય તો તો ઇ એકલા ઝેર છે. કેમકે ત્રીજી ભૂમિને અનુભવનાર એને જે શુભભાવ હોય એમાં રાગનું ઓછાપણું અશુદ્ધિનું ઓછાપણું એને કહેવાય છે.

મુમુક્ષુ :- કહેવાય છે કે છે?

ઉત્તર :- છે એમ એને કહેવાય છે એનો અર્થ એને કહેવાય છે એમ. એને કહેવાય છે એટલે? જેને આત્મદર્શન શુદ્ધ સમકિત નથી એના શુભભાવમાં અશુદ્ધતાનો અંશ ઘટ્યો છે એવું એને કહેવાતું નથી. એટલે કે એને એમ છે નહિ. આહા..હા..! એ તો એમાં પણ આવે છેને પંચાસ્તિકાય નહિ? ૧૭૨ વ્યવહાર સુખે. વ્યવહારમાર્ગ સુખેથી સુખે-સુખે. એનો અર્થ કે હઠ નથી ત્યાં. અંદર પ્રભુ દૃષ્ટિ છે અને એને શુભભાવ હોય છે એ જાતનો. એમ તો પ્રવચનસારમાં પણ લીધુંને ઓલા ઉત્સર્ગ અને અપવાદમાં? એકલો શુદ્ધોપયોગને જ સાધવા જશે તો શરીર જે છે એને સાધન કીધું છે. હઠ કરવા જશે તો શરીર પડી જશે. એની ભૂમિકામાં શુભભાવ આવે એને નહિ લાવે અને હઠ કરવા જશે શરીર સાધન છે. એનો નાશ થઈ જશે. અપવાદ માર્ગમાં. ઉપસર્ગમાર્ગમાં સંયમ સાધન છે. બેયને સાધન તરીકે (કહ્યા છે) કહો, રતિભાઈ!

આત્મા પરમ આનંદ પ્રભુ એ અતીન્દ્રિય આનંદનું દળ આત્મા છે. આહા..હા..! એની નજરું કરતાં તો અતીન્દ્રિય આનંદ એમાં ઝરે. એવી એ ચીજ છે. એવો ભગવાન આત્માનું સ્વરૂપ જ એવું છે. એવું જેને અંતરમાં સ્વનો આશ્રય લઈને જાણવામાં આવ્યું નથી. એવા જીવો જેટલી ક્રિયાકાંડ કરે શુભભાવની પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર એ આવે છેને? ધારણા, નિવૃત્તિ એ બધી ગૃહા, નિંદા અને શુદ્ધિ. શુદ્ધિ એટલે શુભભાવ. એ બધું એકલું ઝેર છે કહે છે. આત્માની જ્યાં દૃષ્ટિ સમ્યક્ અને ચૈતન્ય એની દૃષ્ટિનું ભાન થયું નથી એવા જીવની એ ક્રિયાકાંડમાં છ-છ મહિનાના અપવાસ કરે તોપણ એ રાગની મંદતાનો પુણ્યભાવ છે. ધર્મ નહિ. અને એને તો એકલું ઝેર જ અનુભવમાં આવે છે. પણ જ્ઞાનીને સ્વભાવનો આશ્રય છે એવી દૃષ્ટિ પહેલી થઈ છે અને પછી આ જ્યારે પ્રતિક્રમણાદિનો શુભભાવ હોય છે. ત્યારે એને સ્વભાવનો આશ્રય વિશેષ થયો હોય છે. એને કારણે અશુભભાવમાં રાગનું ઘટાડવું જાણીને શુભભાવને આ ત્રીજી ભૂમિ અમૃત તરીકે સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? વ્યવહારે હોં. શૈલી બીજી આખી. ઘટાડવા ઉપર વજન છે. ઘટાડવું શબ્દ ક્યાંક છે હોં બીજે. મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘટાડવું શબ્દ છે. .. ક્યાં છે.

આ તો આ રીત છે. એ ત્રીજી ભૂમિથી આત્મા નિરપરાધ થાય છે. આત્માના અમૃતસ્વરૂપની દૃષ્ટિ થઈ એ દૃષ્ટિ જ આત્માને નિરપરાધપણે એ પર્યાય સિદ્ધ થાય છે. આહા..હા..! લોકોને

બિચારાને સાંભળવા ન મળે એ બિચારા આ કરે આ સામાયિક કરીએ, પોષા કરીએ, પડિક્કમણા કરીએ, અપવાસ કરીએ. એય..! જેઠાભાઈ!

મુમુક્ષુ :- ઢસરડા કરે છે.

ઉત્તર :- ઢસરડા કરે. આહા..હા..! એણે કર્યું છેને. બધું ઘણું કર્યું છે. ઉપધાન પણ કર્યા છે લાંઘણું. આહા..હા..!

**'તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.'** ઓલો છે તો અપરાધ શુભભાવ. પણ અશુભની અપેક્ષાએ થોડો અપરાધ છે. સમજાણું? એ તેથી એને ત્રીજી ભૂમિના ભાનવાળાને વ્યવહારના શુભભાવને અમૃત તરીકે કહેવામાં આવે વ્યવહારે. **'તે ત્રીજી ભૂમિથી જ આત્મા નિરપરાધ થાય છે.'** આહા..હા..! ભગવાન આત્મા એનો જેને નિર્વિકલ્પ દૃષ્ટિ અને નિર્વિકલ્પ શાંતિ વડે જેણે આશ્રય લીધો એનું નિરપરાધપણું પ્રગટ થયું. સમજાણું કાંઈ? આ તો કહે ગુનેગાર છે નહિતર એમ કહે છે. રાગની મંદતાના એકલા ભાવને ધર્મ માનનાર મિથ્યાદૃષ્ટિ ગુનેગાર અપરાધી છે. એ ચાર ગતિમાં નરક અને નિગોદમાં જશે. આહા..હા..! આવા વીતરાગના વહેણ છે. ત્રિલોકનાથ અરિહંતદેવ આ એનું ફરમાન છે. સમજાણું કાંઈ?

એ **'તેના (અર્થાત્ ત્રીજી ભૂમિના) અભાવમાં દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.'** જેને ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ નથી. આત્માને સમ્યગ્દર્શન થયું નથી. સમ્યગ્દર્શન કોને કહે એની જેને ખબર નથી. આ દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ છીએ એ અમારે સમકિત છે. મૂઢ છે મારા. સમકિત ક્યાં ત્યાં હતું? આહા..હા..! ડાહ્યાભાઈ! આ ત્યાં પ્રશ્ન કર્યો હતો તમારે ભાઈએ શાંતિપ્રસાદ શાહુ. શાંતિપ્રસાદ. ચાલીસ કરોડ રૂપિયા અને બધે હો.. હા.. હો.. હા... બધાય. એમ જ્યાં ઉભા ત્યાં લોકો જાણે કે ઓહો..હો..! શું આ .. પૈસાનું માહાત્મ્ય છેને જગતને. ... એ ખાનગી પૂછે ખાનગી. વ્યવહારે સમકિતી તો ખરા કે નહિ? પણ શ્રાવક શિરોમણિની પદવી આપો. પચાસ હજાર આપ્યા હશે એક ઠેકાણે ઘણા વર્ષ પહેલાની વાત છે. પચાસ હજાર આપ્યા હશે. શ્રાવક શિરોમણિ. .. શ્રદ્ધા તો છે, વિશ્વાસ છે. એ સમકિત નહિ. એવા તો મોટા અભવિએ અનંતવાર કર્યા ... આવા માણસ અગ્રેસરો એને હજી ખબર ન મળે. કોને કહેવું સમકિત. આહા..હા..! અમે એમ કે સમકિતી તો ખરા કે નહિ? અમને વિશ્વાસ છેને કહે. અરે..! એ વસ્તુ બીજી છે. તમે માનો, મનાવે તો જગતના પ્રાણી એ નહિ. પરમાત્મા ત્રિલોકનાથનું કથન એ તો આત્મા પૂર્ણ આનંદસ્વરૂપની અંતર અનુભવ થઈને પ્રતીતિ થાય એને સમકિત કહે છે. ભગવાન પરમાત્મા તો એને સમકિત અને એ સમકિતી જીવને કહે છે અહીંયાં ત્રીજી ભૂમિકા. આવ્યુંને અહીંયાં? **'દ્રવ્ય-પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે.'** આહા..હા..! ચાહે તો એ છ-છ મહિનાના અપવાસ કરે, બબ્બે મહિનાના સંથારા કરે છેલ્લે મરવા ટાણે આહાર ન લે અને સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે એ બધા ભાવ એના ઝેર છે, અપરાધ છે. ચૈતન્યની દૃષ્ટિનું ભાન ન મળે એને.

આહા..હા..! કહો, ગીરધરભાઈ! 'જૈનના ઝંડા રહે હમારા.' પહેલા નાગરભાઈ કહેતા તે દિ' ૯૯માં. સામા પક્ષમાં ઉભા હતાને ઇ? જૈનના ઝંડા.. ઉતર્યા હતા ઓલામાં ભૂધરભાઈના. ત્યાંથી કાઢતા નીકળ્યા ઓલા પુનમચંદજી અને એની સાથે નાગરભાઈ સાથે હતા. જૈનના ઝંડા. હવે જૈન ઝંડો કહેવો કોને? જૈનનો ઝંડો તો વીતરાગ મૂર્તિ આત્મા એમાંથી વીતરાગતા ભાવ પ્રગટ કરવો એ જૈનનો ઝંડો છે. બહારનો ઝંડો ઉપાડી લે. આહા..હા..!

જૈન શાસન તો એને કહે છે જેને આત્મા અબદ્ધસ્પૃષ્ટ દૃષ્ટિમાં આવે. આહા..હા..! બંધાયેલો નથી. બીજી ચીજનો એને સ્પર્શ નથી. સામાન્યરૂપ, એકરૂપ અખંડાનંદ પ્રભુ છે. એવી અંદરમાં દૃષ્ટિ થતાં જે આત્માની શાંતિના વેદન સાથે અનુભવમાં પ્રતીત થાય એને સમ્યગ્દર્શન કહે છે. હવે આ તો હજી સાંભળ્યું પણ ન હોય એણે તો અને આ સમ્યગ્દર્શન વિના સીધા વ્રત કરવા માંડ્યા અને તપ કરવા માંડ્યા. લાલજીભાઈ! આ તો સમજાય એવું છે. બે દિ' જરી ઝીણું હતું. આહા..હા..! બે-પાંચ-દસ લાખ ખર્ચે ધર્મમાં એટલે મોટો શ્રાવક બનાવી દે એને. આ શ્રાવક મોટો. ધૂળેય નથી સાંભળને હવે. તારા કરોડ દઈ દે અને ચાલીસ કરોડ આપી દે બધાય તો ક્યાં તારી ચીજ હતી? એ તો જડ છે. તારામાં જે આનંદ અને શુદ્ધ ચૈતન્ય સંપદા પડી છે એ સંપદાનો તો તને વિશ્વાસ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો ભગવાન અનંત આનંદની લક્ષ્મીવાળો પ્રભુ એની જેને આવી નિજ ચૈતન્ય શુદ્ધ સંપદા એની હયાતી મારામાં છે એ હું છું. આહા..હા..! એવી જે અંતર દૃષ્ટિમાં, અનુભવમાં આવવું એને ભગવાન ત્રીજી ભૂમિ સમકિત કહે છે. દેરાવાસીમાં પૂજા કરો અને જાત્રા કરો એ ધર્મ છે. દિગંબરમાં લૂગડા ફેરવી નાખો અને નાગા થાવ. ધૂળેય નથી ધર્મ. સમજાણું કાંઈ? ધૂળેય નથી એટલે? ઉંચા પુણ્ય પણ નથી એ તો. ધર્મીને જે પુણ્ય બંધાય એવા પુણ્ય અજ્ઞાનીને હોય નહિ. આહા..હા..!

કહે છે માટે જેને આત્મદર્શન નથી. આહા..હા..! નિષ્ક્રિય ભગવાન આત્મા પરમાત્મસ્વરૂપ જ પોતે છે. એવો ભગવાન જેને દૃષ્ટિમાં ભાસ્યો નથી એની દૃષ્ટિમાં તો એક સમયની પર્યાય અને રાગ અને ઇ જ ભાસ્યું છે. કહો, ડાહ્યાભાઈ! આહા..હા..! બહુ આવી! આવી વાત તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એ સિવાય ક્યાંય આ વાત છે નહિ. ત્રણ કાળમાં ક્યાંય. એના વાડાવાળાને ખબર નથી તો બીજે ક્યાં હોય? ઓલો કહે હું ધર્મ પમાડવા મારે જાવું છે. એક કાગળ આવ્યો છે. દેરાવાસી સાધુ જુવાન .. ત્યાં ચોમાસું કરવા જાય છે. અમૃતગીરીના શિષ્ય. બોટાદમાં ... ૨૩ વર્ષે દીક્ષા લીધી અહીં કાગળ આવ્યો. મારે અભ્યાસ કરવા ત્યાં આવવું છે. અમેરિકા અને જર્મનીમાં ક્લાસ લીધા છે એટલે મારે જ્યાં ધર્મ નથી ત્યાં ધર્મ સમજાવવા જાવું છે. હજી તને ધર્મની ખબર નથી. આવા ને આવા. લૂગડા ફેરવીને થઈ ગયા સાધુ, થઈ ગયા ધર્મી. આહા..હા..! અહીં કાગળ આવ્યો હતો. મારે ત્યાં આવવું છે અભ્યાસ કરવા. આવા તાર઼ા લક્ષણ તો જો. કહો, સુજાનમલજી! સાધુ થઈ ગયા, લૂગડા ફેરવ્યા તો સાધુ થઈ પંડિત. ધૂળેય નથી. આહા..હા..!

મુમુક્ષુ :- મણમાં પૂરી ભૂલ છે.

ઉત્તર :- મણમાં આઠ પાંચશેરીની ભૂલ. જ્યાં આમ તો યશોવિજય પણ કહે છે ઠાણાંગમાં છઠ્ઠે ઠાણે. ૭૮માં કહ્યું હતું. ... કહ્યું હતું દીક્ષા પછી છઠ્ઠે ઠાણે એવો પાઠ છે. જેમ જેમ ..બહુ જન .. પરવડિયો તેમ તેમ જૈન શાસનનો વેરી જો નવી નિશ્ચય દરિયો. એ અંદર છે. થોડું એવું લખાણ તો હોયને. વસ્તુ તો ક્યાં હતી ત્યાં? એય..! જુઓ એને નિશ્ચય... ત્યાં અર્થ એવો કર્યો છે ટીકાકારે અકષાયભાવ જે નથી ... એમાં બહુ પકડાય નહિ. મેં કીધું આ જ્ઞાન નથી. ત્યાં તો .. અણાત્મબંધ જીવને જેને આત્માનું જ્ઞાન થયું નથી, આત્મદર્શન નથી. એવા જીવને આ બધું બહુ શાસ્ત્રના ભણતર અને ઘણા શિષ્યો એને માને, ઘણા સંમતમાં થાય એવા છ બોલ છે. તપસ્યાઓ બહુ પોતે કરે. તેમ-તેમ ઇ જૈન શાસનનો તો વેરી છે. આહા..હા..! કારણ કે જૈનશાસન તો વીતરાગભાવ છે. એ વીતરાગભાવ તો અંતર ત્રિકાળી દ્રવ્યને આશ્રયે પ્રગટ થાય છે. આહા..હા..! હવે આ વાત.. કહો, સમજાણું કાંઈ? શ્રીમદે કહે છેને એક ઠેકાણે અરે..! આ અમારી વાત .. એ દલીલ કોણ સાંભળશે? એવી રીતે એક ઠેકાણે લખ્યું છે. કહે છે

**'ત્રીજી ભૂમિથી જ નિરપરાધપણું છે એમ ઠરે છે.'** સમ્યગ્દર્શન ચૈતન્યમૂર્તિ પ્રભુ વીતરાગે કહ્યો એ આત્મા હોં. એવા આત્માની દૃષ્ટિ અને અનુભવ વિના એ બધું શુભભાવની ક્રિયાઓ બધી ઝેર છે અને ત્રીજી ભૂમિકા હોય .. એને જો એવો શુભભાવ હોય તો વ્યવહારે એને અમૃત કહેવામાં આવે છે. અશુદ્ધિ થોડી ઘટી એ અપેક્ષાએ. બાકી તો પોતે છે એ તો ઝેર અને દુઃખ જ છે. આહા..હા..! શુભભાવ જે છે. આહા..હા..! ભારે કામ આકરું! સમજાણું કાંઈ? **'તેની પ્રાપ્તિ અર્થે...'** હવે અહીં જરી... એટલે? આત્મા અંદર નિર્વિકલ્પ દૃષ્ટિમાં, અનુભવમાં જાય સમ્યગ્દર્શનસહિત એવા ભાવ હોય તો એમાં હેતુ એવો છે એમાં કે એ ભાવને છોડીને અંદર ઠરે.

મુમુક્ષુ :- અહીં .. કીધું.

ઉત્તર :- એનો અર્થ ઇ છે. એની પ્રાપ્તિને અર્થે એટલે કાંઈ શુભભાવથી નિશ્ચય પમાતું હશે? એય..! પાઠ શું છે? એટલે એનો અર્થ ઇ. સમ્યગ્દૃષ્ટિની વાત છે હોં આ. સમ્યગ્દૃષ્ટિ છે ત્રણ કષાયના અભાવની દશા પ્રગટી છે એને છઠ્ઠે ગુણસ્થાને આવો જે શુભભાવ હોય એનો હેતુ વ્યવહારનો એ છે કે નિર્વિકલ્પપણામાં જાવું. આહા..હા..! શું કીધું?

મુમુક્ષુ :- આમાં એવું લખ્યું નથી.

ઉત્તર :- ઇ એનો અર્થ જ ઇ છે. લખ્યું નથી પણ એકકોર આટલી બધી માંડી. શુભથી શુદ્ધ થાય એ વ્યવહારનું કથન છે. શુભ વ્યવહાર ઓલા નિશ્ચયને બતાવે છે. ત્યાં જવા માટે પ્રેરણા કરે છે. સમજાણું કાંઈ? વિકલ્પ આવ્યોને? સમકિતની પ્રેરણાનો વિકલ્પ શુભભાવ છે. એ બધું છે પણ આ વસ્તુ અંદર છે ત્યાં ઠર. એ માટે બધા સમકિતી જીવને માટે વાત છે હોં. અજ્ઞાનીના દ્રવ્ય પ્રતિક્રમણ એ પ્રાપ્તિને અર્થે એમ નહિ અહીં. શું કીધું ઇ? મિથ્યાદૃષ્ટિ છે અને એના જે વ્યવહાર

પ્રતિક્રમણ આદિ છે એની પ્રાપ્તિ માટે, એને છે જ ક્યાં? જેને વસ્તુ દૃષ્ટિ હાથ આવી નથી. આહા..હા..!

અહીં તો કહે છે કે સમકિતી જીવને, ધર્મી જીવને જે શુભભાવ પાંચમાને યોગ્ય અને છઠ્ઠાને યોગ્ય હોય એની પ્રાપ્તિ અર્થે એટલે શુભ છોડીને નિર્વિકલ્પ થવા માટે એને નિમિત્ત કહેવામાં આવે છે, એને વ્યવહાર કહેવામાં આવે છે. આરે..! એય..! પંડિતજી! એવો અર્થ છે એમાં. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, કીધુંને ઇ તો .. છે. . છે અહીં આશ્રય તો અહીં છે. એને લઈને ખરેખર તો ઘટ્યો છે, પણ વ્યવહારથી શુભભાવ છે એને અશુદ્ધતા તીવ્રતાની ઓછી છે. એ અપેક્ષાએ. ઓછી છે એની અપેક્ષાએ એને અમૃત કીધું જુઓને એ તો. .. વસ્તુ જે શુભભાવ છે એને અમૃત નહિ. પણ એના ઓલામાં તીવ્ર અશુદ્ધતા ઘટી છે. સ્વરૂપ છે એ તો બિલકુલ શુભ-અશુભભાવથી રહિત જ છે. એ તો દૃષ્ટિ થઈ એમાં તો બેયનો અભાવ છે. હવે એ દૃષ્ટિ સહિતવાળાને જે શુભ થયો એને શુભ વખતે સ્વનો આશ્રય વિશેષ છે તેથી ખરેખર તો શુભ થયો હતો. સમજાણું કાંઈ? પણ એ શુભનું હવે એમ લક્ષ ગયું કે એ શુભમાં જેટલો ઘટાડો અશુદ્ધતાનો છે એ અપેક્ષાએ એને અમૃત, તે પણ વ્યવહારે અમૃત કીધું. આહા..હા..! વીતરાગી ..માર્ગ વીતરાગી સમજવો બહુ કઠણ જગતને. વાડામાં પડ્યા બિચારા સાંભળે નહિ. જિંદગી ગુમાવીને ચાલ્યા જશે. કાંઈ જૈન ધર્મનો લાભ... આહા..હા..!

જૈન ધર્મ તો એને કહીએ જૈન શાસન, કે પર્યાયને પણ જોતો નથી, નિમિત્તને જોતો નથી, રાગને નહિ. આહા..હા..! પૂર્ણ પરમાત્મસ્વરૂપને જે અબદ્ધને જોવે છે, એને માને છે, એને અનુભવે છે એ શુદ્ધ ઉપયોગ તે જૈનશાસન છે. જેઠાભાઈ! એ જૈનશાસન. રાગ-ફાગ એ જૈન શાસન નહિ. એ તો ઉપચારથી, વ્યવહારથી કહેવાય અભૂતાર્થથી. આહા..હા..! ઓલો નિશ્ચય હોય તો. જો નિશ્ચય ન હોય તો એકલા રાગને વ્યવહાર શાસન પણ કહેતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તેની પ્રાપ્તિને અર્થે...'** તેની એટલે? અંતર નિર્વિકલ્પમાં જવા માટે... એ શુભભાવનો હેતુ વ્યવહારનો નિશ્ચયમાં જવા માટે એનો છે. ત્યાં રહેવા માટે નથી. આહા..હા..! ભારે કઠણ પડે. એમાં નિવૃત્તિ ન મળે, વખત ન મળે. આહા..હા..! સંસારમાં 'ગરવ ન કરશો રે ગાત્રનો' એવો અર્થ છેને ઓલામાં. હમણા કહ્યું હતું. દુકાન ઉપર એ વાંચ્યું. 'ગરવ ન કરશો રે ગાત્રનો જેવું માટીનું .. રે.' માટીનું વાસણ. '.. ખોખરું.' માટીને જરી .. પત્થર લાગી જાય તો તડ પડી જાય. આહા..હા..! એવું આ શરીર માટીનો પીંડલો. જરીક કાંઈક .. ઓહો..હો.. આહા..હા..! એનો એને અનાદિથી પ્રેમ. ભગવાન ત્રિલોકનાથ આનંદનો નાથ અંદર એમાં પ્રેમ નહિ અને આમાં પ્રેમ ધૂળમાં. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાનનું બનાવ્યુંને મંદિર.

ઉત્તર :- એ તો ભગવાનને ઓળખ્યા પછી એને મંદિર કહેવામાં આવે. આહા..હા..! આમ થાતું હશેને ભાઈ નહિ? હીરાભાઈ ઉભા હતા વ્હાલામાં વ્હાલા. કોઈ .. નાખ્યું નહિ કોઈએ ત્યાં. આહા..હા..! એને વ્હાલામાં વ્હાલું ઇ હતું. ... શું કરે? કોણ કરે કોના? આહા..હા..! એકલો પોતે અંદર પીડાય, એકલો પાપ અને પુણ્યના ભાવ કરે અને મરીને એકલો ચાર ગતિમાં જાય. આહા..હા..! અને એકલો રાગરહિત થઈને દૃષ્ટિ અનુભવ કરને મોક્ષ જાય. આહા..હા..! જેમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પણ જરૂર નથી. તેથી કહ્યું હતુંને એવો ભગવાન નિરંતર સુલભ છે, પ્રભુ! આહા..હા..! સમકિતીને તો સુલભ છે. કારણ કે આત્મા ભિન્ન છે એને છે એ દૃષ્ટિ કરવી છે. આહા..હા..! રાગાદિ તો છે નહિ એના. રાગ, શરીર તો એનું ક્યાં હતું? આ તો માટી-ધૂળ ક્યાંકનું છે, પણ દયા, દાનના, વ્રતના, ભક્તિના પરિણામ એવા જ છે. ઇ ક્યાં એના હતા? આહા..હા..!

મુમુક્ષુ :- દયા, દાનની વાત કરતો ત્યારે .. કરતા હોય તો કે શુભ હોય તો... શુદ્ધ હોય તો વ્યવહાર કહેવાય.

ઉત્તર :- ઇ વ્યવહારનું અત્યારે અહીં કામ નથી. અહીં તો ઓલાને (શુભને) વ્યવહાર કહ્યો છે. આને-(શુદ્ધને) તો નિશ્ચય કહ્યો છે અહીં. અત્યારે જે શૈલી ચાલે છેને. નહિતર તો એકલો શુદ્ધ ઉપયોગ અને શુદ્ધ પરિણતિ થાય એ ત્રિકાળની અપેક્ષાએ તો વ્યવહાર છે. એ આત્મવ્યવહાર છે. ઇ અત્યારે અહીં નથી લેવું. અહીં તો ઓલા શુભ અને શુદ્ધની પરિણતિ બેની ધારા. શુદ્ધ પરિણતિ કોને આશ્રયે થાય એ બીજી વાત, પણ એ શુદ્ધ પરિણતિ તે નિશ્ચય છે અને શુભ તે વ્યવહાર છે. આહા..હા..!

**'તેની પ્રાપ્તિ અર્થે જ આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે. આમ હોવાથી એમ ન માનો કે (નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે. '** એમ ન માનો કે શુભભાવને છોડાવીને નીચે લઈ જાય છે એમ ન માનો. એ શુભને છોડાવીને અંદરમાં લઈ જાય છે. આહા..હા..! અનંતકાળમાં કોઈ દિ' કર્યું નથી એણે. ત્યાં લઈ જવા માગે છે. ભગવાન આનંદસ્વરૂપનો ભેટો કરાવા માગે છે. શુભને છોડાવીને અશુભમાં જાવું એમ નથી અહીં. સાવધયોગના તો પચ્ચખાણ કરે છેને પહેલા? સાવધયોગના પચ્ચખાણ કરે છે, પણ આ શુભના પચ્ચખાણ કરે પહેલા. એટલે એ શૈલી છે અત્યારે અહીં. સાવધયોગના પચ્ચખાણ કરે છે. શુભ અને અશુભ બેય ... પચ્ચખાણ હોય. આવ્યા વિના રહે નહિ એના પચ્ચખાણ શેના? છે દોષ. પણ આવ્યા વિના રહે નહિ. આહા..હા..! તેથી સમ્યગ્દૃષ્ટિના શુભભાવને નિશ્ચય આત્માની ધારા પ્રગટી છે એને નિશ્ચય ગણીને સ્વઆશ્રય દશા અને પરલક્ષી દશાનો શુભભાવ એને અહીં વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..!

એ અહીં કહે છે એમ ન માનો કે વ્યવહારનો નિષેધ કરીને વ્યવહાર રાગાદિને છોડાવીને દ્રવ્ય છોડાવે છે એમ ન માનો. **'ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (-અટકાવી**

**દેતું નથી, સંતોષ મનાવી દેતું નથી);...'** એવા શુભભાવની ક્રિયાઓ બધી એટલે ત્યાં એને ત્યાં સંતોષ પમાતું નથી. એ રાગની મંદતાની ક્રિયા પ્રભુ તારા સ્વભાવની નહિ. આહા..હા..! સમકિતીને માટે વાત છે હોં આ. આહા..હા..! **'(નિશ્ચયનયનું) શાસ્ત્ર દ્રવ્યપ્રતિક્રમણાદિને છોડાવે છે.'** એમ ન માનવું. **''ત્યારે શું કરે છે? દ્રવ્યપ્રતિક્રમણાદિથી છોડી દેતું નથી (-અટકાવી દેતું નથી,...'** કે ઓહો..હો..! ઠીક કર્યું, ઘણું કર્યું તે. એમ નથી. આહા..હા..!

**'તે સિવાય બીજું પણ,...'** કે શુભભાવની જેટલી ચરણાનુયોગની ક્રિયાઓ વ્રત, નિયમ, સંયમ, તપ, સમિતિ-ગુપ્તિનું સાવધાનપણું એ બધા ભાવને છોડાવીને **'બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી અગોચર અપ્રતિક્રમણાદિરૂપ, શુદ્ધ આત્માની સિદ્ધિ જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે એક તો સમજવો કઠણ પડે ઇ કરતા બિચારા કરે છે અનાદિથી. આ વ્રત કરવા અને તપસ્યા કરવી. કરે છે અને એમ ને એમ રખડી મરે છે. આહા..હા..! હવે આવું સમજવું ક્યારે સમજે? અમારે તો બાયડી, છોકરાને લીધા છે એને પાળવા પોષવા, આજીવિકા કરવી કે આમાં અમારે કરવું આવું? કોણ પાળે સાંભળને હવે મારા! આહા..હા..! કરવાનું તો આ છે. કેમ બિપીન! એ તમારો બિપીન કહેતો હતો સવારમાં. કે કરવા જેવું તો આ છે હોં. એમ કે કરવા જેવું તો આ છે. કીધું, બાપા! એ છે તો ઇ. ... આવડે નહિ. આહા..હા..! કરવાનું તો આ રાગરહિત ભગવાન છે એની શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા એ કરવાનું છે. બાકી બધું થોથે થોથા છે. લાલજીભાઈ! મારે બહારની દીશા ભારે! આહા..હા..!

કહે છે કે એ ત્રીજું કરાવે છે. સમ્યગ્દર્શનસહિતને જે શુભભાવ આવે છે એને છોડાવે છે એનો અર્થ એ છે કે ત્યાંથી છોડીને અંદરમાં જા. આહા..હા..! ભગવાન નિર્વિકલ્પની જે તને દૃષ્ટિ થઈ છે ત્યાં સ્થિર થા. સમજાણું કાંઈ? આહા..હા..! સાતમી નરકના નારકી કેટલી પ્રતિકૂળતા! જન્મે ત્યાંથી સોળ રોગ. પાણીનો બિંદુ નહિ પીવામાં. આખા દરિયાના દરિયા પાણી પીવે તો એની તૃષા ન છૂટે એટલી તો તૃષા. આહા..હા..! એની એટલી ભૂખ. ત્યાં પથરાના પથરા ગળે તો એની ભૂખ મટે નહિ. અનાદિથી ... આહા..હા..! એટલી ક્ષુધા. આ ભસ્મ વ્યાધિ થાય છેને? વ્યાધિ થાય છે ભસ્મ. એ જે ખાઈ. કેળા ખાય તો ખલાસ થઈ જાય. એક માણસને કંદોઈ હતો દામનગરનો. એના દીકરા દીકરો એમાં ઓલા ભગવાનભાઈ કે .. એને ખબર ...રાણપર ચોમાસુ.. વ્યાધિ છે મારે. કંદોઈ. આમ દેરાવાસી છે. ... દામનગરમાં ... એને એવી વ્યાધિ થઈ હતી. કંદોઈ. જે ૪૦-૪૦ કેળા ખાઉ ભસ્મ વ્યાધિ આપણા સંમતભદ્રાચાર્ય. મુનિ સંમતભદ્ર મુનિ સાચા સંત. ભસ્મ વ્યાધિ થઈ સંથારો કર્યો હતો. આહાર આવો મળે નહિ... બાપુ! તારે .. સંથારો ન થાય. .. વ્યાધિ મટે પછી. શંકરના દેવોમાં રહ્યા. જેટલું ત્યાં ભોજન આવે અંદર ખાઈ જાય બહારમાં એમ કહે કે આ તો ભગવાન ... એમ કરતા .. બંધ થઈ ગઈ. તો હળવે હળવે મટી ગયો. .. ભગવાને જોયું. આમ કેમ? કે ... અરે..! આ શું કર્યું? કરો (લિંગની) પૂજા કરો, ભક્તિ કરો. મારી ભક્તિ નહિ

સહન કરી શકે. શંકરનું લિંગ હું જે ભક્તિ કરું એ નહિ સહન કરી શકે. વીતરાગ પરિણતિની દૃષ્ટિવાળો મુનિ છું. વીતરાગભાવની દૃષ્ટિ છે, વીતરાગભાવનો હું તો ભક્તિ કરનારો છું. નહિ સહન કરી શકે એ. લિંગ શંકરનું. આહા..હા..! સ્તુતિ જ્યાં શરૂ કરી લિંગ ફાટ્યું ફડાક દઈને. ચંદ્રપ્રભુ ભગવાન. અમારા ભગવાન ત્યાં દેખાય છે. .. નહિ દેખાય. છે ત્યાં. સુંદરગીરી અને ભુવનેશ્વર. આપણને વખત નહોતો. અડધા કલાક પછી ...

મુમુક્ષુ :- કોઈને જોવા નથી દેતા.

ઉત્તર :- આપે છે જોવા. .. અમે ગયા હતા તે દિ' .. કીધું અમારે વખત નથી. અમારે તો જાવું છે પાછું કલકત્તા. ... કીધું બિચારાએ. લિંગ ફાટીને અંદર છે સંમતભદ્ર મહારાજ. એના ટાઈમે જવાય ત્યાં. ભુવનેશ્વર.

મુમુક્ષુ :- મોટું મંદિર છે.

ઉત્તર :- હા એ મોટું જગ્યા છે ત્યાં. મંદિરની ... લોકોને .. ટાઈમ અમારે નથી. ... લિંગ ફાડી. શંકરનું મંદિર લિંગ હતું વીતરાગની ભાવના જ્યાં ઉઠી. મારી સ્તુતિ એ લિંગ સહન નહિ કરી શકે. હું એને માનતો નથી. આહા..હા..! જુઓને કુદરત શું કરે છે? જ્યાં ચાલી જ્યાં સ્તુતિ. ચંદ્રપ્રભુ ભગવાનનું જ્યાં .. ફાટ્યું ચંદ્રપ્રભુ ભગવાન. અરે..! પુણ્યવંતને શું ન થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ સર્પ માળા થઈ જાય. કાથીને દોરડી સર્પ થઈ જાય. બાપુ! આ તો પવિત્ર પુરુષ છે. ... મારી .. અમે જે દૃષ્ટિ અમારી જ્યાં છે. અમારો ભગવાન જે છે ઇ આ નહિ. આહા..હા..! અમારો ભગવાન તો જિનેન્દ્રદેવ છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એ અમારો દેવ છે. અને એ દેવ હું છું. મારો સ્વભાવ એ જ છે. એવું અમને અંદરમાં ભાન છે, ભાસ્યું છે. આહા..હા..! ઓહો..હો..! .. મુનિ થઈ ગયા, સાધુ થઈ ગયા પછી. મુનિ થઈ ગયા શિવભૂતિ. શું નામ? શિવકોટી. એ વસ્તુની સ્થિતિ છે હોં. સીતાજી જુઓને સીતાજી અગ્નિમાં નાખ્યું આમ તો અગ્નિ પાણી થઈ ગઈ. કમળ થયું. પુણ્ય યોગ છે. દેહનો નાશ થયો નથી. .. હતા. રામચંદ્રજી કહે ઘરમાં નહિ જાઓ અગ્નિમાં પરીક્ષા દેવી પડશે. કરો અગ્નિ. અગ્નિ ઝળહળ.. ઝળહળ... હે અગ્નિદેવ! મેં કલ્પનામાં મનમાં પણ જો રામચંદ્રજી સિવાય કોઈ પુરુષને લીધો હોય તો બાળીને ભસ્મ કરી દેજે. અમે સત્‌ના રસ્તાવાળા, અમને આ ન હોય અમારે. આહા..હા..! અને જો આ અમે બીજાનું કાંઈ ન કરીએ વિકલ્પ બાળીશ નહિ. જૈનશાસનની મર્યાદા ... પુણ્ય હતું. નહિતર શરીર બળી જાય. આહા..હા..!

અહીં કહે છે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનું નિર્વિકલ્પ સ્વરૂપ આત્માનું. એની જ્યાં દૃષ્ટિ અને સ્થિરતા કરાવા અને વ્યવહારને છોડાવાની વાત કરી છે. આહા..હા..! અંદર જા... અંદર જા... અંદર જા... ભગવાન પાસે જા તું. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આ હોં. બીજા ભગવાન બહાર રહી ગયા. ભગવાનની, બીજા ભગવાનની ભક્તિ બધી વ્યવહારમાં ગઈ. ઓલો

શુભભાવ. છોડ એને. આહા..હા..! તારો નાથ પૂર્ણ અમૃતનો સાગર એની દૃષ્ટિ તો થઈ છે તને. તારા શુભને છોડાવીને અમે નીચે નથી લઈ જતા. અંદરમાં નાખવા માગીએ છીએ. આહા..હા..! જુઓને ટીકા તે ટીકા!

**'તે સિવાય બીજું પણ, પ્રતિક્રમણ-અપ્રતિક્રમણ...'** પ્રતિક્રમણ એટલે શુભભાવ આદિ, અપ્રતિક્રમણ એટલે ઓલો અજ્ઞાનીનું એનાથી પણ અગોચર. એ શુભભાવથી પણ ગમ્ય નહિ. આહા..હા..! અજ્ઞાનથી તો ગમ્ય હોય જ નહિ. એવા **'અપ્રતિક્રમણાદિરૂપ...'** ત્રીજી ભૂમિ હવે. તો આ નિશ્ચય અપ્રતિક્રમણ આ અપ્રતિક્રમણ એ નિશ્ચય પ્રતિક્રમણ છે. શું કીધું? આ નિશ્ચય જે અપ્રતિક્રમણ છે એ જ નિશ્ચય પ્રતિક્રમણ છે. એ આ વ્યવહારના ભાવને છોડાવીને નિશ્ચય અંદર સ્વરૂપમાં ઠરવાને જે સાચું પ્રતિક્રમણ છે શુભથી પણ હઠી જઈને. આહા..હા..! સ્વરૂપના અનુભવના આનંદના અમૃતમાં અનુભવમાં જા. આહા..હા..! એ શુભભાવ તો ઝેર છે. આહા..હા..! એના અપેક્ષાથી અમે અમૃત કીધો છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ ઝેર. જેઠાભાઈ! તીર્થંકરગોત્ર બાંધે. શુભભાવ છેને? આહા..હા..! એને છોડાવીને અંદરમાં જા બાપુ! આહા..હા..!

તે શુભભાવની ક્રિયાકાંડનો ભાવ છોડાવીને બીજું પણ **'શુદ્ધ આત્માની સિદ્ધિ...'** જેમાં શુદ્ધ આત્માની દૃષ્ટિપૂર્વક સ્થિરતાની સાબિતી થાય એવું **'જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.'** દુષ્કર. આહા..હા..! નિર્વિકલ્પ દશાના અનુભવમાં લઈ જાય છે એમ કહે છે. આવો પોકાર તો મુનિઓનો, કેવળીઓનો તો આ પોકાર છે. હવે એની તો ખબર પણ ન મળે બિચારાને. વીતરાગ કેવળી પરમાત્મા અરિહંતદેવનો આ પોકાર જગત પાસે છે. અરે..! તને દર્શન થયું આત્માનું તોપણ તે વખતના શુભભાવને અમે છોડાવા માગીએ છીએ. આહા..હા..! અને (શુભ) છોડાવીને અમે નિષ્ક્રિય નિર્વિકલ્પ સ્થિરતાને લઈ જવા માટે ... આહા..હા..! સમજાણું કાંઈ? કે જે નિરપરાધદશા છે. શુભરાગ તો અપરાધ છે. એય..! અમૃત કીધું એ તો વ્યવહારથી કહ્યું ઓલું તીવ્ર અશુદ્ધતા ઘટી એ અપેક્ષાએ બસ. પોતે તો ઝેર છે. આહા..હા..! બીજા આનંદની ભૂમિકામાં લઈ જાવા જ્યાં નિષ્ક્રિય નિર્વિકલ્પ આનંદસ્વરૂપ પ્રભુ આત્મા એના શુદ્ધ ઉપયોગ કરવા માટે લઈ જઈએ છીએ. શુભને છોડાવીને શુદ્ધમાં લઈ જઈ છીએ. શુભને છોડાવીને અશુભમાં લઈ જવાની આ વાત છે નહિ. આહા..હા..! અરે..! અનંતા જન્મ-મરણ ચોર્યાસીના અવતાર કરી કરીને એની એને ખબર નથી. કેટલા ભવો, કેટલા ભવસાગર મોટો દરિયો. સ્વયંભૂ રમણસમુદ્ર એ અસંખ્ય યોજનનો. ભવસમુદ્ર તો અનંત-અનંત કાળનો, અનંત-અનંત કાળનો. આહા..હા..! એને ઉતરવા માટે પ્રભુ આત્માને શરણે જા. આહા..હા..! આમ તો અરિહંતા શરણં, સિદ્ધા શરણં આવેને મંગલિકમાં. એ તો બધો શુભભાવ છે. ઇ ક્યાં શરણ દેવા આવતા હતા તને? સમજાણું કાંઈ? આવે છેને મંગળિકમાં? અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં એ બધો શુભભાવ પુણ્ય. ધર્મ નહિ.

આહા..હા..! આ તને અંદર ભાવધર્મમાં લઈ જવા માટે વ્યવહારધર્મને છોડાવા માગીએ છીએ. વ્યવહાર ધર્મ નહિ એ તો પુણ્ય શુભભાવ. આહા..હા..!

**'શુદ્ધ આત્માની સિદ્ધિ...'** સાબિતી અંદર પર્યાયમાં. **'જેનું લક્ષણ છે એવું, અતિ દુષ્કર કાંઈક કરાવે છે.'** એ નિશ્ચયના શાસ્ત્રો આ કરાવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? શુભ વિકલ્પ છે એ વ્યવહાર પ્રતિક્રમણ છે. અને નિર્વિકલ્પદશાનો અનુભવ એ નિશ્ચય પ્રતિક્રમણ છે. શુભ-અશુભથી ખસીને શુદ્ધમાં આવ્યો છે એનું નામ સાચું પ્રતિક્રમણ છે. આહા..હા..! હવે એની ખબર પણ ન મળે સાચું શું કહેવાય? આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્મા અંદર આનંદનો નાથ દેવ દેવળમાં બિરાજે છે ભગવાન પોતે. પ્રભુ પણ પરમેશ્વર પોતે છે આત્મા. આહા..હા..! એમાં લઈ જવા માગે છે અને એમાં જાવું એ નિશ્ચય પ્રતિક્રમણ છે, એ સાચું પ્રતિક્રમણ છે. .. મિચ્છામી દુક્કડમ પહેલા વર્ષમાં આ અને બીજા વર્ષમાં .. એ તો બધા શુભરાગની રમતું છે, રાગની. આહા..હા..! વીતરાગ માર્ગમાં તો રાગરહિત થઈને અંદરમાં જવા માટે કહેવા માગે છે. આહા..હા..! આવું ત્યાં મળે લાલજીભાઈ? આફ્રિકામાં ક્યાં ત્યાં મળે? આહા..હા..! એ શાંતિભાઈ આવતા નથી નહિ?

**'कम्मं जं पुव्वकयं सुहासुहमणेय'** આમાં શબ્દ બરાબર સરખો છપાણો નથી. છપાણો નથી સરખો. એમાં એમ છે? **'वित्थरविसेसं। तत्तो णियत्तदे अप्पयं तु जो सो पडिक्कमणं।।'** **'(અર્થ : અનેક પ્રકારના વિસ્તારવાળાં જે પૂર્વે કરેલાં શુભાશુભ કર્મ છે તેમનાથી જે પોતાના આત્માને નિવર્તાવે છે...'** આહા..હા..! પડિક્કમણું છેને? ગયા કાળનું પડિક્કમણું, આવતા કાળમાં પચ્ચખાણ, વર્તમાનકાળનું સંવર એમ આવે છેને? ગડિયા તો બોલે મારા! ખબર ન મળે કાંઈ. પૂર્વે જે કર્મ બાંધેલું છે. એના નિમિત્તના સંગમાં જે શુભ-અશુભભાવ થાય છે. એનાથી પાછું ફરીને અંદરમાં જાવું એનું નામ પ્રતિક્રમણ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! **'પોતાના આત્માને નિવર્તાવે છે...'** પોતાના આત્માને નિવર્તાવે છે. શુભાશુભભાવથી રહિત. એને અહીંયાં પ્રતિક્રમણ કહેવામાં આવે છે. આહા..હા..! એને પચ્ચખાણ કહેવામાં આવે છે, એને સંવર કહેવામાં આવે છે, એને નિર્જરા કહેવામાં આવે છે, એને મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :-'** જુઓ આ ત્રણ લીટી તો ચાલ્યું હતું આ. કાલે તો ફરીને લીધું હતું. આ ડાહ્યાભાઈ અને હીરાભાઈ છે માટે. આહા..હા..! એ વિકલ્પ દયા, દાન, વ્રત વિકલ્પ તે રાગ છે. એ રાગથી તો પ્રભુ શૂન્ય છે. જો રાગથી શૂન્ય ન હોય તો સિદ્ધમાં રાગ રહ્યો નથી. રાગથી તો રહિત વસ્તુ છે. આહા..હા..! **'વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-'લાગેલા દોષોનું...'** વ્યવહારનયનો અવલંબી એકલા મિથ્યાદૃષ્ટિની વાત છે હોં આ. **''લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે,...'** પહેલા આ તો કરવા દ્યો અશુભ છોડીને. શુભ કરશું એટલે પછી શુદ્ધ

થઈ જશે. એમ અજ્ઞાનીની દલીલ છે અનાદિની. આહા..હા..! સમજાણું કાંઈ?

**'તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે?'** હવે ઓલા ખેદ મૂકે છે. આહા..હા..! અરે..! નિર્વિકલ્પતા થવી એ તો ખેદ છે મોટો (અજ્ઞાની માને છે) જ્યાં આનંદ છે એને આ વ્યવહાર સુગમ છે, નિશ્ચય ખેદ (લાગે). આહા..હા..! **'શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે;...'** અશુભથી ખસ્યું, શુભમાં આવશું ત્યારે આત્માની શુદ્ધતા એટલી થશે. એ શુભ છે એથી એમ. પછી શુદ્ધ થયા પછી આલંબન લેશું જાવ. ક્યાંથી શુદ્ધિ થાય? આહા..હા..! **'આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે.''** આહા..હા..! આવું શું કરે છે આલંબન? લ્યો, હવે જે કાંઈ અમે ક્રિયા કરીએ એ ...

મુમુક્ષુ :- .. ચોકડી મારે છે.

ઉત્તર :- ચોકડી મારે છે. તારા અપવાસ એ વ્યવહાર. તારી દયા, દાનના ભાવ એ શુભરાગ, વ્રત લઈને પાળે એ ભાવ તે શુભરાગ. વીતરાગની વાણીમાં તો આ આવ્યું. અને પાછું રાગરહિત થઈને અંદરમાં જાવું ભારે એ તો કામ. આકરું કામ છે બધું. આલંબનનો ખેદ નિષ્ફળ શુભમાં. આહા..હા..! આલંબનનો આનંદ છે એને ઠેકાણે નિશ્ચય આલંબનનો ખેદ થાય છે અને આ રાગનો શુભભાવ ઠીક છે. ત્યાં મજા માણે છે. આહા..હા..!

મુમુક્ષુ :- નિષ્ફળ કહી દીધું.

ઉત્તર :- નિષ્ફળ એને કહ્યું. આ શું? અંદરમાં શૂન્ય થઈ જવું. વિકલ્પથી શૂન્ય થઈ જવું. એ તો ઓલા પણ કહે છે. રજનીશ. એ તો મિથ્યાદૃષ્ટિ છે. અસ્તિત્વ છે તે કેટલું એ વાતું કર્યા વિના નીકળ્યું શૂન્ય થઈ જવું એ તો નાસ્તિ છે. આહા..હા..! ડાહ્યાભાઈ! એ વાત કરી છે. આમ કરો, વિકલ્પ શૂન્ય થઈ જવું. ... પણ શૂન્ય થવું કોના આશ્રયે? ક્યા અસ્તિત્વના લક્ષે શૂન્ય થાવું? અસ્તિત્વ કેટલું? ક્ષેત્રથી કેટલું? દ્રવ્યથી શું? કાળથી શું? ભાવથી શું?

મુમુક્ષુ :- સમજ્યા વિના ...

ઉત્તર :- સમજ્યા વિના શું કરશે? આહા..હા..! પોતે ચીજ શું છે? એની હયાતીપણું કેવડું મોટું છે? એની હયાતીની જેટલી કિંમત ટાંકે તો એને વિકલ્પથી શૂન્ય થાય. સમજાણું કાંઈ? વિકલ્પથી શૂન્ય. હવે લોકો બિચારા સાંભળવા જાય અને ... જૈનો કેટલાક જાય. સ્થાનકવાસી અને દેરાવાસી. કાંઈ ભાન ન મળે જૈનને તો. આ બધી નિશ્ચયની વાત આવેને જ્યાં આહા..! ભારે ભાઈ આ તો. છોકરો એક જુવાન હતો લ્યો લાઠીમાં. સ્થાનકવાસીનો. ઇ આવ્યો હતો. બહુ મજા આવે છે ત્યાં તો. કહો, હવે આવા ને આવા. અરે..! કેવળી શું કહે છે? આ આત્મા કેવડો? એક આત્મા કેવડો? એવા તો અનંતા આત્મા. તેથી અનંતગુણા રજકણો એ કેવળી સિવાય બીજે વાત છે ક્યાં ઇ? આહા..હા..! વાડામાં એ ક્રિયાનું સાંભળ્યું હોયને આ કરો ને આ કરો ને આ કરો. એટલે એમ થાય. આ ચીજ છે. આહા..હા..! નાસ્તિથી લ્યો નાસ્તિ. અસ્તિતત્ત્વ એક સમયમાં વસ્તુ પોતે

અનંતગુણનો પિંડ અને એની અનંતી પર્યાય, એનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી ચૈતન્યઘન. અસંખ્ય પ્રદેશી એવી વસ્તુની દૃષ્ટિ થયા વિના સાચી દૃષ્ટિ હોઈ શકે નહિ. કારણ કે અંદરમાં ગોટા હોય ત્યાં બધું એક છે અને ફલાણું છે ને ઢીંકણું છે. .. બધો એક છે. એક જ કરવાનું છેને. હવે એ ખોટું નક્કી થાય છે. બધું એક છે જ નહિ. આહા..હા..! **'તેને આચાર્ય સમજાવે છે...'** લ્યો. ઓલો નિશ્ચયનો ખેદ બતાવ્યો છેને એને અહીં સમજાવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૮, શનિવાર, તા.૦૭-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૬-૩૦૭, કળશ-૧૮૮, પ્રવચન-૪૩૧

ભાવાર્થ ફરીને લઈએ. પ્રશ્ન શું છે? કરનાર છેને? પ્રશ્ન કરનાર એમ કહે છે મોક્ષ અધિકાર. **'વ્યવહારનયાવલંબીએ કહ્યું હતું કે-'લાગેલા દોષોનું પ્રતિક્રમણ આદિ કરવાથી જ આત્મા શુદ્ધ થાય છે,...'** લાગ્યા હોય એનું પ્રતિક્રમણ કરીએ મિચ્છામી દુક્કડમ શુભભાવથી. ભગવાનની પ્રતિમાની પૂજા કરીએ, જાત્રા કરીએ, ભક્તિ કરીએ, વ્રત પાળીએ, તપસ્યાઓ, અપવાસ આદિ કરીએ એ બધાથી આત્માને અશુભભાવનો નાશ થશે એ શુભભાવની ક્રિયાથી. એમ શિષ્યનો પ્રશ્ન છે. **'તો પછી પ્રથમથી જ શુદ્ધ આત્માના આલંબનનો ખેદ કરવાનું શું પ્રયોજન છે?'** તો પહેલેથી આત્મા એ શુભ-અશુભ પરિણામથી આત્મા ભિન્ન છે અને એ શુદ્ધ ચૈતન્ય સર્વજ્ઞ પરમેશ્વરે જે પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવથી પણ જુદી ચીજ છે એનું પાધરું અવલંબન લેવું એ તો ખેદ લાગે છે. આ ઠીક પડે છે. પહેલું વ્રત પાળવા, અપવાસ કરવા, ભક્તિ કરવી, જાત્રા કરવી, દોષ લાગ્યા હોય તો નિંદા કરવી આત્મામાં, ગુરુ પાસે ગ્રહણા કરવી. તો એ ભાવની ક્રિયામાં હળવે-હળવે આત્માને લાભ થશે એમ શિષ્ય કહે છે.

પ્રથમથી આત્મા .. પુણ્ય અને પાપના બેય ભાવો, બેય વિકાર છે. ભગવાન આત્માનું સ્વરૂપ

તો એનાથી ભિન્ન છે. એવા ચૈતન્યના સ્વભાવનું અવલંબન લીધા વિના તેને કલ્યાણ જરીએ થાય એવું નથી. કહો, સમજાણું કાંઈ? એ શિષ્યે કહ્યું પણ આ છેને? તો પહેલેથી પ્રયોજન શું છે? ખેદ કરવાનું એમ પ્રશ્ન છે આમાં. ભારે આકરું પડે ભાઈ આ તો કહે. પાધરો કહે શુભ અને અશુભભાવ બેય દોષ, બેય બંધનું કારણ. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા બધો ભાવ બંધનું કારણ. આહા..હા..! આ કરતાં અંદરમાં જાવું તો ભારે આકરું કહે. તને તો ખેદ થાય છે કહે. આમાં તો ઠીક પડે છે. સાંભળ ભાઈ! તને ખબર નથી. એને સમજાવે છે જુઓ.

**'શુદ્ધ થયા પછી તેનું આલંબન થશે; પહેલેથી જ આલંબનનો ખેદ નિષ્ફળ છે.' તેને આચાર્ય સમજાવે છે કે : જે દ્રવ્યપ્રતિક્રમણાદિક છે...'** એ શુભભાવ છે. આ સામાયિક કરવી, પોષા કરવી, પડિક્કમણા કરવા, જાત્રાઓ કરવી એ બધો શુભભાવ, **'તે દોષનાં મટાડનારાં છે,...'** કોને? સમકિતીને. સમજાણું કાંઈ? જેને આત્મદર્શન અને સમકિત થયું છે એને આવા શુભભાવો દોષના મટાડનારા છે. **'તોપણ શુદ્ધ આત્માનું સ્વરૂપ...'** ભગવાન આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ સત્ શાશ્વત, શાંતિ અને આનંદનું ધામ આત્મા. એના **'સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે...'** એ તો શુભ વિકલ્પ જે રાગ પડિક્કમણું ને ભક્તિ ને પૂજા ને એવો શુભરાગ એનાથી જુદી ચીજ છે. સુજાનમલજી! સંપ્રદાય જૈનમાં જન્મ્યા એને પણ ખબર ન મળે. એમ ને એમ જિંદગીયું નિરર્થક ચાલી જાય છે આહા..હા..! વાંચ્યું છે? થોડું વાંચ્યું છે. ચીમનલાલ ચકુનો લેખ આવ્યો છે. વાંચવા જેવો છે. તે દિ' અહીં વાંચતો હતો. લ્યો માનીએ પરરૂપ છે. એમ અહીં .. હશે, ફલાણું હશે. એમ કરીને ... આવા લેખ જૈન.

મુમુક્ષુ :- જૈન ધર્મના અગ્રેસર.

ઉત્તર :- અગ્રેસર આવા. અરર..! ત્રણ લોકના નાથ પરમેશ્વર, જૈન પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એની તો વાત સાંભળી નહિ. ઇ કોક કહે આ કીધું, આ કરો આ કરો કહે છે અને આ ગુરુ આ ધૂળેય નથી કહેતા. એ બીજાનું .. ફલાણું કોકે લખ્યું હતું. શંકરાચાર્ય. કહો, શંકરાચાર્ય. એનો ફલાણો ગ્રંથ છે એ વાંચો. મને એમાં બહુ મજા પડે છે. આહા..હા..!

મુમુક્ષુ :- મજા જ પડેને પોતાની વાતને ટેકો મળે એટલે.

ઉત્તર :- શું ટેકો મળે? આહા..હા..! જૈન પરમેશ્વર જેને એક સમયમાં એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા, જાણ્યા એ અરિહંત એની વાણી સિવાય જગતમાં ક્યાંય સાચું છે નહિ. બધે ગપ્પે ગપ્પ માર્યા છે વેદાંતેને. હવે એ શંકરાચાર્યનું વાચંવું એને કહો. જૈનના અગ્રેસર ત્યાં કહેવાય. બહુ લાંબુ છે. વાંચ્યું નથી?

મુમુક્ષુ :- ખરેખર અગ્રેસર.

ઉત્તર :- હા, વખાણ બહુ કરે લોકો. પણ એલા જૈન પરમેશ્વરમાં કોઈ શાસ્ત્ર છે કે નહિ? કે અન્યના જ વાંચવા? અન્યમાં છે કાંઈ ધૂળમાં? ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એ તો ઉદાર દિલવાળા માણસો.

ઉત્તર :- હા ઉદાર દિલ કે મૂઢ દિલવાળા માણસો છે. એ અમારા આ પણ કહેતો હતો ઇ. જયંતિભાઈ અમારે છેને. પાલિતાણાવાળા. એમ કે ફલાણો એક ગોરાનું વાંચે છે. બહુ સારું પકડે છે. પણ હવે તને કાંઈ જૈન પરમેશ્વર નવ તત્ત્વ કહે છે, છ દ્રવ્ય કહે છે એની તો ખબર ન મળે તને. અને આ વાંચવાના આ મળ્યા બીજા? વીતરાગ માર્ગમાં શું કહેવું છે? વીતરાગ શું કહે છે? આહા..હા..! ઇ અહીં કહે છે, ભાઈ! એ તું દ્રવ્ય પ્રતિક્રમણાદિ જે શુભભાવની ક્રિયા, પણ એને જો આત્મા અંદર એ ક્રિયાના રાગથી ભિન્ન છે એવી શુદ્ધની દૃષ્ટિ અને જો અનુભવ નથી એમાં કાંઈ લાભ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? .. આવ્યું આજ નહિ? ગુલાબરાયનું નહોતું આવ્યું? સૌને વાંધા આ. કેવળજ્ઞાની જો આપણે માનીએ તો કેવળજ્ઞાનીએ દેખ્યું એમ થાય તો પુરુષાર્થ રહેતો નથી. અરેરે..! ભગવાન! શું કરે છે તું?

મુમુક્ષુ :- ... કરવું.

ઉત્તર :- કર્યા ધૂળેય કરી શકતો નથી. આહા..હા..! કેમ .. લેખક હુશિયાર માણસ થઈને પુસ્તકો બનાવે. હવે આ વીતરાગ શું કહે છે? કાંઈક વાત સાચી લાગે છે. કેવળજ્ઞાન હોય, ફલાણું એમ હોય. પણ ગુલાબરાય છેને પ્રાણભાઈના ભાઈ. બહુ પુસ્તકો બહુ બનાવે બુદ્ધિવાળો માણસ બહારમાં. કાંઈ ખબર જ ન મળે અરે..! જૈન પરમેશ્વર શું કહે છે? નવ તત્ત્વ, ષટ્ દ્રવ્ય એ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. આહા..હા..! એમાં પણ અહીં તો આત્મા, પરમાત્મા અહીં તો વર્ણવે છે. ભાઈ! એ તારી ક્રિયાઓ છે શુભભાવની. પડિક્કમણા ને પોષા ને સામાયિક ને આ વંદના ને દાન ને દયા ને મંદિર કરાવવા ને જાત્રા એ બધો ભાવ પ્રભુ શુભ છે. એ પુણ્યાસ્રવ છે. એ પુણ્યાસ્રવ અંશે પાપને ઘટાડે છે, પણ કોને? જેને અંતર પુણ્ય અને પાપના ભાવથી ચૈતન્ય ભગવાન ભિન્ન છે એવી જેને અંતર દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ થઈ છે એને એ શુભભાવમાં રાગનો અંશ ઘટે એમ કહેવામાં આવે છે. જેને આત્મા શું વસ્તુ છે એનું ભાન પણ નથી એને આ રાગની ઘટાડવા, એમાં ધર્મ થાય ત્રણ કાળમાં ધર્મ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

જુઓને કહે છે, '**શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે...**' પ્રતિક્રમણ તો વિકલ્પ છે, રાગ છે, વૃત્તિ ઉઠે છે એ તો. આ કરું, આ મિચ્છામી દુક્કડમ, આ હોય, આ ન હોય. એ તો બધો શુભભાવ છે અને અશુભભાવ અને શુભ બેયથી આત્મા તો ભિન્ન ચીજ છે. કારણ કે પુણ્ય અને પાપ બેય તો આસ્રવ છે. નવ તત્ત્વમાં બે તો આસ્રવને ગણ્યા છે ભગવાને. હવે આસ્રવ છે એ સંવર ધર્મ થઈ જાય? નવની ખબર ન મળે જેઠાભાઈ! આહા..હા..! કહે છે કે એ

**'પ્રતિક્રમણાદિથી રહિત છે તેના આલંબન વિના...'** શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય વસ્તુ પદાર્થ છે. જ્ઞાયકભાવથી, આનંદથી ભરેલો પદાર્થ છે. આત્મતત્ત્વ છે, દ્રવ્ય છે, વસ્તુ છે, એનું જેને રાગના વિકલ્પથી રહિત આલંબનનો આશ્રય નથી એ **'દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે,...'** એને તો બધા પડિક્કમણા ને જાત્રા ને ભક્તિ ને પૂજા ને વ્રત ને તપ એ બધા દોષ-પાપસ્વરૂપ છે.

મુમુક્ષુ :- વિષકુંભ કહો બધું.

ઉત્તર :- ઝેર કહો. ઝેર આવ્યું હતુંને ઝેર. ઝેર કીધું છે. ઝેરનો ઘડો કીધો છે. આહા..હા..! ભગવાન આત્મા સુખનો સાગર, અમૃતનો સાગર આત્મા છે. એ અમૃતનો સાગર જે અનુભવ આનંદ એનાથી પુણ્ય અને પાપના પરિણામ તો વિરૂદ્ધ ઝેર છે. જગતને બેસવું કઠણ બાપુ આ. વીતરાગમાર્ગની વાત સાંભળવા મળે નહિ એને બિચારાને. એમ ને એમ જિંદગી જાય ચાલી. આહા..હા..!

મુમુક્ષુ :- .. દરકાર કરતા નથી.

ઉત્તર :- ઇ આ એને કેટલાકને બિચારાને સાંભળવા પણ ક્યાં મળે છે? અને આવે તો પછી સાંભળે તો એને પાછી આ વાત બેસે નહિ પાછી આ શું કહે? ઓલું બેઠું હોય અનાદિથી. અહીં તો પરમાત્મા એમ કહે છે, તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુ, કે ભાઈ! જેને એ શુભ અને અશુભરાગ એનાથી રહિત આત્મા છે એવી જેને સમ્યગ્દષ્ટિ નથી એના તો એ બધી પડિકમણા ને ભક્તિ ને પૂજાના બધા ભાવ દોષ છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! હવે બે ચાર, પાંચ લાખ દાનમાં આપી દે તો કાંઈ થાય કે નહિ ધર્મ એને? જગતના દેખાડવા માટે આપ્યા હોય તો તેને પાપ છે. પણ રાગની મંદતાથી આપ્યું હોય તો એને પુણ્ય થાય. અને એ પુણ્ય છે તે ઝેર છે. લાલજીભાઈ! લાલજીભાઈએ આપી હતીને રકમ એક કાંઈક નહિ? બધી ખબર છે. સાંભળ્યું તો હોય જ ને. બધું સાંભળેલું હોય. આફ્રિકા રહેતા પણ વાતું આવેને અહીં. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વરે જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા, જાણ્યા, ઇચ્છા તુટી ગઈ અને વીતરાગ થયા અને પછી કેવળજ્ઞાન થયું. એને જાણી જોઈને જે વાણી આવી એમાં તો આ આવ્યું છે. કહો, ડાહ્યાભાઈ! આહા..હા..! ભાઈ! તું દોષથી રહિત થવા માગે છો શુભભાવની ક્રિયા કરીને. ઇ એમાં તાકાત નથી. એ સ્વરૂપના આલંબનસહિત હોય તો એને જરી દોષ અંશે ઘટાડવાની તાકાત છે, પણ જેને સ્વરૂપની દૃષ્ટિનું આલંબન જ આવ્યું નથી એને શુભાશુભરહિત એવી સ્થિતિ જ જેને પ્રગટી નથી એને એ શુભભાવમાં ઘટાડવાનો અંશ એને ક્યાં આવે છે? આહા..હા..! ભારે આકરું કામ!

આહા..! જુઓને અત્યારે કેન્સરના રોગ, હાર્ટના રોગ. ઓહો..હો..! સાંભળીને. જયસુખભાઈને કેન્સર થયુંને મોટા ભાઈને. ...ભાઈ. .. બતાવા લાવ્યા હતા. ઘણા અત્યારે તો

સાંભળીએ છીએ. આ હાર્ટનું ... ભાઈના વહુ. ..ભાઈના વહુ ગયાને. મોરબીવાળા. એને આ છે. છોકરો આવ્યો હતોને લેવા. આવ્યો હતો લઈ ગયો અહીં આવ્યા. હાર્ટનું .. ઓય મારા આવા. આ .. હાડકા પિંડલા માટીના પિંડલા સડેલા છે બધા. એનાથી ભગવાન જુદો અંદર છે. આહા..હા..! આ તો જડ, માટી, ધૂળ છે આ તો. અને અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય, દયાના, દાનના, વ્રતના, તપના અને અપવાસના અને ભક્તિના, જાત્રાના, ભક્તિના, પૂજાના અને ભગવાન સ્મરણના અને ભગવાનની પ્રતિમાની પૂજાના અને એની સામે બેસીને સ્તુતિ ને ભક્તિ કરવાના ભાવ એ બધા શુભભાવ, પુણ્યભાવ છે. એમાં દોષના અંશ ટાળવાની શક્તિ ક્યારે? કે જો આ ત્રિકાળી ભગવાન આત્મા એ પુણ્ય અને પાપ વિનાનો એટલે જેમાં બેય ઘટાડવાની શક્તિ છે. આહા..હા..! અરેરે..! એ વાત કેમ બેસે? એવો સચ્ચિદાનંદ પ્રભુ સત્. સિદ્ધ અને આનંદનો ઘન પ્રભુ છે આત્મા. આહા..હા..! ઓલા બીજા સચ્ચિદાનંદ કહે છે એ નહિ હોં. ઓલા અન્ય મતિ કહે. આ તો સત્ શાશ્વત ચિદ્ ને જ્ઞાન ને આનંદનો ઘન છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે જોયો ઇ. આમ તો સચ્ચિદાનંદ બહુ ઘણા કહે છે. ઇ તો સમજ્યા વિનાના અજ્ઞાનીઓ. સમજાણું કાંઈ?

કહ્યું હતુંને અમારા ઉમરાળામાં એક ફેરી ભાઈએ. ઓલા સચ્ચિદાનંદ સ્વરૂપ આવેને. તો એ શેઠાણી હતી ફાવાભાઈની બા અમારા. લ્યો ભાઈ એમાં. સહજાનંદસ્વરૂપ આપણે ક્યાંથી આવ્યું? એ તો સ્વામીનારાયણમાં હોય કહે. એ સ્વામીનારાયણનું સહજાનંદ જુદું અને આ જુદું. ત્યાં ક્યાં હતું સહજાનંદ? એ તો નામ હતું. આ તો સ્વભાવિક સહજાનંદમૂર્તિ આત્મા એને અહીં સહજાનંદ કહે છે. સ્વામીનારાયણમાં કહે છે. લોટ લેવા આવે. સચ્ચિદાનંદ પ્રભુ એવું કાંઈક બોલે છે ખરા. લોટ લેવા આવેને જ્યારે કાંઈક. શું ભાષા બોલતા અમારે. અપાસરામાં હોયને બોટાદમાં. તો જોડે ઓલો ડેલો છે ત્યાં આવે લેવા. કાંઈક બોલતા ખરા, ભૂલી ગયા. તમને યાદ હશેને એય..! નાનુભાઈના દીકરા! ઓલા લેવા આવેને લોટ? ત્યારે શું બોલે છે? કાંઈક ભાષા બોલે. સચ્ચિદાનંદ પ્રભુ! એમ કહે. અમે નીકળ્યા ત્યારે એ શબ્દ બોલતા. બોટાદના અપાસરે બેઠા હોયને ત્યારે જોડે ડેલો છેને ઓલા ત્યાં લેવા આવે લોટ. ક્યાં ત્યાં સચ્ચિદાનંદ હતો? આહા..હા..! સચ્ચિદાનંદ તો આ આત્મા પોતે શાશ્વત સત્ અને એનું જ્ઞાન અને આનંદ એનો ત્રિકાળી સ્વભાવ એ શુભ અને અશુભની ક્રિયાના ભાવ એ એનો સ્વભાવ નથી. આહા..હા..! ભારે આકરું કામ ભાઈ!

કહે છે એ '**શુદ્ધ આત્માનું સ્વરૂપ કે જે પ્રતિક્રમણાદિથી રહિત છે...**' એટલે શુભક્રિયાથી રહિત છે. '**તેના આલંબન વિના...**' શુદ્ધ ચૈતન્ય આત્મા પવિત્ર ધામ એનો જેને આશ્રય અને આલંબન જ નથી એના '**વિના તો દ્રવ્યપ્રતિક્રમણાદિક દોષસ્વરૂપ જ છે,...**' દોષસ્વરૂપ જ છે. આહા..હા..! '**દોષ મટાડવાને સમર્થ નથી;...**' આહા..હા..! એ શુભભાવ તો એ આત્માના દોષને મટાડવાની તાકાત નથી. પોતે દોષસ્વરૂપ છે એ મટાડવાની ક્યાં તાકાત હોય? આહા..હા..! એમાં વ્રત પાળે અને અપવાસ કરે. કરે છેને આ બધા પર્યુષણમાં આઠ-આઠ અપવાસ, દસ-દસ

અપવાસ. હવે એ તો અપવાસ બધા શુભભાવ રાગની મંદતા હોય તો શુભભાવ પુણ્ય થાય. અહીંયાં તો રાગથી રહિત આત્મા અંદર છે એની દૃષ્ટિ નથી, એનો અનુભવ નથી, એનું આલંબન નથી, એનો આશ્રય નથી. આહા..હા..! ત્યાં સુધી બધા ભાવો દોષસ્વરૂપ છે. આહા..હા..! જુઓ, વીતરાગ આમ કહે હોં જગતને. વીતરાગ તો એમ કહે કે અમારા નામનું સ્મરણ કર ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... ણમો અરિહંતાણં... એ શુભભાવ દોષસ્વરૂપ છે. જગતને કઠણ પડે. સમજાણું કાંઈ? કારણ કે રાગ છે એ. પરતરફની વૃત્તિ છે ઇ. સ્વનો આશ્રય નથી એમાં. આહા..હા..!

**'દોષ મટાડવાને સમર્થ નથી; કારણ કે નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...'** એ વ્યવહાર હોય છે. પણ કોને એ વ્યવહાર કહેવાય? કે જેને એ પુણ્ય અને પાપના રાગથી રહિત ચૈતન્ય સ્વરૂપ નિશ્ચયનું સ્વરૂપ જેને દૃષ્ટિમાં, અનુભવમાં, વેદનમાં, આશ્રયમાં, આલંબનમાં આવ્યું છે. એવા સમ્યગ્દૃષ્ટિ જીવને એ **'નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...'** આહા..હા..! કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ :- ... પરની ખબર

ઉત્તર :- ખબર નથી. વિધિએ ક્રિયા કરવી, અવિધિએ ન કરવી એ .. જાઓ. પણ કઈ વિધિ? હવે સાંભળને. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર તેનો જગતથી જુદી જાતનો માર્ગ છે. સંપ્રદાયમાં જન્મ્યા એને ખબર ન મળે. આહા..હા..! જુઓને આ લેખ એવો આવ્યો છે. અગ્રેસર મોટા માન ધરાવે છે. એ અહીં બોલ્યા હતા ૨૫ વર્ષ પહેલા. આ આ હતુંને જ્યારે આપણે ૯૭મી. ત્યારે અહીં રહી ગયા હતા મહિનો. તો વાત ચર્ચા ચાલી હતી એની સાથે. ત્યારે માની લઈએ લ્યો કે પરભવ છે. આ એવું છે. પુનર્જન્મ હશે, ફલાણું હશે. અરેરે..! આવા. હવે એને એક સમયમાં આત્માને કેવળજ્ઞાન હોય, પરમેશ્વર અરિહંતને ત્રણ કાળનું જ્ઞાન હોય એ કેમ બેસે? સમજાણું કાંઈ? ગજ જ્યાં નાના ત્યાં માપ કરતા આવડે નહિ.

એક સમયમાં, સેકન્ડનો અસંખ્યમો ભાગ એક સમય. એમાં ભગવાને ત્રણ કાળ, ત્રણ લોક એક સમયમાં સાક્ષાત્ દેખે છે. અનંતા સિદ્ધો તો પરમાત્મા સિદ્ધમાં બિરાજે છે. સીમંધર ભગવાન આદિ વર્તમાન મહાવિદેહમાં બિરાજે છે. તીર્થંકરપણે, કેવળજ્ઞાનીપણે મહાવિદેહમાં સાક્ષાત્ મોજુદ અત્યારે છે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે એવા વીસ તીર્થંકરો તો બિરાજે છે. આ મનુષ્યક્ષેત્રે હોં આ જમીન ઉપર. મહાવિદેહ છે મહાવિદેહ. સમજાણું કાંઈ? એ ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. આ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા બે હજાર વર્ષ પહેલા. આઠ દિ' રહ્યા અને ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. આહા..હા..! કેમ બેસે? દરકાર ન મળે અરેરે..! હું ક્યાં જઈશ? શું થશે? ચોર્યાસીના અવતાર કરી કરીને સોથા નીકળી ગયા છે. કીડા ને કાગડા ને કૂતરાને. આહા..હા..! ઓલા કાલે નહોતું કહ્યું .. એકેન્દ્રિયના ૧૭ બોલ? તમે હતા? ૧૭ બોલ

લખ્યા છે ભાઈએ. એકેન્દ્રિયના હણાણા, છેદાણો, ભેદાણો. હા એ. બહુ લખાણ. હા એવું કહ્યું છે. આહા..હા..!

મુનિઓને પણ સાચા સંત આત્મજ્ઞાની એને પણ ચામડા ઉતરડીને ખાર છાંટ્યા છે. એવા ઉપસર્ગ અને પરિષહ. આહા..હા..! આનંદમાં રમતા વીતરાગભાવ. અમે તો જાણનાર-દેખનાર છીએ જાણનાર-દેખનારના. અમે છીએ જાણનાર-દેખનાર. જાણનાર-દેખનારના. આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહિ. ઓલા રજનીશ અને ઓલા સાંઈબાબા એ બધા ગપ્પ મારે છેને. મુંબઈમાં બહુ ચાલે છે ઓલા સાંઈબાબાનું. વાણિયા જૈન નામ રાખે સાંઈબાબા આમ કરો. હવે રજનીશ વળી ભગવાન કહેવાય. રજનીશ છેને ઇ કોક. હતો તો જૈન પહેલો, પણ હવે થઈ ગયો ઓલો. આહા..હા..! અરે..! પરમેશ્વર જેને આત્મા સર્વજ્ઞ સ્વરૂપી પ્રભુ. આત્મામાં સર્વજ્ઞ સ્વભાવ અનાદિથી પડ્યો છે. એને આત્મા કહીએ. આહા..હા..! ખરેખર તો અલ્પજ્ઞ અને રાગ એ આત્મા નહિ. આહા..હા..! એય..! સર્વજ્ઞ સ્વરૂપ પૂર્ણ જેનું એવી શક્તિ પડી છે. અરેરે..! વિશ્વાસ ક્યાંથી લાવવો? આહા..હા..! આ આત્મા સર્વજ્ઞ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિના સ્વભાવવાળું આ તત્ત્વ છે. જ્યારે એ સ્વભાવમાં સર્વજ્ઞપણું હતું એ પરમાત્માને પર્યાયમાં પ્રગટ થઈ ગયું. અરિહંતને શક્તિમાં હતું એ પ્રગટ વ્યક્તમાં થયું. એ પર્યાય પ્રગટ થયા પછી એ વાતું કરી છે.

કહે છે કે '**નિશ્ચયની અપેક્ષા...**' જેને સ્વદ્રવ્યનો આશ્રય થયો છે. આહા..હા..! એવી '**અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે,...**' વચ્ચે એવો શુભભાવ આવે છે. ભક્તિનો, પૂજાનો, વ્રતનો, તપનો એવો ભાવ હોય છે, પણ એ ભાવ પુણ્યબંધનું કારણ છે. ધર્મ તો એનાથી રહિત ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ અને સ્થિરતા અંદર. જેનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એ સ્વભાવમાં શ્રદ્ધા અને એ સ્વભાવની રમણતા એ નિશ્ચય અને એમાં પૂર્ણ વીતરાગતા ન હોય ત્યારે આવો વ્યવહાર વચમાં હોય છે ભક્તિ, પૂજા, વ્રત, તપ, દાન એનો ભાવ શુભ. આહા..હા..! શુદ્ધતાના આત્માના ઉપયોગ સહિતવાળાને શુભ વચ્ચે આવે છે. એને વ્યવહાર કહેવામાં આવે છે. જેને શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિ અને ઉપયોગ જ થયો નથી એને તો વ્યવહાર પણ શુભને કહેવામાં આવતો નથી. એ તો અભવિએ પણ એવું અનંતવાર કર્યું છે. નવમી ગ્રૈવેયકે જાય છે જ્યારે 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો' દ્રવ્ય સંયમ એવા સમ્યગ્દર્શન શું એનું ભાન ન મળે અને ક્રિયાકાંડમાં એમાં ઉતરી ગયા. હજારો રાણી છોડીને. એ તો બધો શુભભાવ મિથ્યાત્વસહિત છે. આહા..હા..! આત્મા તદ્દન નિષ્ક્રિય રાગની ક્રિયા અને દેહની ક્રિયા વિનાનો છે. આહા..હા..! તે બીજાને જીવાડે શકે નહિ, બીજાને મારી શકે નહિ, બીજાથી જીવીને જીવી શકે નહિ. એવો જે ભગવાન ચૈતન્ય સ્વરૂપ એની જેને દૃષ્ટિ છે એનું સમ્યગ્દર્શનનો અનુભવ છે એને વચમાં આવો વ્યવહાર આવે એ વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..!

**'કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી,...'** છે? આત્માના સમ્યગ્દર્શન વિના, સમ્યગ્દર્શન એને લોકોએ એમ માન્યું કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન. એ સમ્યગ્દર્શન નહિ એ તો શુભરાગ છે. આ નવ તત્ત્વની શ્રદ્ધા કરે એ સમકિત. હવે એ તો નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા તો શુભરાગ છે. આહા..હા..! આત્મા રાગ વિનાની ચીજ અંદર પૂર્ણાનંદનો નાથ પૂર્ણ સ્વરૂપ એની શ્રદ્ધાના જ્ઞાનમાં આવતા એના વેદનમાં શાંતિ આવે એની અંદરમાં પ્રતીતિ થાય એને સમકિત કહે છે. આહા..હા..! કહો, ડાહ્યાભાઈ! આહા..હા..! પર્યાય ફરી ગઈ. આહા..હા..!

**'નિશ્ચયની અપેક્ષા સહિત જ વ્યવહારનય મોક્ષમાર્ગમાં છે, કેવળ વ્યવહારનો જ પક્ષ મોક્ષમાર્ગમાં નથી, બંધનો જ માર્ગ છે.'** લ્યો, આટલો તો પંડિત ખુલાસો કરે છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી પ્રભુ, જ્ઞાનસ્વભાવી આત્મા એનો જો અનુભવ નથી, એનું સમ્યગ્દર્શન અનુભવથી નથી એને તો વ્યવહાર કહેવામાં પણ આવતો નથી. આહા..હા..! અને હોય તો તે એકલો બંધનું કારણ છે. આહા..હા..! **'માટે એમ કહ્યું છે કે-અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ;...'** મિથ્યાદૃષ્ટિના જેટલા શુભ અને અશુભભાવ એ તો ઝેરના ઘડા છે. આવો માર્ગ છે. એ તો અરિહંતા શરણં, સિદ્ધા શરણં, એ મૂકીને આત્મા શરણં. અહીં તો એ વાત છે. એવી વાત છે. **'અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ;...'** વિષકુંભ. વિષના, ઝેરનો કુંભ-ઘડો. **'તેમની તો વાત જ શી?'** કહે છે. જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે, પુણ્યમાં ધર્મ માને છે, પાપમાં ઠીક મજા પડે છે. લક્ષ્મી આદિની સગવડતાથી કાંઈક મને ઠીક પડે છે એમ માનનારા તો મિથ્યાદૃષ્ટિ, મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? સારા દીકરા હોય, દીકરીયું સારે ઠેકાણે વરે, દીકરા સારા ઠેકાણે વર્યા હોય, વળી પાંચ-દસ લાખ રૂપિયા લાવ્યા હોય સાસરેથી. શું કહેવાય દહેજમાં, કરિયાવરમાં. મજા-મજા. બાદશાહી છે. ધૂળેય નથી હવે સાંભળને. સારો ભિખારો છે. પરમાં સુખબુદ્ધિ એ જ પાખંડ અને મિથ્યાત્વ છે. ભગવાનજીભાઈ! આવી વાતું છે. જગતથી જુદી છે, બાપુ! આહા..હા..!

ક્યાંય પણ આત્માના આનંદ સિવાય ક્યાંય પણ ઠીકપણું, હિતપણું ઠીક એ મિથ્યાત્વનું ઉત્સાહિત વીર્ય ક્યાંક થઈ જાય એ બધો મિથ્યાત્વભાવ છે. કહો, પાંચ-પચાસ લાખ મળ્યા માટે અમે સુખી છીએ. મૂઢ છે. વીતરાગની આજ્ઞાને માનતો નથી. આહા..હા..! ભારે આકરું કામ! ચક્રવર્તી હતા છ ખંડના ધણી ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત. છ ખંડનું રાજ, ૩૨ હજાર રાજા ચામર ઢાળે. પણ સમકિતી હતા. ક્યાંય એને સુખબુદ્ધિ હતી નહિ. આહા..હા..! ક્યાંય ઠીક નહોતું લાગતું. રુચિ જ્યાં આત્મામાં હતી એને ક્યાંય રુચિ જામતી નહોતી. દુનિયા એમ દેખે કે આ હીરાના સિંહાસનમાં બેઠા છે. અપ્સરા જેવી રાણી છન્નું હજાર છે. ક્યાંય સુખ નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને સુખની બુદ્ધિ તો આત્મામાં છે. સમજાણું કાંઈ? ઇન્દ્રના ઇન્દ્રાસન ઇન્દ્ર છે લ્યોને. અત્યારે શક્રેન્દ્ર, પહેલા દેવલોકનો ઇન્દ્ર સુધર્મ. સુધર્મ દેવલોક છેને? ૩૨ લાખ વિમાન. એમાં

શક્રેન્દ્ર સમકિતી છે. એની રાણી સમકિતી છે. બેય ત્યાંથી એક ભવ કરીને મોક્ષ જનારા છે. ક્યાંય સુખ ભાસતું નથી એને. ઇન્દ્રના ઇન્દ્રાસનમાં ઝેર દેખાય છે. એના તરફનો વિકલ્પ ઉઠે એ ઝેર દેખાય છે. આહા..હા..! આ આંતરા કેમ પડે? સમજાણું કાંઈ? આમ ને આમ અમને શ્રદ્ધા છે સમકિત લ્યો. દેવ-ગુરુ માને, હવે કરો વ્રત અને તપ. સંયમ થઈ ગયો. ધૂળેય નથી તને સાંભળને. આહા..હા..! આત્માના આનંદ સિવાય ક્યાંય એક શુભરાગના ભાવમાં પણ સુખ નથી એવી બુદ્ધિ ઉડી જાય. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ શુભ છે. કાંઈ ધર્મથી બંધાય? આહા..હા..! બંધન તો રાગથી બંધન છે. એ રાગ પણ જ્ઞાનીને દુ:ખ લાગે છે. ભારે આકરું કામ! સમજાણું કાંઈ?

જેને સંસારની દુકાન ઉઠાવી નાખવી હોય એને માટે આ વાત છે. કાંઈ થોડું એમાં પણ મજા પડે અને અહીં મજા પડે એમ એક મ્યાનમાં બે તલવાર નહિ રહે. એક મ્યાનમાં બે તલવાર નહિ રહી શકે. એમ ક્યાંક બાયડીમાં સુખ લાગે, પૈસામાં સુખ લાગે, કાંઈક ઠીક લાગે, છોકરા સારા થયા, પૈસા. આબરૂ મોટું નાક વધ્યું, આબરૂમાં ઠીક લાગે અને આત્મામાં પણ ઠીક લાગે એમ બે નહિ રહે. આહા..હા..! સમજાણું કાંઈ? લાલજીભાઈ! મારે ખુલાસો કેવો કર્યો છે જુઓને. પંડિતે પણ જે અંદર છે એવો ખુલાસો કર્યો છે.

કહે છે '**અજ્ઞાનીને જે અપ્રતિક્રમણાદિક છે તે તો વિષકુંભ છે જ; તેમની તો વાત જ શી? પરંતુ વ્યવહારચારિત્રમાં જે પ્રતિક્રમણાદિ...**' પરિહારના અને નિંદા અને ગ્રહણા કરવી, મિચ્છામી દુક્કડમ એવા જે ભાવ શાસ્ત્રમાં કહ્યા '**તે પણ નિશ્ચયનયે વિષકુંભ જ છે,...**' આહા..હા..! ગજબ વાતું. આ બધા ઉના પાણી પીવા અને અપવાસ કરવા, ઉપધાન કરવા ૪૫ દિ'ના.

મુમુક્ષુ :- ઉંધે રસ્તે.

ઉત્તર :- ઉંધે. ત્યાં તો એમ માને કે આપણે તપ કર્યું. ૪૫ દિ' અપવાસ કરે. એક દિ' ખાય અને એક દિ' નહિ. અને એક દિ' સેંકડોવાર ભગવાનને ઉઠ બેસ કરે ભગવાન પાસે. ધર્મ થઈ ગયો. ધૂળેય ધર્મ નથી સાંભળને. એ તો શુભરાગમાં મંદ હોય તો પુણ્ય છે. પણ એ પણ શુભભાવ અને વ્યવહાર એને કહીએ કે જેને રાગરહિત આત્માની નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ છે એને માટે ઓલાને વ્યવહાર કહેવામાં આવે છે. એના પણ પડિક્કમણાદિ વ્યવહાર છે, તે પણ નિશ્ચય એ તો ઝેરનો ઘડો છે. આહા..હા..! વીતરાગનો માર્ગ આ છે. કેવળી પરમેશ્વર આવો માર્ગ છે. લોકો એને ક્યાંકને ક્યાંક ચડાવી દે. ... ... એમ કેમ? ઓઠીંગણ દે તો ઉંઘ આવે જ ને. ઓલીકોર ઓઠીંગણ આનીકોર બે ઠેકાણે ઓઠીંગણ. '**કારણ કે આત્મા તો પ્રતિક્રમણાદિકથી રહિત,...**' આહા..હા..! એ શુભની ક્રિયા રહિત આત્મા તો અંદર છે નિર્મળ. '**શુદ્ધ, અપ્રતિક્રમણાદિ-સ્વરૂપ જ છે.**' ત્રીજી.

## કળશ-૧૮૮

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
प्रलीनं चापलमुन्मूलितमालम्बनम्।
आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः॥188॥

હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [अतः] આ કથનથી, [सुख-आसीनतां गताः] સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા) [प्रमादिनः] પ્રમાદી જીવોને [हताः] હત કહ્યા છે (અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે), [चापलम् प्रलीनम्] ચાપલ્યનો (-વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે (અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી), [आलम्बनम् उन्मूलितम्] આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે), [आसम्पूर्ण-विज्ञान-घन-उपलब्धेः] જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી [आत्मनि एव चित्तम् आलानितं च] (શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે (-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે કારણ કે તે જ મોક્ષનું કારણ છે). 188.

---

## કળશ-૧૮૮ ઉપર પ્રવચન

'હવે આ કથનના કળશરૂપે કાવ્ય કહે છે :-' ૧૮૮ માથે કળશ છેને?

अतो हताः प्रमादिनो गताः सुखासीनतां
चापलमुन्मूलितमालम्बनम्।
प्रलीनं आत्मन्येवालानितं च चित्त-
मासम्पूर्णविज्ञानघनोपलब्धेः॥188॥

અરે..! 'આ કથનથી, સુખે બેઠેલા (અર્થાત્ એશઆરામ કરતા) પ્રમાદી જીવોને હત કહ્યા

**છે...**' અજ્ઞાની જેને આત્માનું કાંઈ ભાન જ નથી અને એકલા પ્રમાદના ભાવ શુભ-અશુભમાં પડ્યા છે. ... પડ્યા છે. અશુભભાવ થોડો ઘટ્યોને શુભ વધારે. ... એવા પ્રમાદી જીવોને હત કહ્યા છે. '**(અર્થાત્ મોક્ષના તદ્દન અનધિકારી કહ્યા છે),...**' અનઅધિકારી. અધિકારી નથી એમ જરી. આહા..હા..! અજ્ઞાની જેને આત્મા શું ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ નથી અને એને એકલા અજ્ઞાનપણામાં જે શુભાશુભભાવ થાય છે એવા જીવોને તો અનધિકારી કહ્યા છે. ધર્મને માટે તારો અધિકાર જરીએ નથી. આહા..હા..! એવી વાતું કહેનારા ઘણા. હવે આ (વાત) બેસાડવી કઠણ પડે. ઓલા કહે કે ભાઈ એકવાર, બેવાર જાત્રા કરો શેત્રુંજયની. લ્યો કારતક સુદ પુનમની અને આસો સુદ પુનમની ચૈત્ર સુદ પુનમની સાંજે પડિક્કમણું કરો મિચ્છામી દુક્કડમ. બધા પાપ નાશ થઈ જાય. અહીં કહે છે કે હરામ નાશ થતા હોય તો. સાંભળને. તારો એવો શુભભાવ હોય તો પુણ્યબંધન છે. ધર્મ નહિ. આહા..હા..! એવા અનધિકારી કહ્યા છે. તદ્દન અનધિકારી.

હવે '**ચાપલ્યનો (-વિચાર વિનાના કાર્યનો) પ્રલય કર્યો છે...**' એમ. '**(અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી),...**' હવે આવ્યું બીજું. '**आलम्बनम् उन्मूलितम्**' હવે સમ્યગ્દૃષ્ટિને પણ જે શુભભાવનું આલંબન વ્યવહારે હતું (તે) ઉખેડી નાખ્યું છે. જોયું? પહેલા એકલા અજ્ઞાનીની વાત હતી. મિથ્યાદૃષ્ટિની. એક કળશમાં બે વાત. એય..! સુખે-સુખે બસ શુભભાવ કરીએ છીએ, આ શુભ પણ થાય છે અને એ અશુભ શુભથી ઘટી જશે. એમ જે અજ્ઞાનીઓ સુખે બેઠા છતાં સ્વરૂપની દૃષ્ટિના પ્રયત્નો કરતા નથી. આહા..હા..! અંતરના સ્વભાવ સન્મુખમાં જવાને લાયક જ નથી. એવાને તો અનધિકારી કહ્યા છે.

'**(અર્થાત્ આત્મભાન વિનાની ક્રિયાઓને મોક્ષના કારણમાં ગણી નથી),...**' જાઓ. '**આલંબનને ઉખેડી નાખ્યું છે...**' ઇ બીજામાં આવ્યું. સમ્યગ્દર્શન છે, આત્માનું ભાન છે. છતાં એને હજી શુભભાવ વ્યવહારે આવે છે. એ આલંબનને ઉખેડી નાખ્યું. એના ઉપરથી લક્ષ છોડી દે. આહા..હા..! પહેલા બોલમાં મિથ્યાદૃષ્ટિના શુભ-અશુભભાવને ધર્મને માટે અનધિકારી કહ્યા. બીજા બોલમાં સમકિતી આત્મજ્ઞાની જીવ છે એને પણ શુભભાવ અંદર જે આવે છે એને પણ અહીં છોડાવી દીધું. આહા..હા..! બંધનું કારણ છે. ધર્મી જીવને પણ એવો શુભભાવ આવે, વ્યવહાર-નિશ્ચય સહિતમાં એવો આવે, પણ છે એ બંધનું કારણ. સમજાણું કાંઈ? અરે..! જૈન પરમેશ્વરના શાસ્ત્ર કેટલા ભર્યા છે! હવે એને મૂકીને બીજાના વાંચવા, એનામાં કાંઈ સાચી ગંધ પણ ન મળે. લોકોને ઇ સારું લાગે. ફલાણે કર્યા ... ફલાણું... શંકરાચાર્યના. એનું પુસ્તક આવ્યું છે હમણા. એના વાંચે. એલા જૈનમાં કાંઈ પુસ્તક નથી કોઈ એવા? અરે..! જગતને શું થાય? આંધળું જગત. એના જેવા આંધળા હોય એને મોટા માને. આહા..હા..!

જેને હજી તત્ત્વ વીતરાગ પરમેશ્વરે કહ્યું કે દ્રવ્ય એટલે વસ્તુ અને ગુણ એટલે એની શક્તિ

સ્વભાવ. એવા આત્માનું જેને જ્ઞાન નથી. સ્વસન્મુખની જેની દૃષ્ટિ નથી. સ્વસન્મુખમાં વળેલો જ નથી. એકલી પરસન્મુખની ક્રિયા જે છે એકલી એવાઓને તો અનધિકારી કહ્યા છે. એને તો વ્યવહાર પણ છે નહિ. પણ વ્યવહારવાળા અહીં બીજામાં લીધા હવે.

**'આલંબનને ઉખેડી નાખ્યું છે (અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),...'** લ્યો, આહા..હા..! 'आसम्पूर्ण-विज्ञान-घन-उपलब्धेः' ક્યાં સુધી કહે છે કે એને એ કરવા? **'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી...'** આહા..હા..! આત્માને જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય. આહા..હા..! ત્યાં સુધી શુભભાવને હેય જાણીને છોડવો અને અંતરનો આશ્રય લેવો. આહા..હા..! ભારે આકરું કામ! ભાઈ! અમે ગૃહસ્થાશ્રમમાં, અમારે ધંધા કરવા, બાયડી-છોકરાને નભાવવા. હવે ઇ કરવા જઈએ કે આ બધું કરવા જઈએ? અરે..! કોણ બાયડી-છોકરા હતા હવે સાંભળને. એમ કહે છેને કેટલાક? શેઠ કહેતા. કે અમે તો ગૃહસ્થાશ્રમી છીએ મહારાજ! પણ ગૃહસ્થાશ્રમી છે તે શું છે? ધર્મ છે? એને ઘરે ઉતર્યા હતા ત્યાં દિલ્હી-દિલ્હી. દિલ્હીને? ચાલીસ કરોડ રૂપિયા. ચાલીસ લાખનું તો એક મકાન એવા તો કેટલાય મકાન. મહારાજ અમે ગૃહસ્થી છીએ એને માટે બીજો કાંઈક હશેને માર્ગ? બાપુ! માર્ગ તો કીધું આ છે. એ આત્માનું સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી વચ્ચે શુભ આવે એ પુણ્યબંધનું કારણ છે એ ગૃહસ્થાશ્રમનું કારણ છે. ગૃહસ્થાશ્રમને માટે પુણ્યભાવ એ ધર્મ છે અને મુનિને અંદર શુભ ઉપયોગ એ ધર્મ છે એમ નથી. આહા..હા..!

અહીં તો ઇ કહે છે જુઓને. **'(અર્થાત્ સમ્યગ્દૃષ્ટિના દ્રવ્યપ્રતિક્રમણ વગેરેને પણ...'** વગેરે નાખે. નિંદા, ગ્રહણા, ધારણા, ભગવાનનું આમ ધ્યાન કરવું લક્ષમાં લઈને, પ્રતિમાનું. સાક્ષાત્ ભગવાન હોય તો સમવસરણ. પણ એ તો પરદ્રવ્ય છેને? પરદ્રવ્યને અંદર વિચારમાં લેવો એ તો શુભભાવ છે. એ પુણ્યભાવ છે. એ **'નિશ્ચયથી બંધનું કારણ ગણીને હેય કહ્યાં છે),...'** ભગવાને તો એને હેય-છોડવા યોગ્ય એમ કહ્યા. હો ભલે, પણ છે છોડવાલાયક. કારણ કે રાગ સર્વથા છૂટી જાય ત્યારે કેવળજ્ઞાન થશે. કેવળીને રાગ નથી અને સિદ્ધને નથી. ત્યારે આ તો રાગ છે. **'જ્યાં સુધી સંપૂર્ણ વિજ્ઞાનઘન આત્માની...'** જ્ઞાનમાં પૂર્ણ જાણ્યું ન જાય ત્યાં સુધી **'आत्मनि एव चित्तम् आलानितं च' '(શુદ્ધ) આત્મારૂપી થાંભલે જ ચિત્તને બાંધ્યું છે...'** શુદ્ધ ભગવાન આનંદઘન પ્રભુ એને થાંભળે ચિત્તને આમ બાંધ્યું છે. આમ રખડતું છે શુભભાવમાં. આહા..હા..!

**'(-વ્યવહારના આલંબનથી અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે...'** આહા..હા..! ભાઈ! ચૈતન્ય ભગવાન વસ્તુ છે, તત્ત્વ છે, સિદ્ધાંત છે, અનંત-અનંત ગુણનો ભંડાર આત્મા છે. કેવળજ્ઞાનની પર્યાય તો એ પર્યાય છે. એવી અનંતી... અનંતી... અનંતી... અનંતી... પર્યાયનો પિંડ અંદર જ્ઞાનમાં છે. આહા..હા..! અંદરમાં લીન

છે કીધું હતુંને? સામાન્ય ચેતનામાં ચેતનાની વૃત્તિઓ અંદર લીન છે. (અવ્યક્તના) છ બોલમાં કહ્યું છે. છ બોલ નહિ ૪૯. સામાન્ય ચેતનામાં વિશેષ જ્ઞાનની વ્યક્તિઓ પર્યાયો અંતરલીન છે. ૪૯ ગાથા. સમયસાર. છ બોલ છે. એનો આ ત્રીજો બોલ છે. પણ ઇ આત્મા એટલે શું? એટલે કાંઈ નહિ બસ. આત્મા એટલે આ દયા પાળે, વ્રત પાળે એ આત્મા. એ તો બધો વિકલ્પ છે. આત્મા ઇ છે? અંદર વસ્તુ અંદર આનંદનું દળ પડ્યું છે અંદર. ચૈતન્યનો પિંડ છે એ તો. અનાદિ-અનંત ધ્રુવ ચીજ છે. આદિ વિનાનો એનો કોઈ કર્તા નથી. છે અનાદિથી. ઘણાને ઇ શંકા પાછી. વસ્તુ હોય તો કોઈ કર્તા તો હશે? ધૂળેય કર્તા નથી. કર્તા તો આવું કરે? કસાયખાને બોકડા કાપે એવું કર્તા કરે? આહા..હા..! અનાદિ-અનંત સ્વયંસિદ્ધ વસ્તુ છે. એનો કોઈ કર્તા-ફર્તા નથી. આહા..હા..! એવી સત્ ચીજ પોતાની ધ્રુવ જે નિત્યાનંદ અનાદિ-અનંત આદિ અને અંત વિનાની ચીજ. એમાં ચિત્તને રોક્યું છે, થંભાવ્યું છે. એ થાંભલે ચિત્તને રોક. આહા..હા..! ત્યાં બાંધ્યું જોયું? વ્યવહારના આ કરું... આ કરું. વિકલ્પો છે. એને છોડાવીને સ્થિરતામાં લાવ્યા છે. આહા..હા..!

**'અનેક પ્રવૃત્તિઓમાં ચિત્ત ભમતું હતું તેને શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં...'** કેવો આત્મા? શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મા એમ કીધું. જાણક સ્વભાવથી ભરેલો ભગવાન. જેમાંથી કેવળજ્ઞાન અને કેવળદર્શન અનંત આનંદ જેમાં પ્રગટે એવું જે નિજ તત્ત્વ એમાં ચિત્તને ચોંટાડ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુરુષાર્થે તો શું ન જણાય? પુરુષાર્થે તો બધું થાય. આહા..હા..! એમ નહિ કે અમે પણ ગૃહસ્થાશ્રમના સાધારણ માણસ એને આવી વાતું કેમ બેસે? ...જી! આત્મા અંદર છે એ ગૃહસ્થાશ્રમેય નથી અને મુનિય (નથી.) એ તો આનંદનો નાથ જ્ઞાનનો પિંડ, શ્રદ્ધાનો સાગર એકલો સુખનો સાગર, શ્રદ્ધા સમકિતનો સાગર છે એ તો. એમાં જે શ્રદ્ધા નામનો ગુણ છે એ તો મહાસાગર છે. એમ એની પ્રતીત અને અનુભવ કરીને શ્રદ્ધા કરવી એનું નામ સમકિત છે. અને એ સમકિત વિના ધર્મની શરૂઆત ત્રણ કાળમાં ક્યાંય નહિ. વીતરાગમાર્ગમાં નથી. અન્યમાં તો છે નહિ. આહા..હા..! ભારે માથુ ફરી જાય કહે છે. એમ લાગે કે આ નહિ થઈ શકતું હોય? પણ થઈ શકે છે માટે તો આ ઉપદેશ કર્યો.

ભાઈ! તું છોને? છે એને પ્રાપ્ત કરવો એમાં શું વિશેષતા? આનંદનો નાથ શુદ્ધ ચૈતન્યઘન દેહ દેવળના દોરમાંથી જુદો અંદર પડ્યો છે. આ તો માટી છે. અજીવ તત્ત્વ. એ તો અજીવ થઈને આ તો રહ્યું છે કે જીવ થઈને રહ્યું છે? પૈસા શું થઈને રહ્યા હશે? અજીવ થઈને રહ્યા હશે? કે જીવના થઈને રહ્યા હશે? જીવના થઈને રહે તો તો એ અજીવ અરૂપી થઈ જાય. આહા..હા..! પૈસા તો અજીવ થઈને રહ્યા છે. આ શરીર અજીવ થઈને રહ્યું છે અને પુણ્ય અને પાપ એ આસ્રવ થઈને રહ્યા છે અને ભગવાન અનંત આનંદ અને જ્ઞાન થઈને રહ્યો છે. આહા..હા..! શું થાય? અરેરે..! ચોર્યાસીના અવતાર કરી કરીને સોથા નીકળી ગયા બાપા! અરે..! નિગોદના એક શ્વાસમાં અઢાર

ભવ. આહા..હા..! આ શ્વાસ લેને એમાં તો નિગોદ છેને બટાટા, શક્કરકંદ, આલુ, ડુંગળી, લસણ, એક કટકીમાં તો અસંખ્ય તો ઔદારિક શરીર, એક શરીરમાં અનંતગુણા જીવ છે. સિદ્ધ કરતા અનંતગુણા જીવ. આહા..હા..! ત્યાં અનંતવાર રહ્યો છે. આહા..હા..! ભૂલી ગયો એ મારો. બહાર જ્યાં આવ્યો ત્યાં થઈ રહ્યું જાઓ. આહા..હા..! ભાઈ! તારી ચીજ તો અંદર પડી છે હોં. પડી છે એને પ્રાપ્ત કરવી છે પર્યાયમાં. પર્યાયમાં પર ઉપર ગયો છે. આહા..હા..! એને કહે છે કે ધર્મી જીવને પણ આત્માની દૃષ્ટિ અને અનુભવ સમકિત હોવા છતાં જ્યારે શુભભાવમાં હોય છે ત્યારે ચિત્ત બહારમાં ભમ્યા કરે છે. આહા..હા..! એને અંદરમાં સ્થાપવા થાંભલે બાંધ્યો અંદર. ધ્રુવને થાંભલે જ્ઞાનની પર્યાયને રોકી. પર્યાય શું, દ્રવ્ય શું? પર્યાય અવસ્થા હાલત ચાલે છેને દશા? એ દશા જે હાલત છે એ જ્ઞાનની અવસ્થા એ પર્યાય કહેવાય. એ પર્યાયને અંદર ધ્રુવમાં વાળી છે. આહા..હા..!

અરે..! જૈનના કથનો ભુસાઈ ગયા. ઓલા ભાઈએ કીધું છેને અવાવરા કૂવા જેવું થઈ ગયું છે. અવાવરો કૂવો હોયને એ પાણી નીકળે નહિ... માથે કુચા ભર્યા હોય ઓલા ભર્યા હોય. અવાવરો કૂવો સમજો છો? .. માથે કુચા પડ્યા હોય... એમ જૈનદર્શનમાં અવાવરા કૂવા જેવું થઈ પડ્યું એમ લખ્યું. આહા..હા..! પાણીને કાઢીને વાપરનારા ઓછા થઈ ગયા. આહા..હા..!

**'શુદ્ધ ચૈતન્યમાત્ર આત્મામાં જ લગાડવાનું કહ્યું છે...'** ભગવાને. એ શુભનું પણ લક્ષ છોડી દઈ અને ચૈતન્યમાં જા. જ્યાં જા ત્યાં આનંદસ્વરૂપ છે. એમાં ચિત્તને રોક. એમ ભગવાને કહ્યું છે. શુભમાં રોકાવા કરતા અંદરમાં જા. આહા..હા..! **'કારણ કે તે જ મોક્ષનું કારણ છે).'** લ્યો, છેલ્લું લખ્યુંને? આહા..હા..!

હવે કળશ નવો કહે છે એની ઉત્થાનિકા કહે છે. **'અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યા...'** સ્વભાવની દૃષ્ટિ સહિત સ્થિરતા થવા માટે વ્યવહારની ક્રિયાકાંડના જેટલા ભાવ છે એને ઝેરના ઘડા કહ્યા. વિષકુંભ છેને? ઝેરનો ઘડો-કુંભ. કુંભ એટલે ઘડો. કુંભ પાણી થાય છેને જળ. જેમાં પાણી ભરાય એને કુંભ કહીએ. કુંભ એટલે પાણી .. ભરાય. ઘડામાં પાણી ભરાયને? એટલે એને કુંભ કહે છે કુંભ. આ ઝેરનો કુંભ. આહા..હા..! ગાંડા લાગે હોં માણસને. આવી શું વાતું કરે છે? બાપુ! માર્ગ આ છે હોં. એનું શરણ લઈશ તો કલ્યાણ થશે. બાકી કલ્યાણનું ક્યાંય છે નહિ. આહા..હા..! એ **'અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યા...'** એટલે? શુભભાવને ઝેર કહ્યું અને એનાથી છૂટીને સ્થિર થવું સ્વરૂપમાં એને અમૃત કહ્યા. **'એથી કોઈ ઉલટું સમજી પ્રતિક્રમણાદિક છોડી પ્રમાદિ થાય...'** તો એ શુભભાવને છોડીને અશુભમાં જાય એમ અમે ક્યાં કહ્યું છે સાંભળને મારા! શુભને છોડીને અંદરમાં જા. એને ઠેકાણે પ્રમાદિ થઈને મારો શુભ છોડીને.. **'તેને સમજાવાને કળશરૂપ કાવ્ય કહે છે...'** લ્યો એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૧૮૯

(वसन्ततिलका)
यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतत्रधोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः॥189॥

અહીં નિશ્ચયનયથી પ્રતિક્રમણાદિકને વિષકુંભ કહ્યાં અને અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં તેથી કોઈ ઊલટું સમજી પ્રતિક્રમણાદિકને છોડી પ્રમાદી થાય તો તેને સમજાવવાને કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [यत्र प्रतिक्रमणम् एव विषं प्रणीतं] (અરે ! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, [तत्र अप्रतिक्रमणम् एव सुधा कुतः स्यात्] ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય ? (અર્થાત્ ન જ હોય.) [तत्] તો પછી [जनः अधः अधः प्रपतन् किं प्रमाद्यति]માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે ? [निष्प्रमादः] નિષ્પ્રમાદી થયા થકા [ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति] ઊંચે ઊંચે કાં ચડતા નથી ?

ભાવાર્થ :- અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી ? અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા માટે તેમને (દ્રવ્યપ્રતિક્રમણાદિને) તો નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે, અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંના અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમઆદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે-'આ માણસો નીચા નીચા કેમ પડે છે ? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી ?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે, અજ્ઞાનીનું નહિ. માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ ન જાણવાં, ત્રીજી ભૂમિના શુદ્ધ આત્મામય જાણવાં. 189.

## અષાઢ સુદ-૯, રવિવાર, તા.૦૮-૦૭-૧૯૭૩
## કળશ-૧૮૯-૧૯૦, પ્રવચન-૪૩૨

સમયસાર મોક્ષ અધિકાર. ૧૮૯ કળશ છે.

(वसन्ततिलका)

यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं
तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात्।
तत्किं प्रमाद्यति जनः प्रपतत्तघोऽधः
किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः॥189॥

**'(અરે! ભાઈ,) જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે,...'** .. ઝીણી વાત છે. જે આ પ્રતિક્રમણ કહ્યું. ભક્તિ કરવી, પૂજા કરવી, દાન, દયા, વ્રત પાળવાનો ભાવ, આ અપવાસ આદિ તપસ્યાનો ભાવ એ બધો શુભભાવ છે. ધર્મીને માટે પણ હોં. એને બંધનનું કારણ છે. એ શુભભાવ ધર્મ નથી. આહા..હા..! તો કહે છે કે પ્રતિક્રમણને જ્યાં વિષ કહ્યું ઝેર. આહા..હા..! **'ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?'** ત્યાં જે પાપના ભાવ, અશુભભાવ એ અમૃત કેમ હોય? સમજાણું કાંઈ? અજ્ઞાની જે પ્રતિક્રમણાદિ કરે એ તો એકલું ઝેર છે. એને તો કાંઈ ધર્મ છે નહિ. આહા..હા..! જેને આત્મા સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવે જે આત્મા કહ્યો, એણે જે આત્મા કહ્યો એવા આત્માની દૃષ્ટિ અંતરમાં નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે એને ધર્મની શરૂઆત થાય છે. એ જીવને શુભભાવ આવે છે. ભક્તિનો, વ્રતનો, તપનો, પૂજાનો, દાનનો, દયાનો. એ શુભભાવને પણ અહીં તો ઝેર કહ્યું છે. ભગવાનજીભાઈ! આકરો માર્ગ બાપુ! વીતરાગ માર્ગ. આહા..હા..!

વીતરાગની આજ્ઞામાં તો આ છે. વીતરાગની આજ્ઞા રાગ કરવાની હોય? તો એ વીતરાગ ન હોય. પણ એને રાગ આવે છે. સમ્યગ્દર્શન થયું, આત્મજ્ઞાન થયું એની વાત છે હોં. અજ્ઞાની જેને હજી સમ્યક્ આત્મા શું ચીજ છે એની ખબર પણ નથી અને એમ ને એમ આ વ્યવહાર ક્રિયાકાંડમાં જોડાઈ જાય છે એની તો અહીં વાત જ નથી. એ તો એકલા ઝેરના પ્યાલા પીનારા છે. કહો, ભગવાનજીભાઈ! એય..! લાલજીભાઈ! આવી વાત છે આ. આફ્રિકામાં બાફ્રિકામાં આ મળે એવું નથી ત્યાં. આહા..હા..! તેનું શરણ તો એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગથી સ્વરૂપ ભગવાન આત્માનું ભિન્ન (સ્વરૂપ) છે. આનંદનો નાથ છે એ. રત્નકરંડ શ્રાવકાચારમાં જ્યાં પેલા .. લીધા છેને ... ધર્મ. શ્રદ્ધા. આપ્ત કેવા હોય તીર્થંકર? એ તો નિર્દોષ હોય છે. એને ક્ષુધા નહિ, તૃષા નહિ, એને રોગ નહિ, એને જન્મ નહિ, મરણ નહિ. ભગવાન અરિહંતને વળી આહાર ને પાણી ને

રોગ એ અરિહંતને સમજતા નથી. એવું આવે છેને એનામાં તો રોગ થાય અને પછી દવા લાવે. બધી વાતું તદ્દન જૂઠી, તદ્દન ખોટી. એથી તો સંમતભદ્રાચાર્યે પહેલો શબ્દ નિર્દોષ. પરમાત્મા નિર્દોષ હોય. ક્ષુધા, તૃષા, રોગ, રાગ, પુણ્ય-પાપથી રહિત. નિર્દોષ હોય તો તો પરમાણુ પણ નિર્દોષ છે. પરમાણુને પણ ક્ષુધા-તૃષા નથી, રાગ-દ્વેષ નથી. તો નિર્દોષથી જ આપ્ત કહેવાતા હોય, એ પણ આપ્ત કહેવાય. પણ સર્વજ્ઞ હોય ભેગા એમ કહે છે. આહા..હા..! ભિન્ન ચીજ છે. એ સર્વજ્ઞ હોય, નિર્દોષની સાથે સર્વજ્ઞ હોય. આહા..હા..! જેને એક ક્ષણમાં-સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક એના દ્રવ્ય-ગુણ વર્તતા એને પ્રત્યક્ષ જાણે ત્રણ કાળ, ત્રણ લોકને. એ સર્વજ્ઞ એ વીતરાગ એને પરમેશ્વર કહીએ. સમજાણું કાંઈ? એ બોલ તો સિદ્ધને લાગુ પડે. નિર્દોષ અને સર્વજ્ઞપણું. પણ નિર્દોષ સર્વજ્ઞપણું ત્યાં (લક્ષણ) રહેતું નથી. ત્યારે કહે છે નિર્દોષ... હિતના ઉપદેશ ... સિદ્ધિ કરવી છે. હિતના ઉપદેશ. અરિહંતને વાણી હોય છેને? સિદ્ધને વાણી હોય નહિ એ તો અશરીરી છે. નમો સિદ્ધાણં. એને તો શરીર પણ નથી અને વાણી કાંઈ નથી. એથી જો આપ્તને નિર્દોષ અને સર્વજ્ઞ કહીએ તો સિદ્ધને લાગુ પડે. જેને આગમ કહેવા છે, જેના મુખમાંથી વાણી નીકળે છે એ વાણી એ શાસ્ત્ર અને તે પોતે હિતના ઉપદેશક. આહા..હા..!

આગમમાં ભગવાને હિતનો ઉપદેશ કર્યો છે. હિત એટલે શું? દુ:ખ ટળી અને આનંદ આવે તો મિથ્યાદર્શન શલ્ય જે પુણ્યથી ધર્મ થાય, એ ક્રિયાકાંડ શુભ, ભક્તિ, પૂજા, જાત્રાથી ધર્મ થાય એ તો મિથ્યાદર્શન શલ્ય છે. ડાહ્યાભાઈ! આહા..હા..! ઇ આગમમાં આવો ઉપદેશ એમાં હોય ભગવાનનો હિતનો. આહા..હા..! તો હિત તો શુદ્ધ સંવર અને નિર્જરા, પરમ હિત એ મોક્ષ અને એનું કારણ એ સંવર-નિર્જરા એટલે મોક્ષમાર્ગ. એ મોક્ષમાર્ગનો એમનો ઉપદેશ છે. વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રનો ભગવાનનો ઉપદેશ છે. જેના ઉપદેશમાં રાગથી લાભ થાય એ ઉપદેશ સર્વજ્ઞનો નહિ, એ વીતરાગનો ઉપદેશ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

જિનેન્દ્રદેવ આ એક શબ્દ ત્યાં વાપર્યો છે. કેવળજ્ઞાન વિદ્યા શબ્દ વાપર્યો છે, ભાઈ! પાઠમાં. આ બધી વિદ્યાઓ કરતા આ વિદ્યા ભગવાનની. આહા..હા..! કેવળજ્ઞાન વિદ્યા. ઇ પાઠમાં શબ્દ છે. કેવળજ્ઞાન વિદ્યા. ... વિદ્યા મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આ એ કરતા તો કેવળજ્ઞાનની વિદ્યા. એ વિદ્યમાન પદાર્થોને એક સમયમાં જાણવું જે વિદ્યા છે. આહા..હા..! એ વિદ્યા ભગવાનની પાસે છે. કહો, સુજાનમલજી! આહા..હા..! એક તો કેવળજ્ઞાન વિદ્યાવાળા પરમાત્મા અને હિત ઉપદેશવાળા. વિદ્યામાં તો આવી ગયું સર્વજ્ઞમાં. આહા..હા..! સંતોએ તો ગજબ કામ કર્યા છે. દિગંબર મુનિઓએ કેવળજ્ઞાનના કેડાયતો. કેવળજ્ઞાનને આમ ખડું રાખ્યું છે. કહો, રતિભાઈ! ગજબ વાતું છેને! પંચ મહાવ્રતના ભાવ એ શુભરાગ, ભગવાનની પૂજા, દાન, દયા, ભગવાનનું સ્મરણ એ બધો શુભભાવ એ હિતરૂપ નથી. એથી એનો, ભગવાનનો ઉપદેશ એ ન હોય. આહા..હા..! આવે એને હોય એને જણાવે. આહા..હા..! કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ :- ૐ કાર ધ્વનિ ઉઠે છે...

ઉત્તર :- એ ૐકાર ધ્વનિમાં બધું બારેય અંગ આવી ગયા. ૐકારમાં બધું આવી ગયું બધી ભાષા. ગણધર રચે એમાં ૐમાં બધું આવી જાય. ૭૦૦ (લઘુ) ભાષા અને બધું જે એનો સાર બધું એમાં આવી જાય.

મુમુક્ષુ :- દરેક પોતપોતાની યોગ્યતા પ્રમાણે

ઉત્તર :- પોતાની યોગ્યતા પ્રમાણે એ સમજે એ જુદી વાત છે. પણ આવે છે ત્યાં બધું પૂરું. ૐ એવો ધ્વનિ છૂટે ઇચ્છા વિના. હોઠ હાલે નહિ, કંઠ ધ્રુજે નહિ. આખા શરીરમાંથી (નીકળે) પરમ ઔદારિક શરીર હોય. એ નાખ્યું છે આમાં હોં. ઓલા ... પરમ ઔદારિક શરીર હોય ભગવાનને. એને શરીરમાં રોગ ન હોય, તૃષા ન હોય, ક્ષુધા ન હોય અને ઉજળું. શરીર જ ઉજળું. આહા..હા..! સ્ફટિક જેવું. એ વીતરાગનો જે ઉપદેશ એ આગમ અને એ આગમના ઇશ પરમેશ્વર વીતરાગદેવ એ આગમના ઈશ્વર છે. સમજાણું કાંઈ? એ આગમના ઇષ્ટ એમ હવે અહીં કહે છે. સંતો કહે છે એ ભગવાનનું કહેલું જ કહે છે કે પ્રતિક્રમણનો ભાવ શુભ છે. પ્રતિમાનો સાક્ષાત્ ભગવાનનું સમવસરણ અને પરમાત્માના દર્શન કરવા સાક્ષાત્ વીતરાગ એ પણ શુભભાવ છે. અને મંદિરો બનાવવાનો ભાવ કરોડો રૂપિયા ખર્ચીને દાનાદિ એ બધો ભાવ રાગની મંદતાનો શુભભાવ છે. દુનિયાને માટે દેખાડવા કરે, બહારની પ્રતીતિ માટે કરે તો તો પાપ છે. આહા..હા..!

અહીં તો પોતે અંદર અશુભથી બચવા એવા શુભભાવ થાય, ધર્મીની વાત છે હોં. એને કહે છે કે **'विषं प्रणीतं'** ત્રિલોકનાથે તો એને ઝેર કહ્યું છેને. રાગ છેને ઇ. રાગ એ અમૃત કેમ હોઈ શકે? આહા..હા..! દુનિયા જુઓ તો આમ શેત્રુંજયની જાત્રા અને માણસ-માણસ. આ ગયા હતાને. આહા..હા..! ધમાધમ કરે. ક્યાંય શાંતિ .. આમ કરીએ, આ કરવું, આ કરવું, ડોળીવાળાને .. જુઓ. અરે..! ભગવાન! ધર્મ ક્યાંય મંદિરમાં નથી, ધર્મ ક્યાંય ડુંગરે નથી. ધર્મ કોઈ અપાસરામાં નથી, ધર્મ કોઈ સ્વાધ્યાય મંદિરમાં નથી.

મુમુક્ષુ :- સ્વાધ્યાય મંદિરમાં તો છે અહીં.

ઉત્તર :- ધર્મ તો આત્મામાં છે. એમ લખ્યું છે હોં એ બધું શ્રાવકરત્નકરંડમાં. પહેલું લખ્યું છે. ધર્મ નથી પર્વતમાં, જિનમંદિરમાં. આહા..હા..! ધર્મ તો આત્માનો સ્વભાવ, વીતરાગ સ્વરૂપી આત્માનો સ્વભાવ એની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ હિતનો ઉપદેશ છે. આહા..હા..! એથી અહીં કહે છે કે ભગવાને હિતના ઉપદેશમાં તો એમ કહ્યું કે ભગવાન! તને જે આત્માના અવલંબનથી પ્રગટેલી દૃષ્ટિ અને અનુભવ એવું હોવા છતાં અશુભથી વંચનાર્થે, બચવા માટે એવો શુભભાવ હોય, પણ એને તો અમે અહિત કરનાર કહીએ છીએ. આહા..હા..! આકરી વાતું, બાપા! વીતરાગનો માર્ગ જગતને. આહા..હા..! પરમસત્ય આ. અમૃતના વહેણલા વાયા. બાપુ! માર્ગ તો

આવો છે.

એ આગમના ઈશ્વર એમ ફરમાવે છે આગમમાં. જિનેન્દ્ર દેવ જેની દિવ્ય શક્તિ આ દેવો સ્વર્ગના અને આ બધા બાહ્ય કહેવાય એ બધી વાતો. ઓહો..હો..! જેને એક સમયની દશામાં જેવો સ્વભાવ ધર્મ હતો, ધર્મ સ્વભાવ એવો ધર્મ પ્રગટ્યો એ વસ્તુનો ધર્મ હતો અને વસ્તુમાંથી પ્રગટ્યો. આહા..હા..! એના ઉપદેશમાં તો વિષ ને પડિક્કમણું ને પ્રતિમાના ભજન અને પ્રતિમાની સેવા-પૂજાને. આહા..હા..! ચિત્તને સ્થિર કરવા જાપ જપવા જરી અશુભથી ટળવા. વંદન, સ્તુતિ, કથન, પાઠન એ બધા ભાવોને ભગવાને તો શુભ કહ્યો છે, પ્રભુ! બાપુ! તે સાંભળ્યા નથી. ભગવાનને તે સાંભળ્યા નથી. આહા..હા..! કહો, જેઠાભાઈ! આહા..હા..! ભારે ભાઈ આ તો! મોટું આભ ફાટ્યું હવે એમાં આવી વાતું કેમ બેસે? એય..! આવા પરમેશ્વરનો માર્ગ છે. હવે એને મૂકીને લોકો ક્યાંને ક્યા આથડે છે. ફલાણામાં આમ છે, ઢીંકણામાં બધો મિથ્યાત્વ છે. વીતરાગના દેવ સિવાય અને એની વાણી સિવાય જે કાંઈ જગતના માણસોએ કલ્પનાથી ધર્મ ઉપાડ્યો છે બધો મિથ્યાત્વના પોષક છે. સમજાણું કાંઈ?

અહીં જુઓને ઓહો..હો..! પ્રભુ કહે છે અરે..! આત્મા! **‘જ્યાં પ્રતિક્રમણને જ વિષ કહ્યું છે, ત્યાં અપ્રતિક્રમણ અમૃત ક્યાંથી હોય?’** ત્યાં અશુભભાવ તે ઠીક કેમ હોય? આહા..હા..! સમજાણું કાંઈ? **‘(અર્થાત્ ન જ હોય.) તો પછી...’** ‘**जनः अधः अधः प्रपतन् किं प्रमाद्यति**’ અરે..! જીવ! **‘નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?’** આહા..હા..! અમે તો શુભભાવને ઝેર કહીને અંતર નિર્વિકલ્પ દૃષ્ટિને સ્થિરતામાં લઈ જવા માગીએ છીએ. આહા..હા..! જ્યાં અખંડ આનંદનો નાથ પ્રભુ છે ત્યાં જા. એમાં એકાગ્ર થા. એનું પોષાણ દૃષ્ટિમાં કરીને એ માલને લે. આહા..હા..! રાગનું પોસાણ ન હોય. સમજાણું કાંઈ? વીતરાગ માર્ગમાં રાગનું પોસાણ? વાણિયા વેપાર કરે તો પોસાતો માલ લાવતા હશે કે નહિ? પોસાતા વિનાનો માલ લાવતા હશે? એય..! ભોગીભાઈ! બાર આનાનો માલ લીધો હોય અને ચૌદ આના ઉપજતા હોય તો લાવે, પણ દસ આના ઉપજતા હોય એ માલ લાવે બસ્સો મણ, પાંચસો મણ? આહા..હા..! એમ કહે છે કે પ્રભુ તને પોસાય છે શું? ધર્મમાં પોસાય છે શું? તને રાગ પોસાય છે ભાઈ? એ તો ધર્મ નથી. આહા..હા..! અંદર શુભભાવ ધર્મીને થાય એ ધર્મ નથી એમ કહે છે. અજ્ઞાનીની તો શું વાત કરવી? આહા..હા..! આત્મ શરણ, આત્મ ઉત્તમ અને આત્મ મંગળિક. આત્મા દેવ, આત્મા ગુરુ અને આત્મા તીર્થ. એવો શુભ નિર્વિકલ્પ ચૈતન્ય સ્વભાવ. સવારમાં આવ્યું હતું. નિર્વિકલ્પ અને શુદ્ધ તત્ત્વ. આહા..હા..! એને જાણીને એને, જાણનારને. ઇ આવું તત્ત્વ છે ઇ ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારું તત્ત્વ છે. રાગ કરવો કે એ એના સ્વરૂપમાં છે જ નહિ. આહા..હા..! એ તો રાગ આવે એને જાણે, ટળે એને જાણે, થાય એને જાણે, ન થાય એને જાણે. આહા..હા..! છેને ૩૨૦ ગાથામાં? ... જાણે... જાણે... જાણે... એનો સ્વભાવ સર્વજ્ઞ છે. સર્વજ્ઞ સ્વભાવમાં તો જે હોય એ જાણે. આહા..હા..! આકરું લાગે પણ

માર્ગ તો પ્રભુ આ છે હોં. એ જગતના દુ:ખમાંથી નીકળવું હોય (તો આ વાત છે), જગત આખું દુ:ખી છે. પૈસાવાળા, રાજા, શેઠિયાઓ બિચારા ભિખારી દુ:ખી છે. ભગવાનજીભાઈ! એય..! લાલજીભાઈ! એ દુ:ખી છે કહે છે. આ તમારા ભાઈ તો કરોડપતિ કહેવાય લ્યો.

મુમુક્ષુ :- સુખી થવા કહેવાયને?

ઉત્તર :- સુખી.. લોકો એમ કહે. એય..! એક જણો કહેતો હતો પોપટલાલભાઈનો. આપણા પોપટલાલભાઈ છેને .. નહિ? થાણામાં. તમારે પ્લાસ્ટિકનું છે એને લાદીનું છે. પંદર લાખનું છેને ઓલું? એક જણો કહે પાંચ કરોડ છે એની પાસે. ભાઈ! આપણને બહુ ખબર નથી. કોક કહે ઇ ખબર. ૫૦-૬૦ લાખ છે એમ વળી કોઈ એમ કહેતું હતું, કોઈ કહે કરોડ છે એમ કહેતું હતું.

મુમુક્ષુ :- એ ગણવા ગયા હશે.

ઉત્તર :- એક જણે તો પાંચ-દસ કરોડ કહેતું હતું ભાઈ! ભાઈ! આપણને ખબર નથી. આબરું મોટી હોય, ઘણે ઠેકાણે ઓલા કારખાના હોય, છ-છ તો છોકરા છે એને. એ છએ હુશિયાર. તમારે પાંચમાંથી ત્રણ હુશિયાર છે. આ તો એક વાત છે. ઓલા છએ જણા.

મુમુક્ષુ :- છ થી સાત કારખાના.

ઉત્તર :- ... કહેતા હતા કોક. હશે હવે. એ પણ દુ:ખી હોં. એ પર ઉપર લક્ષ જાય છે કે આ મારા એ મિથ્યાત્વ છે. આહા..હા..! એ શ્રાવકરત્નકરંડ આચારમાં લખ્યું છે કે મને પરદ્રવ્ય અપકારક-નુકસાન કરનારા છે. એ મિથ્યાદૃષ્ટિ આગમને માનતા નથી, ભગવાનની આજ્ઞાને માનતા નથી. નુકસાન કરનાર હોય તો તારો અનિષ્ટભાવ અને પ્રતિકૂળ સંયોગમાં હોય તો પાપ (ભાવ) નિમિત્ત. પણ એને ઠેકાણે આ મને નુકસાન કરનાર છે, પરદ્રવ્ય મને નુકસાન કરનાર છે. આગમને માનતો નથી, આગમની આજ્ઞા બહાર છે, વીતરાગને માનતો નથી. અને આ બધા મને ઉપકારી છે પૈસા, છોકરાઓ. કોઈ ઉપકારી નથી. બહારના સંયોગની અપેક્ષાએ અત્યારે વાત. ઉપકાર હોય તો પુણ્યનો છે. પુણ્યને લઈને અનુકૂળ આવે. એમ ન માનતા આ બહારના માણસો મને અનુકૂળ છે એ મિથ્યાદૃષ્ટિ છે. એને જૈનધર્મની, જૈનની આજ્ઞાની ખબર નથી. આહા..હા..! એય..! બાબુભાઈ! ભારે આકરું આવું.

કહે છે અરે..! અમે તો શુભભાવના જેટલા પ્રકાર, ધર્મી જીવના જેને આત્માનો આશ્રય, અવલંબન વર્ત્યું છે, વર્તે છે. આહા..હા..! એવા જીવને વચ્ચે આવા ભાવ શુભ આવે. ભગવાનની ભક્તિના, પૂજાના, વ્રતના, તપના, અપવાસના એ બધા શુભભાવ. ભગવાનની વાણીમાં તો એને ઝેર કહ્યું છે. એ ઝેર શુભને છોડીને અશુભમાં આવવા માટે કહ્યું છે? સમજાણું કાંઈ? તો પછી **'નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે?'** જ્યારે અમે આવા અસંખ્ય પ્રકારના શુભભાવો એને ઝેર કહ્યું તો એને છોડીને નીચે ક્યાં જાય છે? આહા..હા..! .. ટાણા હોય, વિચારના વખતમાં હવે એ તો .. ક્યાં આવ્યું. ... બે કલાક અહીંયાં હરવા-ફરવા જાય. અને કહે છે કે અમે તો ધર્મીને

શુભભાવને ઝેર કહ્યું એમાં તું ઉતરીને અહીં ક્યાં આવ્યો? સમજાણું કાંઈ?

**'માણસો નીચે નીચે પડતા થકા પ્રમાદી કાં થાય છે? નિષ્પ્રમાદી થયા થકા...'** 'ऊर्ध्वम् ऊर्ध्वम् किं न अधिरोहति' **'ઊંચે ઊંચે કાં ચડતા નથી?'** અરે..! એ શુભભાવને ઝેર જાણી અને અંતર શુદ્ધમાં કેમ જતા નથી? સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં (નિશ્ચયાભાસીમાં) લીધું છેને કે શાસ્ત્ર સ્વાધ્યાય કરે એ વિકલ્પ, ફલાણો વિકલ્પ, ફલાણું એ.. ભાઈ! સાચી વાત છે. છે તો વિકલ્પ કહે. પણ હવે વિકલ્પથી રહિત ન થઈ શકે ત્યાં એ વિકલ્પનો ભાવ ન લાવે તો એને અશુભ આવશે.

મુમુક્ષુ :- તો એ શુભ-અશુભ બેય સરખા થાય.

ઉત્તર :- કઈ અપેક્ષાએ? બંધનની અપેક્ષાએ. પણ અશુભ કરતા શુભ વ્યવહારે સારો ન હોય તો અશુભથી બચવા એમ કહે? વ્યવહારે એમ. આહા..હા..! ભારે આકરી વાતું! આ તો જેને જન્મ-મરણ ગાળવા હોય એની વાતું છે, ભાઈ! વાતું કરવી હોય કે એને આમ થાય ને આમ થાશે ને આમ થાશે. આહા..હા..! એ ચોર્યાસીના અવતાર. આહા..હા..! જુઓને એક ફેરી આમ નીકળ્યા હતા સાંજે દીશાએ જતા. એમાં એક નોળ નીકળ્યો. નીકળ્યો હતો કાકીડો. કાકીડો હોયને કાકીડો? આમ નોળને પકડીને કટકા કર્યા. બોટાદમાં. ઘણા વર્ષની વાત છે. ૭૦ની સાલમાં. .. એ તો લીલોતરીમાં જઈને... દેરાવાસી નહિ? એને કાંઈ ... આ કીધું શું કરે છે આ? એમાં નીકળ્યો ઓલો કાચીડો. એમાં નીકળ્યો ઓલો નોળ. નોળ-નોળ. નોળીયો. એ આમ જાતો હતો અને પકડ્યો મોઢેથી પછી આમ કટકો કર્યો. અને ગળી ગયો. આવું કેટલીવાર થયું હશે આને? આહા..હા..! ભાઈ! તું ભૂલી ગયો હોં. એવી દશા તને અનંતવાર થઈ છે. આહા..હા..! ભૂલી ગયો.

મુમુક્ષુ :- યાદ રાખતો જ નથીને બહુ હુશિયાર છે.

ઉત્તર :- યાદ રાખે તો આ જગતનું યાદ રાખે. આટલી મારી પાસે પુંજી છે અને આટલા પૈસા ખર્ચાય છે અને આટલા પૈસા પેદા થાય છે. અમારે આનંદજી હતા એ .. આનંદજી દુકાન મોટી ખરીને. ... જાતનો માલ હોય. ક્યારે આવ્યો હતો? ક્યા ભાવનો હતો? કેટલો વેચાણો? અત્યારે ક્યો ભાવ છે? હજારો ... ... બધું યાદ રાખે હોં. મરવા ટાણે કહે. ઘણું કહ્યું હતું એને મેં પહેલા હોં. પણ અરે..! મને કોઈએ કહ્યું નહિ. મને કોઈ સગાવ્હાલાએ કહ્યું નહિ. શેના કહે ઇ?

મુમુક્ષુ :- તું મફતની મજુરી કર

ઉત્તર :- મજુરી કર તું દુકાને બેસીને કર છે શું કરવા? એય..! ભગવાનજીભાઈ! બાયડી-ભાયડો બે હતા અને લાખો રૂપિયા. પછી મરવા ટાણે બે જણા ઉપાડે ત્યારે ચાલે. આમ બધા ટાંગા ઓલા થઈ ગયા. બે વર્ષ સુધી રહ્યું. આવે મારી પાસે બેસે. અરે..! મને કોઈએ કહ્યું નહિ હોં ટાણે. મેં તને નથી કીધું? એમ કે ઓલા સગાવ્હાલાએ ન કહ્યું. મનસુખે કે કોઈ એણે ન કહ્યું. પણ શું કરવા કહે? તું દુકાને બેસીને મફતનો મજુર. બીજા લોકોને પૈસા દેવા પડે. બોલાવા જાવું પડે.

બહુ બિચારા મગજથી જરી .. ઓલા હતા. ઠીક હતા. અરેરે..! ... કરતા હતા. પણ સગાવ્હાલા શેના કહે? મરી જાને તું. અમારે શું છે? અને મરે ત્યારે એના માટે રોવે છે? એને એમ થયું કોઈ દિ' કે અરેરે..! બાપા મરીને ક્યાં ગયા હશે?

મુમુક્ષુ :- ઇ તો એને ખબર ન પડે એટલે શેનો વિચાર કરે?

ઉત્તર :- પણ અમથો વિચાર તો થાય કે ભાઈ ઇ આત્મા છે. આ દેહ તો છૂટી ગયો. હવે બીજે ક્યાં ગયા હશે?

મુમુક્ષુ :- ઇ તો કાગળમાં લખ્યું હોય દેવગતિ થયા.

ઉત્તર :- કાગળમાં લખ્યું હોય. પાછું લખે દેવ થયા છે. બહુ ખોટું થયું. લખે પાછું ઓલું. આહા..હા..! આ વીસ વર્ષનો જુવાન સોળ વર્ષની મૂકી રાંડીને ચાલ્યો જાય. કોઈ વિચાર્યું છે એણે? એ ગયો હશે ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? આ ગયો ક્યાં? એ તો આત્મા છે. આત્મા નાશ થાય એવો નથી. આ શરીર પડ્યું રહ્યું. ગયો ક્યા? એની કોઈએ માંડી નથી. અમને દુકાનમાં મદદગાર હતો, અમને કેટલા કામ કરી દેતો! અરેરે..! ઇ ગયો લ્યો ઠીક! આહા..હા..!

કહે છે કે પરમાત્મા કહે છે કે મેં તને શુભભાવ .. ઝેર કહ્યા એને ઉતરીને તું અશુભમાં ક્યાં ગયો? નીચે ઉતરીને આ શુભભાવ તો ઝેર છે. હવે? આપણે આ તો કરો ધંધો, વેપાર, આ બાયડી-છોકરા. એય..! જયંતિભાઈ! મારે એ તો અશુભ મહાપાપ ઝેર છે. એ વિષના ઝેરને છોડવા માટે કરીને એ છોડીને અશુભમાં જવા માટે કહ્યું હતું એને? આહા..હા..! અંતરમાં '**ઊંચે ઊંચે કાં ચડતા નથી?**' આહા..હા..! સંતોની કરૂણા તો જુઓ! અરે..! ભાઈ! તારે ક્યાં જાવું છે? તું ક્યાંનો છો? અને ક્યાં તારે જાવું છે? ક્યાં છો તું? એ તો આત્મા છે. આનંદ અને જ્ઞાનના સ્વભાવવાળું તત્ત્વ છે. એને જાવું હોય તો ત્યાં જાવું છે એને. મરીને પણ અજ્ઞાની જે મરે છે એ ક્યાં રહે છે? એ ઘરમાં રહે છે એ તો વ્યવહાર છે. એના મિથ્યાત્વ અને વિકારના ભાવમાં રહે છે. અને ધર્મી ક્યાં રહે છે? એ પોતાની દૃષ્ટિ ને જ્ઞાન ને સ્થિરતા જેટલી પ્રગટી ત્યાં રહે છે ઇ. પછી સ્વર્ગમાં હોય કે નરકમાં હોય. પંડિતજી! આહા..હા..! ગતિ તો આ શરીર આ તો માટી છે. આમાં રહે આ? કહે છે અમે તો શુભભાવને, ધર્મીના શુભભાવને ઝેર કહીએ. એ શુભભાવને છોડીને સ્વરૂપની દૃષ્ટિમાં સ્થિર થા. તો ત્યાં સંવર-નિર્જરા થશે. શુભભાવથી સંવર-નિર્જરા નહિ થાય. આહા..હા..! ભારે કામ ભાઈ આવું! આહા..હા..!

**'ભાવાર્થ :- અજ્ઞાનાવસ્થામાં જે અપ્રતિક્રમણાદિક હોય છે તેમની તો વાત જ શી?'** એટલે શું કહે છે ઇ? જેને આત્મશ્રદ્ધા અને આત્મજ્ઞાન સમ્યગ્દર્શન નથી. એવા અજ્ઞાનીઓના તો ભાવને શુભ હો કે અશુભ હો બેય. એ તો ઝેર છે. એની વાતું તો અમે કરતા નથી. એ તો ચોર્યાસીના અવતારમાં ગળકા ખાય બિચારા. આહા..હા..! સમજાણું કાંઈ? જેની દૃષ્ટિમાં રાગનો પ્રેમ છે, નિમિત્તથી મને લાભ થાય છે (એમ માનનારને). સ્વભાવમાં સાગર પડ્યો છે એની એને

પ્રતીતિની ખબર નથી. એવા અજ્ઞાનીને તો જેટલા ભાવ થાય એ બધા ક્ષણે-ક્ષણે મિથ્યાત્વના અને રાગ-દ્વેષના થાય છે. આહા..હા..! એ તો ઝેર છે જ. એવા ઝેરની વાતું અમે અહીં કરતા નથી કહે છે.

**'અહીં તો, શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવવા...'** આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ તો દ્રવ્ય સ્વભાવ જ્ઞાયક ઉપર હોય છે. છતાં એને જ્યારે અંદર સ્થિરતાનો ઉપયોગ ન હોય ત્યારે એને આવો શુભભાવ હોય છે. એવા શુભભાવને પક્ષ છોડાવવા, એનો પક્ષ છોડાવવા અમે કહ્યું છે. એનો પક્ષ છોડીને અંદરમાં જા. જ્યાં ભગવાન ચિદાનંદ સ્વરૂપ બિરાજે છે. અરે..! એની એને કિંમત ક્યાં છે? એને શુભભાવની કિંમત આગળ, શુભથી રહિત પરમાત્મા પોતે જ સાક્ષાત્ ભગવાન છે. આહા..હા..! એની એને કિંમત ક્યાં છે? 'જિન સોહીએ આત્મા' વીતરાગ મૂર્તિ તે આત્મા અંદર. આહા..હા..! એની કિંમતુ ન મળે અને આ રાગની પર્યાય જે મંદ થાય એની કિંમત. એવા જીવની તો અમે વાત કરતા નથી કહે છે. પણ જેને આત્માની કિંમત થઈ છે એને જે આ શુભભાવના ક્રિયાના ભાવ આવે છે. એ પણ દુઃખદાયક ગણીને છોડાવીને અંદર ઠરવા માગીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

એ શરીર બધા રૂપાળા અને પૈસા બધા ઢગલા, મોટી મેડીયું દસ-દસ લાખની. આહા..હા..! ચાલીસ લાખનું તો મકાન છે ભાઈને. શાહુજીને. કલકત્તામાં. ચાલીસ લાખનું હોં. ચાલીસ કરોડ રૂપિયા છે કહે છે. બહારમાં વાતું કરે છે. .. હશે. ... નામુ લખે ત્યારે. બધી એવી વાતું કરે. પૈસા હોય તો ... લાખ રૂપિયા છે. ... .. ચાલીસ કરોડમાં તો બે, પાંચ લાખ નુકસાનમાં ગયા હોય તો એમાં શું? ઇ ન પોસાય. આવ્યા પોસાય. આવ્યા સમાય, ગયા ન સમાય. એમ વાતું કરે મૂર્ખાઓ બધા. એય..! મૂર્ખા જ છે. આહા..હા..! બાપુ! તને નુકસાન થાય છેને મોટું. મિથ્યાદૃષ્ટિના શુભભાવ અને અશુભ એ તો એકલા ઝેર અને નુકસાન. એની તો અમે અહીંયાં વાત આગમમાં કહેતા નથી. આહા..હા..! વીતરાગના આગમ એને કહીએ કે જે શુભભાવરૂપી રાગને છોડાવી વીતરાગ સ્વભાવી આત્મામાં લઈ જવા માગે છે. એ હિતને માર્ગે જવા કહે છે. એને ઠેકાણે તું શુભ છોડીને નીચે નીચે જા. આ શું કર્યું તે? આ શું થયું છે તને આ?

જ્યાં **'શુભપ્રવૃત્તિરૂપ દ્રવ્યપ્રતિક્રમણ...'** એટલે ઉપયોગ શુદ્ધ નથી રાગ છે એકલો. એ ભક્તિ, પૂજા, દાન, દયા. આહા..હા..! એ મંદિરમાં ચોવીસ કલાક રહે. ચોવીસ કલાક તો ન રહે. ઉંઘે એટલે. કેટલાક .. રહે. ઝટ જાગીને ઓલું થઈ જાય. મંદિરમાં રહ્યો ત્યારે પરનું લક્ષ રાખીને સૂવે એ તો અશુભભાવ છે. જાગે તો શુભભાવ કરશે. આહા..હા..! લક્ષ્મણને બાણ વાગ્યું હતુંને વિદ્યા રાવણની? રામ અને લક્ષ્મણ બે ગયા હતાને લંકા. ઓલો રાવણે ઘણી વિદ્યા સાધેલી. એવી એક વિદ્યા નાખી તો લક્ષ્મણ વાસુદેવ ત્રણ ખંડનો ધણી. રામચંદ્રજી કરતા પણ જેના પુણ્ય ઘણા છે. રામચંદ્રજી બળદેવ. આ તો વાસુદેવ. કષાય... કષાય... કષાય... એમાં બાઈ એક હતી. એનું

પાણી છાંટો તો મટશે કહે. વિશલ કેવી? વિશલ્યા. એવી બાઈ હતી એક કુંવારી. પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી, પણ છેલ્લે કોક લઈ ગયું અને એને જંગલમાં મૂકી દીધી. એમાં અજગરે જોઈ. એમાં એનો બાપ આવ્યો. ગોતતો-ગોતતો. ત્યાં અજગરમાં અડધું ગરી ગયું. બાણ મારવા તૈયાર થયો એનો બાપ અજગરને મારી નાખવા. મેં સંથારો કર્યો છે. મારશો નહિ. બહાર આવું તોપણ ખાવાની તો નથી. દેહ તો છૂટવાનો જ છે. એમાં એવું પુણ્ય બંધાણું કે જેનું પાણી એને નાહીને છાંટે ઘા સમાઈ જાય કેટલાકને. મારે તો બીજું એ કહેવું હતું. એ જ્યાં પાણી આવીને છાંટ્યું. ક્યાં ગયો રાવણ? એલા! તું તો મૂર્છિત હતોને અંદર ઇ પડ્યું છેને? ક્યાં ગયો રાવણ? ઉંઘમાં આ શક્તિ છેને ઝેર? આહા..હા..! ગજબ વાત છે. વાસુદેવ છેને. ... આહા..હા..! એમાં ડાળા નહોતા આવતા? હવે આવે છે કે નહિ આ? ... આ દાણા નહિ? .. બહુ કઠણ હોય. રાખી ઉંધે લાકડે આમ... બહુ વાર લાગે. ચાર-ચાર કલાક, પાંચ-પાંચ કલાક. .. કરતા એ તો મારે બીજું કહેવું છે. એ કરતાં-કરતાં ઉંઘ આવી જાય. સુઈ જાય. જાગે ત્યાં ફરી ... હા પહેલા એવું હતું. હવે તો ભાઈ આખી લાઈન ફરી ગઈ. પહેલા એવું હતું. ડાળાને... અનંતકાય હોય બધી. એક કટકીમાં અનંત જીવ. આહા..હા..! ડાળા પણ એવા આથણામાં નાખેને. ત્રસ થાય. બહુ ત્રસ થાય. બહુ ઝીણા. આહા..હા..! જાગે ત્યાં... છરી તો હાથમાં હોય. લાકડાની પાલી હોય ઉંડી આમ. .. કઠણ પડેને ... જાગે ત્યાં પછી એ માંડે. આહા..હા..! જેની જેને રટણા એની રમતું કરી રહ્યો છે.

ભગવાન અહીં કહે છે કે એલા તને દૃષ્ટિની દોલતની તો ખબર નથી. અને હવે આવા અશુભભાવ તને આવ્યા એ તો .. ત્યાં જાને બાપુ! એને છોડીને તું નીચે જા એમ અમે કહ્યું નથી. આહા..હા..! અહીં તો પ્રતિક્રમણાદિનો પક્ષ છોડાવા માટે તેમને દ્રવ્ય પ્રતિક્રમણ વ્યવહાર ભક્તિ આદિ જેટલી નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યા. નિશ્ચયનયની દૃષ્ટિની પ્રધાનતાથી એને ઝેર કહ્યા. **'કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે,...'** આહા..હા..! ધર્મી જીવને હોં સમકિતીને. આ મુનિ હોય સાચા. સાચા મુનિ હોય તો જેને ત્રણ કષાયનો અભાવ હોય, હજારોવાર એક દિવસમાં છઠ્ઠું-સાતમું ગુણસ્થાન આવતું હોય, જેની નિંદ્રા પોણી સેકન્ડથી વધારે હોય જ નહિ એને અહીં મુનિ કહેવામાં આવે છે. એ મુનિને પણ પંચ મહાવ્રતના પરિણામ આવે એને ઝેર કહ્યા છે. અહીં તો હજી દૃષ્ટિના ઠેકાણા નહિ એમાં પંચ મહાવ્રત. અહિંસા વ્રત લઈ લીધા મહાવ્રત, થઈ ગયા સાધુ. ધૂળેય નથી સાધુ. મિથ્યાદૃષ્ટિ છે એમાં સાધુ ક્યાંથી આવ્યા? એય..! પણ ઓલા બિચારા શેઠિયાઓ સહન કરવાની શક્તિ ન હોય અને આપણા કરતા તો સારા છેને, છોડીને બેઠા છેને. એય..! ભગવાનજીભાઈ! એવું માંડે મારા! આ તો ઘણું જોયું છેને, ઘણું સાંભળેલું છે.

મુમુક્ષુ :- જેમ ગોઠે એમ અર્થ કરી નાખે.

ઉત્તર :- ઉઘાડા પગે ચાલે છે, લોચ કરાવે છે, બ્રહ્મચર્ય પાળે છે, ઉના પાણી પીવે છે, ઉઘાડે પગે ચાલે છે. આપણે એટલું કરી શકીએ છીએ? પણ સાંભળને એ બધું મિથ્યાદૃષ્ટિ છે. એ ક્રિયા

મારાથી થાય અને જડનું કરી શકું છું, પરની દયા પાળી શકું છું એમ માનનારા મૂઢ મિથ્યાદૃષ્ટિ. સાધુ કેવા ઇ? કહો, ભીખાભાઈ! આહા..હા..! અજર પ્યાલા છે આ તો ભાઈ!

**'નિશ્ચયનયની પ્રધાનતાથી વિષકુંભ કહ્યાં છે કારણ કે તેઓ કર્મબંધના જ કારણ છે,...'** આહા..હા..! ધર્મીને આત્મદૃષ્ટિ થઈ છે એને પણ જે આવા ભાવ આવે એ કર્મબંધના કારણ છે. એને દુનિયા ધર્મ માને છે લ્યો. આહા..હા..! શેત્રુંજયની જાત્રા અને સમ્મેદશિખરની જાત્રા. અમે જાત્રા કરીએ છીએ તો શું કરીએ છીએ અમે? ધૂળેય નથી ત્યાં સાંભળને. રાગની મંદતા હોય તો શુભભાવ હોય. તે દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. આહા..હા..! એવા જીવની તો અમે વાત કરતા જ નથી કહે છે. પણ જેની દૃષ્ટિ આત્મા ઉપર પડી છે અને થઈ છે એને પણ જ્યારે આવા દ્રવ્ય પ્રતિક્રમણ, દ્રવ્ય પ્રત્યાખ્યાન વ્યવહાર ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા, શુદ્ધિ કરવાનો વિકલ્પ ઉઠે, પ્રાયશ્ચિત લેવાનો. એ બધાને અહીં તો ઝેર કીધા છે. આહા..હા..! એ દુઃખ છે. એ શુભભાવ દુઃખ છે. આહા..હા..! અંદર આત્માની અંતર દૃષ્ટિ કરીને શુદ્ધતા પ્રગટે એટલું સુખ છે. સમજાણું કાંઈ? એ શુભભાવથી રહિત અંતર આત્માની દૃષ્ટિપૂર્વક જે કાંઈ સ્થિરતાનો અંશ શુદ્ધ થાય એ સુખ છે. બાકી તો આ શુભભાવ એ દુઃખ છે. એ દુઃખને છોડાવીને સુખમાં લઈ જવા માગીએ છીએ. એ દુઃખને છોડી દે તું અશુભભાવમાં આવી જા. એમ અમારું કહેવું નથી કહે છે. આહા..હા..!

**'અને પ્રતિક્રમણ-અપ્રતિક્રમણાદિથી રહિત એવી ત્રીજી ભૂમિ, કે જે શુદ્ધ આત્મસ્વરૂપ છે...'** લ્યો, સમ્યગ્દર્શન જ્ઞાન એ શુદ્ધ છે અને સ્વરૂપમાં સ્થિરતા એ પણ શુદ્ધ છે. શુદ્ધ આત્મ. **'તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી...'** શુદ્ધ આત્મસ્વરૂપ છે એક વાત છે. **'તેમ જ પ્રતિક્રમણાદિથી રહિત હોવાથી અપ્રતિક્રમણાદિરૂપ છે,...'** એટલે પડિક્કમણું કરવું એવું ત્યાં નથી એમ. ખરું નિશ્ચયપ્રતિક્રમણ તો ઇ છે. આહા..હા..! શુદ્ધ આત્મસ્વરૂપ વીતરાગમૂર્તિ એમાં ઠરવું એ જ સાચું પ્રતિક્રમણ છે. એને અહીંયાં પ્રતિક્રમણ અપ્રતિક્રમણ કહીને ત્રીજી ભૂમિ કહીને અપ્રતિક્રમણ કહ્યું છે. સમજાણું કાંઈ? **'અપ્રતિક્રમણાદિરૂપ છે, તેને અમૃતકુંભ કહી છે અર્થાત્ ત્યાંના અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે.'** આહા..હા..! ચૈતન્યનો નિર્મળ વીતરાગી સ્વભાવ એને સ્વભાવને આશ્રયે જેટલી વીતરાગતા, નિર્મળતા, નિર્વિકલ્પતા પ્રગટી છે એને અમૃતકુંભ કહીએ. વસ્તુની અહીં વાત નથી. અહીં પર્યાયની વાત છે. શુભભાવ છે એ ઝેર છે અને શુદ્ધભાવ તે અમૃત છે. માથા ફરી જાય એવું છે બધું. નવા માણસને તો એવું લાગે કે મારો આ કેવો ધર્મ હશે! આવો ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... ખબર છેને બધી. દુનિયા જાણે છે. કારણ કે એ જ પીંજણી પીંજી હોય અત્યાર સુધી. સંભળાવનારાએ સંભળાવ્યું હોય, સાંભળનારાએ એને રુચિથી સાંભળ્યું હોય. આહા..હા..! હવે એને આ કહે તો ... તારી દૃષ્ટિ શુભથી ધર્મ થાય એવી દૃષ્ટિવાળાની તો અમે વાત કરતા જ

નથી. એ તો પૂરા ઘુંચાઈ ગયા છે મિથ્યાત્વમાં. પણ જેને મિથ્યાત્વ ટળ્યું છે, શુભભાવમાં ધર્મ નથી, શુદ્ધ સ્વભાવમાં ધર્મ છે. એવી દૃષ્ટિ થઈ છે. એવા જીવને માટે શુભ ઝેર કહીને ત્યાં લઈ જવા માગીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આફ્રિકામાં તો ઓલો .. આવ્યો હતોને તમારો કોણ? નેમચંદ બધા ચાલી નીકળ્યા. મંદિર જાય, ભક્તિ કરે, આહાર કરાવે અને હો..હા.. હો..હા... મહારાજ કહેવાય. ભગવાનજીભાઈ પણ ત્યાં ગયા હતા. પગલા કરાવ્યા હતા ઘરે. દોઢસો રૂપિયા મૂક્યા હતા. એવું સાંભળ્યું હતું. જતી હતોને જતી. ... હા ઇ. ગરીબ દીકરા હતા અહીં આવ્યા હતા. ... પછી એને ... ગરીબના છોકરા બિચારા ભિખારા. એ આવ્યા હતા. ... જતી. આ વાણિયાને ભાન ન મળે કાંઈ. વાણિયા ઓલા બહારમાં હુશિયાર, પણ ધર્મ કરે... જય નારાયણ. .. બે બોઘડા બે બોઘડીયું, બે બોઘાના બચ્ચા, ગુરુ કહે ગપ્પા ઓલો કહે સચ્ચા. કાંઈ ખબર ન મળે આંધળા તે આંધળા. જેઠાભાઈ! લ્યો એવું છે. એણે બધું કર્યું, બહુ કર્યું છે. ઉપધાન કર્યા, ઉના પાણી પીધા. આહા..હા..! ભાઈ! તને તો (ઉંચે) ચડાવા માગીએ છીએને ભાઈ!

**'અપ્રતિક્રમણાદિને અમૃતકુંભ કહ્યાં છે. ત્રીજી ભૂમિમાં ચડાવવા માટે આ ઉપદેશ આચાર્યદેવે કર્યો છે. પ્રતિક્રમણાદિને વિષકુંભ કહ્યાં સાંભળીને જેઓ ઊલટા પ્રમાદી થાય છે તેમના વિષે આચાર્યદેવ કહે છે કે-'આ માણસો નીચા નીચા કેમ પડે છે? ત્રીજી ભૂમિમાં ઊંચા ઊંચા કેમ ચડતા નથી?' જ્યાં પ્રતિક્રમણને વિષકુંભ કહ્યું ત્યાં તેના નિષેધરૂપ અપ્રતિક્રમણ જ અમૃતકુંભ હોઈ શકે,'** શુભભાવને જ્યાં ઝેર કહ્યું ત્યારે તો શુદ્ધભાવ જે આત્માનો એને અમૃત કહેવામાં આવે છે. આહા..હા..! **'અજ્ઞાનીનું નહિ.'** જેની રુચિમાં પુણ્યથી ધર્મ થાય, દેહની ક્રિયા કરતા-કરતા કલ્યાણ થાય, દાન, દયા અને મંદિરો બનાવતા જીવનું કલ્યાણ થાય. સમજાણું કાંઈ? એવા મિથ્યાદૃષ્ટિ મૂઢની વાત તો અમે કરતા નથી કહે છે. એ અજ્ઞાની છે, જૈનશાસનના વેરીઓ છે. ભારે આકરું પડે.

**'માટે જે અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ કહ્યાં છે તે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ ન જાણવાં,...'** શુભમાં ઉતરીને અશુભમાં જાય એને લાભ માને એવાઓને માટે આ વાત નથી. **'ત્રીજી ભૂમિના શુદ્ધ આત્મામય જાણવાં.'** લ્યો, એ તો નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ થાય એને અહીં અમૃતકુંભ કહ્યા છે. લ્યો.

## કળશ-૧૯૦

(पृथ्वी)

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसता प्रमादो यतः।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्॥190॥

હવે આ અર્થને દૃઢ કરતું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यतः कषाय-भर-गौरवात् अलसता प्रमादः] કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે, તેથી [प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति] તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે? [अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनि] માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ [परमशुद्धतां व्रजति] પરમ શુદ્ધતાને પામે છે [वा] અથવા [अचिरात् मुच्यते] શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.

ભાવાર્થ :- પ્રમાદ તો કષાયના ગૌરવથી થાય છે માટે પ્રમાદીને શુદ્ધ ભાવ હોય નહિ. જે મુનિ ઉદ્યમથી સ્વભાવમાં પ્રવર્તે છે તે શુદ્ધ થઈને મોક્ષને પામે છે. 190.

---

## કળશ-૧૯૦ ઉપર પ્રવચન

'હવે આ અર્થને દૃઢ કરતું કાવ્ય કહે છે :-' ૧૯૦.

(पृथ्वी)

प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः
कषायभरगौरवादलसता प्रमादो यतः।
अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्
मुनिः परमशुद्धतां व्रजति मुच्यते वाऽचिरात्॥190॥

'यतः कषाय-भर-गौरवात् अलसता प्रमादः' 'કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...' આ શુભભાવની વ્યાખ્યા કરી. શુભભાવ તો આળસ છે. ઇ પ્રમાદ છે.

આહા..હા..! ભગવાનની વાણીનો અમૃત જુદી જાતનો છે. પ્રવિણભાઈ! આ જુદી જાતની વાતું છે આ. કહે છે એ **'કષાયના ભાર વડે ભારે હોવાથી...'** એ પ્રમાદી શુભભાવ તો કષાયના ભાવથી ભારે છે. **'તેથી તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?'** એ શુભભાવ શુદ્ધ કેમ હોઈ શકે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! સાચા મુનિ છઠ્ઠે ગુણસ્થાને ઝુલનારા, સંત જેને વીતરાગી કહે એને પણ કહે છે પ્રમાદ જે છઠ્ઠે ગુણસ્થાને મહાવ્રત આદિના પરિણામ એ કષાયનો ભાર છે. એ અકષાયભાવ નથી. આહા..હા..! અનંતકાળમાં એને રહી ગઈ છે વાત શું એને ખબર નથી. રખડી મરી ગયો ચોર્યાસીના અવતારમાં. અનંતવાર જૈન સાધુ થયો, અનંતવાર જૈનનો આચાર્ય થયો, દીક્ષાઓ અનંતવાર લીધી, અગિયાર અંગ અનંતવાર ભણ્યો, અનંતવાર પંચ મહાવ્રત લઈને સ્વર્ગમાં ગયો. એ બધું કષાયનું કાર્ય છે એ તો.

**'કષાયના ભાર વડે ભારે હોવાથી આળસુપણું તે પ્રમાદ છે,...'** 'प्रमादकलितः अलसः शुद्धभावः कथं भवति' **'તેથી એ પ્રમાદયુક્ત આળસભાવ શુદ્ધભાવ કેમ હોઈ શકે?'** આહા..હા..! 'अतः स्वरसनिर्भरे स्वभावे नियमितः भवन् मुनि' **'માટે નિજ રસથી ભરેલા સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે...'** આહા..! એ શુભભાવનો કષાયભાવ છે કહે છે. એ શુદ્ધ કેમ હોય? શુદ્ધ તો નિજરસથી ભરેલો ભગવાન આનંદ અને શાંતિના રસથી ભરેલો એવા સ્વભાવમાં નિશ્ચળ થતો, મુનિ તો વીતરાગી ભાવમાં રહેતો શુદ્ધ ઉપયોગમાં રહેતો. આહા..હા..! એ પરમ શુદ્ધતાને પામે. એ શુદ્ધતાને પામે છે. ભારે કામ ભાઈ! આવું ગોતવા જઈએ તો ક્યાંય મુનિ સારો મળશે નહિ.

મુમુક્ષુ :- તેથી કાંઈ ખોટા મુનિને સાચા મુનિ મનાય?

ઉત્તર :- હતો જ કે દિ' મુનિ? હિન્દુસ્તાનમાં મુનિ અત્યારે ક્યાં છે? એય..! હજી સમકિતના ઠેકાણા નથી. એય..! આહા..હા..! દેહની ક્રિયાથી ધર્મ થાય અને દેહ ક્રિયાને આત્મા કરી શકે છે. એવું માને છેને ...

અહીં તો કહે છે જેને શુભભાવ છે એ તો આળસ અને પ્રમાદ છે. એ તો બંધનું કારણ છે. **'સ્વભાવમાં નિશ્ચળ થતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અથવા શીઘ્ર-અલ્પ કાળમાં (કર્મબંધથી) છૂટે છે.'** શુભભાવને છોડી અને સ્વરૂપમાં સ્થિર થાય શુદ્ધતાને પામે એ અલ્પકાળમાં મુક્તિને પામે. શુભભાવવાળો મુક્તિને પામે નહિ. શુભભાવવાળો તો આસ્રવ કીધો છે મુનિ હોય તોપણ. શુદ્ધતામાં અંદર એકાગ્રતા એ મુનિ છે અને મુક્તિને પામે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**પ્રવચન-૪૩૩માં અવાજ અસ્પષ્ટ હોવાથી લેવામાં આવેલ નથી.**

## કળશ-૧૯૨

(मन्द्राक्रान्ता)
बन्धच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत-
न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकान्तशुद्धम्।
एकाकारस्वरसभरतोऽत्यन्तगम्भीरधीरं
पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि॥192॥

હવે મોક્ષ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે પૂર્ણ જ્ઞાનના મહિમાનું (સર્વથા શુદ્ધ થયેલા આત્મદ્રવ્યના મહિમાનું) કળશરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [बन्धच्छेदात् अतुलम् अक्षय्यम् मोक्षम् कलयत्] કર્મબંધના છેદથી અતુલ અક્ષય (અવિનાશી) મોક્ષને અનુભવતું, [नित्य-उद्योत-स्फुटित-सहज-अवस्थम्] નિત્ય ઉદ્યોતવાળી (જેનો પ્રકાશ નિત્ય છે એવી) સહજ અવસ્થા જેની ખીલી નીકળી છે એવું, [एकान्त-शुद्धम्] એકાંતશુદ્ધ (-કર્મનો મેલ નહિ રહેવાથી જે અત્યંત શુદ્ધ થયું છે એવું), અને [एकाकार-स्व-रस-भरतः अत्यन्त-गम्भीर-धीरम्] એકાકાર (એક જ્ઞાનમાત્ર આકારે પરિણમેલા) નિજરસની અતિશયતાથી જે અત્યંત ગંભીર અને ધીર છે એવું [एतत् पूर्णं ज्ञानम्] આ પૂર્ણ જ્ઞાન [ज्वलितम्] ઝળહળી ઊઠ્યું (સર્વથા શુદ્ધ આત્મદ્રવ્ય જાજ્વલ્યમાન પ્રગટ થયું); [स्वस्य अचले महिम्नि लीनम्] પોતાના અચળ મહિમામાં લીન થયું.

ભાવાર્થ :- કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું, પોતાની સ્વાભાવિક અવસ્થારૂપ, અત્યંત શુદ્ધ, સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું, અત્યંત ગંભીર (જેનો પાર નથી એવું) અને ધીર (આકુળતા વિનાનું) - એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું. 192.

ટીકા :- આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.

ભાવાર્થ :- રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો. જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.

**જ્યોં નર કોય પર્યો દૃઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,**
**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;**
**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,**
**યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**

**આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.**

---

## અષાઢ સુદ-૧૧, મંગળવાર, તા.૧૦-૦૭-૧૯૭૩
## કળશ-૧૯૨ થી ૧૯૪, પ્રવચન-૪૩૪

ભાવાર્થ. ૧૯૨ કળશ. મોક્ષ અધિકાર. છેલ્લો કળશ છેને? '**કર્મનો નાશ કરી મોક્ષને અનુભવતું,....**' એનું જ્ઞાન જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાનો આશ્રયથી લઈને કર્મનો નાશ કરી અને પૂર્ણ આનંદની દશાને અનુભવતું જ્ઞાન. '**પોતાની સ્વભાવિક અવસ્થારૂપ,...**' એ તો પોતાની સ્વભાવિક અવસ્થા મોક્ષ એ તો. સંસાર એ વિકારી, વિભાવી દશા છે. '**પોતાની સ્વભાવિક અવસ્થારૂપ,...**' એકાંત શુદ્ધનો અર્થ કર્યો છે. એકાંત શુદ્ધ છેને? એનો અર્થ કર્યો છે અત્યંત શુદ્ધ. કળશમાં સર્વથા શુદ્ધ કહ્યું છે. એકાંત શુદ્ધ. એકાંત એટલે ... શુદ્ધ એમ. એકાંત શુદ્ધ એકધર્મરૂપ શુદ્ધ. અર્થમાં કળશટીકામાં સર્વથા કહ્યું છે. અહીં કહ્યું અત્યંતશુદ્ધ. નિર્મળ પરમદશા પ્રગટ થઈ. '**સમસ્ત જ્ઞેયાકારોને ગૌણ કરતું,...**' નીચે એનો અર્થ કર્યો એકાકારનો અર્થ કર્યો છે. પાઠમાં એકાકાર છેને? તે '**અત્યંત શુદ્ધ,...**' અને લોકાલોકને જ્ઞેયાકારરૂપ જાણતો થકો અનેકરૂપ થતું નથી. એ એકરૂપ છે. જ્ઞાનની પર્યાયમાં લોકાલોક જ્ઞેયાકારરૂપ જણાય. અનંત-અનંત જણાય. છતાં રહે છે એકાકારરૂપ. પોતાની જ્ઞાનની પર્યાય એકાકારરૂપ છે. સમજાણું કાંઈ? નીચે એનો અર્થ કર્યો છે. એકાકારનો અર્થ. કે '**સમસ્ત જ્ઞેયાકારોને...**' જેને જ્ઞાનની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવી એકરૂપ ..દશા છે. ભલે અનેક જણાય. જ્ઞાનરૂપ પર્યાય તો એકરૂપ છે. આહા..હા..! તો અનેકરૂપને ગૌણ કરતું એકરૂપપણે રહેતું. એમ કહેવું છે. ... આચાર્યો આવા ... કહે છે કેવળજ્ઞાન .. ચાર જ્ઞાન હોય તો આવે છેને? ... શ્વેતાંબરમાં આવે છે. આચાર્ય કહે છે કે કેવળજ્ઞાન અત્યારે ન હોય કહો, હવે ... ગજબ વાતું. ઓલા તો ક્ષયોપશમ ... કેવળજ્ઞાન .. બે મત ... આવે

છેને. એ વાત તદ્દન ખોટી છે.

જ્યાં ક્ષયોપશમદશા છે એ તો અલ્પજ્ઞદશા છે. ક્ષાયિક સર્વજ્ઞ થયું ત્યાં અલ્પજ્ઞ ચાર જ્ઞાન એમાં ક્યાં રહ્યું? જેમ અત્યારે આ મતિશ્રુત અસ્તિરૂપે નથી? એમ કેવળજ્ઞાનમાં ચાર જ્ઞાન અસ્તિરૂપે છે, પણ આના પ્રભાવમાં એ દેખાતા નથી. આવા ને આવા બે મત હોય જ નહિ. એક આચાર્ય આમ કહે છે અને એક આચાર્ય આમ કહે એમ હોય? આ તો સર્વજ્ઞના કેડાયતના જે આચાર્યો છે એણે કહ્યું છે તે એક જ પ્રકારે છે. કાંઈ ફેર નથી. દિગંબર આચાર્યોની કથનીમાં ક્યાંય ફેર નથી. આહા..હા..! સર્વ જ્યાં ક્ષાયિક દશા પ્રગટ થઈ ત્યાં વળી ક્ષયોપશમ ક્યાં રહ્યું? એમાં સમાઈ ગયું ... પ્રકાશ એટલો છે એમ કેવળજ્ઞાનનો એટલો પ્રકાશ .. અસ્તિ છે. ... છે. અસ્તિત્વ છે એમાં કેવળજ્ઞાનમાં પણ આ પ્રકાશનું જોરમાં દેખાતું નથી.

મુમુક્ષુ :- .. પહેલા પદાર્થ જ ...

ઉત્તર :- .. કારણ કે ઓલો પ્રકાશ છે અંદર દબાઈ ગયેલો છે એમ. પણ દબાઈ ગયેલો એટલે શું? આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયમાં... આહા..હા..! પૂર્ણદશા જ્યાં થઈ ત્યાં વળી અપૂર્ણતા અંદર અસ્તિપણે છે એ કઈ વાત!

અહીં તો કહે છે કે જ્ઞાનમાં અનેકપણું જણાય છતાં તે એકરૂપે રહેલું છે. ... પર્યાય એમ કહે છે. સમજાણું કાંઈ? એકાકાર લખ્યુંને? એ એકાકાર પણ **‘स्व-रस-भरतः’** એમ. જ્ઞાનની શક્તિથી ભરેલું છે. ઓલા અનંત જ્ઞેયાકારોથી ભરેલું નથી. એમ કહેવું છે. સમજાણું કાંઈ? છેને ટીકામાં? **‘एकाकार-स्व-रस-भरतः’** સ્વરસથી ભરેલું છે. એ પર જ્ઞેયાકારો જે લોકાલોક છે એનાથી ભરેલું નથી ઇ. આહા..હા..! એ સંબંધીનું પોતાનું જે જ્ઞાન ... સ્વશક્તિવાળું એ રૂપે કેવળજ્ઞાન છે. અત્યંત ગંભીર જેનો પાર નથી. આહા..હા..! અત્યંત ગંભીર. ... ગૂઢ. ... સમકિતીને માથે સમ્યગ્જ્ઞાન છે. ભલે એનો અર્થ ગૂઢ હોય એમ કહે છે. છતાં કોઈ રીતે મળતું નથી. આગમથી મળતું નથી અને .. અરેરે..! એ તો એક દાખલો આપ્યો છે ભાઈએ ધર્મદાસ ક્ષુલ્લકે. મોટાના ઘરે થઈ ગયું તો એને કાંઈ ખબર ન પડે. એમ વાત છે. એમ કરીને ધર્મીને માથે સમ્યગ્જ્ઞાનરૂપી પરમાત્મા જેની દૃષ્ટિમાં બિરાજે છે. આહા..! એને કોઈ ચારિત્રનો દોષ થઈ જાય એની કાંઈ ગણતરી છે નહિ. આહા..હા..! એમ કહેવું છે. સિદ્ધાંત શું સિદ્ધ કરવો છે (એ જાણે નહિ અને) એમ ને એમ .. જાય.

અહીં કહે છે કે કેવળજ્ઞાન તો મહા ... જેના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક .. સમય એક, પર્યાય એક. પર્યાય એક અને અનંત-અનંતને જ્ઞેયાકારને જાણવા છતાં એ અનંતપણે થયું નથી. જ્ઞાનની .. શક્તિ પણ એકરૂપે રહ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **‘અને ધીર (આકુળતા વિનાનું)...’** છે. આનંદ છે. એટલો અનંત એકાકારે પણ હોવા છતાં ત્યાં દુઃખ નથી. **‘એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું,...’** લ્યો. **‘એવું પૂર્ણ જ્ઞાન પ્રગટ દેદીપ્યમાન થયું, પોતાના મહિમામાં લીન થયું.’** પોતાની દશામાં, મોટપમાં લીન થયું. પોતાની મોટપ પોતામાં રહી.

આહા..હા..! આવું કેવળજ્ઞાન એને હજી પરીક્ષાથી નક્કી કરવાની તાકાત ન મળે.

**'આ રીતે મોક્ષ (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગયો.'** લ્યો, પર્યાય. પર્યાય છેને મોક્ષ એ તો. જ્ઞાને જાણી લીધું બસ થઈ રહ્યું. જ્ઞાનનો સ્વભાવ છે મોક્ષ થયો અને જાણ્યું. બંધનો નાશ થયો એ જાણ્યું. પણ મોક્ષ પણ એક ભેખ છે. ત્રિકાળી ચીજ નથીને. અનાદિ-અનંત ભગવાન આત્મા એ મોક્ષદશા ભેખ છે. ભેખ છે. આહા..હા..! એને જાણી લીધું. **'રંગભૂમિમાં મોક્ષતત્ત્વનો સ્વાંગ આવ્યો હતો.'** કેવળજ્ઞાન અને સિદ્ધપદનો ભેખ-સ્વાંગ આવ્યો હતો. **'જ્યાં જ્ઞાન પ્રગટ થયું ત્યાં તે મોક્ષનો સ્વાંગ રંગભૂમિમાંથી બહાર નીકળી ગયો.'** એટલે પર્યાય જુદી રહી નહિ અભેદ થઈ ગઈ.

**જ્યોં નર કોય પર્યો દઢબંધન બંધસ્વરૂપ લખૈ દુખકારી,**
**ચિંત કરૈ નિતિ કૈમ કટૈ યહ તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;**
**છેદનકૂં ગહિ આયુધ ધાય ચલાય નિશંક કરૈ દુય ધારી,**
**યોં બુધ બુદ્ધિ ધસાય દુધા કરિ કર્મ રુ આતમ આપ ગહારી.**

**'જ્યોં નર કોય પર્યો દઢબંધન...'** બેડીમાં પડ્યો છે ઇ. **'બંધસ્વરૂપ લખૈ...'** બંધસ્વરૂપને જાણે કે આ બંધસ્વરૂપ છે, દુઃખદાયક છે, આમ છે, તેમ એ બંધસ્વરૂપને જાણે. પહેલાની ગાથાઓમાંથી. બીજું. **'ચિંત કરૈ નિતિ કૈમ કટૈ...'** ચિંતવના કર્યા કરે ... કેમ કપાય કેમ કપાય એથી કાંઈ કટે નહિ. **'તૌઊ છિદૈ નહિ નૈક ટિકારી;...'** તેનું ચિંતન કરે તોપણ તે છેદાય નહિ. **'છેદનકૂં ગહિ આયુધ ધાય'** હાથમાં આયુધ લઈને જે બેડીને કાપે **'નિશંક કરૈ દુય ધારી,...'** બેય જુદા પાડે છે. પગમાં બેડી કાપી કાઢે. **'યોં બુધ બુદ્ધિ ધસાય...'** તેમ પ્રજ્ઞારૂપી બુદ્ધિને અંતરમાં રાગથી ભિન્ન કરીને અંદર નાખે. **'દુધા કરિ...'** રાગ અને આત્મા બે જુદા કરી **'કર્મ રુ આતમ આપ ગહારી.'** રાગને જુદા કરીને આત્માને ગ્રહે. આહા..હા..! લ્યો આ મોક્ષ અધિકાર.

**'આમ શ્રી સમયસારની (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.'** કુંદકુંદાચાર્ય ત્યાં એમ કહે છે ભાવપાહુડમાં ત્યારે અહીં કુંદકુંદાચાર્ય કહે છે કે શુભભાવ એ ઝેર છે. ત્યાં ને ત્યાં બાકીની ગાથામાં કહ્યું એ વળી જુદી વાત છે, પણ અહીં તો વિષકુંભ છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ઝેર છે. ભગવાનની ભક્તિ તે ઝેર છે. આહા..હા..! રાડ નાખેને. આહા..હા..! એમ કે આવા .. કોણ નીકળ્યા? એય..! ... ચૈતન્ય આત્મા આવો જાગૃત! ... નહિ? ભગવાનભાઈ! ભગવાન થઈ જાવને. એથી કાંઈ લાભ જ છે? આહા..હા..! .. લક્ષ્મી કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતગુણ સ્વરૂપ, અનંતગુણનો ધરનાર .. એનો ધણી થઈને કેવળજ્ઞાન અનુભવને! અને પહેલા અને પછીનો પ્રશ્ન જ નથી ત્યાં. આરાધકે ચડ્યો એ પછી બે ભવ પછી મોક્ષ જાય કે અત્યારે જાય પણ ... જ્ઞાતા-દૃષ્ટાપણે જાણે છે એમાં તો

ફેર શું છે? સમજાણું કાંઈ? .. શ્રાવકને વહેલો મોક્ષ થઈ જાય. કોઈ કહેતા. ૯૦ની સાલમાં. કોઠારી સાથે વાત કરતા. ઓલો કોઠારી નહિ? દલસુખ કોઠારી. ...નો ભાઈ. ... કેમ? કે તમારે બે .. આયુષ્યમાં થાય .. અને અમારે સાધુને તો બહુ લાંબે વારે મોક્ષ અમારે મોડો થાય. સાધુપણું .. આવી ને આવી વાતું મારા. ... કણબી હતા. ... વઢવાણ પાસે ગામ હતુંને વઢવાણ પાસે ગામ છેને. ... પણ શ્રાવકને હજી .. નથી અને સાધુને વધારે માટે મોક્ષ તમારો વહેલો થશે. હવે આ શું કહે છે? વહેલા મોક્ષ ... ક્યાં છે?

મુમુક્ષુ :- ઇ તો ક્રમ હોય એમ જ થાય.

ઉત્તર :- એમાં શું છે પણ એ તો .. મોક્ષને અનુભવે જ છે. સમકિતી મોક્ષને જ અનુભવે છે, મુક્તસ્વરૂપને જ અનુભવે છે. આહા..હા..! એનો જેટલો કષાય ગયો અને પર્યાયમાં (મુક્ત) પ્રગટ થયો છે. આત્મદ્રવ્ય સ્વરૂપ તો મુક્ત જ છે, પણ પર્યાયમાં જેટલી અશુદ્ધતા ગઈ એટલો મુક્ત જ છે એનું. આહા..હા..!

**'શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં મોક્ષનો પ્રરૂપક આઠમો અંક સમાપ્ત થયો.'**

---

# ૯
# સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર

## કળશ-૧૯૩

अथ प्रविशति सर्वविशुद्धज्ञानम्।

(मन्दाक्रान्ता)

नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्
दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।
शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-
ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः॥193॥

**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;**
**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**

**પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે 'હવે સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે'.**

**મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-**

**અજીવ, કર્તાકર્મ, પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું અને પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા. હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.**

**ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा] સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને [प्रतिपदम्] પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં) [बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः] બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, [शुद्धः शुद्धः] શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો), [स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः] જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી ભરપૂર છે એવો, અને [टंकोत्कीर्ण-प्रकट-महिमा] જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો [अयं ज्ञानपुंजः स्फूर्जति] આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.**

**ભાવાર્થ :- શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે, પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી શુદ્ધ છે, પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે. એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. ૧૯૩.**

---

## કળશ-૧૯૩ ઉપર પ્રવચન

નવમો. આજે નવમો શરૂ થયો જ્ઞાન અધિકાર.

**સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય, સદા આતમારામ;**
**પરને કરે ન ભોગવે, જાણે જપિ તસુ નામ.**

સર્વવિશુદ્ધ સુજ્ઞાનમય ભગવાન આત્મા તો સર્વવિશુદ્ધ જ્ઞાનમય પ્રભુ છે. આહા..હા..! એ '**સદા આતમારામ;...**' સદા એવો છે. સુજ્ઞાનમય ત્રિકાળ છે એ. પરને કરે ન ભોગવે એ બંધને કરે નહિ, બંધને છેદે નહિ, પરને કરે નહિ અને પરને ભોગવે નહિ. રાગ કરે નહિ અને રાગને ભોગવે નહિ. અહીં તો ઉદયને કરે નહિ અને ઉદયનો નાશ પણ ન કરે. એ ઉદય ટાણે ઉદયને જાણે, નાશ ટાણે નાશને જાણે. એવો આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છે. આહા..હા..! '**પરને કરે ન ભોગવે,...**' ઉદયને કરે નહિ અને ઉદયને ભોગવે નહિ, ઉદયને ટાળે નહિ, જાણે છે. છતાં તેને

**'જાણે જપિ તસુ નામ.'** જેવું સ્વરૂપ છે તેવું જાણે. લ્યો, બંધ અને મોક્ષ, સંવર અને નિર્જરા ... જાણે... જાણે... જાણે... જાણે... જાણે જ એમાં છે. બીજું છે નહિ. આહા..હા..! સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.

**'મોક્ષતત્ત્વનો સ્વાંગ નીકળી ગયા પછી સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે. રંગભૂમિમાં જીવ-અજીવ,...'** એ અધિકાર ગયો. **'કર્તા-કર્મ,...'** ગયો **'પુણ્ય-પાપ,...'** ગયો, **'આસ્રવ, સંવર, નિર્જરા, બંધ,...'** ગયો. અને **'મોક્ષ-એ આઠ સ્વાંગ આવ્યા, તેમનું નૃત્ય થયું...'** પરિણમન જાણ્યું. **'પોતપોતાનું સ્વરૂપ બતાવી તેઓ નીકળી ગયા.'** આહા..હા..! **'હવે સર્વ સ્વાંગો દૂર થયે એકાકાર સર્વવિશુદ્ધજ્ઞાન પ્રવેશ કરે છે.'** લ્યો. .. આવ્યું હતું એકાકાર નહિ? પહેલા એકાકાર આવ્યું હતું. **'ત્યાં પ્રથમ જ, મંગળરૂપે જ્ઞાનપુંજ આત્માના મહિમાનું કાવ્ય કહે છે :-'** એકાકાર હતુંને. ... છે. ... એકાકાર એટલે સર્વવિશુદ્ધમાં આવ્યું.

**(मन्दाक्रान्ता)**

**नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्**
**दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।**
**शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः॥193॥**

'अखिलान् कर्तृ-भोक्तृ-आदि-भावान् सम्यक् प्रलयम् नीत्वा' **'સમસ્ત કર્તા-ભોક્તા આદિ ભાવોને સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** લ્યો, જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સૂર્ય એ તો ત્રણે કાળ જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવાની દશા. એના કર્તૃત્વ અને ભોક્તૃત્વના ભાવને નાશ કરી **'સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** પહેલા થોડો નાશ, અનંતકાળ થયો, થયો એ તો નાશ થયો નથી. આ તો સર્વથા પ્રકારે નાશ કરીને. એકલો ચૈતન્ય જ્યોત જ્ઞાનમય કર્તા-ભોક્તા વિનાનો જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા પ્રગટ થયો. આહા..હા..! 'प्रलयम् नीत्वा' એમ છેને? **'સમ્યક્ પ્રકારે નાશ પમાડીને...'** 'प्रलयम् नीत्वा' 'प्रतिपदम्' **'પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં)...'** 'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः' **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** કર્મને બાંધવું અને કર્મને છોડવું એનાથી દૂર વર્તતો અને બંધની પર્યાયને અને મોક્ષની પર્યાય એને કરવું એનાથી દૂર વર્તે. એમાં તો મોક્ષની પર્યાયને કરું એવું ક્યાં છે? એની પર્યાયમાં કર્તૃત્વ ધર્મ છે. પર્યાયમાં કર્તૃત્વ ધર્મ છે તો પર્યાય થશે જ. સમજાણું કાંઈ? એવા કર્તૃત્વ-ભોક્તૃત્વથી રહિત થયો થકો. આહા..હા..!

**'પદે પદે (અર્થાત્ કર્મના ક્ષયોપશમના નિમિત્તથી થતા દરેક પર્યાયમાં)...'** 'बन्ध-मोक्ष-प्रक्लृप्तेः दूरीभूतः' **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો,...'** ભાવબંધ અને ભાવ મોક્ષ એને રોકું, એનાથી દૂર વર્તતો. એમ કહે છે જુઓ. મોક્ષને રચું. (એનાથી દૂર વર્તતો) આહા..હા..! ભારે ઝીણી

વાતું, ભાઈ! એની મહિમાની વાતું. .. પ્રભુ ... એ મહિમા એને બેસે નહિ. આને લઈને આમ થાય અને આને લઈને આમ થાય. આહા..હા.!

જ્ઞાનસ્વરૂપી ભગવાન તો બંધને રચે નહિ, મોક્ષને રચે નહિ. એ તો એના જ્ઞાતા-દૃષ્ટા, જ્ઞાન-દર્શન-દેખવું-જાણવું સ્વભાવ છે બસ. બંધ હોય તો બંધને જાણે, મોક્ષ હોય તો મોક્ષને જાણે. એવું પૂર્ણ જ્ઞાન, એકલું જ્ઞાન પ્રગટ થતાં **'બંધ-મોક્ષની રચનાથી દૂર વર્તતો, શુદ્ધ-શુદ્ધ (અર્થાત્ જે રાગાદિક મળ તેમ જ આવરણ-બન્નેથી રહિત છે એવો),...'** લ્યો, સર્વવિશુદ્ધજ્ઞાન અને રાગનો મોહ નથી અને આવરણ રહિત છે. ખરેખર તો એ દ્રવ્ય પણ શુદ્ધ છે અને ગુણ પણ શુદ્ધ છે અને પર્યાય. દ્રવ્ય-ગુણ શુદ્ધ અને પર્યાય પણ શુદ્ધ છે. આહા..હા..! એવો ચૈતન્ય ચમત્કાર એવો ભગવાન આત્મા એની મહિમાની ખબર ન મળે. અને અશુભભાવ થયો બસ આહા..! આપણે જાણે ક્યા ગયા હવે. ભ્રમ છે મોટો. એ તો શુદ્ધ-શુદ્ધ .. એવું છે.

**' स्वरस-विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चिः'** **'જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી...'** **'विसर'** **'ભરપૂર છે...'** લ્યો. નિજરસ છેને આવી ગયું. સ્વરસ આવી ગયું અને **'विसर-आपूर्ण-पुण्य-अचल-अर्चि'** બધાનો અર્થ પહેલા આવી ગયો. **'જેનું પવિત્ર અચળ તેજ નિજરસના (-જ્ઞાનરસના, જ્ઞાનચેતનારૂપી રસના) ફેલાવથી...'** જ્ઞાનચેતના પ્રગટી. અનાદિથી રાગની ચેતનામાં કર્તાપણું જતો રાગના ભોગવવામાં કર્મફળમાં જતો તે અટકી ગયું. એકલી જ્ઞાનચેતના. જ્ઞાનનું વેદન અને જ્ઞાનનું જાણવું. જ્ઞાનચેતના કીધીને! જ્ઞાનચેતના એટલે જાણવાની ચેતના અને વેદવામાં ચેતના એવું સ્વવિશુદ્ધજ્ઞાન. આ મંગળિક કરે છે સર્વવિશુદ્ધજ્ઞાન શરૂ કરતા. એ **'पुण्य-अचल-अर्चिः'** **'જેનું પવિત્ર...'** **'पुण्य'** એટલે પવિત્ર અહીં લેવું છે. **'पुण्य'** એટલે ઓલું પુણ્ય નહિ. આ બહાર ઓલા કહે છેને પુણ્યભાવ એ પવિત્ર... પુણ્ય એટલે પવિત્ર. .. લખે છે. પુણ્ય એટલે પવિત્ર કહેવાય. જીવને પવિત્ર બનાવે. કયું પુણ્ય? શુભભાવને? એની પવિત્રતારૂપી ભાવ એને અહીં પુણ્ય કહેવામાં આવે છે. આહા..હા..! શબ્દ તો પુણ્ય પડ્યો છે. જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ પોતાની પવિત્રતાથી અચળપણે જેનું તેજ નિવર્ત્યું છે. જ્ઞાનચેતનાનો રસ ફાલ્યો છે. જ્ઞાનચેતનાનો રસ ફાલ્યો છે. આહા..હા..! **'ફેલાવથી ભરપૂર છે...'** આંબામાં નથી મોલ થતા બહુ? ઝુંડ પછી થાયને પવિત્ર?

પહેલા તો ... એમ અહીંયાં પોતાના નિજરસના ફેલાવથી ભરપૂર છે. આહા..હા..! ... જ્ઞાનની પર્યાય ત્યાં. એવો અહીં **'टंकोत्कीर्ण-प्रकट-महिमा'** **'જેનો મહિમા ટંકોત્કીર્ણ પ્રગટ છે એવો...'** અણઘડી જેમ મૂર્તિ નીકળે તેમ અણઘડ્યો શાશ્વત આત્મા એવો ... **'પ્રગટ છે એવો...'** **'अयं ज्ञानपुंजः स्फूर्जति'** **'આ જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** જ્ઞાનનો પુંજ પ્રભુ એ પ્રગટ થાય છે. આહા..હા..! એકલી જ્ઞાનચેતનાની રસથી પ્રગટ થયું છે. એમાં ક્યાંય રાગનું કરવું અને વેદવું રહ્યું

નથી. આહા..હા..! એ વખતે ઉદયને કરતો નહોતો ઇ.

મુમુક્ષુ :- આ સિદ્ધ ભગવાનની વાત છે?

ઉત્તર :- એ આત્માની વાત છે આ. બધાય આત્મા આવા છે. ... ભગવાન ... ૩૮ ગાથા. આખો લોક આવે. આવીને નિમગ્ન થાઓ. જ્ઞાન, આનંદથી ભરેલો તેમાં ડુબકી મારો સાગમટે નોતરું છે. સાગમટે આપણે નથી આવતું? કંદોરાબંધ નોતરું. શું કહેવાય? એકલી કન્યાઓ જમાડવી હોય તો ગોરણું કહેવાય નહિ? ... બધા છોકરાને કંદોરાબંધ. આ તો કહે સાગમટે. બધાને નોતરું છે બધા આવી જાવ આમાં. .. સાધારણ માણસ હોય એ ... વાડામાં બહુ અમારે ... નાનો છોકરો હતો. બાર વર્ષનો છોકરો મરી ગયો તો એનાથી નાના જમે મોટા ન જમે. ... જમાડે. બાર વર્ષનો છોકરો. જોયું હતું હોં બધું જોયું હતું. કુંવરજીભાઈ ... કર્યો હતો. ... ... આહા..હા..! અહીં તો કહે સાગમટે નોતરું બધા આવી જાવ. જેટલા આત્મા છે એ આવી જાવ બધા. ન આવો તો તમારા લક્ષણમાં ફેર, અમે તો અહીં કહીએ છીએ આવી જાવ. આહા..હા..! રતિભાઈ! કોઈ માંદો હોય અને રોગી હોય અને ચાલી ન શકે, વૃદ્ધાવસ્થા હોય એ તો એને કારણે. ... ... આહા..હા..! અહીં કહે કે જ્ઞાનપુંજ આત્મા અંદર પૂર્ણાનંદથી પ્રગટ થયો. આહા..હા..! આ મંગળિક કર્યું લ્યો. સર્વવિશુદ્ધ અધિકાર કરતાં મંડપ નાખ્યો મંગળિકનો. આહા..હા..!

'**ભાવાર્થ :- શુદ્ધનયનો વિષય જે જ્ઞાનસ્વરૂપ આત્મા છે...**' આ ત્રિકાળ. વસ્તુ ત્રિકાળ રહેનારી છે કે નહિ? આહા..હા..! આ .. પણ આ છે એનો કોઈ કરનાર? પણ છે એને કરે કોણ? અને નથી એને કરે કોણ? ઈશ્વર કરે. પણ ઈશ્વરને કોણે કર્યો? ઈશ્વરે શેનાથી કર્યું? ક્યાં ઉભા રહીને કર્યું? એ પ્રશ્ન ચાલ્યો હતો બહુ અમારે. ઓલા કબીરના. ઘણા વર્ષની વાત છે. કબીરના સાધુ આવ્યા. .. વેદાંતી. આવ્યા ધર્મશાળા છેને પાછળ? ત્યાં ભેગા થયા. ચર્ચા ચાલી. અમે જોવા ગયેલા. ક્યાં ઉભા રહીને સૃષ્ટિ કરી? ... કીધું. ત્યારે ઓલો કહે ... સમજાવું કહે. ઓલો કબીરનો સાધુ એવો હતો જબરો મારો. કોઈ જમીન હતી કે નહિ? કોઈ સ્થાન હતું એને બનાવ્યું શું? અને કઈ સામગ્રી રાખી? સામગ્રી ક્યાં હતી એની પાસે રાખવા માટે? સામગ્રી રાખી હતી ક્યાં? ડાહ્યાભાઈ! મોટી ચર્ચા થઈ હતી. ... આવ્યું. ... ક્યાં ઉભા રહીને કર્યું? અને કર્યું શેમાંથી કર્યું? ઉપાદાનથી ન હોય અને આમ ઈશ્વર બનાવી દે? ઉપાદાન ન હોય અને નિમિત્ત બનાવી દે? ત્યારે હતું તો એને કર્યું શું? અને નહોતું તો એ સર્વજ્ઞ રહ્યો નહિ. ત્રણ કાળ જાણ્યા નહિ પહેલા તો હતું. .... સર્વજ્ઞ ત્રણ કાળનું જ્ઞાન ... છે. સર્વજ્ઞ રહ્યો નહિ એ તો અલ્પજ્ઞ રહ્યો. કાંતિભાઈ! ... ... ....

મુમુક્ષુ :- ધાંગ્રધ્રાવાળા.

ઉત્તર :- હા બસ ઇ. શેઠિયા કહેવાય ત્યાં. સ્થાનકવાસીના અગ્રેસર. હવે ઇ કહેતા હતા લ્યો. તો આ પણ બધું છે શેનું? શેઠિયા પણ શેના શેઠિયા? ત્યાં વળી વ્યાખ્યાન ચાર સાંભળ્યા એટલે

મન થઈ ગયું આવવાનું. છે શું? ... આવેને. ... સાંભળે. મોટા ઓલા .. શું કહેવાય? નિર્ણય કર્યા નહિ સત્‌ છે અવિનાશી તત્ત્વ. અવિનાશી તત્ત્વને બનાવે કોણ? અને બનાવે તો એ અવિનાશી તત્ત્વ રહેતું નથી. કેટલાકને ખબર નથી કે આ ચીજ શું છે?

અહીં તો શુદ્ધનયનો વિષય ત્રિકાળ હોં. જ્ઞાનસ્વરૂપ આત્મા ત્રિકાળ આત્મા. ત્રિકાળ. વસ્તુ ત્રિકાળ છે. કઈ કાળે નહોતી? ત્રણે કાળે છે. એવો જે જ્ઞાનસ્વરૂપ .. વર્ણવ્યો એ. ... સ્વરૂપ એનું શું? જ્ઞાનસ્વરૂપ. એનું સ્વરૂપ તો જ્ઞાનસ્વરૂપ છે. પણ રાગસ્વરૂપ કે પુણ્ય સ્વરૂપ કે સંસારસ્વરૂપ એનું સ્વરૂપ નથી. આહા..હા..! જૈનમાં રહેલા કેટલાકને કાંઈ ઠેકાણા નથી. ઓઘે-ઓઘે સામાયિક કરે, પડિક્કમણા કરે. ... ઉંડાણમાં તો ... પાર ન મળે.

મુમુક્ષુ :- એની બુદ્ધિ વિશાળ બહુ હોય.

ઉત્તર :- વિશાળ શું? ભાન ન હોય. આ સત્‌ છે. છ દ્રવ્ય પડ્યા છે. એનો કર્તા, એનો ઉત્પાદ અને એનું દ્રવ્ય. નિશ્ચયથી ઉત્પાદ-વ્યયનો કર્તા ઉત્પાદ-વ્યય. આહા..હા..! એનો દ્રવ્ય પણ જ્યાં ઉત્પાદ-વ્યયનો કર્તા નથી તો વળી એની પર્યાય ને દ્રવ્ય ત્રણેને કર્તા (બીજું દ્રવ્ય?) આહા..હા..! ડાહ્યાભાઈ! ગોટા ભારે ગોટા. પહેલેથી મૂળમાંથી ગોટા. આ તો ચાલે નહિ.

'**આત્મા છે તે કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે,...**' આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ એ રાગને કરે અને રાગને ભોગવે એનાથી તો રહિત છે. એ રાગને અડ્યો પણ નથી. આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકભાવ એવો આત્મા રાગને તો સ્પર્શ્યો પણ નથી. આહા..હા..! સંસાર તો એની પર્યાયમાં સ્પર્શતો જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સવારમાં આવ્યું હતું એ ... પણ હું તો છું ઇ છું. વર્ણાદિ નાચો તો નાચો આ બોલવાનો વિકલ્પ એ બધું તો પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? બોલવાની ભાષા પુદ્‌ગલની, વિકલ્પ ઉઠે એ પુદ્‌ગલ પરિણામ એટલે શબ્દ પરિણામ છેને પુદ્‌ગલ પરિણામ.

મુમુક્ષુ :- આત્માના નથી.

ઉત્તર :- આત્માના નથી. અચેતન છે ઇ. આહા..હા..! આ તો શુદ્ધ ઉપયોગ ઉપયોગ લક્ષણ એવું દ્રવ્યનો. ઉપયોગ લક્ષણ દ્રવ્યની અપેક્ષાએ ઉપયોગ તે જીવ છે. એ સિવાય બીજા બધા ગુણો છે એ પણ અચેતન છે એ હિસાબે આહા..હા..! આવી વાત. વીર્ય, શ્રદ્ધા એ કાંઈ પોતે જાણતા નથી પોતાને. એમ પરને તો જાણે નહિ. પણ જાણનાર એમ કીધું? જ્ઞાનસ્વરૂપ આત્મા એમ કીધુંને? આહા..હા..! જાણનાર-જાણનાર સ્વભાવ સ્વરૂપ સર્વવિશુદ્ધ.

'**કર્તાભોક્તાપણાના ભાવોથી રહિત છે, બંધમોક્ષની રચનાથી રહિત છે,...**' બંધને રચે, મોક્ષને રચે ઇ પણ નથી એમાં. આહા..હા..! ધ્રુવ વસ્તુ. બંધમોક્ષની રચનાથી પણ રહિત છે. ... આવી ગયું હતુંને? આઠ-નવ છે. આવે છે. મોક્ષની પર્યાયને કરતો નથી, આત્મા મોક્ષના માર્ગની પર્યાયને કરતો નથી. આહા..હા..! પર્યાય પર્યાયને કરે. પર્યાયનો કર્તા, કર્મ, કરણ એવો જે ધર્મ છે

એના ધર્મ એના કારણે છે. આહા..હા..! ઘણો વિષય ગંભીર. તત્ત્વ જ ગૂઢ છે. આહા..હા..! **'બંધમોક્ષની રચનાથી રહિત છે,...'** જડના બંધ અને જડથી છૂટવું એ તો એનાથી તો રહિત જ છે, પણ ભાવબંધ અને ભાવ બંધથી છૂટવું એ બેયની રચનાથી શુદ્ધનયનો વિષય ધ્રુવ તે ભિન્ન છે. આહા..હા..! અરે..! વીતરાગના માર્ગમાં મોટા નિધાન પડ્યા છે. એક-એક શબ્દમાં, એક-એક ન્યાયમાં એને સ્વાધ્યાય કરીને નિર્ણય કરવાના કાળે નિર્ણય ન કરે. આહા..હા..! સવારમાં આવ્યું હતું ક્યાંક. પરનું કરવામાં રોકાઈ ગયો. પોતાનું કરવા માટે વખત મળ્યો નહિ. એમ આવે છે ક્યાંક. ઉપદેશ દેવામાં રોકાણો, ઉપદેશ સાંભળવામાં રોકાણો. પણ પોતે કોણ છે એની સામું જોઈને નિર્ણય કરવાનો વખત નથી. આહા..હા..! હવે એમાં ઘણો વખત ગાળ્યો. આઘો ગયો તો .. છે નહિ એમાં રોકાણો. બીજાથી ... આચાર્યો કહે કે 'વોચ્છામી સમયપાહુડ.' સાંભળો. અરે..! આતે જૈન.. .. સાંભળવાથી જ્ઞાન નહિ થાય. તારાથી થશે. અરે..! આહા..હા..! ... છે. અજ્ઞાનીના તો ટાંગા તોડી નાખે એવું છે. બેસે નહિ વસ્તુ એવી છે તો. અનંતગુણથી ભરેલી વસ્તુ કહે છે કે બંધમોક્ષની પર્યાયની રચનાથી પણ દૂર છે.

**'પરદ્રવ્યથી અને પરદ્રવ્યના સર્વ ભાવોથી રહિત હોવાથી...'** શુદ્ધની વ્યાખ્યા કરી. કર્મ આદિ તો ભિન્ન છે, પણ એના પરદ્રવ્યના સર્વ ભાવોથી, રાગાદિથી પણ રહિત છે. **'શુદ્ધ છે,...'** શુદ્ધ ચૈતન્યઘન છે. **'પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન...'** પોતાના સ્વરસનો પ્રવાહ છે એ તો. જ્ઞાનરસનું જ્ઞાનતત્ત્વ એમ ને એમ પ્રવાહ પડ્યો છે અનાદિ-અનંત એમ ને એમ. આહા..હા..! જ્ઞાનનું પૂર છે એ તો. અને એક-એક ગુણનું એ તો પૂર છે. એવો **'પોતાના સ્વરસના પ્રવાહથી પૂર્ણ દેદીપ્યમાન જ્યોતિરૂપ છે...'** પૂર્ણ પ્રકાશમાન જ્યોતિરૂપ છે. આહા..! ચૈતન્યના પ્રકાશરૂપ પૂર્ણ જ્યોતિરૂપ છે એમ કહે. **'અને ટંકોત્કીર્ણ મહિમાવાળો છે.'** જેની મહિમામાં કાંઈ ખામી નથી એવો ને એવો મહિમાવાળો. આહા..હા..! ચૈતન્યબિંબ અરૂપી આનંદકંદ સ્વરસના સ્વભાવથી એકરૂપે રહેલો એવો **'મહિમાવાળો છે.'**

**'એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે.'** લ્યો, આવો જ્ઞાનનો પુંજ પ્રભુ મોટો ઢગલો, જ્ઞાનનું મોટું ધોકડું. ક્ષેત્ર ભલે થોડું, પણ જેના ભાવમાં અપરિમિતતા અનંત. આહા..હા..! એવો જ્ઞાનનો પુંજ પ્રભુ આત્મા. અહીં તો વ્યવહારનો કર્તા અને ભોક્તા નથી એમ કહ્યુંને ભાઈ! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એનો પણ કર્તા-ભોક્તા નથી. અને ક્યાંક કહ્યું હોય બેની ... તો એ ઉપચારથી થાય, તો મોક્ષમાર્ગ બે થયાને? એ તો ઉપચારથી બંધને લક્ષે. બે સાથે (કારણ) કહેવાય. વાસ્તવિકમાં તો એક જ મોક્ષનું કારણ છે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ. ... આહા..હા..! **'એવો જ્ઞાનપુંજ આત્મા પ્રગટ થાય છે. '**

## કળશ-૧૯૪

(अनुष्टुभ्)
कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः॥194॥

**હવે ‘સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, ‘આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે’ એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :--**

**શ્લોકાર્થ :- [कर्तृत्वं अस्य चितः स्वभावः न] કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, [वेदयितृत्ववत्] જેમ ભોક્તાપણું સ્વભાવ નથી. [अज्ञानात् एव अयं कर्ता] અજ્ઞાનથી જ તે કર્તા છે, [तद्-अभावात् अकारकः] અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે. ૧૯૪.**

---

## કળશ-૧૯૪ ઉપર પ્રવચન

**‘હવે ‘સર્વવિશુદ્ધજ્ઞાનને પ્રગટ કરે છે. તેમાં પ્રથમ, ‘આત્મા કર્તા-ભોક્તાભાવથી રહિત છે’ એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક કહે છે :--’**

(अनुष्टुभ्)
कर्तृत्वं न स्वभावोऽस्य चितो वेदयितृत्ववत्।
अज्ञानादेव कर्तायं तदभावादकारकः॥194॥

હવે આ લોકોને વાંધા. બીજાનું કરી શકે નહિ. કોઈની દયા પાળી શકે નહિ, કોઈની મદદ કરી શકે નહિ, કોઈને દુઃખી નહિ. બિચારા દુઃખી પ્રાણી હોય, નિર્ધન હોય, પ્રાણ જવાની તૈયારી હોય ભૂખ્યા હોય. .. કેટલાક બિચારા વાણિયા.. એક ટંક ખાયને રોડવે બિચારા ગરીબ માણસ છે. માગવા જાય નહિ. ... ... હવે એ ... લેવા જાય. ... ... એક ટંક ખાય અને માંડ માંડ ..બિચારા. છોકરા માટે કાંઈક થોડું રાખે, પોતે માંડ એક ટંક ખાય એવા પણ ઘર પડ્યા છે હોં. આહા..હા..! હવે એને કાંઈ કરવું નહિ એવાનું? આર્યસંસ્કૃતિનો નાશ થશે. પણ કરી શકે જ નહિ ત્યાં પ્રશ્ન શું? આહા..હા..! એક દ્રવ્યની પર્યાય તે કાળે તેનો સ્વકાળ શરીર પ્રમાણે થાય છે. બીજો શું કરે? અનંત માન્યા નથી. માન્યા હોય તો ખીચડો કરી નાખ્યો પાછો. એક બીજાનું કરે તો બધા એક થઈ જાય.

'कर्तृत्वं अस्य चितः स्वभावः न' **'કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી,...'** લ્યો. રાગનું કરવું, વ્યવહારનું કરવું. આહા..હા..! પૂજા, ભક્તિના ભાવનું કરવું એવો જીવનો સ્વભાવ નથી એમ કહે છે. બીજાની દયા પાળવાનો ભાવ કરવો, એ દયા પાળી શકતો તો નથી, પણ ભાવ કરવો ઇ એમાં નથી. વસ્તુ તો આવી હોય. વસ્તુ કેવી હોય? હવે એનો પરનો કર્તા હોય તો સદાય રહ્યા કરે એટલે નિર્મળ તો થાય નહિ કોઈ દિ'. આહા..હા..!

કર્તાપણું એટલે બીજાનું કરી દઉં, રાગનું કરું, વ્યવહારનું કરું. આહા..હા..! અરે..! કર્તાનો એનો સ્વભાવ નથી તો એ રાગ કરતા-કરતા પાછું કલ્યાણ થાય. આહા..હા..! બહુ આકરી વાત. છે તો એનું ઘર. પોતે જે સ્વરૂપે છે ત્રિકાળ. માન્યો છે બીજી રીતે છે. એ રીતે એને જાણ્યો અને માન્યો નથી.

**'આ ચિત્તસ્વરૂપ...'** પાછી ભાષા જોઈને? 'चितः स्वभावः' **'ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી, '** 'चितः स्वभावः न' ચિત્સ્વરૂપ એવો જે આત્મા એનો 'स्वभावः न' એનું રાગને કરવું, વિકલ્પને કરવું. આહા..હા..! .. લોકો અહીં અટકીને ભટકે છે. કાંઈક વ્યવહાર કરીએ એમાંથી લાભ થાય. સોગાની કહે છેને. કરવું ત્યાં મરવું છે. લોકોને આકરું લાગે હોં. એની ભાષા આકરી બહુ. એને ક્યાં ઉપદેશ દેવો હતો? એ તો વાત થઈ ગઈ તે થઈ ગઈ. આહા..હા..! કરવું એ મરવું છે એમ લખ્યું. ક્યાંય પણ વિકલ્પને કરવું એ તો મરણ છે. શાંતિનું ખૂન છે. આહા..હા..! કેમકે કરવું એ તો એના સ્વભાવમાં નથી અને એ માને કે હું કરું એ તો સ્વભાવની વિપરીત દૃષ્ટિ છે. કહો, ચેતનજી! તો આ શું તમારે ચાલેને બધું, વિધિએ કરવું. વિધિએ કરવું દર્શન કરવા, ઉપધાન કરવા, અપવાસ કરવા, વિધિથી કરવા. આહા..હા..! ... દુનિયાથી તો આખી જાત ફેર છે. ન બેસે એથી કાંઈ માર્ગ બીજો થઈ જાય. આહા..હા..! .. પોપાબાઈનું રાજ નથી કે એના રાજમાં હું કરું. ભગવાનની પૂજા, ભક્તિનો ... પોપાબાઈનું નથી, આ તો વીતરાગમાર્ગ છે. એમાં બધું ...

મુમુક્ષુ :- આપ એમ જ કહો છો.

ઉત્તર :- વાંચ્યું કે નહિ? અરે..! ભગવાન! તું કોને કહે છો નાથ! તને ખબર નથી, પ્રભુ! તારો સ્વભાવ જ રાગને કરવું અને વ્યવહારને કરવું એ સ્વભાવ નથી પછી વ્યવહારથી લાભ થાય, ભવ ટળે (એમ નથી) આહા..હા..! કાંઠે આવ્યા વહાણ. ... ... દરબારનો બંગલો છેને દરબારનો ત્યાં આવ્યું હતું. આ ઘણા વર્ષની વાત. ત્યાં આવ્યું. સવારે ઉતારશું. કહે. ... આખું વહાણ. ત્યાં પાણી અને લોટ .. આવ્યો. આમ વહાણ લઈ ગયું ... બધા વહાણ કાંઠે આવેલા. ... આહા..હા..! અહીં તો સર્વવિશુદ્ધ અધિકાર. વધારે તો બધામાં ભાઈ કર્તા-કર્મની જ માંડી. આખો અધિકાર. આહા..હા..! જીવ, અજીવ, આસ્રવ, સંવર ને બંધ એ છેને? આહા..હા..!

મુમુક્ષુ :- ઇ કર્તા-કર્મના વિભાગો છે.

ઉત્તર :- બધા વિભાગો છે. અને આ કર્તા-કર્મ આખો અધિકાર સ્વતંત્ર લીધો અને અહીં

પાછો પુષ્ટ કરે છે. આહા..હા..! અહીં તો ઇ કહે છે કે આ રાગનું રચવું એ તારો સ્વભાવ નથીને, પ્રભુ! આહા..હા..! એ ભગવાનની ભક્તિ હો કે દયાના ભાવ હો કે વ્રતના ભાવ હો. આહા..હા..! એ પૂજાના અર્થમાં ભક્તિ લીધું. ... પૂજા ને વ્રત જૈન ધર્મ નથી. લૌકિક અન્યમતિઓએ માન્યો છે. પાઠમાં છે અષ્ટપાહુડ. આહા..હા..! પાઠ છેને આખો પાઠ છે. મૂળ પાઠ. પૂજાપાઠ મૂળ શબ્દ. ..માં કહ્યું. પૂજા એટલે ભક્તિ, સ્તુતિ, વંદન એમ નહિ. આહા..હા..! એવા વિકલ્પને કરવું એ વસ્તુનું સ્વરૂપ નથી, વસ્તુનો સ્વભાવ નથી. માનીને કરે સ્વતંત્ર છે અનાદિથી. આહા..હા..!

અહીં તો કહે છે '**કર્તાપણું આ ચિત્સ્વરૂપ આત્માનો સ્વભાવ નથી,...**' 'वेदयितृत्ववत्' '**જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.**' એમ. રાગનું વેદવું એ જીવનો સ્વભાવ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો, શુભરાગનું વેદવું એ જીવનો સ્વભાવ નથી. ભાષા એમ લીધી. કે કર્તાપણું કેમ નથી? કે '**જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.**' એમ. 'वेदयितृत्ववत्' એમ. વેદનની અપેક્ષાએ. જેમ વેદન નથી રાગનું એમ રાગનો કર્તા નથી એમ. આનંદનો નાથ એ રાગને વેદે શી રીતે? આહા..હા..! રાગ તો દુ:ખરૂપ છે. આનંદસ્વરૂપ ભગવાન એ દુ:ખને કેમ વેદે? આહા..હા..! વાતે વાતે ફેર. એ ''वेदयितृत्ववत्'' એમ છેને? 'वेदयितृत्ववत्' વેદતો નથી રાગને એમ આત્મા રાગનો કર્તા નથી એમ. એ આગળ લેશે હજી ... એમ કે ભોક્તા છેને. ભોક્તા જ નથી સાંભળને. આહા..! રાગને ભોગવવું એ આત્માનું સ્વરૂપ જ નથી. આહા..હા..! '**જેમ ભોક્તાપણું સ્વભાવ નથી.**'

'अज्ञानात् एव अयं कर्ता '**અજ્ઞાનથી જ તે કર્તા છે,...**' જ્ઞાન તે શું કરે? આહા..હા..! '**અજ્ઞાનનો અભાવ થતાં અકર્તા છે.**' અજ્ઞાનથી માન્યું છે કે હું રાગ કરું. એનો અભાવ થતાં એ અકર્તા છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## ગાથા-૩૦૮ થી ૩૧૧

अथात्मनोऽकर्तृत्वं दृष्टान्तपुरसरमाख्याति-

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह॥308॥
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि॥309॥
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि॥310॥
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा॥311॥

द्रव्यं यदुत्पद्यते गुणैस्तत्तैर्जानीह्यनन्यत्।
यथा कटकादिभिस्तु पर्यायैः कनकमनन्यदिह॥308॥
जीवस्याजीवस्य तु ये परिणामास्तु दर्शिताः सूत्रे।
तं जीवमजीवं वा तैरनन्यं विजानीहि॥309॥
न कुतश्चिदप्युत्पन्नो यस्मात्कार्यं न तेन स आत्मा।
उत्पादयति न किञ्चिदपि कारणमपि तेन न स भवति॥310॥
कर्म प्रतीत्य कर्ता कर्तारं तथा प्रतीत्य कर्माणि।
उत्पद्यन्ते च नियमात्सिद्धिस्तु न दृश्यतेऽन्या॥311॥

जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव, नाजीवः, एवमजीवोऽपि क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानोऽजीव एव, न जीवः, सर्वद्रव्याणां स्वपरिणामैः सह तादात्म्यात् कङ्कणादिपरिणामैः काञ्चनवत्। एवं हि जीवस्य स्वपरिणामैरुत्पद्यमानस्याप्यजीवेन सह कार्यकारणभावो न सिध्यति, सर्वद्रव्याणां द्रव्यान्तरेण सहोत्पाद्योत्पादकभावाभावात्; तदसिद्धौ चाजीवस्य जीवकर्मत्वं न सिध्यति; तदसिद्धौ च कर्तृकर्मणोरनन्यापेक्षसिद्धत्वात् जीवस्याजीवकर्तृत्वं न सिध्यति। अतो जीवोऽकर्ता अवतिष्ठते।

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક કહે છે :

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. 308.
જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. 309.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,
ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. 310.
રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,
આશ્રિતપણે ઊપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. 311.

ગાથાર્થ :- [यत् द्रव्यं] જે દ્રવ્ય [गुणैः] જે ગુણોથી [उत्पद्यते] ઊપજે છે [तैः] તે ગુણોથી [तत्] તેને [अनन्यत् जानीहि] અનન્ય જાણ; [इह] જગતમાં [कटकादिभिः पर्यायैः तु] કડાં આદિ પર્યાયોથી [कनकम्] સુવર્ણ [अनन्यत्] અનન્ય છે તેમ.

[जीवस्य अजीवस्य तु] જીવ અને અજીવના [ये परिणामाः तु] જે પરિણામો [सूत्रे दर्शिताः] સૂત્રમાં દર્શાવ્યા છે, [तैः] તે પરિણામોથી [तं जीवम् अजीवम् वा] તે જીવ અથવા અજીવને [विजानीहि] અનન્ય જાણ.

[यस्मात्] કારણ કે [कुतश्चित् अपि] કોઈથી [न उत्पन्नः] ઉત્પન્ન થયો નથી [तेन] તેથી [सः आत्मा] તે આત્મા [कार्यं न] (કોઈનું) કાર્ય નથી, [किंचित् अपि] અને કોઈને [न उत्पादयति] ઉપજાવતો નથી [तेन] તેથી [सः] તે [कारणम् अपि] (કોઈનું) કારણ પણ [न भवति] નથી.

[नियमात्] નિયમથી [कर्म प्रतीत्य] કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને) [कर्ता] કર્તા હોય છે; [तथा च] તેમ જ [कर्तारं प्रतीत्य] કર્તાના આશ્રયે [कर्माणि उत्पद्यन्ते] કર્મો ઉત્પન્ન થાય છે; [अन्या तु] બીજી કોઈ રીતે [सिद्धिः] કર્તાકર્મની સિદ્ધિ [न दृश्यते] જોવામાં આવતી નથી.

ટીકા :- પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી; કારણ કે જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે; તે (કાર્યકારણભાવ)

નહિ સિદ્ધ થતાં, અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી. માટે જીવ અકર્તા ઠરે છે.

ભાવાર્થ : સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે. પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.

---

**અષાઢ સુદ-૧૨, બુધવાર, તા.૧૧-૦૭-૧૯૭૩**

**ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૪૩૫**

સમયસાર. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એની ચાર ગાથા. ...

दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं।
जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह॥308॥
जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिदा सुत्ते।
तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि॥309॥
ण कुदोचि वि उप्पण्णो जम्हा कज्जं ण तेण सो आदा।
उप्पादेदि ण किंचि वि कारणमवि तेण ण स होदि॥310॥
कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि।
उप्पज्जंति य णियमा सिद्धी दु ण दीसदे अण्णा॥311॥

એની નીચે હરિગીત.

જે દ્રવ્ય ઊપજે જે ગુણોથી તેથી જાણ અનન્ય તે,
જ્યમ જગતમાં કટકાદિ પર્યાયોથી કનક અનન્ય છે. 308.
જીવ-અજીવના પરિણામ જે દર્શાવિયા સૂત્રો મહીં,
તે જીવ અગર અજીવ જાણ અનન્ય તે પરિણામથી. 309.
ઊપજે ન આત્મા કોઈથી તેથી ન આત્મા કાર્ય છે,

**ઉપજાવતો નથી કોઈને તેથી ન કારણ પણ ઠરે. 310.**
**રે! કર્મ-આશ્રિત હોય કર્તા, કર્મ પણ કર્તા તણે,**
**આશ્રિતપણે ઉપજે નિયમથી, સિદ્ધિ નવ બીજી દીસે. 311.**

એની 'ટીકા :- **પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઉપજતો થકો જીવ જ છે,...**' શું કહે છે? જે આ આત્મા છે અનાદિ-અનંત સ્વતંત્ર ભિન્ન ચીજ છે. એ પોતે આત્મા સમય સમયમાં જે પર્યાયના પરિણામ થાય ક્રમબદ્ધ. તો જીવમાં ક્રમસર. જેમ સાંકળીમાં મકોડા ક્રમસર હોય છે એક પછી એક પછી એક પછી એક પછી... એમ આત્માના પરિણામ ક્રમસર ક્રમબદ્ધ એક પછી એક પછી એક જે પરિણામ થવાના છે એ પરિણામ તેનું કર્મ છે અને એનો કર્તા એક આત્મા છે. અને એ '**જીવ જ છે,...**' પોતાના પરિણામ જે વસ્તુ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પૂર્ણાનંદ સ્વરૂપ એ એની વર્તમાન પર્યાયના પરિણમનને કરે એનું કર્તાકર્મપણું છે, પણ એ પરિણામ અજીવ નથી. એટલે કે પરને લઈને એ પરિણામ થયા છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો દુનિયાથી પાછો હઠી જાય એવી વાત છે. પોતે એના જે પરિણામ છે અવસ્થાના કાર્ય એ સમયે સમયે જે એનું કાર્ય છે તે થયા જ કરે. એ થયા કરે એનો કર્તા આત્મા નહિ, એ પરિણામ જીવના છે માટે જીવ અને એ એનું કાર્ય. સમજાય છે કાંઈ?

એ '**અજીવ નથી;...**' એ પરિણામ થયા એના એ અજીવ નથી. એટલે કે અજીવથી થયા નથી, કર્મથી થયા નથી, પરથી થયા નથી. આહા..હા..! આમાં મોટા વાંધા છેને ક્રમબદ્ધના? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. જે અવસરના જે એના પરિણામ થાય એ પરિણામથી અવસરના તેનું કર્મ અને તે તેનું સત્ અને તે તેનું કાર્ય છે. આહા..હા..! એ શરીર ને વાણી ને મન ને કર્મને આ જગતના બીજા પદાર્થને કરે જીવ ઇ એના સ્વરૂપમાં નથી. અજ્ઞાની એ માનીને બેઠો છે કે હું પરના પરિણામ કરું છું. મારી ઉપસ્થિતિમાં જડ અને જીવોની ઉપસ્થિતિ છે. એ મારી ઉપસ્થિતિ અને હયાતીને લઈને એના કાર્ય થાય છે. અથવા અજીવની હયાતીને લઈને મારામાં કાર્ય થાય છે. એ મિથ્યા ભ્રમ અજ્ઞાન છે અનાદિનું. એ ચોર્યાસીના અવતારમાં રખડવાનું આ કાર્ય છે. આહા..હા..! ચોર્યાસીના ભવનો સાગર, ભવસાગર અનંતા-અનંતા જન્મ-મરણ કર્યા. વસ્તુની સ્થિતિનું ભાન નથી. અને એનું ભાન નથી ત્યાં સુધી અનંતા-અનંત સંસારમાં ચોર્યાસીના અવતારમાં ઉપજતો પરિણામથી પૂર્વની પર્યાયથી વ્યય થતો પોતાના પરિણામને કરે, પણ પરના તો કરી શકે નહિ. આહા..હા..! કહો, ડાહ્યાભાઈ! આ જજપણે કામ લે .. નહિ? ભાષા બરાબર. વકીલો આવે. બોલે કે નહિ? આમ હોય આમ હોય. .... આહા..હા..! તારી ચીજ તો આ જડથી જુદી. આ શરીરથી જુદી, વાણીથી જુદી. અને શરીરની હાનિ-વૃદ્ધિથી પોતાની હાનિ-વૃદ્ધિ માનવી એ જડના પરિણામ મારા છે અને જડથી મને થાય છે એમ માને છે. આહા..હા..! અને શરીર સંબંધમાં આ જાતિ, કુળ,

કુટુંબ, નાત, જાત, વેપાર આદિ જે વસ્તુ છે એના સંબંધમાં એની ચીજમાં કાંઈ હાનિ થતા મને હાનિ થઈ અને એની કાંઈક પુષ્ટિ અને વૃદ્ધિ થતાં મને વૃદ્ધિ થઈ એ મહામિથ્યા ભ્રમ અજ્ઞાનીનું છે.

મુમુક્ષુ :- સંસારમાં વૃદ્ધિ ન થઈ?

ઉત્તર :- ધૂળમાંય નહિ. પૈસા કોના હતા? એ તો જડના છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોની પાસે આવ્યા? એની પાસે કાંઈ આવ્યા નથી. એની પાસે તો કાંઈ નહિ એની પાસે આવ્યા શું? કે આ મને આવ્યા એવી મમતા એની પાસે આવી છે. અને ઇ ચીજમાં હાનિથી, ઘટાડાથી હું ઘટી ગયો અને એની વૃદ્ધિથી હું વધ્યો મૂઢ જીવ અનાદિનો આમ રખડી રહ્યો છે. જેઠાભાઈ! આહા..હા..! આ શરીરમાં કાંઈ હાનિ થાય, રોગ થાય, વૃદ્ધાવસ્થા, બાળ અવસ્થા, યુવાન અવસ્થા એ મને થઈ. મોટો થઈ ગયો. મોટી વિપરીત પાખંડની દૃષ્ટિ છે એની. પંડિતજી! આહા..હા..! શરીર મોળું પડે ત્યાં કહે હું મોળો પડી ગયો. પહેલા જોર(જોરથી)થી શ્વાસ લેતો હવે શ્વાસ મંદથી લેવાય છે. જોરદારથી લેવાતું હતું હવે મંદ પડી ગયું. એ બધું ભ્રમ છે, અજ્ઞાન છે, મૂઢતા છે. આહા..હા..!

મુમુક્ષુ :- મંદ નથી પડ્યું?

ઉત્તર :- મંદ શું પડ્યું? એ તો જડમાં છે તારે લઈને ક્યાં છે? આહા..હા..! અને શરીર સંબંધની જાતિ, કુળ, નાત, ગામ, ખેતર, આબરૂ, પૈસા, .., બાયડી, છોકરા, કુટુંબ એ સંબંધવાળા એ તો ચામડાને જોનારા છેને. અને તું એના ચામડાને જોનારો છો. એમાં આત્માને ક્યાં સંબંધ છે? એવા જે શરીર સંબંધીની ચીજો એને બહારની એમાં કાંઈક પરિણામ ઘટ્યા એના વસ્તુની દશા તો હું ઘટી ગયો અને એમાં વૃદ્ધિ થતાં હું કાંઈક આગળ વધ્યો. આહા..હા..! મોટી ભ્રમણા મહા પાખંડતા છે. સમજાણું કાંઈ? પોતે તો અરૂપી ચૈતન્યઘન આત્મા એમાં શરીર અને બહારની ચીજો ઘટી, ઢીલી થઈ, ઓછી થઈ, વધી, પુષ્ટ થઈ એમાં આત્માને શું? સમજાણું કાંઈ? કહે છે કે તું તો તારા પરિણામનો કર્તા છો. એ ચીજો ઘટી કે વધી એના પરિણામને તારામાં અંદર વધ્યું-ઘટ્યું માન્યું તે જડને ચૈતન્ય માન્યો છે. જડને તે આત્મા માન્યો છે. આત્માને તે માન્યો જ નથી. આહા..હા..! ભગવાન આનંદનો નાથ ચૈતન્ય સ્વરૂપ એ જ્ઞાનનો ભંડાર, અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ આત્મા એ કરે તો એના નિર્મળ પરિણામને કરે. અહીં તો સમુચ્ચય વાત લીધી છે. પણ એનો અર્થ એ રાગનો પણ કર્તા એ ક્રમબદ્ધમાં થાય છે એ અજ્ઞાનભાવે છે. ચોર્યાસીમાં રખડવાની ભૂલ એની રહી ગઈ છે. એને ખબર નથી. ખબર કરવા ચોર્યાસીમાંથી નીકળવા માગતો નથી, ખબર કરવા ઇચ્છતો નથી. જેમ હોય તેમ હો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આહા..હા..! ગજબ કરે છે ઇ. સમજાણું કાંઈ?

કહે છે કે જીવના જે પોતાની દશાના ભાવ થયા એ ભાવ અરૂપી પોતાની પર્યાયનું કર્તવ્ય એનો એ કર્તા અને એનું એ કર્મ આમ લ્યો તો. પણ એને જડને કારણે કાંઈક આમાં થયું, પરને કારણે થયું, બાહ્ય સામગ્રી શરીરની, વાણીની, કુટુંબની, કર્મની એની સામગ્રીમાંથી થતી જે બાહ્ય ચીજો એને લઈને મારામાં પરિણામ થયા, પોતાની સત્તાને ખોઈ બેસે છે એ. વર્તમાન પોતાના જે પરિણામનું હોવાપણું પોતાથી પોતામાં પોતાને કારણે એમ ન માનતા એ પરિણામ પરને કારણે આવે છે. સ્ત્રી રૂપાળી દીઠી એટલે મને પરિણામ થયા અશુભ મૂઢ છે. આહા..હા..! અને સડેલા કુતરા આમ દેખે, પાણીમાં પળલેલા મડદા પછી ગંધાતા. આહા..હા..! એ તો ખરેખર જાણનાર-દેખનાર છે. એમાં આ થયું એમાં તને શું થયું? અરેરે..! મારું ... માથુ ફરી ગયું. લે. માથુ તો જડ છે આ તો. ... ચૈતન્ય વસ્તુ આ નથી. આ તો માટી છે. જગતની, પુદ્‌ગલની ચીજ છે. પણ એમાં કાંઈક થયું, આને લઈને એને લઈને મારામાં અને એને લઈને મારામાં પાછું. એ બધી ભ્રમણા છે કહે છે. મૂળ એનું હોવાપણું કાયમનું ભગવાન આત્મા અને એનું હોવાપણું વર્તમાનદશાનું. બેય હોવાપણે એ રહેલો છે. એ સિવાય ત્રીજા કારણે તેનું હોવાપણું થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! આવી નજરું ફેરવી નાખવી બહુ આકરી છે. અનાદિથી રખડતો પ્રાણી એની એને દયા નથી. પોતાની દયા નથી કે અરેરે..! હું ક્યાં જઈશ? મારું શું થશે? હું તો શાશ્વત વસ્તુ છું. દેહ છૂટતા કાંઈ હું છૂટી જઈશ એમ નથી. આહા..હા..! અને જેણે એમ માન્યું કે પરને લઈને મારામાં પરિણામ થયા અને મારે લઈને એની દશા થાય છે આ. કુટુંબ, કબીલા, ઘર, દુકાન, મકાન, એ મકાનની રચના એ બધી મેં કરી, મારાથી થઈ. મૂઢ છે કહે છે. આહા..હા..! ઘોર પાપી છે. ચૈતન્યને જાણનાર-દેખનાર ભિન્ન ન રાખતા એના આ બધા કામની વ્યવસ્થામાં મારો હાથ છે અને મારા પરિણામની વ્યવસ્થામાં પરનો હાથ છે. રતિભાઈ! ઝીણી વાતું છે આ. ભગવાન તો જ્ઞાન અને આનંદસ્વરૂપ આત્મા છે. એને તો પુણ્યનો વિકલ્પ અને પાપનો રાગ એનો કર્તા માનવો એ પણ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. આહા..હા..!

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ જ્ઞાતા, દૃષ્ટાનો ભંડાર ભગવાન એની દશાને પરથી થવી માનવી અને મારા પરિણામ છે તે પરની અવસ્થા થવામાં સહાયક છે. આ નિમિત્ત ઉડી જાય છે ભાઈ આમાં. આહા..હા..! આપણે નિમિત્ત તો છીએને. એનો અર્થ શું ભાઈ! તને ખબર નથી. આહા..હા..! એ પણ અમને નિમિત્ત તો છેને અને અમે પરમા નિમિત્ત તો છીએને, નિમિત્ત તો છીએને. એવી વાત. આહા..હા..! પોતાનું હોવાપણું ત્રિકાળી અને પોતાનું હોવાપણું વર્તમાન અવસ્થા અને પરિણામની દશા છે. એવી વર્તમાન દશાના પરિણામનું હોવાપણું પરને લઈને થાય, જેવા નિમિત્ત મળે એવા અહીં થાય તો એને તે કાળમાં પોતાના સ્વતંત્ર પરિણામની હયાતીમાં એને દખલ નાખી. વિરોધ કર્યો એણે. ના, ના. મારી અવસ્થા મારાથી નહિ, મારી અવસ્થા ... કહો,

સમજાણું કાંઈ? ઝીણી વાત છે. એને રહી ગયું છે અનાદિનું શલ્ય. એ ચોર્યાસીના અવતારમાં રખડાવે છે એને. એક-એક અવતારે દુઃખના પાર ન મળે. 'જન્મદુઃખં જરા દુઃખં રોગાય મરણાય અહો દુઃખો સંસાર.' એ શુભ અને અશુભભાવ પણ દુઃખરૂપ છે. એ બીજી ચીજ દુઃખરૂપ નથી. આહા..હા..! પ્રતિકૂળ, નિર્ધનતા, સરોગતા એ કાંઈ દુઃખ નથી, તેમ અનુકૂળતા, સધનતા એ કાંઈ સુખ નથી એ તો પરચીજ છે. એમાં એણે કલ્પના કરી કે નિર્ધન છું તે હું દુઃખી છું એ તો એણે પોતાના પરિણામને એવા બનાવ્યા. નિર્ધનતાથી નથી એણે કર્યા. સમજાણું કાંઈ? એમ સધન થયો માટે મને ઠીક છે. એ સધને એ પૈસાએ એને એ પરિણામ નથી કરાવ્યા. આહા..હા..! પાંચ હજાર, દસ હજારનો પગાર માસિક (તો) હું વધી ગયો. ... એ તો જડના રોગ છે બધા. જડના રોગ એ પાણીના તરંગો જડના છે. એમાં તું ક્યાં હતો કે વધ્યો તું ક્યાંક? આહા..હા..! અને શરીર મોળું પડ્યું, કુટુંબ મોળા પડી ગયા, લક્ષ્મી ઓછી થઈ ગઈ, આબરૂ વઈ ગઈ, છોકરા રહ્યા નહિ, વાંજિયો હું એકલો રહ્યો વાંઢો. અરેરે..! અમારી જગતમાં ગણતરી નહિ તે અમારી દીકરીયું-દીકરા વરતા નથી. હવે એવું કહે છે. અમારે તો ખાનગી કાગળ ઘણા આવે બધા. અહીં મોટું નામ ખરુંને. હમણા જ એક આવ્યો હતો આજે. ગામ મૂકાવે છે. ...

અમારે કાંઈ ગણતરી ન મળે એથી ઝટ દઈને અમારે દીકરીયું વરતી નથી. જો કાંઈ ગણતરીવાળા હોઈએ કુટુંબમાં, નાતમાં તો તો દીકરી ફટ... ફટ... ફટ... વરે. લ્યો આ એના દુઃખ. આહા..હા..! મારે પણ વ્હોરી લીધું છેને. વ્હોરી લીધું છે. ભીખાભાઈને છેલ્લે શ્વાસ બેઠોને ઇ શક્તિ ન ઉતરી માટે હોં. એ ... પરમાણુ ત્યાં પરિણામ આમ થાતા હતા એ કાંઈ શક્તિ હતી પરમાં હોં. આત્માને લઈને નહિ. આહા..હા..! છને પચ્ચીસે તો હતો ત્યાં. સાતને દસે છૂટ્યો દેહ. હોસ્પિટલમાં ... ઓલો બુધવાર નહિ? બુધવારે સાંજે. એ શક્તિ હતી. આમ થાતું હતું. શ્વાસ થોડા પછી .. ઘટી અંદર શક્તિ ઘટી રજકણની હોં. આહા..હા..! અરે..! ભારે આ તો કહે.

મુમુક્ષુ :- .. ત્યારે ..

ઉત્તર :- ... નહોતું. ઇ તો ઠીક પણ આ ... ઇ શ્વાસ ચાલતો હતો ત્યાં વધારે. અને પછી તો મોળું પડી ગયું. લોકોને એમ થાય કે .. ઘટ્યું શરીરની ભાષા મરણ કાળે થાય પહેલું ઠીક લાગે એવી વાતું કરે લોકો. ઇ કાંઈ ઠીક ન પડે, તને ખબર નથી. એ તો રજકણો જે પરમાણુના શ્વાસ ચાલે છે એ તો જડના છે. જડ રજકણો છે, માટી, પુદ્ગલ છે. એ આત્માથી ચાલતા નથી. આત્મા એને ધીરો કરે શ્વાસ અને આત્મા ઉગ્ર કરે એવું આત્મામાં છે જ નહિ. આહા..હા..! કહો, કાંતિભાઈ! શું કરવું આમાં હવે બધું. ભારે આકરું!

મુમુક્ષુ :- શું કરી શકે?

ઉત્તર :- પણ માને છે કેટલું? આહા..હા..! ભાઈ! બધાને જાણનારો તું, એમાં હું બધાને કરી શકું ત્યાં તે રોક્યો. ગજબ કર્યો તે. તારા આત્માની જ્ઞાનસ્વરૂપે હયાતી એ હયાતી તે ન માની.

સમજાણું કાંઈ? મારું હોવાપણું તો કંઈક અનુકૂળતા હોય તો સુખીપણે રહું, પ્રતિકૂળતા હોય તો દુ:ખી. પણ અરે..! એ તો તારી કલ્પના છે. આહા..હા..! હવે સત્ય સિદ્ધાંત શું છે એની ખબર ન મળે. સત્યના સિદ્ધાંતો અને સત્યનું વાસ્તવિક સત્યપણું શું છે અને કેમ છે એનો તો એ વિચાર પણ કરે નહિ. આહા..હા..! એમ ને એમ અનાદિ અજ્ઞાનમાં ચાલ્યો જાય છે. કુતરા મરે અને કાગડા મરે એમ આનું મરણ થાય. મરતા... પછી એનું સમાધાન કરે કે આપણે જીવનમાં એવું કામ નથી કર્યું. કામ સારા કર્યા છે બધાના. શું ધૂળ સારા કર્યા છે? એય..! જેઠાભાઈ! કહેવા સારા કોને એની તને ખબર નથી. ક્રમબદ્ધ પરિણામ થાય તારા એમાં કોઈની અસર અને દખલ નથી કહે છે અને કોઈને કારણે એમાં થાય છે (એમ નથી). આહા..હા..! ઇ રીતે જ તારું હોવાપણું છે અને બીજી ચીજનું પણ એ જ રીતે હોવાપણું છે. એમાં મારા પરિણામ પરથી થાય તો તો એ અજીવ થયો. પણ અજીવ નથી. એમ કહ્યુંને? આહા..હા..! એટલે? આ આત્માના પરિણામ બીજા જીવથી પણ થાય. એ આ જીવથી થયા નથી, એ પરથી થયા. તદ્દન મૂઢતા છે. સત્યનું ખૂન કરનારો છે. આહા..હા..! એ મોટી હિંસા છે. પર મરે ન મરે એની સાથે કાંઈ સંબંધ નથી. એનું આયુષ્ય હોય તો જીવે અને આયુષ્ય ન હોય તો મરે. એ કાંઈ તું જીવાડી દે અને મારી દે એવું કાંઈ છે નહિ. આહા..હા..! પણ તે તારા આત્માને અંદર મારી નાખ્યો છે કે હું આવો છું એ પરને લઈને મારામાં ભાવ થાય છે. મારી સત્તાની અવસ્થાનું સ્વતંત્રપણું છે એને તે ન માન્યું. સમજાણું કાંઈ? તેણે પોતાના જીવની સત્તાની અવસ્થા છે વર્તમાન એ પરને લઈને થઈ એટલે આ જીવની સત્તાની અવસ્થાનો નાશ મેં કર્યો. એ અવસ્થા મારાથી નથી. આહા..હા..! આનું નામ હિંસા છે. સમજાણું કાંઈ?

એ જીવ ક્રમબદ્ધ એવા આહા..હા..! ધારાવાહી પરિણામ એમાં વહે છે. શરીર, વાણી, મન, કર્મથી જુદા. ભગવાન એનાથી જુદો અંદર છે. ચૈતન્ય સ્વરૂપે ભગવાન છે. એના જે વર્તમાન દશા ચાલતી અવસ્થા વર્તમાન એના જે સમયના જે પરિણામ તે ક્રમસર થતાં એક પછી એક પછી એક એક પછી એ ક્રમબદ્ધ હારબંધ જે અવસ્થા થાય છે એ અવસ્થાનો કર્તા જીવ અને એ અવસ્થા એનું કાર્ય. એથી આગળ જઈને એ બીજાની અવસ્થા કરે. હુશિયાર માણસ હોય તો મકાનને સરખું બનાવે કે નહિ? .. આપણને હવા આવવી જોઈએ એમ બારીને એમ રાખવી. કારણ કે માણસને હવા આવે. એમ વિચારવું પડે. એવું કરે બધા જગતના ડાહ્યા માણસો. જગતના ડાહ્યા માણસો.

મુમુક્ષુ :- જગમાં મોટા.

ઉત્તર :- જગતમાં મોટા. ભારે વાતું ભાઈ! આમ હવા આવવી જોઈએ અને આમ... આમ... એવી રીતે મકાન છે એમાં .. હવામાં સામું મકાન બે-ત્રણ મેડીનું હોય એમ ન આવવું જોઈએ, ફલાણું કરવું જોઈએ, ઢીંકણું કરવું જોઈએ. ભારે મારા! ... એય..! આ ઇજનેર થયોને. પણ ઇજનેર

શું ધૂળ કરે? એય..! ... આ ઇજનેર થયો છે. ... નોકરી ગોતશે હવે ભણી રહ્યો. આહા..હા..! ઇજનેર કરી શકે કે નહિ પરનું આ? ... તો શું કરવા વાપરે? મકાન બરાબર આમ જોઈએ... આમ જોઈએ... લાદી પણ એકસરખી જોઈએ. કાંઈક ખુણો ઉંચો રહી ગયો અને ક્યાંક નીચે રહી ગયો હોય. .. શું કહેવાય? સંચો ન કામ કરે એમાં. ... નાખે છેને? અડધું તસુ વધારે રહી ગયું હોય તો સંચો ન કામ કરે ત્યાં. એક સહેજ દોરાવા ફેર હોય. શું કહેવાય? દોરાવા. નજરું પોગાડતા કામ થાયને ત્યાં? કેમ નટુભાઈ! કેમ હશે આ? પોતે માની લે છેને કે આ મારી વાતમાં આવી ઉંધાઈ છે એમ એને બેસે છે એટલે એને એમ લાગે છે. આહા..હા..! જુઓને એક કડીએ તો ગજબ કામ કર્યું છે. જેટલા આત્માઓ છે જગતમાં. અનંત પૃથક્-પૃથક્ પોતાની સત્તા હોવાપણું પૃથક્ રાખીને રહ્યા છે. કોઈની સહાયથી અને કોઈના આધારથી રહ્યા છે એમ છે નહિ. વસ્તુની સત્‌ની સ્થિતિ જ એવી છે. આહા..હા..!

**'પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...'** આના વાંધા હોય છે લોકોને. પરિણામ આડાઅવળા થાય. ... વ્યાખ્યા શું? જે સમયમાં .. એમાં જે ભાવ અનંતગુણની અવસ્થા વર્તમાન. ગુણ ને દ્રવ્ય તો ત્રિકાલી છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણો અવિનાશી ત્રિકાળ છે. પ્રભુ પોતે દ્રવ્ય સ્વરૂપે અનાદિ ત્રિકાળ છે. એની વર્તમાનદશાના બદલતા ભાવ એ ક્ષણે... ક્ષણે... ક્ષણે... ક્ષણે... ક્ષણે... ભિન્ન-ભિન્ન અને તે ક્રમસર, હારબંધ-હારબંધ. સમજાણું કે નહિ? આ જુઓને આ સીનેમામાં હારબંધ ઉભા રહે છેને ટિકિટ લેવા? મુંબઈમાં હારબંધ ઉભા હોય. ... મારા ગાંડા તે પણ કેટલા. ઇ પૈસા ... થાય. રવિવાર હોયને રવિવાર? બહુ માણસ ઉભું હોય. એક પછી એકને ટિકિટ દે. રાતે ઉજાગરા કરવા. પૈસા ભરવા.

મુમુક્ષુ :- મજા માણે.

ઉત્તર :- પરથી મજા માને. ગજબ છે બાપુ તારું! સુખસ્વરૂપ તો પ્રભુ તો તું છો. સુખ તો તારામાં પડ્યું છે. એ સચ્ચિદાનંદ સ્વરૂપ જ આત્મા છે. સત્ શાશ્વત છે, સિદ્ધ અને આનંદનો એ ભંડાર છે. એ સુખી જીવ ક્યાંય બીજે સુખ છે એમ ભ્રમણા કરે. મોટું પાપ છે. મહા ચૈતન્યના સ્વભાવથી વિરૂદ્ધભાવરૂપ પાપનું કર્તવ્ય છે. આહા..હા..! ઘોરપાપ તો આ છે. ... આહા..હા..! ભગવાનની ભક્તિની (ધર્મ) એમ માનવું ઘોર પાપ છે. અરે..! એ તો રાગ છે. ચાહે તો ત્રણ લોકના નાથની ભક્તિનો ભાવ પરદ્રવ્ય ઉપર લક્ષ છે એ તો શુભરાગ છે અને શુભરાગ છે એ તો દુઃખ છે, આકુળતા છે. અશુભથી બચવા માટે આવે એમ કહેવાય, પણ છે તો એ દુઃખ. સુખ તો ભગવાન આત્મામાં છે. એ દુઃખની પર્યાયથી ભિન્ન એવો આનંદસ્વરૂપ પ્રભુ. જેની નજરુંમાં નિધાન પરમાત્મા આવતા એને આનંદનો સ્વાદ આવે એવો એ આત્મા છે. આહા..હા..! જેના સ્વીકારમાત્રથી. આ ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એના સ્વીકારમાત્રથી એના ક્રમબદ્ધના પરિણામ બધા નિર્મળ થઈ જાય. ઝીણી વાતું બાપુ! જગતને વાડામાં મળતું નથી. એમ ને એમ વાડા બાંધી

બેઠા રે પોતાનો પંથ કરવાને. સત્ શું છે એની એને ખબર નથી. અરેરે..! જિંદગી ચાલી જાય છે. દેહ છૂટવાના સમયના સમીપ જાય છે. કારણ કે જે સમયે દેહ છૂટવાનો એ તો નિર્ણય (નક્કી) છે. એની સમીપ જાય છે મરણની. આ જાણે કે હું કાંઈક આગળ વધું છું. ગજબની ભ્રમણા છે જગતની. એ વાત આવી હતી કે નહિ આ જન્મ ઓલાનો મહોત્સવ કરવો. જન્મનો મહોત્સવ થાય તો એક વર્ષ ઘટ્યું. તારી મૃત્યુની સમીપ આવ્યું એક વર્ષ. એના મહોત્સવ! આહા..હા..! ... જેટલી મુદ્દત લઈને આવ્યો છે તેટલું જ અહીં રહેવાનું છે. એમાં એક સમય ઓછો કે અધિક ત્રણ કાળમાં થાય એવું નથી. કારણ કે એના પરિણામ જે જીવના જે સમયના જે છે તે આવશે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ તો બધો ઉત્સાહ ઉડી જાય હોં.

મુમુક્ષુ :- ઉડાડવા જેવો જ છે.

ઉત્તર :- બધા ઉત્સાહના ભર્યા આવે છે. એય..! હું તો આનું આમ કરી દઉં છું અને આનું આમ કરી દઉં. ... દસ લાખ પેદા થયા અને બે લાખનો ખર્ચ. આઠ લાખ વધ્યા. સરવાળો કાઢે દિવાળીમાં. દિવાળું નીકળ્યું એમ કહેને. એની તો તને ખબર નથી. આહા..હા..! ભાઈ! તું ઠગાઈ ગયો છો. પરની ચીજની મોટપથી તને મોટપ લાગે બાપુ! ઠગાઈ ગયો તું. આહા..હા..! એ ઠગાવાને હોંશ માને. આહા..હા..! અરે..! આ તે જીવનના જીવન .. છેને.

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે ભાઈ! જેટલા અનંત આત્માઓ છે એના ક્રમસર, હારબંધ જે પરિણામ થાય એ સ્વતઃ પોતાથી થાય છે. પરને, કર્મના ઉદયને કારણે વિકાર થાય, સ્ત્રી આદિ અનુકૂળ દેખી માટે રાગ થાય, પ્રતિકૂળ સ્ત્રી થઈ એટલે દ્વેષ થયો એના ઉપર એ બિલકુલ વાત જૂઠી છે. સમજાણું કાંઈ? એના એ સમયના પરિણામ સ્વતંત્ર છે. આહા..હા..! સત્નું સત્નું સત્પણું જ એવું છે. આહા..હા..! શું થાય? એ મારી પર્યાય થઈ. એમાં કોઈ પરપદાર્થનો અધિકાર નથી. નહિતર તો પરને લઈને હોય તો એ જીવના પરિણામ ન રહ્યા. આહા..હા..!

એ **'ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...'** ભાષા શું જોયું! **'પોતાના પરિણામોથી ઊપજતો થકો...'** આત્મા પોતાની વર્તમાન પર્યાય દશા, વર્તમાન જે હાલતની પર્યાયથી ઉપજતો થકો. આહા..હા..! આ કાંઈ કથા-વાર્તા નથી તે એક શબ્દે પૂરું થઈ જાય. આ તો આત્માની કથા છે, ધર્મકથા છે, ભાઈ! આહા..હા..! ત્રણ લોકનો નાથ ચૈતન્ય ભગવાન તારી આગળ તો સિદ્ધપદ પણ જ્યાં હિનપણે થાય છે એવું તારું સ્વરૂપ. એના સ્વરૂપની દૃષ્ટિ થતાં એને ક્રમસર જે પરિણામ થાય તેને એ જાણનાર રહે છે. આ ક્રમસર પરિણામ થાય એને કોક મને કરાવે છે એમ માનીને ભ્રમણામાં બિચારો પડ્યો છે. નટુભાઈ! બિચારો કહ્યું છે હોં. પૈસાવાળા છેને કરોડપતિઓ. એય..! ભગવાનજીભાઈ! ... બાપુ! પૈસા જડ છે. એનો તું પતિ? જડનો પતિ, ભેંસનો પતિ તો પાડો હોય. એ જડનો પતિ થાય એ તો જડ છે. એ ચૈતન્ય નહિ રહી શકે. લોજિકથી વાત છેને? એને તો ક્યાં દરકાર કરી છે? એમ ને એમ બહારમાં બફમમાં અને બફમમાં જિંદગી પૂરી થાય છે. એવા

અનંતા અવતાર કર્યા છે. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! તું તારા પરિણામથી ઉપજતો થકો એ જીવ છે. પરથી ઉપજે તો એ જીવ નહિ. બરાબર છે? આ ગુરુ અને શાસ્ત્ર અને દેવથી પણ તારા પરિણામ ન ઉપજે એમ કહે છે. ભગવાનના દર્શનમાં શુભભાવ થાય એ ભગવાનથી નથી થયા. ભાઈ! તું તને ક્રમમાં આવતા પોતાના પરિણામ તારાથી છે. તારી સત્તામાં, તારા સત્‌ના એ પરિણામ છે. દશાનું હોવાપણું કેટલું પર્યાયમાં અને કેટલું ત્રિકાળમાં? એની સત્તાના હોવાપણાના સ્વીકાર વિના ભ્રમણામાં અનાદિથી પડ્યો છો તું. તને ઈશ્વર કોક કરી દેશે. એ ના પાડે છે. તારા પરિણામનો કર્તા તું છો. ઈશ્વરકૃપા એમ આવ્યું હતુંને? ... ભાઈને ... ઈશ્વરકર્તા.. અરે..! ભાઈ! આહા..હા..! ઈશ્વર એ તો પરમેશ્વર એ તો વીતરાગ સર્વજ્ઞદેવ. એની કૃપા એટલે શું? એ તો રાગી થઈ ગયા. ઈશ્વર કર્તા .. ઈશ્વર શુદ્ધ સ્વભાવ. છેને આત્મસિદ્ધિમાં? શ્રીમદ્‌માં. 'કર્તા ઈશ્વર કો નહિ ઈશ્વર શુદ્ધ સ્વભાવ' એ તો સર્વજ્ઞ પરમાનંદનું સ્વરૂપ છે. એ તો સર્વને જાણે, ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એમાં કોને આપે અને કોની ટીકા કરે? 'કર્તા ઈશ્વર તે ગણે ઈશ્વર દોષ સ્વભાવ' એ કડી છે શ્રીમદ્‌માં આત્મસિદ્ધિ. આહા..હા..!

**'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે,...'** આહા..હા..! આઠ કર્મ જે રજકણ છેને અંદર બંધાતા એ પણ ક્રમસર એની પર્યાયમાં એ થવાને લાયકવાળા પરમાણુ કર્મપણે થયા છે. તે રાગ-દ્વેષ કર્યો એથી તે કર્મપણે ત્યાં જડની અવસ્થાપણે થવું પડ્યું એમ નથી.

મુમુક્ષુ :- એનો કાળ કયો છે?

ઉત્તર :- કાળ તો બધાનો એક છે. આ શરીરની પર્યાય, આત્માની પર્યાય, બીજાની વર્તમાનદશાનો કાળ તો બધાનો એક જ છે. એક હોવા છતાં વસ્તુ તો ભિન્ન છે. આહા..હા..! બરાબર છે? કાળ તો બધાનો એક છે. આહા..હા..! કાળ એટલે? જ્યારે સ્વકાળે રાગ થાય તે જ કાળે ત્યાં કર્મની અવસ્થાપણે પરમાણુ પરિણમે. એ કાંઈ રાગને લઈને પરિણમે છે એમ નથી. આહા..હા..! ભારે હજુ આવી વાત બેસવી કઠણ પડે. અરે..! પ્રભુ! તું શું કરે છે? ક્યાં જા છો? ક્યાં તારે જાવું છે? આહા..હા..! જેની દૃષ્ટિ પરથી મારામાં થાય અને મારાથી પરમાં થાય એ ભ્રમમાં રહેલો જીવ ભવિષ્યમાં પણ ભ્રમણામાં રહેશે. આહા..હા..! દુઃખીના દુઃખમાં રહેશે ઇ.

અહીં તો કહે છે એ અજીવ. આ શરીર અને કર્મ. વાણી અને આ મકાન, પૈસા આદિ એ બધાની અવસ્થાઓ જે છે એ અજીવ ક્રમબદ્ધ. એમાં પણ ક્રમસર એના પર્યાય થાય એને કારણે. તારે કારણે એમાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ... ... કહે છે કે ઇ પર્યાયનો કાળ એનો છે. તારા આંગળાથી પણ એ માળા ફરે છે એમ નહિ. તારા વિકલ્પથી પણ હાથ આમ ફરે છે એમ નહિ. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બરાબર ... દસ હજાર રૂપિયા.. એનું નામ શું? .. નહિ? ... ... હજારની નોટ ... હતાને. .. સાંજે દસ હજારની નોટું લાવ્યા. કે આપી છે તમને. બોણી. ... એ ગૃહસ્થ છે. ૨૫-૩૦ કરોડ રૂપિયા. ૨૫-૩૦ કરોડ. એને નકદ પૈસા ત્યારે કહેતા હતા. .... શાહુજી ... કોના પૈસા પણ? એ જડની અવસ્થા ત્યાં તો છે. પૈસા અહીં આવે કે જાય એ તો જડની અવસ્થાના ક્રમમાં જે પર્યાય થઈ એને લઈને થાય છે. આહા..હા..! શાકનું થવું, રોટલીનું થવું, ભાતનું પકાવું એ સમયની જે જડની અવસ્થા તે પ્રમાણે એમાં ક્રમબદ્ધ અવસ્થા થાય છે. સ્ત્રી કહે કે મેં આ શાક કર્યું. મૂઢ છે.

મુમુક્ષુ :- તો શું ચૂલામાંથી એમ ને એમ ..

ઉત્તર :- કોણ રાખે? ચડાવે કોણ અને રાખે કોણ? ચડે તો એની પર્યાયથી ચડે માથે અને પાકે તો એની પર્યાયથી પાકે. એ તારાથી પાકે છે ત્યાં? ચોખો પાકે છે ઇ પાણીને લઈને નહિ. આ ગજબ વાત છે આવી. અંદર પાણીમાં ઉનું-ઉનું બહુ ઉનું હોયને? ફદીયા જેવું કહે છેને. પછી ચોખા નાખે અંદર. એ ચોખો ફરતો-ફરતો પાકે એમાં. નીચે ન રહે. ... એકલો રહેતો... ચોખો. એ ફરતો-ફરતો પાકે. ઇ પાકે છે પાણીને લઈને નહિ.

મુમુક્ષુ :- અગ્નિને લઈને.

ઉત્તર :- અગ્નિને લઈને તો ક્યાંય રહી ગયું. એને લઈને નહિ. આહા..હા..! આવી વાતું છે, બાપા! ઇ ચોખાની પર્યાય ક્રમબદ્ધ પાકવાને કાળે પોતાથી પોતાની અવસ્થાથી પાકે છે. આહા..હા..! એ પાણીથી નહિ, અગ્નિથી નહિ, સ્ત્રીથી નહિ, રસોયાથી નહિ. અરેરે..! આવી વાતું!

મુમુક્ષુ :- રસોયાનો ... કાઢી નાખવો.

ઉત્તર :- કાઢી નાખે કોણ કાઢે? આહા..હા..! રસોઈ ... .... છોકરા આવ્યા હતાને ... બેસે. રસોઈમાં સાપ નીકળ્યો હશે ... મારી નાખું છોકરાને મારી નાખું. એ તો રહી ગયો વળી. ... રસોયો .. મારી નાખું. ... આયુષ્ય પૂરું ન થાય ત્યાં સુધી દેહ છૂટવાને કોઈ ત્રણ કાળમાં છોડી શકે નહિ. આહા..હા..! અને બીજાને જીવાડી શકું. ... મારે માથે. બાયડી-છોકરાના હાથ ઝાલ્યા છે તો નિભાવ કરવો પડેને? મૂઢ છો?

મુમુક્ષુ :- છોકરાના હાથ ક્યાં ઝાલ્યા?

ઉત્તર :- ઇ પણ બાયડીનો હાથ ઝાલ્યો. એ બાયડી કહે કે શું કરવા તમે પરણ્યા હતા? શું કરવા .. એમ બોલે ખાનગી સરખાય ન હોય ત્યારે. આ બધું સાંભળેલું છે. આપણે ક્યાં... લોકો એમ કહે કે આમ થાય ને આમ થાય. આહા..હા..! હા પણ એક બાયડીનો કાગળ આવ્યો હતો ધણી ઉપર. .. લ્યો. એય..! કાંતિભાઈ! જુવાન પરણ્યા શું કરવા? ઘરડી પરણવી હતીને તો. ખબર છે? નહિ ખબર હોય. એકવાર આવ્યું હતું. આ શાંતિભાઈ લઈ આવ્યા હતાને ઘણા વખત પહેલા. બાઈનો કાગળ આવ્યો હતો. હવે તો મરી ગઈ. આ તો બધું સાંભળેલું હોયને. આહા..હા..!

અરેરે..! જગત ક્યાં ભરમાય છે? અને ક્યાં અથડાય છે?

કહે છે **'અજીવ પણ...'** આ શરીરની અહીં તો કર્મ સાથે મુખ્ય લેવું છે, પણ બધું આવી ગયું. એ જ્ઞાનાવરણીય, મોહનીય કર્મની પર્યાય જ્યાં કર્મમાં થાય છે. ઇ એના ક્રમસર એના પર્યાયનો કાળ છે અને એ થયું છે. આત્માએ વિકાર કર્યો માટે ત્યાં દર્શનમોહનીય, મિથ્યાત્વભાવ કર્યો માટે દર્શનમોહનીયની પર્યાય થઈ એમ નથી. જીવે રાગ કર્યો માટે ત્યાં ચારિત્રમોહની કર્મની પર્યાય થઈ (એમ નથી). પંડિતજી! આરે.. આરે.. ભારે આવી વાતું ભાઈ! જુઓને આમાં કેટલા મરી ગયા હતા. તમારે શું કહેવાય? પ્લેન. ... મોટું હતું રશિયાનું. સાંભળતા હોં. આપણને ક્યાં ખબર છે. છોકરાઓ વાતું કરે. પ્લેન પડી ગયું... ફલાણું થયું, ઢીંકણું થયું. ... એ તો એ સમયની જડની એ અવસ્થા તે પ્રકારે થવાની છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ ઓલાને આવડ્યું નહિ અને ધ્યાન ન રાખ્યું માટે આમ થયું (એમ નથી).

મુમુક્ષુ :- એની સરકાર તપાસ કરે.

ઉત્તર :- સરકાર તો તપાસ કરે જને. સરકાર તો તપાસ કરેને. કેમ થયું આ? ... એવો વિકલ્પ એને આવે. પણ એ પણ એના ક્રમમાં જ આવ્યો છે. આહા..હા..! સત્‌નું સત્‌પણું જ આવું છે. તેના સત્‌ના સત્‌ની ખબર નથી એ અસત્યમાં ભ્રમણમાં પડ્યા, ચાર ગતિમાં રખડતા, રઝળતા દુઃખી પ્રાણી છે બિચારા. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! એ શુભભાવમાં હવે તું દુઃખી તો અશુભની તો વાતું શું કરવી? આહા..હા..! ભગવાન તો આત્મા આનંદસ્વરૂપ છે. આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ છે આત્મા તો. આહા..હા..! કેમ બેસે? માપ કરવાના ગજ ટૂંકા. માપ કરવાની વસ્તુ મોટી. કહે છે એ અજીવમાં ક્રમબદ્ધ પરિણામ થાય છે. જ્ઞાનાવરણીયની પર્યાય છ કારણ .. સેવ્યા જીવે, જ્ઞાનની અશાતના કરી અને આ કર્યું માટે જ્ઞાનાવરણીય બંધાણું એમ નથી એમ કહે છે. આહા..હા..! અરેરે..! આવી વાતું!

મુમુક્ષુ :- ગોમ્મટસાર આખો?

ઉત્તર :- ગોમ્મટસાર આખો સાબિત થાય છે ત્યાં. જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું. જ્ઞાનાવરણી તો જડ છે એ આત્માની પર્યાયને રોકે? આહા..હા..! કાંઈ ખબર ન મળે. અને આત્મા રાગ-દ્વેષ કરે એટલે કર્મ બંધાય. એટલી પરવશતા જડની છે. જૂઠી વાત છે. એ કર્મ થવાને જે પરમાણુમાં તે સમયમાં તે લાયકાત ક્રમમાં હતી તો થઈ છે. આહા..હા..! હજી તો વ્યવહાર આવા સત્યની પણ હજી શ્રદ્ધાની ખબર ન મળે એવો ત્રિકાળી જ્ઞાયકભાવ પર્યાયમાં આવો સ્વતંત્ર છે એની પણ વ્યક્ત દશા જે પ્રગટ છે પરની અને સ્વની. એની વર્તમાન અવસ્થા એટલે જે અનંતગુણની વર્તમાન પર્યાયનો કાળ. એ સ્વતંત્ર છે પરને લઈને નહિ. ખરેખર તો એ દ્રવ્ય-ગુણને લઈને નહિ. અહીં તો અભેદ સિદ્ધ કરવું છે. એ તો કર્તા કહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! અભેદ બતાવું છેને અહીં પરથી ભિન્ન એટલું બતાવવું છે. ...

**'અજીવ પણ...'** એ તત્ત્વ મકાનમાં ખડકાય એને કાળે એ પર્યાય ત્યાં ગોઠવાય છે. પ્લાસ્ટર કરે છેને શું કહેવાય ઇ? ચીરોડીનું, ફલાણું ને આ. એ સમયની તે કાળમાં તે અવસ્થા તે પ્રમાણે તે પ્રકારે ત્યાં થવાની. એને જીવે કરી એ બિલકુલ જૂઠી વાત છે. આહા..હા..! આવું તો દુનિયાથી જુદું. ભારે જુદું!

તેવી રીતે જીવનો જેમ ક્રમબદ્ધ પરિણામ ક્રમસર-હારબંધ-નિયમસર જે જે પર્યાય જે કાળનો ત્યાં સ્વકાળે થાય છે. બીજો સમય તે એનો સ્વકાળ, ત્રીજે સમયે એ ક્રમબદ્ધ તે જીવના પરિણામ છે. એ પરિણામ જીવના છે, જડને અને પરને લઈને (નહિ). એમ અજીવની પર્યાય જડમાં થાય. આહા..હા..! ... આ અવસ્થા આમ થાય છે એ અવસ્થામાં એના ક્રમમાં એ અવસ્થા આવવાની તે થાય છે. આંગળીને લઈને નહિ. વિકલ્પ રાગનો હોય કે આ. એને લઈને નહિ. એની પર્યાય અજીવની આ અજીવ રજકણો છે. એનો પોઈન્ટ છેલ્લો ટૂકડો કરે તો એક પરમાણુ રહે છે. એવા અનંત રજકણનું આ દળ છે. એક પોઈન્ટ કરતા... કરતા... કરતા... કરતા... કરતા... છેલ્લો પોઈન્ટ રહે એને પરમાણુ દ્રવ્ય કહે છે. નાનામાં નાનો ઝીણો પોઈન્ટ. એવા અનંત પોઈન્ટનું આ દળ છે. એના એક-એક રજકણની તે તે અવસ્થા પોતાથી તે કાળે થાય. પરથી નહિ. એય..! વજુભાઈ! શું સાંભળ્યું પણ ન હોય ત્યાં. પણ ત્યાં બે દિ' આવવું એમાં એટલું બધું ચાલે શું ત્યાં બોટાદમાં? કહો, સમજાણું કાંઈ?

**'એવી રીતે અજીવ પણ...'** અજીવ પણ કેમ કહ્યું? કે જીવ જેમ છે એમ અજીવ પણ છે એમ. આહા..હા..! **'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ...'** એ પુદ્‌ગલો કર્મપણાની પર્યાયપણે પુદ્‌ગલ ઉપજતું થકું. કર્મની અવસ્થાપણે પુદ્‌ગલ થતું થકું. નહિ કે રાગને કારણે પુદ્‌ગલની પર્યાય થઈ થકી. આહા..હા..! .. સત્‌ની તો પર્યાયની એક સમયની દશાની સ્વતંત્રતા એની જ્યાં પ્રતીતિના ઠેકાણા નથી એને પર્યાયની પાછળ ભગવાન ચિદાનંદ ધ્રુવ તત્ત્વ પડ્યું છે એ શું છે એને તો વિચાર કરવાનો વખત પણ ક્યાં હોય ત્યાં? સમજાણું કાંઈ? ત્યાં તો ચાલતી અવસ્થા એની પાછળ દળ છે મોટું તત્ત્વ વસ્તુનું. પરમાણુનું રજકણ એક ધ્રુવ દળ છે અહીં ચૈતન્ય દળ છે. આહા..હા..!

**'એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** આહા..હા..! એ રોટલી જે થાય છે આમ. ગોરણામાંથી લાંબી એ પોતાના પર્યાયથી તે ઉપજે છે. એ વેરણાથી પહોળી થાય છે, ગોરણામાંથી પહોળી થાય છે વેરણું અડે છે માટે એમ નથી.

મુમુક્ષુ :- પાટલા ઉપર ન રાખે તો ધૂળ ચોટે.

ઉત્તર :- કોણ રાખે? પાટલાની પર્યાય પાટલાને કારણે તે ટાણે થઈ છે. આહા..હા..! ભારે વાત ભાઈ! આ તો આખા અજીવની બધાની વાત છેને? આહા..હા..! પૈસા હું પેદા કરી શકું છું. એનો અર્થ એવો છે કે અજીવની પર્યાય મારી પાસે લાવી શકું છું. કેમ હશે કાંતિભાઈ આમાં?

પ્લેનમાં નોકર હતા. બ્રહ્મચારી છે, પંદરસોનો પગાર માસિક. પ્લેનમાં. છોડી દીધી નોકરી બે વર્ષથી.

મુમુક્ષુ :- આપ રોજ કહો છો.

ઉત્તર :- કઈ અપેક્ષાથી વાત કરે? લોકોને એમ ખ્યાલ આવે કે આવી સ્થિતિવાળા પણ પ્રાણી છે. પંદરસોનો પગાર માસિક પ્લેનમાં.

મુમુક્ષુ :- .. છોડ્યો એમ કહેવું છેને?

ઉત્તર :- છોડે કોને? એ પર્યાય છે. અરે..! કાંતિભાઈ! ત્યાં પણ .. નાખીને આવતા. પંદરસોનો પગાર છે પ્લેનમાં. ... આવે છે. ... એનાથી થાતું હશે? આહા..હા..!

મુમુક્ષુ :- એનો ભાવ આવે છે માટે આવે છે.

ઉત્તર :- એની પર્યાયનો કાળ હતો. એને ત્યાં થાય છે. રજકણની પર્યાયનો કાળ ત્યાં .. અમારી સાથે તો ઓલા ભાઈ હતા શું કહેવાય? ઓલા ..વાળા. જેપી હતાને ભાઈ ઓલા? ... જયપુર છેને? ... એ ચાર જણા બેસી ગયા વીસ મિનિટ થઈ ગઈ. કહે એલા ચાર મુસાફર ઘટે છે આમાં. અમે પહેલા બેસી ગયા. ત્યાં તો ઓલું અંદર મોટું આવેને જાહેરાત અહીં બેઠા છો તમે? અમો ગોતીએ છીએ. એ નહોતા આવ્યા જોડે. શેઠ છેક સુધી. ... જયપુરથી ... ઇ સમયની એ અવસ્થા ત્યાં થવાની તે થઈ એમાં કોઈથી થઈ નથી. આ ગજબની વાતું. આહા..હા..!

મુમુક્ષુ :- પહેલા .. કરે પછી ..

ઉત્તર :- લ્યો એ જીવ નથી. શું કીધું ઇ? કે શરીરની અવસ્થા થાય, પાણી પીવાની અવસ્થા થાય, આહારની અવસ્થા થાય, ભણવાની અવસ્થા થાય મકાનની એ બધી એને કાળે એની અવસ્થા થવાને કાળે થાય, પણ જીવ નથી એટલે જીવે થઈ નથી, જીવથી કરી નથી. આહા..હા..! વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૨, ગુરુવાર, તા.૧૨-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૪૩૬

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એની ગાથા ૩૦૮ થી ૧૨. ૧૨ છેને? ૧૧. ૮, ૯, ૧૦ અને ૧૧. ચાર. ૮ થી ૧૧. ભાવશ્રુત ભર્યો છેને? '**પ્રથમ...**' એમ કહેવું છે કે. અહીં મુદ્દાની એ વાત છે કે. એમ કહે છે. '**પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા...**' ક્રમસર એક પછી એક જે થવાના પરિણામ, એની અવસ્થા ક્રમસર, ક્રમબદ્ધ. એક પછી એક થાય પણ જે થવાની હોય તે થાય એનું નામ ક્રમબદ્ધ કહેવાય. એક પછી એક થાય ઇ તો ઠીક. પણ એક પછી એક કઈ રીતે જે થવાની હતી તે થઈ. એક પછી એક ગમે તે થાય એમ નહિ. આહા..હા..! એ '**ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી...**' પર્યાય. જીવની પર્યાય તો જીવથી છેને. '**પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે,...**' ભલે એના પોતાના પરિણામ બધા નાખ્યા હોય, પણ ખરું અહીં તો એમ બતાવવું છે કે જીવ રાગ અને પરદ્રવ્યનો કર્તા નથી. પરદ્રવ્યની પર્યાય અને રાગનો એ કર્તા નથી. સમજાણું કાંઈ? એના ક્રમસરમાં જે રાગ આવે એનો એ જાણનારના પરિણામપણે ઉપજે છે. સમજાણું કાંઈ?

જ્ઞાનગુણની પર્યાય પણ ક્રમસર. જે સમયે જે છે એ બીજે સમયે બીજી ત્રીજી જેમ હારમાં મોતી હોય હારમાં મોતી. જે ઠેકાણે જે મોતી છે ત્યાં જ હોય. આડુઅવળું હોય નહિ. એક જણો વળી એમ કહેતો હતો આડુઅવળું કરી નાખીએ.

મુમુક્ષુ :- દોરી તોડી નાખી.

ઉત્તર :- તો તો દોરી તુટે તો દ્રવ્ય જ રહે નહિ. આહા..હા..! પોતાની વાતને સાબિત કરવા બાપુ એમ ન થાય. એ તો આખો હાર, સળંગ હાર એક દ્રવ્ય. એનામાં જે મોતી એ એની પર્યાય. એના સ્થાને તે પર્યાય હોય. મોતી એના સ્થાને આડુઅવળું ન હોય. પૂર્વના પૂર્વ મોતી, પછીના પછી, વર્તમાનમાં વર્તમાન. એમ એના ક્રમસર પરિણામનો હારડો (હાર) પડ્યો છે આખો. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરિણામમાં ઉત્પન્ન થતો જીવ જ છે. ખરેખર તો એના જ્ઞાન, દર્શન, આનંદના પરિણામે ઉપજતો થકો ઇ જીવ જ છે. સમજાણું કાંઈ? એ '**અજીવ નથી;...**' એથી એ કહે કે અજીવ આદિ પરદ્રવ્ય અને રાગાદિ વિકાર એનાથી એની જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, શ્રદ્ધાની પર્યાય એનાથી ઉત્પન્ન થઈ, એમ નથી. સમજાણું કાંઈ? આરે..! માર્ગ.

એ '**જીવ જ છે....**' જીવ જ છે. એ રાગનો ક્રમસર રાગ આવે એનો એ કર્તા નથી. તેમ જડની પર્યાય એને ઉપજાવે (એમ નથી), એના જ્ઞાનમાં બીજી ચીજ શું છે એવું જ્ઞાન થાય, પણ એ તો

જ્ઞાન પોતાની સ્થિતિનું છે. એ કાંઈ પરને લઈને છે અને પરથી થયું છે એમ નથી. અને એ જોવે છે તો જ્ઞાનની પર્યાય પોતે. ક્રમમાં આવી એને એ જોવે છે. એ જોવામાં રાગને લઈને થઈ અને પરને લઈને થઈ એમ છે નહિ. આહા..હા..! આ તો બધું નિયત થઈ ગયું તો તો પછી. એને આડુઅવળું લે છે કાંઈક. નહિતર સખ નથી આવતું. નહિતર નિયતવાદ થઈ જાય છે. એમ આમાંથી નિયત કહે છેને આહા..હા..! નિયતનો અર્થ નિશ્ચય. નિયત પુરુષાર્થ સ્વભાવ એક સાથે બધું એમાં છે. આવો જે નિર્ણય કરે, મારા પરિણામ મારાથી ઉત્પન્ન થાય એની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર હોય. કારણ કે ઉપજતો થકો એટલે એમ કીધું હતુંને? જીવ પોતાના પરિણામોથી ઉપજતો થકો.

મુમુક્ષુ :- પોતાના.

ઉત્તર :- હા, તો પોતાના એટલે એ જીવ ઉપર એની દૃષ્ટિ છે દ્રવ્ય ઉપર. તે કાળે તેના પરિણામ પોતાથી ઉત્પન્ન થયેલા છે. રાગની મંદતાનો ભાવ જોડે હોય એનાથી પણ જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિ પર્યાય ઉત્પન્ન થઈ નથી. સમજાણું કાંઈ? એ અજીવ નથી. એ રાગથી જ્ઞાન થયું છે, રાગથી શ્રદ્ધા થઈ છે એમ નથી. એ પરથી શ્રદ્ધા થઈ છે એના ક્રમમાં પરિણામ આવ્યા જાણવાના, દેખવાના, માનવાના ઇ પરને લઈને થયું છે. તો તો એ અજીવ કહેવાય. આ તો પોતાની જાતની જાતમાંથી જે પરિણામ પરિણમ્યા છે સરખા. માટે એ જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ધીરજના કામ છે, ભાઈ! આ કાંઈ કુદકો મારીને ત્યાં સમજાય જાય એવી આ વાત નથી. આહા..હા..! વીતરાગનો માર્ગ સર્વજ્ઞથી સિદ્ધ થયેલો. આહા..હા..!

કહે છે. એમાં એમ આવે છે કે 'જે જે દેખી વીતરાગને તે તે હોશી વીરા રે. અણહોની કબહુ ન હોશે કાહે હોત અધિરા?' એનો અર્થ જ છે કે વીતરાગે જે જોયું છે જે સમયમાં જે દ્રવ્યની જે પર્યાય એ જોયું માટે થાય છે એમ નહિ. આહા..હા..! સમજણના ઘર બહુ દુર્લભ છે. બીજી ચીજ દુર્લભ નથી. વ્રત ને તપ ને ક્રિયાકાંડ તો એવા અનંતવાર કર્યા. સમજાણું કાંઈ? એ કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન એની જ્યાં દૃષ્ટિ અંદર થઈ ત્યારે એના ક્રમસર જે પરિણામ એની યોગ્યતાવાળા જે થવાના તે ભવિતવ્યથી તે સમયની કાળલબ્ધિથી (થયા). સમજાણું કાંઈ? એ પરિણામ થયા એમાં જીવ ઉપજે છે. આ બીજાથી ઉપજ્યા છે એમ નથી. આહા..હા..! શું કહેવું એને? મૂળ ચીજ જ સમ્યગ્દર્શન વિના બધા થોથે થોથા છે. ચીજ જ આખી ચૈતન્યમૂર્તિ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે અરિહંતે જોયો એ. એવો એની નજરમાં, દૃષ્ટિમાં આ દ્રવ્ય આવ્યું. ત્યારે એના ક્રમસર પરિણામ થાય તેનો એ જાણનાર-દેખનાર રહે છે. એના પરિણામ જાણવાના થયા એનો પણ જાણનાર-દેખનાર રહે છે. સમજાણું કાંઈ?

બાહ્ય ચીજથી ત્યાં જ્ઞાન થયું નથી. પણ બાહ્ય ચીજના સંબંધીનું પોતાનું સ્વપર પ્રકાશક જ્ઞાન તે કાળે તે ઉત્પન્ન પરિણામમાં એ જીવ ઉપજે છે. જીવ કર્તા થઈને એનો કર્મ એ કરણ (એ) છે. સમજાણું કાંઈ? એ કર્તાનું કાર્ય છે. છેવટે કહેશે ઇ. આ વાત બેસે એને તો જ્ઞાતા-દૃષ્ટા એ થઈ

જાય. એને પરિણામ કરું એ રહેતું નથી. રાગને કરું એ તો એના સ્વરૂપમાં જ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! પણ આ તો વ્યવહારના બોલ ઘણા નાખ્યા છે એક ફેરી નહિ? સમયસારના ભાઈ! આત્મધર્મમાં નહોતા નાખ્યા? પુણ્યના-વ્યવહારના. આખો અંક. એક પાનું ભર્યું હતું તે દિ'. જોયું. એક પાનામાં બધા બોલ લખ્યા છે એક ફેરી. પછી આત્મધર્મમાં નાખ્યા છે. પુણ્ય રોગ છે, વિષ છે અને ઝેર છે અને આકુળતા છે, આમ છે. ઘણા બોલ ... કેટલાક...

મુમુક્ષુ :- ... આધાર સાથે.

ઉત્તર :- હા, આધાર સાથે. પ્રવચનસારમાં કહે અભિસારિકા વેશ્યા જેવા એ છે. આહા..હા..! એક ભૂલ પણ તેને કાળે થાય એને કાળે તે સંબંધીનું જ્ઞાન પોતાનું જ્ઞાન પોતાથી થાય છે. એ રાગ છે માટે જ્ઞાનની પર્યાય થાય છે તેમ નથી. તેમ રાગનું જ્ઞાન થયું માટે રાગની હયાતી હતી માટે આની હયાતી જ્ઞાનની આવી એમ નથી. સમજાણું કાંઈ? અને જ્ઞાનના અનંત પદાર્થો જાણવામાં આવ્યા એ જાણવામાં પદાર્થો નથી આવ્યા. એની પર્યાયનું જ્ઞાન જાણવામાં આવ્યું. આહા..હા..! એના અસ્તિત્વમાં એ ચીજ ક્યાં છે બીજી? એમાં એ ઉપજે અને એનાથી ઉપજે. સમજાણું કાંઈ? રાગ અને અનંત પરદ્રવ્ય એ એની જ્ઞાનની પર્યાયમાં ક્યાં આવ્યા છે? અને જ્ઞાનની પર્યાય રાગમાં અને પરમાં ક્યાં ગઈ છે? આહા..હા..! ગજબ કર્યું છે. .. વાત મૂકે છેને તમારા ઓલા ... આ વસ્તુની ખબર ન મળે. જૂના માણસ, .. કાંઈક કહીએ હાંકે રાખે. અરે..! ભાઈ! આ તો સત્ય આમ જ છે. એમ એ સત્યનો અંદર સાચો નિર્ણય ન લે. કાંઈ છે નહિ જગતમાં બીજું. એ વ્રત પાળે ને તપ કરે એ ક્લેશ છે એમ કીધું. પાંચ મહાવ્રતનો ભાવ ક્લેશ છે. ભાર કીધો છે લ્યો. આહા..હા..! હળવી ચીજ ભગવાન શુદ્ધ ચૈતન્ય એમાં રાગનો ભાગ તો ભાર છે. આહા..હા..!

એવી ચીજનું ઉત્પન્ન થવું એની જાતના વર્તમાન પરિણામો પોતાથી થાય છે એટલે કે પરથી નહિ, એ જીવ છે એ અજીવ નહિ. રાગાદિ તો અજીવ છે. પહેલા અધિકારમાં તો અજીવ કીધા છેને? અચેતન કીધા છે. જીવ નહિ. ગુણસ્થાનના ભેદ એ જીવ નહિ. આહા..હા..! ૨૯ બોલ લીધા નહિ? અનુભૂતિથી એ બધા ભેદભાવો બધા ભિન્ન છે. જેની દૃષ્ટિ આત્મા ઉપર પડી છે એને આત્મામાંથી પરિણમતી દશા, પરિણમતો જીવ પોતે એને પરની કોઈ અપેક્ષા છે નહિ. એ રાગ આવ્યો એ જ કાળે અને એ જ કાળે રાગનું જ્ઞાન, એ જ કાળે પરપદાર્થની અવસ્થાનું જ્ઞાન. કાળ તો એક હોયને. આડોઅવળો કાળ કે દિ' હોય? સમજાણું કાંઈ? પણ એ બધો જ્ઞાનનો પર્યાય, શ્રદ્ધાનો પર્યાય, શાંતિનો પર્યાય, આનંદનો પર્યાય, રાગ તો વિકારી (છે), અનાકુળ આનંદની દશા એ વસ્તુની દૃષ્ટિ થતાં વસ્તુ પોતે એ પરિણામપણે ઉપજે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જીવ જ છે. એ બધા પરિણામમાં ઉપજતો થકો, જીવ ઉપજતો થકો એ જીવ છે. પરિણામ પોતે જીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

**'એવી રીતે અજીવ પણ....'** રજકણે રજકણ. આ પૈસા આવે-જાય, રૂપિયો આવે જાય. એ

એક-એક રજકણમાં એના પરિણામ અજીવ એ પોતે પરિણામમાં ઉપજે છે. એને ઉપજાવનાર બીજી ચીજ કોઈ છે સાથે એમ નથી. કહો, ભગવાનજીભાઈ! એ નોટું જે અહીં આવે છે કહે છે એના પર્યાયના પરિણમનથી અહીં આવે છે. આહા..હા..! એ તારા વિકલ્પના રળવાના ભાવથી આવે છે એમ નથી. વિકલ્પનું અહીં જ્ઞાન થાય એ વિકલ્પથી નથી. તો પછી એ પર્યાય આવે એ તારાથી છે અને તારા માટે આવી છે ત્યાં. એમ નથી. સવારે તો કહ્યું નહોતું આ લક્ષ્મી તારી પાસે અનંતગુણા ગુણો છે. લક્ષ્મીના ગુણો તો થોડા અનંતા છે. એ માહ્યલો એક-એક રજકણ **'અજીવ પણ ક્રમબદ્ધ એવા...'** આહા..હા..!

મુમુક્ષુ :- .. જે થવાનું હોય એ જ થાય.

ઉત્તર :- ઇ જ થાય.

મુમુક્ષુ :- પુરુષાર્થ ક્યાં રહ્યો?

ઉત્તર :- પુરુષાર્થ ક્યાંથી થાય? એ પુરુષાર્થ નથી? એને જાણવું એ પુરુષાર્થ છે અને થાય છે એ પોતાના પુરુષાર્થના સ્વભાવના આશ્રયે થાય છે. આહા..હા..! પુરુષાર્થ બીજો ક્યો પુરુષાર્થ? ... છે? અનંતગુણો પુરુષાર્થ પડ્યો છે. એની દૃષ્ટિ જ્યાં થઈ તે પર્યાયમાં પુરુષાર્થ પરિણમે જ છે અનંતમા ભાગે એના પરિણમનનો એ કાળ જ એવો છે. આહા..હા..! એની સાથે પુરુષાર્થ સાથે ... પાંચેય સમવાય રહે છે. આહા..હા..!

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું...'** એટલે જીવથી નહિ એમ કહે છે. જીવની પર્યાયથી રજકણો અહીં આવે એ જીવની પર્યાયથી ત્યાં રોટલી વણાય કે જીવની પર્યાયથી ત્યાં શાક રંધાય (એમ નથી).

મુમુક્ષુ :- વકીલાતથી તો થાયને?

ઉત્તર :- વકીલાતથી કાંઈ ન થાય. ધૂળેય ન થાય. વકીલાતનું જ્ઞાન અહીં રહી ગયું. ઇ તો અજ્ઞાન છે. આ જજ રહ્યા લ્યોને. કોર્ટમાં વકીલો બનાવે બધા. આ આ .. દલીલ કરે. સાંભળે. સાંભળે કોણ? જાણે છે જ્ઞાન. તે જ્ઞાન જાણતું તે ચીજને જાણતું નથી. આવી વાત છે. જેના અસ્તિત્વમાં છે એને જાણે છે. જેના અસ્તિત્વમાં જ એ ચીજ નથી એને જાણવું શી રીતે? ઓહો..હો..!

**'અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...'** ઓહો..હો..! આમાં શું કહેવું છે? કે કોઈએ પુરુષાર્થ કર્યો જીવે સ્વભાવનો એટલે કર્મની પર્યાયને અલ્પકાળમાં એને ઉદીરણા થઈને ખરી પડ્યું. એમ નથી. અહીંયાં સ્વભાવ તરફનો પુરુષાર્થ કર્યો એથી દર્શનમોહનીયની પર્યાયને અકર્મરૂપે પરિણમવું થયું એમ નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! અહીં તો અભાવનો પુરુષાર્થ લે છે હોં આ. જ્ઞાનાવરણીય .. કેમ હશે? એ તાદાત્મ્ય થતું નથી એટલે કર્મ સાથે. પરનું હોં. કર્મ એટલે પરનું કાર્ય. એ કાર્ય જીવનું કાર્ય અને જડનું કાર્ય ઇ કાર્ય પોતાનું કાર્ય. ઇ પોતાથી થાય છે અને એ કાર્ય

પરને પણ ઉત્પાદ કરે, ઉત્પાદક કરે એમ નથી. જ્ઞાનની પર્યાય પોતે ઉત્પાદ કાર્યરૂપે થાય અને એ જ્ઞાનની પર્યાય બહુ વિચિક્ષણ અને હુશિયાર જ્ઞાન છે. સમ્યગ્જ્ઞાનની વાત હોં. તો તેથી આ જગતના પરમાણુને લાવે, આમ લાવે, બોલે, બોલવાની ભાષા પણ એ ચતુરાઈ હોય તો એ નીકળે એમ નથી. ભારે આ તો અવલદોમ જગતથી વાત છે. એ ભાષાની પર્યાયમાં એ જ એના પરમાણુના ક્રમમાં એ ક્રમમાં એ પર્યાય થવાનો જ એનો ક્રમ છે. એ પરમાણુ પોતે પરિણામપણે ઉત્પન્ન થાય છે. જોડે ઓલાનો વિકલ્પ હતો અને એનું જ્ઞાન હતું એ આને ઉપજાવે છે. હુશિયાર જ્ઞાન હતું, સમજણવાળું માટે ભાષાની પર્યાય થાય છે એમ નથી. આ તો ક્રમમાં પણ ક્રમબદ્ધ જ છે એમ કહે છે. એય..! .. છે કે નહિ ચીજ? આહા..હા..!

ક્રમ પણ અજીવ ચીજમાં છે. એ અજીવ ચીજનો અજીવપણ ક્રમબદ્ધ પોતાના પરિણામ છે. એ વખતે ઇ વખતનો પર્યાય તે જ રીતે ઉદીરણા થવાનો હતો અને એ રીતે કર્મની પર્યાય ત્યાં બદલવાની હતી એને કારણે. આને કારણે નહિ. આને સમતાભાવ રાખ્યા માટે ઓલા ઉદયના પરિણામ પલટી ગયા, અભાવ થઈ ગયો એમ નથી. એને કારણે એ વખતે એ જ ક્રમબદ્ધમાં એ કર્મની પર્યાયની જે પર્યાય તે સમયે થવાની તે રીતે તે થઈ છે. તે જીવને કારણે થઈ છે નહિ માટે તે જીવ નથી. ઇ અજીવ જ છે. આહા..હા..! કહો, સુજાનમલજી! આવી વાતું છે. આહા..હા..! અરે..! એના...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન તે જ્ઞાન શું કરે? જ્ઞાન કરે શું? એ જાણે. અને જાણે તે પોતાના અસ્તિત્વથી થતી પર્યાયને જાણે. આહા..હા..! આ લોકોને વાંધા ક્રમબદ્ધ... આમ ચાલવા માંડ્યું જુઓ હવે કોઈ ધક્કો માર્યો તો પાછું પડ્યું તો ક્રમબદ્ધ ક્યાં આવ્યું? બહુ પવન આવ્યો તો જુઓ લિંબડાની ડાળ હલ્યા કરે જુઓ. એમાં ક્રમ ક્યાં રહ્યો? જો પવન ન હોય તો આમ સ્થિર રહેત. પવન આવ્યો તો બદલે છે રૂપ. એય..! આવું ... વીતરાગનો માર્ગ પદાર્થની જે સ્થિતિ છે એ રીતે વર્ણવી છે. આહા..હા..! લોકોએ બહુ ગડબડી કરી નાખી. ક્યાંકનું ક્યાંક ને ક્યાંકનું ક્યાંક મનાવી દીધું. આહા..હા..! સમ્મેદશિખરે ગયા માટે તેના પરિણામ આવા થયા એમ નથી.

મુમુક્ષુ :- તો જાવાનું શું કામ છે?

ઉત્તર :- જાય કોણ અને આવે કોણ? એય..! લોજિકથી તો વાત છે કે નહિ? ગિરનારમાં ગયા ભગવાન નેમિનાથ માટે ત્યાં એને કેવળજ્ઞાન થયું એમ છે? ના. એ તો એના ક્રમપરિણામમાં કેવળજ્ઞાનનો પર્યાય એના ક્રમમાં, એના કાળમાં એ આવવાનો જ હતો. આહા..હા..! નિયત જ લોકો માનીને એકાંત છે એવો પોકાર કરે છે. ભાઈ! તને ખબર નથી, બાપુ! તારા સત્યની હિતની વાત છે આ. એમાં પક્ષની વાત એને માનીને તું ફેરફાર કરવા માગે એમ ન થાય. તારા ઘરમાં નુકસાન થાય છે તને. આહા..હા..!

અહીં તો ધર્મી એ જ્યાં દશા પલટાવી છે, દ્રવ્ય ઉપર ગઈ છે, પછી તો જે ક્રમ અને યોગ્યતાવાળો પર્યાય તે થશે. પહેલાંય એમ થતો પણ એને નિશ્ચય અને નિર્ણયમાં નહોતું. સમજાણું કાંઈ? અને રજકણોમાં પણ આ શરીરના, વાણીના, દાળ-ભાતના, પૈસા આવવા-જવાના, આબરૂ આવવા-જવાની, કોકે વખાણ કર્યા એ વાણીના. તો એ વાણીની પર્યાય તે પ્રકારે ક્રમબદ્ધ વાણીમાં થવાની જ હતી. આહા..હા..! અભિનંદન આવે એટલે ખુશી થઈ જાય. એય..! શેના બાપા! શું છે તને? એ તો પરની પર્યાય જડની આવી. એમાં એને લઈને તારામાં શું આવ્યું? અને તારે લઈને એમાં શું થયું? આહા..હા..! કપુરચંદજી! સમજાય છે? હિન્દી છે હિન્દીભાષી. ... મોટી દુકાન. ...માં. આહા..હા..! કોની?

મુમુક્ષુ :- દુકાન દુકાનની.

ઉત્તર :- દુકાન દુકાનની.. દુકાન હોય છેને તમારી દુકાન? એ કરતા તો ન કરે તો? કરતો જ નથી કોઈ દિ' કર્યું જ નથી. કભી નહીં કિયા. માનતો હતો. હવે છોકરાઓ કરે છે. છોકરાઓ છેને. અરે..! કોણ કરે? આહા..હા..! કરનારો ત્યાં હોય તો તે પર્યાય થાય તેમ છે? આહા..હા..!

મુમુક્ષુ :- પરિણામો પલટાય છે.

ઉત્તર :- બસ. પરિણામમાં પલટો થવાનો ત્યાં થાય છે. આ .. તો કરતો નથી એવો પણ ત્યાં સવાલ નથી. એ તો એનું પરિણમન જડનું જડકાળે. આહા..હા..! સ્વયં પોતે પોતાથી વળી ઓલો સ્વયંનો ફેરફાર આવ્યો નહિ? અહીં શું શબ્દ છે? '**आत्मपरिणाम**' આત્મા પોતાથી. આત્મ પરિણામ એમ પોતાથી. '**उत्पद्यमानोऽजीव एव**' આહા..હા..! એક-એક રજકણ સ્કંધમાં રહેલો એના ક્રમમાં. ઓલા કહે છેને કે ભાઈ! ચાર ગુણો ચીકણા જે હોય. ચીકણી પર્યાય એક પરમાણુમાં બીજા પરમાણુમાં બે ચીકાશ હોય. એ ત્યાં જાય તો ચાર થઈ જાય. ઓલું ચાર મળ્યું માટે. .. મળ્યું છે જ ક્યાં ત્યાં? પણ ચાર મળ્યું છે જ ક્યાં ત્યાં એને? એના પોતાના જ સ્વકાળે ક્રમબદ્ધમાં એક, બેની ચાર થવાની પર્યાયનો એવો સ્વકાળ તો એનાથી થયું છે. ઓલો ચાર છે માટે થયું છે (એમ નથી). એની દાખલા, દલીલ આપે છે લોકો પંડિતો. જુઓ આમાં ચારમાં આવ્યું ત્યારે આ થયું. એકલો છૂટો પરમાણુ કેમ ચારરૂપે ન પરિણમ્યો? પણ એનો સ્વકાળ જ નહોતો એનો. આહા..હા..! ભારે કામ ભાઈ! અહીં ...

કહે છે '**જીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી...**' પોતાના કીધુંને આત્મા? આત્મ પરિણામે. આત્મ એટલે પોતાના. '**उपद्यमानोऽजीव एव**' આહા..હા..! કહો, પાણી એને મળ્યું માટે ચોખો ચડ્યો. એમ નથી. મળ્યું જ નથી એને. પાણીની પર્યાય પાણીમાં. અરે..! આ તે કાંઈ. સમજાણું કાંઈ? આહા..હા..! ... એ તો અહીં આવ્યા ત્યારે .. કીધું નહિ. ઇ આંગળા છે માટે .. છેને. કારણ કે એની ઉત્પન્ન થવાની પર્યાયનો આનો કાળ છે અને આની .. ઉત્પન્નનો અહીં પર્યાય છે. એટલે આ પર્યાયે આને ઉંચું લીધું એમ ક્યાં આવ્યું? સમયે સમયે આની પર્યાય ભિન્ન-

ભિન્ન છે. એમ આની પર્યાય ભિન્ન-ભિન્ન છે. અહીં આંગળીએ આને ઉંચું કર્યું એ વસ્તુમાં છે નહિ. કહો, ભગવાનજીભાઈ! આવું ભારે! આ તો પદાર્થની વ્યવસ્થા જ એવી છે. એમાં કોઈએ ઘડીને કરી છે એમ છે? એમ કરે થાતી હશે કાંઈ? અમે ઘરે બેઠા છે એ પરિણામ ન થયા? અને ગિરનાર ગયા ત્યારે પરિણામ થયા, શેત્રુંજય ગયા તો પરિણામ થયા. વિરમગામ કસ્ટમ-કસ્ટમ ખાતાનો. અને અહીં બેઠા કેમ પરિણામ ન થયા? ત્યાં ગયા અને પરિણામ થયા. પણ ત્યાં કાળમાં તે સમયનો તે કાળ છે અને આ સમયનો આ કાળ છે. એ સમયના પરિણામ તારાથી ઉત્પન્ન થયા, એના પરિણામ ત્યાં ભગવાનની પ્રતિમાના એનાથી થયા જ્યાં પર્યાય પરિણમે ત્યાં. આહા..હા..! ત્યાં કેમ ગયા તો સારા પરિણામ થયા? જોકે એ તો સારા નથી. એ તો અશુભની અપેક્ષાએ વ્યવહારથી શુભ કહેવામાં આવે છે. આવે છેને? ... નહિ નિર્જરામાં ભાઈ! નિર્જરાના પાઠમાં છેને. .. ત્યાં એમ કે વ્યવહારે કહેવાય. રાગ ઓલાની અપેક્ષાએ. બાકી ઉદય એનું કારણ છે. જ્ઞેય-જ્ઞાયકમાં આવ્યું હતું. કે જે જ્ઞાનનો પર્યાય થાય છે. તે જ્ઞેયને લઈને એવું રાગ હતું જ્ઞેય અને એવું નિમિત્ત હતું માટે અહીં પર્યાય થાય છે એમ નથી. અને અહીંયાં જ્ઞાનમાં એ જ રાગનું જ્ઞાન થવાનું હતું માટે એને રાગને થવું પડ્યું ત્યાં (એમ નથી). આહા..હા..! આ તત્ત્વનો સ્વભાવ આવું જ એનું સ્વરૂપ છે. એનાથી ઉલટું માને તો દૃષ્ટિ મિથ્યા ભ્રમમાં જાય છે અને દુઃખી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું...'** કોણ? અજીવ. **'અજીવ જ છે, જીવ નથી;...'** જીવની પર્યાયને લઈને ત્યાં એમ થયું છે એમ નહિ. જીવમાં એને જાણવાના પર્યાયને કાળે જાણ્યું, માટે એને સામાની પર્યાય અહીં જાણવાની જે થાય એવી જ પર્યાય ત્યાં એને કરવી પડે એમ નથી. ઓલામાં નથી આવતું? ક્રોધ થાય ત્યારે ક્રોધ જ ત્યાં ઉદયમાં હોય. આવે છેને જૈનતત્ત્વમીમાંસામાં? છે? એમ કે ... ક્રોધ જ હોય. માનનો પર્યાય સામે ન હોય, પણ ઇ તો એના ક્રમમાં એ જ હોવાનું હતું. આહા..હા..! આકરી વાતું ભારે! ઇ આવે છેને એમાં આવે છે. જૈનતત્ત્વમીમાંસામાં આવે છે. એમ કે આ ... અહીં ક્રોધ થવાનો છે માટે ત્યાં ક્રોધરૂપે જ પર્યાય થઈ જાય છે, પણ ઇ તો એના ક્રમમાં હતી તો થાય છે. આહા..હા..! થોડામાં ફેર ક્યાં પડે છે એની ખબર નથી. ગોટા વાળે છે આમથી આમ. ... વસ્તુસ્થિતિ આમ છે. એ તારા ધાર્યા પ્રમાણે થાય ત્યાં?

આ લક્ષ્મી સામે સાંભળવામાં આવી જુઓ આ પચાસ લાખ રળ્યા. હવે કહે છે કે એ લક્ષ્મી ત્યાં આવી એની નજીકમાં અથવા સાંભળવામાં આવી લ્યોને. એ સાંભળવું એ નજીક થયુંને? ઇ પર્યાય સાંભળવાની પણ એને ક્રમસર ભાષામાં થવાની હતી તે થઈ છે. આહા..હા..! અને અહીં એનું જ્ઞાન થયું છે એ પણ અહીં જ્ઞાનનો પર્યાય સ્વપરપ્રકાશકનો જે કાર્યકાળ છે તે કાર્યકાળે તે દશા થઈ છે. એ પરના કાળને કારણે આને થઈ છે. એમ નથી. આ બધા કારખાના કરે છે મોટા.

મુંબઈમાં કેટલાય કારખાના એય..! ૨૫-૫૦ હજાર જ્યાં હોય હવે એવું કરે છે. ૨૫ હજાર કે ૫૦ હજાર કારખાનું કરે છે લ્યો. કોઈ ૫૦ હજાર કોઈ ...

મુમુક્ષુ :- એટલે બજારમાં ...

ઉત્તર :- .. ઘરે તો થાય નહિ એટલે. કાચના પ્યાલા આ નથી આવતા? જોયા હોય હજારો. એક-એક દિ' માં લેનારા એવા આવે હજારો. શું કરવું? .. નિભાડા કરવા જાય તો ... આહા..હા..! .. થઈને ઝટ હવે? ... ઝટ કામ આવ્યા લ્યો. આ પોણાચાર લાખ (અક્ષર) પાંચ મહિનામાં આવી ગયા લ્યો. ઓલો સંચો આવ્યો એટલે ... થઈ. એય..! પંડિતજી! આ સંચો આવ્યોને ૩૦ હજારનો? પોણા ચાર લાખ પાંચ મહિનામાં એક ધારા અક્ષર લ્યો મારે હારે! બાપુ! ઇ અક્ષરોના રજકણો એને એ જ પ્રકારે ઉંડું ને છીછરું ને બહારને જે જે પરમાણુનો પર્યાય ત્યાં થવાનો હતો એ ક્રમબદ્ધમાં આવ્યો છે. આહા..હા..! સંચાથી નહિ. એય..! રતિભાઈ! આ શું છે બધું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. અને ઓલા ... અરે..! વાતું બધી.

મુમુક્ષુ :- આપણે બોલીએ છીએને.

ઉત્તર :- એ શું કરે? નિમિત્ત હોયને જણાવવું પડે. ... કર્યા હતા એમ કહેવાય. આ રામજીભાઈ કહે આમ કરો... આમ કરો... આમ કરો... લ્યો. વજુભાઈને બોલાવે .આમ કરવું... આમ કરવું... વ્યાખ્યાન પછી બેસાડે. આહા..હા..! વસ્તુનો એવો સ્વભાવ છે. જે પર્યાય જે જડની ત્યાં કાળે થવાની છે. રાગ થયો માટે ચારિત્રમોહની પર્યાયને થવું પડ્યું એમ નથી. અને ચારિત્રમોહનો ઉદય આવ્યો માટે આને રાગરૂપે થવું પડ્યું એમ નથી. જોકે અહીં એ સવાલ છે જ નહિ. અહીં તો રાગનો પણ કર્તા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એના દ્રવ્ય-ગુણનું અસ્તિત્વ જે છે એ જ અસ્તિત્વનો એના સ્વકાળનો પર્યાય ક્રમબદ્ધમાં જે પ્રકારે જે રીતે થાય છે તે એનાથી થાય છે. બીજાથી થતું નથી. આહા..હા..! ઉદીરણાના .. બપોરે આવ્યું હતું ઓલામાં તત્ત્વાર્થસૂત્રમાં. શું કહેવાય? વસ્તુવિજ્ઞાન. વસ્તુવિજ્ઞાન એમાં આવ્યું હતું કર્મનું. વસ્તુવિજ્ઞાનસાર આપણે છપાણું છે. એમાં આવ્યું છે. આ કર્મનું આવ્યું છે. મોટરમાં બેઠો માટે મોટરને લઈને માણસ અંદર ચાલે છે. બધી વાત ખોટી. મોટર ઇંદોરની એ તો જડની છે. સોનગઢની પણ નથી અને ઇંદોરની પણ નથી. રજકણની છે. એક-એક રજકણના પરિણામ તેના ક્રમસર જે આવવાના થયા એ ક્રમે આવ્યા. તેનો ઉત્પાદ જ એ રજકણ છે. આહા..હા..! આમ જ્યાં સંચો ફેરવ્યો ત્યાં મોટર ચાલવા માંડે સડેડાટ લ્યો. અને સામે જ્યાં બળદ આવ્યો અને નીચે આવ્યો ત્યાં ફટ ઉભી રહે. બ્રેક મારે. તેમાં ક્રમ ક્યાં રહ્યો એમાં? એ જ ક્રમ છે. તને આંખમાં જોતા ન આવડે? આહા..હા..! કહો, સમજાણું?

આ માણસ ચાલ્યો જાય અને એમાં હવા એવી આવી હવા. આખો પડી ગયો. .. ઉડી જાય. હા..હા.. બહુ પવન આવે અને સાધારણ શરીર હોય તો ઉડી જાય. એ ... આહા..હા..! અને ગાડુંનું

ગાડુ઼઼ઃ પાણીનું જોર હોય તો તણાઈ જાય લ્યો. ગાડુ અને બે બળદ સાથે હોય એ આખું તણાય જાય. કહે છે કે પાણીના જોરને લઈને એ ગાડું તણાણું. આ દુનિયાના કથન આવા. વસ્તુનું સ્વરૂપ એમ નથી. આહા..હા..! પાગલને તો આ બધું પાગલ જેવું લાગે. નહિ? ભાઈ! તને વસ્તુની મર્યાદાની ખબર નથી. પરમાણુ હોય કે આત્મા હોય. આ બેની માંડી છેને વધારે? ચાર તો ઠીક. એ પણ એના ક્રમસર જ એનું પરિણમન છે. છએ દ્રવ્યનો એનો સ્વકાળ એ જ પરિણામનો તે કાળનો તે કાળે પૂર્વને કારણે નહિ, પછીને કારણે નહિ, નિમિત્તથી નહિ, દ્રવ્યગુણથી નહિ. આહા..હા..! આ તો એકાંત છે રે એકાંત છે. એમ રાડું પાડે છે. બાપુ! .. છે તમે શું કહો છો? ચીજ તો આ છે. બીજી ચીજ છે નહિ ક્યાંય.

મુમુક્ષુ :- ... ક્રમમાં આવે છે.

ઉત્તર :- એના ક્રમમાં. આહા..હા..! આયુષ્ય બંધાવું, આયુષ્યનું ખરવું, જ્ઞાનાવરણીનું પર્યાયમાં થવું, એ પર્યાયનું .. ખરી જવું એ બધો ક્રમ છે. ક્રમ વિના કોઈ ચીજ જ નથી. જડ અને ચૈતન્ય બે તો આવી ગયા હવે એમાં બાકી શું રહ્યું? અજીવમાં બધું આવી ગયું એના કાળ, ધર્માસ્તિ, અધર્માસ્તિ. આહા..હા..!

એ **'જીવ નથી;....'** એ જડની જે સમયની ભાષાની પર્યાય બોલાય સ્વાહા. અષ્ટદ્રવ્ય મુકાય લ્યો. અષ્ટદ્રવ્યની પર્યાય. .. રંગરેજનું .. હોય. ... જેવું. પૂજા ટાણે એ ચોખાની પર્યાય આમ લેવા ગયો એ કાંઈ આત્માના પ્રયત્ન વિના? ... આઠ દ્રવ્યની પૂજા તો બહુ ભવ્ય લાગે છે. વિકલ્પ આવે અને .. આત્માની એકાગ્રતા એ ... છે. .. આહા..હા..! કુંદકુંદાચાર્યે કેમ વખાણ્યા? કે ...ના પરિણામ હોય તો ભગવાનની ભક્તિના ... એય..! ૧૫૩ ગાથા ભાવપાહુડ. શું છે બાપા! તને ખબર નથી, ભાઈ! આહા..હા..! એ તો સમકિતના વખાણ કર્યા છે. એ વખતે રાગ આવ્યો કહે છે. ... ઓહો..! જિનવર ... ત્રણ કાળમાં .. ભક્ત, સેવક. ઇ બધું વ્યવહાર છે. પરના સેવક ... આહા..હા..! ઇ પોતામાં એ વખતના પરિણામથી જ ત્યાં આઠ દ્રવ્ય આવ્યા છે. એના ક્રમમાં એ જ આવવાના અને એ પર્યાયના ક્રમ છે. ભાષાના ક્રમમાં એ જ પર્યાય ભાષાથી છે. જીવથી નહિ. આહા..હા..! દડો હાથમાં લઈને હળવે મૂકે તો ઉંચો નહિ થાય. આહા..હા..!

મુમુક્ષુ :- હાથમાં જ દડો કે દિ' લીધો? દડો દડામાં છે અને હાથ હાથમાં છે.

ઉત્તર :- પણ હાથ દડાની પર્યાયનો ક્રમ પણ એની પર્યાય જે સમયે થાય છે એથી એને થાય છે અને હાથની પર્યાય .. બેય સાથે આમ થાય છે. એમ સાથે થતા આનાથી આ થયું એમ કેમ આવ્યું? કલ્પના કરી છે. જીવ અને અજીવની સ્થિતિ આવી છે. એ આવી સ્થિતિ ન માને અને મિથ્યાદૃષ્ટિપણે મિથ્યાત્વનો ભ્રમ ચોંટ્યો છે એને. એ ચોર્યાસી લાખમાં રખડવાના છે. એના ક્રમમાં એ આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અજીવ જ છે, જીવ નથી;...'** એ જીવનો એકેય અંશ એમાં આવ્યો નથી અને એને લઈને

એમાં થયું નથી. આહા..હા..! લાડવો ભાંગે કહે છે કે એ દાંતથી નહિ. એને એ કહે છે આ. પેટમાં દાંત નથી માટે ઓગાળી ઓગાળીને ખાવું. ધૂળેય નથી ઓગાળી શકતો સાંભળને મારા પણ. તારી ક્રિયાથી અને જગતની જડની હયાતી એ બીજાની હયાતીના પર્યાયમાં તારો અધિકાર છે? આહા..હા..! અને દાંતનો અધિકાર છે એ લાડવાનો રોટલીના કટકા કરે ભુક્કો? આહા..હા..! કઈ જાતની આ વાત હશે? આહા..હા..!

**'કારણ કે....'** હવે કારણ આપે છે. દાખલો આપે છે હવે. **'જેમ (કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા)...'** છેને? **'(કંકણ આદિ પરિણામોથી ઊપજતા એવા) સુવર્ણને...'** સોનું, કંકણ આદિ પર્યાયથી ઉત્પન્ન થાય છે. એ સોનીથી નહિ. સોનીની હથોડીથી નહિ. અને હથોડીનો એક-એક રજકણ પણ એ સમય પોતાના પર્યાયપણે તે કાળે, તે પ્રકારના પર્યાય ઉત્પાદ થાય છે. એ ઉત્પાદ કાર્યમાં કોઈનું કારણ છે નહિ. આહા..હા..! આ બંગડીના વેપારથી ... બંગડીવાળાથી ન બેસે તો પછી એને કરવું પડે કે નહિ સરખું? ટૂંકી બંગડી હોય અને હાથ હોય મોટો. અને આવડો મોટો આમ ને આમ નખાય નહિ બંગડીમાં. વાળી વાળીને નાખે. આ બંગડીવાળા કરે છે જોયું છે બધું હોં. બંગડીનો વેપારી હોયને. માલ લેવા પહેલા જતાને મુંબઈ. ઘણી દુકાન બંગડી બજારમાં માલ લેવા જતા. બંગડી બજાર છે. મુંબઈમાં લોટિયા વ્હોરા આગળ. લોટિયા વ્હોરાની બંગડી બજાર કહેવાય. .... બંગડી બજાર ... આડતિયા છે. માલ લેવા જતા. ૬૫ વર્ષ પહેલાની વાત છે. મુંબઈમાં ... આ બંગડીનો છે નાનો ગોળ ચક્કર અને આ મોટું પહોળું. આમ કરી... કરી... કરી આમ સરખું કરીને નાખે. એ કરી શકતો હશે? આંગળીથી થાતું હશે આ? અને બંગડી આમ આવી માટે અહીં આવી? આમ કર્યું માટે આવી? આહા..હા..! એની પર્યાયનો કાળ હતો તે પ્રકારે ત્યાં અંદર આવી છે અને આનો પણ કાળ હતો એ પ્રકારે આમ પોતે ટૂંકું આમ થઈ ગયું જરી. ઉડાવી દે પરનું કાર્ય હું કરું અને પરથી મારામાં થાય એ છોડ બુદ્ધિ. એ વિના સત્ય હાથ નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** એ ત્યાં લોકો એમ કહે કે એ પરિણામ અને પરિણામી એકરૂપ છે એમ સ્થાપે છે અહીં. પણ આ પહેલું શું કીધું? આમાં આવ્યું હતુંને ઓલું તાદાત્મ્ય છે એટલે ભાવાર્થમાં પણ બહુ એવો ઉત્પાદ થયો નથી. એનો જે ભાવ છે એવો આમાં નથી ભાવાર્થમાં. આ તો એ લોકો દલીલ કરે છેને. જયચંદ પંડિતજીએ વળી ભાવાર્થમાં આમ નથી. નાખ્યું? એમ જ નાખ્યું છે સાંભળને હવે. આહા..હા..! જેમ સોનું કંકણ આદિ એટલે જે સમયનું જે કંકણનો, વીંટીનો કે જે પર્યાય થવાનો એમાં એ પોતે તાદાત્મ્ય છે. એટલે સોનામાંથી કંકણના પરિણામ જે સમયે જે થયા. એનાથી. એની સાથે તે વસ્તુ એકમેક-તાદામ્ય છે. પરની સાથે તાદામ્ય છે નહિ. એ આ વિશેષ સિદ્ધ કર્યું. ક્રમબદ્ધ સિદ્ધ કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? એક આત્માના પરિણામ થતાં તે પરિણામને અને આત્માને તાદાત્મ્ય

સત્‌સ્વરૂપ છે. પરની સાથે .. એને સંબંધ નથી. એમ અજીવના કામ થતાં તે અજીવનું પરિણામ તેના દ્રવ્ય સાથે તાદાત્મ્ય છે. જીવની સાથે તાદાત્મ્ય નથી. આહા..હા..! આમ ને આમ ડાહ્યા માણસો હોય એ ગામનું ઘણું કામ કરતા હોય છે. કહો, ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- એ ડહાપણમાં જ એમાં ને એમાં રહી ગયા.

ઉત્તર :- એમાં ને એમાં. ગામમાં ૨૦૦ ઘર હોય. સાધારણ હોય. ગામમાં બે ત્રણ ઘર .. હોય એ શેઠિયા હોય ઇ. અને પછી એને પૂછીને કામ થાય. ગામમાં ફોજદાર આવે તો આપણે શું કરશું? ... દંડ કરે છે. આહા..હા..!

જે સોનામાંથી પરિણામ થાય. સોનું લીધું છે લ્યો. લોઢું નથી લીધું અહીં. **'સુવર્ણ અને કંકણાદિ...'** વીંટી, કુંડળ. વીંટી એટલે કુંડળ. તેના પરિણામ સાથે. કહો, છેને? **'सर्वद्रव्याणां'** એ પાછું લીધું? દાખલો આપીને. દાખલો ક્યાં આવ્યો આમાં? ત્રીજી. આ આવ્યું. **'तादात्म्यात् कङ्कणादिपरिणामैः काञ्चनवत्।'** આટલું બસ. **'कङ्कणादिपरिणामैः काञ्चनवत्।'** સોનું પોતાના કંકણ આદિ પર્યાયમાં ઉત્પન્ન થાય એ ક્રમસર પોતે જ ત્યાં સોનું એ પરિણામપણે થયું છે અને તે પરિણામને અને તે દ્રવ્યને જ તાદાત્મ્ય છે. એમ કહ્યું. પોતે ત્યાં ઉપજ્યું અને એને વસ્તુને તાદાત્મ્ય છે. આમ બે .. સિદ્ધ કર્યા. સમજાણું કાંઈ?

એમ રોટલી રોટલીપણે ઉપજી લોટ. તો એ લોટના પરિણામમાં એ ઉત્પાદ રોટલીનો જ તે સમયનો ક્રમબદ્ધમાં હતો. એ વેલણે કર્યું નથી, સ્ત્રીએ કર્યું નથી, અગ્નિએ કર્યું નથી, તાવડીએ કર્યું નથી. અને તે પર્યાયનો ભાવ તે દ્રવ્યની સાથે તદ્રૂપ છે. તો તાવડી સાથે, સ્ત્રી સાથે, બીજા સાથે તદ્રૂપ છે એમ છે નહિ. આહા..હા..! આવી વ્યાખ્યા વીતરાગ સિવાય સર્વજ્ઞ... (ક્યાંય છે નહિ) આહા..હા..! અને ત્યાં ત્યાં હજી ક્યાંક છે. ઓલામાં, ફલાણામાં, રજનીશમાં, ઢીકણા ઓલા સાંઈબાબા નહિ? આખું ઘર હોં રામજી હંસરાજનું. આખું ઘર સાંઈબાબાને માને. આહા..હા..! એને એનું જ્ઞાન નથી એટલે એને માટે ક્રમ નહિ એને જ્ઞાન નથીને. (અજ્ઞાનીને ક્રમબદ્ધનું જ્ઞાન નથીને!) જ્ઞાન હોય એને માટે ક્રમ છે. બીજો એમ નક્કી કરે ત્યાં. જો પોતાના ક્રમનું જ્ઞાન છે એને બીજાના ક્રમનું જ્ઞાન ઇ કરે. સમજાણું કાંઈ? ભારે આકરી વાતું આવી! આવો વીતરાગમાર્ગ ભાઈ ધર્મ કરવો છે એમાં આ શું આવડું મોટું બધું આવ્યું? અમારે તો ભાઈ ધર્મ કરવો લ્યો. પણ ધર્મ તે કોણ કરનાર છે? કરનાર કોણ? આત્મા છે. તો આત્માના પરિણામ કોનાથી થાય છે? કે ધર્મના પરિણામ જે થયા એ પરિણામ કોનાથી થયા? કર્મ ખસ્યું માટે થયા? શાસ્ત્ર વાંચ્યું માટે થયા? આહા..હા..! એ આત્મ દ્રવ્ય પોતે તેરૂપે પરિણમ્યું છે માટે તે ધર્મપરિણામ થયા છે. આહા..હા..!

સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિપણે ભગવાન આત્મા એરૂપે પરિણમ્યો અને તે ક્રમસરમાં એના પરિણામ એને તે જ થવાના હતા. અને તે પરિણામને અને આત્માને તાદાત્મ્ય સ્વરૂપ છે. પરિણામ એક સમયના છે માટે એની સાથે તાદાત્મ્ય સંબંધ છે એમ છે નહિ. અત્યારે તો પરથી જુદું સિદ્ધ

કરવું છેને? આહા..હા..! નહિતર તો પરિણામ અને પરિણામી ત્રિકાળ, બે એકરૂપ કેમ થાય? એય..! ..ની વાત છે. આગળ કહેશે.

આ તો દાખલો આપ્યો હોં. **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે તેમ સર્વ દ્રવ્યોને...'** આ તો દાખલો આપ્યો છે. અનંત આત્માઓને, અનંત રજકણોને, અસંખ્ય કાળાણુંને એક ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ **'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** પોતાની થતી અવસ્થા તે કાળે તેની સાથે એકરૂપતા છે. પર સાથે તો કોઈ દિ' એકરૂપતા નથી. એકરૂપતા નથી એટલે પરથી એમાં થતું નથી. આહા..હા..! અગ્નિથી પાણી ઉનું થયું. ઓલા પંડિતજી કહેતા હતા. .. વીંછી કરડ્યો હતોને? નહિ? એને નહિ ... તે દિ' આવ્યા હતાને પંડિત અહીં? શું નામ? જુગલકિશોર દિલ્હીવાળા. એ કહે પાણી અગ્નિ વિના ઉનું થાય?

મુમુક્ષુ :- પ્રત્યક્ષ દેખાય છે. પછી વિરોધ શો?

ઉત્તર :- પ્રત્યક્ષ દેખાય છે દૃષ્ટ દેખાય. અરે..! શું પણ દેખ્યું તે? આહા..હા..! પાણીની ઠંડી પર્યાય તે સ્પર્શગુણનો તેનો ક્રમકાળમાં એ હતો તો એ થઈ અને પછી અગ્નિ આવી માટે ઉનું થયું એમ નથી. એ સ્પર્શગુણનું પરિણમન જ પરિણમ્યું છે. આહા..હા..! માને મોટા પંડિત જુગલકિશોર દિલ્હીમાં છે. સત્ય વસ્તુ હાથમાં આવ્યા વિના ... પંડિતાઈ ને ફંડિતાઈ શું કામની? આહા..હા..!

**'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** આ સિદ્ધ કર્યું. હવે એને વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૩, શુક્રવાર, તા.૧૩-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૪૩૭

આ સમયસાર સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર. ચાર ગાથાની ટીકા ચાલે છે. અહીં સુધી આવ્યું છે. કે **'જેમ (કંકણ આદિ પરિણામોથી ઉપજતા એવા) સુવર્ણને...'** સોનું જે છે એ કંકણ આદિથી ઉપજે છે. એ ઉપજે છે એમાં સોની તે બીજું કોઈ એમાં કારણ છે માટે સોનું કંકણપણે ઉપજે છે એમ નથી. આમ એ કંકણપણે ઉપજતા **'સુવર્ણને કંકણ આદિ પરિણામો સાથે તાદાત્મ્ય છે...'** તે સમયના પરિણામ અને તે સમયનું દ્રવ્ય પરિણામી એ બેને એકમેકતા-તદ્રૂપતા છે, પણ બીજું

દ્રવ્ય ત્યાં એકરૂપતા છે એમ છે નહિ. કહો, સમજાણું? આ પૈસા આવે છેને તો શાતાવેદનીયને લઈને આવે છે. નહિ? એય..! ભગવાનજીભાઈ! પુણ્ય બાંધ્યું હોયને પુણ્ય? એને લઈને પૈસા આવે છે. અહીં ના પાડે છે.

મુમુક્ષુ - એ તો ઝીણા રજકણ છે. મોટા રજકણાં જોડાઈ શી રીતે જાય?

ઉત્તર - એવી વાત છે. આહા..હા..! શાતનો ઉદય એ (અલગ) રજકણની પર્યાય છે અને પૈસા બીજા રજકણની પર્યાય છે. વસ્તુ પુણ્યનો ઉદય છે એ પૈસા લાવે છે એ વાત ખોટી છે. એમાં રાગના પ્રસાદ દ્વારા પૈસા આવ્યા એ વાત તો ખોટી છે. અહીં બંગડીમાં ધ્યાન બહુ રાખે પૈસાનું તો થાતું હશે? એ તો કોઈ કહે બહુ ધ્યાન નથી રાખતા. કહો, જેઠાભાઈ!

મુમુક્ષુ - ખોટી વાત છે.

ઉત્તર - ઇ જેઠાભાઈ કહેતા હતા. હીરાભાઈ-હીરાભાઈ. ધ્યાનમાં રાખવાનું. પહેલું ધ્યાન રાખે તો પૈસા આવતા હશે એમ હશે? ત્યારે પુણ્યથી પણ ન આવે તો વળી ધ્યાન રાખે તો આવે એ ક્યાંથી આવ્યું? આહા..હા..! કહો.

મુમુક્ષુ - એ આવે છે આપ એમ કહો છે...

ઉત્તર - એને ક્યાં? એ તો જોડે એનું પરિવર્તન થતું-થતું એ કાળે, તે ક્ષેત્રે એનો પર્યાય ત્યાં આવ્યો છે. એની પાસે ક્યાં આવ્યો છે? આહા..હા..! એ કહે છે જુઓ, જેમ એક કંકણ આદિ પરિણામમાં સોનું કારણ છે અને સોનું એ કંકણપણે ઉપજે છે. એમ પૈસા જે આવે છે નોટ કે આદિ એ એના પોતાના પર્યાયપણે એ પૈસો ઉપજે છે. બીજાના પુણ્યને કારણે નહિ, બીજાના રાગને કારણે નહિ. આહા..હા..! આ ..ના પૈસા આવતા હશે? પંદરસોનો પગાર ક્યાંથી આવતો હશે? આહા..હા..! કહો, આ તો બધું ઉડી જાય છે બધું આ. અને અહીં તો ત્યાં સુધી લીધું છે છેલ્લી ગાથામાં કે અમને તો એમ ક્યાંય દેખાતું નથી કે પરથી પરમાં આવે અને જાય. એવું તો દેખાતું નથી. જુઓ, બીજી કોઈ રીતે કર્તાકર્મની સિદ્ધિ જોવામાં તો આવતી નથી. લે. ઘડો કુંભાર કરે એ કુંભાર કર્તા અને ઘડાની પર્યાય કર્મ એમ અમને તો જોવા મળતું નથી કહે છે. માટી પોતે ઘડાપણે ઉપજે છે એવું કર્તાકર્મપણું જોવામાં આવે છે. આહા..હા..! આ બધા ચોપડામાં ધ્યાન રાખતા હતા ત્યારે અક્ષરો લખાતા નહિ હોય? ધ્યાન રાખે ત્યારે અક્ષરો લખાતા હશેને?

મુમુક્ષુ :- .. ભૂલ ગોતી કાઢ. ભૂલ શેની ગોતે? પગાર શેનો મળે છે?

ઉત્તર :- આહા..હા..! ભારે! આહા..હા..! ભાઈ! જેને અનંત પદાર્થ છે એવો જેણે સ્વીકાર કર્યો. એના સ્વીકારમાં તો આ આવી ગયું. કોઈના કારણથી કોઈમાં કાર્ય થાય એ કાર્ય કરનારો કોઈને કારણ થાય તો કાર્ય થાય. (એમ છે નહિ) આહા..હા..! અશાતાના ઉદયને લઈને શરીરમાં રોગ આવે અને નિર્ધનપણું થઈ જાય, પૈસા ચાલ્યા જાય અશાતાના ઉદય આવે તો. એ વાતમાં માલ નથી. આહા..હા..! ભારે! ઓલા તો એમ કહે છે કે ભાઈ પથ્ય આહાર કરે તો નિરોગતા રહે.

અપથ્ય આહાર કરે તો રોગ આવે. હવે બીજા એમ પણ કહે કે સમાજમાં બરાબર વ્યવસ્થિત કાર્યકર્તા આવતા નથી એટલે બીજાને લક્ષ્મી મળતી નથી. ખોટી વાત છે. વળી બીજો એમ કહે કે એક જણો બહુ પરિગ્રહને સંગ્રહે તો બીજાને ભવથી મુક્તિ થાય. ડાહ્યાભાઈ! આવી વાતું છે. આ બધી વાતું છે. આહા..હા..! જો એ થોડો સંગ્રહે તો એ પૈસો ઘણાને ભાગમાં આવે. ખોટેખોટી બધી વાતું છે. આહા..હા..!

મુમુક્ષુ :- બધા ખોટાડા જ ભેગા થયા?

ઉત્તર :- .. પણ છે શું? આહા..હા..!

કહે છે એ સોનામાં કંકણ આદિમાં ઉપજનારું તો સોનું છે અને તે સોનાથી તેના પરિણામ તન્મય છે. બીજા સોનીના પરિણામ કે સોનીની હથોડીના, તેનો હાથ તેના પરિણામ એ પરિણામ આ કંકણને ઉત્પાદમાં ઉત્પાદ એટલે કાર્ય. એમાં એનું કાર્ય છે અમને તો દેખાતું નથી કહે. આહા..હા..!

મુમુક્ષુ :- પછી કહેશે નથી એ નથી.

ઉત્તર :- છેલ્લે એમ કહ્યું. બીજી કોઈ રીતે સિદ્ધિ નથી. એટલું બધું ચોખ્ખું નથી પોતાને. છેલ્લું આટલું છે. કર્તાકર્મને નિરપેક્ષપણે સ્વદ્રવ્યમાં સિદ્ધિ હોય છે એટલું. સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે જીવે સમ્યગ્દર્શનરૂપી કાર્ય એ સોનું જેમ કંકણપણે ઉપજ્યું, તેમ આત્મા પોતાના સમ્યગ્દર્શનના પરિણામપણે ઉપજ્યો એમાં દર્શનમોહનો અભાવ કારણ છે અને આ સમ્યગ્દર્શનનું કાર્ય છે એમ નથી. જોવામાં આવતું નથી કહે છે. આહા..હા..! પણ નિસર્ગાત અધિગમાત સમકિતમાં આવે છેને? અધિગમ ગુરુગમથી મળે. ગુરુના ઉપદેશથી સમકિત થાય એવું તો કાંઈ જોવામાં આવતું નથી.

મુમુક્ષુ :- ભગવાનના શાસ્ત્રમાં એમ લખ્યું છે?

ઉત્તર :- ભગવાનના શાસ્ત્ર શું આ શાસ્ત્ર કોના છે? ભગવાનના શાસ્ત્ર નથી? ... આહા..હા..! પ્રભુ! તું સ્વતંત્ર છોને. એ દર્શનમોહનો ઉદય છે તો જીવમાં મિથ્યાત્વનું કાર્ય થયું અનાદિનું. એ નથી. આહા..હા..! અને સમ્યગ્દર્શન થયું તો એને દર્શનમોહનો અભાવ ત્યાં થયો માટે થયું? અને સમ્યગ્દર્શન થયું માટે દર્શનમોહના અભાવનું કાર્ય એના પરમાણુમાં થયું એમ દેખવામાં આવતું નથી.

મુમુક્ષુ :- કેમ દેખવામાં આવતું નથી?

ઉત્તર :- એમ બનતું નથી એટલે બે દ્રવ્ય જુદા લક્ષમાં લઈએ છીએ. બે દ્રવ્ય જુદાં લક્ષમાં લઈએ છીએ ત્યારે તેનું કાર્ય આનાથી અને એનું કારણ આ દેખવામાં તો આવતું નથી. કારણ કે ભિન્ન દ્રવ્યો અમે લક્ષમાં લીધા છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુદા-જુદા દ્રવ્યો

અમે લક્ષમાં લીધા એથી એક દ્રવ્યના પરિણામ તે દ્રવ્ય પોતે એમાં ઉપજે. અને તે પરિણામ તે દ્રવ્યથી તન્મય છે વર્તમાન અને ત્રિકાળ. પણ બીજા સાથે તન્મય નથી. છે કે નહિ? સર્વવિશુદ્ધમાં આવે છેને? કે આ પ્રમાણે સોની કુંડળ ઘડે, આમ કરે પણ તન્મય ન થાય. કરે છેને એનો અર્થ? એ વાત જ ખોટી છે કહે છે. એ કુંડળ આદિ કરે અને કુંડળ આદિના ફળને ભોગવે, પણ એવી ભાષા છેને અંદર? ઇ તો એનું જ્ઞાન કરાવ્યું છે ત્યાં. આહા..હા..! નિમિત્તપણું હતું પણ નિમિત્તથી કાર્ય થયું છે એમ નથી.

મુમુક્ષુ :- નિમિત્તથી થાય તો નિમિત્ત સાથે તન્મય થઈ જાય.

ઉત્તર :- તન્મય એ તો એકમેક થઈ ગયું. એથી તન્મય લીધું. તો કહે કરે તો ખરો, પણ એકમેક ન થાય. હવે આ શું એનો અર્થ? કરે છેને અર્થ? બિચારાને અંદર બેઠું હોય. અંદરમાં ભિન્ન ચીજ છે એમ લક્ષમાં ન લે ત્યાં સુધી એને ભિન્નપણાનો પદાર્થ ભિન્નને કાંઈક કરે એ વાત બેસી ગઈ હોય છે. ન કરે એ બેસે નહિ. એ સ્વકાળ એનો સોનાનો કંકણ થવાનો, બહારમાં ચડવાનો, છોકરાને ભણવાનો, આ શબ્દો આવે તે કાને પડે છે ત્યાં માટે ત્યાં જ્ઞાનનો પર્યાય ત્યાં થાય છે. એમ કહે છે કે અમને તો જોવામાં આવતું નથી. આહા..હા..! શબ્દની પર્યાયના પરમાણુઓ શબ્દ પોતે પર્યાયપણે ઉપજે છે અને એ પર્યાયને, શબ્દને તાદાત્મ્ય છે. એનાથી સાંભળનારને જ્ઞાન થાય એવું તો અમે જોતા નથી કહે છે. આહા..હા..! કહો,

મુમુક્ષુ :- દુનિયામાં આશ્ચર્ય થાય...

ઉત્તર :- આશ્ચર્ય થાય વાત સાચી. આહા..હા..!

અહીં તો કહે છે કે જુદા દ્રવ્યમાં જુદી પર્યાયને જુદું કરે એ કોઈ રીતે દેખાતું નથી. ઘડો કુંભાર કરે એ તો કોઈ રીતે દેખાતું નથી. રોટલી સ્ત્રી કરે કે રોટલી પાકે તાવડીને લઈને એવું અમને તો દેખાતું નથી કહે છે. ઓલો કહે કે નહિ, અગ્નિ વિના પાણી ઉનું ન થાય. જુગલકિશોર આવ્યા હતાને દિલ્હીથી? ન થાય. શું કીધું? દશ અને ઇષ્ટ બે આવે છેને? દશી. દેખવામાં આવે અને ઇષ્ટ. પણ શું દેખવામાં આવ્યું તને? અહીં તો આ ના પાડે છે. કે આમ બે છે એમ તું દેખ તો દેખવામાં આવતું નથી કે અગ્નિથી ઉનું પાણી થાય. આહા..હા..! જો તું બે માન અને અનેક માન તો. અનેક માન તો એમાં અનેકની ભિન્ન-ભિન્ન પર્યાયો. એ આ પર્યાય ઉત્પાદ્ય છે કાર્ય અને આ ઉત્પાદક છે એમ તો જોવામાં આવતું નથી. સમજાણું કાંઈ? અથવા બીજાની પર્યાય તે ઉત્પાદ્ય છે અને બીજાની પર્યાય તેનું ઉત્પાદક છે એવું અમને જોવામાં નથી આવતું. અમે તો અનેકપણાને માનનારા એ આમ કેમ દેખાય અમને? એમ કહે છે. આહા..હા..! આ સિદ્ધાંત પણ ઇ સત્ય જ આમ છે. સત્યનું સત્નું સ્વરૂપ જ એમ છે. ઉત્પાદ-વ્યયરૂપી કાર્ય એનો પ્રવાહ ચાલે છે દ્રવ્યમાં એ ઉત્પાદ-વ્યયનું કાર્ય એ ઉત્પાદ્ય છે. અને એ ઉત્પાદ્ય બીજાને ઉત્પાદનું કારણ થાય એમ પણ નથી અને એ ઉત્પાદ્યને બીજી ચીજનું ઉત્પાદક થાય બીજી પર્યાય (એમ પણ નથી). આહા..હા..! લ્યો,

જુઓ આ બે આંગળી ભેગી થાય છે તો અંદર ખાડો પડે છે. ખાડો પડે છે એ વાત સાચી, પણ આ આંગળી અહીં અડી માટે ખાડો પડે છે એમ નથી. ખાડો પડે છે એ વાત ખોટી નથી. જ્ઞાન થાય એને. અહીં આંગળી આમ થાય છેને? કહે છે કે એ આંગળીએ એ ખાડાની પર્યાયને ઉત્પાદ્ય કરી કાર્ય. એમ દેખાતું નથી. આહા..હા..! બરાબર છે. આહા..હા..! એટલે કે જીવની પર્યાય બીજા જીવની દયાની પર્યાયને ઉત્પન્ન કરે કે દયા પાળી શકે અમને તો દેખાતું નથી કહે છે. આહા..હા..! સમજાણું? ભિન્ન-ભિન્ન એમ કહો, અનેક કહો અને એ અનેકપણાને અનેકપણે રાખવું કહો તો એકની પર્યાય ઉત્પાદ્ય અને બીજો ઉત્પાદક એમ છે? એ ઉત્પાદ્યનો ઉત્પાદક .. જીવ છે. એ વસ્તુ છે. કહો, સુજાનમલજી! આમ સાદડી-બાદડીમાં તો આવું કાંઈ ચાલે એવું નથી. આહા..હા..! અહીં તો કહે છે. કે અંદર પુરુષવેદનો ઉદય આવ્યો જડમાં અને અહીં વિકાર થાય .. વાસનાનો એ અમને તો જોવામાં નથી આવતું. એય..!

મુમુક્ષુ :- તો ગોમ્મટસાર ખોટો પડી જાય.

ઉત્તર :- ગોમ્મટસાર સાચો પડે. એ બીજી ચીજ છે એટલું સાચું. એનાથી થાય છે એમ સાચું નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ... ગોમ્મટસાર...

ઉત્તર :- અર્થ ન કરે તો ઉંધા સમજે. ... નક્કી કરે તમારે. એમ નથી. એના ગામમાં. ... શું કર્યું ભાઈ? આહા..હા..! એ પુસ્તકની પર્યાય એ એના પરમાણુઓથી તે પર્યાય ઉત્પન્ન થઈ છે. એનો ઉત્પાદક બીજાનો વિકલ્પ, તે કલમ એ નહિ. આહા..હા..! કલમે એ અક્ષર અંદર ઉત્પન્ન થયો અક્ષર. 'પરમાત્મા' એમ શબ્દ પડ્યો.

મુમુક્ષુ :- આ તો હું લખી ગયો છું.

ઉત્તર :- લાખો ... અનેક વાતો. પુસ્તકો બાર લાખ થઈ ગયા. બીજા પણ અનેક છપાયા. આ બધા દીક્ષા લેવાના એ પણ આવ્યા હતા લ્યો કલકત્તા. દીક્ષા લીધીને? ... ત્યાં જવાની હતી. વળી પાછી રાજકોટમાં જાય. છાપામાં હતું. છેલ્લે પાને છે. ઇ જાય શું કરવા? હવે તું રજનીશ પાસે ... એમ કરતા રોક્યા ... .. છેને? અમરચંદ. દિલ્હીમાં ઇ. શાહુજી. મારે આવી વાતું ભારે! પુસ્તક લખાવાના છે.

મુમુક્ષુ :- આપ બધે ગયા હતા તો આ સંભળાવ્યું કે નહિ?

ઉત્તર :- બધું સંભળાવ્યું, ઓલો કહે માથુ ચડી જાય અમને. ... ન બેસે. અડધો કલાક થઈ ચર્ચા ફતેપુરમાં શાહુજી સાથે આમ ને આમ આખી જિંદગી... તેનાથી જુદો તું એમ વાત ચાલે છે. અને જુદો જે છે એ જુદાને કેમ કરે એ વાત ચાલે છે અહીં. આમાં તો એની પોતાની વાત છે. પંડિતજી! આહા..હા..!

કહે છે. ઓહો..હો..! ટીકામાં બહુ સમાડી દીધું છે. અને અહીં તો છેવટે એમ કહી દીધું હોં.

એ કંકણ ઉત્પન્નપણે સોનું થાય અને એની હથોડી આમ થઈ માટે ત્યાં આમ થયું અને .. થાય. સોનાના લોટ થાયને ઝીણા? રવા-રવા. પછી ગોઠવેને ઓલામાં. ... આ સાંકળીમાં ગોઠવે. આમ હારબંધ કરવી હોયને ઝીણા... ઝીણા... ઝીણા... આહા..હા..! એ રીતે તે રજકણ પોતાની તે ક્ષેત્રે તે રીતે તે પર્યાયપણે એ પરમાણુ થયો છે. એને હાથને લઈને એ જ્ઞાનની કળાબાજ. કળાબાજ સોની અને કુંભાર કળાવાળો, આ વકીલાત કળાવાળા બોલવામાં એ બધા કળાબાજ કહેવાય. એય..! જજ! આહા..હા..! કહે છે કે એ કળાથી પરમાં કાંઈ થાય એ તો જુદી ચીજ રહેતી નથી. બે એક થઈ જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

છ પ્રકારે જ્ઞાનાવરણીયના ભાવ કર્યા જીવે. છ પ્રકારે બંધાય છેને જ્ઞાનાવરણી? તો એ પરિણામપણે કર્મનો ઉદય હતો મોહનો ત્યાં. માટે એ પરિણામ થયા એમ અમે નથી કહેતા. એમ કહે છે. આહા..હા..! તીર્થંકરો એમ કહે છે કે અમે એમ કહ્યું નથી. તને વાંચતા આવડ્યું નથી. આહા..હા..! તે દિ' વાત ચાલી હતીને છઠ્ઠી સાલમાં. રામવિજય સાથે. એમ કે મહાઉપકારી પ્રભુએ એમ કહ્યું છે કર્મને લઈને વિકાર થાય. કર્મને લઈને રખડે. તમે કહો છો કે ના એમ નહિ. .. કાગળ લઈને આવ્યા હતા. રામજીભાઈ હતા, ભાઈ હતા, હિંમતભાઈ જવાબ આપ્યો થોડો. એમ નહિ. અરે..! પ્રભુ! તું શું કરે છે ભાઈ! જુદાનું જુદાપણું તારે કાઢી નાખવું છે? તો એની તે સમયની પર્યાય છે એ આનાથી બધી દ્રવ્યથી જુદી છે. હવે જુદાની જુદી પર્યાયનો કાળ એને જુદું તારે નથી રાખવી? એ પર્યાયને જુદી નથી રાખવી? બીજાથી થાય એમ રાખી દેવું છે તારે? શું કરવું છે તારે? છ પ્રકારે જે મોહનીય, જ્ઞાનાવરણીય બંધાય છે. એ ભાવ વિકારી છે, પણ એ વિકારી પર્યાયનો આત્મા તે કાળે ત્યાં ઉપજે છે જ્ઞાનપણે. આહા..હા..! અને તે છ કારણો મોહનીયનો ઉદય છે માટે થયા છે એમ અમને તો જોવામાં નથી આવતું. આહા..હા..! આખું ગોમ્મટસાર. આહા..હા..! ગુરુથી તને અંદરમાં જ્ઞાનની પર્યાય થઈ એમ અમને તો જોવામાં નથી આવતું કહે છે.

મુમુક્ષુ :- આવે છે ગુરુ વિના જ્ઞાન ન થાય.

ઉત્તર :- ગુરુ વિના જ્ઞાન એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા. એ કર્તા છે અને ત્યાં કાર્ય થયું છે એમ નથી. અહીં તો છેલ્લે લેશે જુઓ **'कर्तारं प्रतीत्य'** **'કર્મ ઉત્પન્ન થાય છે...'** જોયું? છેને? નિયમથી. ચોથા બોલની ચોથી લીટી અન્વયાર્થની. **'નિયમથી કર્મના આશ્રયે (-કર્મને અવલંબીને) કર્તા હોય છે;...'** જે જેનું કાર્ય છે તે એના કર્તાને કારણે છે. આહા..હા..! ચોથી ગાથાએ તો. અને **'તેમ જ કર્તાના આશ્રયે...'** એટલે કર્તાના અવલંબે **'કર્મો ઉત્પન્ન...'** એટલે કાર્ય વર્તમાનદશા ઉત્પન્ન **'થાય છે; બીજી કોઈ રીતે કર્તાકર્મની સિદ્ધિ...'** અમને **'न दृश्यते'** અમને દેખવામાં આવતી નથી. આહા..હા..! ભગવાનની પૂજા કરે આમ-આમ. કહે છે કે એ પર્યાયનો કર્તા જીવ છે એમ અમને જોવામાં આવતું નથી. અને ભાષા બોલે છે અને ભાષાની પર્યાયનો વિકલ્પ થયો

પૂજાનો માટે ભાષાની પર્યાય ને કર્મ આ કર્તાનું છે. આહા..હા..! ગજબ વાતું છે! સમજાણું કાંઈ? સ્વાહા. બાપુ! ઇ તો જડની પર્યાય છે. દ્રવ્ય આઠ મૂકાણા ત્યાં ભગવાન પાસે. .. છેને ત્યાં શબ્દો? .. એમ છે... ... આઠ પ્રકારની પૂજા. ... હવે એ ઉપર અને નીચે એના વાંધા. અરે..! ગજબ છે. ઓલો કહે કે .. ઉપર ફૂલ મૂકવું, બીજો ફૂલ ઉપર નહિ નીચે. અરરર..! કહે છે કે પણ ફૂલની પર્યાયનું જ્યાં રહેવું છે ઇ એને સ્થાને, એને કારણે જ રહેશે. તારે કારણે રહેશે એમ નહિ. આહા..હા..!

બે પ્રકાર-- એક છ પ્રકારના કારણે જે ભાવ થયા એ મોહના નિમિત્તથી થયું એમ નહિ. એ કાર્યમાં મોહનું નિમિત્ત કારણ છે એમ નહિ. તેમ એ છ કારણથી નવું કર્મ બંધાય છે ઇ એને લઈને નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છ કારણથી જ્ઞાનાવરણીય બંધાય એમ ગોમ્મટસારમાં આવે છે. જ્ઞાનની અશાતના કરે, જ્ઞાનનો વિરોધ કરે, સાચા જ્ઞાનને ઉથાપે, શ્રુત સત્યને ગોપવે અમારા ગુરુ આ છે. જેનાથી મને મળ્યું છે. મળ્યું છે પોતાથી પણ ઓલા નિમિત્તની અપેક્ષાએ. મારે આરે ભારે! એને ગોપવે, એ ભાવને કારણે જ્ઞાનાવરણીય નવું બંધાય એમ અમે કહેતા નથી, અમે જોતા નથી. આ જુઓને આ વાત. .. છ પ્રકારે. એમ મોહનીય. ભાવ જે મોહનો કર્યો, રાગ-દ્વેષના ભાવ, મિથ્યાત્વના ભાવ એ કર્મનો ઉદય છે એણે એ કરાવ્યા છે. એમ તો અમે જોતા નથી. એ કાર્ય તો એનું જીવનું અજ્ઞાનપણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો પછી એ એમ જ્યારે કહો કે ન કરે તો પછી ગમે તે જાતિ અને ગમે તે વેશ અને ગમે તે ચીજ હોય તો...

મુમુક્ષુ :- એ બધું નિમિત્ત-નૈમિત્તિક...

ઉત્તર :- એ વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્ત્રીનો દેહ હોય અને અહીં કેવળજ્ઞાન થાય એમ નહિ. ઇ દેહ છે માટે કેવળજ્ઞાન થતું નથી એમ નહિ. વસ્ત્ર શરીર ઉપર છે સાધુને એ એના રાગમાં લેવાનો ભાવ છે, માટે વસ્ત્ર છે માટે ઓલો ભાવ આવ્યો છે લેવાનો. એમ નથી. અને લેવાનો ભાવ આવ્યો માટે વસ્ત્ર ત્યાં આવ્યું છે એમ નથી. આહા..હા..! જુદાપણાની વાત તો ભેદજ્ઞાનની. આહા..હા..! સમજાણું કાંઈ? એમ મોહનીય અંતરાય. અંતરાય માર્ગ આપે તો બાપુ સાંભળવાનું મળે, ફલાણું થાય, ઢીંકણું થાય એવી વાતું આવે છેને. અંતરાયમાં ક્ષયોપશમ હોય તો ભોગ ને અંતરાય ન હોય અને ભોગ મળે. શું ભોગ મળે? આહા..હા..! કર્મદહની પૂજા. .. કર્મદહનની પૂજા. અરે..! મારી નાખ્યા જગતને. પરતંત્રતા બનાવી અને દૃષ્ટિમાં વિપર્યાસ કરી નાખ્યો. કેમ પંડિતજી! આ બધા પંડિતો પણ એવા થયા પાછા. એને બેઠું નથી. એને બેઠું નથી. એને મળ્યું છેને એમ કહે છે. પ્રત્યક્ષ દેખાય છે. આ લાકડી પડી છે એ એની મેળાએ ઉંચી થાતી હશે? અરે..! ઉંચી કરે તો થાય અને ઇ કહે છે કે એનાથી થઈ નથી. ત્રાજવામાં પા શેર હોય અને પા શેર આ અને પા શેર ખજુર નાખે તો પાંચ શેર નાખે. જો અહીંયાં પાંચ શેર હોય અને પોણા દસ ભાવ ... આવ્યા હોય ત્યાં સુધી ઓલો સંચો આમ રહે. અને બીજો એક ગાંઠીયો પડ્યો પા

ભાગનો. તો.. આમ દેખાય છેને? એ અમારા .. શેઠ કહેતા. દામનગર આવ્યા હતા. જડમાં કેટલી શક્તિ છે કે માપ આપે સરખું. આત્માથી થઈ શકે એવું? શું કહે છે? જુઓ કાંટો આમ બરાબર આમ તોલ આપે .. બરાબર સરખું. આ હાથથી આમ થાય છે? આ હાથથી કર઼ી શકાય? કેટલી શક્તિ જડમાં છે લ્યો! હવે શું પણ? આહા..હા..! એ ઘણી ચર્ચાઓ થઈ. એટલી વાત તો આવેને. આહા..હા..! અરેરે..! વસ્તુનું સત્‌પણું .. ભિન્ન પડ્યું છે.

અહીં ચારિત્ર પ્રગટ થયું આત્મામાં માટે ત્યાં ચારિત્રમોહનીયે માર્ગ આપ્યો એમાં ક્ષયોપશમ થયો. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો તો જ્ઞાનનો ક્ષયોપશમ થયો. પોતાની યોગ્યતાથી થયો એમ કહે છે. કહે નહિ. લોકો એમ કહે છે કે જ્ઞાનનો ક્ષયોપશમ પોતાથી થયો. જ્ઞાનાવરણીય હોવાથી નહિ. કેમ મહારાજ આ સાચી વાત છે? નહિ. એય..! ચેતનજી! આહા..હા..! એને ન બેસે. સંયોગથી દેખે છે. આ વસ્તુની સ્થિતિ દેખે છે. દૃષ્ટિમાં ફેર છે. આહા..હા..! આઠેય કર્મના પરિણામ થાય એ આઠેય કર્મની પર્યાય જ્યાં બંધાય. કે ના. એવું તો અમને દેખાતું નથી. એ વખતના પરમાણુમાં એ અવસ્થા થવામાં એને આવરણ કાળ છે. એમાં વિકારી ભાવ કારણ છે માટે ત્યાં કર્મના બંધનની પર્યાય થાય છે એમ છે જ નહિ. આહા..હા..! .. થઈ ગયોને? આ શરીર એટલે પછી ત્યાં.. શરીરની ક્રિયા થાય પછી ગમે તેવી શરીરની ક્રિયા થાય પછી આત્માને શું? વાત તો સાંભળ. જેને એ વાત બેસી હોય એ શરીરની ક્રિયા ઉપર એનું લક્ષ નથી. સમજાણું કાંઈ? એને રાગ થાય, પણ રાગને એ જાણનારની પર્યાય જ્ઞાનની. એ રાગ થયો માટે જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. આહા..હા..! અને જ્ઞાનની પર્યાય એ જાતની થઈ હવે એ જાતનો સામે રાગ આવ્યો આને કારણે એમ નથી. આહા..હા..! એ જ્ઞાનની પર્યાયનો ઉત્પાદ-કાર્ય રાગના ઉત્પાદકને કારણે થયું (એમ નથી). આહા..હા..! ગજબ વાત છેને. એમ જો. એમ જો. સ્વતંત્ર જો કહે છે. સમજાણું કાંઈ?

કહે છે **'તેમ સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે.'** બધા લઈ લીધા. ઓલો તો દાખલો એક આપ્યો. આખી દુનિયાના રજકણો અને આત્માઓ બેય. નિગોદમાં પણ 'ભાવ કલંક પહુરા.' એ પોતાને કારણે ભાવકલંક પ્રચુર છે. એને દર્શનમોહનો જોર છે માટે આવું પ્રચુર. એમ નથી. આહા..હા..! અને કર્મના કારણે જીવ રખડે છે એમ નથી. મોટો વાંધો આવ્યો. ઘડો એક ઉંધો હોયને એના ઉપર ઉંધા જ રહે. આહા..હા..!

મુમુક્ષુ :- .. ઉગ્રતા

ઉત્તર :- ... કહો, સમજાણું? એક રજકણની એક સમયની સ્વકાળની જે પર્યાયપણે રજકણ ઉપજે એના ઉત્પાદ્ય કાર્યમાં બીજાનું કોઈ કારણ છે જ નહિ. નિમિત્ત કારણે હતું તો અહીં કારણ થયું છે એમ નહિ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? 'શરીર આદ્યં ખલુ ધર્મ સાધનં.' લ્યો. એ આવે છે હોં પુરુષાર્થસિદ્ધિમાં.

મુમુક્ષુ :- એ તો પાછું ખલું આવે છે.

ઉત્તર :- ઇ તો ખલું જ આવેને વાત કરે. નિશ્ચયથી એમ કહે ધર્મ થાય. અરે..! ધૂળેય નથી સાંભળને. આહા..હા..! જ્યાં રાગનો વિકલ્પ પણ જ્યાં ધર્મના સાધનમાં નથી. આહા..હા..! સીધું દ્રવ્ય જ પોતાની શુદ્ધ પર્યાયપણે પરિણમે છે. એને વ્યવહારનો રાગ આવો હોય, શુભરાગ હોય તો એને શુદ્ધ પરિણમન થાય, વસ્તુમાં ત્રણ કાળમાં એવી ચીજ નથી. અજ્ઞાનીઓની માન્યતા ઉંધી ઘુંટીને એમ ને એમ અનાદિથી રખડે છે. સમજાણું કાંઈ? કહો, આ ચશ્મા છે તો અહીંયાં જ્ઞાનમાં જણાય છે કહો. તો જ્ઞાન જણાય એ ઉત્પાદ કાર્ય અને ચશ્મા એનું ઉત્પાદક કારણ. તો ચશ્મા કાઢી નાખો લ્યો. આવા ને આવા. કુતર્કીના કુતર્કો અજ્ઞાનીના. કાઢે કોણ? લાવે કોણ? અને મૂકે કોણ? આહા..હા..! લ્યો શરીર અને આત્મા જુદા. મારો એક ઘોદો કહે. કોણે કીધું? અરે..! બાપા! તને આવું ક્યાં સુજ્યું? ... પછી અહીં ... ચાલે ચાલે સંસાર છે. એમ અનાદિથી ચાલે છે. આહા..હા..! આ તો વસ્તુ સમજવા માટે છે. .. આવેને. વધારે સ્પષ્ટ થાય. આહા..હા..!

મુમુક્ષુ :- .. કરવા જેવું છે

ઉત્તર :- આમ જ છે એમ એણે નિર્ણય કરવો જોઈએ. નવરંગભાઈ!

મુમુક્ષુ :- .. નક્કી કરી લેવું જ છે.

ઉત્તર :- થઈ ગયેલું જ છે. એ તો માનેલું નથી એણે. આહા..હા..! કહે છે ભારે ગાથાઓ! આહા..હા..! સર્વવિશુદ્ધ.

મુમુક્ષુ :- આવું જ્ઞાન સર્વવિશુદ્ધ કહેવાય.

ઉત્તર :- સમજમાં આવે કે જ્ઞાની વિના જ્ઞાન થાય એમ .. અહીં કહે છે કે જ્ઞાની પોતે આત્મા. એના વિના જ્ઞાનની પર્યાય થાય છે. હવે ... પકડી લે ઓલા. પકડી લીધું. બાપુ! ધર્માત્મા વિના સાચું જ્ઞાન કેમ થઈ જાય? એનો અર્થ કે ઇ બોલનાર જૂઠો છે એમ નથી. જ્ઞાનની પર્યાય થવામાં નિમિત્ત કોણ છે એનું જ્ઞાન કરાવ્યું છે. નિમિત્તે થયું, કર્તા એ અને કાર્ય આ એમ નથી. સમજાણું કાંઈ? અરે..! એક-એક ગાથા એક સમજે તો આખો નિકાલ થઈ જાય એવું છે. આહા..હા..! વાત એવી છે. આ તો વસ્તુની સ્થિતિ જ એવી છે એમાં ભગવાને કહ્યું માટે આમ છે એમ છે ક્યાં? એ તો એ રીતે જોયું કે કર્તાકર્મ તો તે દ્રવ્યનું કર્તા અને તે દ્રવ્યની વર્તમાન પર્યાય તે તે કાળની જે કાળે તે છે. કર્મ ઇ કર્તાને અવલંબે કર્મ અને કર્મને આશ્રયે કર્તા. કર્મ આનો આશ્રય કર્તાનો. એની ને એની રમતું છે. બસ, એની રમતું દ્રવ્ય અને પર્યાય બેમાં. પરને લઈને કાંઈ નથી તારામાં. પરમાં તારો બિલકુલ અધિકાર નથી. આહા..હા..! કહો, ધર્માસ્તિ હોય તો ગતિ થાય. .. આમ ગતિ કરેને તો ધર્માસ્તિનો સહકાર છે. ગુલાબભાઈ! પાણીમાં માછલું ચાલે તો પાણીમાં ચાલેને. લાકડામાં ગરી જતું હશે? આમાં મૂકો માછલું અંદરમાં. તો .. હશે? એટલી તો એને મદદ મળીને પાણીની .. ત્યારે ગતિ થઈ કે નહિ? એમ ધર્માસ્તિ હતું તો જીવ જડ ગતિ કરે. બિલકુલ જૂઠી વાત છે. ગતિ

કરવાનો ઉત્પાદ્ય કાર્ય એમાં ધર્માસ્તિ નિમિત્ત ઉત્પાદક એમ છે જ નહિ. એમ કર્તાકર્મપણાને અમે દેખતા નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કુંભાર ઘડાનો કર્તા. એ તો ... એનો અર્થ કે અનેક દ્રવ્ય છેને? તો અનેકપણું રાખીને અનેક કામ કરે છે. એમ અમને દેખવામાં આવે છે. અનેકદ્રવ્ય છે અનેકપણું રાખીને કાર્ય કરે છે, એટલે પછી બીજું એમાં કરે છે એવું આવતું નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? બે દ્રવ્યની એકતા જેને છે ઇ એમ માને. આહા..હા..! ગજબ વાતું છેને. ઓલા કહેતા હતા ઇ .. મુંબઈમાં આવ્યાને. વિચાર કરીએ આપણે. ... જુઓ, ચશ્મા છે તો દેખાય છે લ્યો. ... ચશ્મા કાઢી નાખું તો દેખાય? પ્રત્યક્ષ છે કે નહિ? .. આવી ગયું બાપુ. પ્રત્યક્ષ થઈ ગયું. આહા..હા..! શું થાય? દુનિયાને .. સાંભળનારને ખબર ન હોય અને માથે હાંકે. હા..હા.. સાથે માણસ હતો એક ... એક હતો ... હતો. એને બેઠું ન હોયને બિચારાને. શું થાય?

મુમુક્ષુ :- હજી બેઠું ન હોય એટલે

ઉત્તર :- એટલે શું કરે? ... દેરાવાસી સાધુ. આહા..હા..!

રાગની ક્રિયાથી ધર્મ થાય એમ તમે નથી મનાવતા... છે. રાગ પરવસ્તુ, પરભાવ ખરેખર અને આ દ્રવ્યનો સ્વભાવ, સ્વભાવ પોતાનો. હવે એમાં થવું ધર્મનું એ દ્રવ્યને કારણે ધર્મની પર્યાયમાં ઉપજે આત્મા. રાગને કારણે ત્યાં ઉપજે ધર્મની પર્યાય. આવું તો દેખાતું નથી કહે છે. કહો, ચેતનજી! સામે છે કે નહિ? આ તો સ્પષ્ટ છે. આમાં કાંઈ કોઈ પક્ષની વાત નથી. અમે માનીએ છીએ અને તમે આમ માનો. પણ શું માનવું?

મુમુક્ષુ :- વસ્તુનું સ્વરૂપ

ઉત્તર :- આમ છે. તમે આમ માનો, અમે આમ માનીએ. સોનગઢવાળા આમ માને પેટ્રોલથી મોટર ન ચાલે. અમે એમ માનીએ કે પેટ્રોલથી મોટર ચાલે. હવે આનું શું કરવું? કહે છેને ભાઈ! લોકો કહે છે. એક તો બ્રહ્મચારી હતો. મોટરમાં બેઠો. અને એમાંથી આ ચર્ચા કાઢી. એય..! ત્યાં સોનગઢ સંસ્થા કહે છે કે આ મોટરમાં આપણે ચાલીએ છીએ એ મોટરને લઈને નહિ. આપણે આપણી રીતે ચાલીએ. બેઠા છીએ ... પણ તારું દ્રવ્ય તે સમયે પર્યાયનું સ્વતંત્ર થવાનો પર્યાય તો તારો છે. એ પર્યાયને મોટરે શું કર્યું? મોટરના રજકણો મોટરની પર્યાયને ઉપજાવે, પણ કાંઈ બેઠો છે એની પર્યાયને ક્ષેત્રાંતર કરાવે? આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો એક ડબામાં રેલમાં બેઠા હોય અને રેલ આમ ચાલતી હોય અને ઉભો થઈ ગયો ... એમાં ધક્કો લાગે ઓલું કરે છેને ...નું? ઉભો હોય તો આમ થઈ જાય. જુઓ, ક્રમભંગ થઈ ગયું કે નહિ? ક્રમ ક્યાં રહ્યો ત્યાં? અરે..! ભગવાન!

મુમુક્ષુ :- એ જ ક્રમ હતો.

ઉત્તર :- પણ એ જ ક્રમ અને તે જ સમયનો ક્ષેત્રાંતરની પર્યાયનો ઉત્પાદક તે રજકણો

પોતાના છે. ધક્કો લાગ્યો માટે એની પર્યાય આવી થઈ . ન હોત તો ન થાત. અરે..! પ્રભુ! તે દ્રવ્યની સ્વતંત્રતાની પર્યાય બીજાને આધીન માની છે. આહા..હા..! એક પર્યાય બીજાને આધીન તો ત્રણે કાળની પર્યાય પરને આધીન, સ્વતંત્ર કાંઈ રહી નહિ. આહા..હા..! કહો, સમજાણું?

**'સર્વ દ્રવ્યોને પોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે. આમ જીવ પોતાના પરિણામોથી ઊપજતો હોવા છતાં...'** એટલે શું? ઉપજે તો છે. પોતે નથી ઉપજતો એવું કાર્ય નથી એમ નહિ. એમ કહે છે. આહા..હા..! **'જીવ પોતાના પરિણામ...'** એટલે પર્યાય. પર્યાય કહો, પરિણામ કહો, અવસ્થા કહો, હાલત કહો. **'તેનાથી ઉપજતો હોવા છતાં...'** આહા..હા..! **' તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** કહો, અજીવનું કાર્ય અને જીવ એનું કારણ એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આમ વાત તો ઓલા કર્મ ઉપરથી લેવી છેને? કર્મની પર્યાય જીવ કરે તો થાય એમ નથી. પછી આમ પણ આવી ગયુંને ક્રમબદ્ધમાં? જીવની પર્યાય એ અજીવ હોય તો થાય એમ નથી. એમ અજીવની પર્યાય જીવની પર્યાય આવી હોય તો ત્યાં થાય ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એકનું ઉંધું માન્યું એણે ત્રણે કાળનું ઉંધુ માન્યું. સમજાણું કાંઈ? ..ભાઈ! આવી વાત છે આ. આહા..હા..! બાકી ભગવાનની પૂજા કરો, આ કરો, બસ ધર્મ થઈ ગયો જાઓ. એક તો પૂજાના પરિણામ થયા શુભ એ પણ પરને લઈને થયા એમ પણ નથી. ભગવાને દીઠા માટે શુભ પરિણામ થયા. ભગવાન મૂર્તિ ઉત્પાદક અને શુભભાવ ઉત્પાદ્ય એમ તો નથી. તેમ જીવના પરિણામ ઉત્પાદક અને ત્યાં મૂર્તિનું સ્થાપન થયું એ ઉત્પાદ્ય એમ પણ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- બધા પરિણામ...

ઉત્તર :- ... એય..! સુજાનમલજી! ઇ વિકલ્પ કરે છતાં ત્યાં થવાનું હશે એ સમયે પર્યાય થશે. આહા..હા..! આવો માર્ગ છે. સ્વતંત્રતાના ઢંઢેરા છે. વસ્તુસ્થિતિ જ એવી છે ત્યાં ના જ પાડે છેને. બીજી રીતે કોઈ રીતે અમે દેખતા નથી. તને ભલે આંધળી નજરે દેખાય. બેની એકતાબુદ્ધિથી તને દેખાય એ તો આંધળો છો તું. બે કહો ત્યાં બે કીધા ત્યાં એકથી બીજામાં કાંઈ આનાથી ત્યાં બેસે શી રીતે? આહા..હા..!

**'આમ જીવ પોતાના પરિણામોથી...'** એટલે પર્યાયથી **'ઊપજતો હોવા છતાં તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી,...'** અજીવનું કાર્ય અને જીવ કારણ, જીવ કર્તા અને અજીવનું પરિણામ કર્મ એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..હા..! મારા પણ. ઇ જ્યારે સમકિત પામે તો એ વખતે દર્શનમોહના ઉદયનો અભાવ છે. આટલો તો સંબંધ નથી? ... ભાઈ કહેતા ૮૧માં ગઢડે આવ્યા હતા. કાશીમાં ભણવા ગયા હતાને. જ્ઞાનાવરણીયનો ક્ષપોપશમ થાય તો જ્ઞાનમાં ક્ષયોપશમ થાય. શું માન્યું કીધું આ? ત્યાં કાંઈક થાય તો અહીં કાંઈક થાય. શાસ્ત્રમાં એમ આવે. આવે છે એ શાસ્ત્રમાં. ... કાશીથી ભણીને આવેલા. મગજમાં બુદ્ધિ સરખી નહોતી. ... આહા..હા..! આમાં પણ આવ્યું હતું જયપુર આવ્યું હતુંને? જ્ઞાનનો ઉઘાડ પોતાની યોગ્યતાથી

થાય. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી નહિ. એમ કહે છેકે નહિ. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં જ્ઞાનનો ક્ષયોપશમ થાય. એય..! પંડિતજી! નથી શાસ્ત્રમાં એમ નથી લખ્યું? આહા..હા..! અરે..! આવો સમય જાય છે. એ સત્યનું આરાધન જો ન કર્યું. આહા..હા..!

કહે છે. આહા..હા..! '**તેને અજીવની સાથે કાર્યકારણભાવ સિદ્ધ થતો નથી, કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે...**' હવે આવ્યો સરવાળો. '**સર્વ દ્રવ્યોને...**' દરેક આત્મા અને દરેક પરમાણુ અને દરેક કાળાણું આવ્યા. '**અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદક...**' કાર્ય અને કારણભાવનો '**અભાવ છે;...**' ઉત્પાદ્ય એટલે કાર્ય, ઉત્પાદક એટલે કારણ. આહા..હા..! થોડું પણ સત્ય હોવું જોઈએને? ... એ તો ... ભ્રમણાની વૃત્તિ તો જગતને ભરમાવ્યું છે. એ પ્રશ્ન કરે છે કે શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત હતા. તીર્થંકરગોત્ર બાંધ્યું છે. એને નરકમાં જવાનો કાંઈ ભાવ હોય? કર્મ નારકી છે એ આનુપૂર્વિ છેને નારકીમાં ખેંચી જાય. ... આહા..હા..!

અહીં કહે છે કે ગત્યાનુપૂર્વીના પરમાણુ જુદી ચીજ છે અને આ આત્મા જે અહીંથી ગતિ કરીને આમ જાય છે એ ચીજ જુદી છે અને ગતિના પરિણામપણે તો જીવ ઉપજ્યો છે. આહા..હા..! સમયે સમયે એ ગતિના પરિણામપણે ઉપજે છે એને આનુપૂર્વી ગતિ એને નરકમાં લઈ જાય છે એ તદ્દ્ન અસત્ય અને જુઠાણનું સેવન છે. આહા..હા..! જુઠું સેવન એ દુઃખરૂપ છે. આહા..હા..! સત્યનું સેવન એ આનંદરૂપ છે. આહા..હા..! અને વિરૂદ્ધ માન્યતાથી .. સેવન દુઃખ છે. મિથ્યાત્વ સંબંધીનું મહાદુઃખ છે. મોટી આકુળતા છે. '**સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...**' ઉત્પાદ્ય નામ કાર્ય, ઉત્પાદક નામ કારણ. એક દ્રવ્યમાં કાર્ય થાય અને બીજું દ્રવ્ય એને ઉત્પાદક હોય એમ બને નહિ.

મુમુક્ષુ :- બે કારણ સિદ્ધ કરવાને?

ઉત્તર :- અહીં તો બે કારણ સિદ્ધ પણ કારણ એક જ છે યથાર્થ. આહા..હા..! શાસ્ત્રમાં આવેને બે કારણ? એ તો બે વસ્તુનું જ્ઞાન કરાવ્યું છે. મોટી ચર્ચા એના વાંધા. ભાઈ! એનો સ્વકાળનો છે. વાંધા છોડને હવે. આહા..હા..! આવી કિંમતી ચીજ તને મળી. સાંભળવા મળી એને સમજવામાં તું ના ન પાડ ભાઈ! તને નુકસાનનું કારણ છે. દુઃખના ડુંગરામાં ઉંડો જા છો તું. પોતે જ ભગવાન આત્મા અવિકારી પર્યાયપણે ઉપજે એ એનું ઉત્પાદ, એ ઉત્પાદ્ય છે. ઉત્પાદ્ય એટલે કાર્ય અને બીજી ચીજ એને ઉત્પન્ન કરે દેવ-ગુરુ-શાસ્ત્રથી, સાંભળવાથી, સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ઉત્પત્તિ થાય એવો ઉત્પાદ્ય-ઉત્પાદકનો અભાવ છે. આહા..હા..! એવા લોકમાં અનેક પ્રકાર છે, ભાઈ!

'**સર્વ દ્રવ્યોને...**' એમાં કોણ બાકી રહ્યું? કુંભાર, ઘડો, સોની, દાગીના, રોટલી, સ્ત્રી, અગ્નિ, પાણી, હોઠ હલે, જીભ હલે. આહા..હા..! જીવનો વિકલ્પ છે એટલે બોલું માટે જીભ હલે છે, હોઠ હલે છે એમ અમે તો જોતા જ નથી કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- જોવામાં આવતું જ નથી.

ઉત્તર :- ક્યાંથી પણ? બે જાણ્યા, બે જાણ્યા અનેક જાણ્યામાં અનેકપણે દેખાય છે એમાં આને આ કર્યું એ તો એકપણું થઈ ગયું. તો વસ્તુ એક છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? બે તો કહો છો. એક આત્મા અને એક આ બીજું તત્ત્વ જડ, અજીવ, વાણી, મન. લ્યો, એમ તો કહેને બે તત્ત્વ તો છેને? પણ બે છે તો બેપણે રહે તો બે રહેને? જડની ભાષાની પર્યાય જીવ કરે. ભાઈ! આ જગતમાં અનંત દ્રવ્યો વસ્તુ છે. અસ્તિપણે, સત્તાપણે, હોવાપણે. તો પ્રત્યેક વસ્તુ જ્યારે પોતાની દશાપણે, અવસ્થાપણે, વર્તમાનભાવપણે પરિણમે છે. એ બીજી ચીજને કારણે ત્યાં થાય છે એમ નથી. તો એનું વર્તમાન થવું પોતાને આધીન ન રહેતા, પરને આધીન તો એ સત્તા રહી નહિ. ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? શું છે? ...

અહીં તો આત્મા છે, અંદર ચૈતન્ય જાણક તત્ત્વ અને આ જડ છે. અજાણ તત્ત્વ. ઇ બે તત્ત્વો એવા અનેક અનંત તત્ત્વો ભિન્ન-ભિન્ન છે. હવે ભિન્ન જે છે અને એને અનેક કહો તો એક તત્ત્વની વર્તમાન દશાને બીજું તત્ત્વ કરે એમ રહેતું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! ભારે વાતું, ભાઈ! ઇ દરેક દ્રવ્યનો દરેક પદાર્થ દ્રવ્યતિ-દ્રવે છે આમ. દ્રવે એટલે વર્તમાન અવસ્થાપણે થાય છે. વર્તમાન હાલત-અવસ્થા-પર્યાય કહો, હાલત કહો, પરિણામ કહો ત્રિકાળી ચીજ રહીને વર્તમાનપણે તો એ થાય છે. એ થવામાં બીજી ચીજને કારણે એ થાય છે એમ જો હોય તો વર્તમાનપણાનું સત્‌પણું સ્વતંત્ર સિદ્ધ થતું નથી. એનો નાશ થઈ જાય છે. ન્યાય સમજાય છે કાંઈ? વિશેષ કહેવાશે. વખત થઈ ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ-૧૪, શનિવાર, તા.૧૪-૦૭-૧૯૭૩
## ગાથા-૩૦૮ થી ૩૧૧, પ્રવચન-૪૩૮

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. ૩૦૮, ૯, ૧૦, ૧૧. અહીં આવ્યું છે જુઓ, '**કારણ કે સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...**' પહેલું તો કહ્યું કે ષટ્ બધા દ્રવ્યો ક્રમબદ્ધ-ક્રમસર જે સમયે જે પર્યાય થવાની તે પ્રકારે ક્રમસર થાય છે. એમાં કોઈ પરદ્રવ્યનો અધિકાર નથી. બિલકુલ કોઈ ચીજ નહિ.

મુમુક્ષુ :- નિમિત્ત ન આવે તો ન થાય?

ઉત્તર :- ઇ પ્રશ્ન જ નથી. ખોટી વાત છે. એ તો નિમિત્ત સિદ્ધ કરવું હોય તો. દરેક દ્રવ્યનો

સ્વકાળે જે પર્યાય તે સમયનો તે જ પ્રકાર થાય, બીજા સમયનો પર્યાય તે જ પ્રકારે તે જ રીતે ત્યાં થવાનો તે થાય. એમ વાત છે. આહા..હા..! દરેક રજકણ. અહીં સિદ્ધ કરવું છે કે અજીવનું કાર્ય જીવનું નથી. પણ આમ અરસ-પરસ બેય રહી ગયા. સમજાણું કાંઈ? સિદ્ધ તો એ કરવું છે કે જીવ અજીવનું કાર્ય કરે અને અજીવનું કાર્ય જીવના અધિકારમાં છે એમ નથી. સમજાણું કાંઈ? કર્મ બંધાય છે તો જીવના પરિણામ હતા તો ત્યાં કર્મ બંધાણા વિકાર આદિ હતો તો. એમ નથી. ત્યાં પણ કર્મના રજકણોમાં પણ એના ક્રમસર થયેલી પર્યાયનો કાળ હતો તો એનાથી એ કર્મ બંધાણું છે. આહા..હા..!

તેથી **'સર્વ દ્રવ્યોને...'** સર્વને કીધુંને. આમાં ક્યાં બાકી કાંઈ રાખ્યું? **'અન્ય દ્રવ્ય સાથે...'** બીજા દ્રવ્યની સાથે **'ઉત્પાદ્ય-ઉત્પાદકભાવનો અભાવ છે;...'** કીધુંને ત્યાં લીંબડીમાં કીધું હતું. જુઓ આ ચશ્મા વિના દેખાય? .. પ્રશ્ન કર્યો હતો. થઈ ગઈ હશે ચર્ચા થઈ ગઈ હતી. કહે તેનો જવાબ નહિ આપો અને ચર્ચા ન કરો તો તમારી મહત્તા ઘટી જશે. કીધું ભાઈ! મહત્તા અમારી છે જ નહિ. એમ બોલ્યા હતા. આવું તમારું નામ બાહ્યમાં અને તમે ના પાડો ચર્ચા કરવાની. સાધારણ માણસની સાથે તમે વાત કરો અને અમારી સાથે ના પાડો છો. તમારું શું રહેશે? ભાઈ! અમે કાંઈ નથી. અમારું રહે નહિ તો. કહો, મગનભાઈ! ત્યાં સમ્મેદશીખર આવ્યા હતા.. એવું બોલ્યા હોં. એથી કરીને શું બાપુ! એ તો જેમ છે એમ છે બાપુ! આહા..હા..! કોઈને સમજાવાની પર્યાયમાં એનું કાર્ય એ ઉત્પાદ્ય છે અને બીજો ઉત્પાદક થાય, ભાષા કે બીજો વિકલ્પ કે જે તે પર્યાય. એમ છે નહિ. વસ્તુની સ્થિતિ આવી છે. લોકોને એમ છે કે આ બધાનું આપણે કરીએ. લોકોનું કરીએ, સારું કરીએ તો સારો કહેવાય જગતમાં. પણ કરે કોણ? બાપુ! કોણ કરે?

**'સર્વ દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** એટલે કાર્ય, **'ઉત્પાદક...'** એટલે કારણ. એ કાર્યકારણનો અભાવ છે. આહા..હા..! આ પંડિતો પણ આ સહસ્ત્ર[illegible]ના દાખલા આપે છેને જુઓને. અહીં તો કહે છે કે અકિંચિત્કર વસ્તુ ભાઈ! પ્રવચનસારમાં નથી આવ્યું? વિષયો તે તારા સુખની બુદ્ધિને અકિંચિત્ કહે છે. આહા..હા..! ત્યાં તો આમ લીધું છે. અહીં તો બંધ અધિકારમાં બીજાને જીવાડું, મારી શકું એ અકિંચિત્કર છે. ત્યાં એમ લીધું પ્રવચનસારમાં કે આ બધા પાંચ ઇન્દ્રિયના વિષયો છે એ અમને સુખનું કારણ છે એ વિષયો શું કરે? તું કલ્પના કર તો તને સુખની કલ્પના થાય. એમાં એ વિષયો તને સુખની કલ્પના કરાવે છે. આહા..હા..! ભાઈ! આ સ્ત્રી સારી મળી, લાડવા સારા મળ્યા, મકાન સારું મળ્યું, કાને અભિનંદનના પ્રશંસાના શબ્દો પડ્યા, માટે તને ત્યાં રાગ થયો ઠીક છે. એમ નથી.

મુમુક્ષુ :- ડાહ્યા માણસો તો કદર કરેને.

ઉત્તર :- કદરની વ્યાખ્યા શું? ભાષામાં એમ આવે. કદર કોની કરે? આહા..હા..! ડાહ્યાભાઈ! આ તો જજપણું છોડ્યું હશે તો બધા ભેગા થઈને સન્માન કર્યું તમને? જજપણું છોડ્યું તે દિ'

નહિ કર્યું આ બધા ભેગા થઈને? આહા..હા..! પણ એથી તેને જે રાગ થાય છે ત્યાં કે આમ. ઇ રાગના એ ઉત્પાદક નથી એ લોકો. આહા..હા..! ચુરમાનો લાડવો અહીં આવ્યો સારો એ તને રાગ કરાવે એમ નથી. એ તો અકિંચિત્કર છે રાગ કરાવા માટે. અરે..! એ ચુરમાનું આ છે એવું અહીં જ્ઞાન થાય છે એ જ્ઞાનમાં એ લાડવો અકિંચિત્કર છે. આવી વસ્તુ છે. અરે..! શું દુનિયામાં તો આમ બીજાને કાંઈક કરી દે, ગરીબોમાં આમ કરી દે. તો લોકો બહારમાં આવી શકે, મોઢા આગળ કરી શકે લ્યો. આહા..હા..! નહોતું કહ્યું .. લ્યો આ તમે કહો કાંઈ કરી શકતા નથી. આ હાથ ઉંચો કર્યો. અરે..! બાપુ! શું કર્યું તે? સમજાણું કાંઈ?

શાશ્વત ... કરોડપતિ હતો અને એને થયો છોકરો માંડ. રાજા આવ્યો. બાપ હતો છોકરાનો એ તો નાસ્તિક હતો. એમાં આવેને સારા રાજાના કહેવાય. શું કહેવાય ઇ? વધાઈ. તેમાં એ છોકરાને દેખીને કહે મારે આને કાપીને આનું માંસ ખાવું છે. તો ઓલો અરર..! પણ હું તો માનતો નથી કાંઈ. હું તો નાસ્તિક છું. વળી અરર..! ક્યાંથી આવ્યું તને? અને બીજું મને અહીં ક્ષુધા લાગી છે તેનો કટકો તેલમાં તળીને ખાઈશ તો ક્ષુધા તરત મટશે. હવે ઇ કહે કે તું એનાથી મટે નહિ આ વાત કેમ અમને બેસે? સમજાણું કાંઈ? આહા..હા..! માંસ ખાધુ માટે અહીં ક્ષુધા મટી. માંસ તો અકિંચિત્કર છે કહે છે. એ ક્ષુધાની પર્યાય માટે પણ. આહા..હા..! તૃષા લાગી ... આ જડના પરમાણુમાં .. એમાં પાણી પડે મોસંબીનું તો એને ઠીક લાગે. અહીં કહે છે કે એ મોસંબીના પાણીની પર્યાય એ કાર્યના ઉત્પાદ્યમાં આ ઉત્પાદક નથી. આહા..હા..!

ડોક્ટરનો પછી દાખલો આવ્યો. આ ડોક્ટરો આ દવા કરે છે, ઇંજેક્શન આપે છે. લ્યો એ ઇંજેક્શન... ઇ કહે છે કે હરામ ત્યાં ઇંજેક્શનને હલાવી શકતો હોય તો. નવરંગભાઈ! આહા..હા..! અને એ ઇંજેક્શન આમ અંદર જાય છે માટે એનું કાર્ય કાંઈ ઇંજેક્શન આમ અંદરમાં કાર્ય કરે છે. હરામ છે. ઉત્પાદ્યમાં કાર્ય અંદર, એના ઇંજેક્શન ઉત્પાદક. આવી વાત જગતથી ઉંધી છે બધી. આહા..હા..! કોકનું કરે તો તો મારું સારું લાગે. આ તો કહે કે કોઈનું કરી શકે નહિ. લોલા જેવા. પાંગળા થઈ ગયા. એય..! મગનભાઈ! પરનું કાંઈ કરી શકે નહિ. ..આવ્યા હતા. ટી.જી.શાહ આવ્યા હતા. ટી.જી.શાહ ત્યાં આવ્યા હતા ૯૨માં. ૯૩માં. ... કહે માણસ .. શું કરતા હશે કહે. કોઈનું કાંઈ ન કરે. ટી.જી.શાહ હતાને વઢવાણના દશાશ્રીમાળી આ ત્રિભુવન. કાંઈ ઠેકાણા ન મળે. ખબર છે. ... ધૂળેય કરી નથી. ઇ પણ કીધું હતું તેને કે સિદ્ધ ભગવાન .. શું કરે છે? ભગવાન કાંઈ ન કરે. હેં! જુઓ અમારે .. ઇ કરતા તો અમે સારા કરીએ તો ખરા અહીં કોકનું. આહા..હા..! ગાંડાના કાંઈ ગામ જુદા હોય છે? આહા..હા..! એના ઉપદેશ અને ઉપદેશકમાં અમારે ફરવું છે બીજા ધર્મ પામે માટે.

ઓલો કાગળ નથી આવ્યો એક હમણા? એક સાધુનો કાગળ આવ્યો છે દેરાવાસીનો. ખબર નથી? જેઠાભાઈ! વાત થઈ નથી? નહોતા. આ હમણા .. અમૃતવિજયનો શિષ્ય છે. યશોવિજયનો.

આ ... ૨૩ વર્ષના સાધુ છે. કીધું હતુંને. કાગળ આવ્યો છે આજે. મને ત્યાં અભ્યાસ કરાવો અને હું જર્મન અને અમેરિકાના પાસ લાવ્યો છું. પછી ધર્મ પમાડવા. આહા..હા..! આ શું છે? લોકોને સારું લાગે લ્યો. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- .. ઉપાય શું છે?

ઉત્તર :- ઉપાય એ આત્માનું અંદર જ્ઞાન કરવું ઇ. આહા..હા..!

મુમુક્ષુ :- એના વગર તો ..

ઉત્તર :- એ બધું આત્મા તરફ જોવું અને આત્માનું જ્ઞાન કરવું એક જ વાત છે. આહા..હા..! પરને જોવું પણ નથી, પરને જાણવામાં રોકાવું પણ નથી. આહા..હા..! કેમકે પરનું કરી શકતો નથી એટલે પછી પર સામું જોવાનું તારે કામ શું? અને પરથી તારામાં કાંઈ થાતું નથી પછી પર સામું જોવાનું શું કામ છે? લોજિકથી તો એ ચીજ છે. આહા..હા..! પરવસ્તુથી કાંઈ તારામાં થતું નથી, પછી પરવસ્તુને પાંગળી તારે માટે ઇ એની કેટલી સંભાળ તારે રાખવી છે? અને કેટલી ઓશિયાળ્ઃી કરવી એની? આહા..હા..! અને પરથી તારામાં કાંઈ થતું નથી, તારાથી પરમાં થતું નથી, તો હવે તારાથી પરમાં થતું નથી તો પરને માટે આમ કરું-કરું ઇ રોકાવાનું ત્યાં આવ્યું ક્યાં? આહા..હા..!

મુમુક્ષુ :- ધર્મનો પ્રચાર થાયને.

ઉત્તર :- ધર્મનો પ્રચાર ક્યાં થાય? પોતાની પર્યાયમાં થાય. આહા..હા..! પ્રભાવના. એ તો એક શુભવિકલ્પ હોય એને વ્યવહાર પ્રભાવના કહે છે. બહારમાં થાય, ન થાય એ કોણ? શુભવિકલ્પથી બહારમાં થાતા હશે કાંઈ? અજૈનો બધા દેખે આમ ..યાત્રા, જૈનોનું. આહા..હા..! એની વાત અમે રાત્રે ન ખાઈએ પાણી ગાળીને પીએ. ગમે તેવું ધ્યાનાદિ હોય અમે જૈન કહેવાઈએ. ઓલાને કેટલું થાય સામાને? ખોટી વાત છે કહે છે. સામાને પર્યાય થવી એ કાંઈ તારે કારણે થાય છે? આહા..હા..! કહો, મગનભાઈ! શું હશે આ?

મુમુક્ષુ :- પોતાની પર્યાય પોતાની પાસે જ હોયને.

ઉત્તર :- અરે..! પોતાની પર્યાય છે એને દ્રવ્ય કરતું નથી. હવે ઇ તો આઘી વાત છે. દ્રવ્ય પર્યાયને શું કરે? પર્યાયમાં ધર્મ સ્વતંત્ર છે. તો પરિણમન કર્તૃત્વ થયા જ કરશે. આહા..હા..! કહો, શાંતિભાઈ! શું કરું છું આ? આહા..! દુનિયાનો ઉદ્ધાર કરવો છે. આહા..હા..! તીર્થંકરગોત્ર બાંધે એને પણ એવો વિકલ્પ તો આવે છે ઉદ્ધાર કરવો લ્યો. એ તો વિકલ્પ આવે છે નબળાઈનો, પોતાની પૂર્ણતા નથી તો પૂર્ણ થાઉં એવો વિકલ્પ આવે. એના રજકણો બંધાઈ જાય તો એના ધ્વનિમાં એવો .. આવે ત્યારે સામે ઉપાદાનની યોગ્યતા હોય એને નિમિત્ત કહેવામાં આવે. એટલી વાત છે. આહા..હા..! ... તરે અને તારે. અહીં તો કહે તરે પોતે પોતાથી. પરને તારવામાં ઉત્પાદક થાય એ વાત સાચી નથી. આહા..હા..! એનો તરવાનો ઉપાય જે કરતો હોય એનું ઉત્પાદ્ય છે અને

આ બીજો તીર્થંકર કહે એનો આત્મા કહે વાણી ઉત્પાદન કરે. નહિ? તો પછી આ દુનિયામાં શું કરવા જન્મ્યા તમે? કહો, મગનભાઈ! આહા..હા..!

બાપુ! કોઈ એક રજકણ આંખની પાંપણ ફરે છે આમ. એમાં આત્માનો વિકલ્પ કર્તા અને એ પાંપણ કર્મનું કાર્ય એવું વસ્તુમાં નથી. અજ્ઞાની માને તો એ મહામિથ્યાત્વ અને શલ્ય છે. આ ભ્રમણાને સેવે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ, એક-એક રજકણ ઇ. એક વિચાર આ આવ્યો હતો કે આ કાર્મણ શરીર છેને અહીં અંદર? એના અનંતા રજકણો છે. ઓલી લક્ષ્મીની વાત કરી હતીને? એ કાર્મણ શરીરના અનંતા રજકણો છે એથી અનંતગુણા તો તારામાં ગુણ છે. હવે તું એને મોટપ દઈશ કે એને મોટપ દઈશ? કોને મોટપ દઈશ તું? આહા..હા..! શું કીધું? કાર્મણ શરીર છેને એક? એમાં અનંતા રજકણ છે. એનાથી અનંતગુણા તો એક આત્મામાં ગુણ છે. આહા..હા..! આવો બાદશાહ ઇ કહે કે કર્મ મને રાગ કરાવે અને રખડાવે. ભારે ગજબ વાત છે! જેઠાભાઈ! આહા..હા..! છઠ્ઠી સાલમાં એ જ કહ્યું હતુંને ચેતનજીએ. એય..! તમે કહો છો કે પોતાના ભાવથી જીવ રખડે. ઉપકારી પરમાત્મા તીર્થંકરદેવ કહે છે કર્મને લઈને રખડે. જુઓ, મોટું આવ્યું હતું. અમારે પંડિતજી હતા ત્યાં. જીવાપ્રતાપ લઈને આવ્યા હતા. ... જીવાપ્રતાપની સાથે પછી અમારે પંડિતજીએ માંડી હતી થોડી. આ લોકો પુણ્યને માનતા નથી. પુણ્ય હોય તો પૈસા હોય તો પુણ્ય થાય અને પુણ્ય હોય તો પાછો ધર્મ થાય. મારે હારે મારી નાખ્યા જગતને. પૈસા હોય તો ધર્મ થાય. શેઠિયા હોય પૈસાથી ધર્મની પ્રભાવના થાય. લ્યો, ગરીબથી થાતી હશે? આહા..હા..! શું થાય? ધૂળ થાય? અરેરે..! આહા..હા..!

મુમુક્ષુ :- પૈસા એના હતા કે દિ'?

ઉત્તર :- પૈસા પણ એમ કહે અમે પૈસા ખર્ચીએ એમ કહ્યું હતું. ૮૧માં કહ્યું હતુંને ઓલા શેઠ. ...ના ભાઈ. મોહનભાઈ. આ લીંબડીવાળા. ..વાળા. ૮૧માં દરબાર આવ્યા હતા. ... દરબાર કાલે આવવાના છે. અમારે ટાઈમ નથી અમે જઈએ. દરબાર આવે છે. ફલાણા દરબાર આવે છે. ... આવ્યા હતા વ્યાખ્યાનમાં. શેઠની સાથે વાત કરતા હતા. આપણે લાલચંદ શેઠ. મહારાજ ક્યાં સુધી રહેશે? મારે આવવું છે. તો આપણને ... ખબર પડે. લાલચંદભાઈ! અમે ઉઠી ગયા. અમારો ટાઈમ થઈ ગયો છે. એમાં ઇ આવ્યા. ... છેને .. બહાર બેઠા હતા. હું અને .. હતા. અને આ આવ્યા. મોહનભાઈ. મહારાજ! શેઠિયાની પૈસાવાળાની કેટલી કિંમત ધર્મમાં? કીધું કાંઈ નહિ. .. પૈસા ખર્ચેલા હતા પાઠશાળામાં. ૩૫-૪૦ હજારનો પગાર છે. ૮૧ની વાત છે. કીધું આ પૈસાવાળાને ધર્મને માટે. કાંઈ ન મળે કીધું પૈસાવાળાને. આહા..હા..! પૈસાવાળા હોય તો પાઠશાળા થાય, પૈસાવાળા હોય તો ધર્મશાળા થાય, પૈસા હોય તો મંદિર થાય, પૈસા હોય તો અપાસરા થાય. ગરીબ માણસ શું કરતા હશે? કોણ કરે છે સાંભળને હવે મફતનો હેરાન થઈ ગયો. આહા..હા..!

**'એક દ્રવ્ય સર્વ દ્રવ્યો...'** આહા..હા..! આ તો ઓલામાં બે કારણે કાર્ય થાય એને પણ ઉડાવ્યું

અહીં તો. અષ્ટસહસ્ત્રીમાં. એ તો બીજું આરોપિત કરવાલાયક બીજી ચીજ છે એમ કરીને બે કારણ કહ્યા. એની મોટી ચર્ચા પંડિતોમાં. એક કાર્યમાં બે કારણ હોય અને તમે એક જ કહો છો. આહા..હા..! આ પંડિતોમાં વાંધા અહીં સોનગઢની સામે. એની દૃષ્ટિમાં ઉંધું પડ્યું. હજારો બોલોમાં એમ આવે. સંમતભદ્રાચાર્યમાં એમ આવે કે બે બાહ્ય અને અભ્યંતર ઉપાધિ તે દ્રવ્ય સ્વભાવ છે. બેય ઉપાધિ લીધી છે હોં. અભ્યંતર અને બાહ્ય બે ઉપાધિ હોય ત્યારે કાર્ય થાય. એય..! સંમતભદ્રાચાર્ય. એ બાહ્યાંતર. બાહ્ય અને અભ્યંતર બેય ઉપાધિ હોય ત્યારે કાર્ય થાય. અહીં કહે છે કે એક જ હોય તો કાર્ય થાય. પરને લઈને કાંઈ ન મળે. આહા..હા..! શું થાય? કોની સાથે માંડે આ? કર્મને લઈને આમ થાય... કર્મને લઈને આમ થાય... મોહકર્મને લઈને આત્મામાં મિથ્યાત્વ થાય. ચારિત્રમોહનો આકરો ઉદય આવ્યો તો શંકર જેવા પણ પડી ગયા. શાસ્ત્રમાં લખ્યું છે. આહા..હા..! કોણ પડે અને કોણ પાડે? આહા..હા..! પોતાનો ઉત્પાદ્ય કાર્ય જે પર્યાયનો જે કાળનો છે એ ઉત્પાદ્યમાં બીજી કોઈ ચીજ જડ કે ચૈતન્ય ઉત્પાદક થઈને કારણ થાય એવું છે નહિ. આહા..હા..! ઓહો..હો..!

**'દ્રવ્યોને અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય...'** એટલે કાર્ય. ઉત્પાદક એટલે કારણ. એ બેનો **'અભાવ છે;...'** આહા..હા..! પર કારણ થાય અને એનાથી પરમાં કાર્ય થાય પછી અસરસપરસ બેયમાં. એનો અભાવ છે. વસ્તુમાં એનો અભાવ છે એમ કહે છે. ઉત્પાદક દ્રવ્ય પોતે અને ઉત્પાદ્ય થાય એની પર્યાય. પણ પરનો ઉત્પાદક થાય જીવ એ પરચીજ આવીને આને કાંઈક ઉત્પાદ્યમાં મદદ કરે એમ નથી. આ દુકાનના ધંધા ચાલતા હશે શું ચાલતા હશે? ..ભાઈ! એની મેળે ચાલવા દ્યો લ્યો. આ લોઢું કાઢો, પાંચ મણ લોઢું જોવે છે સળિયા. ..માણસને કહે કાઢો ખેંચી ખેંચીને મૂકો. આ કહે કે ઇ કાંઈ થાય નહિ. તો શું કરવું? મરી જવું એને દઈને? એક જણો વળી એમ કહેતો હતો. પહેલા એક ભાઈ કહેતા હતા. ... ગયા. ..વાળા નહિ? શું નામ? બેચરભાઈ. પહેલા વળી એમ કહેતા હતા. પછી બિચારા ફરી ગયા. જુઓ આ સામે પ્રાણી દુઃખી તડફડતો હોય તો બેસી રહેવું અમારે જોઈને? એય..! ડાહ્યાભાઈ! અરેરે..! એવી વાત કરતા હતા. શ્વાસનો દમ હતો. મરી ગયા. આવતા. રાજકોટના હતા.

અહીં તો કહે છે કે કોણ કરે ભાઈ તને ખબર નથી. આમ પાણીમાં માખી દેખાય પ્રત્યક્ષ ટળવળતી. ત્યારે આમ કાઢવી કે નહિ આમ? બાપુ! એ વખતે પરમાણુની પર્યાય એવી થવાની હોય તો એ માખીને માટે નિમિત્ત કહેવાય. એના નિમિત્તથી ત્યાં માખી બચી છે એમ નથી. આહા..હા..! આવી વાત જગતથી ઉંધું બહુ પણ. ઉંધાથી ઉંધું જ હોયને. આખું જગત ઉંધું. આહા..હા..! **'સર્વ દ્રવ્યોને...'** આહા..હા..! **'કોઈ દ્રવ્ય સાથે...'** અન્ય દ્રવ્ય સાથે. **'ઉત્પાદ્ય...'** એટલે કાર્ય અને **'ઉત્પાદકભાવનો અભાવ છે;...'** પરની સાથે કાર્યકારણનો અભાવ છે. કહો, આવું! બંધ અધિકારમાં એ આવ્યું હતું. પરને જીવાડી શકે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની છે. આ કહે

અમે આમ કરીએ છીએ. એના તો એને માન મળે. ઘણાના કામ કર્યા, ઘણાની સેવાઓ કરી. છાપામાં તો બહુ આવે છે મરી જાય ત્યારે.

મુમુક્ષુ :- મરી ગયા ત્યારે આવે જીવતા હોય ત્યારે નહિ.

ઉત્તર :- જીવતા પણ લખે છેને. .. કે મારે તો જીવતા મર્યાના શ્રદ્ધાંજલી આવી. .. મરી ગયા એમ આવ્યું હતુંને? છાપામાં આવ્યું હતું. તો ઘણાએ શ્રદ્ધાંજલી મોકલી પાછળથી.

મુમુક્ષુ :- હતા જીવતા અને છાપામાં આવ્યું.

ઉત્તર :- એટલે કહે જુઓ મારે તો બીજા કરતા વધારે થયું છે. એમ કહે. બીજાને મર્યા પછી કોક વખત શ્રદ્ધાંજલી સાંભળે. હું તો જીવતા મારી શ્રદ્ધાંજલી એટલે તમે અફસોસ ન કરશો. ... .. આવ્યુંને? મારાથી ભૂલ થઈ ગઈ. કૈલાશચંદ કહે મારાથી ભૂલ થઈ ગઈ છે. કાગળ કોકનો આવ્યો છે. ભૂલ નથી થઈ. સમુકનો મને લાભ થયો છે. જીવતા શ્રદ્ધાંજલીઓ કોને કોને પ્રેમ છે એ મને દેખાવા માંડ્યો. ૮૪ વર્ષ. ..ને. ગૃહસ્થ છે. ચેતનજી ગૃહસ્થ ઘણા લાખોપતિ છે. નાની ઉંમરમાં ... પણ કોણ કરે કહે છે. આહા..હા..! મારે પણ કર્યા વિના થાય? પણ અહીં નહોતા ત્યારે અહીં ક્યાં હતું આ બધું? અહીં તો પાડા બેસતા.

એક જણો કહેતો હતો ઇ. ઓલા ગરાસિયા ગુજરી ગયા બિચારા. પાંચ ઓરડાવાળા નહિ? ... એ આવતા. કહે જુઓ આ કેટલા કામ આવે જુઓ. આહા..હા..! ભાઈ! તું એમ ન કહીશ કીધું. મારાથી થાય... એય..! કહો અહીં તો પાડા બેસતા હતા. હવે અહીં દસ-દસ લાખ, પંદર લાખના મકાન. મોટા કરોડપતિઓ આવે. કાંઈક હશે કે નહિ પરને લઈને? હમણા ઇ આવ્યા હતા બીજા કોક બે-ત્રણ જણા. નહિ? પાલિતાણા રહેનારા. પાલિતાણા રહેનારા જુવાન હતા છોકરા. એ બિચારા ગયા હતાને... મહારાજ! કાંઈક લાગે છે હોં તમારામાં. એ વિના આવું આ બધું જંગલમાં? દેરાવાસી હતા પાલિતાણા. પણ અહીંથી ત્યાં રહેતા અને મુંબઈ ... મુકુંદભાઈના .... મુકુંદભાઈ નામ બીજું છે. મુકુંદભાઈને ઓળખે છે. કાંઈક છે ખરું હોં. મેં કીધું કાંઈ નથી હોં અમારી પાસે. એ ચૈતન્ય અને આત્માની વાત છે. એને જેને સમજવી હોય તો ચમત્કાર એનો છે. વળી કોઈ કહે તમારે લઈને આમ પૈસા મળ્યા કોકને. તમારે લઈને રોગ મટી ગયો એ વાતમાં કાંઈ માલ નથી. ... ... લ્યો. એક જણો ઇ કહેતો હતો કે મહારાજ પાસે જઈને લાકડી ફરે તો પાછા એના થઈ જઈએ. કોણ કીધું નહિ હમણા કોકે? આ વિમલચંદજી. એના મામાજી થાય. એ કહે મહારાજ પાસે ન જાવું. ત્યાં લાકડી ફરશે તો ... આવે. લે! આ કોનું કરે બાપુ!

મુમુક્ષુ :- મહિમા કરે.

ઉત્તર :- પણ મહિમા તે પણ કાંઈ પરને લઈને મહિમા છે એમાં? આહા..હા..!

કહે છે એ કરીને પછી કહે છે **'તે (કાર્યકારણભાવ) નહિ સિદ્ધ થતાં,...'** કોઈ રજકણ અને બીજા રજકણ સાથે ઉત્પાદ્ય અને ઉત્પાદક નથી. આહા..હા..! એ કહેતા હતાને ભાઈ! ઓલા

શાંતિભાઈ જ્યારે પહેલા આવ્યાને. ... ત્યાંથી વાત લઈને આવ્યા હતા. જુઓ આ સ્કંધમાં પરમાણુ રહ્યો તો એ જેવો છે એવો રહ્યો નથી. માટે સ્કંધની અસરને કારણે પરમાણુમાં બીજી ચીજ આવી ગઈ. જુઓ આ પરમાણુ આમાં છે. એ સૂક્ષ્મ નથી રહ્યો. એકલો હતો તો સૂક્ષ્મ હતો. આમાં આવ્યો તો સ્થૂળ થઈ ગયો. એનું કારણ? આ સ્થૂળ છે એમાં આવ્યો માટે સ્થૂળ થઈ ગયો.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- પણ કઈ અપેક્ષાથી? એ વખતની સ્થૂળની પર્યાયનો ઉત્પાદક પોતે પરમાણુ છે. જોડે આ સ્થૂળમાં આવ્યો માટે સ્થૂળતા થઈ એમ નથી. આહા..હા..! સ્થૂળ થયો એ વાત સાચી છે. આમાં વિભાવિક સ્થૂળતા એને પરમાણુમાં આવી છે. એકલો એ સૂક્ષ્મ રહે છે અને અહીં ભેગો આવે ત્યારે સ્થૂળતા તે સમયે જ સ્થૂળતા થાય છે. પણ કોને લઈને? એ ઉત્પાદક બીજા પરમાણુ સ્થૂળ અને એમાં સ્થૂળ થયો એ ઉત્પાદ્ય એમ નથી. એ તો અહીં .. ના પાડે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એવા તો કેટલાય દાખલા એના બધાય.

એ **'અજીવને જીવનું કર્મપણું...'** લ્યો ઠીક! **'નહિ સિદ્ધ થતાં...'** **'અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી;...'** અજીવને જીવનું કર્મપણું એમ. એટલે કે જીવ-અજીવનું કાર્ય એમ સાબિત થતું નથી. આહા..હા..! પછી ઓલો છોકરો કહેતો હતો જુઓ, મહારાજ નહોતા કહેતા .. કોઈનું ન કરે. ધબો માર્યો બીજા છોકરાને. મહારાજ નહોતા કહેતા? મેં કાંઈ કર્યું નથી. શીખવાનું આ અર્થ હતો? એ કહેતો હતો બોર્ડિંગનો છોકરો હતો પહેલા. ઘણા વર્ષ થઈ ગયાને. બોર્ડિંગ શરૂ કરી હતી ત્યારે ત્રણ જણાએ શરૂ કરી હતી ત્રણ છોકરા. બે ... અને એક મનસુખ અહીં. ત્રિભુવનભાઈનો દીકરાનો દીકરો. એક પછી એનો .. અને એક પછી હરિભાઈનો વાંકાનેર. ત્રણ હતા પહેલા. પછી કોક છોકરા ઝાઝા વધ્યાને એમાંથી બોલ્યું હતું કોક. એ ક્યાં બોલ્યો હતો? એ કહે હું ક્યાં કરી શકું છું? પણ કરવાનો તે ભાવ કર્યો કે નહિ? ભાવ કર્યો માટે આમ આ હાથ નથી થયો કહે લ્યો. હવે આ તે ભારે કામ! જેને આ વાત બેસે એને એવા ક્રોધના ભાવ આવે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

**'અજીવને જીવનું કર્મપણું...'** એમ આવ્યુંને? અજીવનું કાર્ય જીવનું છે એમ સાબિત થતું નથી. **'અજીવને...'** એટલે કર્મની પર્યાયને, શરીરની પર્યાયને જીવનું કાર્ય છે એમ સાબિત થતું નથી. આહા..હા..! પણ હાથ હલાવ્યો એવું જે આ કર્મ એટલે આ જડનું કાર્ય એને આત્મા એનો કર્તા ઇ આત્માનું એ કાર્ય અને આત્મા કર્તા એ વાત સાબિત થતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! **'અજીવને જીવનું કર્મપણું...'** એટલે જડની પર્યાયનું કાર્ય જીવ કરે એ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! આત્મા ખાઈ શકવાની ક્રિયાનો કર્તા અને ખાવું એ એનું કર્મ એમ સાબિત થતું નથી. કહો, ભગવાનજીભાઈ! આહા..હા..! લાકડી હાથમાં હથિયાર લ્યો. એ હથિયારનું કર્મ એ કર્મ જીવે કર્યું એમ સાબિત થતું નથી. અજીવનું કાર્ય જીવે કર્યું એમ શબ્દ છેને? **'અજીવને જીવનું**

**કર્મપણું સિદ્ધ થતું નથી...**' સિદ્ધ તો આ કરવું છે હોં. પહેલા આખો સિદ્ધાંત કરી નાખ્યો. ક્રમબદ્ધનો સિદ્ધાંત. દરેક દ્રવ્ય પોતપોતાના કાર્યકારણમાં તત્પર. પરની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! આમ તો કહે અમે દયા પાળી દઈએ, આપણે હિંસા ન કરીએ, હિંસા કરવી, ન કરવી આત્માના અધિકારમાં છે. આ શરીરની ક્રિયા બોલવાની થાય એ આત્માથી થાય. કહે છે કે બોલવાનું કાર્ય ઇ જીવ એનું કર્મ છે જીવનું કાર્ય એમ કોઈ રીતે સાબિત થતું નથી. ઓલામાં આવ્યું છે, ભાઈ! ઓલામાં નહિ? ખાણિયામાં. જ્ઞાનનું કાર્ય ભાષા છે. એય..! પંડિતોએ આ કાઢ્યું. જ્ઞાનનું કાર્ય ભાષા છે. કઈ રીતે? આહા..હા..! એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. મગનભાઈ! એવો પાઠ શાસ્ત્રમાં છે. આમાં જુઓ, રતનચંદજીએ કાઢ્યું. સામે જવાબ આપ્યો ફુલચંદજીની સામે ખાણિયા ચર્ચામાં. ખાણિયા ચર્ચા જોઈ છે તમે?

એમ કે આ ભાષા છે એ કેવળજ્ઞાનની પર્યાયનું કાર્ય છે. તમે એમ કહો કે ના, ના કેવળજ્ઞાનની પર્યાયે ભાષા કરી જ નથી. એ નહિ. આ રહ્યો દાખલો. એય..! પંડિતજી! છે કાંઈ? સાંભળ્યું છે? એ તો જ્ઞાન વખતે ત્યાં ભાષાનો કાળ સરખો છે એથી વ્યવહારથી એમ કહેવામાં આવ્યું છે. વ્યવહાર કહો કે અભૂતાર્થ કહો કે અસત્યાર્થ કહો. અસત્યાર્થ દૃષ્ટિથી એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! ભારે વાત આકરી! જગતને.

અને તે '**અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી; અને તે (-અજીવને જીવનું કર્મપણું) નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની...**' ભાષા જુઓ હવે. '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' એટલે કે આત્માનું કાર્ય પરની અપેક્ષા વિના સિદ્ધ થાય છે અને પરમાણુનું કાર્ય આત્માની અપેક્ષા વિના સિદ્ધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, આ ખાંડણીમાં ખાંડે સાકર. દસ્તો. ઇ કાર્ય ભૂક્કો થાય છે એ કાર્ય જીવનું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો જડનું કાર્ય ત્યાં છે. આ તો કહે મારા નિમિત્ત ઉડાવી દે છે. નિમિત્ત ક્યારે કહેવાય? કે એનાથી ન થાય એમાં ત્યારે નિમિત્ત. એનાથી થાય એમાં નિમિત્ત રહ્યું ક્યાં? એ તો પરમાં ગરી ગયું. આહા..હા..! મોટા વાંધા છે. ક્રમબદ્ધનો, વ્યવહારથી નિશ્ચય થાય એનો અને નિમિત્તથી ઉપાદાનમાં થાય એવો આ ત્રણેને ભુક્કો ઉડે છે આમાં તો.

ક્રમબદ્ધ થાય એમાં આગળ-પાછળ થાય નહિ એક વાત. અને એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને ઉત્પાદક થાય એમ બનતું નથી. આહા..હા..! અભેચંદભાઈ હતા ત્યાં પોરબંદરમાં. એના કાકા નહિ ભાઈના. નેમચંદ. નેમચંદ એ .. એના કાકા. પર્યુષણમાં નવરા થાય. પાણીમાં જાણે માખી હોય તો ઉચકીને લે, કાઢે. બહુ દયા પાળે એમ માને. એવું એમાં દયા પાળવાની વાતું એવી છે એટલે શું કરે બિચારા? આહા..હા..! એ તો એ વખતે જડની પર્યાયનું કાર્ય તો સ્વતંત્ર થવાનું હતું. અને માખી જે બચી તેનો પર્યાય તે કાળે તે જ થવાનો હતો. એને આનો હાથે ઉત્પાદક થઈને એ ઉત્પાદ્ય કાર્ય કર્યું બચાવાનું (એમ નથી). આહા..હા..! બહુ ફેર

આમાં, ભગવાનભાઈ! એય..! .. આ બધા શેઠિયા ત્યાં હતા મોઢા આગળ લ્યો. તો હા પાડે ત્યાં પછી.

મુમુક્ષુ :- ... નીકળ્યા છે.

ઉત્તર :- નીકળ્યા. ખબર છેને. ઇ હોય, પણ છતાં હું કર્તા છું એનો એમ નહિ. .. એવો વિકલ્પ આવે, પણ ત્યાં થવાનું હોય તો થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એટલે વિકલ્પ આવ્યો માટે હાથ ઉંચો થયો એમ નહિ. આહા..હા..! એ ચીમનભાઈએ એમ કહ્યુંને? ચીમન ચકુ. ૫૭માં. લ્યો હાથ ઉંચો થયો છે. લ્યો આ નથી કરતા અમે? .. માંસ ખાવાનું ઓલો છોકરો ખાધું .. ખોટું. અહીં તો ભૂખ મટી જાય... ભાઈ! એમ ત્રિરાશી કરવી જોઈએ, એમ સીધું ન માનવું જોઈએ. એ ભૂખ મટી છે એ તો શાતાનો ઉદય અને જઠરની પર્યાય એ થવાની. શાતાનો ઉદય એ તો નિમિત્ત છે. પણ જઠરની પર્યાય એ થવાની. આમાં .. નિમિત્ત છે. એમાં એણે માંસે જઠરને શાંત કરી અને ભૂખ મટાડી. મારો ભ્રમ ભારે! એ .. ૮૪માં. બગસરા ગયા હતાને બગસરા? અમરુભાઈ હતા ત્યાં ...વાળા. ...વાળાનો દીકરો ૬૦ હજારની ઉપજ. .. ૮૪માં. ..વાળા .. પછી આ પણ આવ્યો હતો. .. હતો રૂપાળો. ૬૦ હજારની ઉપજવાળો. ૪૦ હજારની ... ૨૦ હજારની બીજી હતી પછી એને મારો જુવાન હતો. મોટો રાજા જેવો હતો. મહારાજ! મારે ઘરે આવીને મારી બાને સંભળાવો. પોર પણ ગયા હતા .. વાત થઈ હતી ... મારી માતુશ્રીને વાત સંભળાવો... આ છોકરાનું માંસ કાપીને ખાધું છતાં એને લઈને ભૂખ મટી એમ નથી. આ શું કોઈ દિ' સાંભળ્યું ન હોયને. કાઠી લોક. બહુ પૈસાવાળા માણસો. પાછા આબરૂ... ૮૪ની સાલ કેટલા વર્ષ થયા? ૪૫. ૪૫ વર્ષ થયા.

અરે..! બિચારા ગરીબ માણસો. આત્માની ખબર ન મળે. આહા..હા..! આ ઓલો હમણા .. મરી ગયોને કોક મંગળ. મોહનકુમાર મંગળ... છોકરા આવ્યા હતા. બેઠા બિચારા આમ .. ચડ્યું તો આમ. અરે..! ક્યાં અભ્યાસ લોકોને. ... ભાઈ! અહીં લોકો એના ઓલા કરે. ભારે કામ કર્યા. એ તે આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન થયા હશે. એકદમ મરી ગયો બેઠા-બેઠા ફોટો આવ્યો હતો છાપામાં. ... એની બેઠક. શું કહેવાય ઇ? બેઠા-બેઠા મરી ગયા. આ સ્થિતિ બાપા! ... જડની તે સમયે .. નિશ્ચયથી .. નિયત થઈ જશે, પણ નિયત જ છે. જે પર્યાયની શરીરની એ વખતે, તે ક્ષેત્રે, તે જ અવસ્થારૂપે થવાની હતી. અગ્નિએ કરી નથી, બીજાએ કરી નથી. આહા..હા..! પેટ્રોલ ઉત્પાદક અને શરીર બળ્યું એ ઉત્પાદ્ય એમ નથી. આહા..હા..! વીતરાગ... વીતરાગ... વીતરાગ... આ છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનને જાણીને સમાઈ જા એમાં. બાકી કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? દુનિયા વખાણે કે ન વખાણે એની સાથે તારે શું સંબંધ? આહા..હા..! પ્રશંસા કરનારા આવ્યા તો અમને રાગ થયો, ન આવ્યા હોત તો થાત? એ વાત જ ખોટી છે તારી. આહા..હા..!

કહે છે '**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' જુઓ, આ સિદ્ધાંત. છેને? '**નહિ સિદ્ધ થતાં, કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' આ જેમ ઓલામાં આવ્યું હતુંને નિરપેક્ષ? ૬૨ ગાથા. જીવમાં વિકાર થાય એને નિમિત્તની અપેક્ષા છે જ નહિ. પરથી નિરપેક્ષપણે જીવ વિકાર પોતાથી પોતામાં કરે. આહા..હા..! એ ત્યાં પણ નિરપેક્ષ આવે છે ૬૨ ગાથામાં. વિકાર થવામાં પરના વ્યવહારની અપેક્ષા એને છે જ નહિ, નિમિત્તની અપેક્ષા છે જ નહિ નિશ્ચયથી. વ્યવહારથી કહે છે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા. આહા..હા..! સમજાણું કાંઈ? જૈનમાં આ બહુ લાકડુ ગરી ગયું છે. કર્મને લઈને આમ થાય અને કર્મને લઈને આ થાય. અને આપણે પુરુષાર્થ કરીએ તો કર્મને ટાળી શકીએ. એ પણ ખોટી વાત છે. ટાળવાનું કાર્ય એમાં ઉત્પાદ વિનાનો પુરુષાર્થ ત્રણ કાળમાં એ ઉત્પાદ કરી શકે નહિ. આહા..હા..!

'**કર્તા-કર્મની અન્ય નિરપેક્ષપણે...**' જોયું? કર્તાનું કર્મ જે દરેક દ્રવ્યનું એમાં પરની અપેક્ષાવાળું કર્તાકર્મપણું એ કોઈ રીતે સિદ્ધ થતું નથી. આહા..હા..! '**(-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...**' જુઓ, એ કૌંસમાં નાખ્યું છેને? એ તો સ્પષ્ટ કરવા માટે. અન્ય નિરપેક્ષપણે સિદ્ધિ હોવાથી. એટલે? સ્વદ્રવ્યમાં જે પર્યાય થાય એનો કર્તા એ અને એનું કર્મ ઇ. એને પરદ્રવ્યની અપેક્ષા કોઈ રીતે સાબિત થતી નથી. આહા..હા..! આ કર્તા થોડું-થોડું ચાલે છે હોં હવે છાપામાં આવે છે. ન કરે, કોઈનું કાંઈ ન કરી શકે. એમ બધું આવે. શું કહેવાય? સન્મતિ. સન્મતિ સંદેશ. છ-સાત હજાર છપાય છે છાપા. ન કરે કાંઈ પરનું. પરથી ન થાય તારામાં કાંઈ. આહા..હા..! એમ આવે છેને કર્તા-કર્મમાં કે અજ્ઞાનથી જ્યારે રાગ-દ્વેષનો કર્તા થાય છે ત્યારે પૂર્વનો કર્મ જે અજ્ઞાનથી બંધાયેલું હતું એ એને નિમિત્ત થાય છે અને અત્યારે પણ અજ્ઞાનથી જે બાંધે છે એ ભવિષ્યમાં અજ્ઞાનનું કારણ થાશે. આવે છેને ૬૯-૭૦ ગાથા. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા.

ઉત્તર :- એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. આ છે છાપામાં હોં. આ સમયસાર છેને? જુઓને કેટલામો ૬૯-૭૦. ૬૯-૭૦. '**એક પ્રવાહપણે હોવાથી જેમાંથી ઇતરેતરાશ્રય દોષ દૂર થયો છે એવો તે બંધ,...**' છેલ્લી લીટી. ૬૯-૭૦ની છેલ્લી લીટી. '**કર્તાકર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે.**' આહા..હા..! શું કીધું સમજાણું? કે પોતે અજ્ઞાન કર્યું, રાગ-દ્વેષનો કર્તા થયો અને તે કર્મ બંધાણું કર્મને કારણે. અને એ કર્મ બંધાયેલું કર્તા-કર્મની પ્રવૃત્તિનું નિમિત્ત જે અજ્ઞાન તેનું નિમિત્ત છે. આહા..હા..! અત્યારે નિમિત્ત થયું કર્મબંધનની પર્યાયમાં એ કર્મબંધનની પર્યાયનો ઉદય એને અજ્ઞાનમાં નિમિત્ત થયો. જુઓ પણ અહીં નિમિત્ત સિદ્ધ કર્યું. પણ નિમિત્ત સિદ્ધ કર્યું એટલે એનાથી ઉત્પાદ થયો એમ ક્યાં આવ્યું છે?

મુમુક્ષુ :- ન થયું એમ આવ્યું.

ઉત્તર :- ન આવ્યું સમુકું. આહા..હા..!

મુમુક્ષુ :- હાજરી બતાવી.

ઉત્તર :- હા, છે એ વસ્તુ. હોય તો બધું સર્વ દ્રવ્ય છે. અહીં તો હા પાડે છે જુઓને. '**કર્તા-કર્મની પ્રવૃત્તિથી બંધ છે અને તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે.**' ભાવાર્થમાં છેને? એ નાખે એમાં. જુઓ, આમાં નિમિત્તથી થાય છે. પણ નિમિત્તથી થાય છે એમ ક્યાં કહ્યું? નિમિત્ત હોય છે એમ કહ્યું. (નિમિત્તથી થાય) એ વાત જ ખોટી છે.

મુમુક્ષુ :- નિમિત્તથી થાય છે એમ કહે તો

ઉત્તર :- એનાથી શું થાય? આ તો એનું નિમિત્ત અજ્ઞાન છે ત્યારે ભાવ કર્તા-કર્મનો અજ્ઞાનભાવ એ નવા કર્મને બંધનમાં નિમિત્ત છે અને નવું જે બંધાણું એ ભવિષ્યમાં રાગ, દ્વેષ અને અજ્ઞાનનું એ નિમિત્ત છે. આમ સિદ્ધ કર્યું. જયચંદભાઈ! એ આમાં નાખ્યું છેને. ૮૨મી ગાથામાં આવે છેને સાથે? નિમિત્ત કરીને આમ થાય. આવે છેને ૮૨માં? એ જ વાંધા હતાને છેક.

**एदेण कारणेण दु कत्ता आदा सएण भावेण।**
**पोग्गलकम्मकदाणं ण दु कत्ता सव्वभावाणं।।८२।।**

'**जीवपरिणामहेतु कर्मत्वं पुद्गलाः परिणमन्ति।**' ૮૦. જીવ પરિણામનું નિમિત્ત પામીને '**कर्मत्वं पुद्गलाः परिणमन्ति।**' એથી પુદ્‌ગલનો પર્યાય તો તે કાળે પોતાથી થાય છે. એને આ નિમિત્ત છે એટલી વાત સિદ્ધ કરી લ્યો. છેને? '**पोग्गलकम्मनिमित्तं तहेव जीवो वि परिणमदि।**' લ્યો, આહા..હા..! '**જીવપરિણામને નિમિત્ત કરીને પુદ્‌ગલો કર્મપણે પરિણમે છે...**' આ ચર્ચા ચાલી હતી ઘણા વર્ષ પહેલા. '**અને પુદ્‌ગલ કર્મને નિમિત્ત કરીને જીવ પણ પરિણમે છે.**'

મુમુક્ષુ :- ... કર્તાકર્મપણાની અસિદ્ધિ...

ઉત્તર :- અસિદ્ધિ છે. કર્તા-કર્મની સિદ્ધિ છે જ નહિ. એના માટે તો આ વાત કરી છે. નિમિત્ત હો, પણ નિમિત્ત કર્તા છે અને ત્યાં કામ થાય છે. તો પછી આ અશુભભાવ ક્યાં રહ્યો પાછો? મોટી ચર્ચા થઈ હતી. આહા..હા..! આ એક જ ગાથા વાંચે. સમજવા માટે હોં. છતાં એની સમજવાની પર્યાયની આ ગાથા ઉત્પાદક છે અને એની સમજવાની પર્યાય ઉત્પાદ્ય છે. આ ગાથા ઉત્પાદક છે. એય..! મગનભાઈ! અને એનો જ્ઞાનનો પર્યાય ત્યાં થયો એ ઉત્પાદ્ય એનું છે એમ નથી. કર્તાકર્મની અન્ય નિરપેક્ષપણે તે પર્યાયની સિદ્ધિ છે. આહા..હા..! કેટલી સ્વતંત્રતા સિદ્ધ કરી છે! આવા શાસ્ત્ર પડ્યા છે પણ વાંચે નહિ, સ્વાધ્યાય કરે નહિ અને પોતાની દૃષ્ટિથી એના અર્થો કરે. જુઓ આમાં આ આવ્યું, જુઓ આમાં.. શું પણ આવ્યું? એ તો નિમિત્ત છે એનું જ્ઞાન કરાવ્યું છે. તો નિમિત્ત ઉત્પાદક છે અને ઓલું ઉત્પાદ્ય છે એમ ક્યાં આવ્યું? તો નિમિત્ત રહ્યું જ ક્યાં? સમજાણું કાંઈ? આહા..હા..!

'**કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે...**' આહા..હા..! ભગવાનની મૂર્તિ છે તે ઉત્પાદક છે અને જીવના શુભ પરિણામો ઉત્પાદ્ય છે એમ કોઈ રીતે સિદ્ધ થતું નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

સિદ્ધક્ષેત્ર, સમ્મેદશિખર જેવા ભાઈ લ્યો. એ સમ્મેદશિખર તે ઉત્પાદક છે અને જીવના શુભ પરિણામ તે ઉત્પાદ્ય છે એમ કોઈ રીતે સાબિત થતું નથી. આહા..હા..! ઓલા તો કહે 'એક વાર વંદે જો કોઈ...' લ્યો. 'નરક-પશુ ન હોઈ.' જુઓ, કેટલું માહાત્મ્ય સિદ્ધ કર્યું! આવા ને આવા ગોટા મહામિથ્યાત્વના શલ્યો અને એને શુભભાવથી કાંઈક થાય લાભ. શુભભાવ એનાથી થાય અને શુભભાવથી અહીં ધર્મ થાય. આહા..હા..! બીજી રીતે કહીએ તો કર્મથી શુભભાવ થાય. અજીવ છેને કર્મ? એનાથી શુભ થાય અને શુભથી શુદ્ધ થાય. જડથી અહીં શુદ્ધ થયું. સમજાણું કાંઈ? અજીવ કર્મ, એનાથી શુભભાવ થાય એ જૂઠી વાત છે. શુભભાવ ઉત્પાદ્ય છે અને એ ઉત્પાદક છે કર્મનો ઉદય એમ છે નહિ. પછી શુભભાવ ઉત્પાદક છે અને શુદ્ધભાવ ઉત્પાદ્ય છે (એમ છે નહિ). આહા..હા..! આવી વાત સત્ય પણ માણસને ગળે ઉતરે નહિ. એય..! ઝઘડા... ઝઘડા... ઝઘડા... આહા..હા..! હજી તો શાસ્ત્રના અર્થમાં ઝઘડા. એને અંતરમાં અર્થ તો ક્યાં બેસે એને? આ શાસ્ત્રમાં કહ્યું... આ શાસ્ત્રમાં... પણ શું કહ્યું? શું કહેવા માગે છે એ સમજ્યા વિના?

અન્ય નિરપેક્ષપણે. **'કર્તા-કર્મની અન્યનિરપેક્ષપણે (-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...'** કોઈ દ્રવ્યની પર્યાયનું કર્તાપણું પરથી અને એનું કાર્ય પરથી એ કોઈ અન્ય દ્રવ્યની અપેક્ષા ત્યાં છે નહિ. **'(-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ) સિદ્ધિ હોવાથી,...'** જીવની પર્યાયમાં જીવની સિદ્ધિ હોવાથી, અજીવની પર્યાયમાં અજીવની સિદ્ધિ હોવાથી. અજીવની પર્યાય જીવ નિમિત્ત છે માટે તેનો ઉત્પાદક છે એમ નથી. અને જીવની પર્યાય ઉત્પાદક માટે કર્મની બંધનની પર્યાય ત્યાં તે કાળે જ્ઞાનાવરણીય યોગ બંધાય એમ નથી. આટલું તો સ્પષ્ટ કર્યું છે હવે.

મુમુક્ષુ :- ... મેળ નથી.

ઉત્તર :- મેળ નથી. એટલું ભેળસેળ કરી નાખ્યું છે. માનીને. માનીને હોં. આહા..હા..! ત્યારે આ ભેળસેળનો જમાનો જુઓને કેટલું આવ્યું હતું. અહીં આવ્યું હતું ૩૫ ચીજોમાંથી કેટલી ૨૯-૨૮ ચીજ તો ભેળસેળવાળી હતી. બીજે તો આવ્યું હતું. કેટલીય ચીજો દુકાનેથી મંગાવી હતી. ઘણી. એમાંથી અમુક થોડી ચીજ ભેળસેળ વગરની. બાકી બધી ભેળસેળ અત્યારે. આ ધંધા શું કહેવાય ગાંધીના, કરિયાણાના. મોટું ભેળસેળ. એમ આ ધર્મમાં ભેળસેળ થઈ ગયો આ. નિમિત્તથી થાય ધર્મમાં ભેળસેળ. આ રીતે એને વેચાણ કરવા માંડ્યો મારે. આહા..હા..! ધર્મને ભેળસેળવાળો કરીને ધર્મ મનાવ્યો છે. શુભભાવ હોય તો આત્મામાં ધર્મ થાય. ભેળસેળ કર્યું તે. એમ કર્મ હોય, મંદ પડે તો શુભભાવ થાય. કર્મનો ઉદય તીવ્ર હોય અને શુભભાવ થાય? કહે છે કે તીવ્ર હોય, મંદ હોય એને ઘરે રહ્યું. આવે છેને તેરમી ગાથામાં નહિ? આસ્રવ ક્રમબદ્ધ થવાને લાયક (અને કર્મ નિમિત્ત) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. ૧૩મી ગાથામાં.

અહીં કહે છે **'(-અન્યદ્રવ્યથી નિરપેક્ષપણે, સ્વદ્રવ્યમાં જ)...'** કોઈ પણ દ્રવ્યની અપેક્ષા વિના દરેક દ્રવ્યની સ્વની પર્યાયનો કર્તા-કર્મ એમાં સમાય છે. આહા..હા..! આમાં તો કહે કે નિમિત્ત

ઉડાડ્યું અને વ્યવહાર પણ ઉડાડ્યો અને ક્રમબદ્ધ સ્થાપ્યું. પણ ઓલો અંદરમાં રાગની મંદતાનો .. ઓલું નિમિત્ત તો બહાર છે. મંદતા કષાય મંદ થાય... એ શુભભાવમાં .. કરવાનો હેતુ તો ઇ છે. વ્રત કરીએ, તપ કરીએ એ બધો શુભભાવ શુદ્ધતામાં લઈ જવા માટે છે. જેઠાભાઈ! એ કર્યું હતુંને બધું અત્યાર સુધી શું? આહા..હા..!

**'હોવાથી, જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.'** લ્યો, જીવને અજીવનું. આમ કહ્યું હતુંને ઓલું? અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી. તો એ જ રીતે પાછું કર્તાપણું સિદ્ધ થતું નથી એમ કહે છે. ત્યાં કર્મ સિદ્ધ થતું નથી એમ કીધું હતું. અહીં **'જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.'** કેમકે જીવને અજીવનું કર્મપણું નથી, માટે **'જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.'** આમ વાત લીધી છે. **'માટે જીવ અકર્તા ઠરે છે.'** લ્યો, આ સરવાળો કર્યો. માટે ભગવાન આત્મા ખરેખર તો રાગ અને કર્મની પર્યાયનો કર્તા નથી. આહા..હા..! આ .. નહિ એને. એમ છે વસ્તુનું સ્વરૂપ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ સુદ-૧૫, રવિવાર, તા.૧૫-૦૭-૧૯૭૩**

**ગાથા-૩૦૮ થી ૩૧૧, કળશ-૧૯૫, પ્રવચન-૪૩૯**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. એનો ભાવાર્થ ચાલે છેને? ટીકા પૂરી થઈ કાલે. પહેલી ચાર ગાથા.

**'ભાવાર્થ :- સર્વ દ્રવ્યોના પરિણામ જુદા જુદા છે.'** પ્રત્યેક દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા હો કે રજકણ હો કે ધર્માસ્તિ આદિ. પ્રત્યેક પદાર્થ એના પરિણામ એટલે પર્યાય તે તે પ્રત્યેક દ્રવ્યથી તે તે દ્રવ્યની પર્યાય જુદી છે. બરાબર છે? **'પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે;...'** લ્યો, અહીં તો આ આવ્યું. ક્રમબદ્ધમાં કહો કે વ્યવસ્થિત દ્રવ્યનો તે સમયનો તે પર્યાય તે કાળનો તેનો થાય એનો એ કર્તા દ્રવ્ય છે. એ પર્યાય એનો એક કર્મ છે, કર્મ નામ કાર્ય છે. બીજી એક દ્રવ્યની પર્યાયને બીજી દ્રવ્યની પર્યાય ઉત્પાદક અને એક દ્રવ્યની પર્યાય એનાથી ઉત્પાદ્ય, કાર્ય એવું નથી. કહો, આ શું છે આ બધું? આ તમારા ઇંજેક્શનથી રોગ ન મટે એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- ઇંજેક્શનથી તો ઘણાય મરી જાય છે.

ઉત્તર :- આહા..હા..! એક રજકણ છે પરમાણુનો એ પરમાણુમાં ક્રમસર જે પર્યાય અનાદિથી પ્રવાહરૂપે થાય છે એ પર્યાયનો કર્તા એ રજકણ છે. એનો કર્તા બીજો રજકણ નહિ અને બીજો જીવ પણ નહિ. એવી વસ્તુની મર્યાદા છે. સમજાણું કાંઈ?

એ '**પોતપોતાના પરિણામોના, સૌ દ્રવ્યો કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમનાં કર્મ છે.**' આવ્યું હતું અંદર. અજીવને જીવનું કર્મપણું સિદ્ધ થતું નથી. અજીવને એટલે અજીવના કાર્યને જીવ અજીવનું કાર્ય કરે, અજીવનું કર્મ એટલે કાર્ય જીવ કરે એ વાત સિદ્ધ થતી નથી. સમજાણું કાંઈ? તેથી પછી છેલ્લે ત્યાં કર્મ લીધું પછી છેલ્લે લીધો કર્તા. '**જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી.**'

મુમુક્ષુ :- કર્મપણું સિદ્ધ થતું નથી એટલે કર્તાપણું...

ઉત્તર :- એમ બે વાત સિદ્ધ કરી હતી. જ્યારે જીવને અજીવનું કાર્ય નથી તો અજીવના કાર્યનો જીવ કર્તા પણ નથી. આહા..હા..! આતે વાત ભારે! પરની દયા જીવ પાળી શકે એવું આત્મામાં નથી એમ કહે છે. ભારે આકરી વાતું! કેમકે પરદ્રવ્યની જે આયુષ્ય અને એનો આત્મા બેની જે એની પર્યાયનો કાળ છે એનો એ કાળના કાર્યને બીજો દ્રવ્ય કરવા સમર્થ છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ દ્રવ્યનો એ પર્યાય તે કાળનો એ જીવને બચવું એટલે ટકવું હોય આયુષ્યથી કે આયુષ્યથી ન ટકવું હોય એની પર્યાય એના પરમાણુ કે એના આત્માને લઈને એ પર્યાય થાય છે. બીજો જીવ એને નભાવી શકે, બચાવી શકે, દયા પાળી શકે એમ વસ્તુની સ્થિતિમાં એમ નથી. સમજાણું કાંઈ? અજીવનું કર્મ જીવ કરે અને અજીવના કાર્યનો જીવ કર્તા થાય એમ જીવના કાર્યનો અજીવ કર્તા થાય અને જીવનું કાર્ય એનો પરવસ્તુ ઉત્પાદક થાય એમ નથી. આહા..હા..! ભારે આકરી વાત છે. કહો, આ મંદિર સ્થાપન, પ્રતિમા સ્થાપન એ આત્મા કરી શકે નહિ એમ કહે છે. એય..!

મુમુક્ષુ :- તો આપણે મુહૂર્ત જોવડાવું કે ન જોવડાવું?

ઉત્તર :- એ તો આપણે પંડિત છેને એને પૂછોને પંડિતને. કહો, આહા..હા..! એ પ્રતિમાને આમ સ્થાપે એ સ્થાને. એ પર્યાયનો કર્તા જીવ નથી. કેમકે તે કાળે તે પરમાણુની અવસ્થા પરમાણુ કર્તા છે અને એની અવસ્થાનું થવું તે પરમાણુનું કામ છે. કહો, આ તો સીધી વાત છે. કહો, સમજાણું કાંઈ? દેશની સેવા કરી શકે આત્મા, પરજીવની માંદગીમાં એની વયાવચ્ચ કરી શકે એમ નથી. આહા..હા..! આવી વાત આકરી પડે.

મુમુક્ષુ :- વ્યવહારે તો કરી શકે?

ઉત્તર :- વ્યવહારે શું કરે? એ તો બોલવામાં આવ્યું. ગામ મારું એમ બોલવામાં આવ્યું તો એ ગામ થઈ ગયું એનું? દાખલો આપ્યો હતો કે નહિ? સર્વવિશુદ્ધ(માં) વ્યવહારના બોલવાની રીતને

લોકો પકડીને માને છે. આહા..હા..! શેના એને અભિમાન છે? કોઈ કામના પ્રસંગો આવ્યા ત્યાં પોતે ઉભો હોય એથી એને એમ થાય કે આ કામની અવસ્થાની કર્તા હું છું એ અવસ્થાનો. કહે છે કે ભાઈ! જેનો કર્તા છે ઇ કર્તા પરમાણુ છે કે એ જીવ છે એની એ પર્યાય તો એનો કર્તા તો ઇ છે અને ઇ કર્તાનો એ પર્યાય તેનું કાર્ય નામ કર્મ છે એમાં તું ક્યાં એને કરી દીધું? આહા..હા..!

મુમુક્ષુ :- આપ જ કહો છો કે બાહ્ય વ્યવસ્થા બહુ સરસ.

ઉત્તર :- ઇ બધી બોલવાની રીતું છે.

મુમુક્ષુ :- હાથીના દાંત જુદા અને ચાવવાના જુદાં.

ઉત્તર :- એય..! પંડિતજી! આહા..હા..! આ બોલવાની આ ભાષા થાય છેને રજકણની એ પર્યાય છે. એ રજકણનું કાર્ય છે. અને એ પર્યાયનો કર્તા એ રજકણ છે. આત્મા નહિ. આત્મા તો નહિ પણ આ જીભ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- બેય વર્ગણા જુદી.

ઉત્તર :- વર્ગણા જુદી, ચીજ જ જુદી. ભાષાની જે આ પર્યાય થાય છે એનો કર્તા એ ભાષાના રજકણ છે. એનો કર્તા હોઠ ને જીભ ભાષાની પર્યાયનો કર્તા નથી. કેમકે ભાષાની પર્યાયનો ઉત્પાદ્ય એટલે કાર્ય એનો બીજો ઉત્પાદક છે, કારણ બીજો છે એમ બનતું નથી. આહા..હા..! આ વસ્તુદર્શન પદાર્થનું સ્વરૂપ જ આવું છે. અનેક પદાર્થ કહેવા અને અનેકને અનેકના કાર્ય બીજાથી કહેવા, એ તો બે એક થઈ ગયા. સમજાણું કાંઈ? આહા..હા..! કુંભાર વિના ઘડો થાય નહિ. કહે છે કે કુંભાર અને ઘડાની પર્યાય બે એક થઈ ગઈ. માટી વિના ઘડાની પર્યાય ન થાય. તે પણ તે કાળના પર્યાયની માટી પાછી હોં. આડીઅવળી પર્યાય નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એક જગ્યાએ એમ લખ્યું છે કે માટી પર્યાય અને કુંભાર ગમે તેટલા...

ઉત્તર :- ઇ બધી વાતું. ખબર છેને. શ્રીમદ્‌માં લખ્યું છે. શ્રીમદ્‌માં આવે છે ૨૯માં. એ બધી વાતું. આહા..હા..!

મુમુક્ષુ :- નિમિત્તની અપેક્ષાએ. નિમિત્તને બતાવે છે.

ઉત્તર :- નિમિત્ત એ નિમિત્ત હો, પણ એ નિમિત્ત ક્યારે કહેવાય? એનો કાર્યકાળ જે દ્રવ્યનો હોય ત્યારે કાળને ઓલું નિમિત્ત કહેવાય, પણ કાર્યકાળ તો પોતાથી થયો છે. આહા..હા..! તત્ત્વ વીતરાગમાર્ગનું તત્ત્વ સર્વજ્ઞ પરમેશ્વરે જોયેલા તત્ત્વ અને એનું કાર્ય અને એનો કર્તા તે તે તત્ત્વ છે એમ કહે છે. આહા..હા..! કેટલા નિયમો એમાં આપ્યા છે જુઓને. ક્રમબદ્ધ ઉત્પન્ન થતાં પરિણામોમાં પોતે દ્રવ્ય ઉત્પન્ન થાય છે. તે કાળના એ સમયના પરિણામમાં તે દ્રવ્ય ઉત્પન્ન થાય, જીવના પરિણામમાં જીવ ઉત્પન્ન થાય, અજીવના પરિણામમાં એ અજીવ ઉત્પન્ન થાય અને તે પરિણામ અને તે પરિણામી પદાર્થ બેને તાદાત્મ્ય સંબંધ છે. એમ સિદ્ધ કર્યું છેને એમાં? તાદાત્મ્ય કહેવાનો આશય એ છે કે બીજું જે પૃથક્ છે એ એનું કરી શકે નહિ કાંઈ. આહા..હા..! સમજાણું

કાંઈ? આ તો અભિમાનના પાર ન મળે જાણે કે આ મેં કર્યું... મેં કર્યું... ભાષણો કરવા અને આ બધા પછી આ મેં કામ કર્યા, આ એને લોકો અમારી કદર કરે છે.

મુમુક્ષુ :- એમ કહે અમે તો નિઃસ્પૃહપણે કર્યા છે.

ઉત્તર :- નિઃસ્પૃહપણે કર્યા છે એમ. નિઃસ્પૃહપણે એટલે શું? કરી શકે નહિ પછી નિઃસ્પૃહપણે કર્યા હતા એ શબ્દ શું? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? તત્ત્વની વાત એને કાને પડી નથી આ ચીજ. આહા..હા..! અને એમ ને એમ અમે ધર્મ કરીએ... ધર્મ કરીએ... ધૂળમાંય ધર્મ નથી સાંભળને. ધૂળમાં એટલે? એને સારા પુણ્યના પણ ઠેકાણા નથી. આહા..હા..! એક રજકણની પર્યાયને બીજો રજકણ ઉત્પાદક થાય એની પર્યાય તો ઓલામાં ઉત્પાદ્ય થાય તે કાળે તે વસ્તુસ્થિતિ નથી. સમજાણું કાંઈ?

તેથી કહે છે **'તે પરિણામોના કર્તા છે, તે પરિણામો...'** તે તે તત્ત્વનું તે કર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાષા આવી બોલવી. જેને જગતને ઠીક પડે એ રીતે વ્યાખ્યા કરવી. જુઓ, શાસ્ત્રમાં એવું આવે. સભા દેખીને. ભાષા કરી શકે આત્મા? કહો, આહા..હા..! એ જડની પર્યાયનો કાળ તે સમયની તે પર્યાય તે પરમાણુની તે જ રીતે થવાની હતી. બીજો શું કરે? આહા..હા..! એણે અભિમાન જ કર્યા છે મારા. પરના કાર્યમાં વ્યવસ્થિત મારી બુદ્ધિને કારણે. મારી બુદ્ધિ વ્યવસ્થિત છે. એથી બધી આ વ્યવસ્થામાં મારો અધિકાર છે.

મુમુક્ષુ :- જડ થઈ ગયો.

ઉત્તર :- જડ છે. આહા..હા..! કહો, ધીરૂભાઈ! શું હશે આ? આહા..હા..! ભાઈ! પાછું વળવું કઠણ પડે જગતથી. આ બાયડી છોકરાને અમે નભાવીએ છીએ. દેશ, કુટુંબની અમે સેવા કરીએ છીએ. અમારું જીવન જ સેવા કરવામાં ગયું છે. આમ અજ્ઞાની મૂઢ બોલે છે. ભગવાન! તું કોણ? ક્યાં ગયો તું? પરમાં ગયો તે પરનું કાર્ય તું કર? તું ત્યાં જાય છે ત્યાં તો તારા પરિણામ ઉત્પન્ન થાય છે. આહા..હા..! તારા પરિણામમાં તું ઉત્પન્ન થા. એ ઉત્પન્ન થયેલા પરિણામ તારું કાર્ય અને એ જીવ એનો કર્તા. ભારે આકરું ભાઈ! આહા..હા..! જૈનમાં જન્મેલાને ખબર નથી કે વીતરાગ શું કહે છે? વાડામાં ઓલા કહે અમે સ્થાનકવાસી, ઓલા કહે અમે દેરાવસી, ઓલા કહે અમે દિગંબર છીએ. આહા..હા..!

પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ અરિહંત પરમાત્મા એના મુખથી વાણી આગમની આ આવી. ભગવાન! તું જીવ છો, તારા જીવના વર્તમાન જ્ઞાનના પરિણામ, દર્શનના પરિણામ, શાંતિના પરિણામ. આહા..હા..! અરે..! વિકારના પરિણામ. પણ વિકારમાં અહીં બીજું કહેવું છે. અહીં તો રાગનો અને પરનો અકર્તા છે એમ કહે છે. કેમકે રાગ ભલે હોય, પણ રાગને કાળે જ્ઞાન એનું જ્ઞાન કરે છે અને પોતાનું સ્વપર જ્ઞાનની પર્યાય ક્રમબદ્ધમાં જ્ઞાનમાં એવી આવે છે. એ રાગ થયો માટે એવી પર્યાય થઈ એમ નહિ. આહા..હા..! ભારે આકરું કામ! અને રાગ થયો માટે ભગવાનની

પૂજામાં હાથ ચાલ્યો અને આમ-આમ સ્તવન બોલાણું એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..! 'શિવપદ અમને દેજો રે મહારાજ, શિવપદ અમને...' ગાય છેને ભગવાનની સામે? કહે છે કે એ ભાષા કોની?

મુમુક્ષુ :- પુદ્‌ગલની.

ઉત્તર :- પુદ્‌ગલની. અરેરે..! ગજબ વાત છે. એ ભાષાની પર્યાયનું કર્મ એ ભાષાના રજકણોનું એ કાર્ય છે. આ આત્માનું એ કાર્ય છે નહિ. આહા..હા..! જે મારું કાર્ય ભાષા બોલવામાં સ્તુતિમાં મારું કાર્ય છે એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે. જૈન નથી. એને જૈનની આજ્ઞા શું છે એની એને ખબર નથી. જૈન પરમેશ્વર અનંત પદાર્થ કહે છે. તો અનંત પદાર્થ અનંતપણે ક્યારે રહે? કે બીજું તત્ત્વ બીજા તત્ત્વમાં કાંઈ કરે નહિ તો ભિન્ન રહે. પણ એક બીજાને કરે તો ભિન્ન રહે નહિ. એ તો એક થઈ ગયા બધા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અમે આને સમજાવી દઈએ, અમે આને એવો ઉપદેશ કરીએ કે આને પૈસાવાળા, અમારી પાસે પૈસા નથી. પણ પૈસાવાળાને ખંખેરી નખાવીએ. સભામાં. આહા..હા..! અરે..! મૂઢ છો મારા! શું તું કહે છો આ? એવું ભાષણ આપીએ એમ કહે. અમારે મણિભાઈ હતાને એક ..વાળા નહિ? કોઠારી. મણિલાલ. મણિભાઈ હતા ત્યાં કોઠારી ગોંડલવાળા. ત્યાં રહેતાને આપણે જોરાવર. ત્યાં આવતાને આપણે વ્યાખ્યાનમાં આવતા જોરાવરમાં. એમ કે એવું વ્યાખ્યાન આ કરે ઉપદેશ કે બાયડીનું આમ દાગીના ખંખેરી નાખે. લાવ દાગીના તમે ધણીની મજુર તરીકે કામ કરનારીયું છો તમે? રસોઈયાને પણ મહિનાનો સો રૂપિયાનો પગાર આપે. તો તમારા પચાસ વર્ષનું કાંઈ પગારનું કાંઈ તમારે દેવાનું ખરું કે નહિ? કે ધણીને પૂછીને દેવું? એય..! આટલો પણ હક નહિ તમારો? ઓલા કહે આહા..હા..! બાયું કહે લો ભાઈ અમારી બંગડી, ફલાણું, ઢીંકણું. કોઈ ઉપદેશથી થતું હશે?

મુમુક્ષુ :- આપ ... સમજાવો.

ઉત્તર :- આહા..હા..! અરે..! અભિમાની માણસ છેને. તો એને એમ થાય કે મેં આ કર્યુંને માટે જુઓ એકદમ બે લાખ કરવા હતા તો થઈ ગયા પાછા. એ ઉપદેશકની અસરની વાત છે. સાચી વાત હશે આ? ધૂળેય પીગળતા નથી ત્યાં. રામજીભાઈની બુદ્ધિ હતી તો ત્યાં ઓલા બસ્સો રૂપિયા દેતા હતા? એય..! જજ! આ જજ છે લ્યો. અમદાવાદના જજ છે આ. છોડ્યું હમણા. એ પગાર પંદરસોનો હતો તો એની હુશિયારીનો હતો? હુશિયારીને લઈને પંદર આવતા હતા?

મુમુક્ષુ :- સરકાર એમ ને એમ આપે?

ઉત્તર :- સરકાર. આહા..હા..! શું હશે આ બધું મારું?

મુમુક્ષુ :- હાઈકોર્ટ કામ તપાસે બરાબર છે.

ઉત્તર :- ઇ કોણ તપાસે? કોનું તપાસે? ઇ પોતાના પર્યાયને તપાસે કે પરને તપાસે? આહા..હા..! ભાઈ! વીતરાગ માર્ગ ઝીણો બહુ. દુનિયાની સાથે કાંઈ મેળ ખાય એવું નથી. સર્વજ્ઞ

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ અરિહંત એમના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક આવ્યા એની વાણી પણ કહેવી એ વ્યવહાર છે. વાણી તો વાણીને કારણે, ભગવાનને પણ વાણીને કારણે વાણી નીકળે છે. એ વાણીની ક્રિયાનો કર્તા આત્મા ભગવાનનો નથી. આ વાતું ખરી કહેવાય! સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞ હોય ત્યારે જ એવી ઉત્કૃષ્ટ વાણી નીકળે. એય..! ..બાપુ! ભૂલ થાય છે તારી. ભગવાન તો પોતે પોતાની પર્યાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં છે. એ કાંઈ ભાષામાં જાતા નથી કે ભાષા કરે. આહા..હા..! એ તો રજકણોમાં, શબ્દવર્ગણામાંથી ભાષા થવાની જે પર્યાય છે એનાથી થાય છે. ભગવાનનો આત્મા એ ઉપદેશનો કર્તા નથી. ગજબ વાતું! આવી વાતું શું આ તે પણ!

મુમુક્ષુ :- સોનગઢમાં ચાલે આ.

ઉત્તર :- હવે તો ચાલે છે બધે. મુંબઈમાં ચાલે છે ૮-૮, ૧૦-૧૦ હજાર માણસ. આ ફેરે હમણા વ્યાખ્યાન આપ્યા હતાને તો આપ્યું હતું. પણ થોડું-થોડું આવે. આવું એટલુંબધું બહુ સ્પષ્ટ ન થાય ત્યાં. ૮ હજાર, ૧૦ હજાર માણસ લ્યો.

મુમુક્ષુ :- સભા પ્રમાણે ઉપદેશ આવેને.

ઉત્તર :- કોણ આપે? ઇ માટે તો વાત ચાલે છે આ. આહા..હા..! ભાષાને તો ખબર નથી કે શું જગતમાં તત્ત્વ છે કે નહિ. ભાષા તો જડ છે આ અવાજ આવે છે. એ તો ઘણા અનંત રજકણનો પિંડ, એનો સ્કંધ, એનો ધ્વનિ છે. આહા..હા..! એ વીતરાગમાર્ગને જાણવો બાપુ! અનંતકાળથી એણે જાણ્યો નથી. સંપ્રદાયમાં સાધુ થયો અનંતવાર. જૈન દીક્ષાઓ અનંતવાર લીધી, અનંતવાર આચાર્ય થયો, પણ મિથ્યાદૃષ્ટિ રાખીને. આહા..હા..! સમજાણું કાંઈ? અમે આમ કરી દઈએ અને અમે આમ કરી દઈએ. આટલા શિષ્યો કરી દઈએ, એવા ઉપદેશની અમને અસર થાય અમારા ઉપદેશની. બધું મિથ્યાભ્રમ અજ્ઞાન છે.

કહે છે કે '**નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તાકર્મસંબંધ નથી.**' વ્યવહારથી બોલાય એટલે કાંઈ થઈ ગયું એનું? સમજાણું કાંઈ? કોઈ જગતના પદાર્થને એક પદાર્થની અવસ્થાને બીજા પદાર્થની અવસ્થાને બિલકુલ કર્તા-કર્મ સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? '**માટે જીવ પોતાના પરિણામનો જ કર્તા છે,...**' આહા..હા..! એ કેવળજ્ઞાની પરમાત્મા પણ જ્ઞાનની પર્યાયના કર્તા છે. એ વાણીના પણ કર્તા નહિ અને જગતને જ્ઞાન થઈ જાય ભગવાનની વાણીથી એ વાણીથી સામાને જ્ઞાન થાય એ વાણી એની કર્તા નહિ. ભારે માર્ગ ભાઈ! આહા..હા..! હજી તો એકેય સિદ્ધાંત એને બેસે નહિ અને કહે કે અમે ધર્મ કરીએ છીએ ચાલો. ભગવાન પાસે જાઓ. શેત્રુંજય એક ફેરી જઈ આવો. ત્યાં ક્યાં આત્મા હતો તે ત્યાં જા છો? આત્મા તો અહીં છે. એ આત્મા એની પર્યાયમાં જે ભાવ કરે એનો એ કર્તા છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં ઋષભદેવ ભગવાનના મંદિરમાં ગયા એટલે મને પરિણામ સારા થયા.

મુમુક્ષુ :- એમ તો લોકો કહે છે

ઉત્તર :- એ મૂઢ છે એમ કહે છે અહીં. તેમ તારા પરિણામનો ઉત્પાદ્ય કાર્યનો કર્તા તું છો. ભગવાનની મૂર્તિ છે? મૂર્તિ તો પરપદાર્થ છે. પરપદાર્થની અવસ્થા તારા પરિણામને કરે? કે તારું પરિણામ કાર્ય અને એક અવસ્થા એની ઉત્પાદક કારણ (પર). એવું વસ્તુમાં છે નહિ. આરે..આરે.. ભારે આકરું કામ આ. સમજાણું કાંઈ?

ઇ અહીં કહે છે જુઓને. **'પોતાના પરિણામનો જ કર્તા છે, પોતાના પરિણામ કર્મ છે.'** આહા..હા..! જીવ કરે તો શું કરે? કે પોતાના પરિણામને કરે. અહીં તો સમ્યગ્જ્ઞાન સ્થાપવું છે, ભાઈ! ક્રમબદ્ધ છે કે નહિ? ખરેખર ક્રમબદ્ધનું જ્ઞાન કોને હોય? કે જેને આત્મા જ્ઞાયકમૂર્તિ છે એનું ભાન થયું હોય એને હોય. તે સમયે તે પ્રકારના પરિણામ થશે યોગ્યતાવાળા ઇ કોણ માને? કોણ જાણે? કે જેને જ્ઞાયક સ્વભાવ ભગવાન ચિદાનંદ મૂર્તિ પ્રભુ હું એક જાણનાર-દેખનાર એવું જેને જ્ઞાન થયું હોય. એ જ્ઞાન એમ જાણે. આ સમયે જે પરિણામ થવાની યોગ્યતાવાળા હતા. મારા એ મારામાં થયા, ભાષાની પર્યાયમાં ભાષાના થયા. સાંભળવાના પરિણામ ગણધર આવ્યા ગૌતમ ભગવાનની સભામાં. એ લઈ ગયા હતાને ચાલો ભાઈ એક. એક શ્લોક મૂક્યો હતો કે આનો અર્થ કરો. છ દ્રવ્ય, નવ તત્ત્વ. ઓલાને સાંભળ્યું ન હોય વેદમાં કે દિ' છ દ્રવ્ય અને નવ તત્ત્વ હતા? એટલે કહે છે કે ભાઈ! તમારા ગુરુ પાસે છે આવું તો. અહીંયાં નહિ. આહા..હા..! જેમ માનસ્તંભ દેખ્યો મોઢા આગળ ત્યાં ગળી ગયો (માન) એમાં. કહો, અહીં તો ના પાડે છે ઇ. પાઠ શાસ્ત્રમાં એવા આવે લ્યો. એ તો બધા કથનો છે કે નિમિત્ત કોણ હતું ઇ. પણ એનું માન ગળ્યું છે એ એના પરિણામની પર્યાયથી ગળ્યું છે. આહા..હા..! ભારે કામ ભાઈ! થડામાં હુશિયાર માણસ બેઠો હોય અને એક બડથલને બેસાડો દુકાને. બેમાં ફેર પડે કે નહિ કામમાં? આ રહ્યા ભગવાનજીભાઈ બેઠા ઇ. ...

મુમુક્ષુ :- કોનું કોણ કરી શકે?

ઉત્તર :- ત્યાં બેસાડો ઓલા તમારાને ... અને મોટા છોકરાને બેસાડો.

મુમુક્ષુ :- મોટો છોકરો કામ કરે ઇ અહીં બેસે.

ઉત્તર :- ભાઈ! તને ખબર નથી બાપુ! એ વ્યવસ્થા વેપારની ક્રિયાના થાય એ તો એ જડની, આત્માની તે સમયની પર્યાય થવાની તેનાથી થાય છે. ઓલો હુશિયાર થડે બેઠો માટે વેપાર સારો ચાલે એમ માનનારા મૂઢ જીવ છે. આમાં ક્યાં હવે ખાનગી રાખ્યું છે આ. હુશિયાર માણસને એમ થઈ જાય જુઓ, છ ભાઈ છે એમાં હુશિયાર ઓલો વચલો ત્રીજા નંબરનો બહુ હુશિયાર છે, ફલાણો આ છે. અને એને લઈને બધું ચાલે છે. ગીરધરભાઈ! કહો, તમારા પાંચ ભાઈઓમાં તમે હુશિયાર કહેવાઓ લ્યો. રળવામાં હુશિયાર હશે? શેમાં હશે? ધૂળેય નથી કહે છે સાંભળને. આહા..હા..!

એ જડના પરિણામ એટલે કાર્ય પર્યાયનું. આહા..હા..! એ વખતે તેના સ્વકાળે, તેનો પર્યાય

થયો એનો. એનો કર્તા તું નથી. એનો કર્તા એના રજકણો છે એ એનો કર્તા છે. આહા..હા..! એમ જીવ જ્યારે ભગવાનની વાણી પડે છે અને ઇ સમજે છે. ત્યારે એ સમજવાની પર્યાયનો કર્તા તો એ સાંભળનાર જીવ છે. એ સમજની પર્યાયનો કર્તા ભગવાનની ભાષા છે એમ નથી. આવું ભારે! સમજાણું કાંઈ? કેમ હશે આમાં હીરાભાઈ!

મુમુક્ષુ :- એ .. થયા.

ઉત્તર :- વીતરાગ માર્ગ આ છે. અરિહંત પરમેશ્વર ત્રિલોકનાથ એણે અનંત દ્રવ્ય જોયા. છ દ્રવ્ય છેને. પછી દ્રવ્યના અનંતા પરમાણુઓ, અનંત આત્માઓ, અસંખ્ય કાળાણું, એક ધર્માસ્તિક, અધર્માસ્તિ અને આકાશ. છ ભગવાને જોયા છે. એ જાતિએ છ, સંખ્યાએ અનંત. એ અનંત દ્રવ્યનો વર્તમાન સ્વકાળ એના પરિણામનો જે જે દ્રવ્યનો છે. આહા..હા..! તેનો કર્તા એ પછીની પર્યાય નહિ, બીજો તો નહિ, પહેલાની પર્યાય નહિ, નિમિત્ત નહિ. આહા..હા..! ખરેખર તો એ પર્યાયનો કર્તા એ પર્યાય છે. પર્યાયનો કર્તા બીજી પર્યાય તો નહિ જગતની બીજા પદાર્થની, પણ એના દ્રવ્ય-ગુણ પણ ખરેખર કર્તા નથી એમ છે. કહો, ચંદુભાઈ! હુશિયાર માણસ બેઠું હોય તો ગ્રાહક આવે. નહિતર સાધારણ વયા જાય ગ્રાહક. લ્યો એમ નથી થાતું? થાય છે એમ. પણ ઇ હુશિયાર હતો માટે આમ થયું એ એને માટે નહિ. શશીભાઈ! જુઓને પંડાલ કર્યો હતો તે દિ' સરખો નહિ? કેટલો? હજારમાં. ૯૦ હજારનો. એક પા કલાકમાં સળગી ગયો. ભાવનગર પંચકલ્યાણક. પા કલાકમાં હળહળ. ૯૦ હજારનો.

મુમુક્ષુ :- .. વીમો લઈ લીધો હશે.

ઉત્તર :- ઠીક કહે છે. પૈસા તો .. જે ખર્ચાણા હતા એના બે-ચાર હજાર વધારે આવ્યા. ત્યાં હતોને પણ ઇ. પણ ઇ આવ્યા એ વીમો માગ્યો હતો માટે આવ્યા છે એમ નથી. આહા..હા..! અહીં તો કહ્યું હતુંને ... કે માણસો એમ કહે કે પુણ્યને લઈને પૈસા મળે. 'હુન્નર કરો હજાર ભાગ્ય બિન મિલે ન કોડી.' એમાં પણ ખોટું છે પાછું. કેમ? કે ભાગ્ય જે છે એ પુણ્યના રજકણો છે અજીવ. અને લક્ષ્મી આવે છે એ અજીવ બીજું તત્ત્વ છે. એટલે આ તત્ત્વથી એ તત્ત્વ એમ બનતું નથી. આરે..! ભારે આકરું કામ! એય..! નવરંગભાઈ! આહા..હા..! અરે..! અશાતાનો ઉદય આવે તો ભાઈ શરીરમાં રોગ થાય. સાચી વાત હશે? અશાતાના રજકણો કર્મના જુદા ઇ અહીં રોગને ઉત્પન્ન કરે એ તો એના રજકણની અવસ્થામાં રોગની દશાનો કર્તા એ રજકણો છે. આ એ અશાતા નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ભાવભાસન.

ઉત્તર :- ભાવ પરિણામ એના છે. પરિણામ એના છે. પણ પરિણામમાં એમ કહે છે કે આ પૈસા મારી હુશિયારીથી મળ્યા એ ખોટી વાત છે. તમારે તો મોટી દુકાન ચાલે ત્યાં જયપુરમાં. તો હુશિયાર માણસ બેસાડ્યા હશે કે નહિ છોકરાઓને, બોકરાઓને. પાડાને બેસાડ્યા હશે ત્યાં?

મોટી દુકાન છે હોં એની. દેખાવ બધો આવો સાધારણ. મોટો વેપાર મોટી દુકાન જયપુરમાં. એ તો રજકણને તે કાળે તે રીતે વ્યવસ્થિત થઈને રચાવાનું છે. એ રચાય છે. કોઈ કર્તા-ફર્તા બીજો એનો છે એને ભગવાન મિથ્યાદૃષ્ટિ કહે છે. આ અવસ્થા મારાથી થઈ તો જડનું તત્ત્વનું કાર્ય મેં કર્યું. મૂઢ છો કહે મારા! અજીવને જીવ માન્યો અને જીવને અજીવ માન્યો. જીવ-અજીવની ભિન્નતા તે જાણી નહિ. આહા..હા..! કહો, ..દાસજી! આવી વાતું છે. આહા..હા..! આ તો બધું આવી ગયું છે હોં. આ તો થોડું-થોડું આમાં જરી રવિવાર છે તો પાછું નાખ્યું. આહા..હા..!

**'એવી જ રીતે અજીવ પોતાના પરિણામનું જ કર્તા છે,...'** આહા..હા..! સમજાણું કાંઈ? આ શરીર જુઓ આ શરીર, માટી. આમ થાય છે. ઇ પર્યાય જે આમ થઈ એનો કર્તા એ રજકણો છે. આત્મા નહિ. આત્મા હાથને હલાવી શકે નહિ એમ અહીં કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે કાળે. આહા..હા..! આ તે કાંઈ વાત છે! શું કહે છે મારા! ગાંડા કહે હોં માણસ તો. ગાંડાના ગામ ભર્યા હોય ઇ બીજા ગાંડા કહે. આ એવી વાતું! આ બધું પરમેશ્વરે આમ કીધું છે? ભગવાનને છ કાયની દયાનું નથી કીધું? ભગવાને મંદિર કરાવવા અને મંદિરનું આમ કરવું એમ નથી કીધું? હવે સાંભળને! એનો અર્થ શું? એના પરિણામ તારા આ પ્રકારે થાય ત્યારે આવી સામે એક નિમિત્ત ચીજ હોય છે, પણ એને લઈને તારા પરિણામ થાય એ વાતમાં એકેય દોકડો સાચો નથી. સો એ સો ટકા એના જૂઠા છે. ભારે વાતું ભાઈ! કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- બરાબર. કાંઈ બોલવા જેવું નથી.

ઉત્તર :- બસ, આ તો ભગવાનના માર્ગ ન્યાયથી છે. લોજિક, ન્યાય, સત્ય શું છે એનાથી માર્ગ છે. આ કાંઈ કચરડી-મચરડીને બેસાડવું એ માર્ગ નથી. સમજાણું કાંઈ? જેને સાંભળવા ઇન્દ્રો આવે, ગણધરો સાંભળે આખા લોકના સ્વામી શક્રેન્દ્ર અને ઇશાન ઇન્દ્ર. બત્રીસ લાખ વિમાનના સવામી ઇન્દ્ર. કહે છે કે સ્વામી નહિ. એક .. નહિ ઘણા વર્ષ પહેલા એમ કીધું હતું. .. કે શ્રીમદ્ આમ કેમ બોલે છે? અમારું... અમારું... અમારું.... કીધું અમારું એટલે અ નામ નહિ મારું એમ. ...ભાઈ હતા એક. આહા..હા..! એ અમારો નહિ. અમારો કોટ એટલે સમજો કે અમારો નહિ. અમારો નહિ એમ સમજવું તમારે.

મુમુક્ષુ :- આ બનેલા બનાવની વાત છે.

ઉત્તર :- હા, છેને. પણ ઇ મારે સાંભળ્યું નથી. ..ભાઈએ. ..ભાઈનો દીકરો નહિ? ગોંડલમાં .. હતો આપણે ભોજનશાળા છેને ગોંડલની નહિ? વ્યાખ્યાન ત્યાં અને જોડે .. ત્યાં નોકર હતા. ..ભાઈના .. આ તો ઘણા વર્ષની વાત છે. ૪૫-૫૦ વર્ષ પહેલાની વાત છે. ... એ પહેલાની વાત. અહીં તો ૬૦ વર્ષ તો દીક્ષાના થયા ત્યાં એમાં ક્યાં મેળ? કેટલાય મળ્યા હોય અને કેટલાય સાથે ચર્ચા થઈ હોય. આહા..હા..!

કહે છે, **'અજીવ પોતાના પરિણામનું જ...'** 'જ' છે જોયું? આહા..હા..! આ હોઠ હલે છે ઇ પર્યાય જે આમ-આમ થાય એનો કર્તા એ આ રજકણ છે. આત્મા નહિ. આ તે કેમ બેસાડવું? અત્યારે તો એ ધમાલ... ધમાલ... આમ કરો... આમ કરો... પૈસા ખર્ચો અને ધર્મી જીવ પૈસાથી જ ધર્મને શોભાવે, ધર્મની પ્રભાવના પૈસાવાળાથી થાય અને પૈસાવાળા પાસે ધર્મીએ પણ ત્યાં જાવું પડે, શાસ્ત્રને એને સમજાવવા એને ઘરે જાવું પડે. જુઓ, પૈસાની મહત્તા. પૈસાવાળાને ઘરે આવે ઓલા બધા વકીલો .. પૂછવા.

મુમુક્ષુ :- ડોક્ટરોને તો બોલાવે...

ઉત્તર :- ડોક્ટરને બોલાવે એ ડોક્ટરને... એ ડોક્ટરને બોલાવે ત્યાં એનો નોકર જાણીને. આવને અહીં પૈસા જોતા હોય તો કહે. ડોક્ટર મારે ડંફાસ મોટા પછી અંદર. આહા..હા..! ઓલા ભાઈ હતાને પ્રાણચંદભાઈ ડોક્ટર નથી? જામનગર. બે હજારનો પગાર તે દિ' હવે તો અઢી હજારનો પગાર. ઇ કહેતા કે જ્યાં જોવા જઈએ અમે સો રૂપિયાના ... હોય. જામનગર છેને. .. નહિ? હા એ કહેતા હતા. જઈએ .. બરાબર અરે..! આ તો એક દવામાં મટી જશે. મનમાં એમ જ્યાં ઘરે જાય ત્યાં વચમાં જ મરી જાય ત્યાં. પણ અમારે શું? પૈસા લેવા અને અમે એમ કહીએ મરી જજો, તમારો રોગ નહિ મટે એમ કહીએ? આહા..હા..! દુનિયા તે ઠગ છેને. પોતાને ઠગે છે હોં. કોકને ઠગી શકતો નથી. આહા..હા..! પ્રભુ! તારી દયાની તને ખબર નથી. હું પરની દયા પાળી શકું છું એ માન્યતા આત્માની હિંસા કરનાર છે. આ હિંસા ભાઈ આ આકરું. કેમકે એમ બનતું નથી અને બને છે એમ માન્યું છે એ સ્વરૂપથી વિરુદ્ધ શ્રદ્ધા એ આત્માની શાંતિને લૂંટનારી છે એ. સમજાણું કાંઈ? અહિંસા પરમો ધર્મ એટલે પરને ન મારવો એ અહિંસા એમ નથી. આહા..હા..! અહિંસા એટલે રાગની ઉત્પત્તિ ન થવી અને ચિદાનંદ પરમાત્મા આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે એને આનંદ અને શાંતિની દશા ઉત્પન્ન થવી એનું નામ ભગવાન અહિંસા પરમો ધર્મ કહે છે. વ્યાખ્યા જ ઉંધી કરી નાખી.. આહા..હા..!

ઓલા ગામમાં આવ્યા હતાને. તમારા ગામમાં નહિ ઓલો ઘનશ્યામ. વ્યાખ્યાન સંભળાવવા. ગામનો છેને ઇ. તમારા ગામનો જન્મ. ઉમરાળાના પણ ભાઈ આપણે કાંઈ ઓળખીએ નહિ. અહીં તો ઘણા વર્ષ થઈ ગયાને. દુનિયાથી ... ૫૯. દસ વર્ષ ત્યાં રહ્યા પાલેજ. દુકાન પાલેજમાં છેને. નવ વર્ષ ત્યાં. .. ઓળખીએ. ઇ કહેતા હતા. હું તમારા ગામનો જન્મ. આવ્યા હતાને દર્શન કરવા વ્યાખ્યાનમાં. .. પછી તે દિ' ઓલું હતું કાંઈક. ... પછી એનો વરઘોડો કાઢ્યો હતો. તે દિ' અમે ગામમાં હતા. રાજીનામું શું કરે પણ? એ પર્યાય જેની જ્યાં થવાની એ થાય એમાં કોઈ કરી શકે નહિ. આહા..હા..! અરે..! આમ કરે તો એને દૃષ્ટિમાં જ્ઞાતા-દૃષ્ટા... હું તો થાય તેને જાણનારો-દેખનારો ઇ પણ વ્યવહાર છે. હું તો જાણનાર-દેખનારને જાણું અને દેખું. આહા..હા..! જાણનારને જાણનારો છું હું તો. જોનારને જોનારો છું હું તો. આહા..હા..! જુઓ, આ એક વીતરાગમાર્ગ.

પરમેશ્વર ત્રિલોકનાથ ઇન્દ્રોની સમક્ષમાં, ગણધરોની સમક્ષમાં વાણી આવી આવી એને એ વાણીને આગમ કહીએ. એ વાણીમાંથી આગમ રચાણા, એમાંથી આ સમયસાર રચાણું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાંથી આ વ્યાખ્યાન ચાલ્યા.

ઉત્તર :- ઇ સમયસારની રચના પણ કુંદકુંદાચાર્યે કરી એમ નથી.

મુમુક્ષુ :- મોહ ન નાચો.

ઉત્તર :- હા, કીધું છેને પોતે અમૃતચંદ્રચાર્યે. હું આ શબ્દનો કરનાર અને શબ્દ તમને જ્ઞાન સમજાવે અને તું સમજ, તને જ્ઞેય બનાવે એમ મોહ ન નાચો. આહા..હા..! સંતો કહે છે કે અમે તો અમારા જ્ઞાનની પર્યાયના કર્તા છીએ. ભાષાના નહિ, જગતને સમજે એના અમે કર્તા નહિ. આહા..હા..! આ તો અમારું વ્યાખ્યાન કેવું લાગે જુઓ બીજા કરતા કેટલા માણસો તુંહી તુંહી કહીને મોરલીની જેમ સાંભળે. અરે..! ભગવાન! શું કરે છે તું આ? ઇ જડની ક્રિયા. કહો, હીરાભાઈ! શું હશે આ બધું? બધો બહુ ફેરફાર તમારો તો લાગે છે. અરે..! આ વાણિયા ડાહ્યા કહેવાય લાખો પતિ, કરોડોપતિ, અબજો પતિ છે અત્યારે વાણિયા. અબજો રૂપિયા છેને ત્યાં ગોવામાં શાંતિલાલ ખુશાલ. બે અબજ. એક આપણે મોરબી જયપુર દુર્લભજી ઝવેરી છે. દુર્લભજી ઝવેરી છે એ ગુજરી ગયા એના છોકરાઓ છે. અબજ રૂપિયા. એક અબજ. અબજ કોને કહે? સો કરોડ. પણ કોના? એ તો જડના. અરર..! એ જડ મારા છે, એ લક્ષ્મી મારી છે એ માન્યતા મૂઢ જીવની છે. અજીવનો અજીવ છે એને જીવ કહે છે કે એ અજીવ મારું છે. આહા..હા..! ભગવાનજીભાઈ! અજીવનું અજીવ છે. એને કહે છે કે એ અજીવ મારું છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ દીકરો મારો, આ બાયડી મારી, ભાઈ! એ દીકરા અને બાયડીનો આત્મા તો જુદો છે. ઇ તારો ક્યાંથી થયો? તે ઉત્પન્ન કર્યો છે એને? એ તો પોતે આત્મા છે. એ તો અનાદિનો પોતાથી જ છે. કહે છે એ પરિણામ જે જગતના, જીવના, અજીવના થાય તેનો જીવ અને અજીવ તે પરિણામનો કર્તા અને તે પરિણામ એનું કારણ. **'પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે.'**

## કળશ-૧૯૫

(शिखरिणी)

अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः
स्फुरच्चिज्जयोतिर्भिश्छुरितभुवनाभोगभवनः।
तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः
स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः॥195॥

**'આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :**

**શ્લોકાર્થ :- [स्वरसतः विशुद्धः] જે નિજરસથી વિશુદ્ધ છે, અને [स्फुरत्‌चित्‌-ज्योतिर्भिः छुरितःभुवन-आभोग-भवनः] સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે, [अयं जीवः] એવો આ જીવ [इति] પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) [अकर्ता स्थितः] અકર્તા ઠર્યો, [तथापि] તોપણ [अस्य] તેને [इह] આ જગતમાં [प्रकृतिभिः] કર્મપ્રકૃતિઓ સાથે [यद्‌ असौ बन्धः किल स्यात्‌] જે આ (પ્રગટ) બંધ થાય છે [सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति] તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે. 195.**

**ભાવાર્થ :- જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી, તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે-જેનો પાર પમાતો નથી. 195.**

## કળશ-૧૯૫ ઉપર પ્રવચન

હવે શ્લોક. **"આ રીતે જીવ અકર્તા છે તોપણ તેને બંધ થાય છે એ કોઈ અજ્ઞાનનો મહિમા છે"** આહા..હા..!

મુમુક્ષુ :- અજ્ઞાનનો પણ મહિમા!

ઉત્તર :- અજ્ઞાનનો મહિમા છેને ઇ. એને ખબર પડતી નથી કે આ હું શું કરું છું? મારી સત્તા હોવાપણામાં શું થઈ રહ્યું છે? અને બીજાના હોવાપણામાં એનાથી શું થઈ રહ્યું છે? કાંઈ ખબર ન મળે. આહા..હા.! બીજાની સત્તા એટલે હોવાપણે છે બીજા પદાર્થો. એના હોવાપણામાં એનું

હોવાપણું પર્યાયનું થાય છે. અને આના હોવાપણામાં આની પર્યાયનું હોવાપણું થાય છે. આહા..હા..! એવું જેને જ્ઞાન નથી. એવા અજ્ઞાનીઓને કર્મનો બંધ થાય છે કહે છે. વસ્તુ તો છે એને બંધ થાય એવી વસ્તુ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો બધો નિશ્ચયનો ઉપદેશ છે. એય..! પણ વ્યવહારનો? પણ સાંભળને નિશ્ચય (એટલે) સાચું, વ્યવહાર એટલે આરોપિત કથન. એનું નામ વ્યવહાર છે. નિશ્ચય એટલે સાચું. આહા..હા..! એને કોઈ દિ' ભગવાનને સાંભળ્યા નથી. સાંભળ્યા હોય તો પોતાની દૃષ્ટિ રાખીને સાંભળ્યા છે. આહા..હા..!

કહે છે **'જીવ અકર્તા છે...'** વસ્તુ તો અકર્તા છે. રાગની પણ (કર્તા) નહિ હોં. પરદ્રવ્ય અને પરભાવ છે અંદર કૌંસમાં. કળશટીકામાં બેય બધું લીધું. પરદ્રવ્યની પર્યાય અને પોતાનો વિકારી ભાવ ખરેખર ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. એ વિકારનો કર્તા થાય તો તો મિથ્યાદૃષ્ટિ છે. આકરી વાતું ભાઈ! આહા..હા..! પરના કર્તાપણાની પર્યાયનો તો સ્વામી થાય તો તો મૂઢ છે, પણ ભગવાન તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્યબિંબ આત્મા છે. એવા ત્રિકાળી સ્વભાવવાળું તત્ત્વ એ વિભાવરૂપી વિકાર દયા, દાનના ભાવ હોં ભાવ. એ ભાવને કેમ કરે? જ્યાં સ્વભાવમાં ચીજ નથી એને કરે શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનાનંદ પ્રભુ આત્મા, જ્ઞાનસ્વભાવી વસ્તુ. પ્રાયશ્ચિત આવ્યું હતુંને? ઉત્કૃષ્ટ બોધસ્વરૂપ. જ્ઞાનસ્વરૂપ .. એનો ધર્મ ખાસ. જાણક સ્વભાવ જેનો ધર્મ એનો સ્વભાવ એટલે ભાવ. એ જાણકસ્વભાવવાળું તત્ત્વ. પરની પર્યાયમાં તો જાતું નથી એટલે કરે શું? પણ વિભાવમાં એ દ્રવ્ય જાતું નથી ખરેખર. આહા..હા..! એ આકરી વાત છે.

મુમુક્ષુ :- .. તો ત્રણે કાળે જાય છે.

ઉત્તર :- દયા, દાનના, પૂજા આદિના ભાવ આવ્યા છે. ભાવ એ વિકાર છે. આહા..હા..! અને ભગવાન આત્મા સ્વભાવે તો ચૈતન્યમૂર્તિ છે. નિર્મળાનંદ પ્રભુ છે. એ નિર્મળ સ્વભાવ એ વિકારના ભાવને કેમ કરે? હા એ થાય તેને પોતાના સ્વભાવમાં રહીને રાગને અડ્યા વિના જાણે-દેખવાની પર્યાયમાં રહે. વીતરાગનો માર્ગ બહુ જુદી જાતનો. તીર્થંકરદેવ જેને ત્રણ કાળ અને ત્રણ લોક જણાણા. એને અરિહંત કહીએ. આમ તો બધા નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... ગોખ્યા કરે, પણ અરિહંત કોને કહેવા અને એનું શું સ્વરૂપ, એણે શું તત્ત્વની સ્થિતિનું વર્ણન કર્યું (એની ખબર નથી). અરેરે..! આવા જીવન ચાલ્યા જાય છે. મૃત્યુની સમીપ જાય છે. જે દેહની સ્થિતિ આવી છે એટલી સ્થિતિએ જ રહેવાનો છે. એ વર્ષ ગયું, બે વર્ષ ગયા. ગયાને સ્થિતિમાંથી? આહા..હા..! દેહને છોડવાના સમીપમાં જીવન જાય છે આમ. એમાં જો આ આત્મા શું છે? એનું કર્તવ્ય શું છે? એનું અકર્તવ્ય શું છે? એની ખબર નહિ કરે તો ચોર્યાસીના અવતાર પાછા છે. આહા..હા..! નરક અને નિગોદ. આ મોટા રાજા-મહારાજા પણ ભાન વિનાના મરી, અહીં હીરાના ઢોલીયે સૂતા હોય, બીજે સમયે સાતમી નરકમાં પોઢે. આહા..હા..! જેને સ્વરૂપનું ભાન નથી એ સ્વરૂપમાં ગયો નથી. એ સ્વરૂપના ભાન વિનાના રાગમાં ગયો છે ઇ. આહા..હા..! કહો, આવી વાત છે. કરવાનું હોય તો

આ છે. અરે..! વીતરાગ માર્ગમાં આવીને એણે રાગ અને સ્વભાવ બે જુદાં એ પણ સાંભળ્યું નહિ. રાગ કરો... રાગ કરો... રાગ કરો... પણ રાગ કરે ત્યાં સુધી તો કર્તા છે તે અજ્ઞાની છે. સમજાણું કાંઈ? કેમકે જીવ તો અકર્તા છે આવ્યુંને? તોપણ તેને બંધ થાય છે. આહા..હા..! વચમાં અજ્ઞાનની દખલ ઉભી કરે છેને. માટે કહે છે કે બંધ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કાલે આવ્યા હતા શું કાલે. કાલને? આ મહારાજ .. છે તો એની પૈસા બૈસા હશે. મોટા કરોડોપતિ હોયને એ એમ કહે. આપી દેશે. અરે..! ભાઈ! અમારી પાસે તો અજ્ઞાન ટાળવાની વાતું છે. અહીં કાંઈ ચમત્કાર-ફમત્કાર અમારી પાસે કાંઈ નથી. કારણ કે ત્યાં ચમત્કાર છે આ લાકડીમાં. એમ કહેવાય છેને? એ લાકડી ફરે તો પૈસાવાળો થઈ જાય. આ તો લાકડી પરસેવો હાથમાં થાય તો શાસ્ત્રને અડાય નહિ ઇ કારણે લાકડી છે. લાકડી ચોરાય પણ જાય છે બધી.

મુમુક્ષુ :- લાકડી ફેરવો એ વાત તો સાચી છે.

ઉત્તર :- શેની પણ આ ચૈતન્યની. ચૈતન્ય આવો જ્ઞાનાનંદ સ્વભાવે છે. એ રાગનો પણ કર્તા નથી એ ચમત્કાર છે અહીં તો. અહીં બીજી વાત કોઈ છે નહિ. નવરંગભાઈ! ઇ કહેતો હતો ... કાંઈક ચમત્કાર તો સાંભળીએ છીએ હોં તમારો તો. કાંઈ નથી બાપુ અહીં તો. આત્મા સિવાય બીજી કાંઈ વાત નથી. કોક આવ્યા હતા પાલિતાણાવાળા હતા. પાલિતાણાવાળા હતા એ. .. જુવાન.. પાલિતાણા કોક દિ' આવીએ. મુંબઈથી. કાંઈક સાંભળ્યું છે કે બહુ માણસ પૈસાવાળો થઈ જાય છે. કીધું આ છે બાપુ! અમારી પાસે કાંઈ નથી.

મુમુક્ષુ :- આવને અહીં. ત્યાં રહીને પૈસાવાળું થાવું છે એમ થવાતું હશે?

ઉત્તર :- .. છોકરો જુવાન હતો. પાલિતાણાના હતા. નાની ઉંમરના. કપાસી-કપાસી. કપાસી નથી? નામ નથી. કપાસીના છોકરા હતા. કપાસી છેને ઉપર? દેરાસરની ઓલીકોર નહિ ઘર? ખબર છેને બધી ઘણા વર્ષ પહેલા. એને ઘરે ગયા. ૬૯ની સાલ. ૬૯ દીક્ષા લીધા પહેલાની વાત છે. લગન હતાને કોકના તો ત્યાં સૂવાનું રાખ્યું હતું. હરગોવિંદ.. ૬૯ના વૈશાખની વાત છે. ઇ કહેતા હતા ... અમારે ગામ મેડી માથે છે. .. ત્યાં અમે સૂતા હતા. .. છોકરો કહે મને કાંઈ ખબર નથી. મારા બાપના બાપને ખબર હોય. આહા..હા..! પણ ઇ એમ કહે ચમત્કાર કાંઈક છે. વાત સંભળાય છે. અહીં તો આત્માનો ચમત્કાર છે, બાપા! આત્મા કોણ છે અને શું કરે છે? એનું સમજવું એ ચમત્કાર છે. ચૈતન્ય ચમત્કાર એમ ભગવાન એમ કહે છે. આહા..હા..! ધૂળમાં માન્યું છે દુનિયાએ ચમત્કારને. કેવળજ્ઞાનનો કંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો નાથ આત્મા. આહા..હા..! એનું ભાન થવું એ ચમત્કાર છે. બાકી તો બધા થોથા છે. આહા..હા..! મરીને ક્યાંય ચાલ્યા જશે ભાઈ! કોઈ શરણ નથી ક્યાંય.

**'એ કોઈ અજ્ઞાનનો મહિમા છે' એવા અર્થનું કળશરૂપ કાવ્ય હવે કહે છે :-'** લ્યો.

**(शिखरिणी)**

अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः
स्फुरच्चिज्जयोतिर्भिश्छुरितभुवनाभोगभवनः।
तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः
स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः॥195॥

જોયું? વિશુદ્ધ છે એમ કીધું ભાઈ! એ પણ મહિમા છે. આ એમ કહે છે કે આવો આત્મા આનંદનો નાથ. જેમાં અતીન્દ્રિય આનંદ ઠસોઠસ ભર્યો છે. હવે એને ક્યાં.. અતીન્દ્રિય આનંદનો અંદર સાગર છે એ તો. આહા..હા..! અને અતીન્દ્રિય જ્ઞાનનું પૂર એ તો આત્મા છે. આહા..હા..! એ રાગનો કર્તા થાય એ આ શું થયું પણ કહે છે? આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'स्वरसतः विशुद्धः' **'જે નિજરસથી વિશુદ્ધ છે,...'** જુઓ, આ. ઓલું અશુદ્ધ તો ભાઈ કાઢી નાખ્યું એમાં. કેવો છે ભગવાન આત્મા? જેવા સર્વજ્ઞ પરમેશ્વર થયા એવા જ બધા આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે. આહા..હા..! એ નિજરસથી વિશુદ્ધ છે એમ કહ્યું. જોયું? એ પોતાના અંદર નિજસ્વભાવથી, નિજશક્તિથી, નિજતત્ત્વથી વિશુદ્ધ છે. કોઈને કારણે વિશુદ્ધ છે એમ નહિ. આહા..હા..! એનો કોઈ ઈશ્વર-બિશ્વર કર્તા નથી. આહા..હા..! એની વિશુદ્ધતા તો નિજરસથી ભરેલી છે. આહા..હા.! જ્ઞાનસ્વભાવી પ્રભુ, જ્ઞાનનો પુંજ છે એ. આનંદનો સાગર છે ઇ. પરમેશ્વરની શક્તિથી ભરેલું એ સત્ત્વ છે. પરમેશ્વરનો સ્વભાવથી ભરેલો એ આ આત્મા છે. એવું પરમેશ્વરપણું ન હોય તો પર્યાયમાં પરમેશ્વરપણું આવશે ક્યાંથી? સમજાણું કાંઈ? આહા..હા..!

એ **'નિજરસથી વિશુદ્ધ છે,...'** આહા..હા..! **'સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે...'** આહા..હા..! જેની જ્ઞાનની શક્તિની વ્યક્તતા થતા, જેને લોકાલોક જણાય જાય છે. લોકાલોક જણાય છે ઇ કહેવું એ પણ વ્યવહાર છે. પણ એનું માપ બતાવવા (કહ્યું). સમજાણું કાંઈ? એમાં તો **'સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે...'** બધાને જાણે છે એમ કહે છે. આહા..હા..! કોઈ પરદ્રવ્યનો એ કર્તા નથી, તેમ પરદ્રવ્યથી તેમાં કાર્ય થાય આત્મામાં એવો એ નથી. આહા..! જુઓ, આ આત્મા આવો છે એમ કહે છે. **'ચૈતન્યજ્યોતિઓ વડે લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે,...'** આહા..હા..! જાણવું, જાણવું અને દેખવું એ જ એનું સ્વરૂપ છે. અરૂપી ભગવાન આત્મા પોતામાં એકલો જાણવું-દેખવાની સ્ફૂરણા કેટલી? લોકાલોક જાણે એટલી. એટલી એટલી પર્યાયનું માપ કહ્યું. આવો આત્મા એમાં આ અજ્ઞાન ક્યાંથી આવ્યું? કહે છે. પોતાના ભાન વિના એણે અજ્ઞાન ઉભું કર્યું છે. રાગનો કર્તા થાય છે. આ માટે સંસાર નવો બાંધે છે. વિશેષ કહેશે. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧, સોમવાર, તા.૧૬-૦૭-૧૯૭૩
## ગાથા-૩૧૨-૩૧૩, કળશ-૧૯૫, પ્રવચન-૪૪૦

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કળશ છે ૧૯૫. **'स्वरसतः विशुद्धः'** આ આત્મા પોતાના સ્વભાવથી, નિજરસની શક્તિથી, પોતાના નિજગુણથી જ વિશુદ્ધ છે એ. આત્મા પોતાનો નિજરસ, નિજશક્તિ, નિજસ્વભાવ, નિજગુણ એ સત્ એનું જે સત્ત્વ છે એ વિશુદ્ધ છે. આત્મા તદ્દન નિર્મળાનંદ છે. એ નિજરસથી જ નિર્મળ છે. એને **'स्फुरत्चित्-ज्योतिर्भिः छुरितःभुवन-आभोग-भवनः'** **'સ્ફુરાયમાન થતી જેની ચૈતન્યજ્યોતિઓ...'** એ ચૈતન્યનો સ્વભાવ જ એવો છે કે **'લોકનો સમસ્ત વિસ્તાર વ્યાપ્ત થઈ જાય છે એવો જેનો સ્વભાવ છે,...'** એ તો બધા જ જ્ઞેયોને જાણે એવો એનો સ્વભાવ છે. જેટલા લોકાલોક જ્ઞેય છે એમાં ચૈતન્યસ્વભાવમાં નિજરસથી સ્ફુરાયમાન રહેલું તત્ત્વ એ લોકાલોકને એટલે બધા જ્ઞેયોને જાણવાનો એનો સ્વભાવ છે. **'अयं जीवः'** **'એવો આ જીવ પૂર્વોક્ત રીતે (પરદ્રવ્યનો અને પરભાવોનો) અકર્તા ઠર્યો,...'** આ ચૈતન્યવસ્તુ એ વિકલ્પ નામ રાગ.

મુમુક્ષુ :- ચૈતન્ય જ્યોતિઓ કેમ કહ્યું?

ઉત્તર :- જ્યોતિ છે એને ઉપમાથી. બહુગુણો છેને. અનેક શક્તિ છેને. ચૈતન્ય જ્યોતિઓ એના બે ગુણોની શક્તિઓ એ ચૈતન્ય જ્યોતિ છે. એનો સ્વભાવ તો અકર્તા સિદ્ધ થયો. જ્ઞાનસ્વભાવી આત્મા એ લોકાલોક જ્ઞેયને વ્યાપે-જાણે પણ કોઈનો કર્તા એ વસ્તુ છે નહિ. આહા..હા..! પરદ્રવ્યનો પણ કર્તા નથી અને અંદરમાં પુણ્ય અને પાપના ભાવ થાય એનો એ કર્તા નથી. આહા..હા..! આકરું ભારે! એવું જેનું અનાદિ સ્વતઃ સ્વરૂપ સ્વભાવ છે.

**'अयं अकर्ता स्थितः'** અકર્તા વસ્તુ અકર્તા સિદ્ધ થયો. અહીં દૃષ્ટિપ્રધાન કથનમાં તો અકર્તા જ છે. સમજાણું કાંઈ? પણ દૃષ્ટિપ્રધાન કથન સાથે જે જ્ઞાન થાય એ જ્ઞાન જેટલું રાગનું પરિણમન છે એને એ કર્તા તરીકે પરિણમન તરીકે છે એમ જ્ઞાન જાણે. સ્વામી નહિ, ધણી નહિ. સમજાણું કાંઈ? પણ જ્ઞાન જાણે કે જેટલું રાગનું જ્ઞેય તરીકેનું પરિણમન જે છે એને જાણે અને એમ માને કે આ પરિણમન છે એ મારામાં છે. દૃષ્ટિમાં તો એ મારું પરિણમન એ કર્તા (કરવા) લાયક છે એમ છે જ નહિ. મારે આરે! અકર્તા સિદ્ધ થઈ ગયોને? વળી પાછું બીજી બાજું એમ કહે કે ગણધરદેવ પણ જેટલો વિકલ્પ પંચ મહાવ્રતાદિના પરિણમન છે એ મારું કર્તવ્ય છે એટલે પરિણમન છે એમ એ જાણે. એય..!

મુમુક્ષુ :- એક નક્કી કરી લ્યોને. બેમાંથી એક ...

ઉત્તર :- દૃષ્ટિ છે એ નિર્વિકલ્પ છે અભેદ દૃષ્ટિ અને એનો વિષય અભેદ છે. એના વિષય ભેદ નહિ. પણ તે દૃષ્ટિમાં અકર્તા વસ્તુ સ્થિતિ જ એવી અનાદિ છે. ભલે એ અજ્ઞાનપણે માને પણ વસ્તુ તો આવી છે એમ કહે છે. અને છતાં અકર્તા સ્થિત એમ સિદ્ધ કર્યુંને એ તો? કરવાલાયક છે એવી બુદ્ધિએ કરવું એ વસ્તુના સ્વરૂપમાં નથી. પણ જ્યાં સુધી સર્વજ્ઞ ન થાય પર્યાયમાં ત્યાં સુધી રાગનો જેટલો અંશ પરિણમે છે એને જ્ઞાની એ અંશને જાણે છે. એ મારું પરિણમન છે. એય..! એવી વાત છે. સ્યાદ્વાદ વાત છે એટલે જે અપેક્ષાએ કહ્યું તે બરાબર જાણવું જોઈએ. ખેંચાતાણ કરે તો એ વસ્તુ એમ સિદ્ધ નહિ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... મારામાં થાય છે.

ઉત્તર :- થાય છે મારામાં પણ કરવાલાયક છે એમ નહિ. પરિણમન અપેક્ષાએ મારું. મારું પરિણમન છે એ જડનું છે? જડને લઈને છે? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો એકલો અકર્તા સિદ્ધ કરવો છે. આહા..હા..! દર્શનશુદ્ધિમાં આત્મા તો નિર્મળાનંદ છે. એવો એનો સ્વભાવ જ અનાદિનો એવો છે. પણ એ સ્વભાવ છે એવું જ્યારે ભાન થયું ત્યારે એ સમકિતી જીવ પણ રાગ કરવાલાયક છે એવું એને રહેતું નથી. આહા..હા..! ભગવાનની ભક્તિનો ભાવ, મહાવ્રતનો ભાવ. આકરો માર્ગ ભારે ભાઈ જગતને. એ રાગ હોય ખરો, પણ કરવાલાયક છે એમ નહિ. તેમ પરિણમન છે માટે કર્તા પણ એટલા અંશે છે એમ એ જાણે. કહો, પંડિતજી! આહા..હા..! એ વસ્તુનું સ્વરૂપ જ આવું છે.

અકર્તા સ્થિત છે. આહા..હા..! એટલે કે જે શુભભાવ થાય વ્યવહારરત્નત્રયનો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એ શ્રદ્ધા એ રાગ છે. તેમ પંચ મહાવ્રત અને બાર વ્રતનો વિકલ્પ છે એ પણ એ રાગ છે. તેમ શાસ્ત્ર તરફના ભણવાની વૃત્તિ ઉઠે, ભણે એમાં એ જ્ઞાનમાં રાગનો ભાગ છે. પરલક્ષી છેને જ્ઞાન? આહા..હા..! તે રાગનો અંશ છે. એનો કર્તા અકર્તા સ્થિત થયો વસ્તુ તરીકે. તો વસ્તુની દૃષ્ટિવાન પણ એનો અકર્તા છે. પણ એનો અકર્તાની સાથે જ્ઞાન જે સમ્યક્ થયું એ જ્ઞાન એકલું અભેદને જ જાણે એમ નથી. એ જ્ઞાન તો અભેદને જાણે, ત્રિકાળને જાણે, શુદ્ધ અશુદ્ધ પર્યાય થાય તેને જાણે. આહા..હા..!

મુમુક્ષુ :- .. ત્યાં સુધી વાંધો નહિ, પણ પાછું પરિણમન કરે.

ઉત્તર :- પરિણમન પણ જાણેનો અર્થ થયોને. પરિણમન છે ત્યારે જાણેને? એનામાં છે ત્યારે જાણેને? પરમાં જાણે તો પરની સાથે સંબંધ કાંઈ નથી. આહા..હા..! એટલી નબળાઈનો ભાવ અશુદ્ધિનો પરિણમન છે. ન હોય તો પૂર્ણ શુદ્ધ સર્વજ્ઞ થઈ જાય અને એનું ભાન ન હોય તો અજ્ઞાની થઈ જાય. એવો માર્ગ વીતરાગનો. આહા..હા..! દુનિયાને હાથ આવવો, મૂળ સમ્યગ્દર્શન હોં. એની સાથેનું જ્ઞાન આમ કામ કરે. સમજાણું કાંઈ? શ્રાવરકરત્નકરંડાચારમાં તો એમ લીધું છે

કે સમ્યગ્દર્શન એ કરણધાર છે. જ્ઞાન ચાલનારો ચલાવે છેને મુખ્ય? એમ સમ્યગ્દર્શન આખા જ્ઞાનને, ચારિત્રને સમ્યક્ બનાવનાર એ સમ્યગ્દર્શન છે. હલાવનાર... હલાવનાર...

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા, એ. મોક્ષમાર્ગ. ગાથાઓ બધી મોઢે હોય. અર્થની ખબર નહિ, ઠેકાણા નહોતા. એ કરણધાર છે અને વસ્તુ અખંડ અભેદ ચીજની દૃષ્ટિ થતાં એવી જે સમ્યગ્દર્શન એ હોય તો એ મણિરત્ન સમાન છે. એની સાથે જો જ્ઞાન અને વ્રત ચારિત્ર હોય તો એ મણિરત્નસમાન છે. જો એ સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન અને વ્રતાદિ હોય તો એ ભુખરા પથરા જેવા છે. એનું નામ બીજું આપ્યું હતું. નહિ એમ સમજે. આપણે ભુખરો પત્થર હોયને ધોળો. એનું નામ બીજું આપ્યું છે હિન્દીમાં. જાજરો પત્થર એવું કાંઈક આપ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા ઇ જાજરા એટલે શું? ... આહા..હા..! એવી સમ્યગ્દર્શનની મહત્તા અને કિંમત છે. માટે કહે છે કે પહેલો તો સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર, પછી બીજી વાત. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! હવે ઇ પહેલા પાણી ન પીવું અને ઉના પાણી પીવા એમાં રોકાઈ જવું? આહા..હા..! એ વસ્તુ સ્વરૂપ એકલી ચૈતન્ય જ્યોત એટલે કે એ બધા જ્ઞેયો જેટલા તેને એક સમયમાં જાણવાની તાકાતવાળું તત્ત્વ છે, પણ એક સમયમાં એ રાગને કરે, કરવા જેવું એવું તે સ્વરૂપ નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયને કરે, કરવાલાયક છે એવું એ સ્વરૂપ નથી. છતાં વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પરિણમનમાં છે એ જ્ઞાન જાણ◌ે છે. આ મારું તત્ત્વ છે. અને એટલું વેદન પણ આકુળતાનું મારું છે, મારામાં છે. સમજાણું કાંઈ? આવી વસ્તુની સ્થિતિ જ જ્યાં છે ત્યાં.

એ જ કહ્યું છે જુઓ, **'(પરદ્રવ્યનો અને પરભાવોનો) અકર્તા ઠર્યો,...'** આહા..હા..! ચૈતન્યબિંબ, ચૈતન્ય પ્રકાશનો પૂર પ્રભુ એ તો રાગ અને પરદ્રવ્યની પર્યાયનો અકર્તા વસ્તુ તરીકે સ્થિત થયો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! હવે આ દયા પાળી શકું, વ્રતને પાળું એ બધું વસ્તુમાં રહેતું નથી. કારણ કે એ બધા વિકલ્પો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો વસ્તુનો સ્વભાવ ત્રિકાળી એનું સ્વરૂપ જ એવું છે એમ. **'तथापि'** છેને **'तथापि'** આવું હોવા છતાં આ શું થયું કહે છે આ. આવો ચૈતન્ય જ્યોત સૂર્ય ઝળહળ જ્યોતિ ઝબકતો સૂર્ય. એ અનંતા જ્ઞેયોને જાણવાની તાકાતવાળો પૂરો છે. સમજાણું કાંઈ?

**'तथापि'** **'તેને આ જગતમાં કર્મપ્રકૃતિઓ સાથે...'** **'यद् असौ बन्धः किल स्यात्'** **'જે આ (પ્રગટ) બંધ થાય છે...'** જે આ પ્રગટ બંધ દેખાય છે. અરેરે..! **'सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति'** એ અજ્ઞાનપણું એ વસ્તુના ભાન વિના. એવી વસ્તુ અસ્તિ છે આવી. એનું જેને ભાન નથી, એની જેને અજ્ઞાનદશા છે એવો કોઈ અજ્ઞાનથી એને બંધ થાય કે ગહન મહિમા. ચૈતન્ય સૂર્ય પ્રભુ મહા ત્રણ કાળ, ત્રણ લોકને દ્રવ્ય-ગુણ-પર્યાયસહિત પોતામાં રહેતો, જાણતો,

પરને જાણે જ્ઞેયોને એમ એનું સ્વરૂપ છે. છતાં આ શું થયું કહે છે. બંધ એને શું આ? અબંધસ્વરૂપી ભગવાન આવો જાણનાર-દેખનાર એને અકર્તા સાબિત કર્યો છતાં આ શું થયું આ? તેને બંધ દેખાય છે કર્મનો, રાગનો એ અજ્ઞાનની મહિમા છે. જેવું અહીંયાં જ્ઞાન કીધું લોકાલોકને જાણવાવાળું, મહિમાવાળું એનું અજાણપણું એ અજ્ઞાન, એનો કોઈ ગહન મહિમા છે. આહા..હા..! કર્મને લઈને નહિ. એવા સ્વરૂપની અંદર વસ્તુ ત્રણ કાળ, ત્રણ લોકને જે એક ક્ષણમાં જાણવાની તાકાતવાળું તત્ત્વ તે તો. રાગાદિ અને પરદ્રવ્યની કોઈપણ અવસ્થાનો અકર્તા જ (તે) વસ્તુ છે. છતાં એને આ બંધ થાય છે એ કોઈ અજ્ઞાનની મહિમા છે. ગહન છે કહે છે. આહા..હા..! કેટલાક કહે છેને પણ એ તો જ્ઞાનસ્વરૂપ છેને એમાં અજ્ઞાની ક્યાંથી આવ્યો?

મુમુક્ષુ :- જ્ઞાનસ્વરૂપને જાણતો નથી તે અજ્ઞાની.

ઉત્તર :- આહા..હા..! પોતે છે પણ એને ખબર ક્યાં છે એને? પોતે તો જ્ઞાન છે. જ્ઞાનમાં અજ્ઞાન ક્યાંથી આવ્યું? પણ એ જ્ઞાનમાં અજ્ઞાન કર્યું એણે. જે વસ્તુ છે તે તરફની દૃષ્ટિ ન રાખતાં, પર તરફના વલણવાળો જે ભાવ અજ્ઞાન એની ગહન મહિમા કે અજ્ઞાનને લઈને એને બંધન પડે છે. આ રાગનું બંધાવું અને કર્મનું બંધાવું એ બધું અજ્ઞાનને લઈને છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કે આ ભગવાનની ભક્તિ કરવી, પાંચ મહાવ્રત પાળવા, જોઈને સમિતિ-ગુપ્તિથી વ્યવહાર પ્રવૃત્તિ કરવી એમાં કષાય ક્યાં આવ્યો? એમ કહે છે. ઇ પોતે જ કષાયનો ભાવ છે. જ્ઞાતા પોતે ઠરેલો એટલી વસ્તુ હવે એમાં વળી આ વૃત્તિનું ઉત્થાન ક્યાંથી આવ્યું આ? પોતે જ્ઞાનસ્વરૂપે ઉપશમ રસના ગંજમાં પડેલું તત્ત્વ છે એ તો. એમાં આ કષાયનો અંશ જે આવ્યો એ પોતે અજ્ઞાનથી ઉભું કર્યું છે. પર્યાયમાં અજ્ઞાનથી ઉભું કર્યું, વસ્તુમાં નથી. આહા..હા..! અરે..! મૂળ તો હજી વાત સમ્યગ્દર્શન અને મિથ્યાત્વ. સમ્યગ્દર્શન જેવી ચીજ જગતમાં કોઈ છે નહિ કલ્યાણનું કરનાર અને મિથ્યાત્વ જેવી કોઈ ચીજ અકલ્યાણ કરનાર નથી. એ બેય વાત ત્યાં છે. શ્રાવકરત્નકરંડાચારમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ ઇ ગાથા છે. સમ્યગ્દર્શન સિવાય આ જગતમાં કોઈ કલ્યાણની ચીજ નથી. એ તો જ્ઞાન અને ચારિત્ર તો સમ્યગ્દર્શનના કારણ પછી જે થાય એ તો સમ્યગ્દર્શનની મહિમાથી આવેલી વાત છે. સમજાણું કાંઈ? પણ જ્યાં સમ્યગ્દર્શન જ નથી. આહા..હા..! એના બધા વ્રત ને તપ ને યાત્રા ને ભક્તિ ને બધા ભાવ એનો એ કર્તા થતો ચૈતન્યના સ્વભાવનો એ અનાદર કરે છે. સમજાણું કાંઈ? તેને આ જગતમાં આવી ચીજ વસ્તુ છેને ચૈતન્યરસ. પોતાના નિજરસથી જ એ નિર્મળ છે. એનો સ્વભાવ જ નિર્મળાનંદ પ્રભુ છે. સૂર્ય જેમ પ્રકાશનો પુંજ છે. એમ આ જ્ઞાનનો પુંજ પોતે છે. એ તો અકર્તા વસ્તુ કેવી? રાગ અને પરને કરે એ વસ્તુમાં ક્યાં છે? ત્યારે કહે આ બંધ છે એનું શું કરવું? એ અજ્ઞાનની કોઈ મહિમા આવો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો જેણે

આશ્રય લીધો નથી, તેનો આદર કર્યો નથી. એ બીજા કોઈ રાગના કણમાં અને બીજામાં આદર કરવા જાય છે એ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભાઈ! વાદવિવાદનો વિષય નથી. આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. આ વ્યવહાર સાધન કહ્યું હતું, ફલાણું કહ્યું છે. એ બધુંય છે સાંભળને. રાગ સાધન આત્માના સ્વભાવનું? સ્વભાવ તો વીતરાગમૂર્તિ ચૈતન્યઘન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જે આ (પ્રગટ) બંધ થાય છે...'** એમ કીધુંને? **'यद् असौ बन्धः किल स्यात्'** **'यद्'** એને આ **'बन्धः किल'** નિશ્ચયથી ખરેખર **'स्यात्'** આહા..હા..! એ અજ્ઞાનનો મહિમા છે. આવો માર્ગ ભારે! વીતરાગનું સ્વરૂપ વીતરાગે તો આમ વર્ણવ્યું છે. આજે દિવ્યધ્વનિનો દિવસ છેને? આહા..હા..! ઓલા કહેતા હતા ભાઈ વારંવાર શાહુજી. ભગવાનની પહેલી દેશના શું આવી? પહેલી દેશના શું આવી? ભાઈ! ભગવાનની પહેલી દેશનામાં એ આવ્યું અને પછીમાં જે પૂર્ણ છે એ બધું આવ્યું. પહેલું કાંઈક બીજું આવ્યું અને પછી કાંઈક બીજું આવ્યું એમ નથી. આહા..હા..! એ આ .. લખવું એમ. ભગવાનની પહેલી દેશનામાં આ સાર આવ્યો જે ભગવાનના ૨૫૦૦ વર્ષ થાય છેને? ૨૫૦૦ વર્ષ ભગવાનને મોક્ષના. બાર મહિના ઉજવવાના છેને. તો આ આસોવદ અમાસથી તે સામે આસોવદ અમાસ. બાર મહિના ઉજવણી કરવાના છે. બધા જ સંપ્રદાય. સ્થાનકવાસી, દેરાવાસી, દિગંબર, તેરાપંથી. તો કહે આ પહેલી દેશના શું આવી ભાઈ એમ કહેતા વારંવાર શાહુજી. શાંતિપ્રસાદ અત્યારે પૈસાવાળો છેને દિગંબરમાં મોટામાં મોટો પૈસાવાળો ઇ છે. બહારમાં તો ઇ કહેશે. એ પણ પહેલી, પણ પહેલી અને છેલ્લી બધી જે છે એ પહેલા કીધી એમ છે. પહેલી વળી કાંઈક કીધું અને બીજી વળી કાંઈક કહ્યું. આહા..હા..! ઘણા કહેનારા મળેને એને? ભોગભૂમિમાં એમ કે પહેલું શું આવ્યું. એ બધું આવ્યું. આખેય બાર અંગનું બધું. આવ્યું હતું ભાષા .. કર્મ. પણ આવ્યું હતું બધું. વિપુલાચલ પર્વત ૬૬ દિવસે ભગવાનને દિવ્યધ્વનિ થઈ. ત્યાં સુધી વાણી ...

વાણી હોય એને સામે ધર્મ પામનારા ન હોય તો એ વાણીનું નિષ્ફળપણું એમ ન હોઈ શકે. જ્યારે બાંધી હતી ત્યારે ફળ માટે બાંધી હતી. ફળ એટલે? જગતના પ્રાણી ધર્મ પામે અને હું પૂર્ણ થાવ. તો ઇ જે હતું તેવું જ બહાર આવવું જોઈએ. વાણી વખતે જગતના પ્રાણી ધર્મના સમજનારા ન હોય એ વાણી નિરર્થક જાય વસ્તુ એમ ન હોય. સમજાણું કાંઈ? આહા..હા..!

**'જે આ (પ્રગટ) બંધ થાય છે...'** આહા..હા..! ખરેખર **'सः खलु'** તે ખરેખર. **'सः'** નામ તે. **'खलु'** નામ ખરેખર. **'अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति'** **'તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.'** આહા..હા..! ઓલામાં પણ સ્ફુરાયમાન આવ્યું હતુંને? સ્ફુરિત. એવો જેનો સ્વભાવ પ્રકાશનો પુંજ પ્રભુ. લોકાલોક રાગથી માંડીને કોઈપણ બધી ચીજ ત્રણ કાળ. આકાશનો અંત નથી એને પણ જ્ઞાન જાણે. આહા..હા..! કાળની શરૂઆત નથી ક્યારે આ શરૂ

થઈ. અનાદિની છે. એને એ જાણે. ક્યારે આ છેડો આવશે અંત અંત? શેનો આવે? અંત આવે તો થઈ રહ્યું દ્રવ્ય-ગુણ-પર્યાયનો નાશ થઈ જાય. અંત નથી અને અહીં શરૂઆત નથી. એવા દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણે એવું એ સ્ફુરાયમાન છે. એવું જેનું તાકાત અને સામર્થ્ય છે. તથાપિ આ શું થયું કહે છે આ? અરે..! એણે આત્માનો આનંદ અને જ્ઞાનસ્વભાવ એને જાણ્યો નહિ એણે. અજાણ રહ્યો એ. અજ્ઞાનપણે એને કર્મનું બંધન થાય છે અને ચાર ગતિમાં રખડી રહ્યો છે. આહા..હા..! માને અમે કાંઈક સુખી છીએ. આ પૈસા પાંચ-પચાસ લાખ થાય, બાયડી, છોકરા ઠીક હોય, બાયડી કહ્યાગરી હોય, છોકરા સારે ઠેકાણે પરણ્યા હોય, દીકરીયું સારે ઠેકાણે વરાવી હોય, શરીર નિરોગી હોય અને રોગ-બોગ થાય તો આમ તૈયાર બધા કપાટમાં એની દવાઓ.

મુમુક્ષુ :- ચિકિત્સા માટે બધા તૈયાર.

ઉત્તર :- તૈયાર. અમે સુખી છીએ. ધૂળેય નથી સાંભળને. પરાધીનનો પાર નથી. દુઃખના પોટલે પડ્યો છે. આહા..હા..! એ વિષયની વાસના એ પોતે દુઃખ છે. માન, આબરૂ તરફનું લક્ષ જવું એ પોતે દુઃખ અને રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! અહીં તો દેવ, ગુરુ અને શાસ્ત્ર પરદ્રવ્ય છે. એના ઉપર લક્ષ જવું એ પ્રત્યક્ષ રાગ અને આકુળતા છે. આહા..હા..! વીતરાગ માર્ગમાં આ વાત.. ઓલા તો કહે અમને જમાડો, અમારા સાધુને જમાડો તો ત્યાં તમને વૈકુંઠમાં લાડવા મળશે. લ્યો ત્યાં પણ લાડવા અને ભૂખ્યા રહેવું.

મુમુક્ષુ :- ..માં તો ખાવાનું જ હોય.

ઉત્તર :- આ તો વૈકુંઠમાં. ... જો આપ્યા હશે લાડવા તો લાડવા આવશે. આહા..હા..!

અહીં તો કહે છે કે તીર્થંકરદેવ કહે હું છદ્મસ્થ જ્યારે હતો અને સાધુ હતો એ મને વહોરાવે તો એના ભાવમાં રાગ છે. આહા..હા..! એ આકુળતા છે. આ ગજબ વાતું! પરતરફની વૃત્તિ ઉઠે છેને. ભલે થોડી હોય. 'રાગ આગ દાહ દહે સદા' છ ઢાળામાં આવે છેને. 'તાતે સમામૃત સેવીએ' સમતા નામ જ્ઞાતા-દૃષ્ટાપણાનો ભાવ સેવો. એવી સેવના કરો. આહા..હા..! આવો જે ભગવાન એની (રાગની) આડમાં રાખી દીધો અજ્ઞાને. જે જોવાનું એને જોયું નહિ અને ન જોવામાં જોયું એ અજ્ઞાન છે. સમજાણું કાંઈ? કેમકે એનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે. છતાં એને સ્વને તો જોયો, જાણ્યો, માન્યો નહિ અને એકલા પરપ્રકાશમાં જ્ઞાનને જોડી દીધું જ્ઞાન. આહા..હા..! આમ જુઓ તો તો બધાને જાણનારો પણ ઇ સ્વપરપ્રકાશવાળું તત્ત્વ. સમજાણું? અને આમ એકલો પરને પ્રકાશે એકલા જ્ઞેયને એ તો અજ્ઞાન છે. એની દિશા બદલી ગઈ છે. તેથી એની દશા બદલી ગઈ છે. દિશા પરતરફ છે એની દશા મિથ્યાત્વની છે. એ અજ્ઞાન છે. આહા..હા..! આવા કોઈ અજ્ઞાનનો ગહન મહિમા. આ શું થયું પણ આ? ચૈતન્યસૂર્યમાં આ શું અજ્ઞાન? એમ કહે છે. સૂર્યના કિરણોમાં કોલસાનું કિરણ ક્યાંથી આવ્યું? સૂરજના કિરણમાં કોલસાનું કિરણ ક્યાંથી આવ્યું? એમ આ ચૈતન્યસૂર્ય ભગવાન આ એમાં અજ્ઞાન ક્યાંથી આવ્યું? આ શું થયું?

આહા..હા..! આચાર્ય એમ કહે છે જુઓને ગહન મહિમા છે. છેને? 'सः खलु अज्ञानस्य कः अपि गहनः महिमा स्फुरति' **'તે ખરેખર અજ્ઞાનનો કોઈ ગહન મહિમા સ્ફુરાયમાન છે.'**

**'ભાવાર્થ :- જેનું જ્ઞાન સર્વ જ્ઞેયોમાં વ્યાપનારું છે એવો આ જીવ શુદ્ધનયથી પરદ્રવ્યનો કર્તા નથી,...'** શુદ્ધ સ્વભાવથી જુઓ તો એ શુદ્ધનય. શુદ્ધસ્વભાવથી જુઓ તો એ પરદ્રવ્યનો કર્તા નથી. રાગનોય, એ રાગ પરદ્રવ્ય, એનો પણ કર્તા નથી. **'તોપણ તેને કર્મનો બંધ થાય છે તે કોઈ અજ્ઞાનનો ગહન મહિમા છે-જેનો પાર પમાતો નથી.'** અજ્ઞાની તેના પાર પામી શકતા નથી. આહા..હા..! આવો ચૈતન્ય સૂર્ય પ્રભુ ત્રિકાળ જે સ્વપરને જાણવાનો પૂરો પિંડ, પદાર્થ જ એવો એ છે. અરે..! એમાં આ અજ્ઞાન ક્યાંથી આવ્યું? એ પોતાનો સ્વભાવ ભૂલી ગયો અને પરને જોવામાં રોકાઈ ગયો એ અજ્ઞાન છે. એ અજ્ઞાનથી એને બંધન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

---

## ગાથા-૩૧૨-૩૧૩

**चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।**
**पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ॥312॥**
**एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।**
**अप्पणो पयडीए य संसारो तेण जायदे॥313॥**

चेतयिता तु प्रकृत्यर्थमुत्पद्यते विनश्यति।
प्रकृतिरपि चेतकार्थमुत्पद्यते विनश्यति॥312॥
एवं बन्धस्तु द्वयोरपि अन्योन्यप्रत्ययाद्भवेत्।
आत्मनः प्रकृतेश्च संसारस्तेन जायते॥313॥

अयं हि आसंसारत एव प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानेन परात्मनोरेकत्वाध्यासस्य करणात्कर्ता सन् चेतयिता प्रकृतिनिमित्तमुत्पत्तिविनाशावासादयति; प्रकृतिरपि चेतयितृनिमित्तमुत्पत्तिविनाशा-वासादयति। एवमनयोरात्मप्रकृत्योः कर्तृकर्मभावाभावेऽप्यन्योन्यनिमित्तनैमित्तिकभावेन द्वयोरपि बन्धो दृष्टः, ततः संसारः, तत एव च तयोः कर्तृकर्मव्यवहारः।

---

(હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :-)

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; 312.**

અન્યોન્યના નિમિત્ત એ રીતે બંધ બેઉ તણો બને
-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. 313.

ગાથાર્થ :- [चेतयिता तु] ચેતક અર્થાત્ આત્મા [प्रकृत्यर्थम्] પ્રકૃતિના નિમિત્તે [उत्पद्यते] ઊપજે છે [विनश्यति] તથા વિણસે છે, [प्रकृतिः अपि] અને પ્રકૃતિ પણ [चेतकार्थम्] ચેતકના અર્થાત્ આત્માના નિમિત્તે [उत्पद्यते] ઊપજે છે [विनश्यति] તથા વિણસે છે. [एवं] એ રીતે [अन्योन्यप्रत्ययात्] પરસ્પર નિમિત્તથી [द्वयोः अपि] બન્નેનો- [आत्मनः प्रकृतेः च] આત્માનો ને પ્રકૃતિનો- [बन्धः तु भवेत्] બંધ થાય છે, [तेन] અને તેથી [संसारः] સંસાર [जायते] ઉત્પન્ન થાય છે.

ટીકા :- આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદા જુદા) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો, પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે; પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે). એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે, તેથી સંસાર છે અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.

ભાવાર્થ :- આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે અને તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.

---

## ગાથા-૩૧૨-૩૧૩ ઉપર પ્રવચન

'(હવે આ અજ્ઞાનના મહિમાને પ્રગટ કરે છે :-)' ગાથા.

चेदा दु पयडीअट्ठं उप्पज्जइ विणस्सइ।
पयडी वि चेययट्ठं उप्पज्जइ विणस्सइ॥312॥
एवं बंधो उ दोण्हं पि अण्णोण्णप्पच्चया हवे।
अप्पणो पयडीए य संसारो तेण जायदे॥313॥

નીચે હરિગીત.

**પણ જીવ પ્રકૃતિના નિમિત્તે ઊપજે વિણસે અરે!**
**ને પ્રકૃતિ પણ જીવના નિમિત્ત ઊપજે વિણસે; 312.**
**અન્યોન્યના નિમિત્ત એ રીતે બંધ બેઉ તણો બને**
**-આત્મા અને પ્રકૃતિ તણો, સંસાર તેથી થાય છે. 313.**

આ નિમિત્ત આવ્યું ત્યાં ભડકે.

એની ટીકા. આ તો ધીરજના માર્ગ છે, ભાઈ! આ કાંઈ એકદમ આમ ભાષણ દેવા અને એમાંથી આ થઈ જાય... આ થાય... એ વસ્તુ બીજી જાતની. જેના ભાષણ દેવા એની શક્તિ નથી.

મુમુક્ષુ :- ભાષણ દઈ શકતો જ નથી.

ઉત્તર :- આહા..હા..! તમારે બહુ કેસ .. અસીલને બધા આવે ત્યાં વકીલોને. આહા..હા..! કોણ બોલે? એ બીજો. એ આત્મા નહિ. આહા..હા..! બોલે એ તો આત્માથી બીજી ચીજ જડ છે. મારે પણ ખીચડો એવો થઈ ગયોને. આહા..હા..! શરીર વિના આપણે કાંઈ કામ કરી શકીએ? એમ બોલે. ઇન્દ્રિયો વિના કાંઈ જણાય? લ્યો ઠીક! જાણનારો જ્ઞાનથી જણાય એમ છે કે નહિ? ઇન્દ્રિય વિના તે કાંઈ જણાય? શરીર વિના લ્યો આ અપવાસ કરવા, આ સાધન શરીર વિના થતા હશે? વ્રત પાળવા, અપવાસ કરવા, આંબેલું કરવી, સારું શરીર હોય તો જાત્રામાં એકદમ ફટ... ફટ... ફટ... ડોળી વિના જાવું. એ બધું શરીર સારું હોય તો શરીર દ્વારા થાયને? નહિ? બાપુ! શરીર તો જડ છે. એનું હાલવું-ચાલવું તો જડની ક્રિયા છે. એના દ્વારા તારામાં શું થાય? અને તારાથી એમાં શું થાય? આહા..હા..! તારામાં તો વિકલ્પને ઉત્પન્ન કરે જ્ઞાનભાવ એટલી વાત છે. આહા..હા..! તેનો સ્વભાવ નહિ હોવા છતાં.

‘**આ આત્મા, (તેને) અનાદિ સંસારથી જ (પરનાં અને પોતાનાં જુદા જુદા) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...**’ લ્યો, આ અજ્ઞાનનું કારણ કહે છે. અનાદિ સંસાર નિગોદથી માંડીને. આહા..હા..! ‘**(પરનાં અને પોતાનાં જુદા જુદા) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે...**’ કે હું તો જ્ઞાનસ્વભાવી આત્મા અને રાગાદિ અજ્ઞાન સ્વભાવી, બંધસ્વભાવી. હું અબંધસ્વભાવી આત્મા અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ બંધસ્વભાવી. આહા..હા..! એ વૃત્તિ ઉઠીને અંદરમાંથી? એ વૃત્તિ એનો સ્વભાવ ક્યાં છે? એનું લક્ષણ તો બંધનું છે. આહા..હા..! અબંધસ્વરૂપી ભગવાન અને રાગાદિ બંધસ્વભાવી તત્ત્વ. તેના જુદા જુદા લક્ષણને નહિ જાણવાથી. ‘**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**’ લ્યો. પર રાગાદિ અને પોતાનું એકત્વ એકપણે છું, એકપણે માન્યા વિના કર્તા ન થઈ શકે. સમજાણું કાંઈ? રાગ છે તે વિભાવ છે કૃત્રિમ-ક્ષણિક. અને ભગવાન સ્વભાવ આત્માનો અકૃત્રિમ ત્રિકાળી. સમજાણું કાંઈ? આવી! ધર્મદેશના આવી કેવી! દિવ્યધ્વનિમાં આમ આવ્યું. તને બીજું આપ્યું હોય

કોકે તો એ ભગવાનને નામે આપ્યું છે. ભગવાને કહેલું નહિ. આહા..હા..! એ ભગવાનની સામે બેસે પ્રતિમાની સામે. જુઓ સ્તવન ગાય અને એમાં હારમોનિયમ સાથે હોય અને બરાબર ગાય જુઓ. તુંહી તુંહી થઈ જાય અંદર.

મુમુક્ષુ :- શેમાં રાગમાં?

ઉત્તર :- રાગમાં. ઓલો તુંહી તુંહી પડ્યો રહ્યો. આહા..હા..! એકફેરી થયું હતું અહીં ૯૨માં નહિ? પહેલું અહીં નહોતું ૯૨માં .. શું કહેવાય એ? .. ચૈત્ર સુદ તેરસ. ..શીવજીભાઈ હતા આ શીવજી. શીવજી દેવશી. છે કે નહિ હજી? ગુજરી ગયા? પછી એક આવ્યો હતો કોક. સુરતનો આવ્યો હતો દી... દી... કર્યા કરે. ... હોયને .. પછી આ લોકો આહા..હા..! આમાં તો રસ પડે તો તીર્થંકરગોત્ર બંધાય જાય. અરે..! પણ સમ્યગ્દર્શન વિના તીર્થંકરગોત્રનો વિકલ્પ હોય જ નહિ. એની તો ખબરું નથી. આમ પણ એવા રસ પડી જાય. આહા..હા..! ઢોલક વગાડે અને એકકોર અરે..! શું કહેવાય? ઓલી વીણા. એકકોર વીણા વગાડતી હોય અને એકકોર આ થાતું હોય. પાંચ-છ જણા આવ્યા હતાને? લાઠીમાં નહિ? ભજન કરવા. આ નહિ ચંપકની ..નું ..વાળા. એય..! હતા તમે? સાંભળ્યું હતું? ... આવું ન હોય. જુવાન છોડીયું ઓલા મુસલમાન જોડે ... એક બે જણ સામું જોવે આ તે શું? બધા સામું જુવે એને ખબર નહિ ભાઈ. આ તો વૈરાગની વાતું કરતા તત્ત્વજ્ઞાની જોઈએ. તત્ત્વજ્ઞાની એટલે વસ્તુના અસ્તિત્વની અને કાં વૈરાગ્યની, વસ્તુના તત્ત્વની આ વાત જોઈએ. એને ઠેકાણે આ બધા હો..હા.. હો..હા... શું પરિણામમાં થાય છે બાપુ એને તો જોવું પડશેને. એમ ને એમ હો..હો.. કરે પણ. પરિણામમાં તો રાગ હોય અને રાગમાં લીન હોય. એ તો કર્તા થઈને પડ્યો ત્યાં.

કહે છે '**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા થયો થકો,...**' ભાષા શું કહે છે? રાગ અને પરનો કર્તા ક્યારે થાય? કે સ્વ અને પરની એકતાબુદ્ધિ હોય તે થાય. કરી શકાય છે અને કરી શકું એ પરચીજને પોતાની એક માને એને હોય. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો! '**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' જોયું? વિભાવ અને ત્રિકાળ સ્વભાવ. એના એકતત્નો અધ્યાસ હોવાથી. સમજાણું કાંઈ? પરદ્રવ્ય તો એકકોર રહ્યું. '**પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી...**' બેની એકપણાની ટેવાઈ ગયેલો હોવાથી. બે છે જુદાં. રાગનો વિકલ્પ અને પ્રભુ નિર્વિકલ્પ ચૈતન્ય છે જુદાં, પણ બેના લક્ષણો ભિન્ન નહિ જાણવાથી બેને એકપણે અધ્યાસ કરેલા જીવો એ રાગનો કર્તા થાય છે. એ '**કર્તા થયો થકો,...**' આહા..હા..! અહીંથી ઉપાડ્યું હોં પહેલું. પછી નિમિત્તથી લે.

'**પ્રકૃતિના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે;...**' સ્વભાવને આશ્રયે તો નથી. પરમાં અને સ્વમાં બેમાં તો એકત્વ માન્યું છે. તેથી કર્મના નિમિત્તના લક્ષે, એના લક્ષે રાગ ઉત્પન્ન કરે અને

વ્યય થાય, રાગ ઉત્પન્ન કરે અને વ્યય થાય. પરને આધીન થયેલું રાગને ઉત્પન્ન કરે અને વ્યય થાય. આહા..હા..! સમજાણું કાંઈ? **'પ્રકૃતિના નિમિત્તે...'** પોતાના આશ્રયે તો રહ્યો નહિ. બે ભિન્નને બેને એક માન્યા. એટલે ભિન્ન માને જુદાં તો તો સ્વનો આશ્રય લે. તો સ્વને આશ્રયે ધર્મની પર્યાય થાય, પણ પરને અને સ્વને એક માન્યા એટલે પરના લક્ષે નિમિત્તાધિન થઈને **'ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** આહા..હા..! રાગને ઉત્પન્ન કરે અને રાગમાં વ્યય થાય. આહા..હા..! કહો, નિમિત્તે એનો અર્થ? નિમિત્તે કરાવ્યું છે એમ ન આવ્યું. નિમિત્તનું લક્ષ કરવાથી, નિમિત્તના લક્ષે જે ભાવ થાય એનો એ કર્તા થાય છે. ઉત્પત્તિ અને વિનાશમાં જાય છે. આહા..હા..!

ધ્રુવ ભગવાન આત્મા એના તરફનો જેને સ્વપરના ભેદની ખબર નથી એ સ્વપરને એક માનતો, એકપણે ટેવાઈ ગયેલો અનાદિથી તે રાગના ભાગને મારું કર્તવ્ય છે એમ કર્તા થયો થકો પ્રકૃતિના નિમિત્તે જ એનું ઉત્પન્ન થવું અને વ્યય થવું છે વિકાર. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ભાઈ! આવી ભારે ઝીણી વાતું છે. એય...! આહા..હા..! ત્યાં તો એવી વાતું થાય વ્રત ધારણ કરો, આમ કરો, ફલાણું કરો લ્યો. આમ કરો. એ તો સમજાય પણ ખરું. એ અનાદિથી સમજ્યો છે એ જાત. અહીં તો ત્રણ લોકના નાથ વીતરાગની વાણીમાં સંતોએ ઝીલી અને આ રચના કરી. આહા..હા..! કે આવો ચૈતન્યસૂર્ય પ્રભુ, બધાને જાણવાના સ્વભાવવાળું તત્ત્વ એને એના લક્ષણ અને પરના અને સ્વના લક્ષણ ભિન્ન ન જાણતો, બેની એકત્વબુદ્ધિવાળો જીવ કર્મની પ્રકૃતિના નિમિત્તમાં જોડાયેલો વિકારને ઉત્પન્ન અને નાશ કરે છે. પ્રકૃતિના નિમિત્તે ઉત્પન્ન અને વિનાશ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** આહા..હા..! કોણ? જીવ. પ્રકૃતિના નિમિત્તે ઉત્પન્ન થતાં વિકારીભાવ. એ વિકારી ઉત્પન્ન થાય અને વ્યય થાય... ઉત્પન્ન થાય અને વ્યય થાય... એવા ભાવને એ પામે છે. આહા..હા..! પ્રકૃતિથી નહિ. પ્રકૃતિના ઉપર લક્ષ જવાથી અહીં લક્ષ નથી વસ્તુના લક્ષની ખબર નથી મારું સ્વરૂપ શું છે એની ખબર નથી અને રાગનું સ્વરૂપ શું છે એની ખબર નથી અને બેના એકત્વમાં પ્રકૃતિના નિમિત્તે ઉપજવું-વિણસવું સંસારનું થાય છે એને. આહા..હા..! નિમિત્તથી થાય છે એમ નહિ. આ નિમિત્તને લક્ષે રાગ ઉત્પન્ન કરે અને રાગ નાશ કરે, રાગ ઉત્પન્ન કરે અને રાગ નાશ કરે. આમ આત્મામાં અનાદિથી અજ્ઞાનીને આમ થઈ રહ્યું છે લ્યો. આહા..હા..! બીજી ચીજને ઉત્પન્ન કરે અને નાશ કરે એમ નહિ. પોતાના નિમિત્તના લક્ષે વિકાર ઉત્પન્ન કરે અને વિકારનો વ્યય થાય. બસ, ઉત્પન્ન-વ્યય... ઉત્પન્ન-વ્યય... .. થયા કરે છે. સમજાણું કાંઈ?

આ તો વાત એવી છે જેને ચોર્યાસીના અવતારના દુઃખ લાગ્યા હોય, સ્વર્ગનો ભવ પણ દુઃખરૂપ છે એમ લાગ્યું હોય એને આ સમજવાની વાત છે. સમજાણું કાંઈ? સ્વર્ગમાં જ્યાં લક્ષ્મીની જરૂર નથી, આહાર અને રાંધવા ને ચુલાને બધી સામગ્રી જોવે, દાળ, ભાત ને ઘીને એવી

કોઈ સામગ્રી જરૂર નથી.

મુમુક્ષુ :- બંગલા તો બનાવેને.

ઉત્તર :- એ બંગલા પણ તૈયાર છે ત્યાં. એ પણ બનાવવા પડે નહિ. ..ભાઈ! આહા..હા..! પણ એ એના લક્ષમાં ગયો, ઉપજ્યો એ કષાયના અંગારે શેકાય છે, બળે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એકત્વપણે.

ઉત્તર :- એકત્વપણે કર્તા થઈને બળી જ રહ્યો છે ત્યાં. રાગની અગ્નિથી. આહા..હા..! એ ક્યાંય સુખ નથી. સર્વાર્થસિદ્ધમાં પણ સુખ નથી. જુઓ, એ તો સમકિતી છેને? સુખી કીધા છેને. તો કહે છે કે ચાર ગતિમાં ક્યાંય સુખ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ગતિ તો દુઃખ છે એમ કહે છે. આહા..હા..! આવે છેને પંચાસ્તિકાયમાં નહિ? પરાધીન. ચાર ગતિ પરાધીન છે, દુઃખરૂપ છે. ગતિ દુઃખરૂપ છે તો સમકિતીને શું? એ ગતિ એનામાં નથી. એ રાગ પણ એના સ્વભાવમાં નથી, પણ સ્વભાવમાંથી જેટલી અસ્થિરતા થાય છે એટલું એને પણ દુઃખ છે. ક્ષાયિક સમકિતી હોય એકાવતારી હોય. સમજાણું કાંઈ? ત્યાં પણ સુખ નથી અને આ બધા અબજોપતિના શેઠિયા કહેવાય એ બધા અગ્નિથી શેકાય છે.

મુમુક્ષુ :- ... બેસે છે કે છે.

ઉત્તર :- બેઠા ત્યાં .. પણ નથી અને .. લાગી એ ઠીક લાગી એ જ વિકલ્પ અને અગ્નિ છે. આહા..હા..! અરે..! એની શાંતિ ત્યાં બળે છે અને એમ માને છે કે અમે સુખી છીએ. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અંદર હોય છે ... ઓલો નહોતો ત્યાં આપણે? વવાણિયા જવાના છ ગાઉ છેટે નહિ? કોક ઓલો રાજાનો હતો બરવાળા. બધું આમ ... કે આ બધું હતું ત્યાં એવું. બળ્યા બિચારા. બનાવતા વખતે બળ્યા હતા કષાય. છોડવા વખતે હાય.. હાય... આપણા .. લઈ જાય છે સરકાર. નહિતર મકાનના પૈસા ગણશે અને એના ઉપર કેટલા પૈસા ... આહા..હા..! ... દુઃખી છે બિચારા. એ જેને દુઃખ લાગ્યું હોય એને અહીંયાં સમજવાની વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- આકુળતા .. તો સુખનું જ્ઞાન કરતા દુઃખનું જ્ઞાન થયા એને.

ઉત્તર :- ઇ જ્ઞાન થયા વિના રહે નહિ. જ્ઞાનની પ્રધાનતાથી કથન આવે ત્યારે સ્વપરનું જ્ઞાન બરાબર થાય. દૃષ્ટિની પ્રધાનતાથી કથન હોય તો જ્ઞાની કર્તા અને ભોક્તા નથી. અધ્યાત્મમાં એક સમયે એક જ વેદન હોય, એક જ કર્તાપણું એમ આવે દૃષ્ટિમાં વિષય તરીકે અને દૃષ્ટિના પરિણામ ... એની સાથે પાછું જ્ઞાન છેને? એ સમય સમયનું એ જાણે છે. હા. જેટલો રાગનો ..ભાવ એટલું દુઃખ છે. એક સમયમાં શાંતિ અને દુઃખ ભેગા છે. ન હોય તો શાંતિપૂર્ણ વીતરાગદશામાં થઈ ગયું. આ તો વીતરાગમાર્ગ છે. સમજાણું કાંઈ? સમય સમયની પરીક્ષા, સમય સમયનો જવાબ લે

છે જ્ઞાન. આહા..હા..!

અહીં કહે છે એ **'પ્રકૃતિના નિમિત્તે...'** લક્ષે વિકાર ઉત્પન્ન કરે અને વિકાર વ્યય થાય, વિકાર ઉત્પન્ન કરે આવો સંસાર અનાદિથી ચાલ્યો આવે છે. આહા..હા..! અને **'પ્રકૃતિ પણ...'** એ શું કીધું જુઓ, પરમાણુ જે પ્રકૃતિના છે ઇ પણ આમાં રાગનું નિમિત્ત પામીને **'આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** આત્માના નિમિત્તે. ભાષા દેખો. ભાષા આમ છે. એ આત્મા રાગનો એમ છેને? માન્યો છેને? **'પ્રકૃતિ પણ આત્માના નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે (અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે).'** આહા..હા..! જેવા પરિણામ કર્યા જીવે એ રીતે જ ત્યાં પરમાણુની પર્યાય પોતાને કારણે ત્યાં પરિણમે છે. પણ આવું અહીં નિમિત્ત છે એ પ્રમાણે ત્યાં પરમાણુનું પરિણમન સ્વતંત્ર પોતાથી થાય. વાંધાવાળો. વાંધા કાઢનારા વાંધા જ કાઢ્યા કરે મારા. એને ઉકેલ ન કરે કે સત્ય આ છે.

**'પ્રકૃતિ પણ...'** પરમાણુઓ પણ **'આત્માના...'** રાગના **'નિમિત્તે ઉત્પત્તિ-વિનાશ પામે છે...'** અહીં રાગને એનો પોતાનો માન્યો છેને? ભિન્ન જાણ્યો છે ક્યાં? **'(અર્થાત્ આત્માના પરિણામ અનુસાર પરિણમે છે).'** શુભભાવના અસંખ્ય પ્રકાર તો જેવો શુભભાવ હોય એવું જ ત્યાં પરિણમન કર્મમાં પોતાને કારણે એ વખતે પર્યાય થાય. અશુભભાવના અસંખ્ય પ્રકાર. તો જેવો અશુભભાવ અહીંયાં હોય તો એના નિમિત્તે જીવ પ્રકૃતિ પોતાના પર્યાયપણાને પામે છે. આહા..હા..! **'એ રીતે-જોકે તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે...'** જોયું? એના નિમિત્તે અહીંયાં ઉપજે અને આના નિમિત્તે ત્યાં ઉપજે. છતાં કર્તા-કર્મ નહિ. જીવે રાગ કર્યો માટે કર્મની પ્રકૃતિને બંધાવું પડ્યું એમ નહિ. તો એ કર્તાકર્મ થઈ જાય. કર્તાકર્મ નહિ. આહા..હા..! જીવને કર્મનો ઉદય આવ્યો અને એમાં જોડાણો માટે કર્મનું નિમિત્ત વિકાર કર્તા નિમિત્ત એનું કહેવાય, પણ એ કર્મની પ્રકૃતિનો ઉદય અહીં કર્તા થાય અને વિકાર એનું કાર્ય થાય એમ નથી. આ તો નિમિત્તે જ કર્તા-કર્મ તરીકે સ્વીકાર્યો છે. કર્તાકર્મમાં એ જ આવ્યું છેને? આહા..હા..!

**'તે આત્મા અને પ્રકૃતિને કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે,...'** પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક ખરું. વિકારમાં નિમિત્ત પ્રકૃતિ અને પ્રકૃતિને પરિણમવામાં નિમિત્ત રાગ-દ્વેષભાવ. આહા..હા..! બેય સ્વતંત્ર. કોઈ કોઈનો કર્તા નહિ. આહા..હા..! અજ્ઞાની રાગનો કર્તા થાય અજ્ઞાનપણે ત્યારે જે કર્મ બંધાય એ એની પર્યાય અને લાયકાતવાળા રજકણો હોય ઇ પોતાથી પરિણમે છે. આણે રાગ કર્યો માટે પરિણમે છે અને ન કર્યો હોત તો ન થાય ઇ પ્રશ્ન જ નથી. એ પ્રશ્ન ઉઠ્યો હતો છઠ્ઠી સાલમાં રાજકોટમાં. કે રાગ ન કરે તો પરમાણુને પરિણમવું પડે નહિને? એનો અર્થ શું? રાગ ન કરે તો પરમાણુની પર્યાયમાં તે થવાનું પર્યાય એમાં હોય જ નહિ, પણ અહીં તો છે એને શું થાય એની વાત છે. આહા..હા..! પરાધીન દૃષ્ટિવાળા ગમે ત્યાંથી ગોત્યા કરે. ક્યાંક નીકળશે? ક્યાંક અમારી

માન્યતા નીકળશે. શાસ્ત્રમાંથી એ કાઢ્યા કરે. આહા..હા..! દૃષ્ટિ જ જ્યાં વિપરીત છે.

અહીં કહે છે રાગ-દ્વેષના પરિણામનો પ્રકૃતિ નિમિત્ત કર્તા નથી અને રાગ-દ્વેષ થયા માટે કર્મનું થવું પડ્યું એમ રાગ-દ્વેષ એનો કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ? એ '**કર્તાકર્મભાવનો અભાવ છે તોપણ-પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી બંનેને બંધ જોવામાં આવે છે,...**' લ્યો, એના નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી જોવામાં આવે છે. '**તેથી સંસાર છે...**' આહા..હા..! નિમિત્તમાં જોડાય છે '**તેથી સંસાર છે...**' અને નિમિત્તમાં જોડાયેલા ભાવને નિમિત્તપણું નવી પ્રકૃતિને કહેવામાં આવે છે. .. આ સંસાર છે બધો ઉભો. ચાર ગતિ નિગોદથી માંડી. આહા..હા..! '**અને તેથી જ તેમને (આત્માને ને પ્રકૃતિને) કર્તાકર્મનો વ્યવહાર છે.**' વ્યવહાર છે. નિશ્ચય નથી. આહા..હા..! એમ કહ્યું. સમજાણું કાંઈ? એમ બોલવામાં એમ આવે કર્મના નિમિત્તે થયું એમ. એ વ્યવહાર બોલવામાં આવે. એમ છે નહિ. કર્તા-કર્મ છે નહિ. આનું નામ સંસાર. રાગને ઉત્પન્ન કરી અને પોતે પોતાનું સ્વરૂપ છે એમ માને અને તે નિમિત્ત પામીને ત્યાં પરમાણુ થાય અને વળી એ પરમાણુનું નિમિત્ત પામીને રાગ-દ્વેષ કરે આ સંસાર. ચોર્યાસીમાં રખડવાનો આ રસ્તો. વિશેષ કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૨, મંગળવાર, તા.૧૭-૦૭-૧૯૭૩
## ગાથા-૩૧૨-૩૧૫, પ્રવચન-૪૪૧

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. ૩૧૨ અને ૩૧૩નો '**ભાવાર્થ :- આત્માને અને જ્ઞાનાવરણાદિ કર્મની પ્રકૃતિઓને પરમાર્થે કર્તાકર્મપણાનો અભાવ છે...**' શું કહે છે? કે આત્મામાં જે અનાદિ અજ્ઞાનથી વિકારભાવ થાય એનો કર્તા કર્મ નથી. એ પોતે વિકાર કરે છે ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે. એમ કર્મની પ્રકૃતિ નવી બંધાય તેનો કર્તા આત્મામાં રાગ-દ્વેષ પરિણામ એ નથી. પ્રકૃતિ જે નવી બંધાય એનો કર્તા રાગ-દ્વેષના પરિણામ નથી. એ પ્રકૃતિ પોતાના પરિણામને પામીને કર્મરૂપે પરિણમે છે. એમાં રાગ-દ્વેષનું નિમિત્ત છે. એના નિમિત્તે અહીં

વિકાર થાય અને વિકારને નિમિત્તે કર્મનું પરિણમન થાય એમ નથી. આહા..હા..! **'તોપણ પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે,...'** આત્મા પોતાના સ્વરૂપને ભૂલી અને જેટલા પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ મિથ્યાત્વભાવ કરે ત્યારે એને નવી પ્રકૃતિ બંધાય છે. એ બંધાય છે તે સ્વતંત્રપણે બંધાય છે. આણે રાગ-દ્વેષ કર્યા માટે એને કર્મની પર્યાયપણે થવું પડ્યું એમ નથી.

મુમુક્ષુ :- શું કારણ હતું?

ઉત્તર :- કારણ શું? એને કારણે પર્યાયમાં એ વખતે જ્ઞાનાવરણીય આદિ થવાની પર્યાયની લાયકાતથી એ થયા છે. નહિતર તો કર્તા-કર્મ થઈ જાય છે. કર્તા-કર્મ હોઈ શકે નહિ. બીજા દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાય કરે અને બીજા દ્રવ્યની પર્યાય એ કર્તાનું કર્મ થાય એમ ત્રણ કાળમાં, વીતરાગમાર્ગમાં નથી. સમજાણું કાંઈ? પણ પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકભાવ. એટલે? કર્મનું નિમિત્ત અને એને લક્ષે જીવ પોતે વિકાર કરે છે અને વિકાર કરે એ ટાણે નવી પ્રકૃતિ બંધાય એટલો નિમિત્ત-નૈમિત્તિકભાવનો સંબંધ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિકભાવનું કામ શું છે?

ઉત્તર :- સંસાર છે માટે. સંસાર છેને .. તેથી તો સંસાર છે. પોતાને આધીન થઈને જ્યાં સુધી આત્મા સ્વભાવને ન પામે ત્યાં સુધી અનાદિ-અજ્ઞાની કર્મના નિમિત્તને લક્ષે વિકાર કરે અને વિકારનું નિમિત્તપણું અને કર્મની પર્યાયનું થવું એકબીજાના નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે છતાં કર્તા-કર્મ સંબંધ નથી. સમજાણું કાંઈ? આત્મા કર્મ બાંધે. એમ નથી. કર્મ તો જડ છે. જડની પર્યાય આત્મા બાંધે એમ ત્રણ કાળમાં છે નહિ. તેમ કર્મ વિકાર કરાવે એમ પણ નથી. કર્મ તો જડ છે, પરવસ્તુ છે. વિકાર પોતે કરે તો થાય છે. પણ કર્મથી થાય છે એમ છે નહિ.

મુમુક્ષુ :- કરાવે એ તો પરવસ્તુ હોય.

ઉત્તર :- કોણ કરાવે? કરાવતું પણ નથી અને કરતું પણ નથી. પોતે કરે ત્યારે નિમિત્ત કર્મનું કહેવાય અને કર્મ એની પર્યાય એની લાયકાતથી બંધાય ત્યારે જીવના રાગ-દ્વેષ પરિણામને નિમિત્ત કહેવાય. આહા..હા..! મોટો જૈનમાં રહ્યા એને પણ ખબર ન મળે શું વીતરાગ કહે છે. જય ભગવાન. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન તો ભલુ જ કરે.

ઉત્તર :- ભગવાન ભલું કરે પણ ભગવાન છે કોણ? અને ભગવાનની આજ્ઞા શું છે એ જાણ્યા વિના? તીર્થંકરદેવ અરિહંત પરમાત્મા જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન એ જ્ઞાન શું છે સામર્થ્ય? એમાં કેટલું જાણવાનું અને એણે કહ્યું શું? તો એણે આ કહ્યું કે તારામાં જે વિકાર થાય છે એ તારે લઈને થાય છે. કોઈ કર્મને લઈને વિકાર થાય છે એમ છે નહિ. એમ પરદ્રવ્ય છે. એ તો પરદ્રવ્ય વસ્તુ જડ છે. જડનું જે બંધન થાય છે પર્યાયનું .. થઈને એમાં તારો અધિકાર એમાં નથી. એ તો એને કારણે બંધાય છે. ફક્ત તારો વિકારભાવ એને નિમિત્ત, વિકારને જૂનું કર્મ

નિમિત્ત અને વિકાર નવા કર્મને નિમિત્ત. આવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. આહા..હા..! એ કાંઈ ખબર નહિ. આપણે ભાઈ કર્મ કર્યા, આપણે ભોગવો. આ ગોખી રાખ્યું છે. કેમ .. ઇ ગોખી રાખ્યું. પણ એમ છે જ નહિ. કર્મ તો જડ છે, અજીવ, માટી, ધૂળ છે. એને તો ખબર પણ નથી કે અમે કર્મ છીએ કે નહિ. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! શું કરીએ ભાઈ! કર્મમાં માંડ્યું હોય એમ અમારે વિકાર થાય એમ છેને? અહીં લખ્યું હશે. કપાળમાં અંદર.

મુમુક્ષુ :- લખે કોણ?

ઉત્તર :- હા એમ કહે છેને. એવું થાય ત્યારે એમ બોલે અરેરે..! અમારા કપાળ ફૂટ્યા બાપુ એમ કહે લ્યો. છોકરો મરી જાય એકનો એક હોયને. .. બોલે છે. ..વાળા નહિ મુળચંદ. એકનો એક દીકરો હતો એ મરતા.. કેટલા વખતથી લખે છે.

મુમુક્ષુ :- એ ..

ઉત્તર :- ના, એ પહેલો તો એનો દીકરો હતો. એની વાત કરું છું. આ તો ખોળે લીધો છે એ જીવતો છે. આ તો મરી ગયો ત્યારે. એકનો એક દીકરો મરી ગયો તો આમ બોલ્યા કે મારું કપાળ ફૂટ્યું. કર્મ ફૂટ્યા. એમ કહે ભાઈ! આહા..હા..! પણ કર્મ તો જડ છે હવે માટી, જેવી આ ધૂળ છે એવી ઝીણી ધૂળ છે. આ જાડી છે ઓલી સૂક્ષ્મ છે. અજીવ તત્ત્વ છે. હવે અજીવમાં કાંઈ ફેરફાર થયો એમાં તને શું થયું?

મુમુક્ષુ :- .. કર્મ આડા આવ્યા.

ઉત્તર :- કર્મ આડા શું આવે? ધૂળ કાંઈ આવ્યું નથી. તું વિકાર કર ત્યારે આડા આવ્યા એમ કહેવામાં આવે છે. આહા..હા..! એ પહેલો છોકરો અહીંનો હતોને પોતાના ઘરનો. આ તો પછી ખોળે લીધો એ તો છે અત્યારે. એ આવ્યું હતું છાપામાં. જૈન મિત્રમાં આવ્યું હતું. ઘણા વર્ષની વાત છે. આ પણ લોકો એમ કહે છોકરો એક હોય, બાયડી .. કર્મ ફૂટ્યા બાપા મારા. ... કાંઈ ફૂટ્યા નથી. કર્મ કર્મમાં છે અને તું તારામાં છો. બે દ્રવ્ય કોઈ દિ' કર્તા છે? ઈશ્વર કર્તા છે એમ છે આમાં? જગતનો ઈશ્વર કર્તા છે કોઈ?

મુમુક્ષુ :- અજ્ઞાની તો કર્તા થાયને?

ઉત્તર :- કર્તા છે નહિ, માને છે. પરદ્રવ્યની અવસ્થાનો કર્તા ઈશ્વર કર્તા કહો કે આત્મા કર્તા કહો બે એક જ વાત છે ઇ. આહા..હા..! એકકોર એમ માનવું કે ઈશ્વર જગતનો કર્તા નથી અને એકકોર એમ માનવું કે જડની પર્યાયનો હું કર્તા છું અને જડ મારા વિકારની પર્યાયનો કર્તા એ તો બધું એકનું એક થયું. માન્યતા તો ઈશ્વરકર્તાની થઈ.

**'નિમિત્તનૈમિત્તિકભાવને લીધે બંધ થાય છે, તેથી સંસાર છે...'** જુઓ, આત્મા નિમિત્તને આધીન થઈને વિકાર કરે અને નવા કર્મ અહીં વિકાર થાય એ નિમિત્ત પામીને એ નવું કર્મ પોતાથી થાય આ એનું નામ સંસાર. સમજાણું કાંઈ? **'તેથી જ કર્તાકર્મપણાનો વ્યવહાર છે.'** લ્યો.

અજ્ઞાનીને એ વ્યવહાર કહેવામાં આવે છે. કારણ કે ઓલું નિમિત્ત છે વિકારમાં અને આ વિકાર નવા બંધનને નિમિત્ત છે. આહા..હા..! એ કર્તાકર્મપણાનો વ્યવહાર અજ્ઞાનીને કહેવામાં આવે છે. કરતો નથી. પણ ઓલો નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં જોડાય છે એથી એને કર્તા-કર્મનો વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! એ આવી ગયું છે કાલે વાત બધી. આ તો ભાવાર્થ.

## ગાથા-૩૧૪-૩૧૫

जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।
अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ।।314।।
जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।
तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी।।315।।

यावदेष प्रकृत्यर्थं चेतयिता नैव निमुञ्चति।
अज्ञायको भवेत्तावन्मिथ्यादृष्टिरसंयतः।।314।।
यदा विमुञ्चति चेतयिता कर्मफलमनन्तकम्।
तदा विमुक्तो भवति ज्ञायको दर्शको मुनिः।।315।।

यावदयं चेतयिता प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानात् प्रकृतिस्वभावमात्मनो बन्धनिमित्तं न मुञ्चति, तावत्स्वपरयोरेकत्वज्ञानेनाज्ञायको भवति, स्वपरयोरेकत्वदर्शनेन मिथ्यादृष्टिर्भवति, स्वपरयोरोकत्वपरिणत्या चासंयतो भवति; तावदेव च परात्मनोरेकत्वाध्यासस्य करणात्कर्ता भवति। यदा त्वयमेव प्रतिनियतस्वलक्षणनिर्ज्ञानात् प्रकृतिस्वभावमात्मनो बन्धनिमित्तं मुञ्चति, तदा स्वपरयोर्विभागज्ञानेन ज्ञायको भवति, स्वपरयोर्विभागदर्शनेन दर्शको भवति, स्वपरयोर्विभागपरिणत्या च संयतो भवति; तदैव च परात्मनोरेकत्वाध्यासस्याकरणादकर्ता भवति।

---

('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ, અસંયત છે' એમ કહે છે :)

ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,
અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; 314.

**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. 315.**

ગાથાર્થ :- [यावत्] જ્યાં સુધી [एषः चेतयिता] આ આત્મા [प्रकृत्यर्थं] પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું [न एव विमुढञ्चति] છોડતો નથી, [तावत्] ત્યાં સુધી તે [अज्ञायकः] અજ્ઞાયક છે, [मिथ्यादृष्टिः] મિથ્યાષ્ટિ છે, [असंयतः भवेत्] અસંયત છે.

[यदा] જ્યારે [चेतयिता] આત્મા [अनन्तकम् कर्मफलम्] અનંત કર્મફળને [विमुञ्चति] છોડે છે, [तदा] ત્યારે તે [ज्ञायकः] જ્ઞાયક છે, [दर्शकः] દર્શક છે, [मुनिः] મુનિ છે, [विमुक्तः भवति] વિમુક્ત (અર્થાત્ બંધથી રહિત) છે.

ટીકા :- જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડતો નથી, ત્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદષ્ટિ છે અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે; અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે. અને જ્યારે આ જ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે તેને-છોડે છે, ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે, સ્વપરના વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે અને સ્વપરની વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.

ભાવાર્થ :- જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી ત્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે. અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી, તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદ્રષ્ટાપણે પરિણમે છે.

## ગાથા-૩૧૪-૩૧૫ ઉપર પ્રવચન

**'('જ્યાં સુધી આત્મા પ્રકૃતિના નિમિત્તે ઊપજવું-વિણસવું ન છોડે ત્યાં સુધી તે અજ્ઞાની, મિથ્યાદષ્ટિ, અસંયત છે' એમ કહે છે :-)'** કહો, સમજાણું કાંઈ? એ ૧૪-૧૫ ગાથા.

**जा एस पयडीअट्ठं चेदा णेव विमुंचए।**
**अयाणओ हवे ताव मिच्छादिट्ठी असंजओ॥314॥**
**जदा विमुंचए चेदा कम्मफलमणंतयं।**
**तदा विमुत्तो हवदि जाणओ पासओ मुणी॥315॥**

**ઉત્પાદ-વ્યય પ્રકૃતિનિમિત્તે જ્યાં લગી નહિ પરિતજે,**
**અજ્ઞાની, મિથ્યાત્વી, અસંયત ત્યાં લગી આ જીવ રહે; 314.**
**આ આતમા જ્યારે કરમનું ફળ અનંતું પરિતજે,**
**જ્ઞાયક તથા દર્શક તથા મુનિ તેહ કર્મવિમુક્ત છે. 315.**

**'ટીકા :- જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,...'** કર્મનું લક્ષણ એ જડ છે. ભગવાન આત્માનું લક્ષણ જ્ઞાન છે, પણ એનામાં રાગ થાય છે ભિન્ન એવું એને ભાન નથી. મારે કારણે રાગ થાય છે એ અજ્ઞાની એમ માને છે કે પરના નિમિત્તના સંબંધે મને વિકાર થાય છે, પણ સંબંધ તેં કર્યો માટે થાય છે એમ એ માનતો નથી. **'નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે,...'** ખરેખર તો રાગ અને સ્વભાવ બે ભિન્ન ચીજ છે. કર્મ તો જુદી ચીજ છે, પણ અંદર જે દયા, દાન, ભક્તિના પરિણામ શુભ-અશુભ થાય. આહા..હા..! એ પણ એક વિભાવ છે. એ વિભાવનું સ્વરૂપ બંધલક્ષણ સ્વરૂપ છે અને ભગવાન આત્માનું સ્વરૂપ અબંધ લક્ષણ ચૈતન્ય લક્ષણે લક્ષિત છે. આ ઝીણી વાતું ભારે! વીતરાગનો માર્ગ એવો ઝીણો. સાંભળતા જેને કેટલાક અજાણ્યાને એમ લાગે કે આ શું કહે છે? આપણે તો ભાઈ જૈનમાં તો કર્મ કરે.

મુમુક્ષુ :- તો ભોગવે.

ઉત્તર :- ભોગવે એમ માને. અપવાસ... આત્મા વિકાર કરે, આત્મા કર્મ કરે. કર્મ કરે. વિકાર નહિ. આત્મા કર્મ કરે અને કર્મને ભોગવે. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- વાત તો પરંપરામાં એ જ ચાલી છે.

ઉત્તર :- એ જ ચાલી છે? એમ નથી વીતરાગ કહે. તારી વાત જૂઠી તદ્દન છે. શું કીધું?

મુમુક્ષુ :- ભગવાનને પણ કર્મ છોડતા નથી.

ઉત્તર :- કર્મ હતા જ કે દિ' તે છોડે?

મુમુક્ષુ :- એ લોકો બોલે.

ઉત્તર :- હા, બોલે છે. જુઓને ભગવાનને પણ આમ થયું, ફલાણું થયું. બોલે છે, વાતું કરે છે. ભગવાનને રોગ થયો, ફલાણી બધી વાતું. રોગ હોય ભગવાનને? આત્મજ્ઞાન, આત્મ઼઼ાને કેવળજ્ઞાન જ્યાં પ્રગટ થયું એના શરીરમાં રોગ હોય નહિ. શરીરમાં ન હોય. અહીં દશા નિરોગ થઈ જાય, શરીરમાં રોગ હોય નહિ એવી વસ્તુની મર્યાદા છે. આહા..હા..!

મુમુક્ષુ :- અચળ નિયમ છે.

ઉત્તર :- વસ્તુનું સ્વરૂપ એમ છે. આહા..હા..! ઇન્દ્ર અને ઇન્દ્રાણીઓને રોગ ન થાય અને ઇન્દ્ર અને ઇન્દ્રાણીના પૂજ્ય ભગવાનને રોગ થાય. આવો ગોટો ઉઠાવ્યો છે. ઇન્દ્ર અને ઇન્દ્રાણી સુધર્મ દેવલોક. સુધર્મ દેવલોક છેને? એના ઇન્દ્ર છે, એની ઇન્દ્રાણી છે. બેય એકાવતારી છે, એક ભવે મોક્ષ જનારા છે. અમથા દેવોને રોગ ન હોય. એ તો કોઈ પ્રહાર કરે અને અમુક થાય એ જુદી વાત છે, પણ રોગ નથી કાંઈ એ. સમજાણું કાંઈ? એને જાડાનો રોગ થાય. તો આ ભગવાન તીર્થંકરને પણ રોગ થયો? બહુ ફેરફાર થઈ ગયો છે.

મુમુક્ષુ :- એ તો માણસને...

ઉત્તર :- એ માણસ છે જ નહિ. એ માણસ જ નથી. એ તો પરમેશ્વર છે. એને માણસ જેવા બનાવી નાખ્યા. આહા..હા..!

મુમુક્ષુ :- એની ગતિ પહેલા મનુષ્યની હતીને.

ઉત્તર :- ગતિ જ મનુષ્ય નથી એની. સમ્યગ્દષ્ટિ પણ એમ નથી માનતો કે ગતિ મને છે. એ ગતિ તો કર્મના વિકારનું ફળ છે એ મારી ચીજ નહિ. આહા..હા..! હું ગતિ નહિ, હું મુનિ નહિ, હું પર્યાપ્ત નહિ, હું અપર્યાપ્ત નહિ, હું મનુષ્ય નહિ, હું મૂર્ખ નહિ, હું પંડિત નહિ. હું ધનવાન નહિ, નિર્ધન નહિ. આહા..હા..! હું પંડિત નહિ, હું મૂર્ખ નહિ. હું તો સમકિતી પહેલો માનું. આહા..હા..! સમજાણું કાંઈ? અને બહારની ચીજ ઘટવાથી હું ઘટી ગયો અને બહારની ચીજ વધવાથી હું વધી ગયો એમ સમ્યગ્દષ્ટિ ન માને. આહા..હા..! સમજાણું કાંઈ? એ બધા કર્મજન્ય ઉપાધિના આ બધા સંયોગ છે એ તો. એ કાંઈ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! એને એમ માને કે હું ધનવાન છું. તો મૂઢ છે. ઇ તો જડ છે. જડવાળો તું છો? આહા..હા..! હું નિર્ધન થઈ ગયો, ભાઈ! કાંઈ રહ્યું નહિ. 'સમય બદલાય છે ત્યારે બધું બદલાય' એમ લોકો વાતું કરે. એ ૭૫માં ત્યાં લખ્યું હતું પાળિયાદમાં. .. મોઢા આગળ બહારમાં. શું સમય બદલાય? પોતાની પર્યાય પોતાથી બદલાય, કર્મની પર્યાય કર્મથી બદલાય. સમજાણું કાંઈ? આવી વાતું તો બહુ ચાલે અત્યારે. જૈનના જન્મેલાને ખબર ન મળે. એ તો ૨૪ કલાક(માં) ૨૩ કલાક માથા ફોડે દુકાન આદિના. કલાક વખત મળે તો ઓલા માથે કહે એ સાંભળે. બીજી તો કાંઈ ખબર ન મળે. જય નારાયણ. કર્મે આત્માને મારી નાખ્યા. 'કર્મે રાજા કર્મે રંક કર્મે વાળ્યો આડો અંક.' એમ બોલે પછી હા. અહીં તો

ના પાડે છે ભગવાન. પરને તારા ઉપર કાંઈ અસર કરી નથી. વિકાર થવામાં કર્મની કાંઈ અસર નથી. આહા..હા..! અને કર્મ બંધાવામાં તારા વિકારની જરીએ અસર નથી. આવું વસ્તુનું સ્વરૂપ છે. ખબર ન હોય એટલે .. કહે છે.

**'જ્યાં સુધી આ આત્મા, (પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોનું જ્ઞાન (ભેદજ્ઞાન) નહિ હોવાને લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** એ વિકારીભાવ. સમજાણું કાંઈ? એ તો પ્રકૃતિનો સ્વભાવ. એ તો બંધનું નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તેને-છોડતો નથી,...'** નિમિત્ત કર્મના આધીન થઈને વિકાર કરે છે અને એ વિકારને છોડતો નથી. આહા..હા..! એ મારું સ્વરૂપ જ નહિ. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ. આહા..હા..! બેસવું ભારે આકરું કામ. અનંત આનંદનો મીઠો મહેરામણ છે આત્મા તો. પરમેશ્વર એમ ફરમાવે છે કે અમને જે આનંદ પ્રગટ્યો પરમાત્મા અરિહંત આનંદ અનંત. એ ક્યાંથી આવ્યો? બહારથી આવે છે કાંઈ? અતીન્દ્રિય અનંત આનંદનો મીઠો મહેરામણ આત્મા છે. કેમ બેસે પણ લક્ષણ એના હોવાની ખબર ન મળે. એથી પ્રકૃતિના નિમિત્તે થતો ભાવ વિકાર એ બંધનું કારણ છે, પણ એ મારો ભાવ છે એમ અજ્ઞાનીએ માન્યું છે. **'જ્યાં સુધી સ્વ-પરના એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** અજ્ઞાન છે અજ્ઞાન. એ પ્રકૃતિના નિમિત્તે થતો વિકાર એ પ્રકૃતિ સ્વભાવ છે આત્માનો નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રકૃતિની પણ જડ છે?

ઉત્તર :- પુદ્ગલ છે, જડ છે. જેવું આ શરીર જડ છે એવું જડ છે.

કહે છે કે પોતાનું અને પરનું એકત્વજ્ઞાન એ પ્રકૃતિના નિમિત્તના સંબંધે થતો વિકાર એ બંધનું સ્વરૂપ છે અને ભગવાન આત્મા તો જ્ઞાનાનંદ અબંધ સ્વરૂપી છે. એમ બેના લક્ષણને સ્વપરના એકત્વજ્ઞાન બેનું એકપણું માન્યું, વિકાર પણ હું અને આત્મા પણ હું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એકત્વજ્ઞાનથી અજ્ઞાયક છે,...'** અજ્ઞાની છે. પુણ્ય-પાપનો ભાવ એ ખરેખર તો પ્રકૃતિના નિમિત્તથી થતો સ્વભાવ પ્રકૃતિસ્વભાવ છે. સમજાણું કાંઈ? અને પોતે તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. આહા..હા..! એ વિકારીભાવ એ તો દુ:ખસ્વરૂપ છે. જેટલો વિકારીભાવ પુણ્ય અને પાપનો એ બધું દુ:ખરૂપ છે. સંયોગ પ્રતિકૂળ એ દુ:ખરૂપ નથી. એને માન્યું છે કે હું આ છું અને રાગ છું એવો ભાવ તે દુ:ખરૂપ છે. સમજાણું કાંઈ? તે **'અજ્ઞાયક છે, સ્વપરના એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદૃષ્ટિ છે...'** પ્રકૃતિના નિમિત્તે થતો વિકાર ઇ અને આત્મા બે એક છું એમ માનનારો અશ્રદ્ધાવાન મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વપરના એકપણાની બુદ્ધિથી, સ્વપરનું જેને ભિન્ન જ્ઞાન નથી તેથી એ અજ્ઞાની છે. એમ સ્વપરની ભિન્ન શ્રદ્ધા નથી અને સ્વપરની એક શ્રદ્ધાથી, એકત્વશ્રદ્ધાથી છેને? **'એકત્વદર્શનથી (એકત્વરૂપ શ્રદ્ધાનથી) મિથ્યાદૃષ્ટિ છે...'** આહા..હા..!

અહીં તો કહે છે કે જ્યાં લગી નિમિત્તને આધીન થઈને ઉત્પાદ-વ્યય કરે છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, શાંતસ્વરૂપ છે, અનાકુળ આનંદમૂર્તિ છે. ત્રિકાળ આનંદની મૂર્તિ એ તો છે. આ તો ક્ષણિક વિકાર .. પુણ્ય-પાપ એ પ્રકૃતિસ્વભાવ છે, સ્વરૂપસ્વભાવ નહિ. આહા..હા..! બેની એક શ્રદ્ધાથી એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

**'અને સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે;...'** આહા..હા..! એ પ્રકૃતિના નિમિત્તે આધીન થઈને ઉત્પાદ-વ્યય વિકારના થાય એને પોતાના માનનારો એ અસંયમી છે. બહારથી ભલે સાધુ થઈને બેઠો હોય પંચ મહાવ્રત લઈને અને હજારો રાણી છોડીને. પણ અંદરમાં એ રાગ અને આત્મા બે એક છે એમ માનનારા અસંયમી-અજ્ઞાની છે. આહા..હા..! આકરું કામ ભારે! સમજાણું કાંઈ? છેને? **'સ્વપરની એકત્વપરિણતિથી...'** એમાં લખ્યું છે. ઓલામાં એકત્વજ્ઞાનથી, એકત્વદર્શનથી. આ એકત્વપરિણતિથી. રાગનું પરિણમન અને મારું સ્વરૂપ બે એક છે. આહા..હા..! એવી રાગના ભાવની પરિણતિ અને આત્માને એકપણું છે. એમ જે જાણે છે તે અસંયતિ છે. આહા..હા..! ભલે આમ હજારો રાણી છોડી સાધુ દેખાય બહારથી, નગ્ન મુનિ હો, પંચ મહાવ્રતના પરિણામ હો, પણ એ રાગ છે અને હું જુદો છું એવું જ્યાં ભાન નથી એ અસંયતિ છે. આહા..હા..!

**'સ્વપરની એકત્વપરિણતિથી અસંયત છે; અને ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.'** એ વિકારનો ત્યાં સુધી કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને જે વિકાર થયો એ વિકારનો કર્તા અજ્ઞાની છે. આહા..હા..! ભારે આવું ભાઈ કામ! ઇ કરતા તો ભાઈ આ ભક્તિ કરવી, વ્રત કરવા, જાત્રા કરવી. બાર મહિને બે-ત્રણ લ્યો ... અરે..! ભગવાન! તું કોણ છો? બાપુ! તને ખબર નથી. આહા..હા..! તું તો જ્ઞાનમૂર્તિ. લ્યો આ કેવળી ભગવાન છે એવો જ તારો સ્વભાવ એવી જ જાતનો છે. એને ભૂલીને વિકાર પરિણામ એ મારા એ બેનું અજ્ઞાન હોવાથી તે અજ્ઞાની છે. આહા..હા..! બેનું એક દર્શન હોવાથી તે મિથ્યાદૃષ્ટિ છે. બેની એક પરિણતિ માનનારો પણ એ અસંયમી છે. આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય ક્યાંય હોય નહિ. કેવળી પરમાત્મા અરિહંતદેવ જે આ સ્વરૂપ કહ્યું એવી વાત સૂક્ષ્મ ક્યાંય છે નહિ. બધા વાતું બીજા કરે આત્માની અને આમ છે ને તેમ છે.

મુમુક્ષુ :- એ ઉપરછલ્લું.

ઉત્તર :- એમાં કાંઈ નહિ. મુંબઈમાં નથી તમારે? રજનીશ. ગપેગપ મારે. અને માણસો મારા મૂર્ખ તે ભેગા જૈન પણ જાય છે. આ ખબર નથી.

મુમુક્ષુ :- જૈન તો વધારે જાય.

ઉત્તર :- જૈન કોને કહેવા એની ખબર નથી તને. જૈન પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ

કાળ, ત્રણ લોકનું જ્ઞાન. આહા..હા..! એવા વીતરાગી વિજ્ઞાનઘન પ્રભુ એ તો આમ કહે છે. કે તારી પર્યાયમાં કર્મના નિમિત્તને આધીન થઈને તારાથી જે વિકાર થયો એ વિકાર અને ત્રિકાળી સ્વભાવ બેને જુદા ન જાણ્યા અને તેથી એકત્વને કારણે તે અજ્ઞાની છે. બેને જુદા ન જાણ્યા એક શ્રદ્ધાથી મિથ્યાદૃષ્ટિ છે, બેને જુદા ન જાણ્યા તે એની પરિણતિરૂપ જે અજ્ઞાનભાવ, વિકારભાવ એનાથી તે અસંયમી છે. આહા..હા..!

**'ત્યાં સુધી જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ કરવાથી કર્તા છે.'** શેનો કર્તા? વિકારી પરિણામનો. સમજાણું કાંઈ? આહા..હા..! **'પરના અને પોતાના એકત્વનો અધ્યાસ...'** ટેવ થઈ ગયેલી, ટેવાઈ ગયો છે મારો કહે. એ **'કર્તા છે.'** આહા..હા..! વિકારનો કર્તા અજ્ઞાની આત્મા છે. સમજાણું કાંઈ? એ પરનો કર્તા નહિ, પણ પરના આધીન થઈને ઉત્પન્ન થયેલો વિકાર એનો એ કર્તા અજ્ઞાની છે. આહા..હા..! બહુ ઝીણું પડે માણસને. નવરાશ ન મળે. કલાક, બે કલાક માંડ વખત હોય. બાકી તો ૨૩ કલાક, ૨૨ કલાક ત્યાં લુટંલુટા વેપાર ને ધંધા એય..! બાબુભાઈ! હવે આવું સાંભળવાનું મળે ત્યાં કોક દિ' મળે એને શું કહે છે? ભાઈ! તું આ જડ છો, આ તો માટી છે. એ શરીરની પર્યાય મારી મૂઢ છો. તને જૈન પરમેશ્વરની આજ્ઞાની ખબર નથી. અને અંદર રાગ-દ્વેષ થાય એ વિભાવ દ્વારા આસ્રવતત્ત્વ છે. એ નિમિત્તને આધીન થયેલો વિકાર તો આસ્રવતત્ત્વ છે. તારું એ સ્વરૂપ નહિ. છતાં એ આસ્રવતત્ત્વને, પોતાને એકત્વ માની અને અજ્ઞાની અશ્રદ્ધા અને અસંયમી છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રતના પરિણામ જે કહેવાય છે એ રાગ છે, વિકલ્પ છે ઇ તો. એ કર્મના નિમિત્તને આધીન થઈને ઉત્પન્ન થયેલો એ ભાવ છે. એ ભાવ અને આત્માનો બે ભાવ એક છે. .. અહીં પરમાત્મા તો (તેને) અજ્ઞાન, અશ્રદ્ધાન, મિથ્યાદર્શન .. કહે છે. આહા..હા..! આ બધી ખબર વિના એમ ને એમ બિચારા ચાર ગતિમાં રખડ્યા કરે છે. દુ:ખી... દુ:ખી... દુ:ખી... એથી કહ્યુંને જુઓને. તેથી તે વિકારનો કર્તા અજ્ઞાની થાય છે.

**'અને જ્યારે આ જ આત્મા,...'** પાછા એ જ પોતે સવળો પડે છે ત્યારે. આહા..હા..! **'(પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે...'** પ્રકૃતિના નિમિત્તને આધીન થઈને થયેલો ભાવ એ તો બંધનું કારણ છે. આહા..હા..! **'જ્યારે આ જ આત્મા,...'** એમ કે જે અવળો પડેલો અજ્ઞાની એ જ જ્યારે આત્મા અને બેના ભેદજ્ઞાન થાય છે. આહા..હા..! **'(પોતાનાં અને પરનાં જુદાં જુદાં) નિશ્ચિત...'** નિશ્ચય .. **'સ્વલક્ષણોના જ્ઞાનને (ભેદજ્ઞાનને) લીધે,...'** રાગનું સ્વરૂપ તો બંધલક્ષણવાળું છે. મારું સ્વરૂપ જ્ઞાનસ્વરૂપે અબંધ લક્ષણવાળું છે. નિર્વિકાર ચૈતન્ય સ્વભાવ આવે છેને? બંધ લક્ષણ, અબંધ લક્ષણ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

વિકારીભાવ એ પ્રકૃતિને આધીન થયેલો ભાવ છે. કર્યો છે એણે માટે કર્તા. પ્રકૃતિએ કરાવ્યો છે

એમ નહિ. તેમ એ પ્રકૃતિનું કાર્ય છે એમ નહિ. આહા..હા..! પણ આમ સ્વભાવ ચૈતન્યમૂર્તિનો એને જાણ્યા વિના, એને આધીન થયા વિના નિર્મળદશા પ્રગટ થાય નહિ અને એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર હોય નહિ. આહા..હા..!

**'(ભેદજ્ઞાનને) લીધે, પ્રકૃતિના સ્વભાવને-કે જે પોતાને બંધનું નિમિત્ત છે.'** નવા બંધનું એ વિકાર નિમિત્ત છે હોં. નવા કર્મબંધનમાં એ વિકારી પરિણામ નિમિત્ત છે. **'તેને-છોડે છે,...'** જ્ઞાની એ બંધનો નિમિત્ત જે વિકાર તેને દૃષ્ટિમાંથી છોડી દે છે. એ મારી ચીજ નથી. આહા..હા..! આ કેટલો પુરુષાર્થ છે આ! હું એક આનંદસ્વરૂપ અને આ રાગ તે દુઃખરૂપ આસ્રવ. જેના ભિન્ન લક્ષણથી ભેદજ્ઞાન કરતો તે બંધનું નિમિત્ત એવા વિકાર પરિણામને છોડી દે છે. પોતામાં ભેળવતો નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એ મારા નહિ?

ઉત્તર :- ઇ સમજાવે ત્યારે તો એમ જ કહેવાયને? મારા નહિ એ પણ એક વિકલ્પ છે. પણ એ રાગ અને આ આત્મા બે સ્વભાવ ભિન્ન છે માટે મારા સ્વભાવમાં એ ચીજ નથી. એમ સમજાવામાં તો શું સમજાવે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરિણમન ચાલે પાછું.

ઉત્તર :- પરિણમન એનું ભિન્ન પડી જાય. આહા..હા..! આ અનંત સંસાર પરિભ્રમણ કરી રહ્યો છે. ચોર્યાસીના અવતાર નરક અને નિગોદ. આહા..હા..! દુઃખી થઈને રખડે છે એ. એક કાંઈક રોગ જરી આવે ને જો તણાયને વર્ષ, બે વર્ષ. અરેરે..! કાંઈ સખ નથી ઘરમાં. એક ખાટલો ઉપડે ત્યાં બીજો પડે અને બીજો ઉપડે ત્યાં ત્રીજો. ચાલ્યું ત્યારે.. બાયડી માંદી બાર મહિના રહી. જ્યાં એ બિચારી ઉભી થઈ તો છોકરાને આમ થયું. છોકરાને જ્યાં વર્ષ ઠીક પડ્યું ત્યાં વળી છોકરાની વહુને આ ક્ષય લાગુ પડ્યો. ઓય.. મારા! નહિ? આ હોળી સળગતી જ હોય ત્યાં તો. ઇ પરને અને એકત્વબુદ્ધિને કારણે આ બધું ઉભું થયું ... આહા..હા..! કોની સાથે? સ્વતંત્ર બધો સ્વભાવ છે.

અહીં તો વિકાર પરિણામ પણ સ્વતંત્ર પરિણામ છે. પ્રકૃતિને આધીન થયેલા, સ્વભાવને આધીન નહિ એ બે જાત જુદી છે. આહા..હા..! કહો, હીરાભાઈ! બધા ગયા? બસ? તેથી બુધવાર રાખ્યું ઓલા બધા ઝાઝા માણસમાં ક્યાં રાખવું? આહા..હા..! કહો, સમજાણું આમાં? જ્યારે આ જ આત્મા બેના ભિન્ન લક્ષણ જાણીને પોતાના સ્વભાવથી આ જાત જુદી છે રાગની. એને જ્યારે એકત્વમાંથી છોડી દે છે, ભિન્ન કરે છે એને. ત્યારે તે જ્ઞાની છે. જુઓને **'તેને-છોડે છે,...'** આહા..હા..! **'ત્યારે સ્વપરના વિભાગજ્ઞાનથી...'** ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટા અને રાગનો અંધાપો, બંધ સ્વભાવ. એવા બેના **'વિભાગજ્ઞાનથી (ભેદજ્ઞાનથી) જ્ઞાયક છે,...'** ત્યારે એ જાણનાર થયો. આહા..હા..!

મુમુક્ષુ :- જાણનાર એને કહે.

ઉત્તર :- એને કહે. રાગને પોતાના એકત્વમાંથી છોડી દે છે. ત્યારે તે પોતાનો, પરનો જ્ઞાયક થયો. રાગ અને હું આત્મા બે એક માનતો ત્યાં સુધી ભેદજ્ઞાનના અભાવને લીધે અજ્ઞાયક હતો. બેના લક્ષણો ભિન્ન જાણી સ્વભાવ સન્મુખ થઈને રાગમાં જોડાતો નથી એટલે પ્રકૃતિના નિમિત્ત તરફ જેનું વલણ ખસી ગયું છે. એમ કહે છે. આમ વલણ થયું છે તો આ વલણ ખસી ગયું છે. એટલે એ પ્રકૃતિના નિમિત્તે થયેલા ભાવ આદરતો નથી એટલે કે છોડી દે છે. આ છોડવું એમ નહિ પણ સમજાવું કઈ રીતે? સમજાણું કાંઈ? બહુ સૂક્ષ્મ માર્ગ વીતરાગનો. 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં.' એમ ભાષા તો બહુ બોલે છે. મંગળિકમાં આવે છેને. 'અરિહંતા મંગલં સિદ્ધા મંગલં' એમ બધા બોલે પણ અર્થની ખબર નહિ. 'કેવળી પણ્ણંતો' આવે છેને જેઠાભાઈ! પણ કેવળી કોને કહેવા અને એનો કહેલો ધર્મ કોને કહેવો? આહા..હા..!

એ વિભાગજ્ઞાનને કારણે. બેના વિભાગ થઈ ગયા કહે છે. પ્રજ્ઞાછીણી નાખી તો બે જુદા પડી ગયા. આહા..હા..! એટલે? કે સ્વભાવ સન્મુખની જ્યાં દૃષ્ટિ અને જ્ઞાન થયું એથી રાગની એકતા હતી એ તૂટી ગઈ. સમજાણું કાંઈ? એણે રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આ પુરુષાર્થ તે કેટલો છે? ઇ એમ ને એમ થઈ જાય છે? જે ગતિ પર્યાયની પર ઉપર છે એને આમ સ્વ ઉપર વાળતા અનંત-અનંત પુરુષાર્થની જાગૃતિ એને બેની એકતા તુટી ગઈ. પૂર્ણાનંદનો નાથ આત્મા એના ઉપર જ્યાં દૃષ્ટિ પડતા વિકલ્પની એકતા તુટી ગઈ. એકતા તુટ્યા વિના રહે જ નહિ. આહા..હા..! સ્વભાવ સન્મુખની દૃષ્ટિ થતાં પૂર્ણ આનંદના સ્વીકારમાં રાગની એકતા રહે જ નહિ. આહા..હા..! એમ કહે છે. સમજાણું કાંઈ? .. છોડે અને બે લક્ષણ એ બધી વાતું. .. વાતું કરેને? પણ જે પર્યાય રાગ તરફ ઢળેલી હતી એ જ પર્યાયને આમ વાળી. જેની હતી તેમાં વાળી. બે જુદા પડી ગયા. તેને રાગ અને સ્વભાવ બે એક રહી શકે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આનું નામ ધર્મની ક્રિયા. ભારે આકરી! વીતરાગ માર્ગના ધર્મની આ ક્રિયા. જે પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે એના તરફનું લક્ષ છોડી દઈને ત્રિકાળી વસ્તુમાં દૃષ્ટિ કરવી ત્યારે તેને રાગની એકતા ન રહે એવી જે ધાર્મિક ક્રિયા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની, એ જ્ઞાયક, દર્શન અને ચારિત્રની એને પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? હવે આમાં અમારે કરવું શું? એમ પૂછે. આહા..હા..!

બાપુ! તું કોણ છો એને જાણ. અને એના વિભાવ, વિકાર જે ક્ષણિક એનું એકપણું, તાદાત્મ્યપણું જે થયું છે એ જ અજ્ઞાન છે. દુઃખનો વિકલ્પ અને સ્વરૂપ આનંદમય બેની એકતા એ જ અજ્ઞાન અને અદર્શન, મિથ્યાદર્શન અસંયમ આહા..હા..! હવે આ રીતે જ્યારે પોતે રાગનું લક્ષણ એનું દુઃખરૂપ છે, આકુળતા છે, ભગવાન અનાકુળ સ્વરૂપ છે. પૂર્ણ આનંદ અને અનાકુળ સ્વરૂપ પ્રભુ એના તરફ ઢળતા જે દશા થાય તે ભેદજ્ઞાનની દશા, આનંદની દશા એ આનંદનું પરિણમન કર્તા (થતાં), રાગનો કર્તા થતો નથી. રાગનું પરિણમન નથી એમ કહે. આહા..હા..! મૂળ

વસ્તુ .. છેને? સમજાણું કાંઈ? સમ્યક્ થયા પછી પણ આવે છેને ભેદ અભ્યાસ. ચારિત્ર અધિકારમાં. ભેદ અભ્યાસ... નિયમસારમાં આવે છે. અંતઃતત્ત્વનું. અશુદ્ધ અંતઃતત્ત્વ બેનું એકપણું માને છે. અશુદ્ધ અંતઃતત્ત્વ. આહા..હા..! એ અશુદ્ધ અંતઃતત્ત્વ અને કર્મને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્ઞાયક આત્માને કાંઈ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે જ નહિ. ભારે કામ ભાઈ! આમ તો વાર્તા-કથા ચાલેને તો એ બહુ સારુ લાગે માણસને. એક હતો રાજા અને એક હતી રાણી. પછી રાણી રીસાણી અને રાજા મનાવા ગયો. પણ જે થાતું હોય એવી વાત કરે. પણ આત્મા રીસાણો અને પ્રકૃતિને પોતાની માને એને જાણતો નથી મારો. આહા..હા..! આમ થયું, પછી રાજાએ દીક્ષા લીધી. પણ દીક્ષા કોને કહેવી? આહા..હા..!

ભર્તૃહરિમાં આવે છેને. પીંગળાનું જ્યાં લક્ષણ જાણ્યું છોડી દીધું. બાવો થયો. પણ બાવો થયો એમાં દર્શન અને જ્ઞાન શું? એ તો એને પીંગળાનું જાણે કે અરે..! મારી રાણી આ! માળવાનો ધણી હું અને એ રાણી અશ્વપાળ ઘોડેસ્વારની સાથે! અરરર..! દેખ્યા નહિ કુછ સાર જગતમેં દેખ્યા નહિ કુછ સાર ત્યાં એમ આવે છે. ભર્તૃહરિના નાટકમાં. ઘણા વર્ષ પહેલા ભર્તૃહરિનું નાટક જોયું હતું પાલેજમાં. 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં દેખ્યા નહિ.' વૈરાગ્યનું. ઇ જાતનો. ઇ જાતનો. ઓલો વૈરાગ્ય તો પુણ્ય-પાપના વિકલ્પથી હઠીને આત્મામાં જાય ત્યારે વૈરાગ્ય કહેવાય. ઇ ત્યાં ક્યાં હતું પણ એ? આવે છે ભર્તૃહરિને વૈરાગ્ય પુસ્તકમાં? એ વૈરાગ્ય.. ... અસ્તિ ક્યાં છે ત્યાં? અસ્તિ કેવડો? આત્મા કેવડો? સ્વભાવ પૂર્ણ કોણ? ત્યાં ક્યાં હતું એ? આહા..હા..! પરમેશ્વરે જે કહ્યો આત્મા, તીર્થંકર કેવળીએ કહ્યો આત્મા એ બીજે છે ક્યાં એવો? લોકોને એમ થઈ જાય. એવો દેખાવ આપેને લોકોને એમ થાય કે આહા..હા..! ભારે ત્યાગ કર્યો રાજાએ તો. બાવો થયો એ તો. જાઓ ભીક્ષા લઈ આવો રાણી પાસેથી. એના ગુરુ કહે છે. ભીક્ષા લઈ આવો. જાય છે. માતા! ભીક્ષા આપો. અરે..! પ્રભુ! માતા મને ન કહો. હતી રાણી એની. જરી થોભો હું શોકમાં છું. મેં કાંઈ રાંધ્યું નથી. બે ઘડી ઉભા રહો તો ઝટ ખીર કરી દઉં. દૂધ અને ચોખા. એ ઝટ થઈ જાયને આમ? 'ખીર રે પીવડાવું ક્ષણ એકમાં.' એવું આવે છે બધું હોં. બધું જોયેલું છે ત્યાં. 'ખીર રે બનાવું ક્ષણ એકમાં ભીક્ષા લેતા જાવ રે યોગીરાજ.' આ કહે માતા! ગુરુ અમારા જાય છે હું ઉભો નહિ રહી શકું. ક્ષમા આપજો મને. આહા..હા..! પછી ઓલી રોવે છે. નાટકમાં બહુ બતાવે છે. પણ એ બધી કૃત્રિમ વાતું બધી.. આહા..હા..!

આ તો આત્મા અનંત આનંદ અને અનંત જ્ઞાન સંપન્ન પ્રભુ એની પાસે વિકારની વૃત્તિ એક ક્ષણિક વિકાર-વિભાવ. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ છે વિભાવ બધો. આહા..હા..! સમજાણું કાંઈ? બેના ભેદ લક્ષણથી જેણે ભેદજ્ઞાન કર્યું તેના જુદા લક્ષણ થયા. આહા..હા..! તે પ્રકૃતિના નિમિત્તને આધીન થયેલા ભાવને પોતામાં મેળવતો નથી. આહા..હા..! એ જ્ઞાયક તે જ્ઞાન છે. એને જ્ઞાની અને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! ભલે અગિયાર અંગ

ભણ્યો હોય, પણ આ (આત્મજ્ઞાન) નથી તો એ જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્ર ભણ્યો અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો હોય એમ આવે છે શાસ્ત્રમાં. ભગવાનને તો અનંતવાર નવ પૂર્વની લબ્ધિ થઈ જુઓ. એથી શું? એ ક્ષયોપશમ દશા એ કાંઈ આત્માની વસ્તુ નથી. એ તો કૃત્રિમ ઇન્દ્રિયાધીન થયેલું, ઇન્દ્રિયોના નાશ થતાં એ બધું નાશ થઈ જશે. આહા..હા..! આત્મા અને વિકાર બે ભિન્ન છે એમ જાણીને જેણે આત્માના સ્વભાવનું શરણ લીધું એટલે રાગ છૂટી ગયો એમ કહે છે. રાગ એણે છોડ્યો. એવા જ્ઞાનીને જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..!

**'સ્વપરના વિભાગદર્શનથી...'** ભગવાન આનંદ અને જ્ઞાન અનાકુળ સ્વરૂપ રાગ એ આકુળતાજનિતભાવ બેના વહેંચણીના શ્રદ્ધાથી. જોયું? **'વિભાગદર્શનથી (ભેદદર્શનથી)...'** બેનું જુદું દર્શન. જુદાનું દર્શન, જુદાની શ્રદ્ધા. આહા..હા..! એ **'દર્શક છે...'** આહા..હા..! **'વિભાગદર્શનથી (ભેદદર્શનથી) દર્શક છે...'** એટલે સમકિતી છે. દેખનારો છે એમ કહો અને સમકિતી છે એમ કહો. બે વાત લીધી છે. દર્શકમાં છેને. આહા..હા..! રાગના સ્વભાવને અને પ્રભુ આત્માના સ્વભાવના લક્ષણોને જુદા જાણતો, બેને ભિન્ન જાણતો સ્વભાવ તરફમાં ઝુકાવ થઈ ગયો જેનો. તેને બેના ભેદદર્શનથી એ દેખનારો સાચો છે. સમજાણું કાંઈ? એણે દેખ્યું એ સાચું અને એણે માન્યું એ સાચું. આહા..હા..! આવી બધી વાતું બાપુ અંદરની. તો જ્યાં તું છો ત્યાં એની વાત હોયને. તું કર્મમાં નથી, શરીરમાં નથી, બાયડીમાં નથી, છોકરામાં નથી, ક્યાંય તું નથી. આહા..હા..!

**'અને સ્વપરની વિભાગપરિણતિથી...'** આનંદસ્વરૂપ ભગવાન આત્માની રાગ સ્વરૂપ પ્રકૃતિના સ્વભાવ પરિણતિથી એની વિભાગપરિણતિથી બેની જુદી દશા. આહા..હા..! **'વિભાગપરિણતિથી (ભેદપરિણતિથી) સંયત છે;...'** એ. આનુ નામ સંયત છે. આહા..હા..! છોકરાનું નામ સંયત છેને. કોક કાલે હતો સંયત. ભાઈલાલભાઈનો. એ સંયત કહેતો હતો. સંયત છેને? નાનાનું નામ સંયત-સંયત. સંયત કહો કે સંજય કહો. ઇ કાલે કહેતો હતો પૂછ્યું હતું કાલે. શું નામ? કહે સંજય. સંજય નામ આવે છેને? એ સંજય કહો કે સંયત કહો. આહા..હા..! સંજય તો ત્યારે થાય કે રાગની સ્થિતિએ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગનું લક્ષણ છે, ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાનું લક્ષણ બેને ભિન્ન જાણીને પોતાની શુદ્ધ પરિણતિમાં આવે ત્યારે એને સંયત કહેવામાં આવે છે. આ તો જરી બાયડી વિધવા થઈ, કોઈ સંઘરે નહિ. લોકો સમજાવે એને. અહીં તો કેટલી સેવા કરશે. ત્યાં એકલા કોઈ નહિ માને. લ્યોને મુંડાવને ચાલો. આહા..હા..! એને પાંચ-પાંચ દસ-દસ માણસ સાથે હોય આમ. સેવા કરશે. ઘરમાં નહિ સેવા કરે કોઈ તમારી. મરી ગયા પછી કોઈ નહિ પૂછે તમને. તમારી કિંમત નહિ રહે. શું કરવું ત્યારે હવે? આહા..હા..! અરે..! એ તો બહારના કાળા ખોટા છે. રાગ અને સ્વભાવની વચ્ચે ધાર મારતા પ્રજ્ઞાછીણી કરતાં સ્વભાવ સન્મુખમાં સ્થિર થાય એ પરિણતિ જીવની છે. એ સંયત છે. આહા..હા..!

જુઓને પણ ટીકા તે ટીકા કરી છેને. આહા..હા..! અમૃતના આહા..હા..! વેણલા વાયા અંદર. કે જેને રાગ અને પુણ્યની ક્રિયાથી ભગવાનનો સ્વભાવ આત્માનો ભિન્ન છે એમ જાણીને જેણે આત્માની પરિણતિ પ્રગટ કરી એને અમે સંયતિ, સાધુ અને મુનિ કહેવામાં આવે છે. આહા..હા..!

**'સંયત છે; અને ત્યારે જ પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી અકર્તા છે.'** આહા..હા..! શેનો અકર્તા? ઓલા રાગનો. પ્રકૃતિ નિમિત્તને આધીન થયેલો ભાવ એમ અહીં જુદા પાડવું છેને? આહા..હા..! એવા રાગનો ત્યારે અકર્તા છે. વસ્તુ તો અકર્તા છે જ. એ તો પહેલી (વાત) સિદ્ધ કરી કે નહિ? સમજાણું કાંઈ? શેમાં આવ્યું નહિ? એમાં આવ્યું હતું. નિયમસારમાં. વસ્તુ તો આવી છે. શેમાં આવ્યું હતું? આમાં આવ્યું હતું. વસ્તુ તો એવી છે. વસ્તુ તો જ્ઞાયક જ છે. પણ અજ્ઞાનને લઈને એને રાગવાળો છું એવું કલ્પ્યું છે.

મુમુક્ષુ :- આમાં ૯૨-૯૩માં એ આવે છે.

ઉત્તર :- હા એ આવ્યું હતું. આવી ગયું છે એ. વસ્તુ તો જ્ઞાયક જ છે. વસ્તુ પોતે રાગરૂપ થઈ જ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ વચમાં લપ નાખી મારાએ. પર્યાયબુદ્ધિથી રાગ અને વિભાવ એ મારો છે ત્યાં સુધી તે કર્તા અજ્ઞાની છે. આ જ્યારે છૂટે અને પોતે ભેદજ્ઞાન કરે ત્યારે સ્વતરફ વળે ત્યારે તેને સંયત અને રાગનો અકર્તા સિદ્ધ થાય છે. વસ્તુ તો અકર્તા છે જ. પણ ભિન્ન પડીને જ્યારે પરિણતિ થાય ત્યારે સાક્ષાત્ અકર્તા છે. સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ હવે. છેને? પહેલા આવી ગયું છે એ. વસ્તુ આવી છે એમ આવી ગયું.

**'અને ત્યારે જ...'** એમ કીધુંને જુઓ. જ્યારે ભેદ પાડીને આત્માનું જ્ઞાન રાગને છોડે ત્યારે જ્ઞાન છે. રાગને છોડીને શ્રદ્ધામાં આવે પોતાની ત્યારે સમકિત છે. બેને જુદા પાડીને પોતામાં દેખે ત્યારે દર્શક છે. રાગથી ભિન્ન પડીને શુદ્ધ પરિણતિ પ્રગટ કરે ત્યારે તે સંયતિ છે. સમજાણું કાંઈ? શું કહે છે? એક જણો કહેતો હતો બિચારો હોં. જુવાન માણસ હતો. શું તમે કહો છો કાંઈ સમજાતું નથી. કોઈ દિ' સાંભળ્યું ન હોયને. એક જણાને એટલું પૂછયું જુવાન છોકરો મોટો ઘણા લાખોપતિનો વેપાર. કીધું આયુષ્ય એ શરીરનું કે આત્માનું? એ અમને કાંઈ ખબર ન પડે. આ જૈનના છોકરાઓ. ...

મુમુક્ષુ :- છોકરાને અને જૈનને ..

ઉત્તર :- કીધું આ આયુષ્યની સ્થિતિ કહેવાય છે આ ૬૦, ૭૦, ૮૦. એ શરીરની કે આત્માની? અમને કાંઈ ખબર નથી કહે. એવા જુવાન માણસ ૩૫ વર્ષનો જૈન કહેવાય અને તને ખબર નથી? આયુષ્ય તો આ જડની સ્થિતિ છે. આત્માને આયુષ્ય છે? આત્માને ૨૫ વર્ષ અને ૫૦ વર્ષ, એ તો (આત્મા તો) અનાદિ-અનંત છે. પણ એ વિષયને અંદર ચાલતો નથી એટલે બિચારાને... રાજકોટ કે ક્યાંક ધંધો કરવા જવાનો હતો. માણસો બહુ આવે છે અહીંયાં હવે. અમથા નીકળ્યા હોયને આવે ખરા. પા કલાક આવે. મકાન થયા પછી તો બહુ આવશે. એ કોક

બિચારા કાંઈક પૂછે, કોક કાંઈ પૂછે. કાંઈ ખબર નહિ.

એ **'પરના અને પોતાના એકત્વનો અધ્યાસ નહિ કરવાથી...'** આ હેતુ કહ્યો. રાગનો વિકલ્પ અને ભગવાન નિર્વિકલ્પ ચીજ બેને એકત્વ નહિ કરવાથી રાગનો અકર્તા ઠર્યો. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્યાં સુધી આ આત્મા પોતાના અને પરના સ્વલક્ષણને જાણતો નથી...'** પરનું રાગનું લક્ષણ તો બંધસ્વરૂપી છે. ભગવાન આત્માનો અબંધસ્વભાવ જ્ઞાતા-દ્રષ્ટા છે. આહા..હા..! બેના સ્વલક્ષણને જાણતો નથી **'જ્યાં સુધી તે ભેદજ્ઞાનના અભાવને લીધે કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે;...'** કર્મપ્રકૃતિના ઉદયને. એ રાગાદિ કર્મપ્રકૃતિનો ઉદય છે ખરેખર તો. પ્રગટ્યું એ. એને પોતાનો સમજી પરિણમે છે. આહા..હા..! મેલ અને દુ:ખ ઇ મારું એમ જાણીને પરિણમે છે. પણ મેલ અને દુ:ખ ક્યાંથી જાણે એ? આનંદની શાંતિનું કાંઈ આવ્યા વિના એને કોની સાથે મેળવે? આહા..હા..! શાંતિને જોયા વિના, શાંતિનો નમુનો આવ્યા વિના રાગ આકુળતા છે, દુ:ખ છે એ કોની સાથે મેળવે? એને (દુ:ખરૂપ) ન લાગે. સમજાણું કાંઈ?

**'કર્મપ્રકૃતિના ઉદયને પોતાનો સમજી પરિણમે છે; એ રીતે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, અસંયમી થઈને, કર્તા થઈને, કર્મનો બંધ કરે છે.'** લ્યો, રાગ અને દ્વેષનો કર્તા થઈ અને નવા કર્મને બાંધે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહ્યો છેને? ઇ વ્યવહાર છે એમ કહે છે. **'અને જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે તે કર્તા થતો નથી,...'** આહા..હા..! **'તેથી કર્મનો બંધ કરતો નથી, જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમે છે.'** લ્યો, જાણવા-દેખવાની દશાપણે થાય એનું નામ ધર્મ. આહા..હા..! ભારે પણ આ. આવું તો સાંભળ્યું પણ ન હોય? જુગલિયા! આવું સાંભળ્યું ન હોય. વીતરાગની મૂળ વસ્તુ રહી ગઈ. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા જાણે. દૃષ્ટા એ પણે પરિણમે છે. સમ્યગ્દર્શન, જ્ઞાનની શાંતિપણે થાય છે એમ કહે. જ્યારે આ ભેદ જાણે ત્યારે. ભેદ ન જાણે તો રાગરૂપી શ્રદ્ધા, રાગ તે હું એનું જ્ઞાન, રાગની શ્રદ્ધા અને રાગનું પરિણમન એ માને છે. એ અજ્ઞાની, મિથ્યાદૃષ્ટિ અને અસંયમી છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૧૯૬

(अनुष्टुभ्)
भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।
अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः॥196॥

**'એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-**

**શ્લોકાર્થ :- [कर्तृत्ववत्] કર્તાપણાની જેમ [भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न] ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી. [अज्ञानात् एव अयं भोक्ता] અજ્ઞાનથી જ તે ભોક્તા છે, [तद्-अभावात् अवेदकः] અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે. 196.**

## અષાઢ વદ-૩, બુધવાર, તા.૧૮-૦૭-૧૯૭૩
## ગાથા-૩૧૬, કળશ-૧૯૬ પ્રવચન-૪૪૨

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. કળશ આવ્યો છે ૧૯૬. **"એવી જ રીતે ભોક્તાપણું પણ આત્માનો સ્વભાવ નથી' એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-'**

(अनुष्टुभ्)
भोक्तृत्वं न स्वभावोऽस्य स्मृतः कर्तृत्ववच्चितः।
अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः॥196॥

કહે છે કે **'કર્તાપણાની જેમ...'** આત્મામાં રાગ અને દ્વેષ એનું કરું એવો કોઈ સ્વભાવ અને ગુણ નથી. સમજાણું કાંઈ? એવો કોઈ એનો ત્રિકાળી સ્વભાવ કે ગુણ નથી. કર્તાપણું. આમ તો પર્યાયમાં કર્તાપણું છે એ તો ગણધરને પણ છે. ઇ પર્યાયથી જોતા. ગુણથી જોતા એનો કોઈ ગુણ એવો નથી કે રાગને કરું અને રાગને વેદું. સમજાણું કાંઈ? આ તો જ્યારે સામે આવતી જાય છેને વાત. વિરોધની. એમ આ સત્ય થતું જાય છે. આહા..હા..! અહીં તો ના પાડશે લ્યો. અજ્ઞાનથી કર્તા-ભોક્તા છે. એ સ્વભાવની દૃષ્ટિ નથી એવા અજ્ઞાનીનું કર્તા-ભોક્તાપણું લીધું અહીંયાં સમજાણું કાંઈ? શું કીધું ઇ?

મુમુક્ષુ :- અજ્ઞાનીનું કીધું.

ઉત્તર :- .. છેને.

**'કર્તાપણાની જેમ...'** **'भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न'** એ જ્ઞાનસ્વરૂપ ભગવાનનો કોઈ સ્વભાવ એવો નથી, એવો ગુણ નથી કોઈ કે રાગને કરે એવો ગુણ હોય તો તો સદાય રાગને કરે એટલે સંસાર એમાં ટળે નહિ. સમજાણું કાંઈ? **'કર્તાપણાની જેમ...'** **'भोक्तृत्वं अस्य चितः स्वभावः स्मृतः न'** ગણધરોએ કહ્યો નથી. એમ કહે છે. આહા..હા..! **'ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.'** **'अज्ञानात् एव अयं भोक्ता'** અહીં તો કહ્યું સ્વભાવનું ભાન નથી તે સ્વભાવના અજાણ જીવો એ અજ્ઞાનથી કર્તા થાય છે. આહા..હા..! વળી અહીંયાં કહે કે ભાઈ કર્તા અને ભોક્તા એ નય છે, જાણે છે. ઇ પર્યાયની અપેક્ષાની વાત છે.

મુમુક્ષુ :- બે ધારી તલવાર.

ઉત્તર :- બે ધારી તલવાર છે એ અનેકાંત આવું જ છે. આહા..હા..! એનો ગુણ એવો નથી કોઈ, ઇ વસ્તુથી અહીં વાત ચાલે છે. સમજાય છે કાંઈ? સંસારનું ઉત્પન્ન થવું એવો કોઈ ગુણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? એ તો આનંદસ્વભાવી ભગવાન એમાંથી તો આનંદ ઉત્પન્ન થાય. રાગ ક્યાંથી ઉત્પન્ન થાય? સ્વભાવમાં ક્યાં છે તો એમાંથી થાય? એમ કહે છે. સમજાણું કાંઈ? એય..! ચેતનજી! શું વળી આ પાછું આવ્યું? ત્યાં પાછું કહ્યું કે જ્ઞાની, ધર્મી, ગણધર જેવા પણ પોતાની પર્યાયમાં જેટલું પરિણમન છે રાગનું એને જાણે છે.

મુમુક્ષુ :- આ .. કળશમાં કીધું અજ્ઞાન થાય છે.

ઉત્તર :- હા છેને કીધું છેને. આ તો બેનો વિરોધ છેને એમ કહે છેને? વિરોધ છે, પણ વિરોધ નથી. અહીં કહે કે જ્ઞાનીને રાગનું કરવું, ભોગવવું છે જ નહિ. ઇ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. સ્વભાવમાં એવો કોઈ ગુણ નથી એમ. પણ પર્યાયમાં એમ કીધું છેને પોતે? હું એક દ્રવ્યે શુદ્ધ છું, પણ મારી પરિણતિ અશુદ્ધે પરિણમી છે (કળશ-૩) પંડિતજી! ત્યાં તો એમ કહ્યું છેને. ઇ જ વાત ત્યાં લીધી છે. આહા..હા..! ગજબ છે.

મુમુક્ષુ :- પ્રવચનસારમાં એ જ લીધું છે.

ઉત્તર :- એ જ વાત લીધી છે. જ્ઞાનપ્રધાન કથન છેને. આહા..હા..! હું પોતે તો દ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. હું આ છું, વળી મારી પરિણતિ અશુદ્ધપણે પરિણમી છે, પર્યાય અશુદ્ધપણે છે. સ્વભાવ એવો નથી કે અશુદ્ધપણે પરિણમે. સમજાણું કાંઈ? આહા..હા..! શું પણ વીતરાગની શૈલી! કર્તા જેમ નથી સંસારની પર્યાયનો કર્તા જીવ નથી, સ્વભાવ જ નથી. આહા..હા..! તેમ **'ભોક્તાપણું પણ આ ચૈતન્યનો (ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.'** ગણધરોએ કહ્યો નથી.

**'अज्ञानात् एव अयं भोक्ता'** એટલે આમાંથી કહે અજ્ઞાનથી જ રાગને વેદે અને ભોગવે-કરે.

અજ્ઞાનથી. આ સ્વભાવની દષ્ટિની અપેક્ષાએ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બેય વાત બરાબર છે.

ઉત્તર :- હા, જેમ છે એમ એને જાણવું જોઈએ. ખેંચાતાણ ન ચાલે ત્યાં. વસ્તુની સ્થિતિ છે એમ એને જાણવું. વસ્તુની સ્થિતિમાં રાગનું કરવું અને પરિણમવું તે કર્તા એમ આવે છે .. કળશમાં? પરિણમે છે એ કર્તા. એમ લીધું. આ કરવા જેવું છે ઇ બુદ્ધિથી નહિ, પણ પરિણમે છે માટે કર્તાની સામે પરિણમે છે માટે વેદનની.. ઇ જ્ઞાન જાણે છે કે આમાં મારામાં કર્તાપણું અને ભોક્તાપણું છે. ઇ પર્યાયની પરિણતિથી જોતાં. દ્રવ્ય સ્વભાવની ગુણની દષ્ટિથી જુઓ તો એવો કોઈ ગુણ નથી. એ તો પર્યાયમાં ઉભું થયું છે. આહા..હા..! ગજબ વાતું છેને. સમજાણું કાંઈ?

વસ્તુ તરીકે લ્યો દ્રવ્ય અને ગુણ જેનો સ્વભાવ. સ્વ-ભાવ કાયમી ચૈતન્ય સ્વભાવ. છેને? **'चितः स्वभावः'** ચિત્ સ્વભાવ, જ્ઞાન સ્વભાવ, આનંદસ્વભાવ, શુદ્ધ સ્વભાવ, ધ્રુવ સ્વભાવ એમાં કોઈ એવો ગુણ નથી કે રાગને કરે અને રાગને ભોગવે. એવું હોય તો તો કોઈ દિ' રાગ ટાળે અને કોઈ દિ' (મુક્ત) નહિ. એ.. ગુણ છે એનો કરવાનો (હોય તો), તો રાગ કોઈ દિ' ટળે નહિ અને સંસાર મુક્ત કોઈ દિ' થાય નહિ. પણ પરિણતિથી જોતાં. આહા..હા..! સ્વતંત્ર એક સમયનો પર્યાય જ એવી જાતની યોગ્યતાવાળો છે. ગુણને લઈને નહિ. સમજાણું કાંઈ? પર્યાયથી જોતાં સમકિતીની પર્યાયથી જોતાં, મુનિની પર્યાયથી જોતાં. આહા..હા..! કલુષિત મેલી પરિણતિ મારી મારે લઈને છે. કર્મ તો નિમિત્ત છે. આહા..હા..! એકકોર કહે કે વિકારનો સ્વામી પુદ્ગલ છે, કર્મ છે. એકકોર કહે કે કર્તા અને ભોક્તાની પર્યાયનો સ્વામી આત્મા છે. અધિષ્ઠાતા આત્મા છે એનો. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અનેકાંતની દષ્ટિ એના સ્વભાવમાં હોય ઇ અને પર્યાયનો ભાવ હોય ઇ. સમજાણું કાંઈ? અહીં તો ના પાડી લ્યો.

**'(ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.'** ત્યારે એનો અર્થ થયો **'अज्ञानात् एव अयं भोक्ता' 'अज्ञानात् एव कर्ता, 'अज्ञानात् एव भोक्ता''** બેય અજ્ઞાનથી છે. એનો અર્થ કે સ્વભાવમાં નથી અને જેની સ્વભાવની દષ્ટિ નથી, એવા અજ્ઞાનીઓને કર્તા-ભોક્તાપણું સ્વભાવમાં દષ્ટિ વિનાના જીવને કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- સ્વામીપણે કર્તા નથી

ઉત્તર :- હા, નથી. સ્વામી એનો છે તો સ્વામી. કર્તા અને ભોક્તા છે તો એનો એ સ્વામી આત્મા, પણ દ્રવ્ય સ્વભાવની દષ્ટિએ નથી. ... અધિષ્ઠાતા કહ્યો છેને? સ્વામી કહ્યો છે અર્થમાં. હિન્દીમાં કર્યું છે? .. આમાં છેને? પ્રવચનસારમાં નહિ? ... અધિષ્ઠાન.. પણ ઓલા હિન્દીમાં છે? હિન્દી છે પ્રવચનસાર? એ જોવાનું રહી ગયું છે હોં. આમાં તો કર્યું છે. જુઓ, આ આત્મા કોણ છે? કેવો છે? અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે? લ્યો આ ત્રણ પ્રશ્ન છે. એ પહેલા તો એનો કહેવાઈ ગયો છે, અહીં ફરીને કહીએ છીએ. પ્રથમ આત્મા ખરેખર ચૈતન્ય સામાન્ય વડે વ્યાપ્ત અનંત

ધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. છે. કાઢો આમાં. આ તો ઓલો અધિષ્ઠાતાનો અર્થ સ્વામી કર્યો છે મારે તો એટલું લેવું છે. એ તો અધિષ્ઠાતાનો અર્થ જ સ્વામી છે. અધિષ્ઠાતા છે. જુઓ, સમજાણું? રાગનું થવું, કરવું અને વેદવું એનો અધિષ્ઠાતા આત્મા છે. જેઠાભાઈને ઉંઘ બહુ આવે છે હવે. ... સવારમાં એમ કહ્યું હતું. કેટલાક તો થાકી ગયા હોય. ઉંઘ્યા ન હોય ને! માન્યું હોયને. કહો, સમજાણું? આ તદ્દન નવી વાત છે જિંદગીમાં કોઈ દિ' સાંભળી નથી એમ કહે. છતાં ઝોલા આવે છે એનો અર્થ કાંઈ વાંચ્યું નથી.

મુમુક્ષુ :- સવારમાં વહેલો જાગ્યો હતો.

ઉત્તર :- ઇ જાગવા પણ આ અહીં આવું કહ્યું ... એનો અર્થ શું? ઇ જાગવું કઈ જાતનું? સત્ય વાતની સામે સૂવું એ તો મોટી અશાતના છે. બહાર સૂવું. એય..! ઇ થાકી ગયા છે. .. વાત તો એ છે. આ વાત નવી હજી કોઈ દિ' કરી નથી એવી છે આ. આ તો સામે સામે વાતું આવે ત્યારે બધું થાયને આમાં? લ્યો આમ આવ્યું છે.

'બીજા અનંત ધર્મોનો અધિષ્ઠાતા એક દ્રવ્ય છે. કારણ કે અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં વ્યાપનારું જે એક શ્રુતજ્ઞાન પ્રમાણ, તે પ્રમાણપૂર્વક સ્વાનુભવ વડે આત્મદ્રવ્ય પ્રમેય થાય છે.' જ્ઞાન વડે, આનંદ વડે દેખાય છે. પર્યાયમાં છે. અહીં ના પાડે છે કે અજ્ઞાની રાગને વેદે અને કરે છે. ઇ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? એનો ગુણ નથી રાગનું કરવું અને રાગનું વેદવું. પણ પર્યાયમાં એની યોગ્યતા પોતાથી પોતામાં છે. રાગનું કરવું અને રાગનું વેદવું એ પર્યાયમાં, સ્વતંત્ર પર્યાયનો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ? છે એમાં કાંઈ? નથી કાંઈ? શું છે? શબ્દ નથી? અધિષ્ઠાતા નથી? અર્થ નથીને?

મુમુક્ષુ :- સંસ્કૃતમાં પણ એ શબ્દ નથી.

ઉત્તર :- મૂળમાં અધિષ્ઠાન નથી? અહીં વાત ચોખ્ખી વાત છે આમાં. '**अनंत धर्म अधिष्ठानम् एकं**' નહિ આવતું હોય એમાં. આહા..હા..!

મુમુક્ષુ :- ન સમજાણું હોય એ ન નાખે.

ઉત્તર :- ન નાખે. છેને આ રહ્યું. લ્યો, '**सामान्य**' બસ એટલું. સંસ્કૃતમાં છે. ઓલામાં છે? સમ્યગ્જ્ઞાન દિપીકામાં શબ્દ લીધા છે. આ બધાના. સમ્યગ્જ્ઞાન દિપીકા. .. શું કીધું?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- નહિ હોય એમ. એક-બે ...

અહીં તો આત્મા કેવો છે? કે આવા અનંત ધર્મનો અધિષ્ઠાતા છે. એનો અર્થ જ થયોને પણ અનંત ધર્મ એના છે તો એનો સ્વામી છેને ઇ? આહા..હા..! અત્યારે એ નથી લેવું અહીંયાં કે શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ, શુદ્ધ પર્યાય એ સ્વ અને એનો ઇ સ્વામી. એ તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. પણ પર્યાય એનામાં થાય છેને? એ કાંઈ પરને લઈને થાય છે એમ નથી. પરને લઈને શું થાય?

પર તો સ્વતંત્ર દ્રવ્ય છે એમાં. પોતાની જ પર્યાયમાં રાગનું થવું અને રાગનું વેદવું એવું જ્ઞાનીને પણ પોતાને થાય છે પર્યાયથી જોવે તો. સમજાણું કાંઈ? અનંત ધર્મોમાં વ્યાપનારા જે અનંત નયો તેમાં આવી ગયુંને? ભલે અધિષ્ઠાતા શબ્દ ન હોય પણ. અનંત ધર્મોમાં વ્યાપનારા અનંત નયો. કર્તા, ભોક્તા, અકર્તા એ બધા નયો છે. નયનો વિષય છે એ. તેમાં વ્યાપનારું એક શ્રુતજ્ઞાન સ્વરૂપ પ્રમાણ. તે પ્રમાણપૂર્વક અનુભવ વડે લ્યો પ્રમેય થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. ક્યાં વિચારે છે?

મુમુક્ષુ :- ... માટે કરે છે.

ઉત્તર :- .. માટે પણ હોય એવું કરવું જોઈએને. લ્યો આમાં તો ચોખ્ખી વાત છે જુઓ, આત્મદ્રવ્ય કર્તૃત્વનયે. કોણ છે એમ કીધુંને? ત્યારે કર્તૃત્વનયે રંગરેજની માફક રાગાદિ પરિણામનો કરનાર છે. લે અહીં કહે કે ના. એ સ્વભાવ એનો નથી. હયાતી થઈ. એમ જાણી લેને. સ્વભાવ ક્યાં છે? એનો સ્વભાવ હોય ઇ? ગુણ ન હોય ત્રિકાળી વસ્તુ? પાછી એક સમયની પર્યાયમાં એ જાતનો પર્યાય ધર્મ છે. ઊભો થાય છે. કરવું અને ભોગવવું બે. આહા..હા..! એક વાતને ભૂલે પછી બીજી વાતમાં ભૂલ કરે છે પોતે.

મુમુક્ષુ :- પોતાની વાતને ...

ઉત્તર :- ગોત્યા જ કરે એ. દ્રવ્ય સ્વભાવની અપેક્ષાએ તો એમ જ આવે. જ્ઞાની દ્રવ્યના સ્વભાવને જ કરે છે અને વેદે છે. એ રાગને. આવે પણ એ તો એના સ્વભાવની અપેક્ષાએ અશક્ય છે. સ્વભાવ ત્રિકાળી ગુણ ક્યાં છે એ? પણ પર્યાયનો એનો સ્વતંત્ર સ્વયં સિદ્ધ જે ષટ્કારકરૂપે વિકારનું પરિણમન એક સમયનું સ્વતંત્ર પોતાનો ધર્મ છે એ. આહા..હા..! ... કીધુંને બાસઠમાં (પંચાસ્તિકાય-૬૨) એ તો જ્ઞાનીને લાગુ પડે છે. સમજાણું કાંઈ? સમુચ્ચય આખી વાત સિદ્ધ કરી. અસ્તિકાય. આ અસ્તિકાય સિદ્ધ કરી. અસ્તિ છે એનામાં ઇ. જે સમયનો પર્યાય રાગરૂપે થવું કે વેદવું રાગનું એવો પર્યાયધર્મ ષટ્કારક પર્યાયનો ષટ્કારક હોં, દ્રવ્ય-ગુણમાં એ નથી. સમજાણું કાંઈ?

'આત્મદ્રવ્ય ભોક્તાનયે સુખ-દુ:ખાદિનું ભોગવનાર છે.' જુઓ, 'હિતકારી-અહિતકારી અન્નને ખાનારની જેમ .. ' આ કાંઈ અજ્ઞાનીની વાત નથી આ. કહો, સમજાણું કાંઈ? પંડિતજી! આહા..હા..! સુદર્શન ચક્ર છે આ તો કહે. આહા..હા..! પર્યાયનો ધર્મ છે જ્યાં સુધી થાય છે અસિદ્ધપણે. એ પર્યાયનું અસિદ્ધપણું છે, પોતાથી અસિદ્ધપણું છે. આહા..હા..! ... અપરાધપણે પરિણમે છે. છેને એમાં પણ? તીર્થંકરગોત્ર બાંધે તો એ પણ અપરાધ છે. તો અપરાધપણે પરિણમ્યો છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ? પણ આમાં આવ્યું છેને એટલે. નહિ... નહિ... રાગને વેદે જ નહિ જ્ઞાની.

મુમુક્ષુ :- કઈ અપેક્ષાએ? સ્વભાવની અપેક્ષાએ.

ઉત્તર :- એ તો સ્વભાવમાં એ નથી. માટે ઇ અપેક્ષાએ વાત છે. પર્યાયમાં તો વેદે છે. નહિતર તો એ પર્યાય એટલો અંશ એનો કાઢી નાખો તો આખું દ્રવ્ય નહિ સિદ્ધ થાય. ચારિત્રમોહનો વિપરીત પર્યાય આનંદગુણનો વિપરીત પર્યાય એક સમયનો એ કાઢી નાખો તો ગુણ આખો સિદ્ધ નહિ થાય. સુજાનમલજી! આહા..હા..! ગજબ વાત છે. આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાત છે. આ કાંઈ અદ્ધરથી કરી નાખી? કોણી મારીને ચુરમુ કર્યું છે? વસ્તુની સ્થિતિ એવી છે.

મુમુક્ષુ :- દ્રવ્ય શુદ્ધ અને ગુણ શુદ્ધ, પર્યાયમાં ભૂલ છે.

ઉત્તર :- પર્યાયમાં વાત. એ પર્યાયમાં કેમ? વળી કેટલાક એમ પૂછે છે. કે ઇ પર્યાયમાં ભૂલ છે એ તો કર્મને લઈને? કહે ના, ના. સાંભળને મારા.

મુમુક્ષુ :- એ તો એના અજ્ઞાનને લઈને...

ઉત્તર :- અજ્ઞાનને લઈને અથવા અસ્થિરતાને લઈને. અજ્ઞાનને લઈને સ્વભાવની અપેક્ષાએ. આમ પર્યાયની અપેક્ષાએ એનો પર્યાયનો એટલો ધર્મ તે કાળે બરાબર છે. આહા..હા..! નહિતર એ એ અંશને કાઢી નાખો તો શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે ગુણ છે એ નહિ સિદ્ધ થઈ શકે. દ્રવ્ય જ અહીં કહેવું છેને? ભાઈએ બહુ સારું નાખ્યું. પંડિતજીએ ચારેય પુસ્તકના અર્થ બહુ સારા કર્યા. આહા..હા..! એવો કોઈ અત્યારે કરનાર નથી. લ્યો વળી અધિષ્ઠાતા નથી નાખ્યું તો આણે અધિષ્ઠાતા નાખ્યું ઘરનું. કોઈ એમ કહે. અનંત નયોમાં વ્યાપનાર અનંત ધર્મો. એમ આવ્યુંને ભાઈ! તો એનો અર્થ શું થયો? બરાબર નાખ્યું છે. બરાબર નાખ્યું છે. આહા..હા..! આ તો જેમ સત્ય હોય એનો તો સ્વીકાર એણે કરવો જોઈએ. એમાં આના-કાનીની જરૂર નથી. એ વસ્તુ છે. આહા..હા..!

અહીં કહે છે. સ્વભાવની વાત હતીને અહીં તો? **'स्वभावोऽस्य स्मृतः'** સ્વ ત્રિકાળી ગુણનો સ્વભાવ એનો નથી કે રાગનું કરવું અને વેદવું. આહા..હા..! એ પર્યાયમાં જુઓને ઇ પોતે કહ્યુંને પહેલું? આ સમયસાર છેને? અમૃતચંદ્રાચાર્ય. ત્યાં કીધું તોપણ ... લ્યો. **'समयसारव्याख्या एव'** **'આ સમયસાર (શુદ્ધાત્મા તથા ગ્રંથની) વ્યાખ્યા (કથની તથા ટીકા)થી જ મારી અનુભૂતિની...'** 'મારી' જોયું શબ્દ પડ્યો છે **'मम'**. **'मम अनुभूतेः'** **'અનુભૂતિની અનુભવરૂપ પરિણતિની પરમવિશુદ્ધિ હો'** એનો અર્થ શું થયો? કે અત્યારે વિશુદ્ધિ નથી પરમ. આહા..હા.!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છેને. પણ આ તો પહેલેથી **'मम अनुभूतेः'** મારી અનુભૂતિ વળી ઓલું હું દ્રવ્ય છું અને વળી મારી અનુભૂતિ. બેય એની પર્યાય. પર્યાય પણ એની છે. **'(સમસ્ત રાગાદિ વિભાવપરિણતિથી રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ. કેવી છે તે પરિણતિ?'** જુઓ, બીજો કળશ. ત્રીજો-ત્રીજો કલશ. પહેલેથી ત્રીજો કળશ. **'परपरिणतिहेतोः मोहनाम्नः अनुभावात्'**

**'પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ (-ઉદયરૂપ વિપાક)ને લીધે...'** 'अविरतम् अनुभाव्य-' પાછું આવ્યું. પોતાનું હવે આવ્યું. ઓલું તો નિમિત્ત કીધું. **'જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.'** આહા..હા..! વ્યાપ્ય-વ્યાપક છે એ. આહા..હા..! કહો, નવરંગભાઈ! આ ખુલાસો અહીંયાં પહેલોવહેલો થાય છે આ. આ બધું સામું આવ્યું છેને થોડું. ભાઈ! તું એમ રહેવા દે. જેમ છે એમ વસ્તુને રાખ. સમજાય છે? .. ઓલાને ભઠ્ઠી કહેવી છેને? કહે ના. ભઠ્ઠી હોય અજ્ઞાનીને .. વેદન હોય. જ્ઞાનીને એનું વેદન થાય જ નહિ. ઇ તો ત્યાં સ્વભાવની દૃષ્ટિ મુખ્યપણે નથી અને ગૌણપણે છે. એને વાત મુખ્યપણે ન લેતા સ્વભાવની દૃષ્ટિ લેતાં વેદન છે જ નહિ. એ શુદ્ધ જ પરિણતિ. સમ્યગ્દર્શન થયું એટલે શુદ્ધ જ પરિણતિ છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાની અપેક્ષાએ.

ઉત્તર :- હા, સ્વભાવની અપેક્ષાએ નહિ. સ્વભાવની શ્રદ્ધા થઈ ત્રિકાળ સ્વભાવ આનંદકંદ પ્રભુ એના સ્વભાવની દૃષ્ટિથી શુદ્ધ જ છે. એનું પરિણમન શુદ્ધ જ છે. પણ પર્યાયથી જોવે તો એનું અશુદ્ધ પરિણમન છે એ કહ્યુંને? **'જે અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ તેનાથી નિરંતર કલ્માષિત (મેલી) છે.'** ભાષા દેખો પાછી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, સમય સમયમાં અશુદ્ધતાનું પરિણમન છે. પંડિતજી! આ મુનિ પોતે આચાર્ય કહે છે. આહા..હા..! .. પર્યાયમાં છેને પર્યાયની અપેક્ષાએ. વસ્તુના સ્વભાવની અપેક્ષાએ તો પર્યાય અશુદ્ધ એની હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? પણ પર્યાયની અપેક્ષાએ અશુદ્ધતા એ બીજી નય છે કે નહિ? પર્યાય પણ, એનો નય છેને? આહા..હા..!

**'અને હું કેવો છું?'** જુઓ, વળી પાછો હું કેવો છું? મારી પરિણતિ આવી. બેયમાં હું-હું છે. આહા..હા..! 'शुद्धचिन्मात्रमूर्तेः' દ્રવ્યદૃષ્ટિથી જોયું? **'દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.'** આહા..હા..! દિગંબર સંતોની વાતું પણ ગજબ. એને તો આખો માર્ગ, પરમાત્માનો માર્ગ ઉભો રાખ્યો છે. ઓહો..હો..! એક અંશ પણ ક્યાંય ફેર પડે એવી વાત નથી. વેદનમાં જ્ઞાનીને જો ન હોય તો પૂર્ણ વેદન આનંદનું જોઈએ અને રાગનું પરિણમન ન હોય તો પૂર્ણ વીતરાગતાનું પરિણમન હોવું જોઈએ. સમજાણું કાંઈ? ભાવાર્થમાં કર્યું જુઓને **'શુદ્ધદ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ તો હું** શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.' લ્યો, ભાવાર્થ. **'પરંતુ મારી પરિણતિ...'** મારી પરિણતિ, મારી પર્યાય, મારી અનુભૂતિ એમ ભાષા છે.

મુમુક્ષુ :- પુદ્ગલ નહિ? પર્યાયને પુદ્ગલ કહેવાય.

ઉત્તર :- ઓલાને પુદ્ગલ કીધા છે. રાગ, દ્વેષ અને પુદ્ગલ. રાગ-દ્વેષનો સ્વામી પુદ્ગલ. કઈ અપેક્ષાએ? એ તો સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ સ્વભાવનો સ્વામી જીવ છે, વિભાવનો સ્વામી

નહિ. પણ જ્યારે પર્યાયની દૃષ્ટિથી જોવે તો વિભાવ એનામાં થાય છે અને એનો કર્તા-ભોક્તા કહી અને એનો અધિષ્ઠાતાનો સ્વામી ઇ છે. જડ બીજો સ્વામી છે એનો? પંડિતજી! આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! **'પરંતુ મારી પરિણતિ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને...'** જોયું? એ તો નિમિત્ત છે. મેલી છે, રાગાદિરૂપ થયેલી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાયનો સ્વામી પર્યાય. આ તો આત્મા છે. એના ઘરનું છેને બધા એનો ... અધિષ્ઠાતા બધા અનંત નયોનો ધર્મ છે. એ ધર્મનું આખું સ્વરૂપ કોનું? એ આત્માનું, દ્રવ્યનું છે. એવી વાત છે, ભાઈ! અનંત નયોમાં વ્યાપેલું છે. ભાઈ! એમ કહ્યુંને? અનંત નયો વ્યાપ્યા છે.

મુમુક્ષુ :- પણ નય અનંત જ હોય.

ઉત્તર :- એ અનંત ધર્મો છેને? અને અનંત ધર્મનું એકરૂપ તે દ્રવ્ય છે. રાગસહિતનો ધર્મ તે દ્રવ્ય છે એમ કહ્યું અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો છે. ઇ તો ગૌણપણે સ્વભાવદૃષ્ટિથી મુખ્યનું વેદન આનું છે. રાગનું વેદન, રાગનું કરવું ઇ પર્યાયપણાનું ગૌણ છે, સ્વભાવ નથી. એમ કહ્યુંને ત્યાં? પર્યાય અભૂતાર્થ છે. ઇ ગૌણ કરીને અભૂતાર્થ કીધી છે. નથી એમ કરીને અભૂતાર્થ એમ નથી કીધું. સમજાણું કાંઈ? એય..! મલુપચંદભાઈ! લ્યો આ રહ્યું વાત આવી આ. આહા..હા..!

જૈનમતના માનનારાઓ આગ્રહી હોય નહિ. એમ આવે છેને? જે રીતે જ્યાં કહ્યું એને બરાબર જાણવું જોઈએ. એમાં હઠાગ્રહ ન હોય. આહા..હા..! અને **'તેની ટીકા કરવાનું ફળ એ ચાહુ છું કે...'** મારી શુદ્ધિ થાઓ. હવે એનો અર્થ શું? ટીકા કરું છું એ વિકલ્પને લઈને શુદ્ધિ થાય? પણ ટીકાના કાળમાં મારું આ બાજુનું જોર વર્તે છે. એનાથી શુદ્ધિ થઈ જાઓ. આમ છે હવે ગાથાનો અર્થ કરવામાં પણ મોટો ફેર હવે શું કરવું આમાં? ઓલા કહે કે તમે ફેરવો છો. ફેરવે શું બાપા? જેમ છે એમ છે, ભાઈ! એ વસ્તુની સ્થિતિ એવી છે.

કહે છે. આહા..હા..! **'(ચિત્સ્વરૂપ આત્માનો) સ્વભાવ કહ્યો નથી.'** જ્ઞાનસ્વરૂપ આત્માનો તો રાગનું કરવું એ એનો સ્વભાવ હોય? ... વળી હીરાભાઈ અહીં છે બરાબર. પાછી મુંબઈમાં વાતું ચાલતી હોયને બીજી ઘણી. ત્યાં તો આમ અર્થ ચાલતા હતા. એ તો ના પાડે છે અજ્ઞાનથી જુઓ. **'अज्ञानात् एव अयं भोक्ता' 'અજ્ઞાનથી જ તે ભોક્તા છે,...'** લ્યો,

મુમુક્ષુ :- આ કહે જ્ઞાની ભોક્તા છે.

ઉત્તર :- જ્ઞાની પોતે ભોક્તા છે. ચાર જ્ઞાનના ધણી સમકિતી, ક્ષાયિક સમકિતી. ગણધર ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં કરનારા, બાર અંગની રચના કરનારા એ પણ એ પર્યાયની અપેક્ષાની વાત છે અને આ દ્રવ્યના ગુણની અપેક્ષાની વાત છે. સમજાણું કાંઈ? વજુભાઈ! આ બધું સમજવું પડશે હોં. ત્યાં ક્યાંય સખ નથી દુનિયામાં બધા હોળી સળગે છે ચારેકોર. આહા..હા..! આનંદનો ધણી ભગવાન પોતે છે. આહા..હા..! એનું જેટલું દુ:ખનું પરિણમન છે એ પણ એનામાં, એનો ધર્મ

છે ઇ. એ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ..ને ધારણ કર્યો છે...

ઉત્તર :- ધારણ કર્યો છે એમ નહિ.

મુમુક્ષુ :- સામાન્ય વિષય

ઉત્તર :- એની પર્યાયનો વિષય છેને. સમજાણું કાંઈ? જેઠાભાઈનું કામ બહાર આવ્યું ખરું સરખું. સામે તમે સુવો તો અશાતના થાય છે. હમણા કીધું તોપણ. ભારે થઈ. એની લાઈન બીજી ચડી ગઈ. ઘણા વર્ષની વાત. પણ ધ્યાન રાખતા નથી. એને એમ કે આપણે સાંભળ્યું છે. એમ કરીને એનું ધ્યાન નથી. .. પાછું? સૂવે ત્યાં ઝોલા ખાય. અહીં ન સુવાય. એવું હોય તો બહાર જઈને સૂવું. શાસ્ત્ર ચાલતું હોય, ભગવાનની વાણી છે આ તો. સમજાય છે કાંઈ? એમાં ઝોલા ન આવે. મોટી અશાતના થાય, જ્ઞાનને આવરણ થઈ જાય. એવી વાત છે. એય..! વસ્તુ એવી છે. આહા..હા..!

'तद्-अभावात् अवेदकः' **'અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.'** અજ્ઞાનથી જ પાછી ભાષા છે. છેને 'अज्ञानात् एव' એટલે અજ્ઞાનથી ભોક્તા છે, ઇ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. પર્યાયમાં ભોક્તા છે એ પર્યાયની અપેક્ષાએ બરાબર ભોક્તા છે. કર્તા પણ છે અને ભોક્તા પણ છે. કહો, સમજાણું કાંઈ? **'અજ્ઞાનનો અભાવ થતાં અભોક્તા છે.'** આહા..હા..! એ તો આનંદનો જ ભોક્તા છે. સ્વભાવની દૃષ્ટિવંત તો આનંદનો જ ભોક્તા છે. પર્યાયમાં રાગનું વેદન એ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ નથી. આહા..હા..!

---

## ગાથા-૩૧૬

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।**
**णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि॥316॥**

अज्ञानी कर्मफलं प्रकृतिस्वभावस्थितस्तु वेदयते।
ज्ञानी पुनः कर्मफलं जानाति उदितं न वेदयते॥316॥

अज्ञानी हि शुद्धात्मज्ञानाभावात् स्वपरयोरेकत्वज्ञानेन, स्वपरयोरेकत्वदर्शनेन, स्वपरयोरेकत्वपरिणत्या च प्रकृतिस्वभावे स्थितत्वात् प्रकृतिस्वभावमप्यहंतया अनुभवन् कर्मफलं वेदयते। ज्ञानी तु शुद्धात्मज्ञानसद्भावात् स्वपरयोर्विभागज्ञानेन, स्वपरयोर्विभागदर्शनेन, स्वपरयोर्विभागपरिणत्या च प्रकृतिस्वभावादपसृतत्वात् शुद्धात्मस्वभावमेकमेवाहंतया अनुभवन् कर्मफलमुदितं ज्ञेयमात्रत्वात् जानात्येव, न पुनः तस्याहंतयाऽनुभवितुमशक्यत्वाद्वेदयते।

હવે આ અર્થને ગાથામાં કહે છે :-

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. 316.**

ગાથાર્થ :- [अज्ञानी] અજ્ઞાની [प्रकृतिस्वभावस्थितः तु] પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત રહ્યો થકો [कर्मफलं] કર્મફળને [वेदयते] વેદે (ભોગવે) છે [पुनः ज्ञानी] અને જ્ઞાની તો [उदितं कर्मफलं] ઉદિત (ઉદયમાં આવેલા) કર્મફળને [जानाति] જાણે છે, [न वेदयते] વેદતો નથી

ટીકાઃ- અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી, સ્વપરના એકત્વદર્શનથી અને સ્વપરની એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી પ્રકૃતિના સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે -- ભોગવે છે; અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી, સ્વપરના વિભાગદર્શનથી અને સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો (-ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે, પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.

ભાવાર્થ :- અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.

---

## ગાથા-૩૧૬ ઉપર પ્રવચન

'હવે આ અર્થને ગાથામાં કહે છે :-' લ્યો. ૩૧૬.

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिदो दु वेदेदि।**
**णाणी पुण कम्मफलं जाणदि उदिदं ण वेदेदि॥316॥**

**અજ્ઞાની વેદે કર્મફળ પ્રકૃતિસ્વભાવે સ્થિત રહી,**
**ને જ્ઞાની તો જાણે ઉદયગત કર્મફળ, વેદે નહીં. 316.**

જોયું ભાષા આમ લીધી. આમ સ્વભાવ નથી અને આ સ્વભાવમાં જાય છે એમ.

પ્રકૃતિસ્વભાવ સામે લીધો. આહા..હા..!

'**ટીકા:- અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' લ્યો, આ આમ કીધું છે. અજ્ઞાનીને શુદ્ધ આત્માના સ્વભાવનું જ્ઞાન નથી. ચૈતન્ય નિર્મળ શુદ્ધ આનંદનું ધામ ભગવાન આત્મા એનું એને જ્ઞાન નથી. '**અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે...**' શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે. '**સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' સ્વપરના એકત્વજ્ઞાનથી. સ્વભાવ અને રાગ બેના એકત્વજ્ઞાનથી. જ્ઞાનીને જે વેદે છે એ એકત્વભાવથી નથી. સ્વભાવની સાથે રાગ એકત્વ છે એમ નથી. પૃથક્‌પણે છે તેને એ વેદે છે. આરેરે..! કહો, સમજાણું કાંઈ? એકત્વબુદ્ધિએ રાગને અને સ્વભાવને તો અજ્ઞાનભાવ છે. છોટાભાઈ! '**અજ્ઞાની શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે સ્વપરના એકત્વજ્ઞાનથી,...**' બસ, આ. રાગ અને સ્વભાવ બેની એકત્વબુદ્ધિથી. એ તો પહેલેથી કહ્યુંને ... પહેલેથી કહ્યું છે. રાગ અને સ્વભાવનું એકત્વપણું એવું સ્વરૂપ નથી એનું. એનું વિભક્તસ્વરૂપ છે. ત્રીજી ગાથા છે. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' પોતે તો એમ કહ્યું છે ભાઈ! '**तं एयत्तविहत्तं**' સ્વભાવની એકતા અને રાગની વિભક્તતા તે હું કહીશ. તે હું કહીશ. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' આહા..હા..! '**जदि दाएज्ज पमाणं**' જો હું દેખાડું તો પ્રમાણ કરજે હોં. આહા..હા..! આ વાત કાને પડતા હા પાડજે હોં એમ કહે છે. અનુભવથી હા પાડજે. આહા..હા..! પ્રમાણ કરજે. '**चुक्केज्ज छलं ण घेत्तव्वं**' કોઈ ભાષાના શબ્દોમાં સંસ્કૃતમાં, વ્યાકરણ આદિમાં તને ખ્યાલ આવે ત્યાં ચેતજો. અમારો જે આશય અને હેતુ કહેવાનો એને પકડજે. આહા..હા..! કેવી ગાથા એક-એક!

મુમુક્ષુ :- અમૃત ભર્યા છે.

ઉત્તર :- આહા..હા..!

અને '**સ્વપરના એકત્વદર્શનથી...**' રાગ અને સ્વભાવ બેના એકપણાની શ્રદ્ધાથી કે એકપણાના દેખવાથી '**અને સ્વપરની એકત્વપરિણતિથી...**' આહા..હા..! સ્વભાવ જ્ઞાન અને રાગ બે ભિન્ન એની '**એકત્વપરિણતિથી પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...**' આહા..હા..! પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત છે અજ્ઞાની. એટલે પ્રકૃતિનો સ્વભાવ એટલે રાગ અને દ્વેષ વિકાર: એમાં એ સ્થિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**પ્રકૃતિના સ્વભાવમાં સ્થિત હોવાથી...**' બેનું એકપણાનું જ્ઞાન, બેની એકપણાની શ્રદ્ધા, બેની એકપણાની પરિણતિ એથી '**પ્રકૃતિના સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો...**' એ રાગ તે હું છું, મારી જાત સ્વભાવની છે એ નહિ આ તો હું છું રાગ એટલું.

"**'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો)...**' આહા..હા..! કહો અહીંયાં કહે છે કે રાગને અનુભવે તો એ સમકિતી જ્ઞાની છે ક્ષાયિક સમકિતી. આ બીજી અપેક્ષાની વાત છે. ઇ હું આ સ્વભાવ છું એ ભૂલી જઈ અને આ રાગ જ હું

છું પ્રકૃતિનો સ્વભાવ, એમાં એકત્વ થયો થકો એને **'સ્વભાવને પણ 'હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે --'** આહા..હા..! એને જ્ઞાનચેતનાનું વેદન નથી. કર્મફળ વેદે છે. એ પુણ્ય અને પાપના, રાગ અને દ્વેષ કર્મફળ કર્મ ચેતના છે એમ કહે છે. કર્મફળચેતના એને કર્મચેતના સાથે છેને બેય? આહા..હા..! સમજાણું કાંઈ? **''હું'પણે અનુભવતો થકો (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને પણ 'આ હું છું' એમ અનુભવતો થકો) કર્મફળને વેદે છે -- ભોગવે છે;...'** આહા..હા..! **'અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે...'** લ્યો, શુદ્ધ આત્મા જ્ઞાન, આનંદ આદિ સ્વભાવના, જ્ઞાનની હયાતીને લઈને **'સ્વપરના વિભાગજ્ઞાનથી...'** લ્યો, વિભાગ છે. જ્ઞાનાનંદ સ્વભાવ અને રાગ બેનો વિભાગ છે. બેના ભાગ જુદા છે. આહા..હા..! વાતે વાતે વીતરાગની. એક-એક ગાથા અને એક-એક કળશે આખું રહસ્ય મૂક્યું છે.

અહીં કહે (રાગ) પર છે. એને વેદે છે. જ્ઞાનમાં ઇ કહ્યું કે એનો પોતાનો ધર્મ છે એને ઇ વેદે છે. પર્યાયની અપેક્ષાએ. પર્યાયની અપેક્ષાએ. આ વસ્તુના સ્વભાવની અપેક્ષાએ ત્રિકાળ સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સ્પષ્ટિકરણ થાય છે.

ઉત્તર :- ધીમે અહીં કહે બાપા! ... શુભભાવ આવે પણ કષાય છે એનો ખ્યાલ ક્યારે આવ્યો? એનામાં વેદાય તો ખ્યાલ આવે કે કર્મમાં થયું માટે ખ્યાલ આવે? કર્મમાં છે એ ભાવ? એની પર્યાયમાં વેદન થાય છે. આ... આ... આ... આ... કષાય છે, રાગ છે.

મુમુક્ષુ :- એ તો ૧૨મી ગાથા આવી છેને જાણેલો પ્રયોજનવાન છે.

ઉત્તર :- જાણેલો પ્રયોજનવાન છે. જાણેલો પણ છતાં અહીં તો વેદ્યું. વેદે છે એને એ જાણે છે. વેદવાલાયક છે એમ એ માનતો નથી. પણ વેદાય છે પર્યાયમાં એ વાત અસ્તિપણે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ભોગવે છે; અને જ્ઞાની તો શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવને લીધે સ્વપરના વિભાગજ્ઞાનથી...'** આહા..હા..! ત્યાં એ વેદે છે, કરે છે છતાં સ્વપરનો વિભાગ છે. સ્વભાવની અપેક્ષાએ પર હોં. પરની અપેક્ષાએ સ્વ છે, એમાં છે. સમજાણું કાંઈ? ત્રિકાળી સ્વભાવ એનું પરિણમન અને એની અપેક્ષાએ તો એ પર છે. પણ એના અસ્તિત્વમાં પર્યાયથી છે એ પ્રમાણે તો એનામાં છે. એના આત્માની પર્યાયમાં છે. આહા..હા..! આવી વાત વીતરાગ સિવાય ક્યાંય મળે એવું છે? આ બધા આત્મા-આત્મા એમ વાતું તો ઘણાય કરે છે હવે. ૨૫૦૦ વર્ષ ભગવાનનો ઉજવવો છે. પણ એણે કહ્યું એવું જાણ્યા વિના ઉજવશો શી રીતે? એનું જે જ્ઞાન કહ્યું, એની જે વસ્તુસ્થિતિ કીધી એ અંદરમાં આવ્યા વિના ઉજવવું છે ક્યાં? બહાર ઉજવાય એવું છે? આહા..હા..! (અંદરમાં) એ ઉજવવું છે. આ બધો વ્યવહાર છે. ચાલે છે વ્યવહાર. આહા..હા..!

**'સ્વપરના વિભાગજ્ઞાનથી સ્વપરના વિભાગદર્શનથી...'** ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ મલિનતા પર જણાય છે. ભલે પોતામાં છે, પણ ત્રિકાળી શુદ્ધ સ્વભાવ અને એનું પરિણમન એની અપેક્ષાએ રાગનું પરિણમન પર છે. સમજાય છે? પણ પરથી જુદા પાડતા એની પર્યાયની મલિનતા છે એમ અપેક્ષાએ એનું સ્વ છે. પર્યાયની અપેક્ષાએ સ્વ છે. આહા..હા..! એની પર્યાય છેને. એમ કહ્યુંને. .. પરિણતિ. મારી અનુભૂતિની પરિણતિમાં એમ છે. આહા..હા..! કે એમાં અનુભાવ તો કર્મનો નિમિત્ત જ માત્ર. અનુભાવ્ય તો હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? જેવી વસ્તુસ્થિતિ છે એવી જાણવામાં ન આવે ત્યાં સુધી એને સત્યતા હાથ ન લાગે અને અંદરમાં જઈ શકે નહિ.

**'સ્વપરની વિભાગપરિણતિથી પ્રકૃતિના સ્વભાવથી નિવર્તેલો...'** ઠીક! આહા..હા..! ધર્મી જીવ તો, જ્ઞાની તો રાગના ભાવથી નિવર્તેલો. ભેદજ્ઞાન છેને? આહા..હા..! **'(-ખસી ગયેલો, છૂટી ગયેલો) હોવાથી શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ...'** ભાષા દેખો, જુઓ, **'શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો...'** શુદ્ધ છું એને હુંપણે અનુભવતો થકો. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ત્યાં પર્યાયથી, મારી પર્યાય છે એપણે અનુભવતો થકો અને અહીં સ્વભાવમાં હું છું એપણે અનુભવતો થકો. આ કથન શૈલી તો જુઓ! સ્યાદ્વાદ વસ્તુનું સ્વરૂપ એવું છે. કોઈએ ઘડી કાઢ્યું છે એમ નથી કાંઈ. ઘડી શકાય નહિ. એનામાં જે ધર્મો છે એને મુખ્ય-ગૌણ કરીને વાત કરે. એનામાં હોય એને કરેને? આહા..હા..!

**'શુદ્ધ આત્માના સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે,...'** લ્યો, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. જાણ્યું કે છે. જ્ઞેય તરીકે છે. આહા..હા.! સ્વભાવની દૃષ્ટિને, સ્વભાવના પરિણમનમાં રાગ તે પરજ્ઞેય તરીકે છે. સ્વજ્ઞેયમાં નહિ. આહા..હા..! **'સ્વભાવને એકને જ 'હું'પણે અનુભવતો થકો ઉદિત કર્મફળને, તેના જ્ઞેયમાત્રપણાને લીધે, જાણે જ છે,...'** વ્યવહારે જાણેલો પ્રયોજનવાન એ આવ્યું લ્યો. આહા..હા..! જે ૧૧ અને ૧૨માં જે વાત સિદ્ધ કરી તે વાત બીજી રીતે બધે ઠેકાણે એને સિદ્ધ કરે છે. આહા..હા..! એનું સ્વરૂપ જ જ્ઞાન છે. એને જ્ઞાનના પડખા બધા એણે જાણવા જોઈએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એમાં પણ વિકલ્પ બહુ ઉઠે જ્ઞાનમાં.

ઉત્તર :- વિકલ્પ ઉઠે પણ એનું વાસ્તવિક તત્ત્વ શું છે વિકલ્પથી એને નિર્ણય તો કરવો પડશેને. વિકલ્પથી જ જેનો સાચો નિર્ણય નથી એનો નિર્ણય અનુભવમાં આવશે ક્યાંથી? સત્ એવું નથી. જેવું નથી એવો વિકલ્પથી નિર્ણય કરે (ક્યાં મેળ પડે?)

મુમુક્ષુ :- ધ્રુવ છે એમ જાણેલું છે.

ઉત્તર :- શું ધ્રુવ જાણ્યું? કહો, ચેતનજી! આ તો પર્યાય આવી આ તો. આ પણ વેદવું એ

પર્યાય છે આ. હુંપણે અનુભવતો થકો પર્યાયમાં. એનો આશ્રય નથી. આશ્રય દ્રવ્યનો છે. આવશે હજી કાલે સવારમાં આવશે. છેલ્લી ગાથામાં એ આવશે. ... છેને શબ્દ? આલંબન શબ્દ પડ્યો છેને. જીવનું આલંબન, આત્માનું આલંબન. આહા..હા..! પરમપારિણામિકભાવનું આલંબન એમ કહે છે. પર્યાયનું આલંબન નહિ. પણ પર્યાય જેવી છે એવું એને જ્ઞાન હોય, આશ્રય ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! પરમ સત્ય આવું એમાં ઝઘડા શા? એના સમાધાન માટે પાછું રોકાવું. આહા..હા..!

**'જ્ઞેયમાત્રપણાને લીધે,...'** પાછી ભાષા જુઓ, જ્ઞેયમાત્ર એમ ભાષા. એ જ્ઞાનમાં એ રાગ, વિકાર જ્ઞેય છે. આહા..હા..! અને તે પરજ્ઞેય હોં, સ્વજ્ઞેય નહિ. એ તો સ્વપરને નાખ્યા છે. પર એણે નાખ્યા છે. પરજ્ઞેય તરીકે જાણે. આહા..હા..! અનંતનયમાં વ્યાપેલું શ્રુતજ્ઞાન પ્રમાણ. એનાથી જોતા એના અશુદ્ધને વેદવું એ સ્વજ્ઞેયની પર્યાયમાં છે. સ્વજ્ઞેય. આહા..હા..! ગજબ વાતું છે! એકકોર પુદ્‌ગલ કહે, અજીવ કહે.

મુમુક્ષુ :- .. નાખવા માટે ફળ

ઉત્તર :- એ તો .. જવા માટે સ્વભાવમાં નથી. પર્યાયમાં જેટલો અંશ છે એટલો સ્વતંત્ર છે. પરને લઈને છે એમ નથી. સમજાણું કાંઈ? અરે..! પણ આવું કોણ (સમજે)? અંદર મહા તકરાર વાંધા. શાંતિથી જોવે તો ખબર પડે.

**'જાણે જ છે,...' 'જ્ઞેયમાત્રપણાને લીધે,...'** ધર્મી રાગને જાણે જ છે. **'પરંતુ તેનું 'હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી,...'** આ મારો સ્વભાવ છે એવા હુંપણે અનુભવાવું અશક્ય છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! **'(તેને) વેદતો નથી.'** લ્યો, છેને? રાગને હુંપણે વેદવાનું અશક્ય હોવાથી વેદતો નથી. હુંપણે મારો સ્વભાવ છે એપણે એમ. આહા..હા..! ત્યાં હુંપણે કીધું ત્યાંપણ. પર્યાયની અપેક્ષાએ વાત છે. ... ખેંચાતાણ કેમ કરે? તત્ત્વ નહિ રહે. આહા..હા..! રાગને પર તરીકે જાણે છે પણ રાગ પર્યાયમાં છેને. કે કાંઈ કર્મમાં છે રાગ જડમાં?

મુમુક્ષુ :- કાઢી નાખવાનું

ઉત્તર :- કાઢી નાખવાનો.. એનો સ્વભાવ પણ એપણે નથી, પણ વિભાવપણાનું પરિણમન મારું કર્તૃત્વ અને મારું .. છે. એટલું તો એણે બરાબર જ્ઞાન ન કરે તો એકાંત થઈ જશે. સમજાણું કાંઈ? **''હું'પણે અનુભવાવું અશક્ય હોવાથી, (તેને) વેદતો નથી.'**

**'ભાવાર્થ :- અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ બિરાજે છે એની તો સન્મુખતાનું જ્ઞાન નથી. આહા..હા..! એનાથી તો વિમુખ છે. **'અજ્ઞાનીને તો શુદ્ધ આત્માનું જ્ઞાન નથી તેથી જે કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે;...'** રાગ એ હું છું, વિકાર તે હું છું એમ જાણીને આ તો ત્રિકાળ સ્વભાવ તે હું છું એ તો નથી દૃષ્ટિમાં. આહા..હા..! **'કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને...'** ઉદયમાં આવે એનો અર્થ વિકાર

થાય એમ. '**પોતારૂપ જાણીને ભોગવે છે;...**' એ આ હું છું. આ આસ્રવ તે હું છું, આ ત્રિકાળી સ્વભાવ છે શુદ્ધ હું છું એનું તો જ્ઞાન નથી. ક્યાંક હુંપણું તો એણે માનવું પડશેને? પોતાનો અસ્તિત્વ જે સ્વભાવ છે જેવડો અને જેટલો એની ખબર નથી અને પોતાનું હોવાપણું તો ક્યાંક માનવું પડશે. એટલે એ રાગ તે હું છું એમ કરીને એને વેદે. આહા..હા..!

'**કર્મ ઉદયમાં આવે તેને જ તે પોતારૂપ જાણીને ભોગવે છે; અને જ્ઞાનીને શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે...**' આહા..હા..! આત્મા અનાદિ શાંત સિદ્ધપણે જ્યાં પ્રગટે છે એવો સમ્યગ્દર્શનમાં જણાય છે. આહા..હા..! વસ્તુ તો અનાદિ-અનંત છે. જાણવામાં આવ્યું એ નવી દશા થઈ. '**શુદ્ધ આત્માનો અનુભવ થઈ ગયો છે...**' નવી દશા થઈ. આહા..હા..! રાગથી ભિન્ન પડી અને આત્માનો આનંદનો અનુભવ. આત્માનો અનુભવ એટલે આનંદનો અનુભવ. આહા..હા..! " '**થઈ ગયો છે તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો...**' આહા..હા..! '**નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે,...**' લ્યો, એનો જ્ઞાતા જ રહે છે. '**ભોક્તા થતો નથી.**' લ્યો આમાં તો આ લીધું. પણ એ કાંઈ સ્વભાવ નથી. (પર્યાયમાં) હુંપણે વેદે છે. આહા..હા..!

મુમુક્ષુ :- એટલે પર્યાયમાં હુંપણે વેદે છે.

ઉત્તર :- પર્યાયમાં હુંપણે વેદે છે. આહા..હા..! એવી વાત છે. કોણ છો? એમ કીધું છેને ત્યાં? આત્મા કોણ છે? કેવો છે? કોણ છે? કેમ પ્રાપ્ત થાય છે? ઇ લીધું છેને ત્યાં? આત્મા તો આવો છે. વિકારી-અવિકારી એ બધા ગુણો, દ્રવ્ય અને પર્યાયસહિત તે આત્મા છે. અહીં કહે કે આત્મા કોને કહીએ ખરો? એકલો શુદ્ધ ધ્રુવસ્વરૂપ તે જ પરમપારિણામિક ભાવ એ જ ખરો આત્મા. એની પાસે પર્યાય ભેળવતા એ વ્યવહાર આત્મા પણ ભેળવી નાખે એ પણ હું. પર્યાય પણ હું છુંને કાંઈ પર્યાય બીજાની છે ઇ? આહા..હા..! આ તો ભાઈ સત્‌નું શોધન કરવું હોય તો આવી વસ્તુ છે. આગ્રહ કરીને ક્યાંય ઠરાવ પાડે ધારેલું હોય ઇ કાંઈ હાથ નહિ આવે. આહા..હા..! દૃષ્ટિ ફેર-દૃષ્ટિ ફેર. '**તેથી તે પ્રકૃતિના ઉદયને પોતાનો સ્વભાવ નહિ જાણતો થકો તેનો જ્ઞાતા જ રહે છે, ભોક્તા થતો નથી.**' લ્યો. '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' કળશ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૧૯૭

(शार्दूलविक्रीडित)

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको
ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां
शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानीता॥197॥

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [अज्ञानी प्रकृति-स्वभावः-निरतः नित्यं वेदकः भवेत्] અજ્ઞાની પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે, [तु] અને [ज्ञानी प्रकृति-स्वभाव-विरतः जातुचित् वेदकः नो] જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી. [इति एवं नियमं निरूप्य] આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને [निपुणैः अज्ञानिता त्यज्यताम्] નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો અને [शुद्ध-एक-आत्ममये महसि] શુદ્ધ-એક-આત્મામય તેજમાં [अचलितैः] નિશ્ચળ થઈને [ज्ञानिता आसेव्यताम्] જ્ઞાનીપણાને સેવો. 197.

---

**અષાઢ વદ-૪, ગુરુવાર, તા.૧૯-૦૭-૧૯૭૩**
**ગાથા-૩૧૭-૩૧૮, કળશ-૧૯૭ પ્રવચન-૪૪૩**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. એનો ૧૯૭ કળશ છે.

(शार्दूलविक्रीडित)

अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको
ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः।
इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां
शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानीता॥197॥

'अज्ञानी प्रकृति-स्वभावः-निरतः नित्यं वेदकः भवेत्' **'અજ્ઞાની પ્રકૃતિ-સ્વભાવમાં લીન-રક્ત હોવાથી...'** રાગ અને પુણ્ય-પાપના ભાવમાં લીન હોવાથી. જ્ઞાનીને રાગ-દ્વેષ હોય, પણ એમાં લીન નથી, એકત્વબુદ્ધિ નથી. આને એકત્વબુદ્ધિ છે એટલે કહે છે. **'અજ્ઞાની પ્રકૃતિ...'** એટલે કર્મના નિમિત્તથી થતો સ્વભાવ, વિભાવ એ બધો પ્રકૃતિ સ્વભાવ છે. એમાં **'સ્વભાવમાં લીન-રક્ત હોવાથી (-તેને જ પોતાનો સ્વભાવ જાણતો હોવાથી-) સદા વેદક છે,...'** એ તો સદાય વિકારનો જ વેદક છે. 'ज्ञानी प्रकृति-स्वभाव-विरतः' ઓલો 'प्रकृति-स्वभावः-निरतः' પણ આ 'विरतः' 'जातुचित् वेदकः नो' **'જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો...'** છે. સ્વભાવની દૃષ્ટિથી એ પ્રકૃતિના નિમિત્તે થતો વિકારભાવ એનાથી નિવર્ત્યો છે.

**'વિરક્ત હોવાથી (-તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-)...'** જોયું? પર્યાયમાં થાય છે રાગ, પણ એને પરનો સ્વભાવ જાણતો હોવાથી. **'કદાપિ વેદક નથી.'** લ્યો. આ સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ વાત છે. પર્યાયનયથી જોવે તો એ વેદક છે. આહા..હા..! સ્વભાવ જે છે.. અહીં રાગ છે એ પ્રકૃતિસ્વભાવ છે અને આત્માનો શુદ્ધ જ્ઞાયક એ આત્મસ્વભાવ છે. એ સ્વભાવની દૃષ્ટિથી દ્રવ્યદૃષ્ટિથી જોઈએ તો તે રાગનો વેદક એ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિ

ઉત્તર :- એકત્વબુદ્ધિ નથી. છે એની પર્યાયમાં. અનિયતનય આવે છેને? એ લોકો બધા અનિયત એટલે અક્રમબદ્ધ કહે છે અને નિયત એટલે ક્રમબદ્ધ કહે છે. આહા..હા..! પંચાસ્તિકાય ૧૯૫ ગાથા. એમ કે નિયતનય અને અનિયતનય. એમ માટે એકાંત નિયત જ છે (એમ નથી).

મુમુક્ષુ :- ઓલી તો ત્રિકાળીની વાત છે.

ઉત્તર :- એ બીજી વાત છે. ક્યાંકનું ક્યાંક લગાડી દે. નિયત એટલે સ્વભાવ. પાણીનો જેમ ઠંડો સ્વભાવ છેને એ નિયત કહેવા અને ઉષ્ણ છે એ અનિયત કહેવાય. તેમ આત્માનો શુદ્ધ પવિત્ર સ્વભાવ છે એ નિયતસ્વભાવ કહેવાય અને એને રાગનું પરિણમન થાય તો એને અનિયત વિભાવસ્વભાવ કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? પછી અહીં બિલકુલ વેદક નથી કહ્યું છે એ તો દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ કહ્યું. પર્યાયની દૃષ્ટિએ જોવે તો એ વેદક છે. કર્તા છે, ભોક્તા છે, અશુદ્ધ છે. અનિયતસ્વભાવ છે. એ નયથી જોવે તો સમ્યક્ સ્વભાવ છે. બે નય આવેને--દ્રવ્યનય અને પર્યાયનય. તો પર્યાયનયથી જોવે તો બધું ભેદ છે, રાગ છે, અશુદ્ધ છે, બધું છે. આહા..હા..!

મુમુક્ષુ :- અશુભ નિશ્ચયનય

ઉત્તર :- અશુભ નિશ્ચયનય. પર્યાય નય છેને આ તો બે નય. ૪૭માં બે નય છે--દ્રવ્યનય અને પર્યાયનય. બસ પહેલી બે. એ અને અનિયતનય અને છેલ્લી અશુદ્ધનય. એ ઉપાધિરૂપ એમાં નય છે એક. આહા..હા..! આગળ તો કહેશે મુક્ત એવ. એ સ્વભાવની દૃષ્ટિમાં તો રાગથી વિરક્ત થઈ ગયો છે. એકત્વ નથી. આહા..હા..! ઘણા ભેદો આમાં છે. લોકોને (ખ્યાલ હોવો જોઈએ કે) એક

નયથી જે કથન હોય તો બીજી નયનું જ્ઞાન એમાં સાપેક્ષ હોય છે. સમજાણું કાંઈ? આમાં દાખલા આપે જુઓ, સમ્યગ્દૃષ્ટિ વેદક બિલકુલ નથી. વેદે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને વેદક છે ખરું, વેદાય છે એની પર્યાયમાં. પણ એને જાણે છે કે આ ભિન્ન વસ્તુ છે એને વેદન મારામાં નબળાઈને લઈને થાય છે. એક નયનું જ્ઞાન છે. છે એને જાણે છે બસ. અશુદ્ધતા જેટલી છે એ જાણે છે. અશુદ્ધનયમાં આવ્યુંને? છેલ્લે બે નય અશુદ્ધ? એ ઉપાધિ છે. શુદ્ધનય નિરૂપાધી છે. અહીં સ્વભાવદૃષ્ટિએ તો એનો નિરૂપાધી સ્વભાવ છે.

મુમુક્ષુ :- ત્રિકાળ નિરૂપાધી.

ઉત્તર :- ત્રિકાળ નિરૂપાધી. આહા..હા..! બહુ ભેદ. બીજી રીતે લઈએ કે ભાઈ! તીર્થંકરગોત્ર બાંધે. સમકિતી બાંધે કે બીજો કોઈ બાંધે? બાંધે છે અને વળી કહે કે ઇ ભાવ છે એ અપરાધ છે એનો. અને એ અપરાધનું વેદક નથી એમ કહે છે. આ નયે હોં. એ નયે વેદક છે. આહા..હા..! પર્યાયનયે. આહા..હા..! તીર્થંકર અપરાધ કરે છે. અહીં તો કહે અપરાધ સમકિતીને હોય જ નહિ. કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? અને તીર્થંકરગોત્ર બાંધે એ અપરાધ છે. એ સમકિતીને જ હોય છે. છટ્ઠા ગુણસ્થાને મુનિને પણ એ અપરાધ હોય છે. અહીં કહે છે કે સમકિતીને અપરાધ હોય નહિ. કઈ અપેક્ષાથી છે? ત્રિકાળ સ્વભાવ વસ્તુ છે એમાં કોઈ અપરાધ થવાનો કોઈ ગુણ નથી. તો એ શક્તિ નથી, પણ પર્યાયની યોગ્યતાની શક્તિ છે. ઈશ્વરનય જુઓને. ઈશ્વરનય આવે છેને? ધાયમાતા ધવરાવે પરાધીન. પરાધીન એક ધર્મ છે એનો. રાગને આધીન થવું એ જે ઈશ્વરનય એનો પોતાનો ધર્મ છે. કર્મને લઈને પરાધીન થાય છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એનો પોતાનો ધર્મ છે પર્યાયનો હોં. દ્રવ્યનો, ગુણનો નહિ. મારે આરે! તીર્થંકર આહારક શરીર બાંધે મુનિ હોય લ્યો. આહારક શરીર બાંધે છે. શુભોપયોગનો અપરાધ છે. એની પર્યાયમાં છે. એને પરિણમે છે એટલે કર્તાપણું છે. જ્ઞાનનયે હોં આમ જોતાં. અને વેદે પણ છે. વેદન રાગ પણ વેદન છે કે નહિ? આહા..હા..! ઘણા પડખાં આમાં માણસને યાદ શું રહે? અને અત્યારે એવો ફેરફાર થઈ ગયો બધો. પણ જે દૃષ્ટિની અપેક્ષાએ વાત કરી છે એ દૃષ્ટિએથી જો. એ જ્ઞાનની નયે જો, એને પર્યાયની નયે જોવું. કોને જોવું? કાંઈ ન મળે.

એટલે કહે છે કે આ... ઓલામાં પણ આવ્યુંને ત્યાં? બંધ-મોક્ષમાં નહિ? નય. વ્યવહારનયે જેમ એક પરમાણુ બીજા પરમાણુને અનુસરે છે એવો ધર્મ છે. એમ જીવ વ્યવહારનયે કર્મબંધ અને છૂટવાને અનુસરે છે. પરને હોં. એવો એક ધર્મ છે અને એવો એક ધર્મ છે કે પોતે જ જેમ પરમાણુ ચિકાશ અને લુખાશથી પોતે જ પોતામાં પરિણમે છે. એમ આત્મા પોતે જ બંધનો યોગ્ય, રાગને યોગ્ય અને રાગને છૂટવાને યોગ્ય પોતે જ પરિણમે છે. બીજાને અનુસરતો નથી. કહો, સમજાણું કાંઈ? એકકોર કહે બંધ અને મોક્ષ એ આત્મામાં છે જ નહિ, પણ પર્યાયમાં છે કે નહિ? પણ દ્રવ્ય વસ્તુસ્વભાવમાં દ્રવ્ય અને ગુણમાં નથી. સમજાણું કાંઈ? નહિતર આ બધી વાતું એ બધી ખોટી

પડે.

ત્યાં જે કહ્યું છે કે જ્ઞાની પ્રકૃતિ સ્વભાવથી વિરામ પામેલો છે. એને એકત્વબુદ્ધિ છે નહિ. '(-**તેને પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી.**' મારું માનીને જે વેદે છે એ નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહાર તો ઉપચારનય...

ઉત્તર :- ઉપચારનય છે પણ ઉપચારનય છેને એક? નય છેને? એનો વિષય છે કે નહિ? ધર્મ છે કે નહિ? એમ છે. વ્યવહાર અભૂતાર્થ છે. ત્રિકાળની અપેક્ષાએ. એ ત્રિકાળની અપેક્ષાએ. એની અપેક્ષાએ ભૂતાર્થ છે. આહા..હા..! એવું છે. આ તો વધારે જ્યારે આ બહાર આવે ત્યારે વધારે બહાર આવેને? ચોખવટ થાય. એ એમ જ માની લે બસ, જ્ઞાનીને રાગ હોય નહિ અને રાગનું વેદન કરે એ મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિથી કરે છે.

ઉત્તર :- એને પણ ઇ તો રાગ હોય છે એ પર્યાયનો ધર્મ છે. દ્રવ્ય સ્વભાવનો ધર્મ નથી. એ પર્યાયનો સ્વભાવનો-પર્યાયનો ધર્મ છે ઇ. આહા..હા..! પર્યાય પણ એની છે કે કોકની? ઇ પર્યાયનો એ સ્વભાવ છે. રાગનું પરિણમવું અને રાગનું વેદવું એ પર્યાયનો સ્વભાવ છે. એક જ દ્રવ્યનો સ્વભાવ જોવે અને પર્યાય સ્વભાવ ન ગણે તો એકાંત થઈ જશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ભારે ... રાખવું.

કહે છે અહીં તો વિરક્ત છે. તો વેદક કદાપિ એમ છેને? '**जातुचित्**' છેને? '**जातुचित्**' કોઈ દિ' વેદક નથી એમ કહે છે. કોઈ કાળે વેદક નથી એમ કહે છે. '**जातुचित्**'નો એ અર્થ છે. કોઈ કાળે હોં. કદાપિ છેને? કોઈ કાળે પણ વેદક નથી. એ સ્વભાવમાં એકત્વ છે અને રાગથી પૃથક્ છે એ દૃષ્ટિએ તે રાગનો વેદક છે નહિ. પણ પર્યાયની દૃષ્ટિએ જોતાં, પર્યાયને જોતાં, પર્યાયથી જોતાં, પર્યાયનયે જોતાં એ રાગનો કર્તા અને ભોક્તા અને વેદક અને અશુદ્ધ અને ઉપાધિવાળું છે. એય..! ચેતનજી! હવે આટલા બધા ફેરફાર! આહા..હા..!

મુમુક્ષુ :- બેય ધારા હોય છેને કહે છે જ્ઞાન ધારા અને કર્મધારા.

ઉત્તર :- બેય છેને. કર્મધારા પણ જુદા, રાગ ધારા છેને. પણ ઇ એમ કહે કે બંધભાવમાં જાય ઇ. પણ બંધભાવ એનો પોતાનો પર્યાય છે કે કોકનો છે? ..પરને અનુસરતો નથી. પરમાણુ ચાર ગુણ ઓલામાં છે તો એને અનુસરે છે એટલે ચાર ગણો થયો વ્યવહાર થઈ ગયો અને પોતામાં ચિકાશ-લુખાશની યોગ્યતાથી પરિણમે છે તે નિશ્ચય થયો. એમ કર્મબંધનને અનુસરે છે. ... બોલતા ધર્મ છે પર્યાયનો યોગ્યતાવાળો એ તો. પર્યાયનો. પર્યાયનો એક ધર્મ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાની તો પ્રકૃતિસ્વભાવથી વિરામ પામેલો-વિરક્ત હોવાથી...**' છઠ્ઠે ગુણસ્થાને પણ જે

ભાવે આહારક શરીર બંધાય એ ભાવ રાગ છે. અહીં તો કહે કે એ રાગથી વિરક્ત છે. રાગ એનું કર્તવ્ય નથી અને રાગનું વેદક પણ નથી. ત્યાં પર્યાયનયમાં એમ કહે છે કે રાગ એનું કર્તવ્ય છે અને રાગ એનો ભોક્તા છે અને રાગ એનો ભાવ છે. ઉષ્ણતા જેમ પાણીની એમ. આહા..હા..! એવી વાત છે. એને જે જે અપેક્ષા હોય તે જાણવી જોઈએને. વાત વીતરાગ માર્ગ છે આ તો. કોઈનો કલ્પેલો છે? વસ્તુસ્થિતિ આવી છે, વસ્તુની મર્યાદા આવી છે.

તો કહે છે કે **'પરનો સ્વભાવ જાણતો હોવાથી-) કદાપિ વેદક નથી.'** **'इति एवं नियमं निरूप्य'** **'આવો નિયમ બરાબર વિચારીને...'** જુઓ, ઠીક! આવો નિયમ વિચારીને. નક્કી કરીને એમ. આવું નક્કી કરવું જોઈએ કે જ્ઞાની રાગનો વેદક નથી. નથી અહીં.

મુમુક્ષુ :- જ્ઞાનીને સ્વભાવ પણ નથી.

ઉત્તર :- સ્વભાવની વાત ચાલે છે? સ્વભાવ ગુણ-દ્રવ્ય ક્યાં છે એવો? પણ પર્યાયમાં વેદક અને કર્તા છે એ તો પર્યાયનો ધર્મ ક્ષણિક પર્યાયનો ધર્મ એવો છે. આહા..હા..! એ જો ન લક્ષણ લે તો એકાંત દ્રવ્ય થઈ જાય છે અને પર્યાય એની છે એ રહેતું નથી. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- ...સમજવું પડે.

ઉત્તર :- સમજવું પડે. આ એકાંત ખેંચ્યું હોય એને એમ લાગે કે આ હોય તો ઠીક. નયમાં બધું આવે છે. નયનું નથી? પુસ્તક છે કે નહિ? નયપ્રજ્ઞાપન. એય..! પંડિતજી! શું કહ્યું? નિર્ધાર તો કરવો. એક ખીલો બાંધો કહે. ખીલે જ બાંધ્યો છે આ. આહા..હા..! બે ખીલ્લા છેને--એક પર્યાયરૂપી અને એક દ્રવ્યરૂપી. બે છે. આહા..હા..!

આવો નિયમ બરાબર જાણીને. હવે આમાં ઓલા કહે કે જુઓ આવું નહિ. રાગને જ્ઞાની બિલકુલ કરે નહિ, કદી વેદે પણ નહિ. અજ્ઞાની રાગની એકતાથી કર્તા-ભોક્તા થાય છે. એટલું બતાવવું છે. સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! આહા..હા..! અરે..! આ ક્યાં આવા સમય .. હોય બાપુ! બેય ખીલ્લા છે. પર્યાયનયે પણ છે અને દ્રવ્યનયે પણ છે. પર્યાયદૃષ્ટિ નહિ. પર્યાયનયે જે એનામાં છે એને બરાબર જ્ઞાને જાણવું જોઈએ. આહા..હા..! અશુદ્ધતા છે પર્યાયમાં, મલિનતા છે એ તો પહેલા જ કીધું નહિ? બીજી ગાથામાં (ત્રીજા કળશમાં) ભાઈએ સ્પષ્ટ કર્યું અમૃતચંદ્રાચાર્યે. મારી પરિણતિ મેલી છે. આહા..હા..! કેમ મુનિ છોને. મુનિને તો અહીં ન હોય મલિનતા. સમકિતીને શુદ્ધ થયું એને મલિનતા... છે. પર્યાયમાં મલિનતા છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિ. ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્ય, ગણધરદેવ જેવી ટીકા. એ કહે કે અમને દ્રવ્યાર્થિકનયથી જુઓ તો હું તો શુદ્ધ ત્રિકાળ સ્વરૂપ છું, પણ પર્યાયથી જુઓ તો મોહ નામનો અનુભાગ વિપાકના નિમિત્તે જોડાતા મારો અનુભાવ્ય અનુભવવાને લાયક વિકાર છે. આહા..હા..! એ મલિન છે. એ ટીકા કરતા એ મારી પરમવિશુદ્ધિ થાઓ. મારા એ કાળમાં, મારા આત્મા તરફના જોરમાં વધતી જાય શુદ્ધતા, પરમ

શુદ્ધ થાઓ. આહા..હા..! તો એનો અર્થ કે પરમશુદ્ધ નથી. મલિનતા છે. આહા..હા..!

અનિયત એટલે અક્રમબદ્ધ (એમ લોકો કહે છે). લ્યો ત્યાં હવે .. ક્રમબદ્ધ-અક્રમબદ્ધ. અનિયત એટલે કે ઉષ્ણ સ્વભાવ જેમ પાણીનો અનિયત છે. કાયમ રહેનારો નથી. એમ આત્મામાં રાગ-દ્વેષ, વિકાર, પુણ્ય-પાપ, વાસના એ બધું અનિયત છે.

મુમુક્ષુ :- છે ખરું?

ઉત્તર :- છેને. છે. સમજાણું કાંઈ? ઠીક ઓલા સામા બધા પ્રશ્ન આવે તો વધારે સ્પષ્ટ થાય. કેમ પંડિતજી! આહા..હા..!

**'આવો નિયમ બરાબર વિચારીને...'** એમ છેને? 'इति एवं नियमं निरूप्य' એમ. 'निरूप्य' એટલે? વિચારીને નક્કી કર એમ કહ્યું. 'निपुणैः अज्ञानिता त्यज्यताम्' ઓહો..! **'નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો...'** આહા..હા..! લ્યો આદેશ કર્યો અહીં તો. ભાઈ! રાગની એકતાબુદ્ધિ છોડ. સ્વભાવની એકતાની દૃષ્ટિ કર. આહા..હા..! એ ઠેકાણે તો કહ્યું છેને પ્રવચનસારમાં આજે જ કર એમ કહ્યું છેને. વાત તને રુચિ હોય તો એના વાયદા ન હોય. આહા..હા..! જે વાત ગોઠી છે, ઠીક લાગી છે, રુચિ છે, પોસાણ છે તને. એ પોસાણનો તો આદર આજથી જ કર. આહા..હા..! ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એમાંથી આનંદ કાઢ આજેજ. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આવો નિયમ બરાબર વિચારીને-નક્કી કરીને...'** જુઓ, કહે છે કે અમૃતચંદ્રાચાર્યે આમ કહ્યું છે. રાગનો વેદક નથી, રાગનો કર્તા નથી એવો નિયમ બરાબર નક્કી કર. એ અમૃતચંદ્રાચાર્ય કહે છે કે મારામાં મલિનતા પરિણતિ છે અને ઇ કહે છે કે અનિયતભાવ છે મારામાં. હું જ પોતે રાગને અનુસરું છું. બંધને કારણે, ભાવબંધ નથી એમ નહિ નથી. આહા..હા..! ભાવબંધ છે મારી પર્યાયમાં. આહા..હા..! પર્યાયનયનો છે. એમ ન હોય તો (કહે શી રીતે?) **'નિપુણ પુરુષો અજ્ઞાનીપણાને છોડો...'** આહા..હા..! અરે..! ડાહ્યા પુરુષો! આહા..હા..! વિચિક્ષણ પુરુષો આ વસ્તુનું આવું સ્વરૂપ છે. એવું તને જાણવામાં આવે એ અજ્ઞાનપણું છોડ. આહા..હા..!

'शुद्ध-एक-आत्ममये महसि' **'શુદ્ધ-એક-આત્મામય તેજમાં...'** 'महसि' તેજ. આત્મમય તેજ. **'શુદ્ધ-એક-આત્મામય તેજ...'** ચૈતન્યના તેજમાં જા. આહા..હા..! ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર વહે છે. એ 'अचलितैः' **'નિશ્ચળ થઈને...'** 'ज्ञानिता आसेव्यताम्' **'જ્ઞાનીપણાને સેવો.** જ્ઞાનીપણાનો અનુભવ કરો એમ સેવો એટલે. આહા..હા..! દુનિયાનો અનુભવ છોડીને. કીધું હતું કાલે. છોડો એમ કીધું હતું? એટલે આમ વેદ એમ કહે. આ વેદક તું નથી એટલે કે આ વેદ. આહા..હા..! આનંદસ્વરૂપ ભગવાન આત્મા એને વેદ. આહા..હા..! ભાષા તો ઘણી ટૂંકી, પણ ભાવ મોટા લાંબા છે. આહા..હા..! અરે..! આવો ભગવાને કહ્યો એવો આત્મા અને ભગવાને કહી એવી એની પર્યાય. એને બરાબર રુચિથી હજી સાંભળી નથી. આહા..હા..! એમ ને એમ અદ્ધરને અદ્ધર બધી વાતું.

એમ કહે છે. આહા..હા..!

હે નિપુણ પુરુષો! જુઓ, આ બેને બરાબર જાણ. એ રાગનો કર્તા અને ભોક્તા આત્મા નહિ. આહા..હા..! આ દષ્ટાંત.. ત્યાં ખેંચી નાખે કે ત્યારે નહિ. રાગને કરે અને ભોગવે એ તો મિથ્યાદષ્ટિ છે. પણ ઇ તો પર્યાયનયે કર્તા-ભોક્તા, દ્રવ્યનયે કર્તા-ભોક્તા નથી. સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધમાં કહ્યું છેને એક નય એક ખેંચે આમ તો એકે છૂટું મૂકવું જોઈએ. મંથન કરેને. દોરી તો એક જ હોય. એકના બે છેડા છે ઇ તો. આ છેડો ખેંચ્યો તો ઓલો છૂટે મૂકે. નહિતર ઇ પણ ખેંચે અને ઇ પણ ખેંચે એમ બેય ખેંચે તો?

મુમુક્ષુ :- દોરી તુટી જાય.

ઉત્તર :- .. ઓલું લાકડું પડે એના ઉપરથી બધું ઢોળાઈ જાય. એમ જે નયે કીધું છે એને મુખ્ય રાખ. બીજી નય છે એને ગૌણ રાખ. અભાવ નહિ કર. આહા..હા..! આવી નવરાશ પણ માણસને ક્યાં? ઉપરટપકે હોય તો ધર્મ ભાઈ કરીએ. કલાક બે કલાક આવીએ ચાલો લ્યો. જુગલરાજજીભાઈ! ન થાય? આહા..હા..! ભાઈ! તારા માટેનો વખત તને ન મળે? અને કોકને માટેનો વખત જ્યાં તને મળે. હેરાન થવાને રસ્તે વખત મળે. આહા..હા..!

કહે છે કે તું નક્કી કર હોં. '**શુદ્ધ-એક-આત્મામય તેજમાં...**' આત્મમય તેજ એમ. 'अचलितैः' '**જ્ઞાનીપણાને સેવો.**' એટલે કે વિકારને સેવવું છોડી દે અને આત્માને સેવવો એમ. આહા..હા..! આત્માને અનુભવવો એમ કહે છે. અનાદિથી રાગને અનુભવે છો ઇ છોડી દે. આને અનુભવ. '**જ્ઞાનીપણાને સેવો.**'

---

## ગાથા-૩૧૭

**अज्ञानी वेदक एवेति नियम्यते-**

**ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।**
**गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति॥317॥**

**न मुञ्चति प्रकृतिमभव्यः सुष्ठ्वपि अधीत्य शास्त्राणि।**
**गुडदुग्धमपि पिबन्तो न पन्नगा निर्विषा भवन्ति॥317॥**

**यथात्र विषधरो विषभावं स्वयमेव न मुञ्चति, विषभावमोचनसमर्थसशर्करक्षीरपानाच्च न मुञ्चति; तथा किलाभव्यः प्रकृतिस्वभावं स्वयमेव न मुञ्चति, प्रकृतिस्वभावमोचनसमर्थ-द्रव्यश्रुतज्ञानाच्च न मुञ्चति, नित्यमेव भावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानाभावेनाज्ञानित्वात्। अतो नियम्यतेऽज्ञानी प्रकृतिस्वभावे**

स्थितत्वाद्वेदक एव।

હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે-એમ કહે છે) :

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. 317.**

ગાથાર્થ :- [सुष्ठु] સારી રીતે [शास्त्राणि] શાસ્ત્રો [अधीत्य अपि] ભણીને પણ [अभव्यः] અભવ્ય [प्रकृतिम्] પ્રકૃતિને (અર્થાત્ પ્રકૃતિના સ્વભાવને) [न मुञ्चति] છોડતો નથી, [गुडदुग्धम्] જેમ સાકરવાળું દૂધ [पिबन्तः अपि] પીતાં છતાં [पन्नगाः] સર્પો [निर्विषाः] નિર્વિષ [न भवन्ति] થતા નથી.

ટીકા :- જેમ આ જગતમાં સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી; કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે, અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).

ભાવાર્થ :- આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે. અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી; માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં જ્યાં સુધી જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.

---

## ગાથા-૩૧૮ ઉપર પ્રવચન

**'હવે, 'અજ્ઞાની વેદક જ છે' એવો નિયમ કરવામાં આવે છે (અર્થાત્ 'અજ્ઞાની ભોક્તા જ છે' એવો નિયમ છે-એમ કહે છે) :-'** લ્યો. અજ્ઞાની જ ભોક્તા છે અને ભોક્તા છે તે અજ્ઞાની છે એમ અહીં સિદ્ધ કરવું છે ભાઈ! ઠીક. ૩૧૭.

ण मुयदि पयडिमभव्वो सुट्ठु वि अज्झाइदूण सत्थाणि।
गुडदुद्धं पि पिबंता ण पण्णया णिव्विसा होंति॥317॥

આહા..હા..!

**સુરીતે ભણીને શાસ્ત્ર પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,**
**સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. 317.**

સુરીતે હોં. આહા..હા..! આહા..હા..!

'**ટીકા :- જેમ આ જગતમાં...**' આ જગતમાં. જગતને સિદ્ધ કર્યું. અસ્તિ છે. જગત અસ્તિ છે. '**સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી...**' સર્પનું ઝેર સર્પ પોતાની મેળે તો છોડતો નથી. આહા..હા..! કાચળી છોડે પણ ઝેર છોડે નહિ. એમ બાયડી, છોકરા આદિ, રાગાદિ છોડે પણ રાગનું ઝેર છોડે નહિ. સમજાણું કાંઈ? બહારનું તો જુઓ આ છોડ્યું.. આ છોડ્યું... દુકાન છોડી, બાયડી છોડી, છોકરા છોડ્યા, ધંધો છોડ્યો, આ છોડ્યું. શું છોડ્યું હવે સાંભળને. એ તો .. છૂટવાનું હોય તો છૂટી જ જાય. એ તો અમથી પણ છૂટી જશે ... આ તો ... આ રાગની અંદર એકતા ઝેરની જે સર્પનું ઝેર છે એ છોડવા જેવું ત્યાં તો છોડ્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્પ વિષભાવને પોતાની મેળે છોડતો નથી અને વિષભાવ છોડાવવાને (મટાડવાને) સમર્થ...**' ભાષા દેખો. '**એવા સાકરસહિત દૂધના પાનથી પણ છોડતો નથી,...**' એને સાકરસહિત દૂધ આપો તોપણ સર્પને ઝેર છૂટતું નથી. સમુકુ ઝેર વધશે ત્યાં. કહો, દ્રાક્ષસહિતનું દૂધ આપો. દ્રાક્ષનો રસ કરીને. એ લીંબડાને પાવને દ્રાક્ષનું પાણી. શું કહેવાય ઇ? .. ખામણો. મોટું ખામણું કરી અને અધમણનું-મણની દ્રાક્ષ. મીઠી દ્રાક્ષ લ્યો અને સાકર અને દૂધ. ત્રણે ભેગું કરીને નાખો લીંબડે નીચે. લીંબોળીમાં આવશે જરી મીઠાશ? એમ કહે છે કે આવા સર્પને સાકરના દૂધ પાવ. એમ કહે આ તો અભવિને કીધું છે. પણ આ અભવિનો તો દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'**દૂધના પાનથી પણ છોડતો નથી, તેમ ખરેખર અભવ્ય...**' આહા..હા..! '**પ્રકૃતિસ્વભાવને પોતાની મેળે છોડતો નથી...**' સ્વભાવને. '**અને પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના...**' જુઓ, શું કીધું? કે જૈનના સિદ્ધાંતો જે શાસ્ત્રો છે એ તો ઝેર છોડાવાની વાત કરે છે. એ પુણ્ય-પાપ બેય ભાવ ઝેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં, સંતોની વાણીમાં ઇ આવે કે ઝેર છોડ. એ પુણ્ય-પાપના ભાવને છોડ. આહા..હા..! અને અમૃતનો સાગર ભગવાન આત્મા ત્યાં જા. એમ ભગવાનની વાણીમાં તો આ આવે છે. મુનિઓની વાણીમાં આ આવે છે. સમકિતીની વાણીમાં આ શાસ્ત્રનું આ કથન આવે છે. આહા..હા..!

કહે છે '**પ્રકૃતિસ્વભાવ છોડાવવાને સમર્થ એવા દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ...**' આહા..હા..! દ્રવ્યશ્રુત સાંભળ્યા, એને જાણ્યું. એમ કહે છે. '**सुष्ठु**' એમ કીધુંને? સારી રીતે શાસ્ત્રો ભણીને. એમ.

જેમતેમ કુતર્કથી અને અવળા એની વાત પણ ન લીધી અહીં. આહા..હા..! શાસ્ત્રને ભણ્યો, ગોખ્યા, ધાર્યા ઇ શાસ્ત્રને એ કહેવું છે કે પુણ્ય અને પાપના ઝેરને છોડ. **'દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ છોડતો નથી;...'** કહે છે કે અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રોનું જ્ઞાન એકકોર રાખો. એ તો તદ્દન ખોટું. સમજાણું કાંઈ? ભગવાન સર્વજ્ઞ સિવાય એને અનુસરીને કહેનારા સમકિતી કે મુનિઓ સિવાય જેટલા બીજા શાસ્ત્ર છે એની તો વાત કરતા નથી અહીંયાં. એ તો બધા ઝેરના નિમિત્ત છે. આહા..હા..! ઝેરને અનુભવવામાં નિમિત્ત છે એ તો. આહા..હા..!

આ વીતરાગની વાણી એવી છે કે જે પુણ્ય-પાપનું ઝેર છે એને છોડાવે છે. આહા..હા..! એવું સાંભળ્યું, એવું જાણ્યું, એવું ધાર્યું. વાત છેલ્લી કરેને. આહા..હા..! કહો, ચેતનજી! શુદ્ધનયનો પક્ષ કરો. ઇ કહે છે. આહા..હા..! ગજબ વાત! સંતોની વાતમાં. જેમ એ સર્પના ઝેરને સાકરવાળા દૂધ પીતા પણ સર્પ ઝેરને ન છોડે. એવા મીઠા મહેરામણ વીતરાગના વચનો 'વચનામૃત વીતરાગના પરમ શાંત રસમૂળ' એવા બતાવનારા એનું એણે સાંભળ્યું, એને એણે જાણ્યું, એને... શું જાણીને લખ્યું છેને? **'દ્રવ્યશ્રુતના જ્ઞાનથી પણ...'** જ્ઞાન કર્યું છે. આહા..હા..! **'सुष्ठु वि'** જાણીને એમ કહ્યું હતુંને એમાં? એટલે પછી બીજા શાસ્ત્રમાં નહિ પણ ભગવાનના અને સર્વજ્ઞોના કહેલા શાસ્ત્રો એમ. એને જાણ્યા, એને સાંભળ્યા, એનું જ્ઞાન કર્યું. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પડખું નથી ફેરવ્યું. ભગવાન પડખું ફેરવવાની વાત કરે છે. આહા..હા..! અહીં પર્યાયબુદ્ધિમાં બેઠો પડ્યો હતો. અહીં જ્યાં દ્રવ્યબુદ્ધિમાં એમ ઇ કહેવા માગે છે. એવું એણે જાણ્યું, સાંભળ્યું, ધાર્યું. આહા..હા..! એવા જ્ઞાનથી પણ છોડતો નથી. આહા..હા..!

**'કારણ કે તેને સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે,...'** અભવી. એમ મિથ્યાદૃષ્ટિ. એ તો દૃષ્ટાંત આપ્યો છે. આહા..હા..! **'સદાય, ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ...'** ભાષા દેખો, **'ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાન...'** એ શુદ્ધાત્મજ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ. આહા..હા..! એ દ્રવ્યશ્રુતનું તો જ્ઞાન કર્યું, પણ ભાવશ્રુત જ્ઞાન એવું જે શુદ્ધાત્મજ્ઞાન. આહા..હા..! એના **'અભાવને લીધે, અજ્ઞાનીપણું છે.'** સમજાણું કાંઈ? પ્રમાણ કરજે. એમ કીધું છેને? અનુભવથી પ્રમાણ કરજે પાછું ધારણા એમ નહિ. ઓહો..હો..! જોરદાર છેને. પાંચમી ગાથામાં નથી કહ્યું? પ્રમાણ કરજે, ભાઈ! તારા જ્ઞાનમાં સત્યતા લાવજે. આહા..હા..! કારણ કે કહેવાના આશયમાં આ કહેવું છે. એ આશય જો ન લીધો તો એ દ્રવ્યશ્રુતથી પણ ભાવશ્રુત થતું નથી. આહા..હા..! **'ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાન...'** એમ. એ શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે. અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. આહા..હા..! વીતરાગના શાસ્ત્રને ભણ્યો એમ કહે છે. અજ્ઞાનીના શાસ્ત્રમાં તો બધું ઝેર ભર્યું છે.

મુમુક્ષુ :- અભવિની વાત છેને.

ઉત્તર :- આ મિથ્યાદૃષ્ટિની વાત છે. અભવિનો તો દાખલો છે. આહા..હા..!

મુમુક્ષુ :- એ તો અભવિનું ઉદાહરણ.

ઉત્તર :- એ તો દાખલો છેને. માથે કહ્યું છે. ... એ તો ભાવાર્થમાં ખુલાસો કર્યો છેને ભાઈએ. અભવિનું ઉદાહરણ લીધું. એ તો બંધના અધિકારમાં કહ્યું અભવિએ આમ પાળ્યું... આમ પાળ્યું... આમ પાળ્યું... પણ એથી કાંઈ એને ધર્મ થયો નહિ. એમ અભવિ પણ આવી રીતે પાળે બહારના પંચ મહાવ્રત સમિતિ, ગુપ્તિ બરાબર. એ કાંઈ ધર્મનું કારણ અને ધર્મ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા પણ કહે કે ભાઈ અહીં મરવા પણ નવરા નથી. તમે બધી વાતું કરો પણ. એટલા કામ માથે બોજા. મંગળભાઈને કહ્યું હશે. .. ભાઈ. ઉજમશી. .. મંગળભાઈ. પછી પૈસા થયા. તે દિ' તો .. અહીં આવતા. કીધું આ તમે કાંઈ શાસ્ત્ર-બાસ્ત્ર વાંચો છો? મહારાજ! આવી ઉપાધિમાં તમે હો તો (તમને) ખબર પડે. ઓય મારે ભારે કરી! ભારે પાવર ચડી ગયો. પછી તો ખુબ ઠપકાર્યા. પણ સાંભળે હોં બિચારા. સાંભળ્યું... શું કહો છો આ તમે? કોને કહો છો? ક્યાં આવી શું કહો છો? આટલો બધો પાવર ચડી ગયો છે! તે દિ' તો ૬૦ લાખ રૂપિયા. અત્યારે તો ૮-૧૦ કરોડ. હોય .. આહા..હા..! મંગળભાઈ ગયા, એનો દીકરો ગયો, એનો જમાઈ પણ ગયો. તમારા સાકરચંદભાઈનો દીકરો. બધાય ગયા. મંગળભાઈને નહિ ઓળખ્યા? શાંતિલાલ. શાંતિલાલ એ. બે જુદા પડી ગયા. આહા..હા..! અહીં કહે છે કે ભાઈ! એ દ્રવ્યશ્રુતના જ્ઞાનથી તું.. પાછી ભાષા એવી કરીને કે .. બરાબર છે એમ જાણ્યું. પણ તે પડખું ન ફેરવ્યું. ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપે થવું જોઈએ. આહા..હા..! અરે..! જુઓ આ વીતરાગમાર્ગ. અહીં તો બહારની ક્રિયાકાંડમાં રોકાય, અમે કાંઈક કરીએ છીએ અને આગળ વધશું. આહા..હા..!

મુમુક્ષુ :- એકલો લાગી જાય ક્રિયાકાંડમાં.

ઉત્તર :- .. છે ત્યાં ક્યાં? આ તો જ્ઞાનસ્વરૂપ એકલો પ્રભુ ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મા એનું જ્ઞાન એમ કહ્યુંને? આહા..હા..!

**'ભાવશ્રુતજ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના) અભાવને લીધે,...'** આહા..હા..! મિથ્યાદૃષ્ટિ નવ પૂર્વ અને અગિયાર અંગને જાણે. એમાં વાત તો બધી આવી જાય. દ્રવ્યદૃષ્ટિની વાત નથી આવતી એમાં? નિશ્ચયનયની, શુદ્ધનયની, દ્રવ્યદૃષ્ટિની. આહા..હા..! અભેદની, સામાન્યની એકતાની બધી આવી ને સાંભળી. એ ભાવશ્રુત જ્ઞાન પ્રગટ કર્યા વિના શુદ્ધાત્મજ્ઞાન હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તેને **'અજ્ઞાનીપણું છે. આથી એવો નિયમ કરવામાં આવે છે...'** મુનિઓ એમ કહે છે આ તો. આથી એમ નિશ્ચય કરવામાં આવે છે **'(અર્થાત્ એવો નિયમ ઠરે છે) કે અજ્ઞાની પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી...'** એ તો રાગના ભાવમાં સ્થિત છે. એથી **'વેદક જ છે (-કર્મનો ભોક્તા જ છે).'** આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! રાગમાં સ્થિત છે ઇ. **'પ્રકૃતિસ્વભાવમાં સ્થિત હોવાથી વેદક જ છે...'** એકાંત વેદક

છે એમ. રાગનો હોં. શાસ્ત્રને કાંઈક જાણ્યા, બોલતા આવડ્યું, કહેતા આવડ્યું જગત પાસે એટલે એમ થઈ જાય કે હવે આપણે કાંઈક છીએ. બાપુ! જ્યાં છો ત્યાં ને ત્યાં જ છો. સાંભળ્યું, જાણ્યું, ધાર્યું તોપણ. ઘાંચીનો બળદ ત્યાં ને ત્યાં છે. આખો દિ' ફરે તો જાણે કે કેટલા ગાઉ ફર્યો. આમ ઉઘાડે આંખ ઓલા પ઼ાટા બાંધ્યા હોયને.. આમ ઉઘાડે ત્યાં એ ખૂણો એ ઘાસનો ઢગલો ઓય મારા આ તો ઇનું એ છે. ચાલ્યા હતા તો ઘણું સવારથી સાંજ સુધી. ઓહો..! મુનિની કરૂણાથી આ વાણી આવી છે. ભાઈ! તું કોણ છો? ક્યાં તું છો? ક્યાં જવું જોઈએ? અને ક્યાં અટક્યો છો? આહા..હા..! એમ આ છોડ એમ ઓલો કહે છે લ્યો. આહા..હા..!

**'ભાવાર્થ :- આ ગાથામાં, અજ્ઞાની કર્મના ફળનો ભોક્તા જ છે-એવો નિયમ કહ્યો.'** આમાંથી હજી પાછું એમ લઈ જાય કે જે કોઈ રાગને ભોગવે છે એ દુ:ખ છે એમ માને તો એ અજ્ઞાની છે, એમ નહિ. એકત્વબુદ્ધિએ રાગને ભોગવે એની વાત છે આ. આહા..હા..! અરે..! આવી વાતું કહે. જે શાસ્ત્રને જે રીતે કહ્યું હતું નય. એ રીતે નયનું કહ્યું એ રીતે પણ હજી જ્ઞાન સરખું નથી. એની તો અહીંયાં વાત કરતા જ નથી એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? **'એવો નિયમ કહ્યો. અહીં અભવ્યનું ઉદાહરણ યુક્ત છે.'** છેને? એ તો દાખલો આપ્યો છે. **'અભવ્યનો એવો સ્વયમેવ સ્વભાવ છે...'** એનો પોતાથી જ એવો સ્વભાવ છે **'કે દ્રવ્યશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો મળવા છતાં...'** મુનિઓ ભાવશ્રુતજ્ઞાની મળે. આહા..હા..! કેવળી તો ન મળે. મુનિઓ મળે. આહા..હા..!

એ **'દ્રવ્યયશ્રુતનું જ્ઞાન આદિ બાહ્ય કારણો...'** વ્યવહારની શ્રદ્ધામાં ચડી જાય અને એમાંથી માને કે અમે કાંઈક બીજાથી ફેર છેને અમારે? બીજાથી ફેર છેને? અવળે રસ્તે છે. આહા..હા..! **'અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે,...'** આહા..હા..! બાહ્ય કારણો તો ઘણા મળ્યા કહે છે. સમવસરણની જેવી તો ઋદ્ધિ ભવ્યને મળી. ભવિને. અભવિને ભલે ન હોય. આ તો દાખલો છેને. ભવિને સમવસરણ જેવી ઋદ્ધિ અનંતવાર. આહા..હા..! સાક્ષાત્ ત્રણ લોકના નાથ તીર્થંકરની હાજરી, સભા જોઈ, ઇન્દ્રો જોયા, મુનિઓ જોયા, લાખો મુનિ, ચક્રવર્તી મુનિ થાય, દીકરાઓ મુનિ થાય. એવું જોયું. આહા..હા..! પણ શુદ્ધાત્મજ્ઞાનનું ભાવશ્રુતજ્ઞાન એણે કર્યું નહિ. પોતાનું જે જ્ઞાન કરવું જોઈએ એ ન કર્યું. કહો, સમજાણું?

**'અભવ્ય જીવ, શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે,...'** .. શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે. આ ફલાણું નથી કર્યું અને આ કર્યું એમ નહિ અહીંયાં. કર્યું છે બધું આચરણ ઘણું અનંતુ કર્યું. છ-છ મહિનાના અપવાસ. આહા..હા..! જ્ઞાનના અભાવને લીધે એમ કહ્યુંને? **'શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવને લીધે, કર્મના ઉદયને ભોગવવાનો સ્વભાવ બદલતો નથી;...'** એ રાગનો, દ્વેષનો, વિકલ્પનો વિષય વાસનાનો એ બધો કર્મનો ભોગવટો એને છોડતો નથી. બદલતો નથી. આહા..હા..! **'માટે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે...'** આ ઉદાહરણ-દાખલાથી સ્પષ્ટ થાય

છે **'કે શાસ્ત્રોનું જ્ઞાન વગેરે હોવા છતાં...'** શાસ્ત્રનું જ્ઞાન, શાસ્ત્રની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા વગેરે. આહા..હા..! ઓલા તો કહે .. દીક્ષા લે એટલે. એય..! ચેતનજી! દ્રવ્ય સમકિતનો આરોપ. .. કરાવેને? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં જાય? કોને આરોપવો આ વાત પણ સાચી ન મળે સાંભળવાને. આહા..હા..! સત્યને પહોંચી વળવાની વાત કઈ છે? કેવી છે? આવું શાસ્ત્રજ્ઞાન એવું આચરણ અનંતુ આકરું. ચામડા ઉતરડીને ખાર છાંટે ક્રોધ ન કરે. એવો જેનો શુક્લલેશ્યાનો ભાવ, શાસ્ત્રનું જ્ઞાન, બાપુ! ત્યાં અટક્યો છો તું. આહા..હા..! શુદ્ધાત્મા ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ, આનંદના સ્વભાવથી ભરેલો સરોવર સાગર છે એ તો. આહા..હા..! એનો સ્પર્શ ન કર્યો. કહો, સમજાણું કાંઈ?

**'જીવને શુદ્ધ આત્માનું જ્ઞાન નથી...'** આહા..હા..! **'અર્થાત્ અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.'** લ્યો, નિયમથી વિકારનો ભોક્તા છે. દૃષ્ટિમાં મિથ્યાત્વ છે. પરલક્ષી જ્ઞાન થયું પણ એમાં વેદન એકલું રાગને વેદવું અને રાગનું જ વેદન છે. આહા..હા..! ઇ જ્ઞાનના સ્વભાવનું વેદન નથી. રાગનું વેદન છે એ તો. આહા..હા..! એવો માર્ગ તે માણસને એકાંત લાગી જાય ઘણાને. પણ વ્યવહાર સાધન કહ્યું છેને? પંચાસ્તિકાયમાં સુખે-સુખે તરે એય..! પંડિતજીએ લખ્યું છે. .. ગુજરાતી તો બહાર આવ્યું ઇ એને લઈને આવ્યુંને? ક્યાં હતું બે હજાર વર્ષમાં? સુખે-સુખે તરે છે વ્યવહારથી. પણ એ તો સમ્યક્ ભેદજ્ઞાન છે. એને આવો વિકલ્પનો ભાવ શાસ્ત્રાદિનો છે. બોલ આવ્યા છેને એમાં બાર? આ શ્રદ્ધવાયોગ્ય છે, આ .. છે, આ શ્રદ્ધા છે, ચાર-ચાર બોલ આવ્યા છે. શ્રદ્ધાના ચાર, જ્ઞાનના ચાર, ચારિત્રના ચાર, આચારના ચાર બાર બોલ આવ્યા છે. આહા..હા..! એવું ત્યાં પ્રથમ ભૂમિકામાં પૂર્ણ ન હોય ત્યાં સુધી જ્ઞાનીને પણ હોય છે એટલું બતાવવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એનું વેદન સ્વભાવની દૃષ્ટિએ નથી, પણ પર્યાયની દૃષ્ટિએ પર્યાયથી હોય તો એ વેદન છે. એ વિકલ્પનું વેદન મને છે. આહા..હા..! ન હોય તો એકલો આનંદનો અનુભવ હોય વીતરાગપણે આમ પણ કહ્યું નથી પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં? જે અંશે સમ્યગ્દર્શન તે અંશે અબંધ. એની સાથે જેટલે અંશે રાગ તે અંશે બંધ છે જુઓ.

**येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।**
**येनांशेन तु रागस्तेनांशेनास्य बन्धनं भवति।।२१२।।**

(પુરુષાર્થસિદ્ધિ ઉપાય)

એના અંશે સમકિત જેટલે અંશે રાગ એટલો બંધ. એ તો જ્ઞાનીની વાત કરી. બંધ છે ભાવ એટલું વેદક છે પણ પર્યાયમાં. આવે છેને પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં? બહુ દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. આહા..હા..! સ્પષ્ટ વાત સૂર્ય જેવી. આત્માનું હિત કેમ થાય અને કેમ અહિત કરી રહ્યો છે એની સ્પષ્ટ વ્યાખ્યા. કહો, સમજાણું કાંઈ? **'અજ્ઞાનીપણું છે ત્યાં સુધી તે નિયમથી ભોક્તા જ છે.'** આહા..હા..!

## ગાથા-૩૧૮

ज्ञानी त्ववेदक एवेति नियम्यते-

णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।
महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ॥318॥
निर्वेदसमापन्नो ज्ञानी कर्मफलं विजानाति।
मधुरं कटुकं बहुविधमवेदकस्तेन स भवति॥318॥

ज्ञानी तु निरस्तभेदभावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानसद्भावेन परतोऽत्यन्तविरक्तत्वात् प्रकृतिस्वभावं स्वयमेव मुञ्चति, ततोऽमधुरं मधुरं वा कर्मफलमुदितं ज्ञातृत्वात् केवलमेव जानाति, न पुनर्ज्ञाने सति परद्रव्यस्याहंतयाऽनुभवितुमयोग्यत्वाद्वेदयते। अतो ज्ञानी प्रकृतिस्वभावविरक्तत्वादवेदक एव।

હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે :

નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,
-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! 318.

ગાથાર્થ :- [निर्वेदसमापन्नः] નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો) [ज्ञानी] જ્ઞાની [मधुरम् कटुकम्] મીઠા-કડવા [बहुविधम्] બહુવિધ [कर्मफलम्] કર્મફળને [विजानाति] જાણે છે [तेन] તેથી [सः] તે [अवेदकः भवति] અવેદક છે.

ટીકા :- જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્‌ભાવને લીધે, પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને) સ્વયમેવ છોડે છે તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે, પરંતુ જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-) પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી (તે કર્મફળને) વેદતો નથી. માટે, જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.

ભાવાર્થ :- જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ, અને પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ. આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને (કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે-સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ, વ્યવહારથી ભોક્તા કહેવાય. પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી; માટે જ્ઞાની અભોક્તા જ છે.

## ગાથા-૩૧૮ ઉપર પ્રવચન

**'હવે જ્ઞાની તો કર્મફળનો અવેદક જ છે-એવો નિયમ કરવામાં આવે છે :-'** જોયું? .. એવો નિયમ કરવામાં આવે છે. નિયમ શબ્દ ઘણીવાર આવ્યો અંદર. આહા..હા..! આ નિયમ સાચો કે પછી ઓલો નિયમ સાચો? એ બેય અપેક્ષાએ સાચા છે એમ સમજને મારા! આહા..હા..!

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ॥318॥**

.. એમ કહે છે.

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! 318.**

આ સંવેદ અને નિર્વેદ. છે ખરું. ઇ જાણે. અશાતાના આવે છેને લીંબડા જેવો રસ. હળાહળ જેવો રસ. અમુક રસ ન હોય. અને મીઠાશમાં અમૃત જેવો રસ. એવો રસ. છતાં અહીં તો કહે છે કે કર્મના ફળને ભોગતો નથી. એ તો આનંદસ્વરૂપ એનું ફળ આનંદ એને ભોગવે છે. આહા..હા..! 'તેથી અવેદક છે. અહો..!'

એનો ગાથાર્થ. **'નિર્વેદપ્રાપ્ત (વૈરાગ્યને પામેલો)...'** આહા..હા..! આખી વિકલ્પથી માંડીને બધી ચીજથી જ્યાં ઉદાસ... ઉદાસ... જ્ઞાની એટલે ધર્મી **'મીઠા-કડવા બહુવિધ કર્મફળને...'** મીઠા-કડવા. આહા..હા..! મીઠાશનો પણ ભેદ છે અને કડવાનો પણ ભેદ છે. ચાર-ચાર ભેદ છે શાસ્ત્રમાં. એ **'કર્મફળને જાણે છે તેથી તે અવેદક છે.'** અનુભવનાર નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૫, શુક્રવાર, તા.૨૦-૦૭-૧૯૭૩
## ગાથા-૩૧૮, કળશ-૧૯૮ પ્રવચન-૪૪૪

૩૧૮. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર.

**णिव्वेयसमावण्णो णाणी कम्मप्फलं वियाणेदि।**
**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होइ॥318॥**

**નિર્વેદને પામેલ જ્ઞાની કર્મફળને જાણતો,**
**-કડવા મધુર બહુવિધને, તેથી અવેદક છે અહો! 318.**

'**ટીકા :- જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મ...**' શું કહ્યું જોયું? જેમાંથી ભેદ દૂર થયા છે. રાગનું કરવું કે રાગનું વેદવું એ ભેદ દૂર થયા છે. સ્વભાવની વાત છેને અત્યારે. અને નયનિક્ષેપ અને નવ તત્ત્વથી જે જાણવાનું થાય એ ભેદ પણ જેમાંથી દૂર થઈ ગયા છે. સમજાણું કાંઈ? '**એવું ભાવશ્રુતજ્ઞાન...**' એમ લીધું છેને? ઇ ભાવશ્રુતજ્ઞાન જે સ્વભાવ સન્મુખ થઈને આત્માને જાણે છે, વેદે છે એવું જે ભાવશ્રુતજ્ઞાન. '**जिणिता**' આવે છેને ભાઈ! ૩૧ ગાથા. એમાંથી વિચાર આવ્યા. એ આ ભાવ ઇન્દ્રિય છે એ તો પરનો વિષય કરે અને એની એ પર્યાયને જ્યારે અહીં વાળવી હોય તો તો એ પર્યાય તો હોય નહિ. નહિતર તો પર્યાય છે એ પણ ક્ષયોપશમભાવનો છેને પર્યાય? આહા..હા..! એક-એક ઇન્દ્રિય ખંડ-ખંડ ઇન્દ્રિય ખંડ-ખંડ જ્ઞાનને જણાવે, એના તરફનું વલણ છોડીને. અહીં ભેદ કીધો છેને? આહા..હા..! એ જે જ્ઞાનનો પર્યાય ખંડ-ખંડપણે જાણે એને દૂર કરીને.

'**ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે...**' એટલે ઇન્દ્રિયથી જે જ્ઞાન થાય. ભાવ ઇન્દ્રિય જડ નિમિત્ત છે. સામે વસ્તુ શબ્દાદિ, ભગવાનની વાણી ભગવાન. પણ તેના તરફનું જે જ્ઞાન છે એ તો ખંડ-ખંડ જ્ઞાન છે. સમજાણું કાંઈ? એમાં ખંડ-ખંડ જ્ઞાનથી દૂર વર્તતું. આહા..હા..! '**જ્ઞાની તો જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...**' એ પર્યાય થઈ. '**જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાન...**' ૪૪માં કહ્યુંને? ૧૪૪માં. કે એના શાસ્ત્રથી એને જ્ઞાનસ્વભાવ છે એમ નક્કી કરવું, પણ પછી મતિ અને શ્રુતજ્ઞાન જે પરતરફના વલણવાળું કામ કરે છે. આહા..હા..! એને મર્યાદામાં લાવવું. ભેદ તરફથી ખસી જવું એમ કહે છે. ઝીણી વાત છે. આ સ્વભાવની દૃષ્ટિની વાત છેને અત્યારે? જ્ઞાન જે થયું સાથે એ જાણે કે આમાં મારામાં રાગનું પરિણમન છે અને રાગનું વેદન છે. એ પર્યાયનયથી જાણે. પણ દ્રવ્યનયના સ્વભાવમાં એ ભેદ છે જ નહિ. રાગનું કરવું અને રાગનું વેદવું એવો ભેદ નથી

તેમ ભાવ ઇન્દ્રિયથી જે પર જણાતા અને ભગવાનની વાણી આદિ ભગવાન જણાતા એ પણ ભેદ છે. આહા..હા..! એવો ભેદ પણ જ્યાં ભાવશ્રુતજ્ઞાન અંતરમાં વળે છે ત્યાં ઇ ભેદ દૂર થઈ જાય છે. ભગવાનજીભાઈ! ઝીણું છે બહુ. આજ તો અડધો કલાક બહુ વિચાર આવ્યા. દોઢ વાગેથી. અંદર વળી તે ચાલ્યું. ... ચાલતું હતું મંથન. કે આ વસ્તુ છે અને આ પર્યાય છે ઇ પર્યાય અંદરમાં વાળવી શી રીતે? ઇ પર્યાય છે એ તો બાહ્ય ગઈ છે. એ વાત થઈ ગઈ છે પહેલી. હવે અંદર વાળવી કઈ પર્યાય? હવે પર્યાય હજી છે નહિ અને વાળવી શું? એ અંદરમાં આત્મામાં ભેદનો ભાવ દૂર થઈને જે ભાવશ્રુતજ્ઞાન જે પર્યાય છે એ શુદ્ધાત્મ જ્ઞાન છે. એ જ્ઞાનની પર્યાય શુદ્ધાત્મ તરફ વળેલી એટલે શુદ્ધાત્માનું એ જ્ઞાન છે. એ પર્યાયમાં પર્યાય થઈ અને પર્યાય વળી બધું એક જ છે. જેઠાભાઈ!

મુમુક્ષુ :- પર્યાય થઈ એનું વલણ...

ઉત્તર :- એ બધું .. પણ એ ક્યાં થઈ હતી? હજી થઈ નથીને. એ અંદર આમ ગયું એટલે ભેદ દૂર કરીને ગયું એ જ પર્યાય દ્રવ્યથી થઈ અને એ પર્યાય ત્યાં વળી. આહા..હા..! ઝીણી વાતું બહુ પણ ઓહો..હો..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નવતત્ત્વથી લીધુંને '**भूदत्थम**' અરે..! અહીંયાં છઠ્ઠેથી લ્યોને છઠ્ઠેથી. છઠ્ઠી ગાથા. જે પર્યાય પરતરફનું કામ કરે છે એ પર્યાય દ્રવ્યની સેવા કરે ત્યારે એને શુદ્ધ છે એવું ભાન થાય. ત્રિકાળી શુદ્ધ છે એવું હોં. આ વસ્તુ. ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે એમ ક્યારે ભાન થાય? કે જે પર્યાય દ્રવ્યની સેવા કરે. દ્રવ્ય તરફની એકાગ્રતા થાય. આમ તો બધી પર્યાયરહિત જ્ઞાયકભાવ છે એમ કીધું છે. સમજાણું કાંઈ? કે જે પર્યાય હું જ્ઞાયક છું, (હું) પર્યાય નહિ એવો જે પર્યાય. આહા..હા..! અંતરમાં વળેલો એને શુદ્ધ છે એમ અનુભવ થતાં એને દ્રવ્ય શુદ્ધ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! કહો, મહેન્દ્રભાઈ! બહુ આવું ઝીણું છે બહુ. ઓહો..હો..! એની પર્યાયમાં કિંમત ક્યારે આવી? અંદર વળી ત્યારે કિંમત થઈ એ વળી અને પ્રગટી. આહા..હા..! સમજાણું કાંઈ? જરી ઝીણું છે થોડું. બહુ વિચાર આવ્યા છે એમાંથી થોડું છે આ. ૧૪૪માં ૧૩, ૬, ૩૧, ૩૬ અને ૩૭ બધા એક સાથે આવતું હતું બધું. '**अहं एक्को**' આવે છેને? ... હું તો શુદ્ધ ઉપયોગ છું. ક્યારે? કે પરતરફની પર્યાયમાં વલણને છૂટી ગઈ છે. આહા..હા..! અને અંતર ભગવાન શુદ્ધાત્મા છે એનું જે જ્ઞાન તે ભાવશ્રુતજ્ઞાન છે. આહા..હા..!

મુમુક્ષુ :- અંદર વિષય બનાવે ત્યારે થાય.

ઉત્તર :- ત્યારે થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવો વિષય છેને.

કહે છે કે અંદરમાં '**ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...**' એટલે કે શુદ્ધાત્મજ્ઞાન. એમ આવ્યુંને? '**ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાન...**' એ ભાવશ્રુતજ્ઞાન થયું. આહા..હા..! તેના '**સદ્ભાવને લીધે,...**' ૪૪માં એમ લીધુંને ૧૪૪? મતિ અને શ્રુત આમ વળેલી

છે એને મર્યાદામાં લાવવી. આરે..! મર્યાદામાં કઈ પર્યાયને લાવવી? આહા..હા..! ગંભીર વિષય, તત્ત્વનો વિષય ઘણો ગંભીર છે. સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ અંદર. સૂક્ષ્મ બુદ્ધિ થાય તો તે પકડવામાં આવે. એવી વાત છે. પ્રરૂપણા શાસ્ત્રના જાણપણાથી કાંઈ પકડવામાં આવે નહિ. કારણ કે એ પણ ભેદ છે. આહા..હા..!

ભેદ જેમાંથી દૂર. જેમાંથી એટલે? ભાવશ્રુતજ્ઞાનમાંથી. ભાવશ્રુતજ્ઞાન એટલે? શુદ્ધાત્માનું જ્ઞાન. પણ જુઓને એ શબ્દ છેને? **'જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે એવા શુદ્ધાત્મજ્ઞાન...'** એમ. એ પાછું જ્ઞાન તો શુદ્ધાત્માનું જ્ઞાન લેવું છે અહીં. શુદ્ધાત્મા એકલો નહિ. સમજાણું કાંઈ? જુઓને ટીકા તે ટીકા છેને. આહા..હા..! હિન્દુસ્તાનમાં આ ટીકા અમૃતસાગર અમૃતચંદ્રાચાર્યે સત્યને ઉછાળ્યો છે. ભગવાન તો પૂર્ણાનંદ છોને. તારી પર્યાય વર્તમાન પર તરફ જાય છે એ તો અનાદિથી છે. હવે એને એ તો ૩૨માં પણ કહ્યુંને? ૩૨ ગાથામાં. મોહના ઉદયને અનુસારે જે આમ થાય છે એને પાછો વાળીને. આહા..હા..! આમ .. જાય છે એને આમ દ્રવ્ય ઉપર લાવે છે આમ. કે જે ઓલો ભાવ-ભાવ... આહા..હા..! બહુ શરત. વસ્તુસ્થિતિ આવી છે. એવું એના ખ્યાલમાં પ્રથમ તો આ રીત એને આવવી જોઈએ. એ રીત આવ્યા વિના એને આત્માનો પત્તો ખાય નહિ. બીજી લાખ વાત જાણી હોય અને ભણ્યો હોય. સમજાણું કાંઈ?

૬માં, ૧૩માં, નવ તત્ત્વનું કીધું છેને? નયનિક્ષેપનું જ્ઞાન એ બધું પરલક્ષી છે. એ પર્યાયનું પરલક્ષી છે અને જ્યારે ભેદ દૂર થઈને ભાવશ્રુતજ્ઞાનરૂપ શુદ્ધાત્માનું જ્ઞાન એમાં તો એકલું અભેદનું જ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ એનું સ્વરૂપ જ છે આ. આ રીત જ એની છે આત્માની. આથી બીજી રીતે કોઈ કહે તો વસ્તુસ્થિતિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! કહો, ચેતનજી! આહા..હા..! ચેતનને તો ચેતનની જ વાત હોયને. આહા..હા..! ભગવાન જુઓને ઇ ભાવશ્રુતજ્ઞાન ભેદ દૂર થયા છે. એમાંથી ભારે લીધી છે વાત. એ વિચારમાં ત્યારે નહોતો હોં એ વખતે. ત્યારે તો બીજા વિચાર ચાલતા હતા. પણ અહીં જ્યાં આવ્યું તો ઇ જ આવ્યું પાછું. વિચારમાં તો ૬, ૧૩મી, ૧૪૪, ૩૧, ૩૬, ૩૭, ૩૨ ઇ બધી. આખું .. ચાલતું હતું અંદર. છતાં અહીં નીકળ્યું લ્યો. આ વાંચ્યું નહોતું ઇ વખતે.

ધર્મી તો એમ શબ્દ લીધો પહેલેથી. જ્ઞાની એટલે ધર્મી તો. **'જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...'** આહા..હા..! જે જ્ઞાનની પર્યાય દ્રવ્યને પકડી, પકડી. આહા..હા..! એનું નામ ભાવશ્રુત જ્ઞાન અને એનું નામ શુદ્ધાત્મજ્ઞાન. છેને? **'ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે...'** ઓહો..હો..! **'એવા શુદ્ધાત્મજ્ઞાન...'** એમ પાછું. શુદ્ધાત્મજ્ઞાન. ભાવશ્રુતજ્ઞાન તે શુદ્ધાત્મજ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..! અમૃત રેડ્યા છે હોં. એની એને ખબર પણ નથી અને એમ માની લીધું કે અમને સમજાઈ ગયું. સમજવાની દશા અલૌકિક છે. સમજાણું કાંઈ? મોહનભાઈ આવ્યા છે? ઠીક. આ

તો ઝીણું પડે કહ્યું, બહુ ઝીણું પડે.

મુમુક્ષુ :- ...સમજવા જેવું છેને.

ઉત્તર :- આવે છેને. કાયમ આવે છે. આ જ સમજવા જેવું છે. બાકી તો બધું ધુળધાણી છે. આહા..હા..! અને આ વાત તો ભારે અલૌકિક વાતું છે. એ ક્યાંય મળે એવી નથી. આહા..હા..! કહે છે.

મુમુક્ષુ :- પ્રયોજનભૂત...

ઉત્તર :- આ પ્રયોજનભૂત જ આ વસ્તુ છે. મૂળ વસ્તુ જ આ છે. આહા..હા..! ૬ જુઓ, ૧૩મી જુઓ, ૧૪૪ જુઓ, ૩૧-૩૨ જુઓ, ૩૬-૩૭ જુઓ. ઓહો..હો..! જેણે જે દશાએ ભાવશ્રુતજ્ઞાને શુદ્ધાત્મને જ્યાં પકડ્યો ... એનું નામ ભાવ શુદ્ધાત્મજ્ઞાન, એનું નામ ભાવશ્રુતજ્ઞાન. આહા..હા..! સમજાણું કાંઈ? નવરંગભાઈ! લ્યો નવરંગભાઈ બરાબર આવ્યા છેને ટાણે આહા..હા..! પ્રભુ! તારા તરફ વળેલી પર્યાયને ભાવશ્રુતજ્ઞાન કહે છે. અને એ ભાવશ્રુતજ્ઞાન એ શુદ્ધાત્મજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો ગજબની છે. આહા..હા..! એ દ્રવ્યનો સ્વભાવ જ્યાં માહાત્મ્યમાં અંદર મહિમા આવ્યો એ પર્યાય જ ત્યાં ગઈ છે એમ કહે છે. માહાત્મ્ય થયું એ પર્યાય ત્યાં ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં ગઈ છે એટલે શુદ્ધાત્માનું જ્ઞાન થયું એમ. જે જ્ઞાનની પર્યાય શુદ્ધાત્મામાં ગઈ એ શુદ્ધાત્મજ્ઞાન એ ભાવશ્રુતજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? લ્યો, પ્રવિણભાઈ આવ્યા છે. આહા..હા..!

ધર્મી તો **'જેમાંથી ભેદ દૂર થયા છે એવું ભાવશ્રુતજ્ઞાન...'** આહા..હા..! પરલક્ષીના ભેદજ્ઞાનના ભાવો બધા ભેદજ્ઞાન હોં. ભેદ એટલે પરથી જુદું પડવું એ નહિ. જ્ઞાનના ભેદો અંદર. એવા ભેદ જેમાં દૂર થયા છે. સ્વભાવની વાત કરવી છેને અહીં તો. જેમાં રાગ અને રાગનું વેદન ભેદ છે એ પણ દૂર થઈ થઈ ગયા છે. એમ અહીં કહેવું છે. સમજાણું કાંઈ? જ્ઞાની-ધર્મી તો **'જેમાંથી...'** એટલે ભાવશ્રુતજ્ઞાનમાંથી **'ભેદ દૂર થયા છે...'** આહા..હા..!

મુમુક્ષુ :- થયા છે એટલું.

ઉત્તર :- થયા છે. કરે ઇ થયા છે ઇ જ કર્યું છે. કર્તા છેને પરિણમનમાં. ભેદ કરતા નથી. પણ કર્તા છેને ઇ. ભેદ દૂર થવું એ પણ કર્તાપણું છે. આહા..હા..! રાગનું અને રાગ કરવું અને વેદવું એનું અકર્તા અને અભોક્તા, પણ પોતાનું ભાવશ્રુતજ્ઞાન જે શુદ્ધાત્મજ્ઞાન એનું પરિણમન અને વેદન એ એનું પોતાનું છે. એ કર્તા થઈને એ પરિણમે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એવા શુદ્ધાત્મજ્ઞાનના...'** પાછું એ ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે. કોનું? ઓલું શુદ્ધાત્મજ્ઞાન. શુદ્ધાત્માનું જ્ઞાન એ ભાવશ્રુતજ્ઞાન એનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? શું કીધું ઇ? શુદ્ધાત્મજ્ઞાન કહો કે ભાવશ્રુતજ્ઞાન કહો. એમ.

મુમુક્ષુ :- જ્ઞાનસ્વરૂપ

ઉત્તર :- એક જ છે એ. ભાવશ્રુતજ્ઞાન જેમાંથી ભેદ દૂર થયા. કહ્યું? હવે એ ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે. કોનું? શુદ્ધાત્મજ્ઞાનનું. શુદ્ધાત્માનું નહિ શુદ્ધાત્માના જ્ઞાનનું. આહા..હા..! કેટલું ભર્યું છે આમાં જુઓને. આહા..હા..! ઓહો..હો..!

ધર્મી તો. ધર્મીએ તો એ કર્યું છે કહે છે કે જેમાં ભેદ દૂર થયા એવું ભાવશ્રુતજ્ઞાન અને એ ભાવશ્રુતજ્ઞાન એટલે શુદ્ધાત્માનું જ્ઞાન એ ભાવશ્રુતજ્ઞાન જેનું સ્વરૂપ છે. શુદ્ધાત્માનું જે જ્ઞાન છે એ ભાવશ્રુતજ્ઞાન એનું સ્વરૂપ છે. આહા..હા..! ભારે! આહા..હા..! ત્રણ લોકનો નાથ અંદર છે, આનંદનો સાગર છે કહે છે. એવી અભેદદૃષ્ટિ થતાં, ભાવશ્રુતજ્ઞાન એ શુદ્ધાત્મજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરનું શાસ્ત્રજ્ઞાન અને પરનું ભેદવાળું જ્ઞાન પરલક્ષી એ નહિ. આહા..હા..! કહો, મહેન્દ્રભાઈ! આ તો સમયસાર છે. એ કાંઈ... એક સાધુ હતો સ્થાનકવાસીનો. ભગવતી ૨૦વાર વાંચ્યું. ભગવતીસૂત્ર આમાં છેને? ... છેને. એમાં કાંઈ માલ ન મળે. ૨૦ વાર વાંચ્યું. ૧૭વાર તો મેં વાંચ્યું. ૨૦ વાર વાંચ્યું પછી છેલ્લે બોલે કે હે ભગવતીમાતા! તારો પાર નથી. પણ એ તો બધું સમજવા જેવું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો આ વાત છે. આહા..હા..! એના મહિમાનો શું પાર? એના કથનની પાછળ વાચ્ય શું છે? એ વાચ્યનો અનુભવ થવો જોઈએ. સમજાણું કાંઈ?

**'એવા શુદ્ધાત્મજ્ઞાનના (-શુદ્ધ આત્માના જ્ઞાનના-) સદ્ભાવને લીધે,...'** એની નિર્મળ પર્યાય ભાવશ્રુતજ્ઞાનરૂપ શુદ્ધાત્મજ્ઞાનરૂપ એની હયાતીને લીધે. જ્ઞાનીને આની પર્યાયની હયાતીને લીધે. આહા..હા..! સમજાણું કાંઈ? **'પરથી અત્યંત વિરક્ત હોવાથી...'** લ્યો, રાગથી, ભેદથી, પરતરફના વલણવાળા જ્ઞાનથી. આહા..હા..! **'પરથી અત્યંત વિરક્ત હોવાથી પ્રકૃતિસ્વભાવને (-કર્મના ઉદયના સ્વભાવને)...'** એટલે કે રાગ અને દ્વેષને, પુણ્ય-પાપના ભાવને **'સ્વયમેવ છોડે છે...'** છોડે છે એટલે એમાં આવતો નથી. આહા..હા..! પુણ્ય-પાપમાં એ આવતો જ નથી. આહા..હા..! એટલે છૂટો, છોડે છે એને. આહા..હા..! આ વાત લઈને પાછી એમ જ માને કે ધર્મી તો એને કહીએ જેને રાગનું વેદન નથી અને આ રાગ કષાય અગ્નિ જેવો દેખાય જેને વેદનમાં એ અજ્ઞાની છે. એમ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા છેને. પણ આ તો વસ્તુમાં છે કે નહિ અંદર? .. અહીં કર્યો. આહા..હા..! વ્યવહારથી ભોક્તા કહેવાય એમ કહ્યું. કહેવાય એટલે? આની અપેક્ષાએ હોં. પર્યાયની અપેક્ષાએ ભોક્તા છે. પર્યાય અપેક્ષાએ કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ સ્વભાવની દૃષ્ટિએ જ્યાં સ્વભાવની ત્યાં ચાલે છે. સ્વભાવનું જ્યાં ચલણ ચાલે છે. આહા..હા..!

**'સ્વયમેવ છોડે છે...'** આહા..હા..! **'તેથી ઉદયમાં આવેલા અમધુર કે મધુર કર્મફળને...'**

શાતાવેદનીયનું ફળ હોય સુખ કલ્પનામાં. ઓલું હોય અશાતાનું. '**જ્ઞાતાપણાને લીધે...**' જુઓ, છે તો ખરું હોં હજી. આહા..હા..! અહીં '**જ્ઞાતાપણાને લીધે કેવળ જાણે જ છે,...**' અહીં વજન છે. '**કેવળ જાણે જ છે,...**' એને કરે છે કે ભોગવે છે એમ નહિ. અત્યારે તો એ અપેક્ષા ચાલે છેને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છે એવું?

ઉત્તર :- છે જ નહિ તો .. વળી જાણે છે એમ ક્યાંથી આવ્યું? છે એને જાણે છેને? રાગાદિ છે, દુ:ખાદિ છે એ રાગ દુ:ખ છે. આહા..હા..! એમ એ જાણે છે.

'**કેવળ જાણે જ છે,...**' એટલે? એને કરતો અને ભોક્તો નથી, પણ કેવળ જાણે છે એમ. એમ કહેવું છે. સમજાણું કાંઈ? આ દૃષ્ટિએ હોં. પાછું કોઈ એમ કહે કે આ રાગ તો અમને દુ:ખ લાગે છે. માટે મિથ્યાદૃષ્ટિ છે એ. એમ નથી. સમજાણું કાંઈ? એ પર્યાયમાં રાગ થાય, એને આકુળતાનું ભોગવવું હોય છે. દુ:ખ લાગે છે. આહા..હા..! પણ અહીં તો સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ એટલે સ્વભાવનું જ જ્યાં પરિણમન અને વેદન છે ત્યાં એને કેવળ જાણે જ છે. આહા..હા..! આવું છે. આહા..હા..! '**કેવળ જાણે જ છે,...**' એમ લીધું છેને? એટલે એમ કે એ તો જાણનારો જ છે. વેદનારો અને કરનારો બિલકુલ નથી. કઈ દૃષ્ટિએ? સ્વભાવની દૃષ્ટિ, સ્વભાવની દૃષ્ટિએ જો તો એ કર્તા-ભોક્તા નથી. સમજાણું કાંઈ? પણ એની પર્યાયમાં જો પર્યાયનયથી તો સાધકને રાગનું કરવું પરિણમન છે અને રાગનું વેદન છે. નવરંગભાઈ! લ્યો, આહા..હા..! અરે..! એની તે લીલા. આનંદનો નાથ પ્રભુ એની લીલા તો આનંદની જ હોય કહે છે. એને દુ:ખમાં નહિ. એ દુ:ખને તો કેવળ જાણે એમ કહ્યું જુઓને. જાણે કહો. જાણેલો પ્રયોજનવાન છે એ વ્યવહાર..એ ત્યાં લખ્યું. ... આવી પુર્વાપર વિરોધરહિત વાણી અલૌકિક વાણી છે. દિગંબર સંતોની બધાની વાણી એકસરખી. સમજાણું કાંઈ? એવી વાત બીજે ક્યાંય નથી. જ્યાં હોય ત્યાંથી આવી વાણી ત્યાં હોય, બીજે ક્યાં હોય?

ભાવશ્રુતજ્ઞાનમાં એ રાગ અને રાગનું વેદન કેવળ જાણે છે. વ્યવહારરત્નત્રયના પરિણામને કરતો નથી અને વ્યવહારરત્નત્રયના પરિણામને વેદતો પણ નથી. એમ છે. કેવળ જાણે છે. સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય હોં. આહા..હા..! એનો પણ ભેદ દૂર કરીને ભાવશ્રુતજ્ઞાન શુદ્ધાત્મજ્ઞાન થયું. એથી તે જ્ઞાનમાં ભેદ પડે છે ખરો ત્યાં પર્યાયમાં, પણ એને કેવળ જાણે છે. એ જાણવાની ભૂમિકામાં પડ્યો છે એમ કહે છે. રાગમાં પરિણમનમાં અને વેદનમાં એ નથી. સ્વભાવની દૃષ્ટિવંત. સમજાણું કાંઈ? કથા ઝીણી આવી બહુ. આફ્રિકામાં તો કાંઈ આવું મળે એવું નથી ત્યાં. નહિ? આહા..હા..! અરેરે..! આવા વીતરાગના માર્ગનો દુકાળ છે. ત્યાં લોકોએ દુકાળ કરી નાખ્યો છે. એવો માર્ગ તે પ્રભુ આત્મા શુદ્ધાત્મા એનું જ્ઞાન એટલે ભાવશ્રુતજ્ઞાન એટલે દ્રવ્ય તરફનું વળેલું જ્ઞાન. એ તો વળેલું જ્ઞાન રાગાદિમાં વળેલું નથી. એથી તે રાગને જાણે અને દેખે છે.

આહા..હા..! ભાવમાં એને કાંઈ ખ્યાલ આવે તો એની મહિમા આવે.

**'પરંતુ જ્ઞાન હોતાં (-જ્ઞાન હોય ત્યારે-)...'** ભાવશ્રુતજ્ઞાનનું એટલે શુદ્ધાત્મજ્ઞાનનું હયાતીપણું હોય ત્યારે. છેને? **'પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** ઠીક? બરાબર છે. એ રાગાદિને મારી ચીજ છે એમ અનુભવવાને માટે અયોગ્ય છે. આહા..હા..! **'પરંતુ જ્ઞાન હોતાં...'** એટલે કે ભાવશ્રુતજ્ઞાન, શુદ્ધાત્મનું જ્ઞાન હોતાં, **'પરદ્રવ્યને 'હું'પણે...'** રાગાદિને હુંપણે **'અનુભવવાની અયોગ્યતા...'** છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને બીજી બાજું પાછું કહે કે ગણધર જેવા પણ મુનિને છઠ્ઠે ગુણસ્થાને જે પંચ મહાવ્રતના પરિણામ ઉઠે છે ઇ એનું પરિણમન છે એની પર્યાયનું. અને એનું વેદન છે દુઃખનું. એમ પર્યાયનયે બરાબર જાણવું જોઈએ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ચૈતન્ય જ્યાં હીરલો આનંદકંદનો જ્યાં હાથ આવ્યો કહે છે. એવા જ્ઞાનની હયાતીમાં. આહા..હા..! જે જ્ઞાને સ્વને જ્ઞેય બનાવ્યું છે. એવું જે શુદ્ધાત્મજ્ઞાન એ જ્ઞાનની હયાતીમાં રાગને હુંપણે કરવું, વેદવું અશક્ય છે. આહા..હા..!

**'પરદ્રવ્યને 'હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** આહા..હા..! એ વિકારને કરવું અને ભોગવવું એને માટે શુદ્ધાત્મજ્ઞાન લાયક જ નથી કહે છે. સમજાણું કાંઈ? એ ભાવશ્રુતજ્ઞાન એટલે કે શુદ્ધાત્મજ્ઞાન એ રાગને કરે અને ભોગવવાને માટે લાયક જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** લ્યો, ઓલા ૩૭૨માં આવે છેને અયોગ્ય છે. આહા..હા..! અયોગ્ય છે. ત્યાં એમ કહ્યું છે. પોતાની પર્યાય કરવાને લાયક છે ત્યાં એમ સિદ્ધ કરવું છે. ૩૭૨. આહા..હા..! દરિયો ભર્યો છે આખો. કહો, આ સોનગઢને ખેતરને પાદર. ક્યાંનું ક્યાં થયું! ઓલો ફોટો આવ્યો હતો કોક નહિ બહેનનો આજે. ઓમ કરવા આવ્યું હતું. હતું? શાંતિભાઈ. ..વાળા એનો હતો? એનો ફોટો હતો.

**''હું'પણે અનુભવવાની અયોગ્યતા હોવાથી...'** આ કારણે વેદતો નથી કહે છે. આહા..હા..! આર્ય માણસને પરસ્ત્રી મારી છે એમ કરીને ભોગવવાની અલાયકતતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભગવાન આત્મા રાગ તે પર છે, વ્યભિચાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞેય વિકારી શુદ્ધ ભગવાન પરમાનંદ પ્રભુ એનું જ્ઞાનની હયાતીમાં આવા સ્વરૂપનું પૂર્ણ ચૈતન્યદળ એના જ્ઞાનની હયાતીમાં આવું જ્યાં જ્ઞાન વર્તે ત્યાં રાગનું કરવું અને ભોગવવું તે અલાયકપણે જ્ઞાન છે સમજવાની લાયકાત છે જ નહિ. લ્યો. આહા..હા..!

**'(તે કર્મફળને) વેદતો નથી.'** સમજાણું કાંઈ? **'જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી...'** આ અપેક્ષાએ હોં. રાગ અને દ્વેષ એ પ્રકૃતિ સ્વભાવ છે. ચૈતન્ય પ્રકૃતિ સ્વભાવ એનો એ નહિ. **'પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી...'** આહા..હા..! **'અવેદક જ છે.'** પાછું **'અવેદક જ છે.'** અવેદક એટલું નહિ, પણ **'અવેદક જ છે.'** વળી પાછું...

મુમુક્ષુ :- જે અપેક્ષાએ કહે એ એમ જ હોયને.

ઉત્તર :- જે અપેક્ષાએ કહે તે અપેક્ષાએ એમ બરાબર જ છે. જે અપેક્ષા ન હોય તો ગોટો બીજો નાખે તો આ વસ્તુ સિદ્ધ નહિ થાય. એવી વસ્તુ છે. એના અનેક ધર્મો છે. એના અનેક ધર્મો છે. સ્વભાવનું જાણવું, કરવું અને વેદવું એક ધર્મ છે અને વિભાવનું કરવું અને વેદવું એ પણ એનો એક ધર્મ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વાત છે. આહા..હા..! એને જાણી-જાણીને .. પણ શું કરવું કેવી રીતે છે એ વાતને જાણી નહિ. આહા..હા..! આ જાણે તો બધું જાણ્યું કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રથમને જાણવો?

ઉત્તર :- ઇ જ જાણવાની વાત છે. બીજી છે કઈ? આહા..હા..! કીધુંને ઓલા પરતરફના નય-નિક્ષેપ નવ તત્ત્વ, પ્રમાણ એ બધા પરલક્ષી ભેદવાળું જ્ઞાન છે. આહા..હા..! હો પહેલી શરૂઆત. પણ પહેલું એનો અર્થ ઇ નથી કે એનાથી આ આત્મા પકડાય. એમ નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઇ પર્યાય. પર્યાયનું જ્ઞાન કરાવવું હોય ત્યારે એને વિકારી છે એમ કહેવાય. વસ્તુના જ્ઞાનની અપેક્ષાએ વિકારને એ અડતો જ નથી. મારે ભારે વાત! પર્યાયનું બરાબર કરાવવું હોય તો વિકાર એની દશામાં છે. એને એ કરે અને વેદે છે. કરવું-કરવા લાયક છે એમ નહિ. પણ પરિણમે છે. પર્યાય. ...

**'જ્ઞાની પ્રકૃતિસ્વભાવથી વિરક્ત હોવાથી અવેદક જ છે.'** સ્વભાવ જ્યાં ચૈતન્યમૂર્તિનો ભગવાન આનંદસ્વરૂપ એવી જ્યાં દૃષ્ટિ ભાવશ્રુતજ્ઞાન વડે આત્મજ્ઞાન થયું. એ આત્મજ્ઞાન પોતે આત્માને વેદે કે આત્માનું જ્ઞાન રાગ અને પરને વેદે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! જેનું જેણે જ્ઞાન કર્યું એને વેદે કે એનાથી વિરૂદ્ધભાવને વેદે? એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે!

**ભાવાર્થ.** ભાવાર્થ બહુ ઠીક ભર્યો છે. **'જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...'** જુઓ, જોયું? એ ખુલાસો. **'જે જેનાથી વિરક્ત હોય તે તેને સ્વવશે તો ભોગવે નહિ,...'** અને ૪૭ નયમાં એમ લીધું કે ઈશ્વરનયે પરાધીનપણે પોતે ભોગવે એવો એનો એ ધર્મ છે. એય..! ઈશ્વરનય અને અનિશ્વરનય આવ્યું હતુંને? ઈશ્વરનયે પરાધીનપણું ધાયમાતા પાસે બાળકને ધવરાવેને? એ પરાધીન છે. એમ એવો એક ધર્મ જ છે પર્યાયનો. પર્યાયનો હોં. દ્રવ્ય-ગુણનો નહિ. દ્રવ્ય-ગુણનો નહિ એ વાત અહીં ચાલે છે. જે પર્યાયનો ધર્મ છે એ જ્ઞાનમાં જાણવા માટે એ પર્યાયનો ધર્મ છે એમ જણાવે છે. આહા..હા..! એ ઈશ્વર ધર્મ છે. પોતે પોતાથી રાગ કરીને આધીન થઈ જાય છે. કોઈ કર્મ આધીન કરાવે છે માટે રાગ થાય છે અને કર્મને આધીન થઈને રાગને વેદવું પડે છે એમ નથી.

**'પરવશે ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.'** છેને? આહા..હા..! રાગનું વેદનને

કરું, પરવશમાં પોતે જાય છે જ્યારે ત્યારે થાય એનું અહીંયાં પરમાર્થે (ભોક્તા) કહેવાય નહિ. આહા..હા..! **'પરમાર્થે ભોક્તા કહેવાય નહિ.'** આહા..હા..! તો આમ ને આમ વાંચી જઈએ. એક જણો કહે પંદર દિ'માં વાંચી ગયો સમયસાર લ્યો. હવે નવ તત્ત્વની વાત જ છેને કહે એમાં બીજું શું છે? હવે આ તો નવ નહિ પણ એકની જ છે લેને. આમાંથી કાઢે જુઓ આમાં કર્તા-ભોક્તા જીવ છે અને અહીં ના પાડે છે. એ ભૂલ રહી ગઈ સર્વવિશુદ્ધમાં. ભાઈ! ભૂલને ભાંગવાની રીત છે આ તો. એ થાય છે, પણ એ આદરણીય નથી દષ્ટિમાં. સમજાય છે કાંઈ? આહા..હા..! શ્રેણિક રાજા જેવા લ્યો માથુ ફોડ્યું ક્ષાયિક સમકિત. આત્મજ્ઞાન નથી? ભાવશ્રુતજ્ઞાન એવું શુદ્ધાત્મજ્ઞાન નથી? ભીંત સાથે માથુ પછાડીને મરી ગયા.

મુમુક્ષુ :- દિગંબરમાં તો એમ આવે છે કે હીરો ચુસીને મર્યા.

ઉત્તર :- ઈ શ્વેતાંબરમાં એમ આવે છે. આમાં આવે છે માથું પછાડીને. નહિ? એમ આવે છે. એમ આવે છે. પણ એ હીરો ચુસીને મર્યા એ તો છે જ નહિ. એવો પ્રકૃતિનો કોઈ ભાવ આવ્યો. હતા ક્ષાયિક સમકિત છે. શુદ્ધાત્મજ્ઞાનની હયાતી છે. નવરંગભાઈ! આહા..હા..! અંશે અંશનો એના અસ્તિત્વમાં હોય એ જ્ઞાન બધું જાણે છે. જ્ઞાન તો યથાર્થ જાણે કે નહિ? જેમ હોય એમ જાણે કે બીજી રીતે જાણે? અને જ્ઞાનનો તો સ્વપર એને જાણવાનો સ્વભાવ છે સવિકલ્પ. દષ્ટિનો સ્વભાવ તો નિર્વિકલ્પ છે. એનો વિષય પણ નિર્વિકલ્પ છે. સમજાણું કાંઈ? ભગવાન આત્માનો સ્વભાવ જ અભેદ નિર્વિકલ્પ છે. આહા..હા..! હવે આમાં વાદ અને વિવાદ કરે વખત જાય એનો. આહા..હા..!

લ્યો શ્રેણિક રાજાની વાત કરી ... રામચંદ્રજી લ્યો. સીતાજીને આમ ડુંગરે-ડુંગરે ગોતે. ઝાડને પૂછે. એક તો સમકિતી હતા, સાધર્મી હતા અને આમ પત્ની તરીકે. આહા..હા..! આમ સીતા તેને રાગનો વિકલ્પ એ વેદન છે કે નહિ? પર્યાયનું વેદન છે. પર્યાયદષ્ટિ છે. પણ વસ્તુદષ્ટિ શુદ્ધાત્મ જ્ઞાનની હયાતીમાં જ્યાં જ્ઞાન આનું થયું, એની જ્ઞાનની હયાતીમાં રાગને પરમાર્થે કરતો અને ભોક્તો નથી. કહો, સમજાણું કાંઈ?

**'આ ન્યાયે જ્ઞાની-કે જે પ્રકૃતિસ્વભાવને (કર્મના ઉદયને) પોતાનો નહિ જાણતો હોવાથી...'** આ અપેક્ષા પાછી. રાગ છે એ પોતાનો સ્વભાવ નથી. પોતાનો સ્વભાવ તો શુદ્ધ ચૈતન્યઘન, આનંદઘન ત્રિકાળ છે. આહા..હા..! આત્મા એટલે શું લોકોને ખ્યાલ નથી. આત્મા એ સાધારણ લ્યો દયા પાળી એ આત્મા, બોલે એ આત્મા અને ચાલે એ ત્રસ અને સ્થિર રહે સ્થાવર. પરમાણુ ચાલે છે આ બધા. ચાલતા નથી? એક તો વળી એ જીવ છે અંદર. (કોઈ કહે) તો અમથા પરમાણુ નથી સ્કંધ આમ દેખાય.

મુમુક્ષુ :- આ ઘડિયાળ ચાલે છે.

ઉત્તર :- આ ઘડિયાળ ચાલતી નથી? ઇ વળી કહેતો હતો ભાવનગરમાં. ઘડિયાળ ચાલે છે તે જીવ છે. શાંતિભાઈનો સાળો. મંગળભાઈનો દીકરો શાંતિલાલને. .. એનો સાળો હતો સ્થાનકવાસી.

ત્યાં એક ફેરી પહેલા ગયા હતાને જ્યારે ત્યારે કહેતા હતા. આ પણ જીવ છે કહે. .. જીવ છે આ અમારે મીલ ચાલે છેને આમ... આમ... આમ... ... છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. તો નાળિયેર વધારે

ઉત્તર :- વધેરશેને એ તો વળી. પહેલું આવ્યું હતું આ જ્યારે રેલ ..માં નાળિયેર વધારે લ્યો. પહેલી રેલ આવીને? નીકળી જ્યારે. આણે ધૂપ દીધો હતો ધૂપ. આહા..હા..! રેલી આવી જુઓને. એ તો હજી નીચે ચાલે અને ઓલું વિમાન જુઓ તો ઉપર ક્યાંય ... છેટે. આહા..હા..! વધારે હશે કોકનું. ઓલા કહે વધારે નહિ? શાંતિભાઈ. શાંતિભાઈ કેટલું જાય ઉંચુ? કેટલા ફુટ?

મુમુક્ષુ :- ૩૧ હજાર ફુટ.

ઉત્તર :- ૩૧ હજાર ફુટ?

મુમુક્ષુ :- મોટું..

ઉત્તર :- માઈલ કેટલા થયા ઇ?

મુમુક્ષુ :- ચાર-પાંચ માઈલ.

ઉત્તર :- ચાર-પાંચ માઈલ. એ જીવ નથી. હવે પણ એવા તો અનંતા રજકણો અદ્ધર ચાલે છે. આહા..હા..! આ જુઓ તલકચાંદડું નથી આવતું? .. એમાં જુઓ તો કેટલા રજકણો અને સ્કંધ આવે ને જાય. કોઈ નથી .. હવા પણ નથી. હવા ન હોય, અમથું બારણા બંધ હોય તોપણ ઇ તલકચાંદડું. તલકચાંદડુ સમજ્યા? ભગવાનજીભાઈ! તલકચાંદડુ સમજાય છે? નહિ.

મુમુક્ષુ :- ગામડામાં રહેનારે તો

ઉત્તર :- ગામડામાં તો ઇ શબ્દ ચાલે છે. ઓરડામાં કે મકાનમાં માથે જરી નળિયું .. હોય તો એનો જે પ્રકાશ પડે આટલો એને તડકાનું ... નળિયાનું જરી ... એનો પ્રકાશ એટલો આવે જરી આમ. તલકચાંદડા જેવો. તડકો. .. ગામડામાં. ત્યાં તો મકાન પાક્કા હોય ત્યાં તલકચાંદડા ક્યાંથી આવે?

અહીં તો કહે છે **'પોતાનો નહિ જાણતો હોવાથી તેનાથી વિરક્ત છે તે-સ્વયમેવ તો પ્રકૃતિસ્વભાવને ભોગવતો નથી, અને ઉદયની બળજોરીથી પરવશ થયો થકો...'** હવે આવ્યું. સમકિતી હોં. **'પોતાની નિર્બળતાથી ભોગવે તો તેને પરમાર્થે ભોક્તા કહેવાય નહિ,...'** સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ પોતાપણું એમાં માનતો નથી. તેથી તેને ભોક્તા કહેવાય નહિ. આમ વાત છે. આહા..હા..! ઝીણું તો છે. વીતરાગ થઈ ગયો છે? **'વ્યવહારથી ભોક્તા કહેવાય.'** પર્યાયનયથી ભોક્તા કહેવાય. પર્યાયનય એ વ્યવહાર છે. આહા..હા..!

મુમુક્ષુ :- અશુદ્ધ નિશ્ચયનયથી પર્યાય

ઉત્તર :- એ તો પર્યાય થઈને પોતાની. પર્યાયથી ભોક્તા કહેવાય.

**'પરંતુ વ્યવહારનો તો અહીં શુદ્ધનયના કથનમાં અધિકાર નથી;...'** લ્યો, અહીં તો

શુદ્ધનયનું કથન છેને? શુદ્ધાત્મ જ્ઞાનનું કથન છેને? એમાં એ વ્યવહારનો અધિકાર નથી. **'માટે જ્ઞાની અભોક્તા જ છે.'** આ અપેક્ષાએ. બીજી પર્યાયની અપેક્ષા રાખીને આ અપેક્ષાએ ભોક્તા નથી. સમજાણું કાંઈ? હવે આવું સમજવામાં કઠણ પડે ઇ કરતા કરવા માંડે નહિ ધર્મ. શી રીતે પણ થાતો હશે? કરનારો ધર્મનો કેવો છે? ધર્મ પર્યાય છે હવે એનો કરનારો દ્રવ્ય આત્મા કેવો છે? કેમ છે? એને જાણ્યા વિના ધર્મ શી રીતે થાતો હશે?

મુમુક્ષુ :- આગળ તો થાતો હતો.

ઉત્તર :- આગળ માનતા હતા. થાતો હતો ક્યાં? એય..! લાલજીભાઈ! આ બધા શેઠિયાઓ બધા માનતા હતા ત્યાં કલકત્તાને. ત્યાં તો મોઢા આગળ કહેવાયને. પૈસાવાળા અન◌ વળી કાઠિયાવાડી માણસ. ... માણસ .. શેઠિયા ઠરાવે. આહા..હા..! **'માટે જ્ઞાની અભોક્તા જ છે.'**

---

## કળશ-૧૯૮

(वसन्ततिलका)

ज्ञानी करोति न न वेदयते च कर्म
जानाति केवलमयं किल तत्स्वभावम्।
जानन्परं करणवेदनयोरभावा-
च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव।।१९८।।

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :-** [ज्ञानी कर्म न करोति च न वेदयते] **જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી,** [तत्स्वभावम् अयं किल केवलम् जानाति] **કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે.** [परं जानन्] **એમ કેવળ જાણતો થકો** [करण-वेदनयोः अभावात्] **કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે** [शुद्ध-स्वभाव-नियतः सः हि मुक्तः एव] **શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.**

**ભાવાર્થ :- જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે. કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે? જ્યાં સુધી નિર્બળતા રહે ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે; ક્રમે ક્રમે સબળતા વધારીને છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ. 198.**

---

## કળશ-૧૯૮ ઉપર પ્રવચન

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** લ્યો. ૧૯૮.

**(वसन्ततिलका)**

**ज्ञानी करोति न न वेदयते च कर्म**
**जानाति केवलमयं किल तत्स्वभावम्।**
**जानन्परं करणवेदनयोरभावा-**
**च्छुद्धस्वभावनियतः स हि मुक्त एव॥१९८॥**

લ્યો. દૃષ્ટિ થઈ દ્રવ્ય મુક્તસ્વરૂપ છે તો આ કહે કે મુક્ત છે. અને દૃષ્ટિમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી ગયો પર્યાયમાં એટલો પણ પર્યાયમાં પણ મુક્તિ આવી છે. આહા..હા..! સમજાણું? દ્રવ્ય તો મુક્ત છે. એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ એટલે દૃષ્ટિમાં મુક્તપણાનો પર્યાય તો અંશે આવ્યો છે. એ ચોથે ગુણસ્થાને પણ મુક્તની પર્યાય આવી છે બહાર. આહા..હા..!

**'ज्ञानी कर्म न करोति च न वेदयते'** લ્યો. જ્ઞાની કર્મ શબ્દે રાગાદિ પરિણામ હોં. એને **'કરતો નથી તેમ જ વેદતો નથી,...'** આહા..હા..! જ્યારે દ્રવ્યનયના સ્વભાવની વાત ચાલતી હોય ત્યારે પર્યાયનયને ધીમી કરી નાખે. અને પર્યાયનયનું જ્યારે કથન ચાલતું હોય ત્યારે દ્રવ્યનયને અંદર લક્ષમાં રાખે. એમાં ઢીલું હોય નહિ. આહા..હા..! આવું સાંભળ્યું ન હોય માણસોને એવું લાગે આ. એ સોનગઢે તો વ્યવહારનો નિષેધ કરી નાખ્યો. એકલો નિશ્ચયાભાસ. અરે..! સાંભળને ભાઈ! તને કહેતા તો આવડશે પણ એને સમજતા નહિ આવડે તને. આહા..હા..! વ્યવહારની ભાષા કરે તો શું છે? વ્યવહારું કરી નાખે. વસ્તુ નહિ સમજાય એમાં. વસ્તુ તો જુદી રહી ગઈ છે. આહા..હા..!

કહે છે કે ધર્મી જીવ, સમ્યગ્દૃષ્ટિ જીવ રાગને **'કરતો નથી તેમ જ વેદતો નથી,...'** **'तत्स्वभावम् अयं किल केवलम् जानाति'** પણ તે **'કર્મના સ્વભાવને...'** એટલે કે વિભાવને **'તે કેવળ જાણે જ છે.'** એમાં આવ્યું હતુંને કેવળ? હા એ. **'કેવળ જાણે જ છે.'** એમાં આવ્યું હતું. ચોથી લીટી. **'કેવળ જાણે જ છે.'** ટીકામાં આવ્યું હતું. એ કળશમાં લીધું. **'કેવળ જાણે જ છે.'** લ્યો

આટલું તો વજન છે. કઈ અપેક્ષાએ? આહા..હા..! સ્વભાવની દૃષ્ટિમાં, સ્વભાવના જ્ઞાનમાં, વિભાવનું વેદન ને કરવું નથી. કેવળ તેને જાણે છે. છે એમ જાણે છે.

**'એમ કેવળ જાણતો થકો...'** 'करण-वेदनयोः अभावात्' **'કરણના અને વેદનના (-કરવાના અને ભોગવવાના-) અભાવને લીધે...'** આહા..હા..! રાગ અને દ્વેષ એના કરવાના અભાવને લીધે. ઓહો..! સમ્યગ્દૃષ્ટિ રાજકુમાર હોય, લડાઈએ ચડ્યો હોય. બહાર દેખાય. દેખાય. ચડ્યો છે તો આત્મામાં ત્યાં. આહા..હા..! હજારો હાથીઓ હોય સામે અને બાણ છૂટતા હોય આમ ફડાક-ફડાક. કહે છે કે એ તો કેવળ તે બાણની પર્યાય અને તે દ્વેષની પર્યાય જરી આવી એને કેવળ જાણે જ છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! એ તો ઓલા કહે છે કર્તા છતાં અકર્તા. એમ નથી આ. કરતો જ નથી. જાણે જ છે. અનાસક્ત કહે છેને? કરવું પણ આસક્તિ ન કરવી. એ વાત જ ખોટી છે. કરી શકતો નથી ત્યાં કરવું શું આવ્યું? ક્યાંથી આવ્યું? આહા..હા..!

**'કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો...'** કરવું અને વેદવું એના અભાવને લીધે. 'शुद्ध-स्वभाव-नियतः सः हि मुक्तः एव' એ તો **'શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો...'** પર્યાયની વાત છે હોં. શુદ્ધની દ્રવ્યનું ભાન થતા પર્યાયની શુદ્ધતામાં એ રહેલો છે. અશુદ્ધતામાં છે નહિ. આહા..હા..! **'શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો...'** છેને ત્રિકાલી શુદ્ધ સ્વભાવ? એમાં નિશ્ચળ પોતે પર્યાય છે. **'તે ખરેખર મુક્ત જ છે.'** આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ તો ખરેખર મુક્ત છે કહે છે. આહા..હા..! 'जो पस्सदि अप्पाणं' આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે એ જૈનશાસન. લ્યો. ઇ પર્યાયનું જ્ઞાન હોય એને. સમજાણું કાંઈ? બદ્ધસ્પૃષ્ટપણું છે. વસ્તુની દૃષ્ટિએ એ છે નહિ. બેયનું જ્ઞાન એને એક સાથે હોય છે. આહા..હા..!

**'શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે.'** આ અપેક્ષાએ મુક્ત કહેવામાં આવે છે. રાગથી છૂટો, સ્વભાવમાં એકત્વ માટે મુક્ત છે. પર્યાયથી જુએ તો અંદર જે રાગાદિ છે એને કરે અને વેદે ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૬, શનિવાર, તા.૨૧-૦૭-૧૯૭૩
## ગાથા-૩૧૯-૩૨૦, કળશ-૧૯૮ પ્રવચન-૪૪૫

'**ભાવાર્થ :- જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...**' પાઠ છે? સ્વાધીન નામ એ ખુશી નથી, રાગનું કરવું અને રાગનું ભોગવવું એ ખુશી નથી, રુચિ નથી. '**ભાવાર્થ :- જ્ઞાની કર્મનો સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...**' કરવા જેવું છે, હિતકર છે એવી બુદ્ધિએ તે કર્તા-ભોક્તા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**કેવળ જ્ઞાતા જ છે;...**' ધર્મી તો એ રાગાદિ હોય. આહા..હા..! ચાર ઉપકરણો પુદ્‌ગલ લીધા ત્યાં. મારે તો ઇ જોવું હતું ઓલું વિકલ્પનું .. કહેવું હતું. ચારેયને પુદ્‌ગલ કહ્યા. ઓલા વિનયમાં ચિત્તના પુદ્‌ગલ એમ કીધું. ગુરુનો ઉપદેશ તત્કાળ બોધક ઉપદેશ. તરત. અને ઓલા શાસ્ત્ર છે એ તો નિત્યબોધક. જ્યારે વાંચે ત્યારે. આવે છેને? અને કાયા આ તો દેહ છૂટે તો જાય. મુનિ કહે સ્વયંના હેતુથી આ એક માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો. શ્રીમદ્‌માં પણ આવે છેને? માત્ર દેહ તે સંયમ, બીજું કોઈ સંયમ નહિ. એને ઉપકરણ કીધું. ઉપકરણ-ઉપકારનું કારણ. લ્યો હવે ઉપકાર કઈ રીતે? વ્યવહારનયથી એને ઉપકરણ વ્યવહાર. નહિતર છે તો એથી એને શુભભાવ, દુ:ખરૂપ છે અને તે ખુલાસો પાછો કર્યો છે કાંઈ વસ્તુ ધર્મ નથી. ત્રણેય વાત કરી ખરી. ત્રણની વાત ચાર. ગુરુના વચનો, શાસ્ત્રના વચનો, કાયાના પુદ્‌ગલો અને ચિત્‌ના પુદ્‌ગલો એટલે આમ ત્રણ--મન, વચન અને કાયા ત્રણના ચાર ભાગ પાડ્યા. પણ એ બધા પુદ્‌ગલો. એને ઉપકરણ કહ્યું. આહા..હા..! એ નિમિત્તનું જ્ઞાન કરાવે છે. એ પુદ્‌ગલો એવા ત્યાં હોય છે. છે તો એ ઉત્પન્ન થતો વિકલ્પ દુ:ખરૂપ છે. આહા..હા..! પણ એ વખતે એને જાતનો વ્યવહાર નિમિત્તરૂપે ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાત! ભારે વાત! એકકોર દરિયો ડોલે ભગવાન ત્રિલોકનાથ ચૈતન્ય કહે છે. એમાં તો આ નિર્મળ વીતરાગી પર્યાય પણ એમાં નથી. એ નિર્મળ પર્યાય પણ એનું વસ્તુનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- ઇ તો એમ જ કહે છેને કે પર્યાયનું પાછું શું કામ છે?

ઉત્તર :- પણ કાર્ય તો પર્યાયમાં થાય છે.

મુમુક્ષુ :- ભલેને થાય પણ ... પૂરો થાતો નથી.

ઉત્તર :- કોણ પૂરો? એ જાણે છે કોણ?

મુમુક્ષુ :- જાણે કોણ એ પંચાતમાં પડવું નથી.

ઉત્તર :- અહીં તો ન્યાયથી હોય એ વાત ચાલેને. જાણે કોણ કે હું પરિપૂર્ણ છું? મારામાં હું નથી, મારામાં પર્યાય નથી. ઇ પર્યાય જાણે છે. ધ્રુવને શું જાણવું? ધ્રુવ તો સદૃશ્ય એકરૂપ વસ્તુ પડી

છે. આહા..હા..!

મુમુક્ષુ :- એમાં ધ્રુવ પડ્યો છે પછી શું કામ છે?

ઉત્તર :- કાંઈ કામ નથી કોઈનું. ધ્રુવને અવલંબે. પણ અવલંબનારી પર્યાય શું છે? તેથી કહ્યું હતુંને આપણે સવારમાં નહિ ઓલું પર્યાયનું.

મુમુક્ષુ :- .. તો પર્યાયરૂપ થઈ જાશો.

ઉત્તર :- પર્યાયરૂપ શું થાય? ત્યાં ક્યાં સામું જોવું હતું એને? જોવે છે તો અહીં. ... એમ શબ્દ પડ્યો છે. .. ધ્રુવનું આલંબનથી એમ નથી કહ્યું. આત્માનું સ્વરૂપ એનું આલંબન જે ભાવે લીધું એ ભાવથી ચાર ભાવ પરિહાર કરવાયોગ્ય છે. આહા..હા..! ગજબ વાત છેને! ઇ પર્યાયથી. ભાવથી એનો અર્થ? આલંબન આત્માના સ્વરૂપના આલંબનરૂપી જે ભાવ. એ ભાવથી. તો ભાવ તો પર્યાયથી છે. એય..! ભાઈ! આ તો વીરાગમાર્ગ છે, બાપા! એમાં ક્યાંય જે રીતે છે એમ એણે જાણવું જોઈએ. દૃષ્ટિનો વિષય તો ધ્રુવ જ છે. એમાં કાંઈ કોઈ વિશેષ બીજો નથી. એમાં મેળવવા જતાં...

મુમુક્ષુ :- જૂની વાત કરો ત્યારે અમારી વાત થાય.

ઉત્તર :- અમારી વળી અમારી પણ જાણે કોણ ઇ? આહા..હા..! સોગાનીએ પણ લખ્યું છે કે ભાઈ! બીજાએ પ્રશ્ન કર્યો હતો, પણ કામ તો પર્યાયમાં થાય છે કહે. પોતે કહ્યું છે. છે? બોલમાં છે. પર્યાયમાં કામ થાય છે, પણ એનું ધ્યેય, પર્યાયનું ધ્યેય દ્રવ્યનું છે. આખો પરમાત્મા ધ્રુવ ચૈતન્ય મહાપ્રભુ એને એ પર્યાય પ્રસરી છે ત્યાં. એ પર્યાયનું જ્ઞાન, દ્રવ્યનું જ્ઞાન આમ થાય ત્યારે એને પર્યાયનું જ્ઞાન સાથે થાય જ. આહા..હા..!

અહીં કહે છે **'જ્ઞાની કર્મનો સ્વાધીન...'** કર્મ શબ્દે રાગાદિ હોં. રાગના પરિણામ, પુણ્યના ભાવ, દયા, દાન આદિ, વ્રત, ભક્તિ, પૂજા. એને એ કાર્યનો **'સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી,...'** એટલે કે એને રુચિપણે રાગનો કર્તા-ભોક્તા નથી. કે આ ઠીક છે. કહો, કાનજીભાઈ! આવો માર્ગ છે. ઇ કાંઈ હવે એટલું આવ્યું છે બહાર, તો એમાં કાંઈ ફેરફાર થાય એવું નથી. ભગવાનની ધ્વનિ આવી છે એ તો. એમાં કાંઈ ફેરફાર થવાનો નથી. આ વાત એવી છે. આહા..હા..! કહે છે કે ધર્મી જીવને રાગનું કરવું અને ભોગવવું કે હું દીક્ષા લેવા વખતે કુટુંબ પાસે જાવું એ બધો વિકલ્પ એ વસ્તુના સ્વભાવમાં નથી. સ્વભાવ દૃષ્ટિમાં એ વસ્તુ નથી, પણ પર્યાયનું જ્ઞાન કરવામાં એ પર્યાય આવે છે. એટલો અર્થ સારો કર્યો છે જયચંદ પંડિતે. કીધું ને હમણા વાંચ્યું. ટીકા (ભાવાર્થ) કરી હેમરાજજીએ. હેમરાજજીએ કરીને? હેમરાજજીએ. સારો કર્યો છે. આ વાત સ્વભાવ દૃષ્ટિએ. સ્વભાવ દૃષ્ટિએ તો રાગને છોડવો કે કરવો કે છે જ ક્યાં? આહા..હા..!

પણ.. અહીં કહેશે જ્યાં સુધી નબળાઈ છે. કહેશે જુઓ. જ્ઞાની રાગ-દ્વેષના પરિણામનો પ્રેમથી, ખુશી થઈને, સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી. આમ જુઓ તો કર્તા એ સ્વતંત્રપણે એ કર્તા છે. એ

કઈ અપેક્ષા? ભાઈ! કર્તાની વ્યાખ્યા તો એવી છે કે સ્વતંત્રપણે કરે તે કર્તા, પણ આ સ્વતંત્ર દુ:ખી થવાના પરિણામ સ્વતંત્રપણે કરે છે એમ નહિ. રુચિ નથી માટે એમ નહિ એમ. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ આવું આહા..હા..!

**'સ્વાધીનપણે કર્તા-ભોક્તા નથી, કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો...'** માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો **'મુક્ત જ છે.'** એ અપેક્ષાએ તો મુક્ત જ છે. રાગથી છૂટેલો છે, વ્યવહારથી છૂટેલો છે કહે. રાગ અને આત્માનો સ્વભાવ બે એક નથી. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. આહા..હા..! એનું ક્યાંય પણ ઓછું, અધિક અને વિપરીત થાય છે તે વસ્તુ હાથ નહિ આવે. આહા..હા..! એવો માર્ગ છે. કહે છે કે ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ એ જ્યાં અંતર દૃષ્ટિમાં આવ્યો અને જ્ઞાનની વર્તમાનદશાએ એને જ્ઞેય બનાવ્યું. એથી જ્ઞાની રાગને હોંશથી કરે અને રાગને હોંશથી વેદે એમ છે નહિ. આહા..હા..!

**'કેવળ જ્ઞાતા જ છે; માટે તે કેવળ શુદ્ધસ્વભાવરૂપ થયો થકો મુક્ત જ છે.'** હવે આવ્યું. એ ત્યાં પણ એમ કહ્યું હતું થોડું હોં ત્યાં. કેવળ સ્વભાવદૃષ્ટિથી વાત... કર્મના નિમિત્તે થતી પર્યાય એમાં આવું આવે. બંધુજનોની પાસે માગણી કરે. એ સમકિતી, જ્ઞાનીની વાત છે. મિથ્યાદૃષ્ટિની વાત નથી. મિથ્યાદૃષ્ટિને તો દીક્ષાનો ભાવ ક્યાં? એ વસ્તુ જ નથી ત્યાં. માગણી કરે હે સ્ત્રી! તું શરીરને રમાડનારી, મને નહિ. હું તો આત્માના આનંદમાં રમનારો. મારી અનુભૂતિ સાથે હું તો જવાનો. આહા..હા..! એવો વિકલ્પ હોય છે એટલી વાત છે કહે છે. એ સ્વભાવ નથી. આહા..હા..! સ્વભાવદૃષ્ટિએ જોતા એ વિકલ્પ જ એનો નથી અને એ વિકલ્પ એણે કર્યો જ નથી. પણ પર્યાયથી જોતાં. આહા..હા..! એને એવો રાગ હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ચોર્યાસીના અવતારથી નીકળવું એ તે કાંઈ સાધારણ વાત છે? અનંત-અનંત અવતાર કર્યા એણે અને એની દશામાં જે વસ્તુ છે એ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી એનું પરિભ્રમણ મટે નહિ. પરિભ્રમણ એટલે અનંત સંસારનો સાગરનો દરિયો. આહા..હા..! અને મિથ્યાત્વ એ સંસાર છે એમ કહે છે.

અહીં કહે છે **'કર્મ ઉદયમાં આવે પણ છે, તોપણ જ્ઞાનીને તે શું કરી શકે?'** એટલે જ્ઞાનની પર્યાયને ઇ હીણી કેમ કરી શકે? ઇ પર્યાય જે છે એને હીણી કેમ કરી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? હીણાપણે પરિણમન છે જીવનું પોતાનું, પણ એ કર્મનો ઉદય છે એ એનાપણે પરિણમાવે એમ છે નહિ. સમજાણું કાંઈ? આરે.. આરે.. શું કરે? જ્ઞાનીને તે શું કરે? એટલે? એને જ્ઞાનમાં રાગ કરાવે અને રાગ વેદાવે એવું છે નહિ એમ કહે છે. સ્વભાવ દૃષ્ટિમાં છે એને રાગ થવો અને વેદવો એ હોંશથી નથી. **'જ્યાં સુધી નિર્બળતા રહે...'** જુઓ, ખુલાસો કર્યો. **'જ્યાં સુધી નિર્બળતા રહે...'** જયચંદ પંડિતે પણ બહુ સારો ખુલાસો કર્યો છે.

મુમુક્ષુ :- દરેક જગ્યાએ છે.

ઉત્તર :- બહુ .. ભાવાર્થ કરીને બહુ સરસ કર્યું છે. **'જ્યાં સુધી નિર્બળતા રહે...'** તો એનો

અર્થ શું થયો? પોતાની પર્યાયમાં નિર્બળતા છે. કર્મને લઈને નહિ. આહા..હા..! શાંતિભાઈ! આહા..હા..! **'ત્યાં સુધી કર્મ જોર ચલાવી લે;...'** લ્યો, ઠીક કર્મ જોર ચલાવેનો અર્થ? રાગાદિ પરિણામ થાય. એમ કહે છે. નબળાઈમાં રાગાદિ પરિણામ થાય. એનું જોર છે નબળાઈનું. સબળાઈ થઈ નથી એટલે. આહા..હા..! પ્રભુત્વ શક્તિની પૂર્ણતા નથી એ નથી આવતું? નિયમસારમાં એક કળશમાં. પ્રભુત્વશક્તિની પૂર્ણતા નથી. એમ નબળાઈને લઈને આ થાય છે. આહા..હા..! હું તો આને લઈને માર્યો ગયો, હેરાન થઈ ગયો. એ હવે વાંચીએ છીએ આ તો કળશ. અરે..! પ્રભુત્વની શક્તિથી હું માર્યો ગયો. એનો અર્થ? મારી નબળાઈમાં આવા જે પરિણામ થયા એનાથી હું હણાઈ ગયો. મારી (પરમાં) સાવચેતી મને નડે છે. એમ. ઇ પર્યાયબુદ્ધિમાં હું રહ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? 'ભાવ કલંક પહુરા' એમ કીધુંને નિગોદને પણ? આહા..હા..! પરદ્રવ્યને શું છે? એ તો પર એક વસ્તુ છે બસ. પણ એ વસ્તુ છે એથી અહીં વિકાર થાય છે એમ છે? એનું અસ્તિત્વ છે એટલે વિકારનું અસ્તિત્વ છે એમ થાય છે? વિકારનું અસ્તિત્વ તો નબળાઈને લઈને થાય છે. કહો, સુજાનમલજી! આવી વાતું છે.

મુમુક્ષુ :- બેય પડખેથી જાણવું

ઉત્તર :- બેય પડખું જાણવું જોઈએ.

મુમુક્ષુ :- જે અંતર્મુખ થશે ત્યારે જણાશે. આત્માની પ્રાપ્તિ...

ઉત્તર :- હા, **'જ્યાં સુધી નિર્બળતા રહે...'** એ કોની છે? પર્યાયની. કે કર્મની? સમજાણું? વસ્તુમાં તો નિર્બળતા છે જ નહિ. એ તો વસ્તુ અખંડાનંદ પ્રભુ છે. આહા..હા..! રાગ. રાગને લઈને કચાશ છે એમ જે કહેનાર એ તો અકચાશ એવો દ્રવ્ય સ્વભાવ જોયો ઇ એમ કહે કે રાગની કચાશ છે. જેને રાગ ઉપર જ દૃષ્ટિ છે એને રાગની કચાશ ક્યાંથી આવી? એ તો આખો રાગમય જ છે. સમજાણું કાંઈ? એમાં આવે છે એ. સોગાનીએ બહુ શબ્દો મૂક્યા છે. .. નામ એક ઠેકાણે લખ્યું છે. ભાઈ! આ રાગને... મારી કચાશને લઈને રાગ છે. દૃષ્ટિ ક્યાં છે તારી? રાગ ઉપર. રાગ ઉપર છે અને રાગની કચાશ છે એ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? એમાં ઇ આવે છે.

મુમુક્ષુ :- અજ્ઞાની ..

ઉત્તર :- અને શી રીતે પણ એમ? વસ્તુ અકચાશ પૂર્ણ છે એવી દૃષ્ટિ થઈ નથી એની અપેક્ષાએ કચાશ છે. હવે આ વસ્તુ તો જોઈ નથી અને રાગની કચાશને લઈને રાગ થાય. એ તો દૃષ્ટિ રાગ ઉપર છે. સર્વસ્વ રાગરૂપ છે એમાં વળી કચાશ ક્યાંથી આવી? સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એવી વાત છે. ભાઈ! આ તો વ઼ીતરાગમાર્ગ. આહા..હા..! જેને સો ઇન્દ્રો આવીને તળીયા ચાટે. એવા ધર્મ છેદ થતા એને તો કાંઈ છે નહિ. એ તો કેવળજ્ઞાનના આનંદમાં પડ્યા છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**'જ્યાં સુધી નિર્બળતા રહે...'** કેવી ... પાછા કર્મને લઈને થયું છે એમ નહિ. નિર્બળતા થઈ માટે છે. પર્યાયમાં હોં. એ નિર્બળતા પણ કોણે? જેણે સબળ ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ થઈ છે ઓળખાણ એને. સમજાણું કાંઈ? સબળ જોયો છે એને આ નિર્બળતા પર્યાયમાં જણાય છે. આહા..હા..! **'ત્યાં સુધી કર્મ જોર...'** એટલે રાગના પરિણામ **'જોર ચલાવી લે;...'** એમ. નબળાઈ છે ત્યાં સુધી રાગ થાય છે. આહા..હા..! **'ક્રમે ક્રમે સબળતા વધારીને...'** લ્યો ઠીક. પોતાની નબળાઈ છે એને લઈને રાગ-દ્વેષ થાય છે જ્ઞાનીને પણ. સમકિતીને, ક્ષાયિક સમકિતીને. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? પણ **'ક્રમે ક્રમે સબળતા વધારીને...'** ઠીક. સબળતા વધારવી એ તો પર્યાયની વાત છે. એનો અર્થ કે દ્રવ્યનો ઉગ્ર આશ્રય લઈને એમ. પર્યાયમાં સબળતા ક્યારે આવે? દ્રવ્યનો ઉગ્ર આશ્રય લે તો સબળતા આવે. કહો, સમજાણું કાંઈ? સબળતા કાંઈ પર્યાય ઉપર નજર રાખતા સબળતા ન આવે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગમાર્ગ આહા..હા..! જેમાં ચાર-ચાર જ્ઞાનના ધણી ગણધરો બેઠા હોય. ત્રણ-ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ઇન્દ્રો બેઠા હોય એની જે વાણી ભગવાનની નીકળે. આહા..હા..! એ માણસને એમાં હજી શું ચીજ છે ઇ વીતરાગ? પર્યાયમાં હોં. આહા..હા..! એની વાણીમાં તો આ આવ્યું. કે જીવની દૃષ્ટિ પોતાના પૂર્ણ ઉપર પડી ત્યારે એની પર્યાયમાં જેટલી નબળાઈ છે એને લઈને એને રાગાદિ થાય છે. ઇ રાગનું જોર છે એટલું. વિકાર ભાવરૂપ વિકારનું. ભાવવિકારનું હોં. પુણ્યનું કરવું એ નહિ. આહા..હા..!

**'ક્રમે ક્રમે સબળતા વધારીને...'** ક્રમ ક્રમે સ્વભાવનો આશ્રય ઉગ્ર કરતા પર્યાયમાં વીર્યની સ્ફૂર્ણા વિશેષ થશે. આહા..હા..! **'છેવટે તે જ્ઞાની કર્મનો નિર્મૂળ નાશ કરશે જ.'** ઠીક! દૃષ્ટિએ કોઈ રાગ એનામાં છે જ નહિ. દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં સ્વભાવદૃષ્ટિએ તો રાગ છે જ નહિ, પણ પર્યાયમાં જે રાગ છે એને સ્વનો આશ્રય કરતા-કરતા ક્રમે કરીને સબળતા વધારતા એનો નાશ કરશે. નિર્મૂળ નાશ કરશે. અરે..! એની પર્યાયમાં નથી, દ્રવ્ય સ્વભાવદૃષ્ટિએ તો એનામાં-પર્યાયમાં છે જ નહિ. પણ પર્યાયનયે એના પર્યાયમાં છે. એને વ્યય કરશે. સ્વભાવનો આશ્રય સબળતા વધારી અને વ્યય કરશે. આહા..હા..!

મુમુક્ષુ :- કમજોરીમાં આવે.

ઉત્તર :- હા, એ કમજોર કહેવાનો હક કોને? યોગ્યતા થાશે, ક્રમબદ્ધ થાશે, ભવિતવ્યતા હશે એમ થાશે. એ બધું કોને માટે? જેણે આખું દ્રવ્ય ચૈતન્યમૂર્તિ પ્રતીતમાં, જ્ઞાનમાં, આશ્રયમાં લીધું છે એને જોતા એવું લાગે છે ઓહો..! ઓલામાં આવ્યુંને સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં નહિ? અનંતાનુબંધીનો મિથ્યાત્વનો નાશ થવાથી. સમકિતી તૃણ તુલ્ય માને છે. લ્યો પર્યાયમાં તૃણતુલ્ય

માને છે. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં. છેલ્લી ગાથામાં છે. આહા..હા..! દૃષ્ટિએ પ્રભુ પૂર્ણ છે એમ માન્યું, પણ પર્યાયે જોતાં ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં મુનિની દશા! એક પર્યાયની અપેક્ષાએ પોતાને તૃણ તુલ્ય, તરણા તુલ્ય. છે કે નહિ એમાં? સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં છે. છે? લાવો-લાવો તો ખરા ભાઈ હવે. આ તો સ્વાધ્યાય બીજુ શું. કઈ ગાથા છે? એ ગાથા આમ છે. .. થોડી ગાથા આમ મૂકીને. જૂનો ગ્રંથ છે લ્યો. સમયસાર પહેલા પણ એ ગ્રંથ. એના .. ૨૨૦૦ વર્ષ એમ કહે છે ઇતિહાસ. આ બે હજાર વર્ષ. એમાં એમ કહ્યું છે લ્યો. .. છે. એક ગાથા. છેલ્લી કેટલીક કાઢ્યા પછી.

'આગળ સમ્યગ્દૃષ્ટિ થતાં અનંતાનુબંધી કષાયનો અભાવ થઈ તેના કેવા પરિણામ થાય છે?' આ પણ જયચંદ પંડિતનું છે. 'સમ્યગ્દૃષ્ટિ થતાં અનંતાનુબંધી કષાયનો અભાવ થઈ તેના કેવા પરિણામ થાય છે?'

**जो ण य कुव्वदि गव्वं पुत्तकलत्ताइसव्वअत्थेसु।**
**उवसमभावे भावादि अप्पाणं मुणदि तिणमेत्तं॥313॥**

આત્માને માને તૃણમાત્ર. આત્મા તો ત્રિકાળી છે. પર્યાયની વાત છે. આહા..હા..! '**જે સમ્યગ્દૃષ્ટિ છે તે પુત્ર-કલત્ર આદિ સર્વ પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવોમાં ગર્વ કરતો નથી,...**' એમાં નથી. સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં છે. સમજાણું કાંઈ? આવા મારા દીકરા અને અમે પૈસાવાળા, અમે સધન, અમે બંગલા, અમારી આબરૂવાળા એવો ગર્વ સમકિતીને ન હોય. એ તો મિથ્યાદૃષ્ટિ એમ માને. આહા..હા..! '**પરદ્રવ્યો તથા પરદ્રવ્યોના ભાવો...**' એ મારા એમ સમ્યગ્દૃષ્ટિ ન માને. આહા..હા..! હતું કે દિ' એનામાં એ? '**(જો પરદ્રવ્યોથી પોતાને મોટો માને...**' પરદ્રવ્યથી પોતાને મોટો માને '**તો તેને સમકત્વ શાનું?)**' પરદ્રવ્યથી પોતાને મોટો માને. '**ઉપશમભાવોને ચિંતવે છે. અનંતાનુબંધી સંબંધી તીવ્ર રાગ-દ્વેષ પરિણામોના અભાવથી ઉપશમભાવોની નિરંતર ભાવના રાખે છે તથા પોતાના આત્માને તૃણસમાન હલકો માને છે,...**' લે! પર્યાયની અપેક્ષાએ હોં. ત્રિકાળ તો પરમાત્મા પૂર્ણ છે. એની અપેક્ષાએ આ વાત ચાલે છેને. તૃણમાત્ર જાણે છે કે હું તો તરણાતુલ્ય છું બાપુ! આહા..હા..! ત્યાં સર્વજ્ઞ પરમેશ્વર અને ક્યાં મુનિરાજો, એની ત્યાં પર્યાય ત્રણ કષાયના અભાવની. આહા..હા..! એની આગળ અમે તરણાતુલ્ય છીએ એમ કહે છે લ્યો. '**તૃણ સમાન હલકો માને છે, કારણ કે પોતાનું સ્વરૂપ તો અનંત જ્ઞાનાદિ રૂપ છે એટલે જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે પોતાને તૃણ બરાબર માને છે, કોઈ પદાર્થમાં ગર્વ કરતો નથી.**' આહા..હા..! જુઓ, આ જૂનો ગ્રંથ છે. ૩૧૩ ગાથા છે. અહીં કહે છે કે '**સબળતા વધારીને છેવટે...**' છેવટે એટલે એ તો કેવળજ્ઞાન લેવાનો જ. આહા..હા..! સિદ્ધ થવાનો રાગનો નાશ થઈને. એમાં બીજું થાય નહિ. આહા..હા..!

## ગાથા-૩૧૯

ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।
जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च॥319॥

नापि करोति नापि वेदयते ज्ञानी कर्माणि बहुप्रकाराणि।
जानाति पुनः कर्मफलं बन्धं पुण्यं च पापं च॥319॥

ज्ञानी हि कर्मचेतनाशून्यत्वेन कर्मफलचेतनाशून्यत्वेन च स्वयमकर्तृत्वादवेदयितृत्वाच्च न कर्म करोति न वेदयते च; किन्तु ज्ञानचेतनामयत्वेन केवलं ज्ञातृत्वात्कर्मबन्धं कर्मफलं च शुभमशुभं वा केवलमेव जानाति।

હવે આ જ અર્થને ફરી દૃઢ કરે છે :

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. 319.**

ગાથાર્થ :- [ज्ञानी] જ્ઞાની [बहुप्रकाराणि] બહુ પ્રકારનાં [कर्माणि] કર્મોને [न अपि करोति] કરતો પણ નથી, [न अपि वेदयते] વેદતો (ભોગવતો) પણ નથી; [पुनः] પરંતુ [पुण्यं च पापं च] પુણ્ય અને પાપરૂપ [बन्धं] કર્મબંધને [कर्मफलं] તથા કર્મફળને [जानाति] જાણે છે.

ટીકા :- કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળચેતના રહિત હોવાને લીધે પોતે અવેદક (-અભોક્તા) હોવાથી, જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (-ભોગવતો) નથી; પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે છે.

---

## ગાથા-૩૧૯ ઉપર પ્રવચન

'**હવે આ જ અર્થને ફરી દૃઢ કરે છે :-**' ૩૧૯. કેટલાકને ૩૨૦ સાંભળવી છે. હવે આવે છેને. ચાલી આવે છે. ૧૯ તો નાની છે. અમારે ગાંધીને કહેતા હતા.

ण वि कुव्वइ ण वि वेयइ णाणी कम्माइं बहुपयाराइं।
जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च॥319॥

**કરતો નથી, નથી વેદતો જ્ઞાની કરમ બહુવિધને,**
**બસ જાણતો એ બંધ તેમ જ કર્મફળ શુભ-અશુભને. 319.**

બહુ નાની ગાથા છે આ તો.

'**ટીકા :- કર્મચેતના રહિત હોવાને લીધે...**' દેખો, એ ધર્મી તો રાગનું કરવું એ કર્મચેતના નથી એને કહે. સમજાણું કાંઈ? કઈ અપેક્ષાએ? સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ. સમજાણું કાંઈ? '**ટીકા :- કર્મચેતના રહિત હોવાને લીધે...**' કર્મ એટલે પુણ્ય અને પાપના ભાવ, એનું ચેતવું એટલે એકાગ્ર થવું. એ રહિત હોવાને લીધે. ધર્મી એમાં એકાગ્ર છે નહિ. જ્ઞાનચેતના છે પણ ગૌણપણે કર્મચેતના અને કર્મફળચેતના છે. એ ગૌણપણાને અહીંયાં અભાવ કરીને કહેવામાં આવ્યું છે. કે એનામાં કર્મચેતના છે જ નહિ. સમજાણું કાંઈ? દોષ રાગ છે એમાં કેમ એકાગ્ર થાય? પોતાના ગુણની એકાગ્રતા છોડીને. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**અકર્તા હોવાથી,...**' લ્યો, '**કર્મચેતના રહિત હોવાને લીધે પોતે અકર્તા હોવાથી, અને કર્મફળચેતના રહિત હોવાને લીધે...**' ધર્મી તો રાગનું અનુભવવું એનાથી રહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ, એ ૯૪ ગાથામાં કહ્યુંને આત્મવ્યવહાર. આત્મવ્યવહાર તો એને કહીએ નિર્વિકલ્પ આનંદનો અનુભવ એ એક આત્માનો વ્યવહાર. એ સદ્‌ભૂત વ્યવહાર. અને વળી કીધું કે ચાર આ નિમિત્ત છે પુદ્‌ગલો, વ્યવહારરત્નત્રય એને હોય છે. એ અસદ્‌ભૂત. આહા..હા..! ઓલો તો એનો ભેદ છે. આ રાગ બીજી ચીજ છે. એવું રાગ એનું ફળ '**પોતે અવેદક (-અભોક્તા) હોવાથી,...**' લ્યો ઠીક? એકકોર ત્યાં ૯૫મી ગાથામાં કીધુંને? કર્તા, અકર્તા, ભોક્તા, અભોક્તા, પ્રવચનસાર. બધા સામાન્યગુણો છે. ઓલી નયની વાત તો એકકોર રાખો અત્યારે. નયમાં ભોક્તા, અભોક્તા બીજું કર્તા, અકર્તા. ૪૭માં. પણ આ તો અહીં પહેલા ૯૫માં લીધું. ૯૪માં આત્મવ્યવહાર લીધો, ૯૫ સામાન્યગુણો અને વિશેષગુણો લીધા. ઓહો..હો..! દરિયો ભર્યો છે. જડમાં પણ ભોક્તાપણું છે એમ કહે છે અહીંયાં. આહા..હા..! રાગ અને દ્વેષ એને જ્ઞાની ભોગવે છે, પર્યાયની અપેક્ષાએ. સ્વભાવની દૃષ્ટિએ એને કર્મચેતના અને કર્મફળચેતના છે નહિ. એ વિભાવચેતના એ કર્મચેતના જ્ઞાનીને નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઘડીકમાં કહે છે અને ઘડીમાં નથી.

ઉત્તર :- ... આવું વાંચે એટલે કહે નહિ (કે) જ્ઞાનીને રાગનું વેદન હોય જ નહિ. અને રાગનું વેદન માને એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! બાપુ! કઈ અપેક્ષાએ વાત છે? રાગનું વેદન છે. પરિણમન પણ છે. એનો ભોક્તા અને કર્તા ગુણ છે. પોતાથી પરિણમ્યો છે. એ કાંઈ કર્મને લઈને પરિણમ્યો છે રાગરૂપે એમ નહિ. આહા..હા..! અને બીજી રીતે કહીએ તો એ સ્વતંત્રપણે પરિણમન થયું છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વાધીન. પરાધીનપણે પરિણમ્યો છે ઇ એનો

ઈશ્વર ગુણ છે. આહા..હા..! આ તો ભાઈ! વીરોના કામ છે. આહા..હા..! રાજા હોયને ઉંચા એ પુઠ દઈને ભાગે તો એની પાસે લડવા ન જાય પાછળ. એટલું તો એને ઓલું હોય કે અરે..! આ જાય છે એને મરાય? સામો પડે એને મારે. સ્ત્રી ઉપર હાથ ન નાખે. રાણી હોય મોટી ગમે તેવી. ભાગે એને માથે નહિ. પડી ગયો હોય એની ઉપર ન કરે.

મુમુક્ષુ :- એનું નામ જ શુરવીર કહેવાયને.

ઉત્તર :- એને ઇ જાતની વીરતામાં આટલું એને ભાસે છે કે આપણે આમ ન હોય. આહા..હા..! આ ચોરમાં પણ શું કેટલાક? કેટલાક ચોર એવા હોય કે ચોરી કરે. સ્ત્રીને કહેને બહેન તમે મુંજાશો નહિ. તમારા ઉપર હાથ નહિ નાખીએ. તમારા દાગીના જે પહેર્યા તેને નહિ અડીએ એમ કહે. એટલી તો એને મર્યાદા હોય. એવા હોય ઇ. ચોરબોર હોય ઘરમાં દાગીના હોય તો કાઢીને પહેરીલે કે આના ઉપર હાથ નહિ નાખે. બહેન! હાથ નહિ નાખીએ તમારા ઉપર જાઓ. એટલી તો લૌકિકમાં એને આવું હોય છે. સમજાણું કાંઈ? અહીં તો આત્મા આહા..હા..! જ્યાં પુરુષાર્થની સરાણે ચડ્યો અંદર. ચૈતન્યના સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાને ચડ્યો એને કહે છે કે રાગનું કરવું અને રાગનું ભોગવવું એને હોય કેમ? મુખ્યપણાની દૃષ્ટિથી આ વાત છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો (-ભોગવતો) નથી;...'** લ્યો, વેદે તે જ્ઞાની નહિ એનો અર્થ ઇ થયો અહીં તો. રાગપણે પરિણમે તે જ્ઞાની નહિ. સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ એમ છે. જ્ઞાન પર્યાયનયે જોવે તો એનું અંશે અંશ જે છે. એનું પરિણમન એનું છે અને એનું વેદન એને છે. કાંઈ જડને વેદન નથી. આહા..હા..! એકકોર એને અચેતન કહેવો અને વળી એનું કર્તાપણું, ભોક્તાપણું નથી એમ કહેવું અને કર્તા-ભોક્તાપણું છે એમ કહેવું. આહા..હા..! **'પરંતુ જ્ઞાનચેતનામય હોવાને લીધે...'** એમ. અધ્યાત્મની સ્વભાવદૃષ્ટિમાં તો એક જ પ્રકાર લેવાય. હવે અહીં પ્રવચનસારમાં, ચરણાનુયોગમાં કહે ઓલા ચાર પુદ્ગલો એને ઉપકરણ કહીએ. હવે એનું લક્ષ જાય તો દુ:ખ ઉત્પન્ન થાય. કાયા, વાણી, શાસ્ત્ર અધ્યયન એ તો રાગ ઉપર, દુ:ખ ઉપર જાય, પણ એ ભૂમિકાને આવા નિમિત્તપણા હોય છે એટલું જણાવા એને ઉપકરણ કહ્યા. આહા..હા..! ઓલામાં કાંઈક બીજું છે નિર્વિકલ્પ નહિ પરમાત્મપ્રકાશમાં. એમ નથી. નિર્વિકલ્પ એનું સ્વરૂપ નથી. એવું કાંઈક ... લીધું છે.

**'કેવળ જ્ઞાતા જ હોવાથી, શુભ અથવા અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે છે.'** લ્યો કેવળ શબ્દ આવ્યો. પહેલા આવી ગયો છે. કેવળ રાગને જાણે છે અને કેવળ રાગને વેદાય તેને પણ જાણે છે. કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકી ટીકા છે લ્યો. ત્રણે મૂકી દીધા. કર્મચેતના, કર્મફળચેતના અને જ્ઞાનચેતના. બસ. ધર્મીને એકલી જ્ઞાનચેતના હોય છે. પંચાસ્તિકાયમાં કહે છે કે જ્ઞાનચેતના કેવળીને હોય છે. અહીં કહે છે કે ચોથે ગુણસ્થાનથી એકલી જ્ઞાનચેતના હોય એમ કહે

છે.

મુમુક્ષુ :- પ્રવચનસારમાં જ્ઞાનચેતના, કર્મચેતના, કર્મફળચેતના...

ઉત્તર :- એ તો વળી શુભ. એ વળી શુભ. એ વળી જુદી વાત. એ તો અશુદ્ધની આવી. આ તો જ્ઞાનચેતના અહીંયાં ચોથેથી કીધી અને તેરમામાં ત્યાં પંચાસ્તિકાયમાં જ્ઞાનચેતના તેરમે હોય. કર્મફળચેતના એકેન્દ્રિયને હોય, કર્મચેતના ત્રસને હોય. ત્રસ-ત્રસ. બે ઇન્દ્રિયથી માંડીને. કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. અહીં તો આ સમકિતની વાત ચાલે છે કોની આ? કેવળીની વાત નથી. સમજાણું? એમાં કહેશે અર્થમાં જુઓને. ભાવાર્થમાં. **'મિથ્યાત્વ છે તે સંસાર છે.'** ૩૨૦ ગાથામાં છેલ્લો. **'મિથ્યાત્વ છે તે સંસાર છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી?'** છેલ્લી લીટી છે. ભાવાર્થની. જે અપેક્ષાએ જ્યાં કહ્યું હોય તે જાણવું જોઈએને?

આમ તો કહે કે સમકિતી, અરે..! પ્રમત્તદશા મુનિને શુભભાવ એ સંસાર છે. એટલો સંસાર તરફ ઝુકી ગયો છે. ઇ આવે છે. આમ જાય તો સંસાર છે. આમ જાય ત્યારે મોક્ષ. આહા..હા..! છઠ્ઠે ગુણસ્થાને મુનિ ત્રણ કષાયના અભાવમાં આહા..હા..! એને પ્રમાદને લઈને દડો જેમ ઉછળે એમ ચાલે એ. એમ શાંત... શાંત... છે તો શાંત અંદર. પણ એટલો વિકલ્પ ઉન્માદ ઉપજાવે છે. આહા..હા..! સમાધિ શતકમાં તો એને પાગલ કહ્યો છે. પાગલ ઉન્માદ કહ્યો છે શુભરાગને હોં. આહા..હા..! ક્યાં વીતરાગ સ્વભાવે ઠરેલ તત્ત્વ. એમાં આ એક ઉન્માદ ઉભો થાય છે. શુભભાવ. લ્યો, અહીં કહે કે એ શુભભાવ ઘડીકમાં પુદ્‌ગલ, ચકરાવો ઉપજાવે છે. અજ્ઞાનીનું તો માથું ફોડી નાખે એવું છે આ. શ્રીમદ્ કહ્યુંને 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે ત્યાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એ. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે' લ્યો આ ગાથા બહુ ટૂંકી આવી.

---

## ગાથા-૩૨૦

कुत एतत्?-

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव॥320॥**

**दृष्टिः यथैव ज्ञानमकारकं तथाऽवेदकं चैव।**
**जानाति च बन्धमोक्षं कर्मोदयं निर्जरां चैव॥320॥**

यथात्र लोके दृष्टिर्दश्यादत्यन्तविभक्तत्वेन तत्करणवेदनयोरसमर्थत्वात् दृश्यं न करोति न वेदयते च, अन्यथाग्निदर्शनात्सन्धुक्षणवत् स्वयं ज्वलनकरणस्य, लोहपिण्डवत्स्वयमौष्ण्यानु-भवनस्य च दुर्निवारत्वात्, किन्तु केवलं दर्शनमात्रस्वभावत्वात् तत्सर्वं केवलमेव पश्यति; तथा ज्ञानमपि स्वयं द्रष्टृत्वात् कर्मणोऽत्यन्तविभक्तत्वेन निश्चयतस्तत्करणवेदनयोरसमर्थत्वात्कर्म न करोति न वेदयते च, किन्तु केवलं ज्ञानमात्रस्वभावत्वात्कर्मबन्धं मोक्षं वा कर्मोदयं निर्जरां वा केवलमेव जानाति।

હવે પૂછે છે કે-(જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :-

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. 320.

ગાથાર્થ :- [यथा एव दृष्टिः] જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી, દેખે જ છે), [तथा] તેમ [ज्ञानम्] જ્ઞાન [अकारकं] અકારક [अवेदकं च एव] તથા અવેદક છે, [च] અને [बन्धमोक्षं] બંધ, મોક્ષ, [कर्मोदयं] કર્મોદય [निर्जरा च एव] તથા નિર્જરાને [जानाति] જાણે જ છે.

ટીકા :- જેવી રીતે આ જગતમાં નેત્ર દૃશ્ય પદાર્થથી અત્યંત ભિન્નપણાને લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, દૃશ્ય પદાર્થને કરતું નથી અને વેદતું નથી-જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, *સંધુક્ષણની માફક, પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું), અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય (અર્થાત્ જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ; પરંતુ એમ તો થતું નથી, માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)-પરંતુ કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે; તેવી રીતે જ્ઞાન પણ, પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી અને વેદતું નથી, પરંતુ કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી કર્મના બંધને તથા મોક્ષને, કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ જાણે જ છે.

ભાવાર્થ :- જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે; માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી. કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. અહીં કોઈ પૂછે કે-'એવું તો કેવળજ્ઞાન છે. બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે, તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે ત્યાં સુધી

* સંધુક્ષણ = સંધૂકણ; અગ્નિ સળગાવનાર પદાર્થ; અગ્નિ ચેતાવનારી વસ્તુ.

**અદર્શન, અજ્ઞાન તથા અસમર્થપણું હોય જ છે; તો પછી કેવળજ્ઞાન થયા પહેલા જ્ઞાતાદૃષ્ટાપણું કેમ કહેવાય?' તેનું સમાધાન : પહેલેથી કહેતા જ આવીએ છીએ કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે. માટે જ્યાં મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી, તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી. વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતી નથી. મિથ્યાત્વ છે તે જ સંસાર છે. મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી?**

**વળી એટલું વિશેષ જાણવું કે-કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે અને શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે. માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે. જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે. અહીં સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે અને વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ-જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે. માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.**

---

## ગાથા-૩૨૦ ઉપર પ્રવચન

લ્યો આવ્યું ઝાંઝરીજી! હવે ૩૨૦મી. અમારે ઝાંઝરી કહે ભાઈ! ૩૨૦ સંભળાવો. એને જાવું છેને. **'હવે પૂછે છે કે-(જ્ઞાની કરતો-ભોગવતો નથી, જાણે જ છે) એ કઈ રીતે? તેનો ઉત્તર દૃષ્ટાંતપૂર્વક કહે છે :-'** લ્યો, અહીં તો જુઓ એકલી જ્ઞાનચેતના લીધી હોં જ્ઞાનીને. કર્મચેતના, કર્મફળચેતના લીધી નહિ. પંચાસ્તિકાયમાં જ્ઞાનચેતના તેરમાને લીધી. અપેક્ષા સમજવી પડશે કે નહિ? અને આમાં ગુણસ્થાનની વાત જ નથી. આ છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે અને આ છે. ગુણસ્થાન એ આત્માનું સ્વરૂપ જ નથી જાઓ. આહા..હા..!

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव॥320॥**

લ્યો, આહા..હા..!

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. 320.**

લ્યો, જયચંદપંડિતમાં, જયસેનાચાર્યમાં છે. દ્રવ્ય વસ્તુ તે પર્યાયને કરતી નથી. મોક્ષને અને મોક્ષના માર્ગને કરતી નથી દ્રવ્ય. પર્યાય પર્યાયને કરે. આહા..હા..! અહીં એ કીધું. જુઓને અહીં તો જાણે એટલું કીધું બસ. બંધ થાય એ રાગમાં અટકે, એ જાણે, છૂટે એને જાણે. જાણે... જાણે... જાણે... બંધને, ભાવને, રાગને કરે નહિ, મોક્ષને કરે નહિ. આમ કહ્યું છેને આમાં? જાણે. આહા..હા..! અને **'कम्मुदयं'** કર્મનો ઉદય અને એની નિર્જરા એને જાણે. નિર્જરા કરે એમ નહિ. જોયું ભાષા? ઉદયને તો કરે નહિ, પણ નિર્જરા કરે નહિ. નિર્જરા થાય એને જાણે. આહા..હા..! લ્યો

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. 320.**

એનો શબ્દાર્થ લઈએ ગાથાર્થ. ગાથા ઉંચી છેને એટલે જરી. કેવું ક્યાં નીકળે શી ખબર પડે?

**'જેમ નેત્ર (દશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી,...'** આંખ તે જડપદાર્થને દેખાવાયોગ્યને કરતું-ભોગવતું નથી. **'તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે,...'** જ્ઞાન એટલે આત્મા. જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા અકારક અને અવેદક છે. **'બંધ, મોક્ષ,...'** તેને પણ કરતું નથી. એમ આવ્યું કે નહિ? આહા..હા..! બંધ એટલે રાગ તેને કરતું નથી અને રાગના અભાવરૂપી મુક્તિ એને પણ કરતું નથી. તેથી ૩૨૦ ગાથામાં જયસેનાચાર્યે આખું મોટું લીધું છેને? પાના વાંચ્યા છે નહિ? પાના પડ્યા છેને. .. હશે કોક પાસે. પાનું નહિ છે એમાં? ૩૨૦નું. ઇ. ઇ. એની ટીકામાં પણ એ બધું લખ્યું છે. નબળાઈથી, કર્મના ઉદયની બળજોરીથી કાર્ય થાય ત્યાં કર્તા-ભોક્તા નથી. આહા..હા..! પાઠનો ધ્વનિ જ આ છે કે આત્મા તો જ્ઞાનસ્વરૂપી ભગવાન નેત્ર છે. એ નેત્ર પરપદાર્થના દશ્યને કરે કેમ? અને ભોગવે કેમ? તેમ નેત્ર સમાન ભગવાન આત્મા એ રાગને કરે કેમ અને રાગને છોડે કેમ? મુક્તિને કેમ કરે? અને બંધને કેમ કરે? કર્મના ઉદયને કેમ કરે અને ઉદયની નિર્જરાને કેમ કરે? આહા..હા..! જાણનાર તો જાણવાની ક્રિયામાં છે. આહા..હા..! નિર્જરા ન કરે એમ કહે છે. સમજાણું કાંઈ?

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ તો રાગ હોય એને જાણે, રાગ ટળે એને જાણે, ઉદય આવે એને જાણે અને ઉદય ગયો અને ક્ષાયિકભાવ થયો એને જાણે. આહા..હા..! એ તો ચૈતન્યસૂર્ય

પ્રકાશ આપે. બંધને કરે અને બંધને વેદે, મોક્ષને કરે અને મોક્ષને વેદે (એમ છે નહિ). આહા..હા..! ગજબ વાત છેને. ક્યાં ગયા ભાઈ? દાહોદ. એક દાહોદના નથી આવ્યા? લક્ષ્મીભાઈના દીકરા ... ત્યાં બેઠા છે પાછળ. ઠીક. આ તો ૩૨૦ ગાથા આવી. બંધ અને મોક્ષને કરતો નથી તો બંધ-મોક્ષને વેદતો નથી. આહા..હા..! ગજબ વાત છેને. છતાં જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... છે તો એ જાણવાની ક્રિયા. ધ્રુવ છે તે જાણે છે એમ નથી. અહીં તો જાણવાની ક્રિયા-જાણવાની ક્રિયા છે તો પર્યાય. આહા..હા..! પણ એ જાણવાનું કાર્ય કરે, જાણવાની પર્યાયને કરે એમ કહે છે. આમ કહે છે કે મોક્ષની પર્યાયને અને બંધની પર્યાયને કરે અને ભોગવે નહિ. જાણવું એ કાંઈ ધ્રુવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જાણે-જાણે એ ધ્રુવ જાણે એમ નથી. જાણે-જાણે એ તો પર્યાય છે. છતાં અહીં બંધને અને મોક્ષને કરતો નથી, ફક્ત જાણવાની ક્રિયા એની છે. આહા..હા..!

મુમુક્ષુ :- એની પર્યાયમાં કામ કેટલું

ઉત્તર :- એમ. એનું કામ કર્યું હોય તો એને જાણવા-દેખવાનું બસ. આહા..હા..! ત્યારે મોક્ષ છે એ તો જાણવા-દેખવાની પર્યાય છે. પણ એ એને કરવું આ મોક્ષ એવું એનામાં નથી. આહા..હા..! છે?

**'દશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી,...'** આંખ. તેમ આંખ, તેમ આત્મા. એટલે જ્ઞાન એમ. બંધ અને મોક્ષને, કર્મનો ઉદય અને નિર્જરા જાણે જ છે. આહા..હા..! જાણે જ છે. વળી પાછું લીધું કે મોક્ષની પર્યાયને કરે નહિ અને જાણે છે ઇ કરે. એનો અર્થ થયોને? આહા..હા..! ભારે વાતું ભાઈ આવી! વીતરાગ માર્ગની વાત ઝીણી. મોક્ષ એવી પર્યાયને કરે નહિ અને જાણવાનું કરે.

મુમુક્ષુ :- જાણવાનું કરે ઇ પર્યાયનયે

ઉત્તર :- પર્યાય છે. પર્યાય કીધુંને. એથી એ વાત ખોટી કીધી છે. ધ્રુવ જાણે છે એમ નથી કીધું. તેથી તો આ .. ગાથાર્થ કર્યો છે. આહા..હા..!

મુમુક્ષુ :- કઈ પર્યાય લીધી?

ઉત્તર :- જ્ઞાનની, જાણવાની.

મુમુક્ષુ :- મતિશ્રુતની.

ઉત્તર :- ત્યાં જાણવાની, મતિશ્રુતજ્ઞાનની. પણ ઇ જ મતિશ્રુત છેને સમ્યક્ અને કેવળી ક્યાં છે અહીં? અહીં તો સાધકની વાત છેને. જેને ઉદય છે, જેને નિર્જરા છે, બંધ છે અને મોક્ષ છે એની અહીં વાત છે. આહા..હા..! ભારે ઝીણું, ભાઈ! આહા..હા..! કુંદકુંદાચાર્યે આ સમયસાર એક-એક ગાથામાં ઓહો..હો..!

કહે છે કે એ દૃષ્ટિ જેમ પરપદાર્થને કરતું અને ભોગવતું નથી જેમ આંખ. તેમ. તેમ લીધું છેને? **'તેમ જ્ઞાન અકારક તથા અવેદક છે,...'** આહા..હા..! એ બંધને જાણે, મોક્ષને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે. કોક પછી એમ લે એમાં જડ બંધને કરતું નથી, જડ બંધને છોડતું નથી. તો

તો નિર્જરા કરતું નથી એ નહિ મળે. સમજાણું કાંઈ? શું કહ્યું ઇ? કે બંધ એટલે જડના બંધને પર્યાય કરતું નથી જડ-ચૈતન્ય અને જડ છૂટે એને પણ કરતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નથી. જડની સાથે તો વાત જ નથી. આહા..હા..! પોતાના ત્રિકાળી જ્ઞાયક સ્વભાવને આશ્રયે જે દશા થાય તેને જાણવા-દેખવાની ક્રિયા થાય. લે. જાણવા-દેખવાનું થાય. એ સિવાય બીજું થાય નહિ. આહા..હા..! તેથી કાઢ્યુંને જયસેનાચાર્યે. આ ગાથામાં .. છે જુઓ એમ. એમ કરીને કાઢ્યુંને આખું? ... ઇ ગાથા કેમ પસંદ કરી તમે સોનગઢવાળાને? તમે જયસેનાચાર્યને તો માનતા નથી. જયસેનાચાર્યનો ગુઢ વ્યવહાર ઘણો છે. આ તો એને ઠીક લાગી એટલે માન્યું છે એમ કહે. આ તો એના પક્ષનું થાય છેને માટે એને માને છે. વળી એમ કહે જરી શું થાય? કોક કહેતું હતું હોં. ...થી નહિ કોક કહેતું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મુંબઈવાળા. નાથુલાલ તો ... નિર્ણયનું કાંઈ ઠેકાણું નથી એનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના, ના. એ તો અહીં આવતા અને .. બોલતા. પાયે બાંધેલી વાત નહિ આ. આ તો ઇ ભાઈ કહેતા હતા ... લાલચંદભાઈ! લાલચંદ શેઠ ઇંદોરવાળા કે આમ ઇ કહેતા હતા. અરે..! ભગવાન! જયસેનાચાર્યની વાત કઈ ખોટી છે. ત્યાં જ્ઞાનથી વાત કહી છે એણે. ત્યાં જ્ઞાનથી વાત કરી છે. એમ બે પ્રકારે જાણવાની વાત કરી છે. કારણ કે ઓલું કર્તાકર્મનું આવ્યું હતુંને? અહીં અમૃતચંદ્રાચાર્યે કહ્યું કે કર્તાકર્મ સ્વને આશ્રયે હોય. તો એણે એ ઠેકાણે નાખ્યું કે કર્તા જીવ અને કર્મ આદિ .. એ વ્યવહારથી કર્તાકર્મ છે. એમ નાખ્યું છે જ્ઞાનથી. આ પરમશુદ્ધમાં પહેલી ગાથામાં નાખ્યું છે ટીકામાં. ઇ તો જ્ઞાન જણાવ્યું છે. જ્ઞાન જાણે છે. ત્યારે દ્રવ્યકર્મ કોણ છે એ વ્યવહારથી કર્તા એ છે એમ કહેવાય છે. અને અહીં અમૃતચંદ્રાચાર્ય કહે કર્તાકર્મ સ્વાશ્રયે હોય, પોતાને આશ્રયે કર્તા અને પોતાને આશ્રયે એનું કર્મ. કર્મ ભિન્ન ન હોય અને કર્તા ભિન્ન ન હોય. (બે દ્રવ્ય વચ્ચે) ઉત્પાદ્ય-ઉત્પાદકભાવ છે નહિ. આહા..હા..! કેટલું સ્પષ્ટ કર્યું છે! ઉત્પાદક નિમિત્ત અને ઉત્પાદ્ય વિકાર એવું છે નહિ. પોતામાં અને પોતામાં ઉત્પાદ્ય અને ઉત્પાદક છે. આહા..હા..! ઉત્પાદ્ય તે કાર્ય છે અને ઉત્પાદક તે કારણ છે, પણ પોતે ને પોતે છે. આહા..હા..! બીજો કોઈ એનો ઉત્પાદક છે અને ઉત્પાદ્ય છે એમ છે નહિ. વિશેષ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૭, રવિવાર, તા.૨૨-૦૭-૧૯૭૩
## ગાથા-૩૨૦, પ્રવચન-૪૪૬

૩૨૦ ગાથા. ગાથાર્થ ચાલી ગયો છે. ફરીને.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव॥320॥**

**જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!**
**જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. 320.**

એનો ગાથાર્થ પહેલો શબ્દાર્થ કાલે થઈ ગયો છે. ફરીને. '**જેમ નેત્ર (દૃશ્ય પદાર્થોને કરતું-ભોગવતું નથી,...**' આંખ છે એ દૃશ્ય પદાર્થને દૂર રહીને, કરતું-ભોગવતું નથી. તેનાથી તો ભિન્ન રહે છે. '**તેમ જ્ઞાન...**' આ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ, જ્ઞાન શ્રદ્ધાની અપેક્ષાએ '**અકારક તથા અવેદક છે,...**' એ કરનાર પણ નથી. કોનો? બંધનો. એ રાગનો પણ કરનાર નથી જ્ઞાનસ્વરૂપ અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એને પણ જ્ઞાન કરતું નથી, એને ભોગવતું નથી. બંધને કરતું નથી અને મોક્ષને કરતું નથી. તેમ કર્મના ઉદયને, કર્મનો ઉદય તેને કરતો નથી જીવ. તેમ તેને ભોગવતો પણ નથી. એમ નિર્જરાને. આહા..હા..! નિર્જરા કર્મની થાય એ જીવ કરતો નથી. આહા..હા..! જીવ તો શ્રુતજ્ઞાન વડે જાણવાની ક્રિયા કરે ઇ પર્યાય છે. '**जाणइ**' શબ્દ છેને? '**जानाति**' પાછી છે ઇ પર્યાય. આત્મા વસ્તુ સ્વરૂપે ભગવાન તો આત્મા જ્ઞાનસ્વરૂપી છે. એ જ્ઞાન શું કરે? એ વ્રતના, દયાના, દાનના, ભક્તિના એ પરિણામને એ કરે? તેમ એના ભાવને એ જ્ઞાન ભોગવે? જ્ઞાન તો એને જાણે કે આ થાય છે .. એને વેદતું નથી. આ અત્યારે શ્રુતજ્ઞાનની અપેક્ષાએ, શ્રદ્ધા જ્ઞાનની અપેક્ષાએ કહેવામાં આવે છે. ખુલાસો ભાવાર્થમાં કર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ચારિત્રની અપેક્ષાએ તો રાગનું થવું એ છે અને રાગનું ભોગવવું પણ છે. એ ખુલાસો કર્યો છે. પહેલો પણ આવી ગયો છે થોડો ખુલાસો. કેમકે અહીંયાં તો મિથ્યા શ્રદ્ધાનો જ્યાં નાશ થયો એટલે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપી ભગવાન એનો જ્યાં અનુભવ થયો. એ જ્ઞાન શું કરે? એ જ્ઞાન વ્યવહારરત્નત્રયના રાગને કરે? એને ભોગવે રસને? જ્ઞાનસ્વરૂપમાં એ તો ક્યાં છે? એ જ્ઞાન તો એ થાય તેને જાણે, એ પણ જાણે એ પરથી ભિન્ન રહીને, દૂર રહીને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગાદિના ભાવને જાણે અને એ વેદાય છે એને એ તો જાણે. સમજાણું કાંઈ? અહીં તો

મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ જ્ઞાનના સ્વરૂપનું ભાન થયું એવા શ્રુતજ્ઞાન વડે શ્રદ્ધા જ્ઞાનની અપેક્ષાએ એ આનો કર્તા અને ભોક્તા છે નહિ. કહો, સમજાણું કાંઈ? નહિતર તો છઠ્ઠે ગુણસ્થાને પણ મુનિને જે પંચ મહાવ્રતના વિકલ્પ આવે છે એનો પર્યાયમાં એનું પરિણમન છે. નય જ્ઞાન દ્વારા જોવે તો એ પરિણમનો કર્તા એ રાગનો જીવ છે. સમજાણું કાંઈ? અને એ રાગનું ભોગવવું જે વેદન છે એ પણ જીવ પોતે પર્યાયનયથી પર્યાયને જોતા એ રાગનો વેદક પણ જીવ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિ જ્ઞાનીનો પણ આત્મા જેટલો રાગ થયો એનો એ કર્તા પણ છે અને જેટલો રાગ થયો એનો ભોક્તા પણ છે.

અહીંયાં તો સત્ય શ્રુતજ્ઞાનની અપેક્ષાએ શ્રદ્ધા, જ્ઞાનની અપેક્ષા લઈને આ વાત જણાવી છે. સમજાણું કાંઈ? કેમકે શ્રુતજ્ઞાની રાગ અને રાગનું કરવું-વેદવું એનો એ સ્વામી નથી. સમજાણું કાંઈ? પણ જ્ઞાનની અપેક્ષાએ જોઈએ તો એ રાગને કરે છે અને વેદે છે છઠ્ઠા ગુણસ્થાન સુધી અને તેનો સ્વામી જીવ છે. લે. આ ભારે ફેર ભાઈ આટલો બધો!

મુમુક્ષુ :- એકેય ખીલે બંધાતું નથી.

ઉત્તર :- એકેય ખીલેથી... નવરંગભાઈ! આહા..હા..! શ્રુતજ્ઞાનીને શ્રદ્ધાજ્ઞાનની અપેક્ષાએ એ રાગનું થવું અને રાગનું વેદવું ઇ એનું સ્વરૂપ નથી. કારણ કે એ જ્ઞાનસ્વભાવી આત્મા છે. તો સ્વભાવની દૃષ્ટિથી જોતાઃ, સ્વભાવના જ્ઞાન વડે જોતાં એ અંશ સૂક્ષ્મ રાગ અને સૂક્ષ્મ રાગનું વેદન તેને પરસમય કહ્યું છેને પંચાસ્તિકાયમાં? સમકિતીને પણ, મુનિને પણ જેટલો રાગ આવે એ સૂક્ષ્મ પરસમય છે. આહા..હા..! અને એનો એ સ્વામી છે. શ્રદ્ધા, જ્ઞાનની અપેક્ષાએ સ્વામી નહિ. શ્રદ્ધાના સાથે જ્ઞાનની અપેક્ષાએ. પણ જે જ્ઞાન સમ્યગ્દર્શનમાં સાથે સમ્યગ્જ્ઞાન થયું એ જ્ઞાન તો બેયને જાણે. અભેદને પણ જાણે અને રાગનું કરવું અને વેદવું મારામાં છે, મારાથી છે, કર્મને લઈને છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે.

છતાં '**जाणइ**' એમ શબ્દ પડ્યો છેને? તે ક્રિયા થઈ, પર્યાય થઈ. એકકોર કહે મોક્ષની પર્યાયને કરે નહિ અને એકકોર કહે કે જાણવાની ક્રિયા કરે. કહો, પંડિતજી! આવી વાત છે ... મોક્ષના પરિણામને કરે નહિ, મોક્ષની કારણરૂપ દશા માર્ગ એને કરે નહિ. બંધને કરે નહિ અને બંધના કારણને કરે નહિ. એ પાછી પર્યાયનયે. આહા..હા..! કર્તા-ભોક્તા એનો ગુણ છે. પર્યાયમાં હોં. ત્રિકાળ ગુણમાં કર્તા-ભોક્તાપણું નથી. એવો કોઈ ગુણ નથી દ્રવ્યમાં કે રાગને કરે અને રાગને ભોગવે. એવો જો ગુણ હોય તો તો સદાય રાગને કરે અને વેદે. જુદો પડી શકે નહિ. સમજાણું કાંઈ? પણ ગુણ (સ્વભાવ) અને સ્વભાવની દૃષ્ટિમાં કોઈ એવો ગુણ નથી કે સૂક્ષ્મ રાગને પણ કરે અને ભોગવે. આહા..હા..! પણ એની પર્યાયનો ધર્મ છે. પર્યાયના અંશનો એ ધર્મ છે અને એનો એ સ્વામી પણ આત્મા છે. સમજાણું કાંઈ? અનેકાંત માર્ગ છે આ. આ તો એમ જ કહે કે જ્ઞાની રાગને કરે નહિ અને ભોગવે નહિ.

મુમુક્ષુ :- ભિન્નતા બતાવે છે.

ઉત્તર :- એ તો ભિન્નતા. એ જ્ઞાનના સ્વભાવમાં કોઈ બીજો સ્વભાવ નથી કે રાગને કરે એનો એવો કોઈ ગુણ નથી એમ બતાવવું છે. ચંદુભાઈ! આહા..હા..! પણ આમ હોવા છતાં પણ એનામાં કર્તા-ભોક્તાનો ગુણ, પર્યાયનો ગુણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર્યાયમાં એ પોતાનો ગુણ પર્યાયનો ધર્મ છે. આહા..હા..! એકકોર કહે કે મિથ્યાત્વ ગયા પછી સમ્યગ્દર્શન .. એટલે એનું પરિણમન તો શુદ્ધ જ હોય. કેમકે દૃષ્ટિનો વિષય તદ્દન પરમાત્મા પૂર્ણ છે. એનો જ્યાં ધ્યેય પકડીને દૃષ્ટિ સમ્યક્ થઈ એનું તો પરિણમન શુદ્ધ જ છે. આખી ચીજ ધ્યેય શુદ્ધ છે અને એની દૃષ્ટિ પણ શુદ્ધ થઈ એથી એને શુદ્ધનું જ પરિણમન છે. કહો, સમજાણું કાંઈ? બીજી રીતે કહે તો કહે છઠ્ઠા ગુણસ્થાન સુધી, અરે..! દસમાં સુધી. આહા..હા..! રાગનું થવું, જે થાય છે એ એનો પર્યાયનો અસ્તિત્વનો એ સ્વામી થઈને કરે છે. એય..! ચંદુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારે ...

ઉત્તર :- વ્યવહારની જ વાત છેને અત્યારે. પર્યાયની વાત ક્યાં છે? એ અનંતા ધર્મનો અધિષ્ઠાતા આત્મા છે. ધર્મ એટલે?

મુમુક્ષુ :- કર્તૃત્વનય અને ભોક્તૃત્વ નય

ઉત્તર :- હા, કર્તૃત્વ-ભોક્તૃત્વ નય છે અને કર્તા-ભોક્તા એનો ગુણ છે. કઈ રીતે? કે જ્યાં સુધી એ પર્યાયમાં રાગનું પરિણમન કરે છે, વેદે છે ત્યાં સુધી તો એનો સ્વામી થઈને પર્યાયમાં પોતે કરે છે. આહા..હા..! આ તે વીતરાગની વાણીમાં દુનિયાને એમ લાગે કે આ તો ... એકકોર એને મોક્ષના પરિણામનો કર્તા ન કહેવો અને એકકોર કહે રાગના અંશને, વેદનને કર્તા એ ભેદ છે. જ્ઞાનીનો આત્મા હોં. સમજાણું કાંઈ?

એ જાણે જ છે. ત્યાં એમ છે લ્યો. એ જાણવાની તો પર્યાય છે. જાણવાની પર્યાયને કરે છે એ એનો અર્થ થયોને? જાણે છે ક્રિયા છે પર્યાયની, વળી એકકોર કહે મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાયને કરે નહિ. પણ તે માર્ગની પર્યાય મોક્ષને જાણે જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાણવાની પર્યાયનો એ પરિણમન કરનારો ખરો. આવું છે ઝીણું. સમજાણું કાંઈ **'જાણે જ છે.'** **'जानाति'** છેને? શું કીધું ચેતનજી? ક્રિયાપદ કહેતા હતા. પણ ક્રિયા તો પર્યાયની થઈ. ગુણ-દ્રવ્યની આ વાત નથી. ગુણ-દ્રવ્યમાં કરવાનો, ભોગવવાનો ગુણ દ્રવ્યમાં અને ગુણમાં નથી. પણ પર્યાય એને જાણવાનું કામ કરે એ તો એનો પર્યાયનો ધર્મ જ છે. આહા..હા..! કહો, રતિભાઈ! આવી વાત ભારે ઝીણી!

કેમ? હવે એનો સિદ્ધાંત સિદ્ધ કરે છે. **'જેવી રીતે...'** જેવી રીતે એમ દૃષ્ટાંત છેને આ તો? **'આ જગતમાં...'** આ જગત પ્રત્યક્ષ સિદ્ધ છે જગત એમ. જગત ચીજ છે. છ દ્રવ્ય, ..તત્ત્વોનું થવું એવું જગત છે. **'આ જગતમાં નેત્ર...'** આંખ **'દૃશ્ય પદાર્થથી...'** આંખ દેખવાયોગ્ય પદાર્થથી. તે

આંખ '**અત્યંત ભિન્નપણાને લીધે...**' આહા..હા..! કીધું હતુંને તે દિ' ૮૪માં? ઓલા ખત્રી ..ખત્રી એમ કે પરમાણુ અને જડ બીજી ચીજ છે. એ બીજા આત્માઓ પણ એને અંદર પેસ્યા વિના જાણે શી રીતે? એવો પ્રશ્ન ૮૪માં થયો હતો. ... ખત્રીને? .. રાણપર નાનભાઈના ઘર પાસે. વેદાંતી. અહીં વ્યાખ્યાન ચાલતું હતું અને કાને પડે આ. માણસને તો ... આવતાને. કે આ તો મહારાજ કહે છે કે બધું જાણે. તો જાણવાયોગ્ય પદાર્થમાં પ્રવેશ કર્યા વિના શી રીતે જાણે? ઇ એમ કહે છે કે જાણવાયોગ્ય પદાર્થમાં પ્રવેશ કર્યા વિના જાણે. એવો જ જ્ઞાનનો સ્વપરપ્રકાશક-સ્વતઃસિદ્ધ, સ્વયં પોતાનું સામર્થ્ય છે. પરમાં જાય? પેસી જાય? આહા..હા..! બહુ ફેર વેદાંત અને આ તત્ત્વની દૃષ્ટિમાં ફેર મોટો છે. પણ એ લોકોને ભાસતું નથી. વેદાંતે ઘણું કર્યું લ્યો સર્વવ્યાપક ને આ... આ... ઓલા કાગળ પડ્યા રહ્યા નહિ વાંચવાના કાલે? .. ઇનું ઇ લખે. લાઠીથી. આ લાઠીવાળા નરોત્તમ, હરગોવિંદ એના કાગળ કેટલાય આવ્યા છે. .. ગીતા વાંચો... થોડું સૂત્ર વાંચો.

મુમુક્ષુ :- ત્રણેય સરખું છે.

ઉત્તર :- બધું સરખું લાગે. કારણ કે કૃષ્ણ દ્વારકા સોનાગઢમાં રહેતા હતા. તમે પણ સોનગઢમાં રહો છો. તમે તો કૃષ્ણનો અવતાર છો. એમ લખે છે. સ્થાનકવાસી શેઠિયાના દીકરાઓ લાઠીના. પણ એને પરિચય ન મળે જૈનને પણ જૈન શું છે એની ખબર ન મળે. આહા..હા..! એક વાડામાં જન્મ્યા, પછી કાંઈક આ ક્રિયાકાંડમાં બહુ ઓલું લાગે. એય..! કાનજીભાઈ! ઓળખો છો તમે? કેમ હરગોવિંદ વશરામ.

મુમુક્ષુ :- હું મુંબઈ રહેતો.

ઉત્તર :- હા પણ મુંબઈ રહેતા પણ ગામના છે કે નહિ?

મુમુક્ષુ :- જાણો તો ખરાને ભલે ન ઓળખો.

ઉત્તર :- કોણે કીધું બીજું? છગનભાઈ હા લ્યો. કહો તમે ગામમાં છો તો જાણો નહિ એટલું? હરગોવિંદભાઈનો દીકરો છે ઇ. હરગોવિંદ વશરામ શેઠ ૬૨ વર્ષની ઉંમર છે. લખે છે. કેટલાય કાગળ આવ્યા છે. ચાર તો કાગળ કાલે આવ્યા. એક મોટું આવડું .. ત્રણ કાગળ આવ્યા.

મુમુક્ષુ :- સવારમાં ઉઠીને આપને જ કાગળ લખે.

ઉત્તર :- કૃષ્ણનો અવતાર તમે છો એમ જ હું માનું છું. માટે આપ સોનાના ગઢમાં રહો છો અને એ સોનાના ગઢમાં રહેતા હતા. કહો, હવે એની સાથે શું મેળ? મોહનભાઈએ તો એમ કહ્યું ગઢમાંથી પૂરી કરીને .. વ્યવહારમાં. મોહનભાઈએ કહ્યું હતુંને? ગઢ તોડીને પુરી કરી. અરે..! પણ એને પરની સાથે શું સંબંધ છે? આહા..હા..! આ જૈનના અગ્રેસરો ત્યાં આગળ હતા. શેઠિયાઓ અને એના દીકરા. એ બધા મુંબઈ રહેનારા હરગોવિંદ નરોતમ નામ છે.

ભાઈ! એમ અહીં ઉપરટપકે જોતાં સરખું લાગે. શ્રીમદે કહ્યું છે તળાવના પાણીને કાંઠેથી માપતા ઉપરથી સરખું લાગે, પણ અંદરમાં જોતા પાણીના માપ કાંઠે થોડું, અંદર ઘણું, અંદર

ઘણું... ઘણું.. એમ. એમ ઉપરટપકે બધું સરખું લાગે છે, પણ એના ઉંડા રહસ્યને માપતા મોટો ફેર છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે એ **'દશ્ય પદાર્થથી અત્યંત ભિન્ન...'** ભાષા એકલું ભિન્ન નથી લીધું. અત્યંત ભિન્ન. આહા..હા..! તેને **'લીધે તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** લ્યો, આંખ છે ઇ પરપદાર્થને શું કરે? અને પરપદાર્થને શી રીતે વેદે? **'અસમર્થ હોવાથી, દશ્ય પદાર્થને કરતું નથી...'** આંખ દેખવાયોગ્ય પદાર્થને રચતું નથી, કરતું નથી, બનાવતું નથી. તેમ વેદતું નથી. **'જો એમ ન હોય તો અગ્નિને દેખવાથી, સંધુક્ષણની માફક,...'** સંધુક્ષણ-અગ્નિ સળગાવનાર. અગ્નિ સળગાવેને આમ સંધુક્ષણ મૂકે **'પોતાને (નેત્રને) અગ્નિનું કરવાપણું (સળગાવવાપણું),...'** કહો, સમજાણું? એની માફક આંખને અગ્નિનું કરવાપણું આવે. આંખ અગ્નિને કરે એમ બનતું નથી. ઇ એક વાત. **'અને લોખંડના ગોળાની માફક પોતાને (નેત્રને) અગ્નિનો અનુભવ...'** જેમ લોઢાનો ગોળો અગ્નિમાં જાય, અગ્નિ પ્રવેશ કરે અંદર. લોઢાનો ગોળો અનુભવે છે અગ્નિને એમ આંખ લાલ અનુભવે છેને? વેદે છેને? એમાં પણ ભોક્તા ગુણ છેને? જડમાં ભોક્તા-કર્તા ગુણ છે. એ અગ્નિપણે થવું એવો કર્તા અને ભોક્તા એનો ગુણ છે. આહા..હા..! ભારે વાતું ભાઈ!

એકકોર એમ કહે પણ અમારે તો જીવ ભોગવે અને અજીવ ભોગવે નહિ. આવે છે. એમ કે ભોગવતો નથી ભોક્તા. કરે ઇ ભોગવે તો જડ કરે તો જડને ભોગવવામાં આવે. પાછળના અધિકારમાં સર્વવિશુદ્ધ. પાછળ આવશેને હવે આવશે. આહા..હા..! જે કરે તેને ભોગવવાનું આવે. જીવનો રાગને કર્મ કરે તો કર્મને ભોગવવાનું પણ આવે, પણ કર્મને ભોગવવાનું હોતું નથી. એ કઈ અપેક્ષાએ? એ ભોગવવાનું હોતું નથી. બાકી એની પર્યાયનું ભોગવવાપણું તો જડનું જડમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ પહેલો ઓળખવો એ મહા કઠણ છે. જૈનદર્શન શું વીતરાગમાર્ગ છે એને સમજવો કઈ રીતે, એની સમજણની રીત શું છે? એ પહેલું મહામુશ્કેલ કઠણ છે. અને એને સમજીને અંતરમાં જઈને દષ્ટિ કરે એ કામ તો અલૌકિક છે. આહા..હા..! એ તો સંસારથી છૂટી ગયો. એની આ અપેક્ષાએ વાત છે અત્યારે. આમ કહે તો મુનિને પણ પ્રમાદભાવમાં શુભભાવ આવે છે. એટલો સંસાર છે એમ કહે છે. શુભભાવ સંસારમાં પ્રવેશ કરાવે છે એમ કહે. આહા..હા..! લ્યો. મુનિને પણ શુભભાવ સંસારમાં પ્રવેશ કરાવે.

મુમુક્ષુ :- એને ભવ નથી થાતો?

ઉત્તર :- ભવ છેને. શુભભાવનું ફળ સ્વર્ગાદિમાં જાય અને અગ્નિથી શેકાય સ્વર્ગમાં. ત્યાં ક્યાં સુખ હતું ધૂળમાં? આહા..હા..! એ અગ્નિથી શેકાય કહે છે. એકકોર શુભભાવ સંસાર કહે અને એકકોર કહે કે આત્મામાં શુભભાવ ભિન્ન છે. ભિન્ન રહીને એને એ જ્ઞાન જાણે. આહા..હા..! અને એક બાજુ એમ કહે કે શુભભાવ એની પર્યાયનો એનો ધર્મ છે. આહા..હા..! વ્યવહારનયથી કહે અશુદ્ધનયથી... અશુદ્ધનિશ્ચયનય કહો કે વ્યવહારનય કહો. આહા..હા..! બે નયનું જ્ઞાન યથાર્થ ન

હોય તો ગોટા વાળે. વીતરાગ માર્ગ છે, બાપુ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથની વાણીમાં આમ આવ્યું અને એમ છે. છે એમ આવ્યું છેને? આહા..હા..! એકકોર કહે કે ગણધર અંતર્મુહૂર્તમાં બાર અંગ અને ચૌદ પૂર્વની રચના કરનાર એ પણ રાગના વિકલ્પ ને શાસ્ત્ર રચે છે ઇ વિકલ્પને કરે છે અને વેદે છે. (શાસ્ત્રને કરે, વેદે એમ નહિ) આહા..હા..!

મુમુક્ષુ :- એનાથી મહા હાનિ છે.

ઉત્તર :- નુકસાન છે. વિકલ્પ છે તે નુકસાનનું કારણ છે. શાસ્ત્રમાં બુદ્ધિ જાય એ વ્યભિચારી છે. એય..! કહો, ભારે આવું! બાર અંગની રચના કરે તો એ વિકલ્પ છે. એમ કહે છે અહીં તો. દુઃખરૂપ છે. અને અહીં કહે છે કે દુઃખનું કરવું અને વેદવું જ્ઞાનીને હોતું નથી. એ શુદ્ધનયની અપેક્ષાએ. પણ પર્યાયને અશુદ્ધનયને.. અશુદ્ધનય કહો કે વ્યવહાર કહો. એ વ્યવહારમાં તો પોતે રાગપણે પરિણમે છે અને રાગને છોડે છે એ પોતે પોતાથી છે. એ આવ્યુંને વ્યવહાર અને નિશ્ચય બેય? ૪૭માં. વ્યવહારધર્મ છે, નિશ્ચયધર્મ છે. વ્યવહાર એક પરમાણુ બીજા પરમાણુને અવલંબીને નિમિત્ત, ચિકાશ, લુખાશપણે થાય છે એ વ્યવહાર છે. ઇ પણ એનો ધર્મ છે. આહા..હા..! અને પરમાણુ પોતે પરના અવલંબન વિના ચિકાશ-લુખાશપણે પોતાથી પરિણમે છે એ નિશ્ચય છે. એમ ભગવાન આત્મા કર્મના નિમિત્તને અવલંબીને રાગ-દ્વેષાદિ કરે એક વ્યવહાર ધર્મ છે. અને રાગ-દ્વેષ પરના અવલંબન વિના પોતાથી જ રાગ-દ્વેષ કરે એ નિશ્ચય એક ધર્મ છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગનો માર્ગ સુદર્શનચક્ર છે. અજ્ઞાનીના માથા તોડી નાખે એવું છે.

મુમુક્ષુ :- ત્યારે જ જ્ઞાની થાયને.

ઉત્તર :- આહા..હા..! કહે છે કે એ તો અગ્નિને આંખ કરે નહિ અને અગ્નિને આંખ વેદે નહિ. આહા..હા..! જો એમ થાય તો **'અગ્નિનો અનુભવ દુર્નિવાર થાય...'** આંખને. ' **(અર્થાત્ જો નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું હોય તો તો નેત્ર વડે અગ્નિ સળગવી જોઈએ અને નેત્રને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ અવશ્ય થવો જોઈએ;...'** લ્યો અહીં તો કરવું અને વેદવું બિલકુલ નથી તોપણ આવું છે? સમજાણું કાંઈ? વસ્તુના સ્વભાવમાં ઇ ક્યાં છે એમ કહે છે અને સ્વભાવની દૃષ્ટિથી તો આ જ છે, આમ જ છે. આહા..હા..! કહો, સ્વભાવની દૃષ્ટિથી છેને. કાઢ્યું? શેમાં કાઢ્યું?

મુમુક્ષુ :- પ્રવચનસાર હેમરાજ પંડિત ચરણાનુયોગ.

ઉત્તર :- ચરણાનુયોગમાં એ. પહેલા ઓલો બંધુવર્ગને અહીં જાય છેને માંગણી કરવા. બીજી ગાથા. તો એ ખુલાસો કરે છે. ભાઈ! આ તો સ્વભાવની દૃષ્ટિએ તો વિનંતી, માગણી, પ્રાર્થના કરીએ એવો વિકલ્પ વસ્તુમાં છે જ નહિ. સમ્યગ્દર્શન અસ્તિની અપેક્ષાએ તો રાગનું કરવું અને રાગનું વેદવું એ વસ્તુમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૦૨ ગાથામાં આવે છે. પણ એને ચારિત્રમોહનો રાગ આવે છે એથી એને ચારિત્રની અપેક્ષાએ માગણી, પ્રાર્થના કરે. .. જોકે

રજા આપે તો જ દીક્ષા લેવી એવો કાંઈ નિયમ નથી. પણ આવો એને વિકલ્પ હોય છે અને એમાં એમ કહ્યું કે કોક બીજાને પણ એ વૈરાગ્ય આવે. એમ આવે છેને ભાઈ? એમ આવે છેને એમાં આવે છે. નિયમ આવે છે. આહા..હા..!

અહીં કહે છે કે ઇ વિકલ્પ ઉઠે એનો કર્તા-ભોક્તા ભગવાન આત્મા છે જ નહિ ત્રણે કાળે. કહો, સમજાણું કાંઈ? પણ આમ હોવા છતાં સ્વભાવની દૃષ્ટિએ પર્યાયમાં એને જે રાગ થાય .. પરસમયપણું થાય છે એમાં. આહા..હા..! પંચાસ્તિકાયમાં પરસમય. આહા..હા..! એકકોર કહે કે રાગનું કરવું-વેદવું વસ્તુમાં છે જ નહિ, સમકિતીને એ છે જ નહિ. બીજીકોર કહે કે ગણધર જેવાને પણ છટ્ઠે ગુણસ્થાને રાગનું પરિણમવું અને રાગનું વેદન દુઃખ છે. આહા..હા..! પૂર્ણાનંદનો અનુભવ નથી, જ્યાં પૂર્ણાનંદના સ્થાનમાં અપૂર્ણ આનંદ છે એનું દુઃખ છે થોડું. એને ગૌણ-મુખ્ય ન કરીએ તો સાથે આનંદ અને દુઃખ બેય સાથે જ છે. પણ જ્ઞાન શ્રદ્ધાની અપેક્ષાએ તો મુખ્યતા આનંદનું જ વેદન છે. એને દુઃખનું, રાગનું કરવું એ બધું ગૌણપણે, અભાવપણે નહિ પણ ગૌણપણે કરીને નથી (એમ) કહેવું છે. આહા..હા..! હવે આટલું બધું કોણ એમાં સમજવા જાય? કરો ને વ્રત ને તપને. એવો ત્યાગ કરો મરી જાવ. જાય ચાર ગતિમાં રખડવા. તત્ત્વની, વસ્તુની ખબર ન મળે. સમ્યગ્દર્શન વિના એ ચીજ શું છે એની પ્રાપ્તિની ખબર ન મળે અને એના વિના ચાલી નીકળ્યા લ્યો દીક્ષા લીધી. દખ્યા છે એકલી. દુઃખને વહોર્યું છે. એ શુભરાગ એ દુઃખ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ માર્ગ તો અલૌકિક છે.

કહે છે આ અગ્નિને જેમ સળગવું જોઈએ આંખથી તો તો અગ્નિમાં ઉષ્ણતા આવવી જોઈએ. એમ છે નહિ. **'માટે નેત્ર દૃશ્ય પદાર્થને કરતું-વેદતું નથી)-પરંતુ કેવળ...'** ભાષા જુઓ, **'કેવળ દર્શનમાત્રસ્વભાવવાળું હોવાથી તે સર્વને કેવળ દેખે જ છે;...'** કેવળ દેખે છે પાછી ભાષા એમ. એકલું દેખે છે એમ નહિ. એ પાછું અહીં ઉતારશે. આહા..હા..! **'તેવી રીતે...'** ઓલું જેવી રીતે હતુંને? **'તેવી રીતે જ્ઞાન પણ,...'** એટલે આત્મા પણ એમ. **'પોતે (નેત્રની માફક) દેખનાર હોવાથી, કર્મથી અત્યંત ભિન્નપણાને લીધે...'** કર્મ તો જડ છે અને રાગ ઇ ચૈતન્ય એ પણ અચેતન જડ છે એક ન્યાયે. આહા..હા..! એ રાગ છે એનાથી **'અત્યંત ભિન્નપણાને લીધે...'** એ વિકલ્પ જે ઉઠે છે એનાથી ભગવાન જ્ઞાનસ્વભાવ તો અત્યંત ભિન્ન છે. **'અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવાને અસમર્થ હોવાથી,...'** આહા..હા..! દ્રવ્ય સ્વભાવ અને ગુણસ્વભાવ એવી દૃષ્ટિ થતાં તે દ્રવ્ય અને ગુણ સ્વભાવ રાગને કરવું અને વેદવામાં અસમર્થ છે. જેમ દ્રવ્ય સ્વભાવ અને ગુણસ્વભાવ કરવાને અસમર્થ છે એમ દ્રવ્યસ્વભાવ અને ગુણસ્વભાવની દૃષ્ટિવંત પણ (કરવા અને વેદવા અસમર્થ છે.) આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં વસ્તુ પોતે જ્ઞાયકમૂર્તિ પ્રભુ એ દ્રવ્ય અને ગુણે કરીને રાગને કરવું કે રાગને વેદવું એ તો વસ્તુમાં નથી. આહા..હા..! એમ દૃષ્ટિવંત પણ વસ્તુ એવી છે એવી જેને દૃષ્ટિ થઈ. આહા..હા..! એકલી આવી

વસ્તુ છે એ દૃષ્ટિ વિના વસ્તુ આવી છે એ માન્યું કોણે? સમજાણું કાંઈ? આહા..હા..! વસ્તુ અને વસ્તુનો ગુણ આવો છે એવું જાણ્યું કોણે? આવી મોજુદગીની અસ્તિતા, મોજુદગી જણાય શેમાં? જણાય ત્યારે એમ થયું કે એ જાણનારની પર્યાય પણ જેમ દ્રવ્ય સ્વભાવમાં રાગનું કરવું અને ભોગવવું નથી એમ એના જાણનારના પર્યાયમાં પણ રાગનું કરવું અને વેદવું નથી. સમજાણું કાંઈ?

**'અસમર્થ હોવાથી...'** ઓહો..હો..! અત્યંત ભિન્ન. રાગનો વિકલ્પ જે છે વ્રતનો, દયાના, દાનનો, ભક્તિનો, પૂજાનો, તપસ્યા, અપવાસ કરું છું એ બધો વિકલ્પ છે એ રાગ. આહા..હા..! એનાથી ભગવાન આત્મા અત્યંત ભિન્ન અને તે રાગમાં પ્રવેશ કર્યા વિના રાગનું જ્ઞાન કરનારો છે એ. રાગને અડ્યા વિના જ્ઞાનમાં તેનું જ્ઞાન યથાર્થ થાય છે તેવો એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ ભારે! એકકોર કહે ભગવાનની ભક્તિ રાગ છે. જ્ઞાનીને પણ એ ભક્તિનો ભાવ અશુભથી વંચનાર્થે નબળાઈને કારણે આવે. અહીં કહે કે એને આવે જ નહિ લે. ઇ એનું છે જ નહિ એમ અહીં તો. આ દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયની અપેક્ષાએ આખી દુનિયાનો સ્વામી નથી એમ એ રાગનો સ્વામી જ્ઞાની નથી. આહા..હા..! એવી દૃષ્ટિ અને એવું જ્ઞાન દ્રવ્ય સ્વભાવનું ભાન હોવા છતાં પર્યાયમાં રાગનું કરવું અને વેદવું છે એ પણ ભૂલે નહિ. આહા..હા..! આવી વસ્તુ હવે આ સમજવાના ઠેકાણા ન મળે અને આવું ઝીણું પડે. અને ઓલું તો જઈને .. કર્યું જાઓ. દીક્ષા લ્યો, સૌ વખાણ કરે, પાટે બેસીને વાંચે અને લોકો રાજી થાય. ઓહો..હો..! આવડ્યું પણ હોં. દીક્ષા લીધી એ સફળ થયા. મિથ્યાત્વનું છે. આહા..હા..! ક્ષણે-ક્ષણે મિથ્યાત્વની પુષ્ટિ કરનાર છે. કેમકે રાગની ક્રિયાનો કર્તા એકાંતે પર ઉપર દૃષ્ટિ છે એની તો. આ તો અનેકાંતની દૃષ્ટિએ, સ્વભાવની દૃષ્ટિએ. આહા..હા..! સ્વભાવદૃષ્ટિનું પરિણમન જ્યાં થયું. આહા..હા..! એ પરિણમનની અપેક્ષાએ શ્રુતજ્ઞાનીને એ રાગ અને દ્વેષ સ્વભાવની અપેક્ષાએ તો એના છે જ નહિ. એ નથી માટે કર્તા અને ભોક્તા પણ નથી લે. આહા..હા..! ભાઈ હવે એક થાંભલે બાંધોને વાતને. આ તો કહે ઘડીકમાં આ અને ઘડીકમાં આ. આહા..હા..! થાંભલે બાંધેલી આ જ વાત છે.

કહે છે એ કરવા-વેદવાને અસમર્થ છે. આહા..હા..! આંખ તે શું કરે? ખાડો કરે આમ? રેતી કાઢે? અગ્નિને કરે? આહા..હા..! આંખ અગ્નિને ઓલવે? કેમ આંખ આમ-આમ કરે તો ઓલવાય જાય અગ્નિ. એમ થાતું હશે? આંખ શું કરે બાપા! એ દૃશ્ય પદાર્થથી વેગળી રહેલી આંખ અને આંખથી દૃશ્ય પદાર્થ વેગળો રહેલો પદાર્થ. આહા..હા..! જુઓને આ. વેગળાનું વેગળી કેમ કરે? એમ કહે છે. જે જુદી ચીજ છે એને જુદું કેમ કરે? એમ અહીં સિદ્ધ કરવું છેને. લ્યો, વળી કહે છે કે રાગાદિ જુદી ચીજ હોવા છતાં પર્યાયમાં તો એનાથી જ એનું પરિણમન અને એનું જ વેદન છે. પણ હવે જુદું. એ તો જુદું કઈ અપેક્ષાએ કહ્યું? જેમ પરથી જુદો છે એમ રાગથી જુદો, સ્વભાવ દૃષ્ટિની અપેક્ષાએ કહ્યું, પણ એની પર્યાયમાં જે રાગાદિ થાય તે પણ એનો ધર્મ છે. આહા..હા..! શાંતિભાઈ! શું કરવું આમાં? એક પાયે બાંધો એમ કહે. આ તો બે પાયા થયા.

આહા..હા..! આવી વસ્તુ. આહા..હા..! બે નય છેને? બે નયનો વિષય પણ છે કે નહિ? નય છે એ તો જાણનાર છે, પણ જાણનાર વિષય હોય એને જાણે કે વિષય ન હોય એને જાણે? આહા..હા..! તો અશુદ્ધ નિશ્ચય એવો જે વ્યવહારનય લ્યો, પ્રવચનસારમાં તો એમ આવ્યું શુદ્ધ નિશ્ચયનયથી જીવ રાગનો કર્તા છે. એક તો એ અર્થ. અશુદ્ધનયથી કર્મ એનો કર્તા કહેવાય. અશુદ્ધ કહો કે વ્યવહાર કહો. શુદ્ધ નિશ્ચયથી તો જીવ જ રાગનો કર્તા છે. લે! અહીં કહે કે શુદ્ધનયે આત્મા રાગનો કર્તા (નથી). ઓલી શુદ્ધનય એટલે? પરથી જુદું પાડવાની સ્વતંત્રતાની શુદ્ધનય. અને આ તો રાગથી ભિન્ન પાડવાની શુદ્ધનય. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આવું હવે ક્યાં સમજવા જાય? ઇ કરતા ભગવાનની પૂજા કરે, વ્રત કરે, આ દયા પાળે થઈ રહ્યું જાવ. રખડો ચાર ગતિમાં. આહા..હા..!

અરે..! ભવના અભાવની ચીજ જો નજરમાં ન આવે. ત્યાં સુધી ભલે એમ કહે છે કે નજરમાં આવી છતાં ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધભાવ કહ્યો. લે! હવે અહીં કહે છે કે શુદ્ધનયે તો રાગ કર્તા-ભોક્તા નથી. ત્યાં કહે છે કે કેવળી ચૌદમે ગુણસ્થાને પણ અસિદ્ધભાવે એની પર્યાયમાં છે. આહા..હા..! એય..! છે કે નહિ? ઇ કાંઈ જડમાં છે? સિદ્ધભાવનો અભાવ એવો જે ઉદય અસિદ્ધભાવ એ જીવનું તત્ત્વ જ છે. કહ્યુંને તત્ત્વાર્થસૂત્રમાં? પાંચેયભાવ જીવનું તત્ત્વ જ છે લે ઠીક! પંડિતજી! તત્ત્વં. જીવનું તત્ત્વ રાગ, મિથ્યાત્વ જીવનું તત્ત્વ છે. એકકોર કહે રાગ અને મિથ્યાત્વ પુદ્‌ગલ છે. પુદ્‌ગલના પરિણામ તે પુદ્‌ગલ છે. એકકોર કહે કે રાગ અને મિથ્યાત્વ જીવની પર્યાય પોતાની છે. એય..! નવરંગભાઈ!

મુમુક્ષુ :- કઈ કોર સાચું? એટલીબધી કોર કીધું અને સાચું ક્યું?

ઉત્તર :- બેય સાચું છે. બેય નયે. જે નયે કીધું તે નયે ભૂતાર્થ છે. ભૂતાર્થ કહો કે સત્યાર્થ કહો કે સાચું કહો. સમજાણું કાંઈ? આહા..હા..! એવો સ્વભાવ માર્ગનો વીતરાગ માર્ગમાં આ વાત હોય. આહા..હા..! ચૌદમા ગુણસ્થાનમાં રહેલો એક સમય પછી તો સિદ્ધ થવાનો. કહે છે કે એ અસિદ્ધભાવ એનો પોતાનો છે. અને એ પણ જીવનું તત્ત્વ છે.

અહીં કહે છે કે જીવતત્ત્વ તો એને કહીએ, આત્મા નિશ્ચય એને કહીએ. એકલો અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય પરમપારિણામિકભાવ એને આત્મા નિશ્ચયથી તો કહીએ. ત્યાં કહે કે એ અસિદ્ધભાવ પણ એક આત્માનો પર્યાય માટે આત્મા કહીએ. આહા..હા..! હવે સમજ્યા વિના ખેંચાતાણ કરે. ચંદુભાઈ! પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છેને ભાઈ! માખણ કાઢતા દહીંને વલોવે તો એક છેડો પોચો મૂકે અને એક છેડો ખેંચે તો ચાલે લાકડું. પણ બેય ખેંચે તો? અને બેય મૂકી દે હાથમાંથી તો? એમ જ્યારે શુદ્ધનયમાં જ્ઞાનની વ્યાખ્યા આવે ત્યારે વ્યવહારનયનું દોરડું પોચું મૂકી દેવું જોઈએ. એય..! .. આહા..હા..! ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ દરેક પરિણામ અભૂતાર્થ છે લ્યો, કેવળજ્ઞાન પણ અભૂતાર્થ છે. પણ પર્યાયને એક સત્ત્વમાં એનામાં રાગ થાય છે એ પણ ભૂતાર્થ છે,

સત્યાર્થ છે વ્યવહારનયની અપેક્ષાએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ જુઓને કેટલા ફરી જાય છે! કેટલા વર્ષનો પરિચય અને કેટલું છતાં વસ્તુ ક્ષણમાં ફરી જાય છે. આહા..હા..! નહિ, ભગવાનની ભક્તિ પણ લાભદાયક અને વખાણવા જેવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કઈ અપેક્ષાએ? એ તો વ્યવહારની અપેક્ષાએ એમ કહેવાય. તેથી તો રાગ દુઃખરૂપ છે. આહા..હા..! અને સમકિતીને વેદન રાગનું હોતું જ નથી. એટલે કે રાગનું વેદન તો મિથ્યાદૃષ્ટિને જ હોય. કહો હવે આમાં, પણ આ તો આખી ગાથા એવી જ સમયસારની દૃષ્ટિની વિસ્તારથી આવે ત્યાં. પાછા પર્યાયમાં નાખતા જાય. આસ્રવના અધિકારમાં ૧૭૦ ગાથામાં નાખતા ગયા છે કે જો જ્ઞાનીને આસ્રવ છે. આસ્રવ નથી-નથી એમ કીધું છે એ એક અપેક્ષાથી કીધું. યથાખ્યાત ચારિત્ર ન થાય. ત્યાં સુધી આસ્રવ છે. એકકોર સમકિતીને આસ્રવ-બંધ નથી.

મુમુક્ષુ :- એક જ્ઞાનધારા અને એક કર્મધારા બેય ચાલ્યા કરે છે.

ઉત્તર :- છે. કહો, શશિભાઈ! ઓલો વેદાંતમાં તો એક છે એ આત્મા છે. .. કાંઈ છે? ખોખલું. આહા..હા..! ભારે ગાથા! આ તો જયસેન આચાર્યની તો ૩૨૦ ગાથા આપણે ચાલી હતી. એમાં તો બહુ સરસ વાત છે, પણ આ આ ટીકામાં પણ આ બધું સમાય જાય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ચૈતન્ય દ્રવ્ય આનંદની મૂર્તિ પ્રભુ એનો સ્વભાવ દુઃખ ને વિકાર ને રાગ હોઈ શકે જ નહિ. જેનો સ્વભાવ કહીએ ત્રિકાળી એમાં દુઃખ અને વિકાર ક્યાંથી આવ્યો? પણ પર્યાયમાં જે દુઃખ અને વિકાર છે તે તેના અસ્તિત્વમાં છે. એ દ્રવ્ય-ગુણને લઈને થયો નથી.

મુમુક્ષુ :- એનાથી ...

ઉત્તર :- હા, તો એના પ્રદેશ પણ જુદા છે. વિકારના, રાગના, વેદનના કરવાના પ્રદેશ જેટલામાંથી ઉઠે છે એ પર્યાય એટલા એ પ્રદેશ જુદા છે અને અનંતગુણનો પિંડ પ્રભુ જુદો છે. આહા..હા..!

મુમુક્ષુ :- એકવાર આમ અને એકવાર આમ.

ઉત્તર :- એકવાર એમ અને એકવાર એમ. એય..! પ્રવિણભાઈ! એકકોર કહે કે એના અસંખ્ય પ્રદેશમાં એ પર્યાય થાય છે. એ તો આખું ગણીને. એક બાજુ બેને ભાગલા પાડતા એ શુદ્ધ પર્યાયનો પ્રદેશ પણ ભિન્ન અને ગુણ-દ્રવ્યના પ્રદેશ પણ ભિન્ન. એવા એના અસંખ્યના બે ભાગ. પંડિતજી! આહા..હા..! ઇ અનેકાંત જીવનો સ્વભાવ છે. આવો અનેકાંત નહિ કે વ્યવહારથી પણ કલ્યાણ થાય અને નિશ્ચયથી પણ કલ્યાણ થાય. એમ અનેકાંત નહિ. પણ વ્યવહારથી ત્યાં હોય છે, નિશ્ચયથી એમાં હોતું નથી એવા ભાગનું એને જ્ઞાન યથાર્થ હોવું જોઈએ. સમજાણું કાંઈ?

**'અસમર્થ હોવાથી, કર્મને કરતું નથી...'** લ્યો, કહે છે કે રાગથી તો અત્યંત ભિન્નપણાને લીધે નિશ્ચયથી તેને કરવા-વેદવામાં અસમર્થ છે. જેમ આંખ પરપદાર્થને કરવા-વેદવાને અસમર્થ છે એમ

ભગવાન આત્મા ભાન થયું કે આ તો આત્મા શુદ્ધ ચૈતન્યઘન, સમ્યગ્દર્શન અનુભવ થયો. એની વાત છે હોં. જેને દૃષ્ટિમાં આવ્યો નથી આત્મા એની અહીંયાં વાત નથી કરવી. આહા..હા..! એને તો ઇ પરમાત્મા છે કે નહિ એની ક્યાંય પ્રતીતનું ઠેકાણું નથી એને. આહા..હા..!

દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ ઇ કહે છે કે પર્યાયનું, રાગનું કરવું એ તો અસમર્થ છે હોં. આહા..હા..! એનામાં એ શક્તિ નથી. રાગ વ્યવહારરત્નત્રય હોં. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ પણ રાગ છે. પરદ્રવ્યની શ્રદ્ધાનો વિકલ્પ છે એ તો. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન ઇ પણ વિકલ્પ, રાગ છે. અને પંચ મહાવ્રતના વિકલ્પ પણ એ રાગ અને શુભભાવ વિકાર છે. એને કરવાને ભગવાન સમર્થ નથી. આહા..હા..! વેદતું પણ નથી અને કરતું પણ નથી. ઓહો..હો..!

‘**પરંતુ...**’ ભાષા હવે જુઓ આવી. ‘**કેવળ...**’ ‘**કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું...**’ આત્મતત્ત્વ ‘**કેવળ જ્ઞાનમાત્રસ્વભાવવાળું...**’ જાણવું, જાણવાના સ્વભાવમાત્ર. આહા..હા..! પર્યાયમાં ‘**જ્ઞાનમાત્રસ્વભાવવાળું (જાણવાના સ્વભાવવાળું) હોવાથી...**’ આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાન પણ એમ કહ્યું છેને? તેવી રીતે જ્ઞાન પણ એટલે એ આત્મા. એ આત્મતત્ત્વ સ્વરૂપ આખું તે ‘**કર્મના બંધને...**’ રાગને. ભાવબંધ હોં. ‘**તથા મોક્ષને...**’ જાણવાની જ જ્યાં ક્રિયા છે ત્યાં વળી આ મોક્ષ કરવું અને આ બંધ કરું ઇ એનામાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આમાં થોડો સમય લેવો જોઈએ. એને સમજવા માટે એણે પ્રયત્ન કરવો જોઈએ. આહા..હા..! મોસમમાં માણસ કહે નવરા થાય? જુઓ, કામ આડે એટલા કામ હોય કે એમ આ મોસમ છે આત્માની. પ્રયત્ન કરવો જોઈએ. આ કાંઈ પોપાબાઈનું રાજ નથી કે એમ ને એમ મળી જાય. બીજા એમ કહે તો એની સામે આ ... એમાં લખ્યું છેને પોપાબાઈનું રાજ નથી કે તમે રાગમાં લાભ ન માનો ભક્તિ માનો. જૈનદર્શનમાં એવું ન આવે. એવું આવ્યું છે. સમજાણું? અહીં કહે છે કે પોપાબાઈનું રાજ નથી કે તું રાગથી લાભ માન અને જૈનધર્મ પાળ. કહો, હિંમતભાઈ! બેય વચ્ચે .. આહા..હા..! બાપુ! આ તો વીતરાગ તીર્થંકરદેવ ત્રિલોકનાથ ભગવાનની ગાદીનો આ તો અધિકાર છે. આહા..હા..!

નામુ લખવા બેસે તો આમ એક ફેરી પંડિતજીના ભાઈબંધ. ઝાટકિયા અમરેલી. પછી નામુ જે જમે હોય.. એક પાનું પણ લખવું છેને. પણ .. મકનભાઈએ ફેરવ્યું. મકનભાઈ છેને ત્યાં .. એણે કહે પણ આ જમે અને ઉધાર આ શું? આ તો ડબલ ફેર પડી ગયો. કાંઈક ઉધાર-જમામાં ફેર હતો. અહીં કહે અહીં લખવું છેને પણ. પણ અહીં ન હોય. આહા..હા..!

મુમુક્ષુ :- સૌ સૌના ખાતામાં લખવું જોઈએ.

ઉત્તર :- ખાતાની ખબરું ન મળે. કયે ખાતે કેનીકોર લખવું? છેને આવે છેને આપણે નહિ? દસ વર્ષ રહ્યા હતા અહીં અમૃતલાલ શાસ્ત્રી. એ મકનભાઈ પછી.. અહીં કહે છે કે જે ખાતે જે રીતે ખતવવું જોઈએ. એ ખાતાનું આડુઅવળું કરવી જાઈશ તો નહિ મેળ ખાય, ભગવાનજીભાઈ!

પાંચસો જમે કરવા જાય એના બદલે ઉધાર કરે તો કેટલો ફેર પડે?

મુમુક્ષુ :- હજારનો.

ઉત્તર :- એક હજારનો ફેર પડે. આહા..હા..! એમ અહીં જે અપેક્ષાએ કહ્યું છે તે અપેક્ષાના ખાતામાં ખતવવું જોઈએ. આહા..હા..!

**'કર્મના બંધને...'** રાગનું અટકવું. **'તથા મોક્ષને...'** છૂટે એને. **'કર્મના ઉદયને...'** આહા..હા..! **'તથા નિર્જરાને...'** લ્યો આમાં તો કહે કર્મની નિર્જરા થાય, અશુદ્ધતા ટળે એને જાણે. જાણવાના સ્વભાવવાળું તત્ત્વ એ શું કરે કહે. આહા..હા..! આ જમે બાજુની ચીજની રકમ છે આ. ઓલા રાગાદિ થાય એ ઉધાર બાજુની. સમજાણું કાંઈ? 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' આવે છેને શ્રીમદ્‌માં? 'ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થી જન એ' **'કર્મના ઉદયને તથા નિર્જરાને કેવળ...'** ભાષા પાછી કેટલું વજન છે! જાણે છે એટલામાં નહિ? **'કેવળ જાણે જ છે.'** એક જ વાત છે કહે. આહા..હા..! રાગને જાણે, રાગ છૂટે એને જાણે, ઉદયને જાણે, નિર્જરાને જાણે. આહા..હા..! આવો જ્ઞાનનો સ્વભાવ પર્યાયમાં હોં આ. ત્રિકાળ ધ્રુવની વાત નથી. ધ્રુવ તો ધ્રુવ છે, પણ પર્યાયમાં એની અવસ્થામાં આવો સ્વભાવ છે. એ શ્રુતજ્ઞાની એ રીતે શ્રદ્ધા, જ્ઞાનની અપેક્ષાએ આમ જાણે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૮, સોમવાર, તા.૨૩-૦૭-૧૯૭૩
## ગાથા-૩૨૦, પ્રવચન-૪૪૭

**'ભાવાર્થ :- જ્ઞાનનો સ્વભાવ નેત્રની જેમ દૂરથી જાણવાનો છે;...'** અહીં વજન છે. દૂરથી જાણવાનો. ધર્મીને રાગાદિ હો, પણ એને જ્ઞાન દૂરથી એટલે કે એમાં એક થયા વિના જાણે છે. એને અડ્યા વિના જાણે છે. એવું જ એનું સ્વરૂપ છે. **'માટે કરવું-ભોગવવું જ્ઞાનને નથી.'** રાગ કરે અને રાગને ભોગવે એવું સ્વભાવમાં નથી. સ્વભાવની દૃષ્ટિએ એ વસ્તુ છે નહિ. ત્યાં પાછું કહ્યું ૪૦૪ ગાથા. સમયસાર છેલ્લી સર્વવિશુદ્ધ અધિકાર. ભાઈ! .. પુણ્ય અને પાપ એ આત્મા છે. લે! છેલ્લી ગાથાઓમાં છે. સર્વવિશુદ્ધ.

મુમુક્ષુ :- એ જ્ઞાન

ઉત્તર :- જ્ઞાન એટલે? જ્ઞાનને.. એ જ્ઞાન છે. સમકિત એ જ્ઞાન છે, શ્રુત.. એ પણ એક જ્ઞાન છે. સંવર એ જ્ઞાન છે. આહા..હા..! એ 'ધમ્માધમ્મ' પુણ્ય અને પાપ પણ એ જ્ઞાન છે, આત્મા છે. લે. એય..! ૪૦૪. ૪૦૬ તો ઓલા પ્રયોગની. આહા..હા..! કારણ કે એની દશામાં છેને ઇ? શુભ અને અશુભ. અહીંયાં તો સ્વભાવની અપેક્ષાએ-દૃષ્ટિ જોતાં પર્યાયનયથી જોવું એ તો એનામાં છે. સમજાણું કાંઈ? ૪૦૪. ચેતનજી! સમયસાર. ધર્મ-અધર્મ બેય આત્મા છે એમ કહે છે. જ્ઞાન છે. જ્ઞાન છે તો આત્મા છે. લે. પાપના પરિણામ એ આત્મા છે. એય..! અહીં કહે છે. ૪૦૪ જુઓ. સવારમાં સજ્ઝાયમાં નહોતી આવી. પહેલો ભાગ હતોને. સ્વદ્રવ્યને આશ્રયે થાય તે જૈનધર્મ, પરદ્રવ્યને આશ્રયે જે ભાવ થાય તે જૈનધર્મ નહિ. રતિભાઈ! આવી વાત છે હવે વસ્તુ આવી.

એ અહીં કહે છે કરવાનું અને ભોગવવાનું જ્ઞાનને નથી. કઈ અપેક્ષાએ? હવે ત્યાં કીધું કે પુણ્ય અને પાપ આત્મામાં છે. જે એનું પરિણમન પણ છે અને એનું વેદન પણ છે. ૪૦૪. અહીં કહે છે કે સ્વભાવની દૃષ્ટિએ જોતાં એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. એ જ્ઞાનસ્વભાવ વ્યવહારત્નત્રયના વિકલ્પને કેમ કરે? રચે શી રીતે? જ્ઞાન એને રચે શી રીતે? આંખ કેમ આ પરના કામને કરે? એમ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા રાગને કેમ રચે? અને એ રાગને કેમ વેદે? આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ દુઃખને કેમ વેદે? એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? ઇ સ્વભાવદૃષ્ટિને સ્વભાવના કારણે. કહે છે. ખુલાસો કરશે.

'**કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે.**' રાગ કરવાલાયક છે અને એ રાગ ભોગવવા લાયક છે એવું માનવું તે અજ્ઞાન છે. સમજાણું કાંઈ? એ રાગની રચના કરું એ જ અજ્ઞાન છે. જ્ઞાનસ્વભાવમાં રાગનું રચવું અને એને અનુભવગોચર સ્વભાવની મુખ્ય દૃષ્ટિની અપેક્ષાએ એ એનામાં છે નહિ.

મુમુક્ષુ :- જ્ઞાનને આત્મા કેમ કરે?

ઉત્તર :- કેમ કરે પણ? રાગ એટલે વિભાવ, વિભાવ એટલે મેલ, મેલ એટલે દુઃખ. આનંદમૂર્તિ જ્ઞાન એ દુઃખને કેમ કરે? આહા..હા..! ખરી વાત છે. ... આ તો જગતને .. છે.

'**કરવા-ભોગવવાપણું માનવું તે અજ્ઞાન છે. અહીં કોઈ પૂછે...**' હવે આવ્યું. '**કે-'એવું તો કેવળજ્ઞાન છે.**' તમે નિશ્ચય કરવું-ભોગવું છોડવા માગો છો એ તો કેવળજ્ઞાનમાં ન હોય, રાગ ન હોય અને રાગનું ભોગવવું પણ ન હોય. એમ પ્રશ્ન છે શિષ્યનો. આહા..હા..! હવે કહે છે. '**બાકી જ્યાં સુધી મોહકર્મનો ઉદય છે ત્યાં સુધી તો સુખદુઃખરાગાદિરૂપે પરિણમન થાય જ છે,...**' શિષ્યનો પ્રશ્ન છે હોં આ. સુખ-દુઃખ રાગાદિ જુઓ બેય લીધું. સુખ-દુઃખ પણ થાય છે અને રાગાદિનું ભોગવવું પણ બેય છે. સમજાણું કાંઈ? '**તેમ જ જ્યાં સુધી દર્શનાવરણ, જ્ઞાનાવરણ તથા વીર્યાંતરાયનો ઉદય છે...**' એ તો નિમિત્તથી વાત લીધી છેને? સ્વભાવ એવો નથી .. વ્યવહારનો, રાગ થવાનો, રાગ વેદવાનો એવો સ્વભાવ છે કાંઈ? એથી કહે છે કે એને પરિણમ્યો

ઉદય **'ત્યાં સુધી અદર્શન,...'** છે હજી. મુનિને પણ અદર્શન છે, અજ્ઞાન છે **'તથા અસમર્થપણું હોય જ છે;...'** જ્ઞાન પૂરું થયું નથી.

મુમુક્ષુ :- વિધિ પૂરી થઈ.

ઉત્તર :- વિધિ પૂરી ક્યાં છે? અનંતમા ભાગે છે. **'તો પછી કેવળજ્ઞાન થયા પહેલા જ્ઞાતાદૃષ્ટાપણું કેમ કહેવાય?''** પ્રશ્ન તો બહુ સરસ છે. આ જે હમણા ચાલે છે અથડામણ. પણ એમાં શું થયું? .. દૃષ્ટિ થાય. એને બેસે એ જુદી વાત છે.

મુમુક્ષુ :- એને અંદરમાં ખટકો થાય તો કોણ

ઉત્તર :- બેસે નહિ બધું કહે પછી દોષને જોવા તો સમકિતી જ જોઈ શકે છે. અજ્ઞાની જોઈ શકે નહિ. આવ્યું હતું પહેલું? દોષને જોવા એ સમકિતી જ જોઈ શકે છે. અજ્ઞાની જોઈ શકતો નથી. અહીં તો દોષને જોવું, એને ના પાડે તો જ્ઞાની બેય સામે-સામે થયું. એમ છે? આરે..! ગજબ કર્યો છેને! કીધું હતુંને નિર્દોષ જુએ પણ એમ માને છે તે સમકિતી જ દોષને જોઈ શકે છે. ... મિથ્યાત્વી નહિ. એટલે દોષ જોવા એ તો જ્ઞાનીનું કામ છે એમ. પણ અહીં કહે છે કે દોષ વેદવા અને કરવા છે એમ અંદર વેદવું, કરવું એ મિથ્યાદૃષ્ટિ છે. એય..! ચેતનજી! બંને વિરૂદ્ધ છે. જીવને કેવા અટકવાના સાધન હોય છે ...

મુમુક્ષુ :- એ ભગવાન પાસે તો .. આવા જ સાધન

ઉત્તર :- આવા જ સાધન ... આહા..હા..! કેવળજ્ઞાની જ્યાં દિવ્યધ્વનિના જેના વાજા વાગ્યા. ત્યાં પણ એવો ને એવો કરીને આવ્યો મારો. 'કેવળી આગળ રહી ગયો કોરો.' એવું આવે છે. સજ્ઝાયમાં આવે છે. આ સજ્ઝાયમાળા છેને? આગળ શું કરે ઇ? આમાં પણ ન આવ્યું આપણે આમાં? કે દ્રવ્યશ્રુત જે છે એ સર્પને સાકરનું દૂધ પાવ તોપણ એને તો ઝેરરૂપે પરિણમશે. એને અમૃત નહિ થાય. એમ અજ્ઞાનીને દ્રવ્યશ્રુત ભગવાનની વાણી જે દોષ ટાળવાનું સાધન. આહા..હા..! એ સાંભળતા પણ એને એનો જે ગુણ જોઈએ રાગથી ભિન્ન એવું ભગવાન આત્માનું સ્વરૂપ એ તો એને ગુણ ન આવ્યો. દ્રવ્યશ્રુતથી પણ ગુણ ન આવ્યો. આહા..હા..! એનાથી શું થાય? પોતે જ્યાં દૃષ્ટિને પલટો મારે નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્ર શું કરે? અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો. એટલી વસ્તુની સ્થિતિ કોને કહે? આહા..હા..! અગિયાર અંગ, અઢાર હજાર પદ આચારાંગમાં. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક. હવે અહીં તો એટલો ક્ષયોપશમ પણ નથી કોઈને. એય..! એકાવન કરોડ જાજેરા શ્લોક. એવા-એવા અઢાર હજાર પદ. એક પદમાં આટલા શ્લોક. એવું પણ અનંતવાર એણે કંઠસ્થ અને એથી ડબલ સુયગડાંગ, ડબલ ઠાણાંગ સમવાય ડબલ.... ડબલ... ડબલ... આહા..હા..! એથી શું? આટલા દ્રવ્યશ્રુત કાને પડ્યા, પણ છતાં એનો ગુણ જે જોઈએ દ્રવ્યશ્રુતનો. ગુણ તો આ છે. રાગથી ભિન્ન પડીને આત્મજ્ઞાન કરવું. એટલું ન થયું. દ્રવ્યશ્રુત કરે કોણ? આહા..હા..! સમજાણું કાંઈ? એકાવન કરોડ જાજેરા શ્લોક કોને કહે?

એકાવન કરોડ.

મુમુક્ષુ :- એક પદમાં.

ઉત્તર :- એક પદમાં એટલા શ્લોક. શ્લોક ૩૨ અક્ષરનો. એવું અઢાર હજાર પદ સૂયગડાંગના છત્રીસ હજાર પદ, ઠાણાંગના બોતેર હજાર પદ, એક લાખ ચુમ્માલિસ હજાર પદ સમવાયના. ડબલ. આહા..હા..! એવા છેલ્લા અંગ સુધીનું જ્ઞાન અનંતવાર કર્યું. પણ ઇ શાસ્ત્રો અને શાસ્ત્રનો ગુણ કેમ ન આવ્યો, પણ પોતે પ્રગટ કર્યો નહિ માટે ન આવ્યો. શાસ્ત્રને જે કહેવું હતું કે વિકલ્પથી ભિન્ન તારી ચીજ છે. દ્રવ્યશ્રુતને ઇ કહેવું હતું. પંદરમી ગાથામાં આવ્યું હતુંને? દ્રવ્ય અને ભાવ શ્રુતમાં તો આ કહ્યું છે કે અબદ્ધસ્પૃષ્ટ ભગવાન આત્મા એ દ્રવ્ય શ્રુતમાં પણ એમ કહ્યું હતું અને ભાવશ્રુતમાં પણ એમ હોઈ શકે છે. એમ અનુભવમાં ભાવશ્રુતમાં અબદ્ધસ્પૃષ્ટ હોય છે. આહા..હા..! જુઓ, હવે એને જૈનશાસન કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! **'जो पस्सदि अप्पाणं'** આત્માને અબદ્ધસ્પૃષ્ટ, રાગના સંબંધ વિનાનો અસ્પૃષ્ટ. આહા..હા..! નિશ્ચય વિશેષ વિનાનો સામાન્ય અને કષાયની પુણ્ય-પાપની જે જ્વલન દુઃખ વેદન એના વિનાનો અસંયુક્ત છે. આહા..હા..! ઇ અસંયુક્તને એવી રીતે જાણે તો એણે જૈનશાસન જાણ્યું. એમ કહ્યું ત્યાં તો. આહા..હા..! એક જૈન શાસનમાં દ્રવ્યશ્રુતમાં પણ આ કહ્યું છે એમ. ભગવાનની વાણીમાં પણ આ આવ્યું હતું. આહા..હા..! સરવાળો આખો આ છે. વીતરાગતા છેને. શાસ્ત્રનો (તાત્પર્ય) કરીએ એ તો વીતરાગતા છે. એનો અર્થ શું થયો? નિમિત્ત, રાગ અને અલ્પજ્ઞની અપેક્ષા છોડી દઈ અને ત્રિકાળની અબદ્ધસ્પૃષ્ટની દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય એ જૈનશાસન. તો જૈનશાસનમાં ઓલો રાગ ન આવ્યો.

મુમુક્ષુ :- કેમ આવે? રાગનો અભાવ આવ્યો.

ઉત્તર :- રાગનો અભાવ. આહા..હા..! કેટલી વાત સ્પષ્ટ મૂકી છે! **'पस्सदि जिणसासणं सव्वं'** એ આગમના બધા ભેદો એણે જાણી લીધા. જે કરવાનું હતું એ કહ્યું, ભગવાને જે કહ્યું તે કર્યું. પોતાનો સ્વભાવ ભગવાને તો આ કહ્યું હતું. ભલે બાર અંગની વાત કરી હોય. અંતર્મુહૂર્તમાં દિવ્યધ્વનિમાં આખું શાસ્ત્રનું રહસ્ય આવતું હોય, પણ એમાં આ આવ્યું હતું. આહા..હા..! તારો આત્મા વીતરાગમૂર્તિ છે, સામાન્ય છે, એકરૂપ છે, દુઃખ અને ભાવથી રહિત છે. એવો જે આત્મા અંદર જાણે, અનુભવે એવો જે શુદ્ધ ઉપયોગ એ જૈનશાસન છે. કાંઈ શુભરાગને જૈનશાસન કહ્યું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભક્તિ વખતે પણ ભાષા તો એમ જ આવેને. ભક્તિ વખતે એમ કહે કે પ્રભુ! તારાથી મને કાંઈ લાભ ન થયો હોં. ભાષામાં..

ઓલામાં આવ્યું હતુંને બધા અવતાર થયા પણ પ્રભુ તારો અવતાર જગદીશનો જગતના પ્રાણીને ઘટાડી દેવાનો તારો ઉપદેશ, તારો અવતાર. સંસારના પ્રાણી સંખ્યા ઘટાડી દેવાનો તારો અવતાર. ઓલા તો જગદીશ તો એને કહીએ કે જગતના પ્રાણીને રચે, બનાવે.

મુમુક્ષુ :- નવા-નવા બનાવે.

ઉત્તર :- નવા-નવા બનાવે. તારો અવતાર પ્રભુ! આવે છે? ભક્તિમાં આવે છે. તું જગદીશ કોણ? જગને ઉત્પન્ન કરે તો જગદીશ. સંસારી પ્રાણીને ઉત્પન્ન કરે, વધારે. પણ તારા અવતારે જગદીશ તો સંસારનો ઘટાડો થાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- પણ ધર્મીનો વધારો થાય છેને?

ઉત્તર :- પણ જગદીશ સંસારના પ્રાણીનો ઘટાડો થાય છેને? અને તને કહે જગદીશ કહેવા પાછા. જગતના ઈશ્વર. અવતાર કહે... શું આવે છે? 'ઘટે દ્રવ્ય જગદીશ અવતાર કેસો?' પ્રભુ! તારા અવતારથી જગતના સંસારના પ્રાણીઓ ઘટી જાય છે. આહા..હા..! ભગવાનનો ઉપદેશ જ એવો છે કે જે સમજે એને સંસાર રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે આ '**તેનું સમાધાન : પહેલેથી કહેતા જ આવીએ છીએ...**' આહા..હા..! '**કે જે સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે.**' શું કીધું ઇ? કે આત્માની શાંતિ અને આનંદની જેને રુચિ અને અનુભવ છે એ રાગને સ્વતંત્રપણે કરવા જેવું છે અને ભોગવવા જેવું એમ એ કરે છે? જે આનંદને વેદે અને આનંદના તરફમાં જેનું વલણ છે એને રાગને કરવા જેવું છે એમ કરે? ભોગવવા જેવું છે એમ કરે માને? આહા..હા..! '**સ્વતંત્રપણે કરે-ભોગવે, તેને પરમાર્થે કર્તા-ભોક્તા કહેવાય છે.**' આહા..હા..! '**માટે જ્યાં મિથ્યાદૃષ્ટિરૂપ અજ્ઞાનનો અભાવ થયો...**' લ્યો, આહા..હા..! રાગની રુચિ ટળી અને ભગવાન પૂર્ણાનંદની જ્યાં રુચિ અને દૃષ્ટિ-અનુભવ થયો '**ત્યાં પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો...**' દૃષ્ટિની અપેક્ષાએ તો પરદ્રવ્યનો સ્વામી નથી. રાગનો પણ સ્વામી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! હવે ઓલામાં કીધું કે અનંત ધર્મનો અધિષ્ઠાતા આત્મા છે. આહા..હા..! આટલી વાતું બધી.

અહીં કહે છે કે દૃષ્ટિની અપેક્ષાએ તો સ્વસ્વામીસંબંધ છે. નિર્મળ શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાય એ સ્વ અને એનો સ્વામી. કારણ કે એમાં સ્વસ્વામીસંબંધ નામનો ગુણ છે. તો એ ગુણને લઈને તો એનો સ્વામી પોતાની નિર્મળ પર્યાય દ્રવ્ય-ગુણનો એનો સ્વામી છે. રાગનો સ્વામી સમકિતી નથી. આહા..હા..! ધણીપતું એમાં નથી કહે છે. આહા..હા..!

'**પરદ્રવ્યના સ્વામીપણાનો અભાવ થયો અને ત્યારે જીવ જ્ઞાની થયો થકો સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી,...**' એટલે? કે પોતે રાગ કરવા જેવો છે અને રાગ ભોગવવા જેવો છે એવી રીતે સ્વતંત્રપણે તે કરતો નથી. સમજાય છે કાંઈ? હું શુદ્ધ આત્મા રાગથી રહિત એવું જ્યાં ભાસ્યું એની સાથે રાગ કરવો એવું દૃષ્ટિમાં અને જ્ઞાનમાં તો છે નહિ. આહા..હા..! ભારે માર્ગ! એકકોર સમય સમયની પર્યાય તે જીવની છે. અને જીવ એ કર્તાગુણથી કરે અને ભોક્તા ગુણથી ભોગવે. પર્યાય હોં. એ કર્તાગુણ ત્રિકાળી એમ નહિ. પર્યાયનો એવો એક કર્તાગુણ છે, પર્યાયમાં એવો ભોક્તાગુણ, પર્યાયના અંશમાં. સમજાણું કાંઈ? રાગને કરે અને રાગને ભોગવે

એનો પર્યાયનો ધર્મ છે. સમકિતીનો એ. અને એ ધર્મનો સ્વામી એ સમકિતી છે. રતિભાઈ! ભારે વાતું આવી! અહીં કહે છે કે સ્વામી નથી. ઇ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ ... જ્ઞાન અને શ્રદ્ધાની અપેક્ષાએ આ વાત ચાલે છે.

મુમુક્ષુ :- ચારિત્ર અપેક્ષાએ તો રાગ છે અત્યારે ..

ઉત્તર :- ચારિત્ર અપેક્ષાએ. લ્યો એમાં ત્રણેય નાખ્યું છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર છેને? ... ત્રણેયથી રાગનો કર્તા અને ભોક્તા હોય નહિ. એ કાળા કાગળમાં એમ લખ્યું છે. આવો કાગળ છેને ઇ? ઇ તો અમથો આવો કાગળ આવે નહિ? આ તો છપાવ્યું લાગે છે. એ કાગળમાં છે.

અહીં તો કહે છે કે જેને મિથ્યાત્વ ગયું અને અજ્ઞાન ગયું એને એ પરદ્રવ્યનું સ્વામીપણું હોતું નથી. પરદ્રવ્ય શબ્દે રાગ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ એ અહીં પરદ્રવ્ય છે. આહા..હા..! ભાવપાહુડમાં તો એ કહ્યું ૮૩ ગાથામાં. વળી પૂજા અને વ્રત એ જૈનધર્મ નહિ. આહા..હા..! .. પ્રભુ! છે? ૮૩. એ તો જૈનધર્મ નહિ એ તો પુણ્ય છે.

મુમુક્ષુ :- લોકો કહે છે કે જૈનધર્મ છે.

ઉત્તર :- ઇ પુણ્ય એ જૈનધર્મ નહિ. અન્યમતિ અને કેટલાક જૈનના અજાણ્યા જીવો એમ બેય. એને જૈનધર્મ કહે છે. જૈનધર્મ એ નહિ. જૈનધર્મ તો વીતરાગ ભાવસ્વરૂપ તે જૈનધર્મ. રાગરૂપ એ જૈનધર્મ? અહીં તો '**पश्यति जैनशासन**' રાગરહિત ઉપયોગ થયો એને જૈનશાસન કહ્યું છે. વ્યવહારરત્નત્રયનો રાગ એ જૈનશાસન છે? ઉપચારથી, વ્યવહારથી કહેવાય.

મુમુક્ષુ :- આ શુભ થયો ત્યારે.

ઉત્તર :- એ તો એની વાત છેને. સમજાણું કાંઈ? એકલો વ્યવહાર એ વ્યવહાર છે જ ક્યાં? આહા..હા..!

'**સ્વતંત્રપણે તો કોઈનો કર્તા-ભોક્તા થતો નથી,...**' દુ:ખને કરે અને દુ:ખને વેદે એવો સમકિતીનો ભાવ હોય? આવો તો શુદ્ધ ચૈતન્ય અને આનંદનો વધારાનો ભાવ હોય, શાંતિનો વધારો, આનંદનો વધારો. આહા..હા..! એ તરફ એનો ઝુકાવ હોય વધારે. '**તથા પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી...**' વળી આમાં છે જ તે ઓલા. જુઓ, કર્મનો ઉદય આવે બળજોરીથી રાગ કરવો પડે. ઇ કઈ અપેક્ષાએ કીધી? પોતાની નબળાઈથી. ત્યારે નિમિત્તને આધીન થઈ ગયો. '**કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી.**' આહા..! આવા (ઉપદેશ) તો ગૃહસ્થાશ્રમમાં રહેલા જયચંદ પંડિત. કેટલા સ્પષ્ટ! બહુ ભાવ સ્પષ્ટ! જ્યાં જે જોઈએ તેને કહેવાનું. હવે એ તો નબળાઈનું કાર્ય છે, નબળાઈનો સ્વામી જીવ નથી. આહા..હા..! જાણનાર છે, જાણે ખરો. જ્ઞાનમાં સુખ છે કે નબળાઈ છે એમ જાણે. આદરવાનું એ નથી. આહા..! આદરવાનું તો ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ એનો ઉપાધિભાવ આદરણીયભાવ હોય છે. એ કર્મના ઉદયના બળજોરીથી. અહીં

ઓલી રુચિ કરવાની નથી એટલે કર્મની બળજોરી, રાગની બળજોરી થઈ એમ. અહીં બળ નથીને આ બાજુ એમ. તેથી કીધુંને? નબળાઈ કીધીને જુઓને. આમ બળ નથી. આ બળ થયું એમ. આહા..હા..!

**'પોતાની નબળાઈથી કર્મના ઉદયની બળજોરીથી જે કાર્ય થાય છે તેનો કર્તા-ભોક્તા પરમાર્થદૃષ્ટિએ તેને કહેવાતો નથી.'** પરમાર્થદૃષ્ટિએ કર્તા-ભોક્તા કહેવાતો નથી. દુઃખ થવાનો કામી છે ઇ? દુઃખની એને ભાવના છે? રાગ કરવાની ભાવના છે? સ્વભાવની ભાવનાવાળાને રાગ કરવાની ભાવના હોય કેમ? સમજાણું કાંઈ? આહા..હા..! **'વળી તે કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે...'** જોયું? ઓલું કાર્ય આવ્યુંને? શું આવ્યું? કે રાગનું કાર્ય આવ્યું અંદર. રાગનું કાર્ય કર્તાપણું અને ભોક્તાપણાનું કાર્ય આવ્યું ત્યાં. જ્ઞાનીને આવ્યું. અને એનું ફળ શું જુઓ. **'કાર્યના નિમિત્તે કાંઈક નવીન કર્મરજ લાગે પણ છે...'** એના ગુણસ્થાનના પ્રમાણમાં જેટલો રાગાદિ થાય એને વેદે પણ છે અને કરે પણ છે અને એટલો એને બંધ પણ છે. આહા..હા..! **'તોપણ તેને અહીં બંધમાં ગણવામાં આવતું નથી.'** જેમ ઓલાને કર્તા-ભોક્તાપણું નથી. એને એનું બંધ પણ અહીં ગણવામાં આવતું નથી.

**'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** નાખ્યું. **'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** પુણ્ય-પાપમાં કહે કે શુભભાવ તે સંસાર છે. છઠ્ઠે ગુણસ્થાને પ્રમાદ છે એ સંસાર છે. લે! સંસાર છેને? આ તો મિથ્યાત્વની અપેક્ષાએ સંસાર, (પુણ્ય-પાપ) એ નહિ. સમજાણું કાંઈ? છઠ્ઠે ગુણસ્થાને તીર્થંકરદેવ જેવા છઠ્ઠે જ્યારે મુનિપણામાં હોય. આહા..હા..! એને પણ એ શુભભાવ તે સંસારમાં દાખલ કરે છે. બંધ કરે. ભવનો બંધ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? **'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** અહીં કહે છે. ત્યાં કહે છે કે ચૌદમે ગુણસ્થાન સુધી પણ સંસાર છે. એય..! અસિદ્ધભાવ કહો કે સંસાર કહો. સંસાર .. છેને અહીં ચૌદમા સુધી? લે! કહો, સુજાનમલજી! આવી વાતું છે. ચૌદમા ગુણસ્થાન પણ હજી સંસારત્વ છે. સિદ્ધ નથી થયા. આહા..હા..! ચાર ઘાતિકર્મનો પણ ઉદય છે. એ ઉદયની પર્યાય એની છે. સમજાણું કાંઈ? અહીં કહે છે કે મિથ્યાત્વ ગયા પછી સંસાર નથી લે. દૃષ્ટિના વિષયમાં દ્રવ્ય છે એમાં સંસાર ક્યાં છે? સમજાણું કાંઈ? દૃષ્ટિનો વિષય જે ધ્રુવ ચૈતન્ય એની દૃષ્ટિમાં એના દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં સંસાર તો છે જ નહિ. આહા..હા..! **'મિથ્યાત્વ છે તે જ સંસાર છે.'** પાછું આમ **'તે જ સંસાર છે.'**

મુમુક્ષુ :- એ અનંત સંસારનું કારણ છે.

ઉત્તર :- અનંત સંસાર તે જ સંસાર. ઓલો સંસાર ગૌણ છે. ગૌણ કહો કે વ્યવહાર સંસાર કહો. આહા..હા..! ઓલામાં તો લીધું છે એણે સમ્યગ્દર્શન થયા પછી તો કોઈ આઠ-આઠ ભવ કરે. ત્યારે વળી ઓલો રતનચંદજી એ લીધું છે સમકિત પછી પણ અસંખ્યભાવ કરે. ... કેટલા.. એ તો કોઈ ઉત્કૃષ્ટ વાત છે. ચોથે ગુણસ્થાનવાળો પણ અમુક ભવ કરે છે, પણ એ મુખ્ય નથી વાત. એને

તો સાત-આઠ ભવમાં તો મુક્તિ પામે છે. શ્રાવકરત્નકરંડાચાર પણ એમ કહે છે. પોતાને ખ્યાલ નથી આ વાત? ચારિત્રનો આરાધન, એ પંદર ભવે પામે, એને વધારે હોય છે. વ્રજનારાચ ન હોય, ચારિત્ર ન હો તો તો પંદર ભવથી વધારે ન હોય સમકિતના આરાધનમાં તો એને એ પ્રકારની યોગ્યતા હોય.. અસંખ્યવાર તો ક્ષયોપશમ સમકિત આવે છે. જાય ને આવે ને જાય આવે. અસંખ્ય વાર. સમયસાર નાટકમાં તો એમ લીધું છે. શ્રીમદે એમ લીધું છે ક્ષણમાં અગ્નિ ... ક્ષણમાં પાણીમાં. એ તો ટળે એની વાત છે. ક્ષયોપશમ જાય ને રહે આ તો ... ... પણ એ ચીજ એવી છે કે એમ વર્ણવ્યું. બનારસીદાસે એમ વર્ણવ્યું છે. ... પાછળ. .. પાનું. ઘડીકમાં એક ઉદયભાવ હોય, ઘડીકમાં પારિણામિકભાવનો આશ્રય હોય, દૃષ્ટિ હોય. એમ. પણ ક્ષયોપશમમાં તો સદાય ત્રિકાળ પારિણામિકભાવનો આશ્રય હોય, ૬૬ સાગર ભલે રહે. ત્યાં ઉદયનો આશ્રય એને છે નહિ. ક્ષયોપશમનો આશ્રય નથી પછી વળી ઉદયનો આશ્રય ક્યાંથી લાવ્યા? આહા..હા..! આશ્રયને માટે તો ત્રિકાળી જ્ઞાયકભાવ એ જ ... નો કરનારો છે લ્યો. ... આહા..હા..! આ તો સમજણની વાતું છે, ભાઈ! કારણ કે એ તો સમજણસ્વરૂપ છે. એમાં કોઈ .. વિકલ્પના વસ્તુના દ્રવ્ય-ગુણમાં નથી. એની અપેક્ષાએ વાત ચાલે છેને અત્યારે તો. એટલે દ્રવ્ય-ગુણમાં નથી એટલે દ્રવ્ય-ગુણની દૃષ્ટિ કરનારને પણ નથી. એમ અહીં અત્યારે સાબિત કરવું છે. આહા..હા..!

**'મિથ્યાત્વ ગયા પછી સંસારનો અભાવ જ થાય છે.'** સંસારનો અભાવ જ થાય છે. આહા..હા..! ઘડીકમાં વળી .. અગિયારમાં .. પડે છેને? હવે ઇ અહીં પડવા-ફડવાની વાત અહીં કાંઈ નથી. પડે છે એને દૃષ્ટિ ક્યાં છે દ્રવ્યની? મિથ્યાત્વમાં છે એને આશ્રય દ્રવ્યનો છે નહિ. એ તો બીજો માણસ થઈ ગયો, બીજો આત્મા થઈ ગયો, બીજી જાતનો. મિથ્યાત્વ ગયા પછી ત્રણ લોકના નાથનો આશ્રય જ્યાં પડ્યો છે એને સંસારનો અભાવ જ થાય છે. **'સમુદ્રમાં બિંદુની શી ગણતરી?'** આહા..હા..! મોટો દરિયો એમાં આની શી ગણતરી? .. હતોને ભાઈ એ મોક્ષમાર્ગ પ્રકાશકમાં. કે (૧૩મા ગુણસ્થાને) અશાતાનો ઉદય કેટલો? મોટો દરિયો ભર્યો એમાં એક ચપટી રાખ જેટલો. એ અશાતાનો ઉદય એને શરીરમાં લાવે એવું હોઈ શકે જ નહિ. આહા..હા..! કેટલા પડખા ફેરવી ફેરવીને ઘાત કરી નાખ્યા છે કર્મના. ચોથેથી તે .. ઘાત કરતાં... કરતાં... કરતાં... કરતાં... કરતાં... સંસાર.. એક અનંતમા ભાગની જરી .. એ પણ શાતારૂપ પરિણમીને. આહા..હા..! ગોમ્મટસારમાં. શાતાનો ઉદય શાતા .. પરિણમી જાય છે એમ. આહા..હા..! અહીં કહે છે. બંધાય છેને. **'સંસારનો અભાવ જ થાય છે. સમુદ્રમાં બિંદુની શી ગણતરી?'** ઓહો..હો..!

**'વળી એટલું વિશેષ જાણવું કે-કેવળજ્ઞાની તો સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે...'** એ તો પૂર્ણાનંદ અનાકુળ શાંત પૂર્ણદશાને પ્રાપ્ત વીતરાગ અને સર્વજ્ઞ પૂર્ણ પર્યાયને પ્રાપ્ત એ તો **'સાક્ષાત્ શુદ્ધાત્મસ્વરૂપ જ છે...'** હવે અહીંયાં આવ્યું. **'શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી...'** એમ.

**‘શ્રુતજ્ઞાની પણ શુદ્ધનયના અવલંબનથી આત્માને એવો જ અનુભવે છે; પ્રત્યક્ષ-પરોક્ષનો જ ભેદ છે.’** કેવળીને પ્રત્યક્ષ છે અને શ્રુતજ્ઞાનમાં પરોક્ષ છે. સમજાણું કાંઈ? જ્ઞાનની અપેક્ષાએ વાત લીધી છે હોં. વેદન છે એ તો પ્રત્યક્ષ છે. પણ જ્ઞાનની અપેક્ષાએ વાત છેને. **‘માટે શ્રુતજ્ઞાનીને...’** હવે આ સાર આવ્યો ... **‘માટે શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદષ્ટાપણું જ છે...** આ લ્યો. સમજાણું કાંઈ? .. ત્યાં લીધું હતું ૨૦૨ ગાથા પ્રવચનસાર. છેને પ્રવચનસાર? જુઓને કેટલો ખુલાસો કરે છે! ૨૦૨ પ્રવચનસાર. **‘સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપને જાણે છે--અનુભવે છે. અન્ય સમસ્ત વ્યવહારભાવોથી પોતાને ભિન્ન જાણે છે.’** વિકલ્પમાત્રથી ભિન્ન. **‘જ્યારથી તેને સ્વ-પરના વિવેકરૂપ ભેદ જ્ઞાન પ્રગટ થયું હતું ત્યારથી જ તે સકલ વિભાવભાવોનો ત્યાગ કરી ચૂક્યો છે...’** સકલ વિભાવભાવોનો દષ્ટિમાં તો ત્યાગ છે. વ્યવહાર પૃથક્ છે. **‘અને ત્યારથી જ એણે ટંકોત્કીર્ણ નિજભાવ અંગીકાર કર્યો છે.’** આહા..હા..! વિભાવભાવને છોડ્યો છે અને ત્રિકાળી સ્વભાવને આદર્યો છે એમ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં ત્રિકાળી સ્વભાવનો આદર છે, વિભાવનો ત્યાગ છે. આહા..હા..! સકળ વિભાવનો ત્યાગ.

એ જ લીધું છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. જો તમે એમ કહો કે વિભાવનો ત્યાગ. તો વિભાવનો ત્યાગ તો દષ્ટિ વિના તો એકલું ચોથેથી છે અને છઠ્ઠેથી ત્યાગ છે એ આવ્યું હતુંને ભાઈ! છઠ્ઠે એ પ્રમાણે હોય તો અસ્થિરતાનો ત્યાગ ત્યાં હોય. અસ્થિરતાનો ત્યાગ છે. બહુ લીધું છે સારું. વિભાવનો ત્યાગ તો દષ્ટિની અપેક્ષાએ તો ચોથેથી છે. પણ હવે છઠ્ઠે? અસ્થિરતાનો જે વિભાવનો ત્યાગ મન-વચન-કાયાથી છે એનો ત્યાગ છે. છે એમાં કાંઈ? હવે આવી જાય તો આવી જાય ભેગું. એમ કહે છે. ઓલા કહે કે વસ્ત્ર-પાત્ર હોય અને આમ અને એનો રાગ પણ હોય નહિ (પણ) રાગનો અભાવ તો ચોથેથી થઈ ગયો છે. હવે અહીં અસ્થિરતામાં રાગનો ત્યાગ ન હોય અને મુનિપણું આવી જાય એમ કેમ બને? અને અસ્થિરતાના રાગનો મન, વચન અને કાયાથી ત્યાગ થાય ત્યાં એને નિમિત્તના વસ્ત્ર-પાત્ર હોઈ શકે નહિ. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જ ન હોય એને. સમજાણું કાંઈ? લીધું છે પાઠમાં. પાઠમાં. બહુ કામ કર્યું છે ટોડરમલે વસ્તુને સિદ્ધ કરવા ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં. સત્ય તો સત્ય જ છે એમાં શું છે? ગૃહસ્થાશ્રમમાં હોય કે ચક્રવર્તીના રાજ એને દષ્ટિમાં ક્યાં ફેર છે? તિર્યંચનું સમકિત અને સિદ્ધનું સમકિત બેય સરખા છે. લે! સમ્યગ્દર્શનમાં ક્યાં ફેર છે? સ્થિરતામાં ફેર છે. હવે એને તમે ત્યાગ કહી દ્યો છઠ્ઠે ગુણસ્થાનેથી તો ત્યાગ તો આ દષ્ટિથી તો પહેલેથી ત્યાગ છે એને. હવે અસ્થિરતાથી ત્યાગ થવો જોઈએ એને. સ્વભાવની સ્થિરતા કરીને અસ્થિરતા છૂટવી જોઈએ. એને અસ્થિરતા છૂટે એને આવા નિમિત્તના સંયોગો હોઈ શકે નહિ. વસ્ત્ર અને પાત્ર હોઈ શકે જ નહિ. એવી જ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ?

છેને? **'નિજ ભાવ અંગીકાર કર્યો છે. તેથી તેને નથી કાંઈ ત્યાગવાનું રહ્યું કે 'નથી કાંઈ ગ્રહવાનું--'** 'કાંઈ ત્યાગવાનું રહ્યું કે **'નથી કાંઈ ગ્રહવાનું--અંગીકાર જ ન રહ્યું. સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં,...'** જુઓ આ સિદ્ધાંત છે. અહીં આ છે. આ ઠેકાણે આ. શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાની અપેક્ષાએ. અહીં એ વાત આવી. **'સ્વભાવદૃષ્ટિની અપેક્ષાએ આમ હોવા છતાં, પર્યાયમાં તે પૂર્વબદ્ધ કર્મોના ઉદયના નિમિત્તે અનેક પ્રકારના વિભાવભાવરૂપે પરિણમે છે.'** લ્યો, સમજાણું કાંઈ? નિમિત્તના સંગમાં જતાં એવું પરિણમન એને થાય છે. આહા..હા..! **'એ વિભાવ પરિણતિ નહિ છૂટતી દેખીને તે આકુળવ્યાકુળ પણ થતો નથી...'** ભૂમિકા પ્રમાણમાં વિભાવનું પરિણમન હોય છે. આહા..હા.! વિભાવનું પરિણમન જ પોતે આકુળતાવાળું છે. એ આકુળતાવાળું થયું માટે આકુળતા થાય છે એમ નથી. પોતે આકુળતા થઈ એટલે આકુળતા છે. **'તેમ જ સમસ્ત વિભાવ પરિણતિને ટાળવાનો પુરુષાર્થ કર્યા વિના પણ રહેતો નથી.'** એ પુરુષાર્થ કર્યા વિના રહેતો નથી, છે તો ખરીને? ત્યારે ટાળવાનો પ્રયત્ન કરે છેને? લે **'પરિણતિને ટાળવાનો પુરુષાર્થ...'** ભાષા તો એમ જ આવેને? સ્વભાવમાં .. ઉગ્રપણે લેવાનો પ્રયત્ન જ છે એમ કહે છે. એટલે એટલી વિભાવ પરિણતિ ટળતી જાય છે.

**'સકલ વિભાવપરિણતિ રહિત સ્વભાવદૃષ્ટિના જોરરૂપ પુરુષાર્થથી...'** જોયું? **'સકલ વિભાવપરિણતિ રહિત સ્વભાવદૃષ્ટિના જોરરૂપ પુરુષાર્થથી ગુણસ્થાનોની પરિપાટીના સામાન્ય ક્રમ અનુસાર તેને અશુભ પરિણતિની હાનિ થાય છે અને પછી ધીમે ધીમે શુભ પરિણતિ પણ છૂટતી જાય છે. આમ હોવાથી તે શુભરાગના ઉદયની ભૂમિકામાં ગૃહવાસનો અને કુટુંબનો ત્યાગી થઈ વ્યવહારરત્નત્રયરૂપ પંચાચારોને અંગીકાર કરે છે.'** એટલે રાગ છેને. લ્યો, પંચાચાર રાગ છે. જ્ઞાનાચાર, દર્શનાચાર. નિશ્ચયની વાત નથી આ વ્યવહારની વાત છે. **'જોકે જ્ઞાનભાવથી તે સમસ્ત શુભાશુભ ક્રિયાઓનો ત્યાગી છે.'** જોયું? સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાનભાવથી તો એ શુભાશુભભાવનો ત્યાગી જ છે. **'તોપણ પર્યાયમાં શુભરાગ નહિ છૂટતો હોવાથી તે પૂર્વોક્ત રીતે પંચાચારને ગ્રહણ કરે છે.'** સાવદ્ય યોગનો ત્યાગ કરે છેને? કે શુભભાવનો પણ ત્યાગ કરે છે પચ્ચખાણમાં? પહેલો શુભભાવનો ત્યાગ કરે તો શુદ્ધ એકલો... ભારે .. જૈનદર્શનની.. એકકોર કહે જ્ઞાનની (દૃષ્ટિની) અપેક્ષાએ તો બધો ત્યાગ થઈ ચૂક્યો છે જાઓ. પણ ચારિત્રની અપેક્ષામાં. આહા..હા..! જ્યાં સુધી એને રાગ થાય છે ત્યાં સુધી તેનો કર્તા પરિણમન છે એનું. આહા..હા..! વીતરાગનો માર્ગ એને એ દુરાગ્રહ કરે એ ન ચાલે. જેમ છે એમ એને જાણવો જોઈએ.

એ અહીં કહે છે જુઓ, શું કીધું જુઓ, **'શ્રુતજ્ઞાનીને...'** ઇ અહીં આ આવ્યું. ત્યાં ઓલો સ્વભાવની દૃષ્ટિથી કહ્યું હતું, ભાઈ! **'શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાનની અપેક્ષાએ તો જ્ઞાતાદૃષ્ટાપણું જ છે અને ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે...'** લ્યો, ભાવમાં હોં. આહા..હા..!

**'તેટલો ઘાત છે...'** જોયું? એટલે શાંતિનો ઘાત છે. આહા..હા..! એનો અર્થ શું થયો? રાગાદિ છે. એટલી શાંતિ ત્યાં બળે છે. સમજાણું કાંઈ? હવે ઓલામાં એમ કહ્યું કે ભાઈ! વ્યવહારનું નિમિત્ત છે એ કાંઈ વિરોધ નથી એની પર્યાયથી. ભાઈ! એમ આવ્યું હતું. એની પર્યાયમાં એ વ્યવહારનો વિરોધ નથી, પણ એટલો હોય છતાં એની પર્યાયને, વર્તમાન પર્યાયને દખલ નથી કરતો. નવી ઉત્પન્ન ન થાય વિશેષ એ જુદી વાત છે. એ આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સાધકને (તે) બાધક નથી માટે એને વ્યવહારે મૈત્રી પણ કહેવામાં આવે છે. આવે છેને ઇ? પણ છે ઇ ઉત્પન્ન થયેલો રાગ શાંતિને ઘાત કરતો ઉત્પન્ન થયો છે. આહા..હા..! અને બાધકપણું જરીએ ન હોય તો તો સાધક કહેવાય શી રીતે? સાધક કહ્યું હતું હમણા. ભાઈએ કહ્યું હતું. રામજીભાઈએ કહ્યું હતું નહિ? રામજી .. હમણા કહ્યું હતુંને અંદર કે સાધક છેને? એમ કહ્યું હતું. તમે કહ્યું હતું? કોણે કહ્યું હતું? રામજીભાઈ કહે છે. સાધક છેને કહે. એટલે ત્યાં (સાથે) બાધકપણું છેને એમ. આહા..હા..! ભાઈ! આવી વાત છે. સાધ્ય પૂર્ણ થઈ ગયો પછી એને કાંઈ રહ્યું નથી. ... તોપણ કહે છે જેટલો ઉદય છે એટલો સંસાર છે. આહા..હા..! કેવળીને પણ જેટલો ઉદય છે એટલો સંસાર છે. આહા..હા..! 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ, ત્યાં ત્યાં તે તે આચરે આત્માર્થીજન એ.' સમજાણું કાંઈ? જેને પોતાનું કામ કરવું છે એને આવા હઠ શા?

મુમુક્ષુ :- એ સામું આપણને કહે...

ઉત્તર :- ના, આ તો વસ્તુસ્થિતિની વાત છે. એમાં આ વસ્તુ જ આવી છે ક્યાં પ્રશ્ન છે?

એ કહેશે જુઓને. **'ચારિત્રની અપેક્ષાએ પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય છે તેટલો ઘાત છે...'** ત્રણ કષાયનો ઉદય છે ચોથે એટલો ઘાત છે. પાંચમે બેનો ઉદય એટલો ઘાત છે, છઠ્ઠે એકનો ઉદય એટલો ઘાત છે. આહા..હા..! તો ઘાત છે તો વેદન થતું હશે ત્યારે ઘાત થતો હશે? કે વેદન થયા વિના ઘાત? આહા..હા..! તેટલો ઘાત છે. લે! અહીં કહે છે કે કાંઈ ન મળે સમકિતીને. પુણ્ય-પાપ પણ નથી અને બંધન પણ નથી.

મુમુક્ષુ :- એનો ખુલાસો કરે છે.

ઉત્તર :- એનો ખુલાસો કરે છે. કઈ રીતે કર્યું છે? આહા..હા..! જેટલો પ્રતિપક્ષી કર્મનો જેટલો ઉદય ચારિત્રની અપેક્ષાએ હોં. ઓલું શ્રુતજ્ઞાનીને જ્ઞાન-શ્રદ્ધાની અપેક્ષાએ વાત હતી જ્ઞાતા-દૃષ્ટાપણે. હવે ચારિત્રની અપેક્ષાએ? આહા..હા..! દૃષ્ટિની અપેક્ષાએ રાગને હેય કહ્યું.

મુમુક્ષુ :- છે જ નહિ

ઉત્તર :- છે નહિ એમ કીધું લ્યો. જ્ઞાનની અપેક્ષાએ રાગને જ્ઞેય કહ્યું, ચારિત્રની અપેક્ષાએ રાગને ઝેર કીધું. ઇ વાત છે આ. બીજી વાત તો ઘણા વર્ષ પહેલા ત્યાં લખાણી હતી ઉદયપુરમાં ચાકળામાં. પંચ કલ્યાણક થયુંને એક ચાકળો હતો ત્યાં. એમાં આ લખાણ હતું 'દૃષ્ટિની અપેક્ષાએ

રાગ છે જ નહિ. જ્ઞાનની અપેક્ષાએ રાગ જ્ઞેય છે, ચારિત્રની અપેક્ષાએ રાગ ઝેર છે.' સમજાણું કાંઈ? એ આત્મધર્મમાં આવી ગયું છે લ્યો. ઘણા વર્ષ પહેલાની વાત છે. ત્યાં ચાકળો કર્યો હતો ઉદયપુર. આહા..હા..!

**'તથા તેને નાશ કરવાનો ઉદ્યમ પણ છે.'** ઘાત છે કે નહિ? છે એને ટાળવાનો ઉદ્યમ હોય કે ન હોય એને? આહા..હા..! બરાબર આજ આવ્યું સામે આ. **'જ્યારે તે કર્મનો અભાવ થશે ત્યારે સાક્ષાત્ યથાખ્યાત ચારિત્ર થશે અને ત્યારે કેવળજ્ઞાન થશે.'** લ્યો. આહા..હા..! ત્યારે તો સ્વરૂપની રમણતા પૂરી થઈ આહા..હા..! પછી થઈ. પછી એને રાગનું પરિણમન અને રાગનું વેદન બેય એને હોતું નથી. આહા..હા..!

**'ત્યારે કેવળજ્ઞાન થશે. અહીં સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે...'** હવે જ્ઞાની કેમ કહ્યું એનો ખુલાસો કરે છે. ઓલું તો ત્યાં જ્ઞાતા-દૃષ્ટાપણું કઈ રીતે કેમ કહ્યું હતું? છતાં ત્યાં દોષનો ભાવ ઉત્પન્ન થાય છે માટે ત્યાં ઘાત પણ છે. છતાં એને પર્યાયદૃષ્ટિએ ઘાત છે એમ કીધું. વસ્તુની દૃષ્ટિએ એ ઘાત પણ ગણવામાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે.'** લ્યો, ઓલા કહે કે નિર્વિકલ્પ આનંદમાં હોય ત્યારે તે જ્ઞાની અને સવિકલ્પ આવ્યો એટલે અજ્ઞાની. લે! એવું લખ્યું છે ઓલા જ્ઞાનસાગરે. ગુજરી ગયાને? પંડિત હતા. ... બ્રહ્મચારી પહેલા હતા. .. પંડિત. છે બ્રહ્મચારી ક્ષુલ્લક અને પછી સાધુ. ગુજરી ગયા. અરે..! આ થોડા કાળમાં કામ લેવા છે મોટા. આહા..હા..! કાળ ચાલ્યો જાય છે. એને કામ કરવું છે પૂરું. પૂરાનો પૂરોનો નિર્ણય અને શાંતિ અને સ્થિરતા કરવાની છે એને. આહા..હા..! અને ક્યાંય પણ ખોડખાપણ જો જરી રહી. (તો) કામ નહિ થાય. અસ્થિરતાની ખોડખાપણ રહી તો એનું કામ ચાલશે. દંસણ ભટ્ઠા સિંજતિ નહિ. દંસણ ભટ્ઠા ન સિંજતી. આ જુઓને .. તે વાત. ચારિત્ર ભટ્ઠા સિજંતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એના ખ્યાલમાં છે કે આ રાગ છે, આ સ્વરૂપથી ખસી જાય છે. આહા..હા..! ભટ્ઠા-ભટ્ઠા કીધું એને. દંસણ ભટ્ઠા-ભટ્ઠા. એ જ ભ્રષ્ટ છે. એ ચારિત્રથી ભ્રષ્ટ, દર્શનથી ભ્રષ્ટ, જ્ઞાનથી પણ ભ્રષ્ટ. ત્રણેથી ભ્રષ્ટ છે. ચારિત્રથી ભ્રષ્ટ તે દર્શન અને જ્ઞાનથી ભ્રષ્ટ નથી. સમજાણું કાંઈ? આવું બધું ક્યાં જાવું સાંભળીને? આ બિચારા વાડાની બાયું. ભોળીયું બાયું હોય બેઠી.. સામાયિક કરીને બેસે ઓલા ગડિયાઓ થઈ ગયો ધર્મ. .. નહિ એય..! ત્યાં કણબીવાડમાં. ત્યાં બેસતા અને છોકરાઓ સાંજે ફરવા જઈએને તો બેઠા હોય ડોશીયું .. બાંધી. લ્યો. બધી વાતું પણ કરે. પૂરું થઈ ગયું થઈ ગયું સામાયિક લ્યો. આહા..હા..! હવે આવાને ન સમજાય તો કાંઈ શું કરવું ... ન સમજાય એમ હોય? કેવળજ્ઞાન લેવાની તૈયારી (તાકાત) એની જ્યાં. કેવળજ્ઞાન લેવાની તાકાતવાળો આત્મા એને આવું ન સમજાય એમ કેમ કહેવાય? દરકાર કરી નથી એણે. સમજાણું

કાંઈ?

એ **'અહીં સમ્યગ્દષ્ટિને જ્ઞાની કહેવામાં આવે છે તે મિથ્યાત્વના અભાવની અપેક્ષાએ કહેવામાં આવે છે. જ્ઞાનસામાન્યની અપેક્ષા લઈએ તો તો સર્વ જીવ જ્ઞાની છે...'** જ્ઞાનસ્વભાવ બધાનો છે. કોઈ જડ છે? ઇ અપેક્ષાએ બધાને જ્ઞાની કહેવાય આત્માને. જ્ઞાનસ્વભાવની અપેક્ષાએ. **'વિશેષ અપેક્ષા લઈએ તો જ્યાં સુધી...'** જુઓ, ઠેઠ વિષય લીધો. **'કિંચિત્માત્ર પણ અજ્ઞાન રહે ત્યાં સુધી જ્ઞાની કહી શકાય નહિ'** બારમાં સુધી પણ હજી અજ્ઞાન કહેવાય. અજ્ઞાન શબ્દે અલ્પજ્ઞાન, ઓછું જ્ઞાન. બાર અંગમાં આવે છેને બાર? અજ્ઞાન. ઓછું છેને જ્ઞાન એટલું? વિપરીત નહિ. .. અજ્ઞાન ત્યાં વિપરીત નથી, ઓછું છે. લ્યો. **'જેમ સિદ્ધાંતમાં ભાવોનું વર્ણન કરતાં, જ્યાં સુધી કેવળજ્ઞાન ન ઊપજે ત્યાં સુધી અર્થાત્ બારમા ગુણસ્થાન સુધી અજ્ઞાનભાવ કહ્યો છે.'** ઇ અજ્ઞાનભાવ એટલે ઓછું જ્ઞાન. વિપરીત જ્ઞાન એમ નહિ. **'માટે અહીં જે જ્ઞાની-અજ્ઞાનીપણું કહ્યું...'** કેવો ખુલાસો કર્યો! આટલો ખુલાસો તોય પણ મારા હજી ... સમયસારની ટીકા કર◌ે. નિર્વિકલ્પ સમાધિમાં પડ્યો હોય ત્યારે એને જ્ઞાની કહેવાય. વિકલ્પ ઉઠ્યો જાવ અજ્ઞાની. ૭૨ ગાથાનો અર્થ છે લ્યો. જ્યાં સુધી આસ્રવથી નિવર્તે નહિ.

મુમુક્ષુ :- ઇ વખતે પણ આસ્રવથી નિવર્તે જ છેને.

ઉત્તર :- નિવર્ત્યો છો સાંભળને મારા. અભિપ્રાયથી જ્યાં સુધી નિવર્તે નહિ એમ વાત છે ત્યાં. ત્યારે કહે બિલકુલ આસ્રવ કરતો ન હોય તો આસ્રવથી નિવર્ત્યો કહેવાય. એમ ૭૨ ગાથાનો અર્થ છે. એમ છે જ નહિ. આહા..હા..! પુણ્ય અને પાપના પરિણામ આસ્રવ છે, એની રુચિ છે ઇ છોડીને જ્યારે સ્વભાવની દૃષ્ટિ કરે તો તેને પુણ્ય-પાપના ભાવ છૂટી ગયા બધા. દૃષ્ટિની અપેક્ષાએ તો એને અશુદ્ધ સ્વભાવ છે જ નહિ. અને આ ચારિત્ર અપેક્ષાએ લ્યો તો ત્યાં ભાવ થોડા છે. એનાથી શાંતિનો ઘાત પણ થાય છે. જ્ઞાન, દર્શન અને વીર્ય ઓછું પણ છે. એમ ન હોય તો ચારિત્ર હોવું જોઈએ.

**'તે સમ્યક્ત્વ-મિથ્યાત્વની અપેક્ષાએ જ જાણવું.'** જ્ઞાની-અજ્ઞાનીની જે અહીંયાં ઓલું કહ્યું છે તે સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની અપેક્ષાએ. મિથ્યાદૃષ્ટિ તે અજ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ તે જ્ઞાની. ઓછું-વત્તું જ્ઞાન હોય એની અહીંયાં અપેક્ષા છે નહિ. આહા..હા..! દેડકો પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની. અને અગિયાર અંગ અને નવ પૂર્વનો ભણનાર મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની. આવું ભણ્યો હોય તોપણ. .. પોતાને ભણ્યો નહિ. આહા..હા..! મહાપ્રભુ ચૈતન્ય સ્વભાવથી ભરેલો એનો તો આદર કર્યો નહિ. અલ્પજ્ઞ અને રાગનો આદર કર્યો એ ભણ્યો શું? આહા..હા..! એટલે આ અપેક્ષાએ એને જ્ઞાની-અજ્ઞાની કહેવામાં આવે છે. હવે બીજી વાત લેશે. એ વાત ત્યાં પૂરી કરી. હવે ઈશ્વરકર્તા માને છેને? એ વસ્તુ ખોટી છે એમ હવે સિદ્ધ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૯, મંગળવાર, તા.૨૪-૦૭-૧૯૭૩
## ગાથા-૩૨૦, પ્રવચન-૪૪૮

જયસેનાચાર્યની ટીકાની વ્યાખ્યા છે.

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव॥320॥**

'એજ અકર્તૃત્વ અને ભોક્તૃત્વભાવને વિશેષપણે દઢ કરે છે.' આત્મા રાગાદિનો કે પરનો કર્તા નથી અને એનો ભોક્તા પણ નથી. ત્રિકાળ શુદ્ધનયની દૃષ્ટિથી વાત છેને? વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ એ રાગનો કર્તા નથી અને રાગનો ભોક્તા પણ નથી. પર્યાયથી જોવે તો ચૌદમા ગુણસ્થાન સુધી ચારિત્રમાં દોષ છે હજી. શું કીધું? ચારિત્ર પૂર્ણ નથી. ચૌદમા ગુણસ્થાન સુધી પણ હજી ચારિત્રમાં દોષ છે. .. ઉદય છે ત્યાં.. પૂર્ણ ચારિત્ર જો થઈ જાય તો મુક્તિ થઈ જાય. સમજાણું કાંઈ? અહીં કહે છે કે શુદ્ધનયે આત્માના સ્વભાવની અપેક્ષાએ જોઈએ તો એ રાગનો કર્તા નથી, રાગનો વેદક નથી. એની પર્યાયનો એ કર્તા અને ભોક્તા નથી. કેવી વ્યાખ્યા! સમજાણું કાંઈ? ત્રિકાળ વસ્તુ જે ધ્રુવ ચૈતન્ય એની જેને દૃષ્ટિ થઈ તો એ દૃષ્ટિવંત પણ પરનો કર્તા-ભોક્તા નથી. જેમ વસ્તુ કર્તા-ભોક્તા નથી એમ દૃષ્ટિવંત પણ પરનો કર્તા-ભોક્તા નથી. 'એમ અકર્તૃત્વ અને ભોક્તૃત્વભાવને વિશેષપણે દઢ કરે છે.' ઝીણી વાત છે, ભાઈ! આ તો નવરંગભાઈ કહ્યું કે ભાઈ આ વાંચો. એની વાત સાચી. ... આહા..હા..!

'**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव।**' 'જેવી રીતે નેત્ર કર્તા...' નેત્ર એટલે કર્તા એમ. 'દૃશ્ય વસ્તુને સંધુકણ કરનાર પુરુષ અગ્નિરૂપ વસ્તુને કરે છે તેમ નેત્ર કર્તા થઈને કરતું નથી.' આહા..હા..! આ તો દૃષ્ટાંત આપ્યો. ઓલામાં તો ... આ '**दिट्ठी खयं पि णाणं**' શબ્દ ફેર છે. એમ છેને? મૂળમાં ઇ છે. .. શબ્દ પડ્યો છે અને ઓલામાં તો '**दिट्ठी खयं पि णाणं**' એમ છે. '**दिट्ठी खयं पि णाणं**' ત્યારે આમાં '**खयं पि**' એમ છે. એ શબ્દ એટલો ફેર છે અને અહીં વ્યાખ્યા જરી... કહે છે કે જેમ આંખ દૃશ્ય વસ્તુને કરતી અને ભોગવતી નથી અને તપેલા લોખંડના પિંડની માફક. ગોળો લોઢાનો હોય અને જેમ અગ્નિથી તપે અને ઉષ્ણ થાય. 'એમ અનુભવરૂપે વેદતું પણ નથી.' આહા..હા..! એ આંખ અગ્નિને કરતું પણ નથી અને અગ્નિને વેદતું પણ નથી. એવો જે આંખનો-નેત્રનો દૃશ્ય પદાર્થને દેખવાનો સ્વભાવ છે.

'તેવી રીતે...' એ તો દૃષ્ટાંત થયો. 'શુદ્ધજ્ઞાન પણ...' શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાન

પરિણત જીવ પણ. ત્રિકાળ શુદ્ધજ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા એને ને એને શુદ્ધજ્ઞાન સ્વભાવની દૃષ્ટિ થઈ 'શુદ્ધજ્ઞાન પરિણત જીવ પણ...' એ પર્યાયમાં આવ્યું. દ્રવ્ય હતું એ શુદ્ધ છે એ કાંઈ કરતું-ભોગતું નથી. એમ શુદ્ધ જ્ઞાન પરિણત ધર્મી જીવ 'પોતે શુદ્ધ ઉપાદાનરૂપે કરતો નથી.' શુદ્ધ ઉપાદાનરૂપે કરતો નથી. આહા..હા..! 'અને વેદતો પણ નથી.' શુદ્ધ ઉપાદાન પોતાનો આનંદસ્વરૂપ ભગવાન એ તો રાગને રચે નહિ અને રાગને વેદે પણ નહિ.

આજ અધિકાર આવ્યો છે આમાં જરી. .. શું લખ્યું? ભાઈ! પુણ્ય અને પાપ તો બેય છે તો હેય. તો કુંદકુંદચાર્યનો ભાવ તો આ છે. પણ અત્યારે કેટલાક પુણ્યવંત પ્રાણીને પુણ્યશાળી કહીએ છીએ. તો ઇ વાત સાચી નથી. પુણ્યશાળી તો જેને રાગ થાય એ પુણ્યશાળી એ પણ આત્મા નહિ. એ પુણ્યના પરિણામનો કર્તા અને ભોક્તા એ આત્મા નહિ. એ વાત કરી ખરી પહેલી પણ પાછી ફેરવી નાખી. એ આવું લક્ષ અત્યારે થયું છે ખરું કેટલાકને સ્વાધ્યાય થતાં, પણ વ્યવહાર અને નિમિત્તની એકાંતતાનો ભય લાગ્યો એને. માટે ઉપાદાન અને નિશ્ચયના એકાંતમાં ચાલ્યા ગયા. ... પણ અહીં તો કહે છે કે શુદ્ધ ઉપાદાનનું કાર્ય થાય એમાં પરનો કોઈ અધિકાર જરી છે નહિ. પરનો કર્તા નથી અને શુદ્ધ ઉપાદાનમાં પરને લઈને કાંઈ થાય એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અશુદ્ધ ઉપાદાનની પર્યાયને શુદ્ધ ઉપાદાન કરે એમ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? અને શુદ્ધ ઉપાદાન પોતાનું કાર્ય કરે એટલે એને અશુદ્ધનો રાગની મંદતા અને નિમિત્તની અનુકૂળતા હોય તો એ કાર્ય કરે એમ નથી. પંડિતજી! અહીં સુધી આવ્યું. આજ સુધી આવ્યું. કૈલાસચંદજીએ નાખ્યું છે. એમ કે ભગવાનની પાસે એમ કહો કે પ્રભુ! જ્યાં સુધી મને મોક્ષ ન થાય ત્યાં સુધી તમે મારા હૃદયમાં રહેજો, શુભભાવ રહેજો, આ રહેજો. આવે છેને એક ભક્તિમાં આવે છે. ભક્તિમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવેને પણ ઇ હોય છે. આવે છેને. હોય છે એ જુદી વાત છે. એનાથી અંદર નિશ્ચયને લાભ થાય છે એમ નથી. સ્તવન-ભક્તિમાં આવે છેને એ નાખ્યું છે. કે મારા પાછા બોલે આવું અને માને પાછું બીજું. એમ કહે છે. ભક્તિમાં છે.

'અર્હંત માન્યતાકે સ્વયં કી જાત રક્ષિત એવં વિનષ્ટ જગતકે .. ગતિ કે સમાન પ્રતિ.. કુંદકુંદવાણી કે અનુસાર સ્વાધ્યાય.. વ્યક્તિઓકી ઇસઓર દૃષ્ટિ તો ગયી હૈ. કિંતુ વ્યવહાર એકાંત વા નિમિત્ત એકાંત સે ચલિત હોકર નિશ્ચય એકાંત, ઉપાદાન એકાંતકી ઓર ચલે જાતે હૈ. ઔર પ્રતિદિન તીર્થરાજ મહાવીર પ્રભુકી એસે સ્તુતિ કરતે હૈ.' આવે છેને સ્તુતિમાં? 'પ્રભુ મોહી આપ સદા વસીએ.' આતે હૈ? 'પ્રભુ મોહે આપ સદા વસીએ જબ .. વસુ કર્મ નહિ..તબલો તુમ ધ્યાન હી વર્તો ... ચિંતન ચિત રચો. તબલો વ્રત ચારિત્ર .. હૈ તબલો શુભભાવ સુગહતો હૈ.' એ તો એનો વ્યવહાર એનો હોય છે એમ જણાવ્યું છે. એથી વ્યવહારથી એને લાભ થાય એમ છે? ઉપાદાનને

લાભ થાય છે વ્યવહારથી? આહા..હા..! આખી વાતમાં બહુ ફેરફાર થઈ ગયો. 'તબલો સત્સંગત નિત્ય રહો, તબલો મૌન .. રહ્યો, જબલો નહિ નાશ કરી અરિકો શિવનાર વરો સમતા...' ત્યાં સુધી રહો આવો વ્યવહાર. એ તો હોય છે. અનુભવ થયો નિશ્ચયનો ઉપાદાનમાં. તોપણ એને જ્યાં સુધી પૂર્ણ શુદ્ધતા ન હોય ત્યારે આવો ભાવ હોય, વ્યવહારે હોય છે ખરો. પણ એ વ્યવહારથી અહીં ઉપાદાનમાં કાંઈ લાભ થાય છે એમ નથી. આ વાંધા મોટા. સમજાણું કાંઈ?

બે નય છે તો નયનો વિષય નથી? ઇ અહીં કહે છે જુઓ કે 'શુદ્ધ ઉપાદાનરૂપે કરતો નથી.' આહા..હા..! અશુદ્ધ ઉપાદાનપણે થવું એ તો વ્યવહારનો વિષય થયો. શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ પ્રભુ પોતાના શુદ્ધ ઉપાદાનથી રાગને કરતો નથી તેમ વેદતો નથી. આહા..હા..! 'અથવા' **'दिट्ठी सयं पि णाणं'** લ્યો આવ્યોને **'सयं'**નો અર્થ? ... છે?

મુમુક્ષુ :- પહેલા સ્વયં આવ્યું હતું અને હવે સંયમ.

ઉત્તર :- આમાં **'सयं'** છે. શબ્દ **'सयं पि'** છે. ભાષામાં **'सयं पि णाणं'** માત્ર દૃષ્ટિ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ. લ્યો છે. શબ્દમાં ભૂલ પડી ગઈ. હિન્દીમાં? એમાં શું છે?

મુમુક્ષુ :- જ્ઞાનચક્ષુનો...

ઉત્તર :- **'सयं'** કીધું બરાબર છે. અહીં ... કારણ કે **'खयं पि'** ક્ષાયિક જ્ઞાન પણ એમ છેને મૂળ તો? એટલે બે-ત્રણ વાત લીધી. દીઠી શુદ્ધ ઉપાદાન દ્રવ્ય જે છે એ તો રાગને કરતું નથી. એક વાત. એની દૃષ્ટિવંત જે પરિણમન થયેલ છે એ જીવ પણ રાગને કરતું-ભોગવતું નથી. ત્રીજી. કે ક્ષાયિક જ્ઞાન પણ રાગને કરતું-ભોગવતું નથી. સમજાણું કાંઈ? ત્રણ બોલ થયા. 'માત્ર દૃષ્ટિ નહિ...' એમ. દ્રવ્ય સ્વભાવ, મૂળ સ્વભાવ એ તો દૃષ્ટિ રાગનો કર્તા-ભોક્તા નથી. એમ દૃષ્ટિએ પરિણમેલ જીવ પણ એ રાગનો કર્તા-ભોક્તા નથી. એમ ક્ષાયિક જ્ઞાની પર્યાયમાં પણ. એને તો છે જ નહિ. સમજાણું કાંઈ?

'નિશ્ચયથી કર્મનો અકારક તેમ અવેદક પણ છે...' આહા..હા..! જુઓ, અહીં કીધું કે ચૌદમા ગુણસ્થાન સુધી પણ. દ્રવ્યસંગ્રહમાં ભાઈ આવે છે. માર્ગણામાં આવે છેને? ... નહિ? **'सव्वे शुद्धा शुद्धनया'** એમ આવે છે. ચૌદમા ગુણસ્થાન સુધી પણ ચારિત્રનો દોષ છે.

મુમુક્ષુ :- બધા..

ઉત્તર :- એને એટલો દોષ આખું ચારિત્ર થયુંને. આખું પૂર્ણ ચારિત્ર થયું નથી. ઓલું ચારિત્ર થયું, પણ આત્માનું આખું ચારિત્ર થયું નથી. આહા..હા..! ત્યાં સુધી એને દોષ છે. એમ કહ્યું છે. લે! પર્યાયનું જ્ઞાન કરાવવા એ પર્યાયમાં આમ છે એમ જણાવ્યું છે. અહીંયાં તો ક્ષાયિકજ્ઞાન પણ એ દોષને કરતો નથી અને દોષને વેદતો પણ નથી. સમજાણું કાંઈ? આટલા બધા ભગવાનજીભાઈ કહે કેટલા પડખા ફરે આમાં? એ ગાથા છેને ૧૩મી દ્રવ્યસંગ્રહ. એમાં આવે છે. ચારિત્રનો હજી દોષ છે એને. છેલ્લે સમયે એનો દોષ ટળશે. જ્યારે પૂર્ણ ચારિત્ર થશે ત્યારે તરત મોક્ષ થશે

પર્યાયનું જ્ઞાન કરાવવા એ વાત કરી. અને સ્વભાવની દૃષ્ટિવંત કે સ્વભાવ પોતે કે સ્વભાવ પૂર્ણ પર્યાય જેની પ્રગટી કેવળજ્ઞાનની હોં. જ્ઞાન એ પુરુષાર્થ. એ કર્તા અને ભોક્તા છે નહિ ક્ષાયિક જ્ઞાન.

'તેવો હોતો થકો શુદ્ધ જ્ઞાન પરિણત જીવ શું કરે છે?' બે શુદ્ધ જ્ઞાનપરિણત આવ્યા. એક નીચે શુદ્ધજ્ઞાન પરિણતવાળો સમકિતી અને એક શુદ્ધજ્ઞાનનો પરિણતવાળો કેવળજ્ઞાની. બે આવ્યા. શું કીધું ઇ? બે આવ્યાને? એક તો આવ્યો એ તો શુદ્ધ વસ્તુ છે. આ તો પરિણતના બે ભાગ આવ્યા-- એક સમ્યગ્જ્ઞાની-શ્રુતજ્ઞાની એ શ્રુત પરિણત છે. એ પણ રાગ-દ્વેષનો કર્તા નથી. બહિરાત્માની અહીં તો વાત છે નહિ. બે છે. આહા..હા..! વસ્તુ પોતે ત્રિકાળ રાગનો કર્તા નથી. હવે ઇ વસ્તુદૃષ્ટિવંત પણ સમ્યગ્જ્ઞાની નીચે અંતરાત્મા શ્રુતજ્ઞાની પણ રાગનો કર્તા અને ભોક્તા નથી. એમ પૂર્ણ જ્ઞાન થયું એવા કેવળજ્ઞાની પણ રાગના કર્તા અને ભોક્તા નથી. એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..!

'શ્રુતજ્ઞાન પરિણત જીવ શું કરે છે ત્યારે?' **'जाणइ य बंधमोक्खं'** જાણે છે. આ જાણે છે ક્રિયામાં, પર્યાયમાં હોં. શ્રુતજ્ઞાની અને કેવળજ્ઞાની બેય **'जाणइ य बंधमोक्खं'** જાણે છે કોને? બંધ-મોક્ષને. રાગાદિ હોય એને જાણે, છૂટે એને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ વીતરાગનો પર્યાય-પર્યાયની સંભાળ લીધી છે અને દ્રવ્યદૃષ્ટિએ તો કાંઈ સંસારની પર્યાયનો કર્તા અને ભોક્તા જીવ છે નહિ. આહા..હા..! અહીં તો એ મોક્ષની પર્યાયનો કર્તા દ્રવ્ય ક્યાં છે? સમજાય છે? આહા..હા..! **'जाणइ य बंधमोक्खं'** આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન. જ્ઞાનથી વાત લીધી છેને અહીંયાં? **'सयं पि णाणं'** અથવા **'खयं पि णाणं'** જ્ઞાનની વાત છેને? જ્ઞાનસ્વરૂપી ભગવાન એ જ્ઞાનરૂપે પરિણમ્યો પછી શ્રુતજ્ઞાનરૂપે પરિણમ્યો કે કેવળજ્ઞાનરૂપે પરિણમ્યો. આહા..હા..! એ બંધને, મોક્ષને જાણે છે. 'માત્ર બંધને મોક્ષને નહિ...' **'कम्मुदयं णिज्जरं चेव'** 'શુભ-અશુભરૂપ કર્મોદયને...' શુભ-અશુભરૂપ કર્મોદયને જાણે અને 'સવિપાક અવિપાકરૂપે...' સવિપાક તો.. અવિપાક પણ .. અને સકામ-અકામરૂપે. જેને જે હોય એ હોં. કેવળીને (અકામ) નિર્જરા ન હોય. નિર્જરા હોય. એ સકામ પણ નથી એક ન્યાયે તો. એ તો પૂર્વના ખરી જાય છે. પણ એને એ જાણે છે અને શ્રુતજ્ઞાની પણ જાણે છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી ગાથા ભાઈ આ તો બહુ છે! અરે..! મગજને કેળવવું પડશે. એમ ને એમ જાડી બુદ્ધિ ન ચાલે અહીં. આહા..હા..! એ શુભ-અશુભ કર્મનો ઉદય, તો ઉદય છેને હજી? અને 'સવિપાક અવિપાક...' જેને લાગુ પડે એટલું. સવિપાક એટલે સમકિતીને પણ, સવિપાક એટલે પુરુષાર્થ સ્વભાવ તરફ છે એટલી સવિપાક નિર્જરા થાય છે અને અવિપાક. .. કરે છે. ... બેય એને પુરુષાર્થ છે. એમ બેય નિર્જરા છે એને. આહા..હા..!

'અને સકામ-અકામ...' બે જુદા પાછા. એ જુદું. સકામ નિર્જરા હોય છે એ પુરુષાર્થથી જે થાય છે એ સકામ છે અને ઇચ્છાનો નિરોધ સાધારણ કોઈ થઈ ગયો. વેપાર-ધંધો કરે સમકિતી.

એમાં જરી આહાર-પાણીને વાર લાગી, બે કલાક મોડું થયું તો ત્યાં આગળ એને અકામ નિર્જરા થઈ. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને જ અકામ નિર્જરા છે એવું કાંઈ નથી અહીં તો કહે છે. જ્ઞાનીને પણ અકામ નિર્જરા હોય છે. એવા કામમાં રોકાણો છે કે જેમાં આહાર-પાણીની વાર લાગી. સમજાણું? એ સકામ નથી. ઇચ્છા નહિ ખાવાની, નહિ પીવાની નથી. છે ઇચ્છા, પણ વાર લાગી કાંઈક બે કલાક. ભગવાનજીભાઈ! ધંધામાં સરખાઈની ... કપડા લેવા આવ્યો હોય બરાબર ચોવીસ હજારના... બે કલાક.. બે હજારની પેદાશ હોય. એ .. હોં. પણ એને એવા કાળમાં થોડી સમતા રાખી છે. ખાવાની ઇચ્છા હોવા છતાં દૂર પડ્યું છે હજી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જેલમાં પડ્યો લ્યોને સમકિતી. કેદમાં પડે કે નહિ? કેદમાં નાખે બહારમાં એવા. આ શ્રેણિક રાજા લ્યોને. એના છોકરાએ નાખ્યો કેદમાં જુઓ. આહા..હા..! ક્ષાયિક સમકિતી ભવિષ્યમાં તીર્થંકર થવાના એનો જીવ .. ત્યાં અકામ નિર્જરા પણ છે અને સકામ પુરુષાર્થથી જે છે એ પણ છે. એને જાણે. ક્ષાયિક છે એને જાણે. એને કરતો નથી. આહા..હા..! ભારે વાત!

'સવિપાક-અવિપાકરૂપે અને સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ...' એમ. બેયને જાણે. ઓલા બંધ-મોક્ષ કીધુંને? બંધને-મોક્ષને જાણે અને આ બે પ્રકારની નિર્જરાને પણ. એમ. ઓલા બંધ-મોક્ષની સાથે લેવું છેને? એને પણ જાણે અને આને પણ જાણે એમ. આહા..હા..! આ કર્મના ઉદયને જાણે અને સવિપાક-અવિપાક નિર્જરાને જાણે. અજાણ્યા માણસને તો આ શું હશે વિપાક ને સવિપાક. ચાર બોલ આવ્યા. સવિપાક. કર્મનો ઉદય છે એ આવીને ખરી જાય છે એ સવિપાક છે. અને પુરુષાર્થથી જે થાય છે એ અવિપાક છે. એ અવિપાકમાં સકામ નિર્જરા પણ ભળી જાય છે. પુરુષાર્થથી જે અંદર થાય સ્વભાવના સાવધાનપણે એને સકામ નિર્જરા છે. ઇચ્છા નથી છતાં ખાવા-પીવ઼ાની અંદર. આહા..હા..! કોતવાલ જેમ ચોરને લઈ જાયને પરાણે? એમ આ એક એવો જ કોઈ ઉદય હોય જેલમાં પડે. આહા..હા..! શ્રેણિક રાજા લ્યોને કેદમાં. જાણે છે હોં. ખરેખર તો એ જાણે છે એમાં. અને ઓલો લઈને આવે છે તોડવા. તો એને એમ થઈ જાય કે આ તો મારો મારવા જાય છે. એ જ્ઞાન મિથ્યાજ્ઞાન નથી. એ જ્ઞાન ક્ષયોપશમમાં ફેર છે એટલે એમ થયું છે. ઉઘાડમાં ફેર છે. ક્ષાયિક સમકિતી તીર્થંકરગોત્ર તો ક્ષણે-ક્ષણે બાંધે છે ત્યાં પણ. આહા..હા..! અને એને ખબર છે કે હું તીર્થંકર થવાનો છું. છતાં. એ શું નામ કીધું? કોણિક. કોણિક-કોણિક દીકરો કોણિક. કોણિક પેટમાં જ્યારે આવ્યો ત્યારે એની માને ડોળો (સ્વપ્ન) આવ્યો. આનું કાળજું. શ્રેણિકનું કાળજું ખાવું છે. એની માને એમ થયું કે અરર..! આમ આવ્યો અને આ માગે છે. પછી તો અભયકુમાર હતા એણે બધું કરી દીધું સરખું. એકકોર રાખીને આમ કાઢી લીધું. એને ખવડાવી દીધું. જાણે છે કે આ .. માતાના પેટમાં આવું કરે આ જીવતો શું કરશે? જ્યાં જન્મ્યો એટલે નાખી દીધો ઉકરડે. જીવતો. એમાં શ્રેણિક આવ્યા. શું થયું? કે આ પ્રમાણે એનો ડોળો

આવ્યો હતો. અરે..! શું કર્યું તમે? એમ ન થાય. ગયા. ઉકરડે નાખી દીધો હતો રાજનો કુંવર. કુંણુ ઘેવર જેવું શરીર. જન્મ્યો અને નાખી દીધો અને કુકડે મારી એને ચાચ. અને લોહીનું .. થયું અને પીડા... પીડા... પીડા.. શ્રેણિક રાજાએ ઉપાડીને ... પીડા ... એની માએ વાત કરી. અરે..! દીકરા! શું કર્યું તે આ? એટલે ઓલો બિચારો છોડવા આવે છે હોં. છોડવા. આને એમ થઈ જાય કે મને મારવા આવે છે. માથુ પછાડ્યું તો દેહ છૂટી ગયો. આહા..હા..! કહે છે કે એ વખતે ઉદયને જાણનાર છે. આહા..હા..! આવી વાત છે. જ્ઞાને સમકિતે જ્ઞાન-શ્રદ્ધાનું કામ પોતે કર્યું. ઉદયે ઉદયનું કામ કર્યું એને જાણ્યું. સમજાણું કાંઈ? લ્યો એને બેય સુખરૂપ હશે? દુઃખરૂપ છે. એને પણ જાણે. આહા..હા..! જ્ઞાન શું કરે? પણ એ તો જ્ઞાનસ્વરૂપી ધ્રુવ આત્મા છે. એ જ્ઞાન શું કરે?

કહે છે એ 'કર્મના સવિપાક, અવિપાક અને સકામ અને અકામ બેય પ્રકારની નિર્જરાને પણ જાણે.' ઉદયને પણ જાણે અને આને પણ જાણે. બંધ-મોક્ષને પણ જાણે અને આને પણ જાણે. સાધક છેને આ? એટલે કર્મનો ઉદય છે. આ તો કેટલું જાણપણું હોય તો એને આ વાત... કાંઈ જાણપણા ન હોય અને એને આ માંડે તો આ શું કહે છે આમાં કાંઈ ખબર નથી પડતી. પંડિતજી! સકામ નિર્જરા અને અકામ નિર્જરા. જાણે. સમકિતી શ્રુતજ્ઞાન પરિણત જીવ. લડાઈ કરવા જાય ત્યાં પણ જ્ઞાની ઉદયને જાણે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! આ ચૈતન્ય(ની દૃષ્ટિ) સહિત વિષયની વાસનાના સંબંધમાં હોય તોપણ તે જ્ઞાની તે રાગને, ઉદયને જાણે છે. સમજાણું કાંઈ? એ ઉદયને કરતો નથી. આહા..હા..! એ ઉદયને વેદતો પણ નથી. આ તો અલૌકિક માર્ગ છે. ચૈતન્યની અંતરમાં નિધાનની નજરું જ્યાં પડી અંદરમાં. આહા..હા..! એ સમ્યગ્જ્ઞાન જે પરિણમ્યું એ તો કહે છે કે આવા કાળમાં પણ એ તો જાણનાર-દેખનાર છે. એ વિષયની વાસનાને કરતો, રચતો પણ નથી અને એને વેદતો પણ નથી. આહા..હા..! ૧૦૨ ગાથામાં આવે છેને જે સમયે કરે તે સમયે વેદે. ૧૦૨ ગાથામાં આવી ગયું. ઘણીવાર આવે છે. આ તો વધારે સ્પષ્ટ કર્યું. જે સમયે રાગ થાય તે સમયે રાગનું વેદન છે. રાગ થાય પહેલે સમયે અને વેદન થાય બીજે સમયે એમ નથી. અને રાગ થાય પહેલે સમયે અને ભાન થાય પછી માટે એને ફેરવે અરે..! આ રાગ છે. એમ નથી. કહે છેને કે ભાઈ! રાગમાં ખ્યાલ આવે .. આ રાગ આવ્યો તો હવે બીજે સમયે છોડે. બીજે સમયે છોડે એ વસ્તુ ક્યાં છે? એ જ સમયે વેદતો નથી અને કરતો નથી. આહા..હા..! એય..! આવી વાતું છે. આહા..હા..!

મોક્ષને પાટણમાં જાતા અનંતા-અનંતા આનંદને વેદવા જાવું છે. એ જીવ કેવો હોય? એમ કહે છે. સમજાણું? એ કાંઈ આલી-દુઆલી ન હોય. આહા..હા..! તીર્થંકરોએ કામ કર્યા, ચક્રવર્તીઓએ કામ કર્યા. એ કામના ફળમાં સાદી અનંત આનંદમાં રહેવું છે. એવા જીવની કેવી ક્રિયા હોય કહે છે. આહા..હા..! એને તો એ રાગ થાય એને જાણે. આહા..હા..! અને રાગ ટળે એને પણ જાણે. ટાળે નહિ. સમજાણું કાંઈ? ભાઈને સમજાય છેને થોડું-થોડું? ... આહા..હા..! ભગવાન છેને આત્મા.

પૂર્ણાનંદનું સ્વરૂપ જેને દૃષ્ટિમાં આવ્યું. આહા..હા..! અને તેની સાથે જે જ્ઞાન થયું એ તો ચાહે તો ગમે ત્રણ પ્રકારના કષાયનો ઉદય હોય, પાંચમાવાળાને બે કષાયનો ઉદય હોય, છઠ્ઠાવાળાને એકનો ઉદય હોય. સંજ્વલન. ... તીવ્ર હોય એનેય જાણે, મંદ હોય તે જાણે. તીવ્ર કરે નહિ, મંદ કરે નહિ. તીવ્રને ટાળે નહિ અને મંદને રાખે નહિ અને મંદને ટાળે નહિ. આવી ચીજ. ...

કહે છે એ નિર્જરાને પણ જાણે છે. એ તો આપણે આમાં આવી ગયું. કેવળ એ શબ્દ આવી ગયોને? કેવળ જાણે છે એમ શબ્દ. કેવળ જાણે છે. જ્ઞાનનો હીરલો જ્યાં પ્રકાશમાં આવ્યો બહાર એ તો કેવળ જાણવાનું જ કામ કરે છે. સમજાણું કાંઈ? કેવળ જ્ઞાનનો કંદ આત્મા એ જ્યાં નજરમાં આવ્યો, નજરે નિધાનને જોયા એ નિધાનને જોનાર આત્મા કહે છે કે ચાહે તો ત્રણ કષાયનો ઉદય હોય તોપણ એને કરતો નથી. આહા..હા..! કેવળીને પૂર્ણ ચારિત્ર નથી. ચારિત્ર બારમે પૂરું થયું. આખું આત્માનું ચારિત્ર દર્શન-જ્ઞાનસહિત આમ થયું નથી. એટલું નથી થયું એને એ જાણે છે, દેખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ચાર કર્મ ટાળ્યા છે અઘાતિએ એને જાણે છે, દેખે છે ઉદયમાં છે માટે એને વેદે છે અને કરે છે. આ દૃષ્ટિએ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! અને એને ટાળે છે. નિર્જરા કહેવાય છે કે નહિ? ચોરનો દાખલો આપ્યો હતોને. ચોરને ...

મુમુક્ષુ :- કોતવાલ ચોરને પકડે.

ઉત્તર :- .. ચોરની સાથે રહેનારો એ ... કહેવાય. એમ ઓલા ચોર સાથે કષાય હતોને. કષાય ગયો પણ યોગમાં એ સંસ્કાર રહી ગયા કીધું આવા. એમ ઇ. ઇ વાત છે. દ્રવ્યસંગ્રહમાં છે. આચાર્યોએ તો ઘણું કામ કર્યું છે. બહુ સ્પષ્ટ કર્યું. પણ નજર નથી. વસ્તુની સ્થિતિ જોવા માટે જાણે-દેખે. કહે છે કે એ સજ્ઝાઈ કરવાના કાળમાં પણ. આહા..હા..! એ વિકલ્પ આવ્યો એને એ કરે નહિ. આહા..હા..! આ અપેક્ષાની વાત ચાલે છેને. ઓલી વાત, પર્યાયની વાત તો કરી. દ્રવ્યસંગ્રહ છે અહીં? કેટલું સાચવે ...

મુમુક્ષુ :- હવે નવું ગુજરાતી આવવાનું છે.

ઉત્તર :- આ .. છેને. એના જ પાનું .. હોં. ઓલાનું છેને. ... છતાં એ એને જાણે છે. એ કરતો નથી અને વેદતો પણ નથી. આ અપેક્ષાની વાત છે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપાદાન

ઉત્તર :- શુદ્ધ ઉપાદાનની વાત છેને. અહીં છે. .. 'ચારિત્રકા નાશ કરનેવાલા જો ચારિત્રમોહ ઉસકા ઉદય ઉસકા અભાવ હૈ તથાપિ નિષ્ક્રિય શુદ્ધ આત્મા કે વિલક્ષણ મન-વચન-કાયા કા યોગ વ્યાપાર રહતા હૈ વહ ચારિત્ર કે દુષણ ઉત્પન્ન કરતા હૈ.' દુષણ ઉત્પન્ન કરે છે લ્યો. ... દાખલા છેને કોતવાલનો. હશે ક્યાંક. આ રહ્યું છે જુઓ. 'ઉસકો ચોર .. હૈ.' ચોર.. ચોરનું સંસ્કૃત કર્યું છે. હા એ. 'ચોર કે .. દોષ બઢતા હૈ ઉસી પ્રકાર શ્રુતકેવલીઓ કે ચારિત્રકા નાશ કરનેવાલા ચારિત્રમોહકા ઉદય હૈ ઉસકા તો અભાવ હૈ તથાપિ નિષ્ક્રિય શુદ્ધ આત્માકે આચરણસે વિલક્ષણ

મન-વચન-કાયા વ્યાપાર વહ ચારિત્ર દુષણ દુશ્મન ઉત્પન્ન કરતે હૈ.' દુષણ ઉત્પન્ન કરતે હૈ લે. એક અંશેઅંશની પણ એની દશા છે એને એ તો જાણે જ છે. શુદ્ધ ઉપાદાનની અપેક્ષાએ વાત ચાલે છેને? એની પર્યાય થાય તો અશુદ્ધ ઉપાદાન.. અને એ શુદ્ધ ઉપાદાન કર્મને લઈને નથી થયું. આહા..હા..! સ્વયંસિદ્ધ થયું છે. જુઓ, અહીં દુષણ ઉત્પન્ન કરે છે. 'તીનોં યોગો સે .. જો યોગીજન હૈ ...એક ચાર અઘાતિયા કર્મોંકા તીવ્ર ઉદય ચારિત્રમેં દુષણ ઉત્પન્ન કરતા હૈ.' અઘાતિનો ઉદય. કહો, સુજાનમલજી!

મુમુક્ષુ :- .. જ્ઞાનીનો મહિમા...

ઉત્તર :- અહીં ચૌદમે ગુણસ્થાને આવે તો દુષણ ઉત્પન્ન કરે એવી વાત છે.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપાદાનની

ઉત્તર :- શુદ્ધ ઉપાદાનની... અહીંયાં આપણે ચાલે છે શુદ્ધ ઉપાદાન, પણ આ એના લક્ષમાં જ્ઞાન હોવું જોઈએ. આહા..હા..! કીધું નહિ? ત્યાં સુધી કહ્યું જોયું. 'ચાર અઘાતિયા કર્મકા તીવ્ર ઉદય ચારિત્રમેં દુષણ ઉત્પન્ન કરતા હૈ.' ... પહેલા ઉદય છે કે નહિ? પણ એ તો પર્યાયને જોતા એ વાત છે. શુદ્ધ ઉપાદાન જોતા એ કાંઈ એમાં છે નહિ. આહા..હા..! જે નયનું જેમ કથન છે એમ જાણવું જોઈએને?

કહે છે 'સર્વ વિશુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી થતાં બંધ-મોક્ષના કારણના પરિણામથી શૂન્ય છે એમ સમુદાય પાતનિકામાં કહેવામાં આવ્યું.' શરૂ કર્યું હતુંને અધિકાર આ. એના પહેલા ટીકામાં સમુદાય પાતનિકા અધિકાર. ... જાણ્યું. ..ની આવી હતીને વાત પહેલી. એના પહેલા. કે આમાં આ આવશે... આમાં આ આવશે... આમાં આ આવશે... ઇ વાત કરે છે. આમાં તો કાંઈ બહુ બારીક નથી. આ તો સરળ છે. 'સર્વ વિશુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક...' આહા..હા..! સર્વવિશુદ્ધ.. આ અધિકાર ઇ છેને સર્વવિશુદ્ધનો. 'સર્વ વિશુદ્ધ પારિણામિક સહજભાવ એવા પરમભાવગ્રાહક શુભ ઉપાદાનભૂત...' સર્વવિશુદ્ધ એટલે પૂર્ણ વિશુદ્ધ. પારિણામિક એટલે સહજભાવ. એવો પરમભાવ ગ્રાહક, પરમભાવ ત્રિકાળીને ગ્રહણ કરનાર, જાણનાર 'શુદ્ધ ઉપાદાનભૂત...' ત્રિકાળી શુદ્ધ સ્વભાવભૂત. એવી 'શુદ્ધ દ્રવ્યાર્થિકનયે...' જોયું? શુદ્ધ દ્રવ્યાર્થિકનયે ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ છે એ દૃષ્ટિએ, એ નયે 'જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી...' આહા..હા..! એ તો કર્તા અને ભોક્તા અને બંધ-મોક્ષના કારણને, એ બંધના અને મોક્ષના કારણને પણ એ કરતો નથી. આહા..હા..! મોક્ષને પણ કરતો નથી દ્રવ્ય ધ્રુવ. ઉપાદાન શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય એ તો મોક્ષને પણ કરતો નથી, મોક્ષમાર્ગને પણ કરતો નથી. લ્યો, રાગનું કરવું એ તો ક્યાંય રહી ગયું. કહ્યુંને? કે બંધના કારણના પરિણામથી શૂન્ય છે, મોક્ષના કારણના પરિણામથી શૂન્ય છે. સમજાણું? બંધ-મોક્ષના કારણ અને પરિણામ. એટલે બંધ-મોક્ષના પરિણામ એમ. વર્તમાન. બંધ-મોક્ષના કારણ પરિણામ અને બંધ-મોક્ષના પરિણામ.

મુમુક્ષુ :- એ કાર્ય છે.

ઉત્તર :- કાર્ય છે. સમજાણું કાંઈ? ભાઈ હવે નવરંગભાઈએ માંગ્યું પછી. બેઠા છેને અત્યારે. સામું હોય... એને યાદ ન હોય ભાઈ એકફેરી મગનભાઈ આવ્યા હતા ત્યાં. સંપ્રદાયમાં હતોને જ્યારે છેલ્લે અપાસરામાં. ત્યારે ઇ આવ્યા. પછી એટલું બોલ્યા કોણ જાણે કેમ. મહારાજ! આ તમારો શ્રાવક આવ્યો છે. એમ બોલ્યા હતા. મગનભાઈ. આમાં (મુહપતીમાં) હતા ત્યારે હોં. ત્યારે અપાસરામાં હતાને. મગનભાઈ બેઠા હતા પછી આવ્યા હતા. ... હા ગામના હતા. ... બોઘાણી. આ નવો. નવા અપાસરે. એ બેઠા હતા અને વળી આવ્યા.

મુમુક્ષુ :- મોદીના ઘરને અડીને.

ઉત્તર :- હા, ઇ. આહા..હા..!

કહે છે બંધના કારણરૂપ પરિણામ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. એને જીવ કરતો નથી. બંધના કારણ છેને ઇ? અને મોક્ષના કારણ. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામને પણ ધ્રુવ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ તે શુદ્ધ દ્રવ્યાર્થિકનયને કરતો નથી. આ તો ભાઈ! સત્ય અને સત્યની વાત છે આ. કાંઈ સાંભળ્યું હતું કે નહિ? ... ..મળી ગયું. ભાઈએ તો સાંભળી હતી કાલે નહિ? .. સાંભળી હતીને ભાઈ ...લાલભાઈ મુંબઈ. ચાલે છેને આ.

કહે છે ઓહો..! સર્વવિશુદ્ધ ત્રિકાળ એવો પારિણામિક એટલે સહજ સ્વભાવ પારિણામિક એમ આવ્યું હતુંને? પરિણામી ભવ પરિણામ. સહજભાવે. એવો પારિણામિકભાવ પરમભાવગ્રાહક. એવા પરમભાવને પકડનાર ઇ. છે તો શુદ્ધ દ્રવ્યાર્થિકનય જ્ઞાનની પર્યાય. એનો વિષય આવડો છે. આહા..હા..! એ 'શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ અને ભોક્તૃત્વથી અને બંધના કારણ પરિણામથી રહિત છે એ દ્રવ્યસ્વભાવ અને મોક્ષના કારણ પરિણામથી દ્રવ્ય સ્વભાવ ધ્રુવસ્વભાવ રહિત છે. અને બંધ અને મોક્ષના પરિણામ...' ઓલા કારણ અને પરિણામ બે જુદી ચીજ છે. બંધના કારણ પરિણામ એ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ. અને બંધ પરિણામ એ પૂર્ણ એનું કાર્ય બંધનું, રાગનું ઇ. અને મોક્ષ પરિણામ એ પૂર્ણ નિર્મળ દશા તે અને એના કારણ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, સંવર, નિર્જરાના પરિણામ એને પણ જીવ કરતો નથી. પર્યાય કરે. દ્રવ્ય શું કરે? આહા..હા..! 'બંધ-મોક્ષનું કારણ અને બંધ-મોક્ષના પરિણામ...' બે વાત છે. સમજાણું કાંઈ? શું કીધું ઇ?

મુમુક્ષુ :- કારણ અને પરિણામ.

ઉત્તર :- બે જુદા. એ તો કારણ ... છે. બંધનું કારણ અને બંધ પરિણામ, મોક્ષનું કારણ અને મોક્ષ પરિણામ બે ચીજ ભિન્ન છે. હિંમતભાઈ! આ બધું બહુ ધ્યાન રાખવું પડશે. .. લોઢા જેવું નથી. ત્યાં ચાલે ત્યાં. આહા..હા..!

'બંધ અને મોક્ષના કારણરૂપે અને બંધ અને મોક્ષના વર્તમાન પરિણામરૂપ એ દ્રવ્ય તો શૂન્ય છે.' પર્યાયથી શૂન્ય છે એ વસ્તુ. આહા..હા..! ભારે વાત ભાઈ! આવો આત્મા એ કેવળજ્ઞાની સિવાય બીજે ક્યાંય શરણ હોય આવું? ધર્મનું મૂળ સર્વજ્ઞ છે એ વાત બરાબર છે. પણ સર્વજ્ઞે આ કહ્યું છે. એમાં હતું એય..! બેય બાજુ હતુંને સર્વજ્ઞનું મૂળ... એ ભૂતાર્થ પ્રકાશક એમ કે વેદે છે નહિ. એ ભૂતાર્થ પ્રકાશક છે. કઈ અપેક્ષાએ? રાગને વેદે અને દુઃખને અનુભવે.. મિથ્યાદૃષ્ટિ છે. કઈ અપેક્ષાએ? સમજાણું કાંઈ? ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિએ અથવા (દૃષ્ટિના) પરિણમનની દૃષ્ટિએ એનો કર્તા જીવ નથી. એ પર્યાયનયે તો એને અંશ એટલું તો પરિણમન અને વેદન બરાબર છે એના અસ્તિત્વમાં છે. સમજાણું કાંઈ? જીવની પર્યાયના અસ્તિત્વમાં છે. એ પરને લઈને નહિ. પોતાની પર્યાયનો દોષ છે. આહા..હા..! એકકોર કહે કે સમકિતી રાગને કરે અને ભોગવે નહિ, ઉદયને કરે નહિ, નિર્જરાને કરે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- શુદ્ધ ઉપાદાન.

ઉત્તર :- એ તો શુદ્ધ ઉપાદાન ત્રિકાળની દૃષ્ટિએ છે. પર્યાય? પર્યાયમાં જે સમય સમયનો એ શું? આહા..હા..! જે નયે કીધું એમાં બીજી નયને ગૌણ રાખી છે. અભાવ કર્યો નથી. સમજાણું કાંઈ?

'બંધ અને મોક્ષના કારણને અને પરિણામથી શૂન્ય છે એમ સમુદાય પાતનિકામાં કહેવામાં આવ્યું હતું.' એટલે શું કહ્યું ઇ? કે જે અધિકાર સર્વવિશુદ્ધનો શરૂ કર્યો એ પહેલા ટીકામાં સમુદાય બધું પહેલું આ કીધું, પછી આ કહેશે, પછી આ કહેશે એ બધો અધિકાર આવી ગયો. ... આવે છેને? એના પહેલા સમુદાય? પછી ... આ ગાથા આની છે. બે ગાથા અજ્ઞાનને લઈને બંધ છે. 'એમ સમુદાય પાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનો અકર્તૃત્વ ગુણના વ્યાખ્યાની મુખ્યતાથી...' જોયું? ઓલી ચાર ગાથા. .. ચાર. ૮, ૯, ૧૦ અને ૧૧. 'ચાર ગાથા દ્વારા જીવના અકર્તૃત્વ ગુણના વ્યાખ્યાની મુખ્યતાથી...' છેને? અકર્તૃત્વ ગુણની મુખ્યતાથી 'કહેવામાં આવ્યું હતું.' અકર્તૃત્વ ગુણના વ્યાખ્યાની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું હતું. બહુ ટૂંકું હતું. 'ત્યાર પછી ચાર ગાથા દ્વારા શુદ્ધને પણ પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે.' આવો શુદ્ધ સ્વભાવ ભગવાન એને કરવું અને રાગને ભોગવવું એ છે જ નહિ. છતાં એને બંધ થાય એ કોઈ અજ્ઞાનના માહાત્મ્ય છે. જેને સ્વરૂપની ખબર નથી. આવો ભગવાન જ્ઞાતા-દૃષ્ટાથી ભરેલો એકલો જાણક સ્વભાવ એવી ચીજની ખબર નથી. એથી અજ્ઞાનનું માહાત્મ્ય કહીને અજ્ઞાનથી એને બંધ થાય છે એમ કહેવામાં આવ્યું.

'એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ...' જુઓ, અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપ કહ્યું. 'વિવર્ણન કરવામાં આવ્યું ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવના અભોક્તૃત્વ ગુણના વ્યાખ્યાનની

મુખ્યતાથી...' આ અકર્તાની મુખ્યતાથી, અભોક્તાની મુખ્યતાથી. 'વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યાર પછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ.' શુદ્ધ નિશ્ચયથી. જે માથે આટલા બોલ વાપર્યા હતા ઇ. સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવ ગ્રાહક શુદ્ધ ઉપાદાનભુત શુદ્ધ દ્રવ્યાર્થિકનય એ શુદ્ધ નિશ્ચય. 'એ શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વ અને ભોક્તૃત્વના અભાવરૂપ અને બંધ-મોક્ષના કારણ અને અભાવરૂપ...' ઇ આવ્યું છે હજી પાછું. ઉપર આવ્યું છે. 'બંધના કારણથી પણ આત્મા રહિત છે.' ધ્રુવસ્વરૂપ બંધના કારણને એ કરતું નથી. આહા..હા..! પર્યાય કરે છે. ધ્રુવ કરતો નથી અને મોક્ષના માર્ગને મોક્ષ પર્યાય કરે છે, દ્રવ્ય કરતું નથી.. આહા..હા..!

અકર્તૃત્વ અને ભોક્તૃત્વની વ્યાખ્યા તો કર્તાની તો બહુ લીધી. આખા શાસ્ત્રમાં લગભગ એ છે. પણ લોકોને ભૂલ ત્યાં છેને મોટી. ઈશ્વર કર્તા અને ઇ આવશેને? હવે ઇ આવશે. બંધ-મોક્ષના કારણ અને બંધ-મોક્ષના પરિણામ વર્તમાન. એના અભાવરૂપ જે વ્યાખ્યાન પહેલા આવ્યું હતું તેનો ઉપસંહાર કરવામાં આવ્યો. પૂરું કરવામાં આવ્યું. 'આ રીતે સમયસારની શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ...' ટીકાનું નામ છે એ. શુદ્ધાત્મ અનુભૂતિ લક્ષણ, શુદ્ધ આત્મા અનુભવ જેનું લક્ષણ. આહા..હા..! 'એવી જે તાત્પર્યવૃત્તિ.' તાત્પર્ય પરિણતિ કરી એણે. 'એ નામની ટીકામાં મોક્ષ અધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થયો.' મોક્ષ અધિકારની ચૂલિકા ત્યાં પૂરી થઈ. બીજી રીતે વ્યાખ્યાન કરતા એ મોક્ષ અધિકાર જ સમાપ્ત થયો. અહીં મોક્ષ અધિકાર સમાપ્ત થઈ ગયો લ્યો. છે તો સર્વવિશુદ્ધ અધિકારની ગાથા, પણ અહીં એને પૂર્ણ ચૂલિકા તરીકે મોક્ષનો અધિકાર અહીંયાં પૂર્ણ થાય છે.

હવે આવ્યું. હવે એને. વિશેષ કહેવામાં આવે છે. એના ભાવોનું ક્યા ભાવે મોક્ષ થાય? એ ભાવનો દ્રવ્ય કર્તા નથી. કયા ભાવે મોક્ષ થાય? એ ભાવની વ્યાખ્યા 'વળી વિશેષ કહેવામાં આવે છે :-' ઓલું તો બધું સમુદાયમાં પાતનિકામાં એનો અધિકાર છે. હવે વસ્તુ સહિત શરૂઆત અહીં થાય છે. 'વિશેષ કહેવામાં આવે છે.' ખાસ 'ઉપશમાદિ પાંચ ભાવોમાં...' પાંચ ભાવ છેને--પારિણામિકભાવ, ઉદયભાવ, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક વ્યાખ્યા ચાલશે એ તો. 'ક્યા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.' એ પાંચ ભાવમાંથી ક્યા ભાવે મોક્ષ થાય છે એ કહેવામાં આવશે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૨૦૦

(अनुष्टुभ)

नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।
कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः॥200॥

**હવે, 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી' - એમ શ્લોકમાં કહે છે :-**

**શ્લોકાર્થ :- [परद्रव्य-आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति] પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; [कर्तृ-कर्मत्व-सम्बन्ध-अभावे] એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, [तत्कर्तृता कुतः] આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?**

**ભાવાર્થ :- પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય? એ રીતે જ્યાં કર્તાકર્મસંબંધ નથી, ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે? 200.**

## અષાઢ વદ-૧૦, બુધવાર, તા.૨૫-૦૭-૧૯૭૩
## કળશ-૨૦૦, ગાથા-૩૨૦, પ્રવચન-૪૪૯

.. વાત થઈ ગઈ છે. આ સમયસાર સર્વવિશુદ્ધ જ્ઞાન અધિકાર. એનો ૨૦૦ કળશ છે.

**'હવે, 'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, માટે કર્તાકર્મસંબંધ પણ નથી'...'** કર્તાકર્મ પણ નથી **'એમ શ્લોકમાં કહે છે :-'**

(अनुष्टुभ)

नास्ति सर्वोऽपि सम्बन्धः परद्रव्यात्मतत्त्वयोः।
कर्तृकर्मत्वसम्बन्धाभावे तत्कर्तृता कुतः॥200॥

ઉપર વાત કહી છેને એમાં વધારે સ્પષ્ટ કરે છે કે જેમ ઈશ્વર જગતનો કર્તા જે માને છે એ વસ્તુ છે નહિ. ખોટી છે. એમ કોઈ જૈનનો સાધુ કે જૈન શ્રાવક નામ ધરાવનાર છ કાયના જીવની

હું દયા પાળી શકું છું, છ કાયના જીવની હું રક્ષા કરી શકું છું, હું છ કાયના જીવને જીવીત નામ આપી શકું છું એમ માને તો જેમ જગતનો કર્તા ઈશ્વર માનનારા આ પરદ્રવ્યનો કર્તા માનનારા બધા એક માન્યતાવાળા મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- અભયદાન તો દેવુંને?

ઉત્તર :- ઇ જ કહે છેને. એના માટે તો ઇ શબ્દ આવી ગયો. એય..! પરને શું દે? પરને શું દે? પરનું અભયદાન ક્યાં? હવે એને પરિણામમાં એવો ભાવ આવે. પણ ભાવથી પરને અભયદાન દઈ શકે છે (એમ નથી). આ બહુ ઝીણી વાત વીતરાગની છે ભાઈ! ઈશ્વર કર્તા જેમ જગતનો માને છે એમ નથી. અને એ કર્તા માને ઈશ્વર અને જૈન થઈને શરીરની આ ક્રિયા હું કરી શકું આ ચાલવાની, બોલવાની, ચાલવાની. છ કાયાના જીવને હું પાળી શકું, રક્ષા કરી શકું છું (ખોટી વાત છે). એવી વાત આકરી છે.

મુમુક્ષુ :- બચાવી શકાય.

ઉત્તર :- બચાવી શકાય નહિ. કોણ બચાવતો હતો? કારણ કે એ તો પરદ્રવ્યની પર્યાય. એને અને આત્માને શું સંબંધ છે? આહા..હા..! વીતરાગ માર્ગને જાણવો ઝીણી વાત છે.

કહે છે કે '**परद्रव्य-आत्मतत्त्वयोः सर्वः अपि सम्बन्धः नास्ति**' ભગવાન આત્મા અરૂપી ચૈતન્યઘન અને પરદ્રવ્ય--શરીર, વાણી, કર્મ, છ કાયના જીવો એ પરદ્રવ્યની અવસ્થાને હું કરી શકું એવો સંબંધ જીવ અને આ કર્મ વચ્ચે છે નહિ. સમજાય છે કાંઈ? '**પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...**' આ સ્ત્રી મારી અને આ પૈસા મારા, આબરૂ મારી. કહે છે કે એને અને તારે શું સંબંધ છે?

મુમુક્ષુ :- પણ ભગવાન તો અમારા ખરા કે નહિ?

ઉત્તર :- ભગવાન પણ એના નથી. ભગવાન ભગવાનમાં છે. આહા..હા..! વીતરાગનું સ્વરૂપ જ વીતરાગે આવું કહ્યું છે. જે ચીજ જેમાં નથી અને જે ચીજ એનામાં છે. એને અને આ બેને સંબંધ કેવો કહે છે. ભલે એક જગ્યાએ રહેલો હોય. આત્મા અને શરીર અને કર્મ એક જગ્યાએ રહ્યા છે. આકાશના ક્ષેત્રની અપેક્ષાએ હોં. સમજાણું કાંઈ? છતાં આત્મા કર્મને કાંઈ બાંધે કે કર્મની કોઈ પ્રકૃતિને રચે એવો આત્મા અને કર્મમાં સંબંધ છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું વસ્તુનું સ્વરૂપ એવું છે. એવું સ્વરૂપ છે એવું ભગવાન તીર્થંકરદેવે જગતને જાહેર કર્યું છે. તું એક તત્ત્વ છો અને જગતના પણ બીજા તત્ત્વો છે. તો એક તત્ત્વને બીજા તત્ત્વની કોઈપણ ક્રિયા કરી શકે એ વસ્તુના સ્વરૂપમાં નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અમરચંદભાઈ! તો પછી હવે દયા પાળવી કે ન પાળવી?

મુમુક્ષુ :- પાળી શકાય છે...

ઉત્તર :- પણ ઇ પરદ્રવ્ય છે એને આત્મા કરે શું, રાખે શું અને મારે શું? આહા..હા..!

વીતરાગ માર્ગ બહુ સૂક્ષ્મ છે અને સત્ય છે. એ જગતને સાંભળવા મળ્યું નથી. વાડામાં તો એવા છે જ નહિ. વાડામાં તો આ દયા કરો, આ કરો ને આ કરો ને આ કરો. આહા..હા..! પરનું કરો, પરના આંસુ લુછો, વિધવાના, દુ:ખીના આંસુ લુછો, દુ:ખીને મદદ કરો, કપડા આપો, ભુખ્યાને અનાજ, નાગાને કપડા, રહેવાને સ્થાન ન હોય એને કોઈ મકાન કે ઓટલા આપો. અહીં કહે છે કે ભિન્ન ચીજની ભિન્ન ચીજ (શું કરે?) એ પરદ્રવ્યને તું આપી શકે? શેઠ! આ દાન આપો છોને તમે ઘણા બધાને જુઓને. દાનમાં પૈસા બહુ આપે શોભાલાલ ભગવાનદાસ. ... ગઈ હતીને ઓલી .. વ્યાખ્યાનની. બે-ત્રણ હશે ત્યાં તો લાવ્યા ચાલીસ.. આઠ વ્યાખ્યાન... કોણ આપે અહીં તો કહે છે.

મુમુક્ષુ :- એક તો લાવ્યા એના બંગલેથી.

ઉત્તર :- ક્યાં લાવ્યા છે? અહીંયાં કોણ લાવે?

મુમુક્ષુ :- ઉડીને આવી?

ઉત્તર :- એની મેળાએ આવી છે. એવી વાત વીતરાગી બહુ જુદી છે. એ જગતના દ્રવ્યો છે, પદાર્થ છે. એનું ક્ષેત્રાંતર થવું કે રૂપાંતર થવું કે બદલવું એ પોતાને કારણે છે. પરને કારણે એમાં કાંઈ થતું નથી. આહા..હા..! ભારે કામ ભાઈ આવું? વીતરાગ માર્ગ આવો તે વીતરાગ માર્ગ. પણ દયાનો, અહિંસાનો માર્ગ છે. પરની અહિંસા કરવી, પરની દયા પાળવી. એમ ભગવાન કહેતા જ નથી. સાંભળને! અહિંસા તો રાગની ઉત્પત્તિ ન કરવી અને આત્માની વીતરાગતાની ઉત્પત્તિ કરવી એનું નામ અહિંસા છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરદ્રવ્યને અને આત્મતત્ત્વને સઘળોય...'** પાઠ છેને મૂળ? સઘળોય એમાં કોણ બાકી રહ્યું? એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ સઘળોય સંબંધ ભિન્ન છે.

મુમુક્ષુ :- ઇ બતાવે છે બે જુદાપણું.

ઉત્તર :- હા એ જુદાપણું બતાવે છે. આહા..હા..! આ નિમિત્ત છે તો એમાં કાર્ય થાય ઉપાદાનમાં. એવો સંબંધ છે જ નહિ. આહા..હા..! એવા એ દયા ભાવના શુભભાવ કરે અને એવા જ ત્યાં શાતાવેદનીયના રજકણો બંધાય એને આત્મા બાંધે, જડ પરદ્રવ્યને શું કરે જીવ? પરદ્રવ્ય એની વર્તમાન પર્યાયે પરિણમતા પરદ્રવ્યો ટકી રહ્યા છે. કોઈ દ્રવ્ય નકામું છે એમ છે નહિ. કોઈ દ્રવ્ય વર્તમાન પોતાના પર્યાયરૂપી કાર્ય કર્યા વિનાનું રહેતું નથી, તો પછી બીજો દ્રવ્ય એને શું કરે? આહા..હા..! સમજાય છે કાંઈ? કપુરચંદજી! તો આ વેપારની દુકાન કોણ કરે છે?

મુમુક્ષુ :- ... નું કામ છે.

ઉત્તર :- હવે દીકરા કરે છે. આહા..હા..! કોણ કરે? પ્રભુ! તને ખબર નથી. તારી સત્તામાં તું અવળી-સવળી વાત કરે છો. પણ તારી સત્તાથી ભિન્ન સત્તા એમાં શું કર તું? તને અભિમાન છે (અ)જ્ઞાનનું. એને જૈનની આજ્ઞાની ખબર નથી. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે એમ

ફરમાવ્યું કે તું પરની દયા પાળી શકતો નથી. આહા..હા..! લોકો તો રાડું પાડે છે. આ તો દયા પાળી શકે નહિ! જ્ઞાનચંદજી! કહે છેને .. ન બેસે. આહા..હા..! ભગવાન! તું તારી સીમામાં, મર્યાદામાં તું તારું દ્રવ્ય એટલે વસ્તુ, એના ગુણો અને એની અવસ્થા એટલામાં તારી રમતું છે. તારી રમત એની સત્તાને વળગીને પરમાં જાય એવું ત્રણ કાળમાં નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા દીકરો ઉપજાવી શકે (એમ નથી).

મુમુક્ષુ :- દીકરા-દીકરી તો પુણ્ય પ્રમાણે છે.

ઉત્તર :- પુણ્ય પ્રમાણે થાય એ નિમિત્તથી છે. એને કારણે એ પર્યાય થાય ત્યાં. કહો, અમરચંદભાઈ! પુણ્ય તો પરવસ્તુ છે. એને લઈને દીકરા-દીકરીના પરમાણુનું પરિણમન શરીરનું થાય? એ તો વ્યવહારની વાતું. ભાઈ! આને પુણ્ય હતા તો આ પૈસા આવ્યા. પુણ્યના રજકણો અજીવ જુદી ચીજ છે અને એ રજકણો જે આવે છે એ જુદી ચીજ. એ જુદી ચીજને જુદી ચીજ લાવે? ધન્નાલાલજી!

મુમુક્ષુ :- તમે ધર્મ પ્રકાશો મહારાજ!...

ઉત્તર :- હા, ઇ વાત વ્યવહારની વાત છે કહે છે. આહા..હા..! એની પર્યાય પ્રજા, એનો આત્મા એનો પિતા. આવી વાત છે, ભગવાન! આહા..હા..! આ શરીર જુઓને આમ ચાલે. ઇ પર્યાયનો આત્મા કર્તા નથી. એ તો જડ છે. જડનું પરિણમન જડને કારણે થાય છે. આત્મા અંદર હલાવે તો હલે એ વાતમાં એકેય દોકડો સાચો નથી. આવી વાત ભારે આકરી લાગે.

મુમુક્ષુ :- .. ન ચલાવવું હોય તોપણ ચાલે.

ઉત્તર :- આ એની મેળે કંપવા થાય છે કે નહિ જુઓને આમ ચાલે છે. અહીં હતા મકનભાઈ નહિ આપણે? આમ ચાલ્યા કરે, આમ થયા કરે. આહા..હા..! એને અજીવ અને બીજા જીવ તત્ત્વો અનંતા તારાથી ભિન્ન છે એની કોઈપણ પર્યાયને હું કરું એ મિથ્યાદષ્ટિ મૂઢ અજ્ઞાની છે. એને જૈન પરમેશ્વરની શ્રદ્ધા નથી. આહા..હા..! તો આ પંડિતો બીજાનું કરે, બીજાને સમજાવે તો સમજી શકે કે નહિ બીજા?

મુમુક્ષુ :- તો તમે ...

ઉત્તર :- અહીં તો કહે છે બાપુ! એ બધી વાતું તારા ભ્રમમાં જાય છે. ભગવાનના જ્ઞાનમાં એ વાત નથી. આહા..હા..! અને અહીં તો પાઠ એવો છે **'સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...'** આહા..હા..! કર્મ કર્મપણે એને પર્યાયમાં પરિણમે જડ. તું તારાપણે પરિણમ◌ે તારામાં. બેને સંબંધ શું છે? એક બીજાનો એક બીજામાં જ્યાં અભાવ છે. અત્યંત અભાવ છે. આહા..હા..! કર્મનો ઉદય જીવને રાગ કરાવે એમ પણ નથી અને જીવ રાગ કરે એથી એને કર્મનું, અશાતાનું બંધન થાય એમ પણ નથી. આહા..હા..! બહુ ઝીણું બાપુ!

**'પરદ્રવ્યને અને આત્મતત્ત્વને...'** આહા..હા..! અંદર રહેલો ભગવાન આત્મા અરૂપી

ચૈતન્યઘન અને એના એક જ ક્ષેત્ર રહેલા કર્મ અને શરીર અને આ. એવા થતાં એક જગ્યાએ રહેવા છતાં, એના એકબીજાના ભાવને કોઈ કરે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા..! ઉઠી જાય આખી બુદ્ધિ. પરદ્રવ્યની પર્યાયનો કર્તા એ પરલક્ષી ભાવ છૂટી જાય એને. આહા..હા..! સમજાણું કાંઈ?

તેમને કર્તાકર્મપણાનો **'સંબંધ નથી; એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં,...'** આહા..હા..! આત્મા પોતાની પર્યાયનો કર્તા. એમ જડની પર્યાયનો કર્તા એ સંબંધનો તો અભાવ છે કહે છે. આહા..હા..! જીવ આત્મા જે ભાવે જ્ઞાનાવરણીય બંધાય એ ભાવની પર્યાયપણે ભલે પરિણમે, પણ એથી જ્ઞાનાવરણીય કર્મને પરિણમાવે (એમ નથી). આહા..હા..! આવી સ્વતંત્રતા. વસ્તુની સ્વતંત્રતાની કોઈ અલૌકિક છે. સમજાણું કાંઈ? એમકે જીવને બીજા જીવને ન મારવો એવો વિકલ્પ આવે, પણ વિકલ્પ આવ્યો રાગ. એ રાગ છે. એથી તે જીવને ન માર્યો અને બચી ગયો. એમ નથી. વસ્તુની સત્‌ના સત્‌માં એવી સત્યતા નથી કે જે પરનું કરે. આહા..હા..! સમજાણું કાંઈ?

એવા **'એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?'** આહા..હા..! આત્મા કર્મની પર્યાયને કરે નહિ, શરીરની દશાને કરે નહિ, વાણીની ભાષા જીવ બોલે નહિ. આહા..હા..! આ તે કાંઈ! એમ આત્મા રોટલીને કરે નહિ, દાળ-ભાતને કરે નહિ, વાસણને માંજવાની ક્રિયા આત્મા કરે નહિ.

મુમુક્ષુ :- પરના કામ તે કોણ કરે?

ઉત્તર :- ઘરના બધા એઠાં વાસણ હોયને એઠાં? આ કરેને બાયું? કોણ કરે? બાપુ! તને ખબર નથી, ભાઈ! એ ક્રિયા તો જડની જડમાં થાય છે. આહા..હા..! તત્ત્વે તત્ત્વ જુદે જુદાં એમાં એક તત્ત્વને બીજા તત્ત્વને ઘાલમેલ કરવાનું માન તો તને તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. સમજાણું કાંઈ? નવ તત્ત્વ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. અહીં તો કહે છે કે કર્મ જે અજીવ છે એની પર્યાયને જીવની પર્યાય કરે તો બે તત્ત્વ એક થઈ જાય. બે ભિન્ન તત્ત્વ રહેતા નથી અને ભિન્ન હોય એને ભિન્ન કરે એમ હોતું નથી. આહા..હા..! આ શું કરે? આ ધોકડાનો ધંધો કરે કે નહિ બધો? શેઠાઈનો ત્યાં. ... કહો, હીરાલાલજી! ..ના ધંધા કરે કે નહિ આ? વેપારી છે મોટા. ...ચંદજી. એને ભાવ વિકલ્પનો ભાવ આવે, પણ એ ભાવથી પરમાં કામ થાય કે લાવો આટલા ધોકડા અને લાવો ... આટલું આ લાવો, આ લાવો. કહે છે કે એક વાતમાં એકેય દોકડો સાચો નથી. આહા..હા..! ભગવાનનું આ ફરમાન છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એની આ આજ્ઞા છે કે તારું તત્ત્વ બીજા તત્ત્વમાં પ્રવેશ કર્યા વિના એને કેમ કરે? તો એ પ્રવેશ તો કરી શકતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! અજ્ઞાન ગળી જાય બધું આ પરમાં લક્ષ છૂટી જાય એવું છે. આનું કરું ને આનું કરું ને આનું કરું. નવરો ચોવીસ કલાકમાં થાતો નથી મારો. છોકરાને મોટા કરું, છોડીયું ઠેકાણે પાડું. ઠેકાણે એટલા આ. લગન-લગન બધું કરીને. સારે

ઘરે ગોતીને. કોણ કરે? બાપા! તને ખબર નથી. ભાઈ! તું કોણ છો? ક્યાં છો? તું અરૂપી છો અને તું અરૂપી ભાવમાં છો. એ બીજારૂપી ભાવ અને બીજાઅરૂપી ભાવમાં ગયા વિના એનું કરે શું? આહા..હા..! સમજાણું કાંઈ? આ સંપ્રદાયમાં તો આવી વાત ચાલતી જ નથી. એટલે ગોટેગોટા. ઓલા સાંભળનારા બિચારા એવા. પાંચ બોઘલા અને પાંચ બોઘલી, પાંચ બોઘલાના બચ્ચા, ઓલા સાધુ કહે તો કહે સચ્ચા. માહણો... માહણો... માહણો... માહણો... જીવને એવું ભગવાને કીધું. પણ અહીં તો કહે છે...

મુમુક્ષુ :- પોતાના જીવને હણવાની વાત છે.

ઉત્તર :- પરને જીવ હણી શકતો જ નથી એમ કહે છે. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિક એટલે શું? પોતે પોતાની પર્યાય કરે, સામે સામાની કરે થઈ રહ્યું. ત્યારે નિમિત્ત-નૈમિત્તિક કહેવાય. એ કાંઈ એક થઈને થયું છે એમ નથી. મોટો ગોટો અત્યારે આ. આહા..હા..!

મુમુક્ષુ :- જ્ઞેય-જ્ઞાયક સંબંધ

ઉત્તર :- જ્ઞેય-જ્ઞાયક પણ સંબંધ નથી. ઇ વ્યવહાર. જ્ઞેય જ્ઞેયરૂપે પરિણમે, જ્ઞાયક જ્ઞાયકરૂપે પરિણમે એમાં એને સંબંધ શું? એ (સ્પષ્ટ) ઠીક કર્યું. સમજાણું કાંઈ? જેવી રીતે તત્ત્વની મર્યાદા અને સ્થિતિ છે એ રીતે મર્યાદા અને સ્થિતિને ન જાણે ત્યાં સુધી એને સમ્યગ્દર્શન ન થાય. સમ્યગ્દર્શન થયા વિના એને ધર્મ ન થાય અને સમ્યગ્દર્શન વિના આ બધા વ્રત ને તપ ને એ બધા ગડિયા હાંકે રાખે છે એ બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા..! કેમ હશે આમા? પણ દુકાને સારો બેઠો હોય લ્યો. ... શું તમારો મોટો? કિરીટ. કિરીટને બેસાડો અને આ ત્રીજાને બેસાડો. આવ્યો હતોને ... એય..! એ ઝવેરીની દુકાન કરી શકે એ?

મુમુક્ષુ :- મોટો..

ઉત્તર :- મોટો કરી શકે લ્યો. અહીં તો કહે છે કે હરામ કરે તો. અરેરે..! કિરીટ-કિરીટ. એ કરે .. દુકાનની બહાર ઝવેરાતનું. એને રસ છે. આને અહીં રસ નથી. અહીં પોલીસમાં .. છે કે નહિ? ક્યાં ગયો? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એક જ શ્લોક છે તે બસ છે. આહા..હા..! પ્રભુ! તું આત્મા છો અરૂપી અને તું તારા અરૂપીના સ્થાનમાં તારી મર્યાદા છે. તારી મર્યાદા, સીમા-મર્યાદા છોડીને. આ ખેતર નથી હોતું? ખેતર હોય છેને ખેતર. વાવવાના ખેતર. એ સૌના ખેતરની સીમા હોય છે. એમાં એ વાવે. ભલે કાંઈ વાડ ન કરી હોય તોપણ બે ભાગ એમ થઈ ગયા. આનીકોરનું ઉગે આનું અને આનીકોરનું ઉગે એ આનું. એમ એક-એક આત્મતત્ત્વ અને અનંતા બીજા આત્મા તત્ત્વ અને અનંતા રજકણોની વચ્ચે સીમા છે. એકબીજામાં એકબીજાનું કોઈ કાર્ય કરી શકે નહિ. ઇ એને ભાવમાં બેસવું જોઈએ ત્યારે એને પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિ ઉડી જાય. પોતામાં રહે. પછી અહીંયાં અજ્ઞાનપણે રાગ કરે ઇ ત્યાં સુધી અહીં લેવું છે. પણ પરનું કરે એ તો વાત છે નહિ. સમજાણું કાંઈ? અને ભાનભાવે તો રાગને

પણ આત્મા ન કરે. આહા..હા..! જેનો સ્વભાવ ચૈતન્યદળ આનંદ પ્રભુ એવી જેને પ્રતીતમાં આવું તત્ત્વ છે એમ જેને આવ્યું એવા ધર્મીનો આત્મા તો દયા, દાનના પરિણામને પણ ન કરે. કારણ કે એ વસ્તુ બીજી થઈ ગઈ. આહા..હા..!

મુમુક્ષુ :- વ્યવહારે બીજી?

ઉત્તર :- બીજી થઈ ગઈ. પરદ્રવ્ય થઈ ગયું. આ તો અહીંયાં તો અત્યારે હજી પરદ્રવ્યથી ભિન્ન પાડે છે. ઇ પછી તો એય કહેશે કે એ પરદ્રવ્યના નિમિત્તથી થતાં તારામાં વિકાર એ જીવના સ્વભાવનો જાણનાર ઇ એનો કર્તા ન થાય. આહા..હા..! અરે..! એણે કોઈ દિ' ધ્યાનમાં વાત લીધી જ નથી અને એમ અમે ધર્મ કરીએ છીએ... ધર્મ કરીએ છીએ... આ સામાયિક કર્યા, પોષા કર્યા, પડિક્કમણા કર્યા. ધૂળમાંય નથી તારા સામાયિક અને પોષા સાંભળને. આહા..હા..! એ શરીરની ક્રિયા તાવકાયં ઠાણેણં માણેણં... તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં... આવે છેને તસ્સઉતરી. કહે છે કે એ હું આમ હાથ કરું તે ક્રિયા મારાથી થાય છે. આહા..હા..! ગજબ વાત છે. કહો, ધીરૂભાઈ! તો શું છે આ બધું તસ્સ ઉતરી કરણેણં નથી કર્યું? તસ્સઉતરી કરણેણંમાં આવે છે કે નહિ? તાવકાંય ઠાણેણં માણેણં.. એ જ ચાલતું હતુંને. તસ્સ મિચ્છામી દુક્કડમ બીજાને મેં હણ્યો હોય તો મિચ્છામી દુક્કડમ અહીં કહે કે હણી શકાતું જ નથી. હવે આ વાત કેવી!

મુમુક્ષુ :- આપણે પણ... પડિક્કમણાના પાઠમાં...

ઉત્તર :- એ તો વ્યવહારે. આહા..હા..! એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તે ઇન્દ્રિયા, ચો ઇન્દ્રિયા પંચેન્દ્રિયા આવે છેને? ઇચ્છામી પડિક્કમણું ઇરિયા વિરિયા વરણા... એમાં એકેન્દ્રિયા બે ઇન્દ્રિયા સંગઠિયા સંઘાયા... આવે છે. આમ કરીને તસ્સ મિચ્છામી દુક્કડમ. એટલે શું પણ? પરને તો હણી શકતો નથી, પરને દુઃખ આપી શકતો નથી. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ઇ પાઠ આવે છે હોં ઇચ્છામી. આપણે પણ આવે છે. ... સામાયિકમાં આવે છે. ઇચ્છામી પડિક્કમણું તસ્સઉતરી લોગસ્સ કરમેભણંતી અને નમોત્થુ આહા..હા..! કાંઈ ખબર ન પણ એને. કહેનારને પણ ખબર નહિ અને ઓલાને ખબર નહિ. એ ગડબડ-ગડબડ બધી ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અર્થ પણ ન જાણતા હોય એમ કહે છે ભાઈ. વાત સાચી. આહા..હા..! બોલે જાય. ભાઈ! તને ખબર નથી. તારા તત્ત્વની હદ તારી પર્યાય પૂરતી હોય છે. તારું તત્ત્વ તો દ્રવ્ય, ગુણ અને પર્યાયમાં રહેલું છે. તારું દ્રવ્ય એટલે અનંતગુણનો પિંડ, ગુણ એટલે એની શક્તિઓ અને અવસ્થા એની વર્તમાન પર્યાય હાલત એટલામાં એ તત્ત્વ રહ્યું છે. એનાથી આઘી જઈને કોકને મદદ કરે અને કોઈની સેવા કરે એ ત્રણ કાળમાં એના તત્ત્વની મર્યાદ઼ામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એના જ્ઞાનમાં આ વાત આમ છે એમ બેસવી તો જોઈએને. પહેલા ખ્યાલમાં તો આવવી જોઈએને વાત.

મુમુક્ષુ :- .. આપ ફરમાવો જ્ઞાનમાં આવે ત્યારે જ કહેવાય.

ઉત્તર :- પણ ઇ કહેવાય પછી આ રીતે પહેલું ખ્યાલમાં, ઓઘે પણ વિકલ્પથી આ રીતે છે એમ ખ્યાલમાં તો આવવું જોઈએને. પછી એને ફેરફાર પરનું લક્ષ છોડીને અને સ્વનું કરે ત્યારે સમ્યગ્જ્ઞાન થાય. એવી વાત છે. વાત તો એવી છે. આહા..હા..! જગત સાથે આ વાંધા ઉઠ્યા છેને એવા બધાને. એય..! એ તો પરની દયાની ના પાડે છે. એ તો આર્ય સંસ્કાર પણ રહ્યા નહિ. ફલાણું રહ્યું નહિ. હવે સાંભળને તને શું ખબર પડે આર્ય સંસ્કાર કોને કહેવા? ત્રિલોકના વીતરાગ દેવ પરમેશ્વર જેને ત્રણ કાળનું જ્ઞાન અરિહંતના મુખમાં આ વાણી આવી. તે વાણીનો પણ હું કર્તા નથી. કેમકે વાણી જડ છે, અવાજ પરમાણુઓ છે. હું તો આત્મા અરૂપી છું. એ અરૂપી આત્મા રૂપી પરમાણુને, ભાષાને કરે. ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..! એય..! કૈલાસચંદજી! ભારે વાતું આવી! આહા..હા..! બાપુ! ચોર્યાસીના અવતારમાં ભવ સમુદ્રમાં મધ્યમાં આવે છેને નહિ ત્યાં? નિયમસારમાં શરૂઆતમાં. ભગવાનની ભક્તિ તને નથી તો ભવસાગરની મધ્યમાં પડ્યો છો તું. આહા..હા..! લ્યો, ત્યાંથી કાઢવું હોય તો કાઢે લોકો જુઓ ભગવાનની ભક્તિ...

મુમુક્ષુ :- .. પ્રકારનો રાગ...

ઉત્તર :- ના, ના એ તો વ્યવહારની વાત કરે છે. નિશ્ચયની જેને આત્માની ભક્તિ હોય તેને આવો વ્યવહારના વિકલ્પની ભક્તિ હોય. નહિતર તો ભવસમુદ્રના મધ્યમાં છો એમ. આહા..હા..! પણ કાંઠે આવ્યો એ જાય મધ્યમાં પાછો. આહા..હા..!

એ કલકત્તામાં નહોતું થયું? સાંજે હોડીમાં ફરવા ગયા હતા. પાણીમાં હોડીમાં. સાત-આઠ જણા હતા. મા, બા, છોકરા બધા. એમાં દસ વર્ષનો છોકરો હશે તો એણે હોડીમાંથી પગ બહાર રાખ્યો. હોડી. હોડી સમજો છો? હોડી નથી સમજતા? નાવ. એટલું તો સમજવું જોઈએને. નાવ હતીને નાવ. એ આખું કુટુંબ જાતું. એ છોકરું એણે પગ બહાર કાઢ્યો. એમાં મગરમચ્છ મોટો આવ્યો. પગ જાલ્યો. નાવડીયો કહે કે નાખી દે છોકરાને. નહિતર બધા જાશું હમણા. એક સેકન્ડમાં. વાટ જો જોઈશ તો હું નાખી દઉં. હાય..! હાય..! એક માએ હાથ જાલ્યો અને એક બાપે પગ જાલ્યા બેયે હાથ જાલ્યા. એ બા! એ બા! બાપા! શું કરવું ભાઈ! આ દસ જણા ડૂબવાની તૈયારી છે. મોટો મગરમચ્છ. પગ જાલ્યો આમ. જો આમ ખેંચે તો હોડી ખલાસ. હીરાલાલજી! શું કરવું એમાં? રોતા અને કકળતા મા-બાપ બિચારા. એ ભાઈ! બીજો ઉપાય નથી આમાં. આહા..હા..! એ બા! તું મને ... કોણ સાંભળે ત્યાં. એમ અજ્ઞાની અનાદિકાળથી પરતંત્ર બનીને ચાર ગતિના મોજામાં રખડે છે. આહા..હા..! કોઈ શરણ નથી ત્યાં. શરણ જે ભગવાન આત્મા આનંદ મૂર્તિ એની એને ખબર ન મળે. આહા..હા..! હું એક અતીન્દ્રિય આનંદનો સાગર આત્મા

જેવા સિદ્ધ થયા એ જાતનો હું છું. સમજાણું કાંઈ? એવી જેને દૃષ્ટિ નથી એને કોઈ શરણ નથી. આહા..હા..!

કહે છે કે ભાઈ! તારા તત્ત્વ અને બીજા તત્ત્વને શું કરે? અરે..! દેવ, ગુરુ અને શાસ્ત્ર પણ તારા નહિ. અમે શું કહીએ? આહા..હા..! સમજાણું કાંઈ? બીજા તત્ત્વો જુદા, તારું તત્ત્વ જુદું. એ જુદા-જુદામાં કાંઈ કરે તો જુદા રહી શકે નહિ. માટે જુદા રહેનારા જુદાનું કાંઈ કરતા નથી. આહા..હા..! એક સિદ્ધાંત પણ જો બેસે એને. આહા..હા..! પરથી નિરાળો થઈ જાય. આનું ધ્યાન રાખજે હોં. .. એમ કહેતા જાયને મરે ત્યારે? જુવાન છોકરો મરતો હોય પચ્ચીસ વર્ષનો જુવાન, ત્રણ વર્ષનું પરણેતર હોય. પછી ભાઈ! આ વહુનું ધ્યાન રાખજો એમ કહે. પૈસા હોય, સાધન હોય પણ છતાં એકલી મૂકીને જાય. જઈએ છીએ હવે. અમે જઈએ છીએ હવે પરદેશ. ભાઈ! આનું ધ્યાન રાખજે. ઓલી રોવે, આ રોવે, ઓલો રોવે. આહા..હા..! અમરચંદભાઈ! આહા..હા..!

અમારે ઘરે જ થયું હતું. અમે તો દીક્ષા લીધી. મારો નાનો ભાઈ હતો. જુવાન શરીર લઠ્ઠ જેવું હતું. સાત દિ'માં કાંઈક તાવ આવ્યો એમાં. આઠિ દિ'એ મરી ગયો. આઠ દિ'નો તાવ. ૨૨ વર્ષની ઉંમર. લઠ્ઠ જેવું શરીર. મારાથી નાનો ભાઈ. મેં દીક્ષા લીધા પછી. આઠ દિનો તાવ. બૈરા બે વર્ષનું લગન. ભાઈ કહેતા ખુશાલભાઈ કહે આહા..હા..! એ વખતે પછી આમ એવું થઈ જાય, જોવાય નહિ. શું થશે? મેડી ઉપર હતો કહે. કોઈ પડશે નીચે કે આ શું કરશે એમ થઈ જાય. ભાઈ તો બહુ નરમ હતા. ... આહા..હા..! કોણ શરણ? કોણ શરણ? આહા..હા..! અને છેવટે પાછા ઘરના માણસોએ વહુને એને .. એને જવા દ્યો. ... એમ આપે આ વાણિયામાં કરે. .. મોકલે જઈ આવો. વહુને જવા દ્યો. આહા..હા..! જુઓ આ દશા! ઓલો .. લેવાતો હોય એના ઉપર હાથ મૂકે. આહા..હા..! અરે..! ભાઈ! .. તને? અરે..! તારી ચીજ અંદર પડી છે. પ્રભુ! તું સંભાળ કરતો નથી. આવા રખડવાના ધંધામાં તું પરનું કરી દઉં, પરનું સંભાળું, પરને શીખામણ દઉં કે આને તમે સાચવજો. કોણ સાચવે?

અહીં એ કહે છે. એક કડી તો બસ છે પરથી કડી તોડવા માટે. એને અંદરમાં બેસવું જોઈએ. કે હું આત્મા જગતના તત્ત્વો બીજા આત્મા અને જડ. શું કરે એનું એ? આહા..હા..! સવારે નહોતા બે જણા ઓલા ... શું કહેવાય? કોલેરા થયા. બે છોકરા જુવાન. .. હતુંને .. એ માણસ છ-છ ગાઉ ચાલે જંગલમાં. ત્યાં જર્મનથી ભાગીને આવ્યા બધા. આ સાથે હતા. ..ભાઈ હતા? તમે? તમે હતા સાથે? નહિ. એમાં જંગલ અને એક ગામથી બીજે ગામ છ-છ ગાઉ ચાલે. અનાજ રાખ્યું હોય ત્યાં રાંધીને ખાય. જંગલમાં શું હોય? એમાં બે છોકરાઓને ... આહા..હા..! મા-બાપને કહે કે બાપુ! મને ઠીક નથી. આ રોટલા .. થાય છે. ભાઈ! શું કરીએ? સવારે આગળ લશ્કર તો જાય છે. અમે રહીએ તો અમે મરશું. આહા..હા..! કોણ કોનું કરે? એને ખબર નથી. એક પાણીનો કળશો મૂકી જોડે નીચે મા-બાપ ચાલી નીકળ્યા જીવતા. એ પછી ત્યાં મરી ગયા હશે. આહા..હા..! જુઓ આ

સ્થિતિ! કોણ કોનું કરે? સગા મા-બાપ સાથે. કોલેરા બે ભાઈઓને છોકરા જુવાન. છોડીને ચાલ્યા ગયા. શું કરે? બાપુ! અમે રહીએ તો અમને પણ ખાવાનું મળે નહિ. અમે મરી જવાના, તમે મરી જવાના. આહા..હા..! ઇ વખતે શું દશા હશે? બાપુ! કોણ કોનું કરે? આહા..હા..! તારું જે કરવાનું છે અંદરમાં ચીજ એની સામું તો તારે જોવું નથી. આહા..હા..! હું એક જ્ઞાનનો, આનંદનો સાગર આત્મા, મારામાં ડૂબકી મારતા તો મને આનંદ આવે છે. એવી ચીજ પોતાને છે. એ ચીજની ખબર ન મળે અને બહારની ચીજને મંથનમાં, મથામણમાં ચાલ્યો ગયો આ. આહા..હા..!

**'આત્મતત્ત્વને સઘળોય (અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી;...'** એનો અર્થ કર્યો **'(અર્થાત્ કાંઈ પણ) સંબંધ નથી; એમ કર્તાકર્મપણાના સંબંધનો અભાવ હોતાં, આત્માને પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય?'** આહા..હા..!

**'ભાવાર્થ :- પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી,...'** એક આત્માને અને બીજા આત્માની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! કહો, આ મારા દીકરા અને આ મારી બાયડી અને આ મારું એ બધું આવ્યું ક્યાંથી? અજ્ઞાનીએ કલ્પનાના ઘોડા ઉઠાવ્યા. મીત્રસેનજી! કહો, ઇ છોકરો તો રળે છેને ત્યાં તમારે દિલ્હી. ત્યાં જાવું હતું લ્યો .. એના બાપને. આહા..હા..! કોણ કોને શરણ? કોણ કોને ટેકો આપે? કોણ કોને મદદ કરે? આહા..હા..! ગુરુને અને શિષ્યને શું સંબંધ? એમ કહે છે અહીં તો. એનો આત્મા જુદો, એનો આત્મા જુદો. કોણ કોનું કરે? આહા..હા..! અરે..! એનો આત્મા રખડતો રામ અનાદિથી ભૂલમાં એને ભૂલ કેમ ભાંગી એની એને ખબર ન મળે, પણ ભૂલ છે કે નહિ એની પણ ખબર નથી. આહા..હા..!

**'પરદ્રવ્યને અને આત્માને કાંઈ પણ સંબંધ નથી, તો પછી તેમને કર્તાકર્મસંબંધ કઈ રીતે હોય?'** આત્મા રચનારો અને એના પરમાં રચાય કામ એવો ક્યાંથી હોય? ભાઈ! આહા..હા..! આ શરીર આમ ચાલે ખાવા વખતે, એમાં રોટલીના બટકા થાય આમ ફટ-ફટ. અને આમ રોટલીમાં દાળ આવે. કહે છે કે એ ક્રિયા પ્રભુ તારી નહિ. આહા..હા..! આ તે કોણ? એ તો જડની ક્રિયા છે. ઇ આમ આંગળાથી રોટલીના કટકા પડે અને એમાં દાળ. ઇ પરદ્રવ્યને અને તારે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- આત્માનું...

ઉત્તર :- આત્માથી થતું જ નથી. પહેલાથી નથી થતું. પછી થાય શું? પહેલાથી જ નથી થતી. આહા..હા..! શરીરને પક્ષઘાત થઈ જાય શું કરે જીવ? ચલાવે આમ... એ તો બાપુ જડની અવસ્થા, નહિ ચાલે હવે તારાથી. પહેલેથી એ તારાથી હલતી નહોતી. તને ખબર નથી. આહા..હા..! બેખબરો થઈ ચાર ગતિમાં રખડે છે તું. આહા..હા..! અને આવું જેને ભાન નથી એ પછી સામાયિક ને પોષા ને પડિક્કમણા કરીને બેસે મીંડા છે બધા એકડા વિનાના. મિથ્યાત્વભાવ તો પડ્યો છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ત્યાં આત્માને પરદ્રવ્યનું કર્તાપણું કઈ રીતે હોઈ શકે?'** બહુ શ્લોક સારો. ૨૦૦ નંબરનો. લ્યો બે નંબરના પૈસા ઇ નહિ હો આ. આ તો ૨૦૦ ડબલ થયું. પોતાનું સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ થાય એ પરની એને કોઈ જરૂર નથી. આહા..હા..! શરીર અનુકૂળ હોય તો ધર્મ થાય એવી એને જરૂર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ઇ વાતમાં કાંઈ માલ જ નથી.

ઉત્તર :- ભાઈ! શરીર અનુકૂળ હોય, કાંઈક સરખાઈ બહારની હોય, બાયડી, છોકરા કાંઈક સેવા કરનાર હોય તો અમારે ઠીક પડે. ધૂળેય નહિ પડે સાંભળને હવે. આહા..હા..! ધર્મની બાયડી હોય તો નાગા-ભૂખ્યા ઢાંકે, ખવડાવે એમ લોકો વાતું કરે છે. ધૂળેય નથી તને સાંભળને મારા. આહા..હા..! પાગલપણું ઉભું કર્યું છે તે આ બધું.

હવે ત્યારે કહે છે કે બોલાય છેને એમ? આ અમે ક્યાના? કે રાજકોટના. પણ એ બોલાય એમ માની લે કે રાજકોટના તો મૂઢ છે. ભાષા તો એમ બોલાયને ક્યાના છો? કે રાજકોટના. રાજકોટમાં તો ઝુંપડું પણ ન હોય. અને હોય તોપણ એનું ક્યાં છે એ? બોલવામાં આવે એને માની એ રીતે કે સામાની દયા પાળી, સામાને માર્યો, એવી ભાષા આવી એ પ્રમાણે માની લે મૂઢ છે. સમજાણું કાંઈ? અમારા મા-બાપ, અમારા ઘર એનો અર્થ કે 'અ' એટલે નહિ અમારા ઘર એમ એનો અર્થ. આહા..હા..! અમારા દીકરા એ રીતે એટલે કે અ-નહિ, તે અમારા દીકરા નહિ. તે એના છે. આહા..હા..! અહીં ..પૂછે કે તારો છોકરો કે કોણ? ઈશ્વરના છીએ. ઈશ્વરની પાસે. ધૂળેય નથી સાંભળને. એ તો આત્મા છે અને એનું શરીર એ જડ છે. બેય સ્વતંત્ર તત્ત્વો છે. તારું પણ નથી અને ઈશ્વરનું પણ નથી. આહા..હા..! ભાઈ! આ તો દૃષ્ટિ ઉઠાવવી પડે બહુ મોટી વાત છે હોં. કહો, મોહનભાઈ! છતે દીકરા અછતું માનવું? છતે પૈસે પૈસો મારો નહિ એમ માનવું? કાંતિભાઈ! એ બ્રહ્મચારી છે. ઓળખો છો તમે? કાંતિભાઈ. પંદરસોનો પગાર હતો માસિક પ્લેનમાં. માસિક પંદરસો. છોડી દીધો. નોકરી છોડી દીધી. હવે નોકરી કરવી નથી.

મુમુક્ષુ :- શું કરવા છોડી?

ઉત્તર :- આ નિવૃત્તિ લેવા, સાંભળવાને માટે. બે વર્ષથી છોડી છે. પ્લેનમાં નોકર હતા મુંબઈ. પંદરસોનો પગાર માસિક. એ બાળબ્રહ્મચારી છે. આમ લાખો પતિ છે. લાખોપતિ.. એના પિતાજી ગૃહસ્થ. આ ભાઈ! કરવાનું તો આ છે, સમજવાનું આ છે. બાકી બધી હોળીયું કરી બધે. આહા..હા..! કરી શું? માન્યું. આહા..હા..!

## ગાથા-૩૨૪ થી ૩૨૭

ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।
जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि।।324।।
जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।
ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा।।325।।
एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।
जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि।।326।।
तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।
परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं।।327।।

व्यवहारभाषितेन तु परद्रव्यं मम भणन्त्यविदितार्थाः।
जानन्ति निश्चयेन तु न च मम परमाणुमात्रमपि किञ्चित्।।324।।
यथा कोऽपि नरो जल्पति अस्माकं ग्रामविषयनगरराष्ट्रम्।
न च भवन्ति तस्य तानि तु भणति च मोहेन स आत्मा।।325।।
एवमेव मिथ्यादृष्टिर्ज्ञानी निःसंशयं भवत्येषः।
यः परद्रव्यं ममेति जानतात्मानं करोति।।326।।
तस्मात मे इति ज्ञात्वा द्वयेषामप्येतेषां कर्तृत्वव्यवसायम्।
परद्रव्ये जानन् जानीयात् दृष्टिरहितानाम्।।327।।

अज्ञानिन एव व्यवहारविमूढाः परद्रव्यं ममेदमिति पश्यन्ति। ज्ञानिनस्तु निश्चयप्रतिबुद्धाः परद्रव्यकणिकामात्रमपि न ममेदमिति पश्यन्ति। ततो यथात्र लोके कश्चिद् व्यवहारविमूढः परकीयग्रामवासी ममायं ग्राम इति पश्यन् मिथ्यादृष्टिः, तथा यदि ज्ञान्यपि कथञ्चिद् व्यवहारविमूढो भूत्वा परद्रव्यं ममेदमिति पश्येत् तदा सोऽपि निस्संशयं परद्रव्यमात्मानं कुर्वाणो मिथ्यादृष्टिरेव स्यात्। अतस्तत्त्वं जानन् पुरुषः सर्वमेव परद्रव्यं न ममेति ज्ञात्वा लोकश्रमणानां द्वयेषामपि योऽयं परद्रव्ये कर्तृव्यवसायः स तेषां सम्यग्दर्शनरहितत्वादेव भवति इति सुनिश्चितं जानीयात्।

---

હવે, 'જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને 'પરદ્રવ્ય મારું છે' એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદૃષ્ટિ છે' ઇત્યાદિ અર્થની ગાથાઓ દૃષ્ટાંત સહિત કહે છે :

વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,
'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. 324.

જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',
પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; 325
એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,
નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. 326.
તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની
કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. 3 2 7 .

ગાથાર્થ :- [अविदितार्थाः] જેમણે પદાર્થનું સ્વરૂપ જાણ્યું નથી એવા પુરુષો [व्यवहारभाषितेन तु] વ્યવહારનાં વચનોને ગ્રહીને [परद्रव्यं मम] 'પરદ્રવ્ય મારું છે' [भणन्ति] એમ કહે છે, [तुं] પરંતુ જ્ઞાનીઓ [निश्चयेन जानन्ति] નિશ્ચય વડે જાણે છે કે '[किञ्चित्] કોઈ [परमाणुमात्रम् अपि] પરમાણુંમાત્ર પણ [न च मम] મારું નથી'.

[यथा]જેવી રીતે [कः अपि नरः] કોઈ પુરુષ [अस्माकं ग्रामविषयनगरराष्ट्रम्] 'અમારું ગામ, અમારો દેશ, અમારું નગર, અમારું રાષ્ટ્ર' [जल्पति] એમ કહે છે, [तु] પરંતુ [तानि] તે [तस्य] તેનાં [न च भवन्ति] નથી, [मोहेन च] મોહથી [सः आत्मा] તે આત્મા [भणति] 'મારાં' કહે છે; [एवम् एव] તેવી જ રીતે [यः ज्ञानी] જે જ્ઞાની પણ [परद्रव्यं मम] 'પરદ્રવ્ય મારું છે' [इति जानन्] એમ જાણતો થકો [आत्मानं करोति] પરદ્રવ્યને પોતારૂપ કરે છે, [एषः] તે [निःसंशयं] નિઃસંદેહ અર્થાત્ ચોક્કસ [मिथ्यादृष्टि] મિથ્યાદષ્ટિ [भवति] થાય છે.

[तस्मात्] માટે તત્ત્વજ્ઞો [न मे इति ज्ञात्वा] 'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, [एतेषां द्वयेषाम अपि] આ બન્નેનો (-લોકનો અને શ્રમણનો-) [परद्रव्ये] પરદ્રવ્યમાં [कर्तव्यसायं जानन्] કર્તાપણાનો વ્યવસાય જાણતા થકા, [जानीयात्] એમ જાણે છે કે [दृष्टिरहितानाम्] આ વ્યવસાય સમ્યગ્દર્શન રહિત પુરુષોનો છે.

ટીકા :- અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે-માને છે; જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી. તેથી, જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે' એમ દેખતો-માનતો થકો મિથ્યાષ્ટિ (-ખોટી દૃષ્ટિવાળો) છે, તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે તો તે વખતે તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદષ્ટિ જ થયા છે. માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય

પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને, 'લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે.

ભાવાર્થ :- જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદૃષ્ટિ જ છે. જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદૃષ્ટિ જ થાય છે.

---

## ગાથા-૩૨૪ થી ૩૨૭ ઉપર પ્રવચન

**'હવે, જેઓ વ્યવહારનયના કથનને ગ્રહીને "પરદ્રવ્ય મારું છે' એમ કહે,...'** બોલાય ત્યારે શું બોલે? આ મારું ગામ, આ અમારી દુકાન, આ અમારા દીકરા, આ અમારો ધંધો. એય..! એવી ભાષા આવે અને માની લે કે એ એમ જ છે. મૂઢ છે. કોના આ જોડા છે. આવા જોડા કોના છે? કહે મારા છે. જોડા સમજ્યાને? ભિન્ન-ભિન્ન જાતના છે કે નહિ અત્યારે પ્લાસ્ટિકને પ્લાસ્ટિકને. આ છત્રીઓ જુદી-જુદી જાતની લ્યો. ભાષા શું બોલે? એ કોની છત્રી છે આ? કહે મારી. મારી બોલ્યો એટલે એની થઈ ગઈ? આ કોટ કોનો છે? જુઓ એમાં લખ્યું છે પાછળ. એમ .. જુઓ આવ્યું. મનસુખલાલ ડાહ્યાભાઈ. લખે છેને ભાઈ! અહીં કાંઈક કરે છે. એમ.ડી. એમ એટલે મનસુખલાલ, ડી એટલે ડાહ્યાભાઈ. મનસુખ ડાહ્યાભાઈ તું નહિ. આહા..હા..! ભાષા બોલાણી તો થઈ ગયો ધણી? ગામ અમારું રાજકોટ, અમારું ગામ પોરબંદર, અમારું ગામ જયપુર. એય..! પંડિતજી! જયપુરને? અહીં બધા પ્રતિષ્ઠિત જ છે બધા બહારના. એમ કહે છે કે ગામ અમારું એમ જે બોલવામાં આવે. એને માની જ લે કે એ બરાબર છે. મૂઢ જીવો છે એ. આહા..હા..!

**'એમ કહે છે, એ રીતે વ્યવહારને જ નિશ્ચય માની આત્માને પરદ્રવ્યનો કર્તા માને છે, તેઓ મિથ્યાદૃષ્ટિ છે ઇત્યાદિ અર્થની ગાથાઓ દૃષ્ટાંત સહિત કહે છે :-'**

**ववहारभासिदेण दु परदव्वं मम भणंति अविदिदत्था।**
**जाणंति णिच्छएण दु ण य मह परमाणुमित्तमवि किंचि॥324॥**
**जह को वि णरो जंपदि अम्हं गामविसयणयररट्ठं।**
**ण य होंति तस्स ताणि दु भणदि य मोहेण सो अप्पा॥325॥**
**एमेव मिच्छदिट्ठी णाणी णीसंसयं हवदि एसो।**
**जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणदि॥326॥**
**तम्हा ण मे त्ति णच्चा दोण्ह वि एदाण कत्तविवसायं।**
**परदव्वे जाणंतो जाणेज्जो दिट्ठिरहिदाणं॥327॥**

ચાર. ચાર ગાથા છે. એની નીચે હરિગીત.

**વ્યવહારમૂઢ અતત્ત્વવિદ્ પરદ્રવ્યને 'મારું' કહે,**
**'પરમાણુમાત્ર ન મારું' જ્ઞાની જાણતા નિશ્ચય વડે. 324.**
**જ્યમ પુરુષ કોઈ કહે 'અમારું ગામ, પુર ને દેશ છે',**
**પણ તે નથી તેનાં, અરે! જીવ મોહથી 'મારાં' કહે; 325**
**એવી જ રીત જે જ્ઞાની પણ 'મુજ' જાણતો પરદ્રવ્યને,**
**નિજરૂપ કરે પરદ્રવ્યને, તે જરૂર મિથ્યાત્વી બને. 326.**
**તેથી 'ન મારું' જાણી જીવ, પરદ્રવ્યમાં આ ઉભયની**
**કર્તૃત્વબુદ્ધિ જાણતો, જાણે સુદૃષ્ટિરહિતની. 327.**

ઓલા વિષ્ણુ અને બેયને.

ટીકા એની. **'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે...'** આહા..હા..! શરીર મારું, પૈસા મારા, સાત પેઢીથી અમે પૈસાવાળા છીએ. લ્યો ઇ પેઢી એની થઈ ગઈ. સાત પેઢીથી પૈસાવાળા. ગર્ભશ્રીમંત છીએ એમ કહે છેને? ગર્ભમાં આવ્યા ત્યારથી અમે શ્રીમંત છીએ. કોણ પણ શ્રીમંત? આહા..હા..! એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બોલવામાં એમ આવ્યું એમ માની લે નિશ્ચય તો તો મૂઢ જીવ છે કહે. એના માટે તો આ ગાથાઓ લીધી છે. આહા..હા..! આ શાસ્ત્રો અમારા, આ પુસ્તકો અમારા, આ મકાન અમારા, આ બધા ક્રમસર ઓરડા કર્યા છે એ બધા અમારા. આ પરમાગમ અમે કરીએ છીએ. આહા..હા..!

મુમુક્ષુ :- અમારે-અમારે .. વેપાર.

ઉત્તર :- એ વેપાર માટે ઓલો દાખલો આપ્યો હતો કે વ્યવહારથી આમ બોલે એમાં માની લે એ મૂઢ છે, બાપુ! તારું કોઈ નથી. તારો તું તે પરમાં જાતો નથી, પર તે તારામાં આવતા નથી અને તારા ક્યાંથી થઈ જાય એ? આહા..હા..! અમારા શિષ્ય છે આ, અમે એના ગુરુ છીએ, બાપુ! એ ક્યાંથી આવ્યું કહે. આહા..હા..! અમે શાસ્ત્રના જાણનાર છીએ. શાસ્ત્રના જાણનાર છે હોં. ઇ ભાષામાં બોલે એ માની લે તો મૂઢ છે. આહા..હા..!

**'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે છે-માને છે; જ્ઞાનીઓ તો...'** ધર્મી જીવ તો એને કહીએ કે **'નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી...'** એ તો આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે તે હું છું એમ ધર્મી જાણે છે. આહા..હા..! એ નિશ્ચયપ્રતિબુદ્ધ છે, ઓલો વ્યવહાર વિમુઢ છે. ત્યારે ધર્મી એને કહીએ કે જેને નિશ્ચયમાં પ્રતિબુદ્ધ છે. સ્વતત્ત્વ મારું આત્મા, હું તો એક જાણનાર-દેખનાર મારી ચીજ. એનું જેને

જ્ઞાન છે એ પરદ્રવ્યમાં કણિકામાત્રને પણ મારું માનતો નથી. આહા..હા..! કહો, **'પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી.'** મારું મારાથી જુદું ન હોય અને જુદું તે મારું ન હોય. આહા..હા..! કહો, શેઠ! ભાઈઓ તો એક ખરા કે નહિ? નહિ? આ ભાઈઓ બધા કહે છેને ડાંગ માર્યા એ પાણી જુદા ન પડે. પાણી હોય ને પાણી? લાકડી મારે તો કાંઈ પાણી જુદા પડે? પાછા ભેગા થઈ જાય. એમ કે ભાઈઓ ભેગા રહે, ભાઈઓ કાંઈ જુદા પડે બાપા? પણ જુદા જ છે. આહા..હા..! એ ક્યાંકથી આવ્યો અને પાછો ક્યાંક ચાલ્યો જશે. કોની સાથે કાંઈ સંબંધ તને? આહા..હા..! એ મેલ (મહેલ) અને બધી મહેનતો બધી આબરૂ બધું પડ્યું રહેશે બાપુ! એ તો પરચીજ છે. તારામાં ક્યાં આવી અને તારી ક્યાં થઈ હતી? આહા..હા..! અને તારી થઈને ક્યાં રહી હતી? પૈસો જડ થઈને રહ્યો છે કે આત્માનો થઈને રહ્યો છે? ... આ શરીર છે એ અજીવ થઈને રહ્યું છે? કે જીવનું થઈને રહ્યું છે આ? આ તો અજીવ થઈને રહ્યું છે. પણ એમ કહેવાય કે આ જીવને આ શરીર છે. એમ માની લે તો મૂઢ જીવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુઃ- બોલવું કાંઈક અને સમજવું કાંઈક.

ઉત્તર :- ભાષા તો જુદી, ભાષા શું કરે? બીજાને ક્યાં રહેનારો છે? કોણ છે? એમ બતાવવા એવી ભાષા આવે. બીજો ક્યાં રહે છે અને આ ક્યાં? ઇ બતાવવા. પણ એથી એ ગામનો ધણી છે? ક્યાં રહેવું? સુરેન્દ્રનગર. લ્યો. આહા..હા..!

મુમુક્ષુ :- સુરેન્દ્રનગરમાં રહેતો હશે? લાંબો પહોળો થઈને.

ઉત્તરઃ- .. સીતાપર તો નગરી છેને? ...

મુમુક્ષુ :- રાજપીપળા. ધ્રાંગધ્રા જતા રાજપીપળા

ઉત્તર :- આવે છે. એ જગ્યા ... એનું નામ દુધરેજ. હા દુધરેજ. ઓલું સીતાપર. સીતાપરથી કાગળ આવ્યો હતો કણબીનો. અમે સાંભળ્યું છે કે આપ વાઈનો રોગ મટાડો છો. એણે બિચારાએ ઓલું મોકલ્યું છે આખું. વીસ પૈસાનું કવર મોટું. આ હતાને કલ્યાણ? .. ખબર ન હોય. અહીં તો આત્મભ્રાંતિના રોગને મટાડવાની વાત છે. એ કાગળ આવ્યો હતો. કવર પાછું એનું લખાણ આવ્યું હતું... આ મોકલું છું આમાં લખીને તરત જવાબ આપજો. બાર વર્ષનો છોકરો છે, વાઈ આવે છે ... કહો, હવે આ એને ... આહા..હા..!

મુમુક્ષુ :- એક ...

ઉત્તર :- એક થી દસ સુધી શીખ્યો છે. બાર વર્ષની ઉંમર. એક થી દસ. એક, બે, ત્રણ દસ સુધી. પણ ઇ તો દસ ... દસ શીખ્યો સો એકડા આવડતા હતા. સો. એકથી સો સુધી આવડે. દસ વર્ષનો. દશાશ્રીમાળી વાણિયો છે. આહા..હા..! એ તો એની પોતાની પર્યાયની યોગ્યતા હોય એ પ્રમાણે ત્યાં થાય છે. ભણાવે મોટા હુશિયાર માટે ત્યાં ભણી જાય એમ છે? પર કરે? એને નાખી દે માસ્તર કાંઈ? બુદ્ધિ આપી દે કે નહિ એને આપે કે નહિ થોડી? આહા..હા..!

**'જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ (નિશ્ચયના જાણનારા) હોવાથી પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી.'** હવે એનો દાખલો આપીને વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**અષાઢ વદ-૧૧, ગુરુવાર, તા.૨૬-૦૭-૧૯૭૩**
**ગાથા-૩૨૦, પ્રવચન-૪૫૦**

૩૨૦ ગાથા જયસેનાચાર્યની ટીકા છે. અહીં સુધી આવ્યું જુઓ. 'દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ અને અભવ્યત્વ બેયનો અભાવ હોવાથી.' બે વાત થઈ ત્યાં આગળ. કે આ જગતમાં જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એવા ત્રણ પારિણામિકભાવે જીવ છે. એમાં ત્રણેમાં ત્રિકાળી શુદ્ધ જીવત્વ જે છે એ પરિણામભાવે, શુદ્ધભાવે છે. શુદ્ધ પારિણામિકભાવ છે. અને દસ પ્રાણરૂપ અને જીવત્વ અને ભવ્યત્વ અને અભવ્યત્વની પર્યાય જે છે એનો અશુદ્ધ પારિણામિકભાવે છે ઇ. એ અશુદ્ધ પારિણામિકભાવ શુદ્ધનયે સંસારી જીવમાં ત્રિકાળ નથી. સિદ્ધમાં તો સર્વથા નથી. શુદ્ધ જીવત્વ જે ત્રિકાળી પરમસ્વભાવભાવ એની અપેક્ષાએ તો એ પારિણામિકભાવ ત્રિકાળી નિરાવરણ અને શુદ્ધ છે, પણ એના ત્રણ ભેદ પડે દસ પ્રાણના. ભાવપ્રાણ હોં દસ અશુદ્ધ. દસ પ્રાણ એ જીવની પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, ઇન્દ્રિય અને શ્વાસ. એનાથી જે જીવન દસ પ્રાણનું એ અશુદ્ધ જીવત્વ. એ શુદ્ધ જીવની દૃષ્ટિમાં, ત્રિકાળમાં એ છે નહિ. અથવા શુદ્ધનયે સંસારી અને સિદ્ધ. સંસારીમાં શુદ્ધને એ પ્રાણ નથી. સિદ્ધમાં શુદ્ધનયે અને વર્તમાનમાં પણ એ નથી. આહા..હા..! ૩૨૦ ગાથા ચાલે છે, શેઠ! ઝીણી છે ઝીણી.

એ તો કાલે કહ્યું હતું તમને જ્ઞેયજ્ઞાયક એવું જ્ઞાનતત્ત્વ કહ્યું હતું કાલે. જ્ઞાનતત્ત્વમાં આવે છે. સમજાણું કાંઈ? ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમપારિણામિકભાવ એ જ આદરણીય અને ગ્રહણ કરવાલાયક એમ સિદ્ધ કરવા વાત કરી છે. સમજાણું કાંઈ? એ સર્વથા દસ પ્રાણરૂપ જીવત્વ અને ભવ્ય-અભવ્યત્વનો તો સિદ્ધમાં, દ્રવ્યમાં અને પર્યાયમાં બેય રીતે નથી. સંસારીને શુદ્ધનયથી એના ત્રિકાળ સ્વભાવમાં એ અશુદ્ધતા નથી. આહા..હા..! ખરેખર તો સાક્ષાત્ ભગવાનસ્વરૂપ જ એ

પરમપારિણામિક સ્વભાવે છે. સમજાણું કાંઈ? પણ પર્યાયમાં જે આ ભેદ પડે એ શુદ્ધનયની દૃષ્ટિએ તો સંસારી જીવને પણ નથી અને સિદ્ધને પણ નથી.

તે ત્રણમાં. અહીં સુધી તો કાલે આવી ગયું હતું. એ ત્રણ તો જીવત્વ, ભવ્યત્વ અને ભવ્યત્વ એ ત્રણ. એ ત્રણમાં ભવ્યત્વ લક્ષણ પારિણામિકને તો... ભવ્યપણાનું લક્ષણવાળું પારિણામિક તો યથાસંભવ સમ્યક્ આદિ ગુણ.. ઘાત દેશઘાતિ, સર્વઘાતિ એવું નામવાળું મોહાદિ કર્મ સામાન્ય પર્યાયાર્થિકનયે ઘાતે છે એમ જાણવું. આહા..હા..! શું કહે છે? ભવ્યત્વ લક્ષણ એવું જે પારિણામિકભાવ એને યથાસંભવ પર્યાયમાં સમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય એ પોતે પોતાથી જ્યારે ઘાતે છે ત્યારે એને આ પર્યાયાર્થિકનું કર્મ એને ઘાતે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એકવાર કહો ત્યાં સમજાય એવું છે?

ઉત્તર :- નથી સમજાયું? સમ્યગ્દર્શન એની પર્યાયમાં ઘાત મિથ્યાત્વને લઈને છે, પણ એ મિથ્યાત્વનું નિમિત્ત દર્શન મોહનીય કર્મ છે. એથી પર્યાયાર્થિકનયે એના સમકિતને ઘાતનાર, જ્ઞાનને ઘાતનાર, દર્શનને ઘાતનાર, વીર્યને ઘાતનાર, મોહાદિ કર્મ એટલે ચાર ઘાતિકર્મ છે. એ નિમિત્તરૂપે ઘાતે છે એમ કહેવામાં આવે છે. વાત તો એમ છે કે એ ઘાતે છે, પણ ઘાતે છે ક્યારે? પોતે ભાવરૂપે આત્માની પર્યાયને ઘાતે છે ત્યારે એ કર્મ નિમિત્તરૂપે ઘાતે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો એકલું માખણ છે.

'એ ત્રણમાં ભવ્યત્વ લક્ષણ પારિણામિકને તો યથાસંભવ...' જેને જે યોગ્ય હોય તે. સમ્યગ્દર્શનમાં દર્શનમોહનું નિમિત્ત છે ઘાતવામાં. પોતે મિથ્યાત્વરૂપી પરિણમન કરે છે એ પોતાના સમકિતની પર્યાયનો ઘાત કરે છે. એ વખતે દર્શનમોહનું નિમિત્તપણું વિશેષપણે છે. વિશેષ એટલે પર્યાયનયે. સામાન્યને તો છે નહિ. ત્રિકાળ જે પરમપારિણામિકભાવ ત્રિકાળ નિરાવરણ એને ખીલવું પણ નથી અને આવરણ પણ નથી. એ તો ખીલેલું જ પડ્યું છે ત્રિકાળ. સમજાણું કાંઈ? ઇ 'યથાસંભવ સમ્યક્ત્વાદિ...' સમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય, જ્ઞાનની પર્યાય, દર્શનની પર્યાય, વીર્યની પર્યાય. 'એવા જીવ ગુણો...' એટલે જીવની પર્યાય. 'એનું ઘાતક...' નિમિત્તરૂપે ઘાત કરનાર 'દેશઘાતિ...' મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, અંતરાય આદિમાં તો દેશઘાતિ નિમિત્ત છે. દેશઘાતિ નિમિત્ત છે. અને કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ એને સર્વઘાતિ નિમિત્ત છે. પ્રકૃતિ કર્મના બે પ્રકાર છે--એક દેશઘાતિ અને એક સર્વઘાતિ. જ્ઞાનના પાંચ ભેદમાં ચાર છે એ દેશઘાતિ છે અને કેવળજ્ઞાનવરણી એ સર્વઘાતિ છે. આ તો મુદ્દાની રકમની વાત લેવી છેને? માલ શું છે એમાં? કે માલ તો પોતે ભગવાન સ્વરૂપ જ છે અંદર. પણ વ્યક્તતા કેમ નથી? કે પર્યાયમાં એની ભૂલ પોતાની છે એ ભૂલમાં દેશઘાતિ ચાર જ્ઞાનમાં દેશઘાતિ નિમિત્ત છે, કેવળજ્ઞાનમાં સર્વઘાતિ નિમિત્ત. અંતરાય અને વીર્ય આદિમાં દેશઘાતિ નિમિત્ત છે. દર્શનમોહમાં પણ સર્વઘાતિ પણ છે અને

ક્ષયોપશમ છે ત્યાં સુધી દેશઘાતિ પણ એક પ્રકૃતિ સમકિત મોહનીયની છે. આ તો બધું હોય એને.. ઘણું ભર્યું છેને થોડામાં?

એ દેશઘાતિ અને સર્વઘાતિ એવા નામવાળું 'મોહાદિકર્મ...' સામાન્ય. મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય. 'એવું સામાન્ય પર્યાયાર્થિકનયે ભાસે છે એમ જાણવું.' દ્રવ્ય ત્રિકાળીને તો કાંઈ ઢાંકતું નથી. ઇ તો નિરાવરણ છે ત્રિકાળી વસ્તુ. એની વર્તમાન પર્યાયમાં પોતે વિપરીતભાવ કરે છે એમાં નિમિત્તપણું કર્મનું દેશઘાતિનું, સર્વઘાતિનું છે તેથી પર્યાયાર્થિકનયે ઘાતે છે એમ જાણવું.

મુમુક્ષુ :- ભવિત્વ લક્ષણને ઘાતે છે.

ઉત્તર :- હા તે ભવ્યત્વ છેને. ભવ્યત્વ લક્ષણ ઘાતે છે. ભવ્યત્વની પૂર્ણ પર્યાય થઈ જાય પછી ખલાસ. ત્યાં ભવ્યત્વ રહેતું નથી સિદ્ધમાં. સિદ્ધમાં ભવ્યત્વ રહેતું નથી. એ અપેક્ષાએ લીધી છે વાત. હોવાપણું. ભવ્યપણામાં સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિ એનું હોવાપણું પર્યાયમાં. એના હોવાપણામાં ઇ ભવ્યત્વનું હોવાપણું છે. એ રીતે થવું જોઈએ. સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, વીર્ય, કેવળજ્ઞાન, કેવળદર્શન એમ થવું જોઈએ. એને ઠેકાણે એ પોતે જ પોતાથી વિપરીત પર્યાયમાં પરિણમે છે તો ભવ્યત્વને થવાલાયકને એ ઘાતે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભવ્યત્વને તો કર્મનું કાંઈ નિમિત્ત હોય જ નહિ.

ઉત્તર :- ઇ તો એક અપેક્ષાથી વાત છે. ભવ્યત્વપણું સિદ્ધમાં તો છે નહિ. એ તો કર્મ છે ત્યાં સુધી ભવ્યત્વપણું થાતું નથી. એ અપેક્ષાએ એને ભવ્યત્વનો ભાવ કહ્યો. પણ પૂર્ણ થઈ ગયું પછી ભવ્યત્વ રહેતું જ નથી. એ સમ્યગ્દર્શન-જ્ઞાન સ્વભાવને પામે એ ભવ્યત્વ છેને? ભવ્યત્વ એટલે શું? છેને આમાં ઓલામાં સિદ્ધાંત પ્રવેશિકા. જૈન સિદ્ધાંત પ્રવેશિકા. ભવ્યત્વ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય એ ભવ્યત્વ. તો એ સમ્યગ્દર્શન-જ્ઞાનને પ્રાપ્ત ન થાય એવી જે પર્યાય પોતાની એમાં એ ચાર કર્મનું દેશઘાતિનું, સર્વઘાતિનું નિમિત્ત છે. ટૂંકી ભાષાએ પછી એણે ઘાત્યું એમ કહેવામાં આવે છે.

ઘાતિકર્મ પણ બે પ્રકારના છે--ભાવઘાતિ અને દ્રવ્યઘાતિ. પોતાનો ભાવ જે છે એ ભાવઘાતિ કર્મ છે અને જડકર્મ છે દ્રવ્યઘાતિ કર્મ છે. ૧૬મી ગાથામાં આવે છે. પ્રવચનસાર સ્વયંભુ. આહા..હા..! સોળમીમાં આવે છે દ્રવ્યભાવ ઘાતિકર્મ. આહા..હા..! પર્યાયમાં ભવ્યત્વ જે હોવું જોઈએ એ નથી તો એનો ઘાતક દેશઘાતિ અને સર્વઘાતિ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય. ચારેય હોં. નિમિત્તપણું છે. જડકર્મથી નિમિત્ત પામે છે. ઉપાદાનપણે ભાવકર્મથી પોતે ઘાતે છે એ ભાવકર્મ, ભાવકર્મ ઘાતિ છે.

મુમુક્ષુ :- .. કઠણ પડે એવું છે.

ઉત્તર :- તો આ હળવે-હળવે તો કહીએ છીએ. એય..! સુજાનમલજી! આમ આ શું કહે છે?

વસ્તુ છે ભવ્યત્વ એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવાને લાયક એને ભવ્યત્વ કહીએ. હવે એ ભવ્યત્વ પરિણામમાં જે સમ્યગ્દર્શન, ચારિત્ર કે વીર્ય પ્રગટતું નથી પર્યાયમાં એમાં હીણાપણાનું કારણ પણ પોતાનો ભાવ છે. ભાવઘાતિ. અહીં સમુચ્ચય કહી દીધું છે કે સામાન્ય બધા ચારેય કર્મો એને પર્યાયનયે સ્થાપે છે. દ્રવ્યનય઼ે તો ત્યાં કાંઈ છે નહિ. પર્યાયમાં વિકાસ નથી થતો એ પોતાની યોગ્યતા છે અને એમાં ચાર ઘાતિકર્મનું નિમિત્ત છે. સમજાણું કાંઈ? ચાર, પાંચ જ્ઞાનમાં ચાર જ્ઞાનને દેશઘાતિ નિમિત્ત છે, કેવળજ્ઞાનમાં સર્વઘાતિ નિમિત્ત છે એમ દર્શન ચારમાં ત્રણમાં દેશઘાતિ દર્શનાવરણીય નિમિત્ત છે. કેવળજ્ઞાનદર્શનમાં સર્વઘાતિ નિમિત્ત છે, મોહમાં, દર્શનમોહાદિમાં બાર પ્રકૃતિ આદિમાં એ સર્વઘાતિ છે અને સંજ્વલન અને સમકિત મોહનીય એ દેશઘાતિ છે. આટલું બધું વળી યાદ શી રીતે રહે? આ તો આખું માખણ પડ્યું છેને. થોડામાં બધું સમાડ્યું છે અહીં તો. અભ્યાસ રહ્યો નહિ અભ્યાસ.

જેનામાં દર્શન, ચારિત્ર, શાંતિ અને આનંદ એની પર્યાય સમ્યક્ નથી એનું કારણ શું? એમ કહે છે. છે તો ભવ્ય પ્રાણી. પણ એની લાયકાતથી વિકાસ નથી તો એનું કારણ શું? કે વિકાસ નથી એનું કારણ તો એનો ભાવ છે. અને એ ભાવમાં નિમિત્તરૂપે ચાર કર્મ છે. કહો, રતિભાઈ! બેવાર ઝીણું આવ્યું છેને અમારે. નવલભાઈ

મુમુક્ષુ :- આપણે રાજકોટ તરફથી માંગણી છેને.

ઉત્તર :- રાજકોટ તરફથી માંગણી છે એય..! રાજકોટના છેને અગ્રણીઓ? એમના તરફથી માંગણી છે. આહા..હા..! ભગવાન! માર્ગ તો એવો છેને. એ વસ્તુ છે તો ભગવાનસ્વરૂપ જ છે. તો કહે છે કે પર્યાયમાં ભગવાનસ્વરૂપ કેમ નથી?

મુમુક્ષુ :- ... બગડી ગયું.

ઉત્તર :- અને શું બગડ્યું આ? અને પ્રત્યક્ષ દેખાય છે કે પર્યાયમાં એને કેવળજ્ઞાન નથી, .. સમ્યગ્જ્ઞાન નથી, સમકિત એને નથી, ચારિત્ર નથી, વીર્યનો વિકાસ જે સ્વરૂપની રચના થવી જોઈએ તે વિકાસ નથી. સમજાણું કાંઈ? ભાઈ! કેટલુંક શાસ્ત્રનું જાણવું કેટલુંક હોય તો પ્રવેશ મળે. આ તો કોલેજ છે. સમજાણું કાંઈ? કોલેજના લખાણ છે આ બધા. સાર-સાર એનો.

ભગવાન આત્મા શુદ્ધ જીવત્વસ્વભાવથી પરમાત્મા પરમપારિણામિક સ્વભાવે ત્રિકાળ નિરાવરણ અને શુદ્ધ છે. હવે એની પર્યાયમાં ભવ્યત્વ જીવને માટે વાત છે. અભવિને તો કોઈ દિ' ખીલતું નથી એટલે એને કાંઈ છે નહિ. એ દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવાને લાયક જ નથી, પણ ભવ્ય જીવ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવાને લાયક છે. એની લાયકાત કેમ ખીલી નથી ભવ્યજીવની? એ પોતે જ એના ભાવમાં વિપરીતપણે પરિણમે છે તેથી ભાવઘાતિ પોતે ઉભો કરે છે. ત્યારે આ જડકર્મ, દ્રવ્યકર્મ, દ્રવ્ય ઘાતિકર્મ નિમિત્તથી પર્યાયને ઘાતે છે એમ કહેવામાં આવે છે. કહો, આમ છે. સુજાનમલજી! આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર જેને એક સમયમાં બધું

ખીલી ગયું જાણવાનું. કાંઈ બાકી ન રહ્યું. એવો જ એનો સ્વભાવ છે. એ સ્વભાવ ખીલી ગયો. કમળ જેમ ખીલી જાય પાંખડીએ એમ અસંખ્ય પ્રદેશે ખીલી ગઈ દશા. વિશેષ કર્યો એણે ઇ. એનો ઓલો ભાવ કર્યો. એ ખીલ્યું કેમ નથી? કહે છે ત્યારે. ભવ્યત્વ એને આમ કહીએ કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવાને લાયક એને ભવ્ય કહીએ. તો ખીલ્યું કેમ નથી? એમ કહે છે. લાયક છેને? ભવ્ય શબ્દ છેને? સમજાણું કાંઈ? ધીમે ધીમે સમજવું. ચર્ચા કરવી જરી બીજા સાથે ન સમજાય તો.

મુમુક્ષુ :- પણ આપના જેવા સમજાવનાર કોણ છે?

ઉત્તર :- પણ આ આવ્યું પછી હવે થોડો વિચાર કરને થોડો? ભાઈ! આ શું કીધું આ?

વસ્તુ અને વસ્તુનો ગુણ એ તો પરમપારિણામિકભાવે તદ્દન નિરાવરણ અને શુદ્ધ. હવે રહી પર્યાયની વાત. ભવ્ય જીવની પર્યાય, એની લાયકાત તો દર્શન-જ્ઞાન-ચારિત્રને પરિણમવાની લાયકાત છે. તો જ એને ભવિ કહીએ. તો કહે છે કે એ લાયકાત કેમ નથી એની ખીલી? તેથી ભવ્યત્વ લીધો છે. આ કારણે. કે એની તો સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ આનંદનું પરિણમન કરવાને લાયક એને ભવ્યત્વ કહીએ. તો આ કેમ નથી? કે નથી એનું કારણ પોતે જ ઉંધો પડેલો છે પર્યાયમાં. આહા..હા..! એ અંશને આખો માનીને રોકાઈ ગયો છે. એટલે આખી દૃષ્ટિ જે ત્રિકાળ દ્રવ્ય ઉપર જોઈએ એ એનો એને અભાવ છે. એ કેમ? ત્યાં ઓલા રાગમાં અને અલ્પજ્ઞમાં રોકાયેલો માટે. એ ભાવ કર્મ છે. એ ભાવઘાતિકર્મ થયું. પંડિતજી! ૧૬મી ગાથામાં આવે છે પ્રવચનસાર. સ્વયંભૂની ગાથા. છોટાભાઈ! આવે છેને? આહા..હા..!

મુમુક્ષુ :- અભવ્યને આ બધું આવે છે?

ઉત્તર :- પૂરું બધુંય. કેવળજ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, ઘાતિ, અઘાતિ.

મુમુક્ષુ :- આને આવરણ...

ઉત્તર :- આવરણ એને ટળવાની લાયકાત છે. એની અભવીની લાયકાત નથી. એ તો અમારે ચર્ચા મોટી થઈ હતી ૮૫માં. નારણભાઈની દીક્ષા હતીને જ્યારે. મોહનલાલ હતાને મોહનલાલજી? લીંબડી સંઘાડાના. નાના અપાસરાના. એણે મોહનમાળા બનાવી છે પુસ્તક. ૮૦માં આવ્યું હતું. અમે બોટાદ હતા. કીધું આ શું લખ્યું? કે આ અભવિને અઠ્યાવીશ પ્રકૃતિ હોય, ભવિ હોય એને મોક્ષ લેવાને લાયક હોય તેને સત્યાવીશ હોય, ન હોય એને પણ ભવિ હોય એને તો છવ્વીસ પ્રકૃતિ જ હોય. મોક્ષ ન જનારાને પણ સત્યાવીશ હોય, જનાર હોય એને અઠ્યાવીશ હોય. કીધું આ ક્યાંથી કાઢ્યું આવ્યું? અને અભવિને ત્રણ આવરણ હોય. મતિ આવરણ, શ્રુત આવરણ, અવધિ આવરણ. મન:પર્યાય અને કેવળજ્ઞાનનું આવરણ ન હોય. કેમકે એને ખીલતું નથી માટે એ વસ્તુ એને આવરણ છે.

મુમુક્ષુ :- ઉઘડી જાય.

ઉત્તર :- એમ કે .. એણે .. કર્યો છે. ૮૫ની વાત છે. સુંદર વોરાના અપાસરે. મણિલાલજી હતા બિચારા સાંભળતા હતા. મણિલાલ કહે આ .. શુંકહે છે સાંભળો-સાંભળો. ૫૦-૫૦ વર્ષની દીક્ષાઓ અને તમને આ એક દસ વર્ષની દીક્ષાવાળો આમ કહે. પંદર હતી તે દિ' ૮૫ની વાત છે. આ .. શું કહે છે? અભવિને પણ કેવળજ્ઞાનાવરણીય, મન:પર્યય જ્ઞાનાવરણીય હોય છે. સમજાણું કાંઈ? તો કહે હોય છે તો તો કેવળજ્ઞાન પ્રગટ થાય એને એમ કહે છે. આહા..હા..! અરેરે..! એની વસ્તુનું માહાત્મ્ય નથી આવ્યું. મહાપ્રભુ પૂર્ણ જ્ઞાનના આનંદને જ્ઞાનપણે પરિણમવાની લાયકાતવાળો ભવિ જીવ છે. એ લીધું છેને અહીં? નહિતર તો સમકિતને ઘાતનારું દર્શનમોહ છે. ભવ્યત્વને ઘાતનારું કેમ લીધું અહીં પાછું? એ ભવ્યત્વ લાયકાત છે એને આમ થવાની, પણ એને ઘાત કરે છે આ.

મુમુક્ષુ :- ઓલાને ઘાત જ નથી, આને ઘાત

ઉત્તર :- એમ. સમજાણું કાંઈ? ભવિને ઘાતે છે પણ અભવિને લાયકાત નથી એને પ્રગટ થવાની. આને તો લાયકાત છે. આહા..હા..! ભવ્યજીવની ભવ્યની વ્યાખ્યા જ એ છેને? કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તે ભવ્ય. પ્રાપ્ત થવાને લાયક હોય તે ભવ્ય. તો એ વાત અહીં લીધી છે. ભવ્યત્વલક્ષણવાળો જે પારિણામિક એ તો યથાસંભવ જેને જે ચાર જ્ઞાનમાં દેશઘાતિ પ્રકૃતિ નિમિત્ત, કેવળજ્ઞાનમાં ઘાતવામાં ઘાતિ, સર્વઘાતિ કેવળજ્ઞાનાવરણીય પ્રકૃતિ એ પર્યાયમાં પોતે ઉંધો પડે છે એથી એને નિમિત્તમાં ચાર ઘાતિ સામાન્યપણે એટલે એકરૂપે કહીને પર્યાયનો ઘાત કરે છે એમ કહેવામાં આવે છે. અહીં તો ભાઈ! બરાબર ધ્યાન રાખે તો સમજાય એવું છે આ તો બધું. એમાં એક શબ્દ આડો-અવળો થાય તો બેસે એવું નથી. આહા..હા..! ત્રણમાં ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો. એમ ન કહ્યું કે જીવની પર્યાયમાં ઘાત છે ઇ ચાર કર્મનો ઘાત છે સમુચ્ચય. એ વાત ન લીધી. અહીં તો ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો. એમ.

મુમુક્ષુ :- ભવ્યને જ ઉપદેશે

ઉત્તર :- એને ઉપદેશ◌ે એમ નહિ. અને એની ભવ્યત્વ તો એને જ કહીએ કે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ખીલે એને ભવ્યત્વ કહીએ. તો આ ભવ્યત્વ આવું હોવા છતાં એને કેમ ખીલ્યું નથી? કે એ પોતે ઉંધો પડ્યો છે ભાવઘાતિ કર્મથી અને એમાં નિમિત્ત દ્રવ્યઘાતિ કર્મ છે. એ સામાન્ય રીતે એ વાત કરી. ચારેય ઘાતિ કર્મ પર્યાયનયે તેને ઘાતે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ તો પહેલા વંચાઈ ગયું છે. એના વ્યાખ્યાનો આવી ગયા છે. રાજકોટમાં વંચાઈ ગયું છે અહીં પણ વંચાઈ ગયું છે. એમાં લખ્યું છે ..બાજુ. આ રાજકોટનું. સોનગઢના વ્યાખ્યાન નહિ ભાઈ આમાં લખ્યું છે. આમાં લખ્યું નથી. આ આવી ગયું છે.

અરેરે..! આહા..હા..! જેને ત્રણ કાળ, ત્રણ લોક તો એક સમયમાં સમાઈ જાય જાણવામાં. એવો ભગવાન આત્મા કહે છે કે આ પર્યાયમાં નથી. આવે છેને પુણ્ય-પાપમાં? કે સર્વને જાણે એવો

હોવા છતાં કેમ નથી જાણતો સર્વને સર્વ પ્રકારે? પુણ્ય-પાપમાં ગાથામાં. એ વખતે આવ્યું હતું ... બંસીધરજી હતા. ... આહા..હા..! જાણનારો તો ઇ સ્વભાવ જ સર્વને સર્વ દેખું એ જ એનું સ્વરૂપ છે. છતાં સર્વથી સર્વ પ્રકારે નથી જાણતો એ સંસાર પ્રાપ્ત એમ છેને ત્યાં? સંસારને પ્રાપ્ત થયેલો પ્રાણી આ રીતે નહિ જાણતો સર્વને કાઢો ભાઈ!

મુમુક્ષુ :- એના પુરુષાર્થ એનો વાંધો આવ્યો હતોને.

ઉત્તર :- હા એ તો વળી.. આ રહ્યું પુણ્ય-પાપ. ૧૬૦. '**सो सव्वणाणदरिसी**' ભગવાન તો સર્વજ્ઞાનદર્શી છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાન એટલે કોણ?

ઉત્તર :- આત્મા. અહીં તો આત્માને ભગવાન તરીકે કહીએ છીએ. ઓલા ભૂલ કરે તો કહે અરે..! ભગવાન! તારા હીતની વાત ભાઈ! તું .. શું કરવા કરે છો? તારું સત્ આવું છે એ પરથી રોકાઈને, તારાથી રોકાયેલો છો તું. ઇ તને ન ગોઠે એમ કેમ ચાલે? એમાં વિરોધ કરે છે. બાપુ! તારા સ્વભાવનો વિરોધ છે. તારા પરમસત્યના હિતની વાત છે આ. આહા..હા..!

કહે છે '**सो सव्वणाणदरिसी**' '**તે આત્મા (સ્વભાવથી) સર્વને જાણનારનો તથા દેખનારો છે તોપણ...**' '**कम्मरयेण णियेणावच्छण्णो**' ભાવકર્મરૂપી પુરુષાર્થથી હીણો કર્યો એમ. આ '**कम्मरयेण**' શબ્દ છેને. વાંધો ત્યાં ઉઠે કર્મરજ. અહીં તો કહે છે કે '**પોતે જ જ્ઞાન હોવાને લીધે વિશ્વને (સર્વ પદાર્થોને) સામાન્ય વિશેષપણે જાણવાના સ્વભાવવાળું છે એવું જ્ઞાન અર્થાત્ આત્મદ્રવ્ય, અનાદિ કાળથી પોતાના પુરુષાર્થના અપરાધથી...**' લ્યો, એ અહીંથી ભાવ ઘાતિકર્મ. '**એવા કર્મ મળ વડે લેપાયું વ્યાપ્ત થયું હોવાથી જ, બંધ અવસ્થામાં સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને...**' સર્વ પ્રકારે સંપૂર્ણ એવા પોતાને. આમ ત્રણ કાળ એને જાણવા જોઈએ પોતાને. પરની અહીં વાત નથી. આ તો પોતે ત્રિકાળ છે એને ત્રિકાળ આમ જાણવું જોઈએને આખું? '**સર્વ પ્રકારે સર્વ જ્ઞેયોને જાણનાર એવા પોતાને નહિ જાણતું થકું, આ પ્રમાણે પ્રત્યક્ષ અજ્ઞાનભાવે વર્તે છે; તેથી એ નક્કી થયું કે કર્મ પોતે બંધસ્વરૂપ છે.**' વિકારના પરિણામ પોતે બંધસ્વરૂપ છે. અબંધ ભગવાન આત્મા વિકારના પરિણામ એ બંધસ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એની પોતાની મોટપને ભૂલી ગયો અને હીણાપણે પોતે પોતાને માન્યો ઇ પોતાનો દોષ છે એમ કહે છે. આવો જે ત્રણ કાળ અને ત્રણ લોક એથી અનંતગુણો હોય તો એ જાણવામાં સમર્થ. જ્ઞાન કોને ન જાણે? અગ્નિ કોને ન બાળે? એ લીલા લાકડા હોય એને સુકા કરીને પણ બાળી નાખે. આહા..હા..! એમ ભગવાન આત્મા એ જ્ઞાનસ્વભાવી વસ્તુ. જ્ઞાનસ્વભાવી શબ્દ લીધો છેને? એ જ્ઞાન એટલે આત્મા લીધો છે. આવો જે ભગવાન આત્મા પોતાને ત્રણ કાળ પોતે જ ત્રિકાળ છે એને જાણવાનો સ્વભાવ છે એનો. આહા..હા..! એમાં એ પર્યાયમાં પોતે જ ત્રણ કાળમાં રહેનારો એને જાણવાનો સ્વભાવ એને પરનું જાણવું એ ત્રિકાળમાં આવી ગયું. સમજાણું કાંઈ? આમ

અનાદિ-અનંત આદિ અને અંત વિનાની જેની દશાઓ એને જાણે ત્યારે ત્રણ કાળને જાણે એમ થઈ ગયું. ઇ પોતે ત્રિકાળ કેવો છે એમ જાણે. એવો જાણનારો એમ ન રહ્યો.

મુમુક્ષુ :- આ આત્મા છે એમ .. પ્રકારે?

ઉત્તર :- દ્રવ્ય આત્મા તો જુદો ત્રિકાળ નિરાવરણ છે. આ તો ત્રિકાળ નિરાવરણ છે. એ તો વાત બે-ત્રણવાર આવી ગઈ. આ પર્યાયની વાત ચાલે છે આ. ઇ તો પહેલા કહી ગયાને કે સંસારીને શુદ્ધનયથી અને સિદ્ધોને સર્વથા ભવ્ય-અભવ્ય જીવત્વનો તો અભાવ છે. આવી ગયું પહેલું ઇ. શુદ્ધ દ્રવ્યાર્થિકનય આશ્રીત અને શુદ્ધ પારિણામિકભાવ એવી સંજ્ઞાવાળું જાણવું. એ ત્રિકાળની વાત છે, પણ હવે આ પર્યાયમાં કેમ વિકાસ નથી? તે પોતે ભૂલ્યો છે. આવો ભગવાન પૂર્ણ છું તેવી એની શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવતું નથી. ઉંધું આવે છે. હું તો અલ્પજ્ઞાની છું, રાગવાળો છું. અલ્પજ્ઞાની નથી એ વીર્ય બધું એમાં આવી જાય છે અને રાગવાળો એટલે વિપરીત મોહ. એવી પ્રતીતિમાં પોતાની દશાને જ ઘાતે છે. આહા..હા..!

અહીંયાં તો ભવ્યમાં આ વાત લીધી. સમુચ્ચય જીવમાં નથી લીધી. કારણ કે ભવ્ય તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પામવાને લાયક છે. આહા..હા..! છતાં એ કેમ પામતો નથી? કે એની પોતાની ઉંધી દૃષ્ટિ. એ ઉંધી દૃષ્ટિ, ઉંધુ આચરણ રાગનું એ જ એને ભાવઘાતિ છે. ત્યારે જડનું નિમિત્તપણું એ દ્રવ્યઘાતિ છે. સમજાણું કાંઈ? આવે છે લ્યો જુઓ, મોહાદિ કર્મ સામાન્ય, પર્યાયાર્થિકનયે .. છે એમ જાણવું. પર્યાયાર્થિકનયે ચાર કર્મ ઢાંકે કહે છે એમ જાણવું. એના માટે તો આ ખુલાસો કરવો પડ્યો. પાઠ તો આવો છે. દેશઘાતિ, સર્વઘાતિ એવા નામવાળું મોહાદિકર્મ સામાન્ય ચાર. પર્યાયાર્થિકનયે એની પર્યાયને ઘાતે છે. એટલે પોતે જ પોતાની પર્યાયને ઘાતે છે ત્યારે કર્મ ઘાતે છે એમ જાણવું. નિમિત્ત શું કરે પણ? નિમિત્ત અડતું પણ નથી ત્યાં. આહા..હા..! જ્ઞાનાવરણીય જ્ઞાનને આવરે છે. છે તો જડ. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે.

મુમુક્ષુ :- એ તો નિમિત્તના આશ્રયે એમાં વિકાસ થાય છે.

ઉત્તર :- નિમિત્તનું લક્ષ પણ એ પોતે લક્ષ કરે છે. પોતાનું લક્ષ છોડી એનું લક્ષ કરે છે તેથી એનો ઘાત થાય છે. ત્યારે પરવસ્તુને નિમિત્તથી ઘાત કરનાર એમ કહેવામાં આવે છે. આમ છે. વસ્તુસ્થિતિ આમ છે. પછી આ લખ્યું છે. બધું છે બાપુ! તું પાંગળો થયો છો એ તારે લઈને. કર્મને લઈને નહિ. જો એમ તું જાણ તો પાગળાપણું તારાથી છૂટે. સમજાણું કાંઈ? આહા..હા..! એની શ્રદ્ધામાં એ આવવું જોઈએ કે હું પોતે જ ભૂલ્યો છું માટે આ બધી દશા પ્રગટ થતી નથી. ત્યારે ઘાતિ પર્યાયનયે ઘાત કર્યો એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું?

હવે સવળું લે છે. 'ત્યાં જ્યારે...' આ ત્રણ લીટીનો અર્થ થયો. આહા..હા..! 'જ્યારે કાળાદિ લબ્ધિના વશે...' એ આ વાંધા પાછા. આદિ છેને પણ? નથી? એવી વસ્તુ છે. 'કાળાદિ ભાવાદિ એને વશે...' એને તાબે થઈ ગયો છે. એને વશે ખુલે છે પાછું. 'કાળાદિ લબ્ધિના વશે...'

ઓહો..હો..! પુરુષાર્થની ભાવ ઘાતિને છોડતો. એ તો દ્રવ્યઘાતિ તો એની મેળે છૂટુ પડ્યું જ છે. આહા..હા..! 'ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે...' જુઓ અહીં એ લીધું. 'ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે...' જે લાયકાત છે મોક્ષમાર્ગ થવાને માટે એ મોક્ષમાર્ગની પર્યાયમાં લાયકાત પ્રગટ થાય છે. એ ભવ્યપણું પાક્યું કહેવાય. આહા..હા..! પંચાધ્યાયમાં આવે છે ભવ્યપણું પાક્યું ત્યારે કહેવાય. આહા..હા..! 'જ્યારે કાળાદિ...' એટલે? કાળ, સ્વભાવ, પુરુષાર્થ બધું એમાં આવી ગયું. એ 'લબ્ધિના વશે ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે.'

મુમુક્ષુ :- વ્યક્તિ એટલે...

ઉત્તર :- પ્રગટ.

મુમુક્ષુ :- પર્યાયનો અર્થ.

ઉત્તર :- એ પર્યાયની વાત છે વ્યક્તિ થાય એટલે પ્રગટ પર્યાય થાય. ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે. એની પર્યાય ભવ્યત્વ એટલે લાયકાતની પર્યાય જે હતી શક્તિની એ લાયકાત પર્યાયમાં આવી. પર્યાયની વાત છે આ.

'ભવ્યત્વ શક્તિની વ્યક્તિ થાય છે...' લાયકાતરૂપે જે શક્તિ હતી એની પર્યાયમાં પ્રગટતા થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-કાળાદિ બધીને વશ. આહા..હા..! 'ત્યારે આ જીવ...' હવે આવ્યું આ માખણ. 'જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્ય શક્તિની વ્યક્તિ પ્રગટતા પર્યાયમાં થાય છે ત્યારે આ જીવ સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ...' સ્વભાવિક શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ ત્રિકાળ. 'નિજ પરમાત્મ દ્રવ્ય...' પોતાનું પરમ દ્રવ્ય, નિજ પરમદ્રવ્ય. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ આનંદ આવા પૂર્ણ ગુણવાળું દ્રવ્ય એ 'નિજ પરમાત્મ દ્રવ્યના સમ્યક્ શ્રદ્ધાન...' લ્યો આ સમકિત. આ પર્યાય. 'સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ...' જેનું આ લક્ષણ છે. 'એવું જે પરમાત્મદ્રવ્ય.' પોતાનો પરમાત્મ સ્વભાવ ત્રિકાળ એની સમ્યક્શ્રદ્ધા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? દેવ, ગુરુની શ્રદ્ધા અને નવ તત્ત્વની શ્રદ્ધા એમ ન લીધું અહીં તો. તેમ પર્યાયની શ્રદ્ધા એમ એને નથી. શ્રદ્ધા પોતે પર્યાય છે, પણ પર્યાયનો વિષય જે ત્રિકાળ એને સમ્યક્ શ્રદ્ધાન કરતા, સમ્યક્ શ્રદ્ધાનરૂપે પરિણમે છે. જુઓ, એમાં આવ્યુંને? ઉંધી શ્રદ્ધા પરિણમે પરિણમતો હતો એ ભાવઘાતિ હતું. એ જ હવે સવળી શ્રદ્ધાપણે પરિણમે છે. સમજાણું કાંઈ? જે (દ્રવ્ય) સન્મુખથી વિમુખ હતો એ વિમુખ છોડીને (દ્રવ્યની) સન્મુખ થયો. આહા..હા..! સમજાણું કાંઈ?

'નિજ પરમાત્મદ્રવ્યના...' આહા..હા..! ભગવાન સ્વરૂપે પ્રભુ પૂર્ણ છે. પૂર્ણમાં શ્રદ્ધા કરનારી પર્યાય છે એની. આહા..હા..! આ તો ત્રિકાળી દ્રવ્ય, પણ એની સમ્યક્ શ્રદ્ધાનરૂપે પરિણમે છે પર્યાય. એ પર્યાયે પરિણમે છે ત્યારે તે સમ્યગ્દર્શન કહેવાય છે. આહા..હા..! 'આ જીવ ત્યારે...' આ જીવ એમ હતુંને? 'જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વ શક્તિ વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ...' એમ. ત્યારે હતુંને પહેલું? 'ત્યારે આ જીવ સહજશુદ્ધ પરમાર્થદ્રવ્યના સમ્યક્ શ્રદ્ધાન...'

સ્વભાવિક શુદ્ધ પારિણામિક ભાવનું લક્ષણ એવું નિજ પરમાત્મદ્રવ્ય એનું સમ્યગ્જ્ઞાન. એનું સમ્યગ્જ્ઞાન. આહા..હા..! સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ એવું નિજ પરમાત્મદ્રવ્ય એનું સહજ જ્ઞાન. સમ્યગ્જ્ઞાન. 'અને એ સહજ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્યના અનુચરણરૂપ પર્યાય પરિણમે છે.' આહા..હા..! દ્રવ્યમાં ઠરવાની પર્યાય દ્વારા પરિણમે છે. આમાં કાંઈ પરની અપેક્ષા છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- ત્રિકાળ દ્રવ્યની અપેક્ષા.

ઉત્તર :- ત્રિકાળ દ્રવ્યનો આશ્રય. બસ. પરની અપેક્ષા નથી એને કાંઈ. રાગની કે પર્યાયની કે નિમિત્તની કે કોઈની નથી.

'સમ્યક્ શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ અનુચરણરૂપ...' એ ત્રણ પર્યાયે પરિણમે છે એમ. એ 'ભવ્યત્વ લક્ષણવાળું પરમપારિણામિક સ્વરૂપ...' જ્યારે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રપણે પર્યાયે પરિણમે છે. પર્યાયે પરિણમે છે એમ તો લીધું છે બે શબ્દ. આહા..હા..! એ ત્રણે પર્યાયો છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે પર્યાય છે. એનો વાંધો હતો પહેલો ઘણા વખત પહેલા. સમ્યગ્દર્શન ગુણ છે અને તમે એને પર્યાય કહો છો? વિચારીને આત્મધર્મમાં લખો. વાત તો સાચી એની.

મુમુક્ષુ :- ...તો સારા લખો, છાપો તો છો તો સારું બધા ભાવ કેમ આવા લખો?

ઉત્તર :- ભાવ આ ખોટા. અહીં કહે છે કે સમ્યક્ પર્યાય છે, ગુણ નથી. આહા..હા..! ગુણ તો ત્રિકાળી છે પરમપારિણામિકભાવે. એના ગુણનો ધરનાર ગુણી અભેદ. એના સન્મુખ થઈને સમ્યક્ શ્રદ્ધા પ્રગટ કરવી, એનું જ્ઞાન પ્રગટ કરવું અને એનું આચરણ પ્રગટ કરવું ચારિત્ર. એવી પર્યાયે પરિણમે છે. તે પર્યાયને શું કહેવું કહે છે. તે પરિણમન અનુચરણરૂપ પર્યાયે પરિણમે એમ આવી તો ભાષા ચોખ્ખી. પણ ઇ કોણ જોવા નવરા છે? મૂળ ઝીણી વાત હોય એને છોડી દે નિશ્ચયની. કૈલાસચંદજી કહેતા પહેલા તે દિ' ત્રીજી સાલમાં. નિશ્ચયની વાત આવે તો છોડી અને વ્યવહારની આવે તો એનું...

મુમુક્ષુ :- આમાં તો વ્યવહારની વાત પણ ઘણી છે.

ઉત્તર :- હા, પણ પર્યાય છેને આ તો. પર્યાય પોતે જ વ્યવહાર છે. દ્રવ્ય પોતે નિષ્ક્રિય ત્રિકાળ છે. એ નિશ્ચય છે. આહા..હા..!

'તે પર્યાય તે પરિણમન આગમભાષાથી...' આગમભાષાથી એ પર્યાયને શું કહેવું? કે જે ત્રિકાળી નિજ પરમાત્મ દ્રવ્ય વસ્તુ એની સમ્યક્ શ્રદ્ધા, એનું જ્ઞાન અને આચરણ એ પર્યાયને કહેવું શું? કે આગમ ભાષાથી ઉપશમિક કહેવું. ઉપશમ સમકિતી જીવને ઉપશમ પર્યાય કહેવી. ઉપશમ ચારિત્રવાળાને ઉપશમ ચારિત્રની પર્યાય કહેવી. ક્ષયોપશમિક. એ પર્યાયને ક્ષયોપશમિક કહેવી. કાંઈક ઉઘડ્યું છે અને કાંઈક ઉઘડ્યું નથી. પણ એ ક્ષયોપશમિક પર્યાય છે. આગમ ભાષાથી એને

ક્ષયોપશમ સમકિત, ક્ષયોપશમ ચારિત્ર, ક્ષયોપશમ વીર્ય એમ કહેવામાં આવે છે. ક્ષયોપશમ જ્ઞાન. અને ક્ષાયિક લ્યો. કેવળજ્ઞાનાદિ, સમકિત આદિ ક્ષાયિકભાવે છે. તેવા ભાવત્રય કહેવાય છે. આહા..હા..! ક્ષાયિક સમકિત આદિ છેને? એવા ભાવત્રય કહેવાય છે. આ ભાવત્રય ત્રિકાળી દ્રવ્યની સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ. એ પર્યાયે પરિણમેલી દશા. એને આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક કહેવાય છે. આ કેવળજ્ઞાન નથી અત્યારે. કેવળજ્ઞાન પહેલું નથી આ તો... સમજાણું કાંઈ? આ તો હજી માર્ગની વાત ચાલે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર ત્રણેને કોઈને ઉપશમ કહીએ ઉપશમ સમકિત આદિ હોય તો. એને ક્ષયોપશમ કહીએ અને એને ક્ષાયિક કહીએ. મોક્ષના માર્ગની પર્યાયને ત્રણ ભાષાએ આગમભાષાએ આમ કહીએ એમ કહે છે. સમજાણું કાંઈ?

'ભાવત્રય કહેવાય છે.' એ આગમભાષાથી. અધ્યાત્મ ભાષાથી એ જ પર્યાયને ત્રિકાળી સહજ સ્વભાવ પારિણામિકભાવ એવું જે દ્રવ્ય, એનું સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર એને શુદ્ધાત્માભિમુખ પરિણામ કહીએ. શુદ્ધ ભગવાન દ્રવ્ય તેની સન્મુખના પરિણામ કહીએ. આહા..હા..! આવું સમજવાની દરકાર નહિ, મગજ કામ કરે નહિ, પછી કરી નાખે દયા ને વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા. જાવ એય..! થઈ ગયા કલ્યાણ. અરે..! એ તો રાગની ક્રિયા ત્યાં ક્યાં કલ્યાણ? આ તો શુદ્ધાત્માભિમુખ પરિણામ. લ્યો, શુદ્ધ જે પરમપારિણામિક સ્વભાવ એની અભિમુખ, સન્મુખના પરિણામ એને શુદ્ધ ઉપયોગ કહીએ, એને મોક્ષનો માર્ગ કહીએ, એને વીતરાગી પર્યાય કહીએ, 'આવી પર્યાયસંજ્ઞા પામે છે.' દ્રવ્યસંગ્રહમાં ઘણા બોલ લીધા છે પાછળ. મોક્ષના માર્ગને કેટલા નામ આપ્યા ઇ. ઇ માર્ગના નામ છે. અનુભવ. એ અનુભવ કહો કે માર્ગ કહો બધું. ઘણા બોલ લીધા છે.

ભવ્ય જીવને. ભવ્ય જીવની વાત છેને આ અત્યારે? કાળાલબ્ધિને વશે પોતાના પુરુષાર્થથી સર્વ પરિણામ પોતાના સન્મુખ થયા એ પરિણામને આગમ ભાષાએ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક કહીએ. એ પર્યાય છે. એ જ પર્યાયને અધ્યાત્મ ભાષાથી શુદ્ધ અભિમુખ, શુદ્ધ આત્માની સન્મુખના પરિણામ કહીએ. એને શુદ્ધ ઉપયોગ કહીએ. 'ઇત્યાદિ પર્યાય સંજ્ઞા પામે છે.' લ્યો. ઇત્યાદિ એના ભેદરૂપી નામ પામે છે. આવા પર્યાયસંજ્ઞાપણે. 'એ પર્યાય શુદ્ધ પારિણામિકલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે.' મોક્ષના માર્ગની પર્યાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વ શુદ્ધાત્માભિમુખ પરિણામ એ શુદ્ધાત્માથી એ પરિણામ કથંચિત્ ભિન્ન છે. શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય તે પર્યાયથી (ભિન્ન) આહા..હા..! હજી તો અહીંયાં રાગથી જુદો એમ માનવો કઠણ પડે. રાગથી લાભ થાય. એનાથી લાભ માને એ (રાગને) પોતાનું સ્વરૂપ માને છે. આહા..હા..! અહીં તો કહે છે જે પર્યાય નિર્મળ પ્રગટ થઈ. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિર્વિકારી પર્યાય મોક્ષના માર્ગની પર્યાય એ શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય એનાથી

કથંચિત્ ભિન્ન છે. એમ લીધું છે. સર્વથા ભિન્ન નથી કીધું અહીંયાં.

મુમુક્ષુ :- ક્ષાયિકજ્ઞાન પણ ભિન્ન?

ઉત્તર :- હા, ભિન્ન જ છે ક્ષાયિક પર્યાય. શુદ્ધ દ્રવ્યથી ભિન્ન છે. પર્યાય છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.. હા... છેને એ લોકોએ કીધું હતું. કથંચિત્ વાત લેશે એનો અર્થ આ. એકદમ ભડકી જાય. અહીં તો પર્યાય ખરેખર તો દ્રવ્યથી સર્વથા ભિન્ન છે.

મુમુક્ષુ :- એ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક એ મોક્ષમાર્ગ...

ઉત્તર :- મોક્ષમાર્ગની પર્યાય છે ક્ષાયિક ભાવ છેને સમકિતનો? એ બધા પરિણામ શુદ્ધ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. જો એ પર્યાયને શુદ્ધાત્માથી તદ્દન અભેદ કહીએ તો શું દોષ આવે? એ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્ષાયિકજ્ઞાનથી કાંઈ ભાવનારૂપ નથી.

ઉત્તર :- ભાવના ભલે ન હોય. અહીંયાં તો એક મોક્ષમાર્ગની વાત ચાલે છે, પણ એ મોક્ષની પર્યાય પણ શુદ્ધ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. પર્યાય છેને? અહીં તો મોક્ષમાર્ગની વાત ચાલે છે.

એ 'શા માટે? ભાવનારૂપ હોવાથી...' એટલે કે એકાગ્રતારૂપ પર્યાય છે ઇ. એ કાંઈ દ્રવ્યરૂપ દશા નથી એમ કહે છે. દ્રવ્યરૂપ નથી, ભાવનારૂપ પર્યાયરૂપ છે ઇ. એકાગ્રતારૂપ ભાવના છે એ. ત્રિકાળ ભાવની ભાવના છે આ. શુદ્ધ પારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી એ પર્યાય કથંચિત્ જુદી છે. ભાવનારૂપ હોવાથી. 'શુદ્ધ પારિણામિકભાવ તો ભાવનારૂપ નથી...' ત્રિકાળીભાવ એ તો કાંઈ ભાવનારૂપ પર્યાય નથી. મારે ભારે ઝીણું આવું! ત્યાં બધા ઓલાને ભારે આકરું પડે. .. સમજવાને દરકાર કરતા નથી. દરકાર કરે તો બધું સમજાય એવું છે. એમાં કાંઈ ન સમજાય એવી વાત નથી. આગ્રહ હોયને તો (કહે) નહિ, રાગ કરતાં-કરતાં પણ, વ્યવહાર કરતાં-કરતાં પણ થાય. ભવ્યત્વ હોય તો કાર્યકાળ થાય. આ વાંધા બધા લ્યો. અને ક્રમબદ્ધ એક પછી એક થાય ઇ એક પછી એક થાય. એ .. ઓલામાં આવે છે. દિલીપને આ પ્રશ્ન કર્યો હતો. ક્યાં ગયા તમારા જયંતિભાઈ આવ્યા નથી? આ કિરીટનો બાપ આવ્યો છે. ત્યારે દિલીપે પૂછ્યું હતું છોકરાઓ બધા.. શું ચાલ્યું આજે? ભાવનારૂપ છે એમ કાંઈક આવે છે. પ્રશ્ન કર્યા એવા ઘણાય.

'ભાવનારૂપ, શુદ્ધ પારિણામિકભાવ પણ ભાવનારૂપ નથી. એ તો પર્યાય એકાંત શુદ્ધ પારિણામિકથી અભિન્ન હોય...' જો સર્વથા ત્રિકાળી દ્રવ્ય અને તેની આ મોક્ષમાર્ગની પર્યાય સર્વથા એક હોય તો ભાવનાનો નાશ થતા દ્રવ્ય પણ નાશ થઈ જાય. પણ પર્યાયનો તો નાશ થઈ જાય છે. મોક્ષમાર્ગની પર્યાયનો તો નાશ થાય છે. અને આત્મા પારિણામિક ભાવ તો ત્રિકાળી અવિનાશી છે, અવિનાશી અને નાશવાન જો સર્વથા અભિન્ન હોય તો પારિણામિકભાવનો પણ નાશ થાય છે. ભાવનાનો નાશ થતાં પારિણામિકભાવ પણ નાશ પામે છે. ભારે! કહો, 'શુદ્ધ પારિણામિકભાવ તો

ભિન્ન છે...' પારિણામિકભાવ તો ભાવનારૂપ નથી, એ પર્યાયરૂપ નથી. આહા..હા..! મોક્ષનો માર્ગ તો એને પર્યાય છે એ તો વ્યવહાર છે. સમજાણું કાંઈ? લ્યો એને વ્યવહાર કહ્યો છે. ત્રિકાળી દ્રવ્ય જે જ્ઞાયક શુદ્ધ ધ્રુવ નિષ્ક્રિય તે નિશ્ચય છે. આહા..હા..! એકકોર એવું અનાદિથી એમ ને એમ. શુદ્ધ તત્ત્વ, સત્‌નું સત્ત્વ અને સત્ બેય એમ ને એમ અનાદિથી છે. એમાં કાંઈ હલન-ચલન પરિણમન (કાંઈ છે નહિ) ગમે તેટલું અશુદ્ધ પરિણમન થઈ ગયું હોય મિથ્યાત્વનું. એથી કરીને ધ્રુવને કાંઈ આંચ આવે છે એમ નથી. અને ગમે તેટલો વિકાસ થઈ ગયો કેવળજ્ઞાનાદિનો એથી ધ્રુવને કાંઈ પુષ્ટિ મળે છે (એમ નથી). એ તો એકરૂપ ત્રિકાળ છે. કેવળજ્ઞાન થયું, સિદ્ધપદ થયું તો શુદ્ધિની પુષ્ટિ થઈ ત્રિકાળને એમ નથી.

'શુદ્ધ પારિણામિકભાવ પણ ભાવનારૂપ નથી, જો તે પર્યાય એકાંતે શુદ્ધ પારિણામિકથી અભિન્ન હોય તો મોક્ષનો પ્રસંગ બનતા...' લ્યો. કોરી દશા થતા 'આ ભાવનારૂપ મોક્ષકારણભૂત...' ભાવનારૂપ મોક્ષકારણભૂત છેને આ વાત? મોક્ષના માર્ગની વાત છેને? 'પર્યાયનો વિનાશ થતાં શુદ્ધ પારિણામિકભાવ પણ વિનાશને પામે.' જો ભાવનાની પર્યાય અને દ્રવ્ય એક હોય તો ભાવનાની પર્યાય તો બદલી જાય છે. મોક્ષ થતાં એ પર્યાય રહેતી નથી. તો ભેગો આત્મા ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ અને આ પર્યાય જો તદ્દન એકમેક હોય તો આ પર્યાયનો નાશ થતા એનો નાશ થઈ જવો જોઈએ. એ તો નાશ થતાં (પણ) ત્રિકાળી છે એમ ને એમ. આહા..હા..! અરે..! વિશ્વાસ ક્યાં છે? કર્તવ્ય તો આ છે. '**णियमेण य ज कज्जं**' નિયમથી કરવાલાયક હોય તો આ છે. ત્રિકાળી ભગવાન પૂર્ણ શુદ્ધ એની દૃષ્ટિમાં, ખ્યાલમાં પહેલો લઈ પછી એનો અનુભવ કરવો કે આ વસ્તુ પૂર્ણ શુદ્ધ છે. પર્યાયમાં એનું વેદન થાય ત્યારે આ શુદ્ધ છે, આ પૂર્ણ છે એમ એની પ્રતીતની તાકાત થાય. અને એ પણ પર્યાય ત્રિકાળી દ્રવ્યથી તો કથંચિત્ ભિન્ન છે.

મુમુક્ષુ :- .. લે ત્યારે જાણે.

ઉત્તર :- 'મોક્ષમાર્ગરૂપ પર્યાયનો વિનાશ થતાં શુદ્ધ પારિણામિકભાવ પણ વિનાશને પામે...' કહો, સમજાણું કાંઈ? 'પણ એમ તો બનતું નથી. કારણ કે શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે.' એ તો એવું ને એવું સત્ત્વ છેને? તત્ત્વ છેને સત્ત્વ? સત્‌રૂપ તત્ત્વ એ તો અનાદિ-અનંત એમ ને એમ છે. પર્યાયનો નાશ થતાં જો પર્યાય અને બે એક હોય, પર્યાય નાશ થતાં દ્રવ્યનો નાશ થઈ જાય, એમ તો બનતું નથી. ત્રિકાળી અવિનાશ ભગવાન એ પર્યાય અને દ્રવ્યનો વિવેક કરીને પલટનારી પર્યાય તે ન પલટનારની સાથે અભેદ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૩, શુક્રવાર, તા.૨૭-૦૭-૧૯૭૩
## ગાથા-૩૨૦, પ્રવચન-૪૫૧

૩૨૦ ગાથા જયસેનાચાર્યની. એની ટીકા. અહીંયાં સુધી આવી ગયું. 'શુદ્ધ પારિણામિકભાવ પણ વિનાશને પામે, પણ એમ તો બનતું નથી. કારણ કે શુદ્ધ પારિણામિકભાવ અવિનાશી...' છે? છેલ્લે આવી ગયું ત્યાં સુધી. શું કીધું ઇ? કે આત્મા છે આત્મા વસ્તુ એ ત્રિકાળ જે છે એ તો શુદ્ધ પારિણામિકભાવે ધ્રુવ છે. શુદ્ધ પારિણામિકભાવે ધ્રુવ છે. એને શુદ્ધ ઉપાદાનભૂત પણ કહેવામાં આવે છે. ઝીણો વિષય છે આ. ૩૨૦ ગાથા છેને? એ શુદ્ધ પારિણામિકભાવ લક્ષણ શુદ્ધાત્મદ્રવ્ય જે ત્રિકાળ એનો જે મોક્ષનો માર્ગ એ તો પર્યાય છે. ધન્નાલાલજી! શું અર્થ થયો? મોક્ષનો માર્ગ પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ શુદ્ધ પારિણામિક ત્રિકાળ ધ્રુવ વસ્તુને આશ્રયે અવલંબે, પ્રગટ થયેલી પર્યાય એ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! ધ્રુવ વસ્તુ જે છે ત્રિકાળ. પરમપારિણામિક સ્વભાવરૂપ ધ્રુવ એ તો પલટતું પણ નથી, બદલતું પણ નથી, ટકતું તત્ત્વ છે. એ ટકતા તત્ત્વને આશ્રયે, અવલંબે, આધારે જે કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગ એ પર્યાય છે. અને એ મોક્ષમાર્ગની પર્યાય, અવસ્થા ધ્રુવથી કથંચિત્ ભિન્ન છે. જો એની સાથે અભિન્ન હોય તો મોક્ષમાર્ગની પર્યાયનો તો વિનાશ થાય છે. જો એ પર્યાય અને ત્રિકાળી એક હોય અભિન્ન તો પર્યાયનો વિનાશ થતાં દ્રવ્યનો પણ વિનાશ થાય. ઝીણો વિષય છે, ભાઈ! સમજાય છે કાંઈ?

અને શુદ્ધ ત્રિકાળીભાવ ટકતો ભાવ, નિત્યાનંદ પ્રભુ આત્મા એની જે ભાવના થઈ, આ ભાવ છે ત્રિકાળ અને એની જે ભાવના એમાં એકાગ્રતા થઈ એ મોક્ષમાર્ગની પર્યાય છે. અને એ પર્યાય ત્રિકાળી ધ્રુવભાવસ્વરૂપથી એક સમયની એ પર્યાય કથંચિત્ ભિન્ન છે. સર્વથા જો અભિન્ન હોય તો ભાવનારૂપ મોક્ષ કારણરૂપ પર્યાયનો નાશ થતા અભિન્ન જો ચીજ હોય ધ્રુવ અને ભાવના. ત્રિકાળી ભાવ અને ભાવના. સમજાણું કાંઈ? જો બે તદ્દન અભિન્ન હોય તો માર્ગની પર્યાયનો તો ઉત્પાદ થયો છે તો વ્યય થશે. આહા..હા..! વ્યય થતા દ્રવ્યનો પણ વ્યય થઈ જશે જો અભિન્ન હોય તો. સમજાણું કાંઈ? માર્ગ જરી ઝીણો છે, ભાઈ! એવો માર્ગ અંદર છે. સૂક્ષ્મ આખું સત્નું સત્ત્વ. દ્રવ્ય આત્મલાભ હેતુ એમ કહ્યું છેને? પંચાસ્તિકાય. ત્યાં ભાવનાનો અધિકાર ગાથાઓ લીધી છે બહુ. પાંચ ભાવની. ત્યાં પારિણામિકભાવ જે ત્રિકાળ છે એને તો દ્રવ્યનો આત્મલાભ સ્વરૂપનો હેતુ કહ્યો છે. વસ્તુ જ એ છે એમ કહે છે. આહા..હા..!

ત્રિકાળ પરમપારિણામિક સ્વભાવભાવ એ દ્રવ્યના સ્વરૂપની હયાતી કેટલી છે? આહા..હા..!

પર્યાય વિનાનો. સમજાણું કાંઈ? દ્રવ્યના સ્વરૂપનું ત્રિકાળ સત્... સત્... સત્... સત્... જેમાં પલટવું નથી, જેમાં દ્વૈતપણું નથી. આહા..હા..! એવો જે ભગવાન પરમાનંદસ્વરૂપ પરમસ્વભાવ એનો આશ્રય લઈને, એ અગિયારમી ગાથામાં કહ્યુંને '**भूदत्थमस्सिदो खलु**' ભૂતાર્થ તે શુદ્ધનય છે એમ કીધું ત્યાં અગિયારમી ગાથામાં. ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ... તે જ શુદ્ધનય. અને ત્રિકાળ તે જ દ્રવ્યના સ્વરૂપની હયાતી. સમજાણું કાંઈ? આખો વિષય થોડો-થોડો કહેવાય, બાકી બહુ ઝીણું કાંત્યું છે આ. ૩૨૦મી ગાથા જ એવી.

મુમુક્ષુ :- ઘણો વિસ્તાર છે.

ઉત્તર :- આમાં આપણે ઓલામાં વિસ્તાર ઘણો થઈ ગયો છે. પણ ત્યારે તો શરૂઆત કરવી હતીને. આ તો એનું જ વ્યાખ્યાન છેને આ. રાજકોટમાં ૮ થયા, પછી ૬ થયા. ચૌદ થયા. આપણે આ ચોથું ચાલે છે આ. ઘણો વિસ્તાર આવ્યો. આ તો સાર-સાર માખણ આવે છે.

કહે છે કે ભગવાન આત્મા એક સમયમાં નિત્યરૂપ ધ્રુવસ્વરૂપ પરમભાવસ્વરૂપ, પરમભાવસ્વરૂપ તે દ્રવ્યસ્વરૂપનો લાભ. એ વસ્તુની હયાતી તેટલી અને તે. આહા..હા..! એમ નિર્ણય કરનારી પર્યાય છે. પણ પર્યાય એમ નિર્ણય કરે છે કે હું ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ છું એમ પર્યાય નિર્ણય કરે છે. નિર્ણય કરનાર ધ્રુવ નથી. સમજાણું કાંઈ? રાગની તો અહીં વાત જ નથી. દયા, દાન, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ એ કાંઈ આમાં ધર્મના સાધનમાં એ છે જ નહિ. અમરચંદભાઈ! આહા..હા..! લોકોને ભારે પડે કે આવી ભગવાનની ભક્તિ! એ ભક્તિમાં દુઃખ? ભગવાન! પણ એમ તો સમજ કે જે પરતરફના લક્ષવાળી વૃત્તિ એ દુઃખ નહિ ત્યારે શું સુખ? સમજાણું કાંઈ? કોઈ એમ કહે કે ભાઈ! કાંઈક સુખ અને કાંઈક દુઃખ. એમ છે? ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના પ્રત્યેની ભક્તિનો ભાવ કાંઈક દુઃખ અને કાંઈક સુખ એમ છે? બિલકુલ નથી. આહા..હા..! કેમકે પરતરફના વલણવાળી વૃત્તિ અમૃતસ્વરૂપ ભગવાનથી વિરૂદ્ધ છે. સમજાણું કાંઈ? તો કહે છે અહીં તો જે સ્વભાવ ત્રિકાળ વસ્તુ એની મીટ માંડીને, એને ધ્યેય બનાવીને. આહા..હા..! એવો જે ભગવાન ધ્રુવ તેને ધ્યેય બનાવીને ધ્યાનમાં જે દશા પ્રગટ થઈ. આહા..હા..! એ પર્યાય ધ્રુવથી કથંચિત્ ભિન્ન છે. સમજાણું કાંઈ? આ દુનિયાને બહારથી કાંઈક મળશે અને બહારની કાંઈક સેવા કરીએ. અહીં તો કહે છે કે ત્રણ લોકના નાથની સેવા કરવા જતા પણ તને રાગ થશે. આવે ખરો, પણ એ રાગ દુઃખરૂપ છે, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! શોભાલાલજી! ભારે આકરી વાત!

આ તો સાધારણ વાત છે. આ કાંઈ સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે વસ્તુને દ્રવ્ય તરીકે જોઈ એ દ્રવ્ય તો ધ્રુવ સત્ત્વ એકલું સામાન્ય-સામાન્ય અભેદ સામાન્ય, પરિણમનની પર્યાય વિનાનું છે. અને જે એનો નિર્ણય કરે છે એને અવલંબે જે જ્ઞાન થાય છે એમાં સ્થિરતાની દશા ચારિત્રની થાય છે એ બધી પર્યાય છે. એ પર્યાય ક્ષણિક છે. વસ્તુ

ત્રિકાળી છે. આ ક્ષણિક છે તો આ ત્રિકાળી છે, આ નાશવાન છે તો આ અવિનાશી છે. આ ધ્રુવ છે તો એ પર્યાય ઉત્પાદ-વ્યયવાળી છે. ધર્મની પર્યાયની વાત હોં. આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! દીઠો મહેરામણ આનંદનો દરિયો ભર્યો છે કહે છે. એમાંથી ચપટી પાણી લીધું અંદર પીવા. આહા..હા..! એમાં એકાગ્ર થઈને જે આનંદનું પરિણમન સમ્યગ્દર્શન-જ્ઞાન શાંતિનું પરિણમન થયું આનંદનું. એ આનંદનો દરિયો એમાંથી થોડો આનંદ પર્યાયમાં આવ્યો. એ પર્યાય અહીંયાં આનંદની દશા અને ત્રિકાળ આનંદસ્વરૂપ તદ્દન અભિન્ન નથી. ભિન્ન છે. આહા..હા..! આ તે કાંઈ વાત! શરીર જુદું, કર્મ જુદું, રાગ જુદો. આહા..હા..! પણ એને જાણનારી પર્યાય એને એટલે આત્માને હોં. આહા..હા..!

મુમુક્ષુ :- મોક્ષમાર્ગરૂપ.

ઉત્તર :- આહા..હા..! મોક્ષમાર્ગરૂપ પર્યાય-અવસ્થા એ પણ આત્માના ધ્રુવથી ભિન્ન છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'ભાવનારૂપ મોક્ષકારણભૂત પર્યાય તો વિનાશ થતાં...' આહા..હા..! 'શુદ્ધ પારિણામિકભાવ પણ વિનાશને પામે, પણ એમ તો બનતું નથી.' ઇ કાલે આવી ગયું છે. કાલે. હવે આજે. 'માટે આમ ઠર્યું...' છે? ધન્નાલાલજી! એમાં છે? આવ્યું પાનું? 'માટે એમ ઠર્યું...' હિન્દી. એને બતાવો. પહેલીવાર આવ્યા છે. 'માટે એમ ઠર્યું...' એમ હુઆ. 'કે શુદ્ધ પારિણામિકભાવ વિષયક...' આહા..હા..! છેને પહેલી લીટી આમાં તમારે? 'શુદ્ધ પારિણામિકભાવ વિષયક...' શુદ્ધ સ્વભાવ ધ્રુવ નિત્યાનંદ પ્રભુ એને વિષય બનાવનારી, એને અવલંબન લેનારી. આહા..હા..! એને ધ્યેય બનાવીને પરિણતિ જે પ્રગટી. સમજાણું કાંઈ? અત્યારે તો એના અવલંબીને પ્રગટેલી એમ કહેવું છે? આહા..હા..! બાકી તો સત્ પર્યાય પણ કહે છે કે મને તારી જરૂર નથી. હું પણ એક સત્ છું. અને સત્ છું તો તું દ્રવ્ય છે માટે સત્‌ની પર્યાય થાય છે (એમ નથી). આહા..હા..! આવું પરમેશ્વર જૈનદર્શનમાં (છે). બીજે ક્યાંય આવું છે નહિ. એના વાડાવાળાને પણ ખબર નથી.

ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર અરિહંતદેવના દિવ્યધ્વનિમાં ધ્યાનમાં ધ્યેયરૂપ પરમપારિણામિકભાવ. આહા..હા..! એને અવલંબનારી. અવલંબનારી એટલે એ અવલંબન આપે છે? એનો આશ્રય લેનારી, એને વિષય બનાવનારી એવી જે પર્યાય એટલે ભાવના. ઘણા બોલ આવ્યા એમાં તો. આમાં દસ આંકડો છે. પહેલા ઘણા બોલ આવી ગયા છે. પહેલામાં ઇ શબ્દના. એ પહેલો જે શુદ્ધ ઉપાદાનભૂત હતું એ ધ્રુવ હતું. સમજાણું કાંઈ? હવે અહીંયાં શુદ્ધ ઉપાદાનભૂત આવશે એ પર્યાય આવશે. પહેલા જે આવ્યું હતું. આવ્યું હતુંને? શરૂઆતમાં જુઓને. 'સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક...' સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક 'શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનય...' એ શુદ્ધ ઉપાદાન ધ્રુવ છે. ધ્રુવ અને અહીંયાં આવશે હવે કે એ શુદ્ધ પારિણામિકભાવ વિષયને કરનારી-બનાવનારી જે ભાવના 'તે ઉપયોગ ઉપશમાદિ ત્રણ ભાવો...'

ભગવાન પરમાનંદ પ્રભુ એની ભાવના, એકાગ્રતા થતાં જે પર્યાય થઈ એ ત્રણ ભાવરૂપ છે. એ ઉપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક. ત્રિકાળ છે પરમપારિણામિકભાવસ્વરૂપ છે. અને એને અવલંબીને પ્રગટેલી પર્યાય ત્રણ ભાવસ્વરૂપ છે. ઉદયભાવનું તો અહીં કામ નથી. મોક્ષમાર્ગની પર્યાયની વાત છે. સમજાણું કાંઈ? ચારભાવ પર્યાયરૂપ છે. ઉદય, ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક અને ત્રિકાળી પરમ પારિણામિકભાવ સ્વભાવરૂપ છે. પણ અહીંયાં મોક્ષમાર્ગના પર્યાયમાં ઉદયભાવ તો હોય નહિ. આહા..હા..! સમજાણું? એ ભગવાનની ભક્તિનો ભાવ પણ ઉદયભાવ છે. ભાઈ! ભગવાનની ભક્તિ, પંચ મહાવ્રતના પરિણામ. આહા..હા..! એ તો ઉદયભાવ છેને, ભગવાન! એ ક્યાં મોક્ષમાર્ગમાં છે? સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે ખુલાસો કરે છે જુઓ એ 'ઉપશમિક સમકિત ચારિત્ર આદિ, ક્ષયોપશમિક સમકિત ચારિત્ર, જ્ઞાનદર્શન વીર્ય આદિ, ક્ષાયિક-જ્ઞાન-દર્શન ચારિત્ર વીર્ય આદિ.' આ ત્રણ પ્રકાર છે. ઉપશમમાં તો ફક્ત સમ્યગ્દર્શન-ચારિત્ર જ આવે. ઉપશમમાં જ્ઞાન, દર્શન અને વીર્યનો ભાવ ન આવે. સમકિતનો ભાવ આવે ઉપશમમાં, પણ ઉપશમમાં જ્ઞાનનો ઉપશમ, દર્શનનો ઉપશમ, વીર્યનો ઉપશમ એ ન હોય. એ ઉપશમ, ક્ષયોપશમ. જેમાં કાંઈક મલિનભાવ અંશે છે અને કાંઈક નિર્મળભાવ પ્રગટેલો છે. એ નિર્મળભાવ પ્રગટ્યો છે તે ક્ષયોપશમભાવ અહીં લેવો છે. જરી ક્ષયોપશમની વ્યાખ્યામાં મલિનતાનો અંશ છે એ અહીં નથી લેવો. સમજાણું કાંઈ? ઔપશમિક આદિ ત્રણભાવો. એ ભાવનાની જ વ્યાખ્યા છે. શુદ્ધ પારિણામિકભાવને અવલંબનારી જે ભાવના તે રૂપ. એ ભાવના તે રૂપ. 'જે ઉપશમિક આદિ ત્રણ ભાવો...' આહા..હા..! 'તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે...' જુઓ, ઉદયભાવના રહિત હોવાને લીધે. ઉપશમભાવ પણ રાગરહિત છે, ક્ષયોપશમભાવ પણ રાગરહિત છે, ક્ષાયિકભાવ પણ રાગરહિત છે. મોક્ષના માર્ગમાં રાગરહિત ત્રણ પર્યાય છે. આહા..હા..!

'તેઓ...' એટલે તે ભાવના અને 'તે ઉપશમાદિક ત્રણ ભાવ...' એ ભાવનાને ભાવ કીધો. 'તેઓ સમસ્ત રાગાદિરહિત...' રાગનો અંશ ગુણગુણીના ભેદનો જે વિકલ્પ હતો એ પણ રાગનો અંશ આ ત્રણ પર્યાયમાં આવે નહિ. કહો, સમજાણું કાંઈ? એનો અર્થ થયો વ્યવહારકારણ થાય નહિ એમ કીધું. આહા..હા..! રાગાદિરહિત. ત્રણેય ભાવ રાગાદિરહિત. હવે ક્ષયોપશમ તો જે અંશે જે ઉદય પડ્યો છે ઇ આ ભાવમાં ન આવે. સમજાણું કાંઈ? આ તો જયસેનાચાર્યે માખણ કાઢ્યું છે ૩૨૦માં તો. તું બેરૂપે છો, ભાઈ! એક રૂપ ટકતું છે અને એક રૂપ પલટતું છે. એ પલટતું તત્ત્વ ત્રિકાળ દ્રવ્યની અપેક્ષાએ તો પર્યાય છે. ત્રિકાળ તે દ્રવ્ય છે, પલટતું તે પર્યાય છે. મોક્ષમાર્ગ તે પર્યાય છે અને ત્રિકાળ તે મોક્ષસ્વરૂપ શક્તિરૂપ તે મોક્ષસ્વરૂપ છે. સમજાણું કાંઈ? એવા ત્રણ ભાવોમાં 'સમસ્ત રાગાદિરહિત...' ભાષા એમ છે. રાગનો કણ પણ એ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકમાં અથવા પરમ પારિણામિકને અવલંબનારી ભાવનામાં રાગનો અંશ હોતો નથી.

આહા..હા..! એવો જે ભગવાન આત્મા પૂર્ણ આનંદને અવલંબીને જે ભાવના પ્રગટી તે ત્રણ ભાવે પ્રગટી. તે ત્રણ ભાવ--ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક રાગાદિના અંશ રહિત ત્રણ ભાવ છે. કહો, સમજાણું કાંઈ?

ત્રણ ભાવ રાગાદિરહિત છે. તો એનો અર્થ થયો કે આનંદસ્વરૂપ અને શાંતસ્વરૂપ છે. સમજાણું કાંઈ? પરમપારિણામિકને અવલંબનારી ભાવના એ આનંદરૂપ છે, અનાકુળરૂપ છે, શાંતરૂપ છે, સ્વચ્છરૂપ છે અને જે સાથે ઉદયભાવ એ દુ:ખરૂપ છે, અસત્ય છે, અશાંતિ છે, આકુળતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રણ ભાવ 'સમસ્ત રાગના અંશથી રહિત છે...' આહા..હા..! એને પરલક્ષીનો વિકલ્પ એમાં છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું વિકલ્પવાળું જ્ઞાન અને વ્યવહારું શ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ એ બધો વિકલ્પ છે. એ રાગ છે. એનાથી આ પર્યાય રહિત છે. આહા..હા..! એ દુ:ખરૂપ છે, એનાથી (ભિન્ન) આ પર્યાય સુખરૂપ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? થોડો-થોડો વિચાર કરવાનો વખત .. છે. આહા..હા..!

ભાષા કેવી છે જુઓ, 'ઉપશમિક, ક્ષયોપશમ અને ક્ષાયિક એવો તે ભાવના છે.' ભાવ ત્રિકાળસ્વરૂપ છે. જેની આ ભાવના એ રાગથી રહિત ભાવના છે. એ ભાવનામાં રાગનો અંશ આવતો નથી. આહા..હા..! એમ કરીને તો વ્યવહારથી રહિત છે તો આ ભાવના. એમ કહે છે. સમજાણું કાંઈ? અહીં તો અત્યારે એવું ચાલે છે લ્યો, કે ભગવાનની ભક્તિમાં જો દુ:ખ માનશો તો પોપાબાઈનું રાજ છે એ તો. અરે..! ભગવાન! શું કહે છે, ભાઈ! એય..! એ પોપાબાઈનું રાજ નથી કે તમે ભગવાનની ભક્તિમાં દુ:ખ મનાવો. એમ કહે છે. આહા..હા..! આ શું કહે છે? આટલો બધો ફેરફાર!

મુમુક્ષુ :- ભૂલેલો ભગવાન છે.

ઉત્તર :- આહા..હા..! દુ:ખ નહિ ત્યારે શું સુખ છે? ઇષ્ટ છે? કાંઈ નથી? દુ:ખ અને સુખ કાંઈ નથી? એવું ક્યાં હશે? આકુળતા છે, ભાઈ! તને ખબર નથી.

મુમુક્ષુ :- .. લક્ષ જાય છે.

ઉત્તર :- આહા..! તારું લક્ષ ગયું પર ઉપર. ચાહે તો ત્રણ લોકના નાથના સમવસરણમાં આમ ભક્તિ પરદ્રવ્યની. મણિરત્નના થાળે, કલ્પવૃક્ષના ફૂલે, હીરાના થાળ અને મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલ. જય પ્રભુ નારાયણ. છે તો રાગ કહે છે હોં. ઇ આ ત્રણ ભાવમાં રાગ આવતો નથી એમ કહે છે. આહા..હા..! ભાઈ! તને આવી વાત પણ ન ગોઠે (તો) એ તને અવ્યક્ત આખો આત્મા કેમ ગોઠે? આહા..હા..! તારે જ્યાં જાવું છે ત્યાં તો એકલો આનંદ ભર્યો છે. તો જ્યાં જાવું છે ત્યાં આનંદ પડ્યો છે તો આનંદની દશા ત્યાંથી આવશે. આહા..હા..! એ ત્રણે આનંદની દશા ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિકવાળી (દશા) દુ:ખના રાગની દશાથી રહિત છે એમ કહે છે.

આહા..હા..! સમજાણું કાંઈ?

‘રહિત હોવાને લીધે શુદ્ધ ઉપાદાન કારણભૂત...’ આ પર્યાયની વાત. ઓલું જે ઉપાદાન આવ્યું હતું એ ધ્રુવ હતું પહેલા. શુદ્ધ ઉપાદાનભૂત ત્યાં એમ હતું. ‘શુદ્ધ ઉપાદાનભૂત...’ એ ત્રિકાળ. આ ‘શુદ્ધ ઉપાદાન કારણભૂત...’ સમજાય છે કાંઈ? ઉપાદાન કહ્યા હતા પ્રકાર કાલે. ત્રણ પ્રકાર છે-- એક ત્રિકાળી શુદ્ધ ઉપાદાન એ ધ્રુવ ઉપાદાન, આ મોક્ષના માર્ગની પર્યાય જેને ભાવના કીધી, જેને ભાવ ત્રણ કીધા ઇ શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી. આહા..હા..! ‘શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી...’ એમાં શુદ્ધ ઉપાદાનભૂત હતું એમાં. આખું ધ્રુવ. અને આમાં કારણભૂત હોવાથી. ભાષા કેટલી કરી? આહા..હા..! આચાર્યોએ તો કરૂણા કરીને જગતને (નિહાલ કર્યો છે). આહા..હા..! બાપુ! એકવાર સાંભળતો ખરો ભાઈ! તારા હીતની વાતને તું કાઢી નાખ. એય..! આમ છે. એમ ન હોય એમાં ભાઈ! એવો વાદવિવાદ વસ્તુમાં ન હોય. આહા..હા..!

જેને પરમ પારિણામિક શુદ્ધ ભાવની ભાવના કીધી હતી એને ત્રણ ભાવ કહ્યા, એને શુદ્ધ ઉપાદાન કારણભૂત પર્યાય કીધી. સમજાય છે કાંઈ? ‘મોક્ષ કારણ છે.’ એ મોક્ષનું કારણ છે. કોણ? પરમભાવરૂપ ભાવ સત્ત્વ ધ્રુવ આમ પડ્યું છે. એને ધ્યેય બનાવીને ધ્યાનની પર્યાય જે પ્રગટ થઈ. આહા..હા..! એ ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ત્રણેય ધ્યાનની જ પર્યાય છે. સમજાણું કાંઈ? એ ‘શુદ્ધ ઉપાદાન કારણભૂત છે...’ ત્રિકાળી વસ્તુ શુદ્ધ ઉપાદાનભૂત છે અને એના આશ્રયે, અવલંબે પ્રગટેલી પર્યાય એ શુદ્ધ ઉપાદાન કારણ છે. સમજાણું કાંઈ? અને રાગાદિ થવું એ અશુદ્ધ ઉપાદાન છે. કે જે નિશ્ચયથી અશુદ્ધ નિશ્ચયનય છે અને ત્રિકાળની અપેક્ષાએ તેને વ્યવહાર કહેવામાં આવે છે. અસદ્‌ભૂત વ્યવહાર. સમજાણું કાંઈ? અહીંયાં કહે છે કે ત્રિકાળી વસ્તુની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ જે પ્રગટી એ છે વ્યવહાર. સદ્‌ભૂત વ્યવહાર. સમજાણું કાંઈ? ત્યારે રાગનો ભાગ તે અસદ્‌ભૂત વ્યવહાર છે. એ સત્‌ને આશ્રયે પ્રગટે એમાં અસદ્‌ભૂતની કોઈ જરૂર છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ એને દૃષ્ટિમાં ન આવે એ અંતર્મુખ કેવી રીતે થાય? અંતર્મુખ ચીજનું માહાત્મ્ય જ ન આવે અને રાગના માહાત્મ્યમાં રોકાયેલો તો અનાદિથી છે. સમજાણું કાંઈ? અને ભગવાનની આજ્ઞા આ પૂજાની છે. ઓલી તો વ્યવહાર આજ્ઞા છે. ભગવાનની આજ્ઞા આ છે. આહા..હા..! તું તારા ત્રિકાળી ભાવમાં એકાગ્ર થા એ પૂજા. પૂજ્ય એવો જે ભગવાન આત્મા એની પૂજા પર્યાયમાં થઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્રિકાળી પૂજ્ય નામ પૂજાવાયોગ્ય, પૂજવાયોગ્ય એવો ભગવાન આત્મા નિજ આત્મા. એવો પૂજ્ય એની પૂજના કરી પર્યાયમાં એ પૂજા છે, એ વીતરાગના નિશ્ચય આજ્ઞાની પૂજા છે આ. અને એ પૂજા મુક્તિનું કારણ છે. શેઠ! આહા..હા..! માણસને એવું થઈ જાય મારા એમ કહે .. સ્થાનકવાસી હતાને પહેલા તો. તો એ મૂર્તિને માનતા નહોતા. સ્થાનકવાસી. એ મૂર્તિમાં ધર્મ માનતા નહોતા. હવે આ દિગંબર થયા તોપણ મૂર્તિમાં ધર્મ માનતા નથી પાછા. એય..!

અમરચંદજી! અરે..! ભગવાન! શું તું કહે છો? તને તર્ક પણ આવા કેમ આવે? ભાઈ! આહા..હા..! એમ કે એમાં પણ ધર્મ માનતા નહોતા અને અત્યારે પણ કહે કે નહિ એમાં ધર્મ ન થાય. ઇ ગંધ રહી ગઈ લાગે છે. એય..! કુમારપાળ! સમજાય છે કે નહિ? આહા..હા..!

ભગવાન! તું નિઃસ્પૃહ થા. સ્પૃહા છોડીને સત્યને જો. પણ રાગ છે તે ધર્મ છે જ નહિ અને એ રાગ ખરેખર તો ધર્મની ત્રણ પર્યાયથી વિરુદ્ધભાવ એટલે એને અધર્મ જ છે ઇ. સમજાણું કાંઈ? અહીં તો પાંચ ભાવની રમતુંમાં ત્રિકાળી ભગવાનની સાથે રમતા જે પર્યાય વીતરાગી પર્યાય પ્રગટે એ મોક્ષનું કારણ શુદ્ધ ઉપાદાન કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો પાછો ખુલાસો પણ કર્યો એ 'સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે...' એમ. આ કારણ મૂક્યું. આહા..હા..! વીતરાગની આ આજ્ઞા છે. સમજાણું કાંઈ? 'શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી મોક્ષનું કારણ છે. પરંતુ શુદ્ધ પારિણામિક નહિ.' શું કીધું? જે ત્રિકાળી શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નહિ. એ તો ધ્રુવ છે. સમજાણું કાંઈ? અરેરે..! જગત ક્યાં ચાલ્યું છે! કોઈ વળી દેશની સેવા, રાષ્ટ્ર ભક્તિ એ ઉત્તમ ભક્તિ છે. અહીં તો ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા એની ભક્તિ પણ મોક્ષનું કારણ નથી એમ કહે છે. હોય ખરી, આવે ખરું. પૂર્ણ વીતરાગ ન હોય ત્યાં વચમાં એ ભાવ અશુભથી વંચનાર્થમ્ અશુભથી બચવા માટે એ ભાવ હો, પણ એ ભાવ મોક્ષનું કારણ નથી. અરેરે..! સમજાણું કાંઈ? અને જે મોક્ષના કારણરૂપ ભાવના અને ભાવ તેમાં રાગનો બિલકુલ અભાવ. આહા..હા..!

ત્રણ વાત કરી. એક ત્રિકાળી પરમભાવ સ્વભાવ ધ્રુવ એને અવલંબીને થતો ત્રણ ભાવરૂપ પર્યાય ભાવના એમાં ત્રણ ભાવ આ આવ્યા અને એક ભાવ આ આવ્યો. એમાં ઉદયભાવનો અભાવ છે. ભાઈ! અભાવ કરીને પણ ચાર ભાવ સમાડી દીધા એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? વાદવિવાદે આ પાર પડે એવું નથી. 'સદ્ગુરુ કહે સહજ કા ધંધા, વાદવિવાદ કરે સો અંધા.' બનારસીદાસ કહે છેને. વાદવિવાદ નહિ પ્રભુ! તારા સત્‌ની વાતું ચાલે એમાં તું વાદ કર આમ ન હોય, આમ હોય એમ ન હોય. આહા..હા..! કેવી રીતે કીધું પાંચેય ભાવને જોયું! પરમભાવ સ્વભાવ એવો જે પરમપારિણામિક ધ્રુવ સ્વરૂપ. એક-એક આત્માનું દ્રવ્યસ્વરૂપ લાભ એને આશ્રયે, અવલંબે પ્રગટેલી પર્યાય એ શુદ્ધ ઉપાદાન કારણભૂત ત્રણ ભાવરૂપ. ચાર થઈ ગયા? અને એમાં આ ઉદયમાં રાગનો અભાવ. આ આ અસ્તિરૂપ ત્રિકાળ, એને આશ્રયે થયેલી ત્રણ પર્યાય અસ્તિરૂપ છે. પર્યાય અસ્તિરૂપ. ઓલું ધ્રુવ અસ્તિરૂપ, આ પર્યાય અસ્તિરૂપ, રાગના નાસ્તિરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ?

'એવા શુદ્ધ પારિણામિક એ નહિ...' એ શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નહિ. આહા..હા..! એ પહેલા કહી ગયા છે. ધ્રુવ શુદ્ધ પારિણામિકભાવ એ તો બંધ અને બંધના કારણ બંધના પરિણામ અને બંધના કારણરૂપ પરિણામ, મોક્ષના પરિણામ અને મોક્ષના માર્ગના પરિણામ

તે ચાર પરિણામથી રહિત છે ત્રિકાળી. સમજાણું કાંઈ? ધ્યાન રાખે તો સમજાય એવું છે. એના ઘરની વાત છે. આહા..હા..! ન સમજાય એવું હોય? થોડું ધ્યાન રાખવું જોઈએ ભાઈ! પૈસા રળવામાં કેટલું ધ્યાન રાખે છે? આ પાંચસોની પેદાશ આવતી હોય એક દિ'માં બે કલાકની. બહુ સાચવે. બહુ બધું ભૂલી જાય. નિંદ્રા સૂવાનું બપોરે હોય તો ભૂલી જાય, ખાવાનું મોડું થઈ જાય. એય..! જયંતિભાઈ! તમારા ચિરંજીવી એ કહે બરાબર .. સમજાય... પણ ધ્યાન રાખે તો બધું સમજાય. પણ છોકરો સમજાવે છેને એનો બાપ કહે ભાઈ ન સમજાય બરાબર. પણ આ આત્માના ઘરની વાત અને તું આત્મા છો. તને તારી વાત ન સમજાય એમ કેમ બને? આહા..હા..! પારકાને જોવું-જાણવું હોય તો તો વળી પરવસ્તુ છે. આ તો તને જાણવું અને જોવું એ ચીજ છે આ તો. સમજાણું કાંઈ? આહા..હા..! કેટલી વાત મૂકી છેને! ઓહો..હો..!

શુદ્ધ પારિણામિક ભાવ એ મોક્ષનો માર્ગ નહિ. એ ભાવના એ શુદ્ધ પારિણામિકભાવ નહિ. આહા..હા..! શું કહેવું છે પ્રભુ! એ પલટતી પર્યાય ઉત્પાદ-વ્યય એ ધ્રુવ ન હોઈ શકે. ધ્રુવ ઉત્પાદ-વ્યયમાં ન આવે એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં ન જાય. આહા..હા..! છે અંશનું તત્ત્વ. અંશ છે બેય હોં. પારિણામિકભાવ પણ એક અંશ છે. શું કહ્યું ઇ? ત્રિકાળી પારિણામિક ધ્રુવ પણ એક અંશ છે. અહીં નિશ્ચયનયનો વિષય છેને. નય છે તો અંશને જાણે. નિશ્ચયનય છે. શુદ્ધનય છે એ ત્રિકાળને જાણે તો એક અંશ રહ્યો એ તો સામાન્ય. વિશેષ બાકી રહી ગયો. સમજાણું કાંઈ? આ તો આત્માની લીલા છે. આહા..હા..!

કહે છે કે ત્રણ લોકનો નાથ ભગવાન પરમાત્મા સિદ્ધથી પણ તારે માટે તો અનંતગુણો ભિન્ન મહા પૂજનિક વસ્તુ. આહા..હા..! એવી ચીજમાં આ મોક્ષમાર્ગની જે પર્યાય થઈ એ એ ચીજમાં નથી. તેમ એ ચીજે કરી નથી. જેમાં નથી તેને એ કેમ કરે? અને જે કરે છે ઉત્પાદ-વ્યય ઇ એનામાં છે, એ ધ્રુવમાં નથી. સમજાણું કાંઈ? જે જેમાં હોય તેને તે કરે. કહો, આ શુદ્ધ પારિણામિકભાવને અવલંબે પ્રગટેલી પર્યાય મોક્ષમાર્ગની એ પર્યાય તો ધ્રુવમાં નથી. તો ધ્રુવમાં નથી તો એમાં નથી એ કેમ કરે? અને એ ધ્રુવના આશ્રયે પ્રગટેલી પર્યાય એ ધ્રુવમાં નથી તો ધ્રુવને કેમ કરે ઇ? સમજાણું કાંઈ? આ તો મોક્ષમાર્ગની રચનાઓની વાતું છે, ભગવાન! આહા..હા..! અંદર પેસવાની વાત છે આ તો. દરબારમાં જાવાની વાત છે. આહા..હા..! અનંતગુણનો સમાજ એવો પ્રભુ બિરાજે છે. ગુણ પણ ધ્રુવ છે અને દ્રવ્ય પણ ધ્રુવ છે. એ ધ્રુવમાં આ પારિણામિક પર્યાય મોક્ષમાર્ગની એ નથી. એ પારિણામિક પર્યાય છે હોં, પણ પર્યાય પૂરતી પારિણામિક અને આ ત્રિકાળ પારિણામિક. સમજાણું કાંઈ? ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક તો કર્મના અભાવની અપેક્ષાએ કહ્યું છે. બાકી ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ પણ ત્રિકાળી પરિણામની વર્તમાન પર્યાય છે. એ પણ પારિણામિકભાવે છે. આહા..હા..! એટલે? કે સહજપણે તે પર્યાય છે એમ. એનું ઉત્પન્ન થવું પણ સહજપણે ઉત્પન્ન થાય છે. એવો જે ભાવ તે પારિણામિકભાવ નહિ. તો રાગભાવ તે

પર્યાયભાવ નહિ. રાગભાવ તે મોક્ષના કારણરૂપ પર્યાયભાવ નહિ અને મોક્ષના કારણરૂપ પર્યાય તે ધ્રુવસ્વરૂપ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- મોક્ષના કારણરૂપ પર્યાય એમાં ધ્રુવસ્વરૂપ નહિ.

ઉત્તર :- અને મોક્ષના કારણરૂપ પર્યાય તે રાગરૂપ નહિ. આહા..હા..! અહીંથી નાસ્તિ અને એ પર્યાયની દ્રવ્યમાં નાસ્તિ. આહા..હા..! ગજબ વાત છે. અરે..! એના એને માહાત્મ્ય પણ આવ્યા નથી. હું કોણ છું? શું છું? અનાદિથી અજ્ઞાનથી રખડીને એ ક્રિયાકાંડમાં, રાગમાં ધર્મ માની જે પોતાના સ્વરૂપમાં નથી એની પર્યાય ખરેખર છે નિર્મળ એમાં પણ રાગ નથી. સમજાણું કાંઈ? આ તો આચાર્યોએ સહેજે 'સમુદ્ર ઉલસ્યો જેમાઃ રતન તણાતા જાય, ભાગ્યવાન કર વાવે એની મુઠીયે મોતીએ ભરાય.' આહા..હા..! એવી વાત છે, ભાઈ! અરે..! આવા ટાણા કાંઈ આવે ફરીને? આહા..હા..! લોકો ઓલામાં કહે છે 'નાણા મળશે પણ ટાણા નહિ મળે' ભાઈ! કહે છેને આ? પૈસા ખર્ચાવા બાયુ બહુ બોલે છે. ક્યાઃ બોલે એ તો આમાં નાખે છે. વિવાહમાં. 'નાણા મળશે પણ આવા ટાણા નહિ મળે.' છોકરઃાના લગન હોય, એકનો એક છોકરો હોય અને હોશું પૂરી કરો. એય..! રતિભાઈ!

મુમુક્ષુ :- સાચા ટાણે.

ઉત્તર :- એવી વાતું કરે માણસ. સંયોગ તો વિયોગે ચાલ્યો જશે, ભાઈ! એ તો સંયોગી ચીજ છે. આહા..હા..! એમાં ક્યાં તું છો? એટલે તારી સાથે રહે. આહા..હા..! આ તો રાગમાં તું નથી તો રાગ તારી સાથે રહે એમ પણ નથી. નિર્મળ પર્યાયની સાથે રહેવું ઇ પણ પર્યાય એનામાં નથી. પર્યાય પર્યાયની સાથે રહે છે. રાગની સાથે રાખે અને મોક્ષના માર્ગની પર્યાય હોય એમ નથી, ભાઈ! જેમાં જેનું અસ્તિત્વ તેમ તેને જાણ, જેમાં જેનું નાસ્તિત્વ છે તેને તું જાણ. સમજાણું કાંઈ?

'શુદ્ધ પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી. જે શક્તિરૂપ મોક્ષ છે...' આ તો વ્યક્તરૂપ મોક્ષની પર્યાયની વ્યાખ્યા ચાલી. 'જે શક્તિરૂપ મોક્ષ છે એ તો ત્રિકાળ છે.' મોક્ષસ્વરૂપ જ ત્રિકાળ છે. એને બંધન હતું અને બંધન ગયું એવું વસ્તુના સ્વરૂપમાં છે જ નહિ. સમજાણું કાંઈ? પર્યાયમાં બંધન હતું અને પર્યાય છૂટીને મોક્ષ થઈ એ તો પર્યાયમાં બંધન અને મૂક્તિ છે. વસ્તુમાં કાંઈ મુક્તિ-બંધન છે નહિ. એ તો શક્તિરૂપ મુક્ત જ છે. ઓહો..હો..!

મુમુક્ષુ :- મોક્ષનું સ્વરૂપ શું?

ઉત્તર :- શક્તિરૂપ સ્વભાવ ત્રિકાળ. રાગથી છૂટો, રાગ પણ નથી અને એમાં બંધ પણ નથી, મોક્ષની પર્યાય નથી. ધ્રુવ શક્તિરૂપ સત્ત્વ, વસ્તુ દ્રવ્યસ્વભાવ જ્યાં આ કીધુંને આમાં? દ્રવ્યના સ્વરૂપના હયાતીભૂત એ મુક્તસ્વરૂપ.

મુમુક્ષુ :- દ્રવ્યસ્વરૂપના હયાતીરૂપ

ઉત્તર :- હયાતીરૂપ. એ શબ્દ છે પંચાસ્તિકાય. ૫૬મી ગાથા. '**द्रव्य आत्मलाभ हेतु**

पारिणामिकः' વસ્તુના સ્વરૂપની હયાતી, મોજુદગી એ શક્તિરૂપ મોક્ષ છે. એ ત્રિકાળ મોક્ષસ્વરૂપ જ છે ઇ. આહા..હા..!

મુમુક્ષુ :- મોક્ષ-મોક્ષમાર્ગનો તો...

ઉત્તર :- ઇ નહિ.

મુમુક્ષુ :- મોક્ષમાર્ગનો ચૌદમે ગુણસ્થાને તો અભાવ થાય.

ઉત્તર :- અભાવ થાય.

મુમુક્ષુ :- તો પછી મોક્ષમાં શું રહે?

ઉત્તર :- મોક્ષની પર્યાય રહીને નિર્મળ પૂર્ણ. માર્ગની પર્યાય ગઈ, પણ પૂર્ણ પર્યાય તો રહીને.

મુમુક્ષુ :- એ કોની પર્યાય?

ઉત્તર :- કોની? પર્યાયની પર્યાય. એમ કહે છે બીજા .. શેની પર્યાય છે? ઇ કરે છે એ તત્ત્વ છે અને પલટે છે એ તત્ત્વ છે. બેય ઇ તત્ત્વમાં છે, પણ પલટતીનો પર્યાયનું તત્ત્વ ટકતા તત્ત્વમાં નથી અને ટકતું તત્ત્વ પર્યાયની પર્યાયને કરતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એની સીમામાં બે તત્ત્વ છે. એની મર્યાદામાં. આ બધી તો મર્યાદા બહાર બધા તત્ત્વ છે. એક ટકતું છે અને એક પલટતું છે. એટલે કે **'उत्पादव्ययध्रुवयुक्तं'** ઉત્પાદ-વ્યયવાળો પર્યાય તત્ત્વ એ પલટતું છે અને ધ્રુવ છે તે એકરૂપ રહેનારું છે. ધ્રુવ ટકતું ત્રિકાળ ટકતું તત્ત્વ, તત્ત્વ તે... તે... તે... તે... તે... તે... તે... એમ ચાલ્યું જાય છે. સમજાણું કાંઈ? આ નવરંગભાઈએ આ બધું કર્યું છે.

મુમુક્ષુ :- એમાં રંગ ચડાવવા

ઉત્તર :- આ નવો રંગ. પછી ઓલું પાણી ગાળવું એ બધું ક્યાંય વયું ગયું નવરંગભાઈ! એ તો ક્યાંય. બધા પલટી ગયા છે. આહા..હા..! ભાઈ! તને જે વિકલ્પ ઉઠે છે એ પણ વસ્તુની પર્યાયમાં પણ નથી મોક્ષમાર્ગમાં. આહા..હા..! સમજાણું કાંઈ? એનો સિદ્ધાંત તો એ થયો કે નિર્મળ પર્યાયમાં રાગ નથી તો નિર્મળ પર્યાય રાગને કેમ કરે? અને રાગમાં નિર્મળ પર્યાય નથી તો રાગ નિર્મળ પર્યાયને કેમ કરે? સમજાય છે કાંઈ? આમ રાગનું અસ્તિત્વ આ ધર્મની પર્યાયની અપેક્ષાની વાત છે આ કે ત્રિકાળી ધ્રુવસ્વરૂપ ભગવાન શક્તિરૂપ મુક્તિ, શક્તિરૂપ મુક્ત. એમાં મોક્ષના માર્ગની પર્યાય એમાં નથી. એથી જેનામાં જે નથી તે તેને કેમ કરે? ઝીણી વાતું છે, ભાઈ! આહા..હા..! અને એ પર્યાયમાં રાગ નથી તો એ પર્યાય રાગને કેમ કરે? અને એ રાગમાં નિર્મળ પર્યાય નથી તો રાગથી નિર્મળ પર્યાય કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..! બહુ સિદ્ધાંતો ઘડ્યા છે એકલા. તાત્પર્યવૃત્તિ છેને આનું નામ? નહિ? આત્મખ્યાતિ નામ છે સમયસારની ટીકાનું નામ. આત્મખ્યાતિ. આત્માની પ્રસિદ્ધિ કરી. અને અહીં તાત્પર્ય શું છે? રહસ્ય શું છે? વસ્તુના સ્વરૂપનું તાત્પર્ય શું છે પણ હવે? કે એને માંડીવાળ. પણ હવે તારે શું કહેવું છે તાત્પર્ય? એમ કહેને. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? કે કહેવું છે આ ભગવાન! તને સાંભળ. કે ધ્રુવ સ્વરૂપ

પરમાત્મા પોતે એને અવલંબનારી પર્યાય ધ્રુવમાં નથી. તો એ ધ્રુવ પર્યાયને કરતી નથી. તે ધ્રુવ શક્તિરૂપ મુક્ત જ છે. આહા..હા..! એને બહારની પર્યાયથી, મુક્તથી એને ઓળખાવો એ નથી .. એમ કહે છે. મુક્તની પર્યાય જે છે એથી એ મુક્ત છે એમ એ નથી.

મુમુક્ષુ :- અબંધ કહો.

ઉત્તર :- અબંધ કહો, અસ્પૃષ્ટ કહો, કે મુક્ત કહો એ તો નાસ્તિથી લીધું. આહા..હા..! અબદ્ધસ્પૃષ્ટ આવે છેને ૧૪મી અને ૧૫મીમાં. આહા..હા..! ભગવાન અબદ્ધસ્પૃષ્ટ છે એટલે કે મુક્તસ્વરૂપ છે તે દૃષ્ટિ કરે તે ઉપયોગમાં રમે એને અહીંયાં જૈનશાસન કહ્યું છે. એ જૈનશાસન પર્યાય છે. જૈનશાસન કોઈ દ્રવ્ય નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ઉદયને બહાર આવે...

ઉત્તર :- ઓલો અભાવ થઈ ગયો હતો. જૈનશાસન છે જ નહિ. વ્યવહારરત્નત્રયનો રાગ એ જૈનશાસન નથી એમ કહે છે. આવી વાત! વ્યવહારે કારણ થાય અને નિશ્ચયે કાર્ય થાય અરે..! પ્રભુ! એ તો કઈ અપેક્ષાએ કહ્યું? આહા..હા..! જેમાં જે નથી તેનું તે કેમ કરે? એની સત્તામાં, પરસત્તામાં સ્વસત્તા જ નથી. નિર્મળ પર્યાયમાં ત્રિકાળી સ્વસત્તા નથી, તો એ સ્વસત્તા જેમાં નથી પર્યાયમાં એને કેમ કરે? અને નિર્મળ પર્યાયમાં રાગ નથી તો રાગને કેમ નિર્મળ પર્યાય રચે? એટલે સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા નથી એમ સિદ્ધ થયું. સમજાણું કાંઈ? રાગ થાય તેને જાણે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. પોતાને અબદ્ધસ્પૃષ્ટ છે એને જાણે છે એમાં સ્વપરપ્રકાશનું જ્ઞાન સ્વને આશ્રયે થતાં તેમાં રાગ બીજી ચીજ છે એમ જણાય જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું પણ માણસને. નવા માણસને તો એમ લાગે કે આ કઈ જાતનો માર્ગ હશે? જૈનમાર્ગ આવો હશે? એય..! જયંતિભાઈ!

મુમુક્ષુ :- કેવો હોય જૈનમાર્ગ?

ઉત્તર :- દયા પાળવી છકાયની, મંદિર કરવા, પૂજા કરવી, ભક્તિ કરવી. એ વાત તો આવી જ નહિ. આહા..હા..! અરેરે..! કહે છે કે શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો એ પણ એક વિકલ્પ અને રાગ છે. એ મોક્ષમાર્ગની પર્યાયમાં એ રાગ નથી. આહા..હા..! આવો માર્ગ રુચવો જગતને. સમજાણું કાંઈ? આ દુ:ખથી મુક્ત થવાનો આ ઉપાય છે. બાકી બધી વાતું છે. જે આનંદનો નાથ આનંદઘન સ્વરૂપ છે એમાં આનંદ છે એમાં દૃષ્ટિ મૂકતા એને આનંદની પર્યાય પ્રગટ થાય એ પૂર્ણ આનંદની પર્યાયનું કારણ છે. એ વ્યવહાર થઈ ગયો. સમજાણું? એવો પર્યાય, ઉત્તર પર્યાયનું કારણ છે (એમ કહેવું તે વ્યવહાર છે). આહા..હા..!

'શુદ્ધ પારિણામિક નહિ.' આહા..હા..! 'જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધ પારિણામિક છે.' હવે આવ્યો ખુલાસો. શક્તિરૂપ જે મોક્ષ છે તે તો શુદ્ધ પારિણામિક છે. આહા..હા..! ત્રિકાળ-ત્રિકાળ એકલું આનંદનું ધામ. પારિણામિકભાવ ત્રિકાળ એ શક્તિરૂપ મોક્ષ છે. 'પૃથક્‌થી વિદ્યમાન છે...' એ

મોક્ષ થવો નથી. આહા..હા..! 'પૃથક્થી જ વિદ્યમાન છે...' શું કોણ? શક્તિરૂપ મોક્ષ શુદ્ધ પારિણામિકભાવ. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે. પ્રગટરૂપ મોક્ષ જે કેવળજ્ઞાન, કેવળદર્શન અને આનંદ આદિ એની આ વાત છે. એના કારણરૂપ મોક્ષનો માર્ગ એને કારણપરમાત્મા એને કારણ કહેવાય, પણ ખરેખર કારણ છે નહિ. કહો, સમજાણું કાંઈ? વિશેષ કહેવાશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૪, શનિવાર, તા.૨૮-૦૭-૧૯૭૩
## ગાથા-૩૨૦, પ્રવચન-૪૫૨

મોક્ષ થવો કે મોક્ષ નહોતો એમ છે નહિ. એવી વાત છે. એ પરમ પારિણામિકભાવ જે વસ્તુ છે એ તો બંધ અને મોક્ષના પરિણામ અને બંધ અને મોક્ષના કારણરૂપ પરિણામથી રહિત છે. તે ધ્રુવ ચીજ છે, સામાન્ય સ્વભાવ છે. શુદ્ધ પારિણામિકભૂત તત્ત્વ છે. એ તો શક્તિરૂપ મોક્ષ એ તો અનાદિનો છે. સમજાણું કાંઈ? હવે અહીંયાં પર્યાયમાં મોક્ષ થાય એની વાત ચાલે છે. પર્યાયમાં મુક્ત થાય એની વાત ચાલે છે. તો શક્તિરૂપ મોક્ષ તે તો શુદ્ધ પારિણામિક છે. પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે. પર્યાયમાં, અવસ્થામાં અનંત આનંદની પરિપૂર્ણ પર્યાય પ્રગટ થાય એનું નામ મોક્ષ. એ પર્યાયની મોક્ષની વાત ચાલે છે. આહા..હા..!

'તેવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે...' આમાં આવ્યુંને આ? આ જયસેનાચાર્યની ટીકા છે. '.. તો ઉપશમિક, ક્ષાયિક મોક્ષ કારણ...' ક્ષયોપશમ ભાવ નિર્મળ પર્યાય ક્ષયોપશમની, ઉપશમભાવ એ નિર્મળ પર્યાય, ક્ષાયિકભાવ એ નિર્મળ પર્યાય. એ ત્રણ મોક્ષરૂપી પરમ આનંદદશા એનું એ કારણ છે. સમજાણું કાંઈ? કારણ 'મોહોદય સહિત ઉદયકો...' એમ. એકલો ઉદય નહિ, પણ જેમાં મોહ છે એવો જે ઉદયભાવ એ બંધકારણ. એ બંધનું કારણ છે. આહા..હા..! એ ઉદયભાવ જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પો એ ઉદયભાવ છે. એ બંધનું કારણ છે, એ દુ:ખરૂપ છે. અને આ

ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિકની પર્યાય એ મોક્ષના કારણરૂપ છે અને સુખરૂપ છે.

મુમુક્ષુ :- ક્ષાયિકમાં ક્ષાયિક જ્ઞાન પણ લઈ જવું...

ઉત્તર :- અહીંતો ક્ષાયિક સમકિત આદિ છેને. સમજાણું કાંઈ? એ વાત થઈ ગઈ હતી. આ .. છેને અહીં કેવળજ્ઞાન, કેવળદર્શન નથી. એ તો મોક્ષ છે. સમજાણું કાંઈ? આ મોટા વાંધા અત્યારે ઝઘડા ચાલે છેને કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ ધર્મ છે અથવા ધર્મનું કારણ છે. એમ નથી. એમ નથી. એ ભાવ તો અમરચંદજી! આહા..હા..! જગતને એ રુચે છે. ..માં આવ્યું છે આમાં. ... કે આ લોકો આવ્યા હતા અને બધું કર્યું પણ કાનજીભાઈ આવીને બધું ... બધે .. એકાંત માર્ગ છે અધ્યાત્મનો માર્ગ. અરે..! પ્રભુ! તું શું કરે છો?

કહે છે અહીં 'મોહોદયસહિત ઉદયભાવ...' જે ચાહે સો ભગવાનની ભક્તિનો ભાવ હો, પંચ મહાવ્રતનો હો, બાર વ્રતનો હો, ગુણગુણીના ભેદનો વિકલ્પરૂપ ઉદયભાવ હો, ત્રણ પ્રકારના શુભભાવ કહેવામાં આવે છેને? ગુણગુણીના ભેદરૂપ એક રાગ, એક ભક્તિનો રાગ અને એક દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિની ક્રિયાનો રાગ. ઇ ત્રણે રાગ ઉદયભાવ છે. આહા..હા..! એ બંધનું કારણ છે. 'શુદ્ધ પારિણામિક તો બંધમોક્ષકારણ ઇતિ અકારણ ઇતિ...' ઓલો અહીં શબ્દ છે ઇ ત્યાં. શુદ્ધ પારિણામિક જે ત્રિકાળ ધ્રુવસ્વરૂપ જેનો આશ્રય લેવા લાયક છે, જેનું અવલંબન કરવાલાયક છે એવી જે ચીજ ધર્મીના દૃષ્ટિનો ધ્યેય એ તો શુદ્ધ પારિણામિક ધ્રુવસ્વભાવ છે. એ તો બંધ અને બંધના કારણ, મોક્ષ અને મોક્ષના માર્ગરૂપી કારણપર્યાયથી એ રહિત છે. અકારણ શબ્દ છે. 'બંધ મોક્ષયો અકારણ મિતિ ભાવાર્થ. મોક્ષકુર્વંતિ .. બંધ ઉદયકા ભાવા નિષ્ક્રિયા પરિણામિકા.' લ્યો, આ બીજો શ્લોક છે. બે શ્લોક છે. જયસેનાચાર્યની ટીકા છે. ૫૬ ગાથામાં.

મુમુક્ષુ :- પોતે કહ્યું એ સિદ્ધાંત કહેવાય.

ઉત્તર :- સિદ્ધાંત કહેવાય.

મુમુક્ષુ :- જયસેનાચાર્યે કહ્યું.

ઉત્તર :- જયસેનાચાર્યે કહ્યું એ સિદ્ધાંત છે. એ મુનિ છેને એ સિદ્ધાંત છે. મુનિ છેને. સિદ્ધાંત કર્યો છે એણે. મુનિ પોતે મુનિ છે. આહા..હા..! સિદ્ધાંત સૂત્રાણી. સમજાણું કાંઈ? આહા..હા..! કહે છે 'સિદ્ધાંતમાં કહ્યું છે કે નિષ્ક્રિય શુદ્ધ પારિણામિકઃ' હિન્દી છેને પાનું ભાઈ! કૈલાસચંદજી! હિન્દી પાનું છેને? 'નિષ્ક્રિય શુદ્ધ પારિણામિકઃ' એનો અર્થ? કે જેટલો પુણ્ય અને પાપનો વિકલ્પ છે એ સક્રિય છે, પરિણમન છેને? એ બંધનું કારણ છે. અને જેટલો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક પર્યાય એ પણ સક્રિય છે, પરિણમન છે, બદલે છે, પલટે છે. એ ત્રણ ભાવ સુખરૂપ છે, પર્યાય છે અને મોક્ષનું કારણ છે. આહા..હા..! આવું છે. કહો, સુજાનમલજી! આહા..હા..! અરે..! આમાં એને બંધના કારણના ભાવને, મોક્ષના કારણમાં મદદ મળે, ક્ષાયિક થાય એમ કહેવું એ વસ્તુનું સ્વરૂપ ... સમજાય છે કાંઈ?

કહે છે 'નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક...' શુદ્ધ પારિણામિક તો નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? કે શુદ્ધ પારિણામિકભાવ ત્રિકાળ ધ્રુવસ્વરૂપ. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' આ તત્ત્વાર્થસૂત્રનું સૂત્ર છે. ઉત્પાદ-વ્યય એમાં ને એમાં ત્રણ. ઉત્પાદ-વ્યય એની પર્યાય, ધ્રુવ એનું .. એ ત્રણ થઈને એ સત્ ભિન્ન છે. પરથી સત્ ભિન્ન છે. અનંત આત્માઓ અને અનંત રજકણથી ભગવાન આત્માનું ઉત્પાદ-વ્યય-ધ્રુવ એ તદ્દન ભિન્ન પરથી છે. એમાં પરથી ભિન્ન તત્ત્વના બે અંશો હવે. આહા..હા..! જે ઉત્પાદ-વ્યયનો અંશ છે એના બે ભાગ અથવા એના ચાર ભાગ. એક રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ ઉદયભાવ એ બંધનું કારણ અને સક્રિય. સક્રિય અને બંધનું કારણ. ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિના પરિણામ એ ઉપશમરૂપ હો સમ્યગ્દર્શન, દર્શન અને ચારિત્ર ઉપશમરૂપ હો કે ક્ષાયિકરૂપ હો, એ ત્રણે પરિણામ બંધના અભાવ-સ્વભાવરૂપ અને મોક્ષના કારણના સદ્ભાવરૂપ. આહા..હા..! આવી વાત કરે એમાં. ઓલા શરૂઆતમાં આવે છેને ઓલા પરિણામની? અધ:કરણ એવા શુભભાવ આવે એમાં નાખે વધારે. એટલે એ લોકોને સારું પડે છે. આહા..હા..! શુભભાવથી પણ થાય ધર્મ.

મુમુક્ષુ :- એ તો પરનો અભાવ થાય છે માટે.

ઉત્તર :- એ તો અભાવ કરીને સ્વના પરિણામની પારિણામિકનો પરિણામ જે થાય. શુદ્ધાત્મ સન્મુખ પરિણામ થયા એ ઉદય ક્યાં રહ્યા? સમજાણું કાંઈ? શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ જે પરિણામ થયા એ ઉદયભાવ ક્યાં રહ્યો? આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધાત્મ અભિમુખ પરિણામ કહો, ઉપયોગ કહો. દ્રવ્યસંગ્રહમાં ઘણા નામ આપ્યા છે એમાં. મોક્ષમાર્ગ. આપણે નાખ્યા છે આમાં. આમાં આવ્યા છે અંદર ક્યાંક. છેને ક્યાંક? આમાં આવ્યા છે ખરા નહિ? ક્યાંક નાખ્યા ખરા. થોડા-ઘણા નાખ્યા. બધા નહિ. કેટલામું?

મુમુક્ષુ :- ૯૪. ૯ અને ૪.

ઉત્તર :- એકલા? હા. હા આવ્યું જુઓ. પરમાત્મધ્યાન ભાવના નામમાળા. ૯૪ છે એમાં. પુસ્તક નથી તમારે આ? ત્યાં. દેશમાં છે. છે? 'સિદ્ધ શુદ્ધાત્મસ્વરૂપ છે...' પર્યાય છેને પર્યાય? પર્યાયની વાત છે આ. એ સક્રિય પરિણામ. ત્રિકાળી પણ જે ભાવ એ તો નિષ્ક્રિય છે. પલટન વિનાનો, ઉત્પાદ-વ્યય વિનાનો એકરૂપ રહેનારો. અને આ જે છે એ તો શુદ્ધાત્મસ્વરૂપ છે. તે જ પરમાત્મસ્વરૂપ. પર્યાયને અભેદ કરીને કહ્યું. છેને? 'તે જ સુખામૃત સરોવરના પરમહંસ સ્વરૂપ છે.' આહા..હા..! ભગવાન પરમ આનંદમૂર્તિ પ્રભુ એ હંસલો જેમ ચાંચમાં પાણી અને દૂધ બે જુદા પાડે છે એમ આ નિર્મળ પર્યાય રાગ અને સ્વભાવને જુદી પાડીને આત્માના આનંદનો રસ પીવે છે. આહા..હા..! કહો, ચેતનજી! આ માર્ગ આનંદદાયક છે કહે છે. લોકો માને કે આહા..હા..! કષ્ટદાયક છે. એ ધર્મને સમજતા નથી. સમજાણું કાંઈ? સુખામૃત સરોવરનો પરમહંસ. જેમ હંસલો માનસરોવરમાંથી મોતી લે એમ આત્માના આનંદની મોક્ષમાર્ગની પર્યાય અંતરના

હંસલામાંથી, અંતરના સરોવરમાંથી એ આનંદને પીવે, આ નિર્વિકલ્પ રસ પીવે એનું નામ મોક્ષનો માર્ગ અને એનું નામ ઉપશમ અને ક્ષયોપશમ ક્ષાયિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ છ ઢાળામાં આવે છેને નહિ ક્યાંક ત્યાગ વૈરાગ્ય દુઃખરૂપ ભાસે. એ છ ઢાળામાં આવે. (આતમ હિત હેતુ વિરાગજ્ઞાન તે લખે આપકું કષ્ટદાન) કષ્ટદાની. ઇ આત્માનું સમ્યગ્દર્શન, જ્ઞાન અને શાંતિ-ચારિત્ર એને જે કષ્ટદાન માને એ તત્ત્વને સમજતો જ નથી. આહા..હા..! છે છ ઢાળામાં.

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ નિષ્ક્રિય તત્ત્વ. એની અંતરમાં અવલંબન લઈને જે દશા પ્રગટ થઈ એ મોક્ષનો માર્ગ છે, એ હંસલો આનંદરૂપી મોતીને એ ચરે છે. આહા..હા..! એને દુઃખ ન હોય. માણસ કહે આ ચારિત્રમાં મહાદુઃખ ભાઈ! ચારિત્ર વેળુના કોળિયા છે. વેળુ-વેળુ સમજો છો? વાલુ. વીરના દાંતે વેળુનો કોળિયો લેવો. જૂઠી વાત છે. એવી વાત છે નહિ. આત્માનું ચારિત્ર તો આનંદસ્વરૂપ છે. આહા..હા..! લોકો ચારિત્ર અને દર્શન-જ્ઞાન શું ચીજ છે એની ખબર નથી. બહારથી માની બેઠા કે આ ક્રિયા અને આ ક્રિયા. અરે..! ધૂળમાંય નથી સાંભળ. શરીર, વાણી, મનની ક્રિયા, પરિણમન સક્રિય એ તો જડનું છે. રાગની ક્રિયા એ ઉદયભાવની ક્રિયા એ તો દુઃખરૂપ અને બંધનું કારણ છે. ભગવાન પરમાનંદસ્વરૂપ નિષ્ક્રિય એણે સક્રિય વડે કરીને જેણે નિર્ણય અનુભવનો કર્યો એ સક્રિય પરિણામ સુખરૂપ છે. સમજાણું કાંઈ? આહા..હા..! તત્ત્વની શ્રદ્ધામાં મોટો ફેર. એ કહે ચારિત્ર પાળવા બાપા ખાંડાની ધાર છે. તલવાર-તલવાર ખાંડુ હોયને તલવારની ધાર. સુખ હશે?

આનંદનો નાથ ભગવાન જેને અવલંબીને પરિણતિ પ્રગટ થઈ એમાં દુઃખ કેવું? દુઃખની ગંધ કેવી? એ તો આનંદ સરોવરને પીવે, આનંદ એમાંથી કાઢે છે. કહે છે 'સુખામૃત સરોવરના પરમહંસ સ્વરૂપ, પરમ બ્રહ્મસ્વરૂપ...' આહા..હા..! પરમ બ્રહ્મસ્વરૂપ તો ત્રિકાળ સ્વરૂપ છે. પણ એમાંથી નીકળેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ પણ પરમ બ્રહ્મસ્વરૂપ છે. 'પરમ વિષ્ણુસ્વરૂપ...' એ વિષ્ણુ હોં. વ્યાપક. જ્ઞાન-દર્શન-ચારિત્ર. જ્ઞાનમાં બધું જણાય જાય છે, શ્રદ્ધામાં બધું પ્રતીત આવે છે, ચારિત્રમાં બધામાં રમણતા થાય છે અનંતગુણમાં. એને 'વિષ્ણુ સ્વગુણોમાં વ્યાપક...' છેને? સ્વગુણમાં વ્યાપક 'પરમ શિવરૂપ છે...' પરમ કલ્યાણમૂર્તિ છે ઇ તો. આહા..હા..! છે સક્રિય. પારિણામિકભાવ છે એ નિષ્ક્રિય, એમાં મોક્ષની પર્યાય થાય અને મોક્ષ કરે એ ત્રિકાળ પારિણામિકભાવમાં છે નહિ. આહા..હા..! એનો અર્થ એ થયો કે એ આ આનંદસ્વરૂપ ઉપદ્રવ રહિત શિવસ્વરૂપ છે. તો શિવસ્વરૂપને રાગની મદદ છે એમ નથી અને શિવસ્વરૂપ છે માટે રાગ ઉત્પન્ન થાય છે એમ નથી. એ બેય ભિન્ન વસ્તુ છે. આહા..હા..!

'પરમ નિજસ્વરૂપ છે, પરમ બુધસ્વરૂપ છે...' જ્ઞાન સ્વરૂપ છે. પર નિજસ્વરૂપ છે. નિર્મળ પરિણતિ એ નિજસ્વરૂપ છે. આહા..હા..! 'પરમ સ્વાત્મા ઉપલબ્ધિલક્ષણ સિદ્ધસ્વરૂપ છે.' સિદ્ધની પર્યાય થાય છેને એને લઈને. તો એને જ સિદ્ધસ્વરૂપ કહી દીધું. 'તે નિરંજન સ્વરૂપ, તે નિર્મળ

સ્વરૂપ, તે સ્વસંવેદન જ્ઞાન, તે જ પરમતત્ત્વ જ્ઞાન...' આ પર્યાયની વાત ચાલે છે. જે સક્રિય છે તે. પરમ પારિણામિક ભગવાન આત્મા તો નિષ્ક્રિય છે. આહા..હા..! વજ્રનો સ્તંભ જેમ પડ્યો હોય એમ નિત્યાનંદ ભગવાન આત્મા ધ્રુવ તો થંભી ગયેલું તત્ત્વ નિષ્ક્રિય છે. એને અવલંબીને જે પર્યાય પ્રગટ થાય ધર્મની એ ધર્મની પર્યાયના આ બધા વિશેષણો છે. 'નિરંજનસ્વરૂપ છે, નિર્મળ સ્વસંવેદન જ્ઞાન, પરમતત્ત્વ જ્ઞાન, શુદ્ધાત્મદર્શન...' આહા..હા..! આ દ્રવ્યસંગ્રહમાં છે. 'પરમાવસ્થાસ્વરૂપ...' પરમ અવસ્થાસ્વરૂપ. પર્યાય છેને? 'તે જ પરમાત્માનું દર્શન છે.' આહા..હા..!

નિર્મળ પર્યાય ધર્મની ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવની પર્યાય એનાથી ભગવાનના દર્શન છે. ભગવાન એટલે પોતાનો આત્મા. આહા..હા..! અરે..! એની વાત એના દ્રવ્યની વાત તો સાંભળી નહિ, પણ એની પર્યાયનું માહાત્મ્ય, ધર્મની પર્યાય કેવી માહાત્મ્યવાળી છે એની ખબર નથી. જ્યાં-ત્યાં માની બેસે છે. જાત્રા કરી આવ્યા અને ધર્મ કર્યો, ભગવાનની પૂજા-ભક્તિ કરી અને ધર્મ કર્યો. એ ધર્મ નથી. કહો, ધન્નાલાલજી! સમ્મેદશિખરની જાત્રા કરી આવ્યા લ્યો. તો શું થયું ત્યાં? પરિણામમાં શું આવ્યું? પરિણામ તો અશુભ છે. એ તો ઉદયભાવ છે. સક્રિય ઉદયભાવ બંધનું કારણ છે, ભાઈ! તને ખબર નથી. વીતરાગ ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ પરમેશ્વરે જે માર્ગ કહ્યો ઇ માર્ગ વીતરાગી પરિણતિ અલૌકિક છે. સમજાય છે કાંઈ? એ પંચમકાળનો હોય માર્ગ કે ચોથાનો હોય માર્ગ તો જે છે ઇ છે.

'તે પરમાત્માનું દર્શન છે, તે પરમાત્મ જ્ઞાન છે, એ શુદ્ધાત્મજ્ઞાન છે.' શુદ્ધ આત્માનું જ્ઞાન પરિણતિ. આહા..હા..! શાસ્ત્ર જ્ઞાન પણ નહિ અને પરનું જ્ઞાન પણ નહિ. ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધસ્વરૂપ એનું જેને જ્ઞાન, શ્રદ્ધા અને શાંતિ થઈ એ શુદ્ધાત્મ જ્ઞાન છે બધું. એમાં રાગ આવતો નથી. 'શુદ્ધાત્મજ્ઞાન ધ્યેયભૂત શુદ્ધ પારિણામિકભાવ છે.' અભેદ કહીને કહ્યું. કૌંસમાં લખવું પડ્યુંને પછી. છે શુદ્ધ પારિણામિકભાવ તો ધ્રુવ, પણ એને અવલંબીને ધર્મની દશા પ્રગટી એને પણ શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયભૂત કહેવામાં આવે છે અપેક્ષાથી. પર્યાય છે આ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને આચાર્યોએ કેટલા કામ કર્યા છે! ઓહો..હો..! એક મોક્ષમાર્ગની પર્યાયના આટલા નામ આપ્યા. તેથી વધારે ગોતી લેજો તમે કહે છે.

'તે જ ધ્યાન ભાવનાસ્વરૂપ છે...' આ બધા સક્રિય મોક્ષમાર્ગની પર્યાયના આ ભાવ છે. 'તે જ અંતઃતત્ત્વ છે' અંતઃતત્ત્વ તો ત્રિકાળ છે ઇ નિષ્ક્રિય, પણ એને અવલંબે દશા પ્રગટી એને પણ અંતઃતત્ત્વ કહેવામાં આવે છે. કેમકે વિકલ્પ દયા, દાન, વ્રતના પરિણામ એ બહિર્ તત્ત્વ છે. એ અંતઃતત્ત્વ નહિ. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ તે અંતઃતત્ત્વ એને અવલંબીને દશા થઈ તે પણ અંતઃતત્ત્વ છે. આ તો પુસ્તક બહાર પડી ગયું છે. પરમ તત્ત્વ છે ઇ. પર્યાયમાં હોં. શુદ્ધાત્મદ્રવ્ય છે. અભેદ કરીને એ પર્યાયને શુદ્ધાત્મદ્રવ્ય કીધું. 'તે જ પરમજ્યોતિ છે, તે જ

શુદ્ધાત્માનુભૂતિ છે, તે જ આત્મપ્રતીતિ છે લ્યો, તે જ આત્મસંવિતિ જ્ઞાન છે, તે જ સ્વરૂપ ઉપલબ્ધિ છે, તે જ નિત્ય ઉપલબ્ધિ છે.' નિત્યની ઉપલબ્ધિ પર્યાયમાં થઈ એટલી. 'તે જ પરમસમાધિ છે.' આહા..હા..! મોક્ષનો માર્ગ જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો પરમ સમાધિરૂપ છે. શાંતિ... શાંતિ... શાંતિ... જેમાં વિકલ્પનું ઘોલન પણ નથી. આહા..હા..! આવો માર્ગ એને બેસતો નથી. શ્રદ્ધામાં જે લેવો જોઈએ એ લેતો નથી. એને કાંઈક બહારથી જો મળે એમ આવે તો આ બરાબર ઠીક લાગે છે. આ ..ની વાતું. એટલે એને બેસે નહિ અને બેસે તો સાંભળીને જરી હા પાડે બહારથી, પણ અંદર બેસે નહિ એને. હજી તો બીજી વાત જ્યાં આવે ત્યાં ફરી જાય ફડાક. સાધન-ફાધન કાંઈ નહિ બહારના? એકલી વાતું મોક્ષમાર્ગની? લૂખી વાતું!

મુમુક્ષુ :- લૂખી નથી ...

ઉત્તર :- આહા..હા..! પરમસમાધિ 'પરમ આનંદ છે...' નિત્ય આનંદ છે. આહા..હા..! ઓહો..હો..! ઘણા શબ્દ છે! બધા લીધા છે. 'તે જ સહજ આનંદ છે, તે સદાનંદ છે, તે શુદ્ધાત્મપદાર્થનું અધ્યયન છે' એ શુદ્ધાત્મપદાર્થનું અધ્યયન કર્યું. આહા..હા..! ત્રિકાળી ભગવાન પરમાનંદની મૂર્તિ જે પરમસ્વભાવ નિષ્ક્રિય એને અવલંબીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ધર્મના પરિણામ એને અહીંયાં સદાનંદ કહે છે. આહા..હા..! એ શુદ્ધાત્મ અધ્યયન. એણે આત્માનું અધ્યયન કર્યું. આહા..હા..! શાસ્ત્રના અધ્યયન કરી કરીને મરી ગયો અનંતકાળથી. પણ એને આત્માના આનંદસ્વરૂપનું અધ્યયન કોઈ દિ' કર્યું નહિ. આહા..હા..!

'પરમ સ્વાધ્યાય...' લ્યો આ સ્વાધ્યાય. ઓલો સ્વાધ્યાય તપ કહે છેને? એ તો વિકલ્પથી. સ્વ-અધ્યાય. નિત્યાનંદ પ્રભુનો જે અંદર પરિણતિનો ભાવ, સમ્યક્ ધર્મની દશા એ સ્વાધ્યાય છે. આહા..હા..! આવું સ્વરૂપ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવે ઇન્દ્રોની, ગણધરોની સમક્ષમાં, સમવસરણમાં ભગવાન આમ ફરમાવતા હતા. તે વાણી સંતો કુંદકુંદાચાર્ય લાવીને આ જગતને કહે છે. બાપુ! માર્ગ તો આ છે, ભગવાન! સમજાય છે કાંઈ? બચાવ ન કર, કાળને વચમાં ન નાખ. આહા..હા..! કે કાળ આવો છે માટે. ભાઈ! એમ (ન) નાખ. એને કાળ નડતો નથી. આહા..હા..! શું કરીએ અમે? સંહનન મોળા, હાડકા પાતળા, શરીર આવા. બાપુ! એમ બોલ નહિ. એ જગતની ચીજ ભલે એની પાસે રહી. તારી ચીજને તો એ ચીજ અડતી પણ નથી. આહા..હા..! અડ્યા વિના તને નુકસાન શી રીતે કરે? અડ્યા વિના તને વધવાનું કોણ રોકે? કે ભાઈ! આવા હાડકા, આવું શરીર તેથી વધી શકાતું નથી.. એ વાત જ ખોટી છે. સુજાનમલજી! આહા..હા..!

એ નિશ્ચય મોક્ષ ઉપાય છે. નિશ્ચય મોક્ષનો આ એક જ ઉપાય છે. ભગવાન પરમાનંદ પ્રભુ અરે..! એને વિશ્વાસમાં ઇ કેમ આવે? શ્રીમદ્ કહે છેને એક ઠેકાણે નહિ? અરે..! જગતને અંતરગુપ્ત ચૈતન્ય ચમત્કાર શું ચીજ છે એનું એને માહાત્મ્ય આવતું નથી. એક સમયની પર્યાયની પાછળ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ બિરાજે છે. રાગની પાછળ તો ઠીક પણ એક સમયની જે પર્યાય છે

સક્રિય મોક્ષમાર્ગની પર્યાય એની પાછળ ભગવાન પૂર્ણાનંદ બિરાજે છે. પોતે જ પરમાત્મા છે. બેસે નહિ. પામર પ્રાણીને પ્રભુતાની કેમ વાતું બેસે અંદર? આહા..હા..! સમજાણું કાંઈ? ઇ એકાગ્ર ચિંતા નિરોધ છે. 'એ જ પરમબોધ છે, એ શુદ્ધ ઉપયોગ છે.' આહા..હા..! પરમ યોગ છે. અંતર આનંદસ્વરૂપ ભગવાન એમાં યોગ-જોડાવું એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એનું નામ યોગ કહેવામાં આવે છે.

'ભૂતાર્થ છે.' લ્યો પર્યાયને ભૂતાર્થ કીધી. આવેને ભૂતાર્થ ધર્મ? નથી આવતો? બંધમાં આવે છે. ભાઈ! ભૂતાર્થ ધર્મ, અભૂતાર્થ ધર્મ. રાગાદિના પરિણામ તે અભૂતાર્થ ધર્મ, શાશ્વત ધર્મ નથી અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના અવલંબે વીતરાગી પર્યાય પ્રગટ થાય એને ભૂતાર્થ ધર્મ કહે છે. આહા..હા..! અરે..! એ દરબાર આત્માનો મહાપ્રભુ છે. અનંતગુણના સામર્થ્યથી ભરેલો છે. એ તો નિષ્ક્રિય છે કહે છે. પણ એને આ વાત જાણનાર જે પર્યાય અને શ્રદ્ધા કરનાર પર્યાય એ પણ ભૂતાર્થ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? 'એ પરમાર્થ છે...' વળી પરમાર્થ કોકનું આ કરવું, દુઃખ ટાળવા, આહાર દેવા, પાણી દેવા એ પરમાર્થ-એમ નથી. આહા..હા..! 'નિશ્ચય પંચાચાર છે.' જ્ઞાનાચાર, દર્શનાચાર એ બધો આત્મા ત્રિકાળી ભગવાન એને અવલંબીને જે નિર્વિકલ્પદશા, ધર્મની દશા, મોક્ષમાર્ગની દશા એને અહીંયાં નિશ્ચય પંચાચાર કહે છે. 'તે જ સમયસાર છે.' આહા..હા..! પર્યાયને હોં.

મુમુક્ષુ :- બધા બોલનો એક જ જવાબ.

ઉત્તર :- એક જ જવાબ. આહા..હા..! 'તે જ અધ્યાત્મસાર છે, તે જ સમતા વગેરે છ નિશ્ચય આવશ્યક છે.' લ્યો, છ આવશ્યક ઇ. આહા..હા..! પૂર્ણ આનંદસ્વરૂપ ભગવાન જે નિષ્ક્રિય એનું અવલંબન લઈને જે ધર્મની દશા થાય એ બધી છ આવશ્યક છે. જુઓ આ ભગવાન આત્માની સ્તુતિ એટલે એકાગ્રતા એને અહીં ભગવાનની સ્તુતિ એને કહેવામાં આવે છે. સમજાણું? આવે છેને છ બોલ? સામાયિક, ચોવિસંથો, ... પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, .. ચોવિસંથો આવશ્યક કહેવું કોને? આહા..હા..! ભગવાનની સ્તુતિ કરવી એ તો વિકલ્પ છે. તીર્થંકરની સ્તુતિ કરવી એ તો ઉદયભાવ છે, રાગ છે. આહા..હા..! નિશ્ચય આવશ્યક તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એવા નિષ્ક્રિયને અવલંબનારી જે સક્રિય ધર્મની પર્યાય એ આવશ્યક છે. એણે ભગવાનની સ્તુતિ કરી. ભગવાન આ આત્મા. આહા..હા..! ભારે વાતું આવી પણ કહે છે. જુઓ આ વાત દિગંબર શાસ્ત્ર સિવાય આ વાત બીજે ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? આવા નામ પણ નથી.

એ અભેદ રત્નત્રયસ્વરૂપ છે. આહા..હા..! 'તે જ વીતરાગ સામાયિક છે...' આપણે સવારમાં ચાલે છેને? 'તે પરમ શરણ ઉત્તમ મંગલ છે.' અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, અરિહંતા ઉત્તમ ઇ બધી વ્યવહારની વાતું. આ મંગળિક છે. આહા..હા..! અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહુ મંગલં, કેવળી પણ્ણંતો ધમ્મો મંગલં, ચત્તારી લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા... કહે છે એ

બધો વ્યવહાર અને વિકલ્પની વાતું. ચત્તારી શરણ પવ્વજામી આવે છેને? અરિહંતા શરણં પવ્વજામ઼ી. આ અરિહંત આત્મા. સિદ્ધ એ આત્મા, સાધુ એ આત્મા, આચાર્ય-ઉપાધ્યાય આત્માનું સ્વરૂપ એનું ત્રિકાળ. એનું શરણ ઉત્તમ અને મંગળ. આહા..હા..! અરે..! આવી વાત એને કાને ન પડે, સાંભળવા ન મળે એને જાવું ક્યાં? શેઠ! 'ભાગ્યહીન કો નહિ મળે, .. વસ્તુકા જોગ ત્રાટ પગે જબ બાગમાં કાગમુખ આવત રોગ' બાગમાં દ્રાક્ષ પાકે એ વખતે કાગડાને ચાંચ પાકે. તો દ્રાક્ષ ખાઈ શકે નહિ.

મુમુક્ષુ :- ખાવી હોય પણ .. તો મરી જાય.

ઉત્તર :- પણ લઈ શકે જ નહિ. ચાંચ પાકી ગઈ હોય એને. દ્રાક્ષ ખાવાનો પાક પાક્યો હોય તો શું કરે? એમ વીતરાગનો માર્ગ આવો પાકીને બહાર આવ્યો. એને ઇ અજ્ઞાનના જોરમાં એને કેમ બેસે આ વાત? આહા..હા..! આ તો નિશ્ચયની વાતું. નિશ્ચયની વાતું એમ કરીને કાઢી નાખે.

મુમુક્ષુ :- વ્યવહારની વાત કહેતા નથી.

ઉત્તર :- પણ વ્યવહાર ક્યો વ્યવહાર? આ પર્યાય છે આ ઇ જ વ્યવહાર છે. આ બધો વ્યવહાર છે. ત્રિકાળી પરમસ્વભાવ ધ્રુવ તે નિશ્ચય છે. ૯૪ ગાથામાં આવે છે પ્રવચનસાર. ૯૪. આત્મવ્યવહાર આ. ૯૪ ગાથા (જ્ઞેય અધિકારની). બીજી ગાથા. આહા..હા..! દિગંબર સંતોએ તો કેવળજ્ઞાનના ઢગલા કર્યા. આહા..હા..! એમણે જે .. તેની વાણી. આહા..હા..! અરે..! એને મળ્યા ટાણા એ વખતે એનો અનાદર કરે છે. આમ નહિ... આમ નહિ... કાંઈક વ્યવહાર સાધન જોઈએ. હવે સાંભળને! વ્યવહાર તો રાગરૂપ અને દુ:ખરૂપ એ સાધન હોય આત્માનું? હોય ખરું, અશુભથી બચવા ભાવ આવે, પણ એ સાધન છે અને ધર્મનું કારણ છે ત્રણ કાળમાં એ વાત નથી. વીતરાગ માર્ગમાં એ નથી. બીજે તો એ વાત છે જ નહિ. વીતરાગ સિવાય ક્યાંય આ વાત છે નહિ. સમજાણું કાંઈ? થોડું-થોડું સમજાયને? કૈલાસચંદજી! ગુજરાતી થોડું. આહા..હા..! ભારે ભાઈ આમાં કાઢ્યું વળી આજે. આહા..હા..!

અભેદ રત્નત્રય, વીતરાગ સામાયિક, કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ છે. આહા..હા..! વસ્તુ ભગવાન પરમાનંદ પ્રભુ નિષ્ક્રિય એના સન્મુખના થયેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ જ વીતરાગ, એ જ કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ છે. ઉદય, ફુદય વચમાં આવે એ કાંઈ કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ નથી. સમજાણું કાંઈ? 'સકળ કર્મક્ષયનું કારણ છે, નિશ્ચય ચતુર્વિધ આરાધના છે...' જ્ઞાન-દર્શન-ચારિત્ર છેને? ઇ આત્માના શુદ્ધ પરિણામ ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ જ આરાધના છે. લ્યો, 'પરમાત્મ ભાવના છે...' એ પરમાત્માની ભાવના છે. પરમાત્મા પોતે પવિત્ર ભગવાન એની એકાગ્રતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્વિકલ્પદશા એ જ પરમાત્મભાવના છે. 'શુદ્ધાત્મભાવનાથી ઉપજેલા સુખની અનુભૂતિ એ પરમકળા...' આહા..હા..! સુખનો દરિયો ભગવાન પરમ પારિણામિક ધ્રુવસ્વભાવ એમાં એકાગ્ર થઈને જે પ્રગટ દશા થઈ એ 'શુદ્ધાત્મ

ભાવનાની ઉપજેલા સુખની અનુભૂતિરૂપ પરમકળા.' એ અનુભૂતિરૂપ પરમકળા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અનુભૂતિરૂપ પરમકળા. એને લઈને કેવળજ્ઞાન કળા ઉત્પન્ન થાય છે. આહા..હા..! 'એ જ દિવ્યકળા છે.' કહો, સમજાણું કાંઈ? 'પરમ અદ્વૈત છે...' આ અદ્વૈત આ હોં. ઓલા કહે છે અજ્ઞાનીઓ એ બધું થઈને આત્મા એક છે. વેદાંત કહે છેને વ્યાપક છે. એમ નથી. એમ વસ્તુનું સ્વરૂપ ભગવાન પરમાનંદ મૂર્તિ પ્રભુ એ ઢગલો એ તો જ્ઞાન-આનંદનો ઢગલો છે. ઢગલો સમજ્યાને? ઢેર. એમાં અંદરના સન્મુખના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ એ જ જ્યાં દિવ્યકળા છે. એ પરમ અદ્વૈત છે. પર્યાય અભેદ છેને ઇ? એ 'પરમ અમૃત છે, પરમ ધર્મધ્યાન છે...' લ્યો અહીં ધર્મધ્યાન લીધું ભાઈ! ઓલા કહે ધર્મધ્યાન શુભભાવમાં જ હોય. કહો. બહુ આવું. નિયમસારમાં તો ઘણે ઠેકાણે નિશ્ચય સ્વઆશ્રિત ધર્મધ્યાન. આહા..હા..!

'એ જ શુક્લધ્યાન, એ જ રાગાદિ વિકલ્પરહિત શુદ્ધજ્ઞાન, એ જ નિકલ અશરીરી ધ્યાન, તે જ પરમસ્વાસ્થ...' એ પરમ નિરોગતા ઇ છે. આહા..હા..! રાગ તો રોગ છે. આહા..હા..! શુભરાગ હો કે અશુભ એ તો રોગ છે. આહા..હા..! કેટલા લીધા? આંકડો નથી આમાં. 'પરમ સ્વાસ્થ્ય છે, પરમ વીતરાગપણું છે, પરમ સામ્ય છે...' સમતા છે. 'પરમ એકત્વ છે, પરમ અભેદજ્ઞાન, પરમસમરસીભાવ છે...' લ્યો. વગેરે-વગેરે લઈ લેવા.

'એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે નિષ્ક્રિય શુદ્ધ પારિણામિક, શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? બંધના કારણભૂત જે ક્રિયા રાગાદિ પરિણતિ...' એ વિકલ્પની ક્રિયા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ વગેરે બંધના કારણભૂત જે ક્રિયા રાગાદિ પરિણતિ તેરૂપ તે નથી. ત્રિકાળી ભગવાન ધ્રુવસ્વરૂપ તે રાગાદિ ક્રિયારૂપ નથી. આહા..હા..! અરે..! એની મહિમા સાંભળી નહિ એણે. એ કેવડો મોટો ભગવાન પોતે છે એની એને ખબર ન મળે. આહા..હા..! કહે છે એ 'રાગાદિ પરિણતિ તેરૂપે આત્મા નથી.' ધ્રુવ આત્મા. જે સમ્યગ્દર્શનનું ધ્યેય, જેના ધ્યેયે સમ્યગ્દર્શન પ્રગટ થાય, એના લક્ષે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય, જેમાં ઠરતા ચારિત્ર પ્રગટ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! ઠીક બરાબર આવી ગયા આમાં વળી. ... નવરા થાય તો આવે છે. શેઠને હજી વખત મળે નહિ બહુ. એ બંધના કારણ કર્યા રાગાદિ પરિણામ તેરૂપ નથી. કોણ એરૂપ નથી? 'પરમ પારિણામિક સહજ સ્વભાવ ધ્રુવ...' ઉત્પાદ-વ્યયની પર્યાય વિનાનો ભાવ. આહા..હા..! આમ તો તત્ત્વાર્થસૂત્રનું દસ લક્ષણીપર્વમાં ઘણું વ્યાખ્યાન ચાલે છે. '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' પણ એમ ને એમ ચાલ્યું જાય.

મુમુક્ષુ :- પંડિતજી બોલે.

ઉત્તર :- પંડિતજી બોલે. આહા..હા..!

મુમુક્ષુ :- એનો અર્થ ન કરે પણ

ઉત્તર :- અને સત્ દ્રવ્યલક્ષણં. આવે છેને? '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એ સત્ સ્વરૂપ તે

દ્રવ્યલક્ષણં. આહા..હા..! ભગવાન આત્મા દ્રવ્ય છે તેનું એ લક્ષણ છે. અને એ લક્ષણના ત્રણ પ્રકાર ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. આહા..હા..! એમાંનો જે ઉત્પાદ-વ્યય વિનાનો જે ધ્રુવ એ આવો છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! થોડું-થોડું બાકી રાખીએ કાલે તમારા માટે. વચ્ચે વળી આવી ગયું વળી થોડું. કાલે રવિવાર છેને. સવારે આવશે લોકો. રાજકોટથી આવશે, ભાવનગરથી આવશે. હીરાભાઈ નથી આવ્યા નહિ? આવ્યા? કાલે હતા. ... હીરાભાઈ છેને. ..વાળા નહિ? ઓળખો છો. ભાવનગર. બહુ રસ રુચિ અને ઉદાર બહુ ઉદાર. નારણભાઈ આવ્યા છે. આ આવ્યા છે. ... ... રસ લાગે. પણ આ માણસ તો બહુ મુંગા માણસ છે. બોલવું ઓછું. .. બહુ સારું કરે હોં. એમ નહિ કે આ... આહા..હા..!

કહે છે ભગવાન આત્મા એ રાગાદિ પર્યાય વિનાનો છે. ધ્રુવ-ધ્રુવ. અને મોક્ષના કારણરૂપ જે ક્રિયા એ શુદ્ધ ભાવના પરિણતિ ભાષા લીધી જોયું? ઓલામાં ઉપાદાન કારણ લીધું હતુંને? એ અહીં શુદ્ધ ભાવના પરિણતિ. ત્રિકાળી ભગવાન આત્મા ઇ ભાવસ્વરૂપ ત્રિકાળ. એની પરિણતિ અંદર સન્મુખ થઈને થાય એ શુદ્ધભાવના પરિણતિ ક્રિયા. એટલે કે મોક્ષનો માર્ગ. એ ક્રિયા તેરૂપ પણ નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા તો મોક્ષના માર્ગની શુદ્ધ પરિણતિની ક્રિયા એરૂપે એ નથી. આહા..હા..!

'માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે.' આહા..હા..! ધર્મીને ધ્યેયરૂપ એ છે. ધર્મી જીવ સમકિતી જ્ઞાની એને એ ત્રિકાળી વસ્તુ તે ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નહિ. ધ્યાન તો પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવનું ધ્યેય તો ત્રિકાળી દ્રવ્ય ઉપર છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગે કહ્યો, ઇન્દ્રો અને ગણધરોની સમક્ષમાં સમવસરણમાં કહ્યો એ કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. આઠ દિ' રહ્યા હતા ભગવાન પાસે. પ્રભુ બિરાજે છે. સીમંધર પરમાત્મા મહાવિદેહ ક્ષેત્રમાં. મહાવિદેહ ક્ષેત્ર છે. ભગવાન અત્યારે બિરાજે છે તીર્થંકરપણે. પાંચસો ધનુષનો દેહ છે, કરોડપૂર્વનું આયુષ્ય છે. લાખો કેવળીઓ અને સંતો બિરાજે છે સમવસરણમાં. હાજરી છે ભગવાનની. આહા..હા..! બે હજાર વર્ષ થયા. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા. દિગંબર સંત આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ બધા શાસ્ત્રો રચ્યા. અરે..! શાસ્ત્રોનું અનુકરણ આચાર્યોએ બધાએ કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રીજું નામ આવે છેને એનું? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.' એ કુંદકુંદાચાર્યના કેડાયતો, સંતો આ વાત કહે છે. આહા..હા..!

કહે છે એ મોક્ષના કારણરૂપ જે ક્રિયા. આત્મા વસ્તુ ધ્રુવ તે નિષ્ક્રિય છે. પણ આ પરિણતિ જે પ્રગટ થઈ એ ક્રિયા છે. શુદ્ધભાવના પરિણતિ. શુદ્ધભાવના પરિણતિ. ત્રિકાળી જ્ઞાયકભાવ એને અવલંબનારી જે શુદ્ધભાવના એરૂપે પરિણતિ થઈ. શુભભાવના પરિણતિ એટલે પર્યાય છે. એરૂપ પારિણામિકભાવ નથી. આહા..હા..! એટલે? કે કાલે વાત કરી હતી થોડી કે કોઈપણ પરદ્રવ્યનો

પર્યાય રાગને ઉત્પન્ન કરતો નથી. કર્મનો ઉદય પણ રાગની પર્યાયને ઉત્પન્ન ન કરે. એની પર્યાય જુદી, આ પર્યાય જુદી. સમજાણું કાંઈ? એ રાગનો પર્યાય સમ્યગ્દર્શનાદિ ધર્મની પર્યાયને ઉત્પન્ન ન કરે. એ રાગનો પર્યાય પરદ્રવ્યની પર્યાયને ન કરે અને પરદ્રવ્યની પર્યાય રાગને ન કરે અને એ રાગનો પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયને ન કરે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય રાગને ન કરે. અકર્તા છેને? આહા..હા..! અને એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિ એ દ્રવ્ય ન કરે. આહા..હા..! ભારે માર્ગ ભાઈ આવો! આ તો કેટલાકે તો સાંભળ્યો પણ ન હોય. આ તે કાંઈ નવો માર્ગ કાઢ્યો હશે. ઘણા એમ કહે. આ સોનગઢવાળા. આ બધી આપણી ચાલે છે સંસ્કૃતિ એમાંથી આ વળી નવું કાઢ્યું ક્યાંથી કહે? અરે..! ભગવાન! નવો માર્ગ? અનાદિનો આ જ છે. આહા..હા..!

મુમુક્ષુ :- પોતાનું દ્રવ્ય શું કરે?

ઉત્તર :- પોતાનું દ્રવ્ય પણ પર્યાયને ન કરે. એ વાત તો ચાલે છે. એ તો ન કરે, પણ પર્યાય પર્યાયના કાળને પર્યાય ફેરવી ન શકે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહા..હા..! આવી વાતું! બાપુ! વસ્તુનું સ્વરૂપ તો આ છે. આહા..હા..! જેને જન્મ-મરણના દુઃખના દરિયામાંથી નીકળવું હોય તો આ સમજવું પડશે. એ દુઃખી છે હોં, અનાદિથી દુઃખી છે. એ ચાર ગતિમાં દુઃખી થઈને રખડી રહ્યો છે. આવ્યું નહિ ઓલામાં? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, તોપણ આત્મ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એમાં શું આવ્યું? કે મુનિવ્રત અઠ્ચાવીશ મૂળગુણ પાળ્યા, પાંચ મહાવ્રત પાળ્યા 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો...' છતાં 'આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' તો એનો અર્થ શું થાય? એ પંચ મહાવ્રતના પરિણામ એ દુઃખ છે, રાગ છે. છ ઢાળામાં આ તો પાઠશાળામાં ચાલે છે. એના અર્થની ખબરું ન મળે.

મુમુક્ષુ :- આપ અર્થ કરો ત્યારે સમજાય છે.

ઉત્તર :- આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન...' રાગથી ભિન્ન ભગવાન આત્માનું સમ્યગ્દર્શન-જ્ઞાન વિના 'લેશ સુખ ન પાયો.' લેશ સુખ ન પાયો. એ સ્વર્ગમાં પણ દુઃખ. આ શેઠાઈ બધા અબજોપતિ અને કરોડોપતિ દુઃખીયા બિચારા ભિખારા છે. બરાબર હશે? ઇ શેઠ છે, શરાફ છે.

મુમુક્ષુ :- કથંચિત્ છે.

ઉત્તર :- સર્વથા. કથંચિત્ શું કરવા રાખીએ? સર્વથા અજ્ઞાનીઓ દુઃખી છે. રાગ ઉપર જેનો ભરોસો છે અને રાગ ઉપર જેની દૃષ્ટિ છે એ પૂર્ણ દુઃખી છે. સમજાણું કાંઈ? આહા..હા..! સુખની શરૂઆત તો સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિથી થાય છે. એ ક્રિયા પણ કહે છે કે સુખની ક્રિયા પણ ધ્રુવ ત્રિકાળ પરમપારિણામિકમાં નથી. આહા..હા..! જેને અવલંબે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શનની પર્યાય કહે છે ધ્રુવમાં નથી. આહા..હા..! જેને સ્વસંવેદનજ્ઞાન થાય, સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ

આનંદસ્વરૂપ ભગવાન એવું જ્ઞાનમાં થાય સમ્યક્ એ પણ કહે છે કે ધ્રુવમાં નથી. આ વીતરાગ સિવાય આ વાત ક્યાંય હોઈ શકે નહિ. ઇન્દ્રો એકાવતારી શક્રેન્દ્ર એકભવતારી, એકભવે મોક્ષ જનારા, સુધર્મ દેવલોકના ઇન્દ્ર અને એની પટરાણી બેય એકભવતારી છે. ત્યાંથી નીકળીને મોક્ષ જવાના. એ ભગવાનના સમવસરણમાં આવતા હશે અને ભગવાન કેવી કથા હશે એની? આહા..હા..! જે અર્ધલોકના સ્વામી, સુધર્મ અર્ધલોકનો ઇશાન ઇન્દ્ર બે છે. ત્રણ જ્ઞાનના તો ધણી છે. એક મનુષ્યદેહ કરવો છે એને બાકી-એમ એને ખાતરી છે. આહા..હા..! એ જ્યારે સમવસરણમાં આવતા હશે અને ભગવાનની વાણી સાંભળે એ કેવી વાણી હશે! દયા પાળો. અરે..! એ તો કુંભાર પણ કહે છે. શેઠ! કહ્યું હતુંને અમારા ઉમરાળામાંથી એક મહિના સુધી શ્રાવણ સુદ એકમથી ભાદરવા સુદ એકમ સુધી ઘાણી ન ચલાવે. લોકો ઘાણી ન ચલાવે, કુંભાર નિંભાડો ન કરે. શેઠિયા જાય. શ્રાવણ સુદ એકમ આવે શેઠિયા ગામમાં. અમારે ઉમરાળામાં હતુંને. .. બધું હતું. શેઠિયા પાંચ સોપારી લઈને જાય. .. વાણિયાના પર્યુષણ આવ્યા. શ્રાવણ સુદ એકમથી ભઠ્ઠી નહિ કુંભારની. અને એકમથી તે ભાદરવા સુદ પાંચમ સુધી ઘાણી નહિ. ઘાણી સમજ્યા? ઘાણી ન કરે એટલી તો જૈનમાર્ગની એટલી છાપ હતી. અત્યારે તો બધો ફેરફાર. અમારે રૂખડ શેઠ હતા. આમ (સ્થિતિ) સાધારણ થઈ ગયેલી. ખાનદાની બહુ ખાનદાની. પૈસા ઘણા, દેખાવ રૂપાળું શરીર આમ જઈને ઊભા રહે. ... પાંચ સોપારી આપે. એક મહિનો અને પાંચ દિવસ સુધી ઘાણી અને બધું બંધ. એ પણ પહેલો તો જરી ઉઘાડે નહિ... કારણ કે પહેલા આપણે... પહેલો બીજો કરે. એવું હતું ગામડામાં હોં. અત્યારે તો શહેરમાં જાવ તો ક્યાં એવું છે? હવે એવી વાતું તો ગામડામાં લૌકિક કરતા એમ મારું કહેવું છે. નિંભાડો ન કરવા, ઘાણી ન પીલવી.

મુમુક્ષુ :- એવું તો અન્ય...

ઉત્તર :- ભાવસારી .. ઓલા હોયને બાઈ શું કહેવાય ઇ? આ લૂગડા ધોવાની કુંડી. અમે .. હતાને ત્યાં. સવારમાં બહુ જાતા ધોવા. એક મહિનો શ્રાવણ મહિનો.. પણ લોકો સાધારણ ભાન કાંઈ ન મળે એનામાં પણ આવું છે તો વીતરાગ એવી વાતું કરતા હશે? આહા..હા..! એય..! નાગનેશમાં પણ એમ હશે પહેલા નહિ. અમને તો બરાબર ખબર છે. આહા..હા..!

કહે છે 'માટે એમ આવે છે કે શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.' એ જે ધ્યાન એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ધ્યાન એરૂપે ત્રિકાળીભાવ તે નથી. માટે ત્રિકાળી ભાવ તે ધ્યાનની પર્યાયને કરતો નથી. આહા..હા..! પરને તો કરતો નથી, રાગને પણ કરતો નથી, પોતાની નિર્મળ પર્યાયને પણ કરતો નથી. આમ યથાર્થ દૃષ્ટિમાં બેસવું એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મની શરૂઆત છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ વદ-૧૫, રવિવાર, તા.૨૯-૦૭-૧૯૭૩
## ગાથા-૩૨૦, પ્રવચન-૪૫૩

આ ૩૨૦ ગાથા. જયસેનાચાર્યની ગાથાની ટીકા છે આ. અહીં સુધી આવ્યું છે આપણે. 'કારણ ધ્યાન વિનશ્વર છે અને શુદ્ધ પારિણામિકભાવ તો અવિનાશી છે.' છે એમાં? ઝીણી વાતું છે, ભગવાન! આહા..હા..! જે આત્મા પરમસ્વભાવભાવ ત્રિકાળ જે વસ્તુ ધ્રુવ એ પોતે એને મોક્ષ ધ્યાન જે કરે એ આત્માનું, પોતે પર્યાય. એટલે કે મોક્ષનો માર્ગ જે પર્યાય છે એ ત્રિકાળી ધ્રુવને અવલંબે પ્રગટેલી જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ ધ્યાન છે. અને એ ધ્યાનની પર્યાય નાશવાન છે. કારણ કે એ પર્યાયની અવસ્થાનું સ્વરૂપ છે. ભગવાન આત્માનો સ્વભાવ ધ્રુવ અવિનાશી છે. એ અવિનાશી આત્મસ્વભાવ એ મોક્ષના માર્ગની દશાથી ભિન્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં શું સમજાય?

ઉત્તર :- આ વિષય જ ઝીણો છે ભાઈ! તત્ત્વ છેને આત્મા? વસ્તુ છેને. એક સમયમાં સેકન્ડના અસંખ્ય ભાગમાં અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ ધ્રુવ છેને અને એમાં થતી અવસ્થા છે. પર્યાય પલટતી. એ પર્યાય જે છે એ ધ્યાન કરે છે દ્રવ્યનું.

મુમુક્ષુ :- દ્રવ્ય એટલે પૈસા.

ઉત્તર :- હવે તો છોકરા સમજે છે બધાય. દ્રવ્ય એટલે પૈસા નહિ અહીંયાં દ્રવ્ય એટલે પદાર્થ. કેમ મનિષ! હુશિયાર છે. હવે તો બધા ઘણાય એવા થઈ ગયા છે. એમાં આત્મા અંદર વસ્તુ પદાર્થ ચૈતન્ય દરબાર છે. આહા..હા..! જેમાં અનંતા સ્વભાવરૂપ ગુણ ધ્રુવરૂપે જેમાં પડ્યા છે. આહા..હા..! '**उत्पादव्ययध्रुवयुक्तं सत्**' એથી એની દશામાં જે ઉત્પન્ન-વ્યય... ઉત્પન્ન-વ્યય જે દશા થાય એ તો પર્યાય છે. અને એ પર્યાયરહિત ત્રિકાળ ચીજ, ટકતી, ટકતું તત્ત્વ જે છે. છે... છે... છે... છે... છે... છે... છે... છે.... છે... એવું જ્ઞાનના નૂરમાં તેજનું પૂર એ તો ધ્રુવ છે. એ ધ્રુવ ચીજ એની અપેક્ષાએ જે એનું મોક્ષનો માર્ગ પ્રગટ કરે એટલે કે સ્વભાવ તરફની એકાગ્રતાના ધ્યાનમાં જે પર્યાય પ્રગટ થાય એ પર્યાય તો એક સમયની સ્થિતિ છે. અને એનાથી ભિન્ન ભગવાન અનંત-અનંત જ્ઞાન, આનંદની લક્ષ્મીનો સાગર ભગવાન આત્મા છે. કેમ બેસે? કોઈ દિ' નજરમાં લીધો નથી, કોઈ દિ' પ્રતિતમાં આવ્યો નથી. આવી એક ચીજ છે એ એને મૂકીને એની વર્તમાન દશા એમાં જેણે અનાદિથી રમતું માંડી છે. એ પર્યાયબુદ્ધિ છે, એ અજ્ઞાની છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જન્મ-મરણના ફેરા ચોર્યાસીના કરતો-કરતો જેને થાક લાગ્યો હોય, જેને ચાર ગતિમાં રખડવું એ દુઃખ લાગ્યું હોય એને જન્મ-મરણથી રહિત કેમ થવાય એની વાત છે.

બાકી તો બધું જગતમાં ચાલે છે. સમજાય છે કાંઈ?

અહીંયાં તો પરમાત્મા પોતે ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યું, પ્રભુ! તારામાં જે ધ્રુવ સ્વરૂપ છે એ પ્રભુ પોતે છે. આહા..હા..! એ પરમેશ્વર પોતે છે. જે વર્તમાન પર્યાય અવસ્થા જેને વર્તમાન રાગની અને પર્યાયની રુચિમાં જે પર્યાય હતી અવસ્થા. એને ગુલાંટ મારીને આમ આખા દ્રવ્યનો જ્યાં સ્વીકાર કર્યો. આહા..હા..! ગુલાંટ સમજાય છે? પલટવું. આહા..હા..! કે હું તો એક નિત્યાનંદ પ્રભુ ઇ મારું સ્વરૂપ અને સ્વભાવ તો છે... છે... છે... છે... છે... ઇ પણ થાય છે અને જાય છે એ નહિ. થાય અને જાય એ તો પર્યાયમાં રહે. આ ઝીણું છે આ બધું.

મુમુક્ષુ :- એ માહ્યલું છેને. ઇ જે ધંધો કરે છે એ માહ્યલું છે.

ઉત્તર :- ઇ માહ્યલું કાંઈ નથી. ઇ બધા ખોટા ધંધા છે. ... નથી? પણ આવે છે લ્યોને. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે 'શુદ્ધ પારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.' આ શું? આવો માર્ગ મારે! બાપુ! માર્ગ એવો છે તને ખબર નથી. મહાપ્રભુ ધ્રુવસ્વરૂપે નિત્યાનંદ પ્રભુ એવો જે સ્વભાવનો ધરનાર નિત્ય એવું જે તત્ત્વ એ પારિણામિકભાવ એટલે સહજભાવ છે. એનું અંદરમાં ધ્યાન કરતા, એને પકડતા કે આ ચીજ આવી છે. એવા સમ્યગ્દર્શન દ્વારા અને વર્તમાન જ્ઞાનની પર્યાય દ્વારા એને પકડતાં, એની દૃષ્ટિમાં જે તત્ત્વ આવ્યું આખું એ તત્ત્વ તો ધ્યાનરૂપ અને દૃષ્ટિરૂપ પણ નથી કહે. આહા..હા..! અરે..! કાંઈ એને ખબર પણ ન મળે. દુનિયાના ડાહ્યા થઈને ફરે. એ દુનિયામાં ઉંડા ઉતરીને જાશે રખડવા.

મુમુક્ષુ :- ગયા છે...

ઉત્તર :- .. છે એ દુઃખી છે. ભાન ક્યાં છે એને. સનેપાત છે. આહા..હા..! દુઃખી છે, ભાઈ! તને ખબર નથી. આનંદની મૂર્તિ પ્રભુ એનાથી વિરૂદ્ધ તારા જેટલા વિકલ્પો અને સંકલ્પો એ બધું દુઃખરૂપ છે. એ બધી શીતળતા શાંતસ્વરૂપને બાળનાર છે. આહા..હા..! દુઃખ એ કોઈ પ્રતિકૂળ ચીજ એ દુઃખ નથી. જેમ સ્વરૂપમાં દુઃખ નથી. દુઃખ ઉત્પન્ન કરેલો વિકલ્પ જે છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો હોય કે ચાહે તો હિંસા, જૂઠું, ચોરીનો હોય. એ વિકલ્પો છે એ પોતે દુઃખરૂપ છે. દુઃખ નથી સંયોગમાં, દુઃખ નથી સ્વભાવમાં. દુઃખ એની દશામાં છે. આ ઉંધી માન્યતા અને રાગ-દ્વેષ એ દુઃખ છે. સમજાય છે કાંઈ? અને (સ્વભાવ) એમાંથી શાંતિ ઉત્પન્ન થાય ધર્મની ધર્મી જીવને આશ્રયે. ધર્મી એવો આત્મા એમ. એને આશ્રયે જે સમ્યગ્દર્શનની ધર્મની પહેલી સીઢી એ શરૂઆત થાય. એ દૃષ્ટિથી પણ વસ્તુ છે એ તો ભિન્ન છે. આવું તો કોઈ દિ' સાંભળ્યું ન હોય એણે. એ ડોક્ટરમાં માંડ ... હેરાન-હેરાન દુઃખી થઈ ગયા.

મુમુક્ષુ :- સેવા કરે છે.

ઉત્તર :- સેવા ધૂળનીય સેવા નથી. કોણ કરે સેવા? એ ડોક્ટરના બધા ઓલા હોય છે. ...

પ્રેક્ટિસ કરવા જાયને તો ઓલા માને મારું ડોક્ટરપણું ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બધી ખબર છેને બધા .. છે. એય..! ચંદુભાઈ! આહા..હા..! અરે..! તારી કોણ સેવા બાપુ! સેવા તો તું. સ-એવ. જે ત્રિકાળ આનંદનો નાથ એ સ-એવ. એની એકાગ્રતા ઇ સેવા છે. સમજાણું કાંઈ? માર્ગ આ તો બાપુ પ્રભુના પંથે જાવું છે એને આકરો માર્ગ છે. છે તો એના ઘરનો. આહા..હા..!

મુમુક્ષુ :- ઘણા કહે કે સરળ છે...

ઉત્તર :- સરળ છે, સત્ છે, સમીપ છે, છે. છે તેનો સ્વીકાર છે. એમાં કોઈ પ્રશ્ન નથી. અનાદિકાળનો અભ્યાસ નહિ અને બહારની ચીજોમાં ઉપદેશકો પણ બિચારા ત્યાં રોકાઈને પડ્યા. આ ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો ને અપવાસ કરવો એ બધા ઉપદેશકો રાગની ક્રિયામાં ધર્મ મનાવનારા. આહા..હા..! એ રખડતાના રસ્તે છે અને એને રખડવાનો રસ્તો બતાવે છે. આહા..હા..!

ભગવાન આત્મા. અહીં તો અહીં લેવું છે કે અંતર ચીજ જે પૂર્ણ સ્વરૂપ પ્રભુ એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પરમ સ્વભાવભાવ જે ધ્રુવ એનું ધ્યાન થતું એટલે કે સમ્યગ્દર્શનની પર્યાય વડે આવા ... આહા..હા..! એની રુચિમાંથી નિમિત્ત રાગ અને વર્તમાન પ્રગટ અવસ્થાની રુચિ છોડી દઈ. આહા..હા..! અને આખો આત્મા નિત્યાનંદ પ્રભુ છે એનો જ્યાં સ્વીકાર જ્યાં દશામાં થાય એ દશાને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ધર્મ કહીએ. એ ધર્મની પર્યાય છે એ ક્ષણિક છે. આહા..હા..! અને જેના આશ્રયે પ્રગટી એ આશ્રય વસ્તુ છે એ ત્રિકાળ છે.

મુમુક્ષુ :- ત્રિકાળને... ધર્મ સમજાવોને.

ઉત્તર :- પણ ધર્મ કોને? ધર્મ કરનાર કોણ છે એની તો ખબર ન મળે. ધર્મ જેને કરવો છે ધર્મ. એની દશામાં જો ધર્મ હોય એ ધર્મ કરવો છે એ રહે નહિ. તો એની દશામાં ધર્મ નથી. એની દશામાં અજ્ઞાન અને રાગ-દ્વેષ અધર્મ છે. એથી એ દુ:ખથી મુક્ત થવા માટે ઝાંવા નાખે છે, પણ એ દુ:ખ શું છે અને દુ:ખની પર્યાય કેમ નાશ થાય? એની એને ખબર ન મળે. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ જેને સંસાર જેને અડ્યો પણ નથી. સંસારમાં એ દ્રવ્ય આવ્યું જ નથી. આહા..હા..! ચંદુભાઈ! આવી કેવી વાતું આ તે! ઓલા કહે ભાઈ! છ કાયની દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા, ઓલા વળી કહે ભક્તિ કરવી, જાત્રા કરવા, સમ્મેદશિખર અને શેત્રુંજયની. ઓલા કહે ભાઈ લૂગડા કાઢી નાખવા. નગ્ન થાવું એ ધર્મ છે. અરે..! સાંભળરે સાંભળ ભાઈ! એ ભગવાન તો એ બધી ક્રિયાથી પાર ભિન્ન છે. અને જે ક્રિયા, વસ્તુ અહીં સિદ્ધ કરવી છેને? અને અહીં એ આવે છેને? નિષ્ક્રિય વસ્તુ છે. ત્રિકાળી તત્ત્વ એમાં બદલવું, પરિણમવું નથી તેથી તે નિષ્ક્રિય વસ્તુ છે. અને જે મોક્ષનો માર્ગ છે, બંધનો માર્ગ રાગાદિ પરિણામ એ સક્રિય વિકારી દશા છે. દશા છે. અને મોક્ષનો માર્ગ જે સક્રિય નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ત્રિકાળ દ્રવ્યને

પકડતા એને આવી ચીજ છે એમ જ્યાં સ્વીકાર દશામાં થાય એ દશા પણ સક્રિય પરિણામ અને નિર્મળ પરિણામ છે. એ સક્રિય પરિણામ નિષ્ક્રિય એવો જે ભગવાન આત્મા એને અવલંબે પ્રગટ થાય છે. આહા..હા..! આ ગાથા જ એવી છે, ભાઈ! આ તો નવરંગભાઈએ માગી તો આવી. રાજકોટવાળા તરફથી ભાઈ એનો અર્થ થયોને તમે બધા. આહા..હા..!

કહે છે 'યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે...' છે શ્લોક?

**ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेई।**
**जिउ परमत्थे जोइया जिणवरु एउ भणेई॥**

આહા..હા..! 'હે યોગી!' ચિદાનંદ ભગવાનમાં જેણે પોતાની દશાને જોડી છે. આહા..હા..! અનાદિની પોતાની દશાને રાગ ને, પુણ્ય અને પાપના પરિણામમાં જોડી છે. એ અયોગી એટલે અજ્ઞાની છે. જેણે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ, જેને કોઈ દિ' પર્યાયની આડમાં જોયો નહિ, જાણ્યો નહિ, માન્યો નહિ, અનુભવ્યો નહિ. આહા..હા..! એવી પર્યાયની આડની રુચિ છોડી અને જેણે ત્રિકાળ દ્રવ્ય સ્વભાવ વસ્તુ એનો અનુભવ, એની દૃષ્ટિ અને એનું જ્ઞાન કર્યું. કહે છે કે હે યોગી! સ્વરૂપના જોડાણનો કરનાર એને યોગી કહેવામાં આવે છે. ઓલા અન્યમતિના બાવા અને યોગી ઇ આ વાત નથી અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ?

'હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી...' આમાં પ્રશ્ન એક મગજમાં પહેલો આવ્યો હતો કે ઇ ઉત્પાદ પણ કરતો નથી અને વ્યય પણ કરતો નથી, પણ ઇ ભલે ન લો તો એ બંધ-મોક્ષમાં ઇ આવી જાય છે. '**करेई**' શબ્દ છે ખરોને. એમાંથી એમ પહેલું મગજમાં આવ્યું કે વસ્તુ જે પ્રભુ ત્રિકાળ આનંદ પ્રભુ એ પર્યાયમાં ઉપજતો પણ નથી, એ પર્યાયને ઉપજાવતો પણ નથી. આહા..હા..! અને એ પર્યાયને વ્યય કરતો એ નથી. સમજાણું કાંઈ? ભાઈ! આવો માર્ગ. એ ભગવાન નિત્યાનંદ પ્રભુ એ જન્મતો પણ નથી અને મરતો પણ નથી. એ તો એમ ને એમ ત્રિકાળી આનંદનો નાથ પ્રભુ બિરાજે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'એ જીવ પરમાર્થે...' પરમાર્થે. એમ શબ્દ છેને? 'જીવ ઉપજતો નથી...' આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાયપણે એ આવતો નથી અને ઉપજતો નથી. આહા..હા..! 'અને મરતો પણ નથી...' ઇ અવસ્થા બીજે સમયે નાશ થાય ઇ એમાં એ પોતે આત્મા એમાં નાશ નથી થતો. આહા..હા..! આ બધા શરીર, વાણી, મન આ બધા પરપદાર્થની તો શું વાતું? આ તો જડ છે, આ તો માટી છે, ધૂળ છે. પૈસા, બાયડી, છોકરા બધા પરપદાર્થ. એમાં જે વર્તમાન અવસ્થાનું ઉપજવું અને બંધાવું થાય નાશવાન એ તો ઠીક, પણ અહીં તો ત્રિકાળી ભગવાનને પકડીને અનુભવ થાય. આહા..હા..! એવી પર્યાયને એ દ્રવ્ય કરતો નથી. સમજાણું કાંઈ? તેમ એ પર્યાયમાં વ્યય થાય ત્યાં એ પોતે ભગવાન આવતો નથી. એનું મરણ નથી. ઝીણી વાત છે આ. કહો, સમજાણું કાંઈ? ભાઈ! તે આખો પદાર્થ પડ્યો છેને. એને ઓઝલ, પર્યાયની ઓઝલમાં તે ઢાંકી દીધો. આ નહિ... આ

નહિ... આ હું. એ નહિ, પણ કહે છે કે એ પર્યાય હું એવી જેની બુદ્ધિ છે એને એમ કહે છે કે હે યોગી! તું આત્મામાં જોડાણ કર હવે. અને એ જો એ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. અહીં તો જીવ ઉત્પાદમાં આવતો નથી અને વ્યયમાં આવતો નથી એમ જિનવર કહે છે.

મુમુક્ષુ :- નવો અર્થ કર્યો છે.

ઉત્તર :- એને જીવ કહીએ એમ કહે છે જુઓને. આહા..હા..! ઝીણી વાત છેને, ભગવાન! આ ગાથા રાખી હતી. કે આ બધા આવવાના છેને કાલે તો રાખો થોડી.

પ્રભુ! એકવાર સાંભળને ભાઈ! તારો નાથ પૂર્ણ વસ્તુ જે એક સમયમાં ધ્રુવ, એ ધ્રુવ પર્યાયમાં આવતો નથી અને પર્યાયને વ્યય કરતો નથી, મરતો નથી. એ તો છે ઇ છે. કહો, ધન્નાલાલજી! આહા..હા..! હવે દુનિયાન઼ મૂકને પડતી. દુનિયા દુનિયાનું જાણે. તારો નાથ અહીં બિરાજે. આહા..હા..! અરે..! નજર તો કર. એ નજરુંમાં જે તત્ત્વ દેખાય, જણાય એ તત્ત્વ કહે છે કે પર્યાયમાં, ધર્મની પર્યાયમાં એ આવતો નથી. એય..! આહા..હા..! સમજાય છે કાંઈ? ભગવાન! આ તો આત્મા ભગવાન છે બધા. આત્મધર્મે બધા બંધુ છે. સમજાય છે કાંઈ? આત્મબંધુ એ આત્મા બધા બંધુ સ્વભાવ છે એના. એવા આત્માને કહે છે, ભાઈ! તે તારા તરફ જોયું છેને? તું તારા તત્ત્વ ઉપર વળ્યો છો એને માટે અમે એમ કહીએ છીએ કે જે તત્ત્વ ત્રિકાળ છે એમાં જે વળ્યો છો એ દશા, એ દશામાં ધ્રુવ આવતું નથી. અને એ દશા બીજે સમયે પલટે છે એમાં એ ધ્રુવ છે એ જાતું નથી, એનો અભાવ થતો નથી. આહા..હા..!

કહે છે 'પરમાર્થે જીવ...' જુઓ ભાષા. પાઠ છે હોં આ.

**ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेई।**
**जिउ परमत्थे जोइया जिणवरु एउ भणेई।।**

ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર એવા જિનનાથ એક સમયમાં જેને ત્રણ કાળ, ત્રણ લોક જોયા, જાણ્યા એની વાણીમાં જિનવર એમ કહે છે. આહા..હા..! એ કોઈ પામર પ્રાણી કહે છે એમ નહિ. જેને સો ઇન્દ્રો તળિયા ચાટે, જેની રજું નીચે માથે ઉપાડે એવા જિનવરદેવ ત્રિલોકનાથ પરમાત્મા એમ ભણે (કહે) છે, ફરમાવે છે કે હે યોગી! એવાની વાત લીધી છેને અહીં? ભવિ જીવ અને યોગીની વાતું છે. આહા..હા..! જેણે આત્મા ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ નિષ્ક્રિય વસ્તુ એમાં જેણે પર્યાયને જોડી દીધી છે. જેણે રાગ સાથે જોડાણ કર્યું હતું તે જોડાણ તોડીને આત્મા સાથે જોડાણ કર્યું. એવો જે યોગી એટલે ધર્માત્મા ભગવાન એમ કહે છે કે ઇ પરમાં તો આવતો નથી, પરને ઉપજાવતો નથી, દેહાદિની ક્રિયા એ તો પર છે એની સાથે સંબંધ નહિ. પણ અહીં તો કહે છે કે એની અવસ્થામાં જે રાગાદિ કે મોક્ષનો માર્ગ થાય એને એ ઉપજાવતો નથી. કહો, અમરચંદભાઈ! આહા..હા..!

અરે..! એણે આવા ચિદાનંદ ભગવાનના મંડપ ન નાખ્યા એણે. આવો નાથ અંદર બિરાજે

પૂર્ણ પ્રભુ, કેવળીની વાણીમાં પણ જેનું પૂરું રૂપ આવે નહિ. એવો જે આત્મા પણ એની ખબર ન મળે એને. એક જ્યાં અનુકૂળતા જરી, તમાકુ જરી થઈ તો આમ મજા પડે છે. અરરર..! ક્યાં ગયો પ્રભુ તું? શું થયું તને આ? આહા..હા..! દિશાએ, પાયખાને જાય બે શું કહેવાય આ? સિગારેટ. ભૂલી જવાય છે તમારી. બે સિગારેટ પીવે ત્યારે દસ્ત ઉતરે. આ તે તારા અપલક્ષણના પાર છે?

મુમુક્ષુ :- ભગવાન તો અપલક્ષણો જ હોયને.

ઉત્તર :- આવો? આહા..હા..! ત્યારે એને ઠીક પડે કે આજે જાડો બહુ સારો ઉતર્યો. શું છે પણ આ તે? કહે છે કે જાડાની દશામાં તું આવતો નથી, પણ એને જાણવાની જે પર્યાય છે એમાં પણ તું આવતો નથી. આહા..હા..! પંડિતજી! એવું તારું ધ્રુવધામ 'સ્વયં જ્યોતિ સુખધામ' અરે..! તને ખબર નથી, પ્રભુ! તું કેવડો છો? ક્યાં છો? કેમ છો? તારી કિંમતુ તને કરતા ન આવડે. આહા..હા..! અને દુનિયાના ડાહ્યા થઈ સોના અને રૂપા અને હીરાની કિંમતુ કરે. કપડાની કિંમતુ કરે, ઢોર ને ગાયું ને ભેંસુંની કરે આટલા આના દામ છે, આટલા આ છે, ઢીંકણું એવું લોકો વાતું કરે છે. દામોદર શેઠ હતા તો એના અપાસરા સામે બરોબર .. જોતા. ઇ ઉપરથી ખ્યાલ આવે. બળદને જોવે, ગાયને જોવે, ઘોડાને જોવે પણ કાંઈ છે જુઓ.. ઇ બધામાં પાવરધા હતા લૌકિકમાં. ગૃહસ્થમાં. આહા..હા..! અરે..! પણ તું કોણ એને જોયો તે? જોનારને જોયો? જાણનારને જાણ્યો? એના વિના બધા થોથા છે તારા. સમજાણું કાંઈ? મોટા બારિસ્ટર થાય. બબ્બે હજારના દનિયા લે એક દિવસના. બધી મૂર્ખાઈ ભરેલી વાતું છે. તારો ચૈતન્ય ભગવાન અહીં તો પ્રભુ એમ કહે છે કે જિનવર એમ ભણેઇ. કે જે જીવ જેને અમે કહીએ છીએ. આહા..હા..! એ જીવ પર્યાયમાં આવતો નથી અને પર્યાયમાં-વ્યયમાં જાતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી.' આહા..હા..! ઉત્પાદ-વ્યયમાં એ આવતો જ નથી કહે છે. સમજાણું કાંઈ? 'અને બંધ-મોક્ષ કરતો નથી.' આહા..હા..! ભગવાન ધ્રુવ નિત્યાનંદ જે સમ્યગ્દર્શનનો વિષય જેને અવલંબે ધર્મની પહેલી શરૂઆત સમ્યગ્દર્શન થાય એવો જે ભગવાન પૂર્ણ સ્વરૂપ એ રાગની પર્યાયને કરતો નથી, એ મોક્ષના માર્ગની પર્યાયને કરતો નથી. કારણ કે એ તો નિષ્ક્રિય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ બધી પાઠશાળાઓ મોટી કરે. બધા શું કહેવાય આ બધા તમારે એય..! રખડવાના બધા? કોલેજ. કોણ કરતું હતું? ધૂળ કરે? અહીંયાં તો કહે છે, પ્રભુ! એકવાર સાંભળતો ખરો તારી વૃદ્ધિ. તારી સંપદા અને તારી લક્ષ્મી જે ચૈતન્ય લક્ષ્મી આનંદનું ધામ ભગવાન આત્મા જે ધ્રુવસ્વરૂપ એના બે અંશો એક પલટતો અંશ અને એક ટકતો અંશ. એ ટકતો અંશ છે એ પરમાર્થે જીવ છે એમ કહે છે. આહા..હા..! પર્યાયનો જીવ તો વ્યવહાર જીવ છે. એય..! આહા..હા..! સિદ્ધપદનો આત્મા, સિદ્ધ પર્યાયનો આત્મા એ વ્યવહારે આત્મા છે. પર્યાય વ્યવહાર છે. આહા..હા..!

કહે છે, ભગવાન! એકવાર સાંભળને પ્રભુ! અરે..! આવા મનુષ્યના ભવ મળ્યા અને

જિનવરદેવનો સંપ્રદાય તને મળ્યો અને જિનવરદેવ શું કહે એ સાંભળવાના યોગ મળ્યા. હવે સાંભળતો ખરો. આહા..હા..! જેની ચૈતન્યની કિંમત જે દશાએ કરી કહે છે કે એ દશાને એ દ્રવ્ય કરતું નથી. આહા..હા..! ધન્નાલાલજી! આહા..હા..! 'પરમાર્થે જીવ ઉપજતો નથી...' એટલે કે રાગની પર્યાયમાં આવતો નથી, તેમ ધર્મની પર્યાયમાં એ ધ્રુવસ્વરૂપ આવતું નથી. આહા..હા..! તેમ એ રાગના વ્યયમાં એ આવતો નથી. અરે..! મોક્ષમાર્ગની પર્યાય સમય-સમયની થાય એની પલટન થાય, ઉત્પાદ થઈને વ્યય થાય એમાં ધ્રુવ સ્વરૂપ આવતું નથી. એ પરમાર્થે તે જીવને જીવ કહીએ. કહો, સુજાનમલજી! અહીં તો ભગવાનના દરબારની વાતું છે, બાપુ! હવે રાંકાઈ તો બહુ કરી તે હોં. આહા..હા..! માગણ-માગણ. આ લાવો... આ લાવો... આ લાવો... માગણ છે બધા. ભિખારા. પૈસા લાવો, બાયડી લાવો, છોકરા લાવો, આ લાવો. લાવા છે બધા અગ્નિના સળગતા. આહા..હા..!

ભગવાન ત્રિલોકનો નાથ એ તું સાક્ષાત્ સિદ્ધ સમાન તારું સ્વરૂપ અંદર છે. અરે..! કેમ બેસે? પામરની પર્યાયમાં પ્રભુતા કેમ બેસે એને? કહે છે કે તારી પ્રભુતા તો એટલી મોટી છે. એ એટલી મોટી છે કે એ એની વર્તમાન દશામાં તે દશાને કરતો નથી. આહા..હા..! અને એ દશાને ટાળતો નથી. આહા..હા..! એ મોક્ષની પર્યાયને પણ એ તત્ત્વ કરતું નથી. અને મોક્ષના માર્ગની પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે વીતરાગી પર્યાયનો અંશ છે. એ અંશ જે આવો આખો અંશી (તે કરતો નથી). છે તો ઇ અંશ પણ આની અપેક્ષાએ એમ કહ્યું. આહા..હા..! નિશ્ચયનયનો વિષય છે. નયનો વિષય તો અંશ જ હોય. આખો વિષય નયનો ન હોય. કહો, ધન્નાલાલજી! આ તો. આહા..હા..! જિનવર પરમેશ્વર ત્રિલોકનાથના દરબારમાંથી આવેલી વાતું છે આ તો. આહા..હા..! ભગવાન! એક સાધારણ સભામાં જાવું હોય તો એને કેટલી તૈયારી જોઈએ? લૂગડા સરખા જોઈએ, આમ જોઈએ, તેમ જોઈએ. આ તો ત્રણ લોકનો નાથનો દરબાર છે, ભાઈ! આહા..હા..! એવું જે હે યોગી! હે જીવ! જીવ તો એને એમ કહીએ, જીવ જે ત્રિકાળ છે ઇ જીવને જીવ એમ કહીએ કે એ જીવ પર્યાયને ઉપજાવતો નથી અને પર્યાયને વ્યય કરતો નથી. એ મિથ્યાત્વના પર્યાયને કરતો નથી અને મિથ્યાત્વના પર્યાયને નાશ કરતો નથી. આહા..હા..! એ ધ્રુવ તત્ત્વ કેવળજ્ઞાનની પર્યાયને અવલંબતું નથી. આહા..હા..!

એ કૃતકૃત્ય પ્રભુ ભગવાન! ઇ કોનું કરે? એની પર્યાયનું ન કરે તો બીજાનું શું કરે? અહીં તો બધા જુઓ આ અભિમાનના પૂતળા બધા જાણે બહાર. આ અમે કર્યું... આ અમે કર્યું... અમે મોઢા આગળ પડ્યા તો જુઓ ખરડો બે લાખનો થયો. તમે જાત તો આટલો ન થાત. અરે..! અભિમાની! અજ્ઞાનના સેવન કરનારા છે એ તો બધા. શેઠ! આવી વાતું છે. લ્યો, આહા..હા..! અમે પાંચ માણસ ગયા એટલે ત્યાં ઇન્દિરાને આમ અમે સમજાવ્યું. શું પણ? એય..! બાપા! તું ત્યાં વાણીમાં ક્યાં ગયો હતો? વાણીમાં તું આવ્યો જ નથી. વાણીમાં તો જડ આવ્યું છે. આહા..હા..! અને એ વખતે વિકલ્પ ઉઠ્યો છે એમાં પણ જીવ ધ્રુવ સ્વરૂપ એને કહીએ કે એ એમાં આવ્યો જ નથી.

આહા..હા..! શબ્દ તો જુઓ, 'પરમાર્થે જીવ બંધ-મોક્ષને કરતો નથી એમ જિનવર કહે છે.' ત્રણ લોકના નાથ જેને તું અરિહંત કહે અને અરિહંતનું નામ લે સ્મરણ કર. નમો અરિહંતાણં સવારથી ઉઠીને કર આમ. પણ શું એની આજ્ઞા છે એની ખબર ન મળે. સમજાણું કાંઈ? આહા..હા..! બાપની માળા ગણે પણ બાપની આજ્ઞા શું છે એની એને ખબર ન મળે. એ એનો બાપ આમ પરમપિતા, ધર્મપિતા જિનવરદેવ જગતના ધર્મપિતા એમ ફરમાવે છે, ભાઈ! તારું જે નિત્યાનંદ પ્રભુ તત્ત્વ સહજ પરમસ્વભાવરૂપ ભાવ એ બંધની પર્યાયને કરે નહિ અને મોક્ષની પર્યાયને કરે નહિ, મોક્ષના કારણરૂપ માર્ગને કરે નહિ અને બંધના કારણરૂપ મિથ્યાત્વ આદિ અવ્રત, પ્રમાદને કરે નહિ. હવે આવું બધું સાંભળવું. આ શું હશે આવું? આવો ધર્મ? અમરચંદજી! આ એના માટે રોકાણા અત્યાર સુધી. નહિતર જાવું હતું ૨૫એ. ભાઈ કહેતો હતો ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- એમાં છે તો ...

ઉત્તર :- પણ છે એવું માન્યું છે ક્યાં એણે?

મુમુક્ષુ :- પણ લક્ષ કરવામાં ...

ઉત્તર :- પણ ઇ લક્ષ કરવામાં કેટલો પ્રયત્ન છે અને કેટલું એની ખબર ક્યાં છે એને. આહા..હા..!

કહે છે હે ધર્માત્મા જીવ! આહા..હા..! એમ ... આહા..હા..! તારા જોડાણ પ્રભુ! રાગની એકતાના તૂટી ગયા છે. એને અમે કહીએ કે જો. આહા..હા..! આ જેણે ભગવાન આત્માની સાથે જોડી દીધી. એ પર્યાયને વર્તમાન હાલતને જેણે જોડી દીધી એને સંબોધીને કહે છે કે તારું જે મૂળતત્ત્વ જીવ જે છે. જેને અમે જીવ કહીએ, જીવ દ્રવ્ય કહીએ, આત્મતત્ત્વ કહીએ, એ જીવદ્રવ્ય પર્યાયને ઉપજાવે નહિ અને પર્યાયને વ્યય કરે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ભારે ભાઈ! ભાઈ! તારી ચીજ જુદી વસ્તુ છે. ભગવાન! તું તો અરૂપી છોને પ્રભુ! એ રૂપીએ કેમ પકડાય? આહા..હા..! સાણસે સર્પ પકડાય, પણ સાણસે કાંઈ મોતી પકડાય? મોતીને માટે તો ઝીણી સમાણી જોઈએ. આમ કરે છેને શું કહેવાય? તોરણું છોડીયું કરેને દીકરીયું? એ સાણસાએ પકડાતા હશે? એનાથી તો અનંતગુણો ઝીણો ભગવાન. આહા..હા..! કહે છે કે જે વિકલ્પથી પકડ્યો જાય નહિ અને એ વિકલ્પમાં આવે નહિ. આહા..હા..! અને મોક્ષમાર્ગની પર્યાયે પકડ્યો જાય, પણ મોક્ષમાર્ગની પર્યાયને કરે નહિ. ધન્નાલાલજી! આહા..હા..!

એ પારસમણિ ચૈતન્યરત્ન એને કોઈ દિ' પરખ્યો નહિ. 'પરખ્યા માણેક મોતીયા, પરખ્યા હેમ કપુર, પરખ્યો નહિ એક ભગવાન આત્મા ત્યાં રહ્યો દિગમૂઢ.' બધા દોઢ ડાહ્યા બહારની વાતું કરવા બેસે તો જાણે આહા..હા..! દેવના દીકરા ઉતર્યા જાણે ઉપરથી. અરે..! ડોક્ટર! ડોક્ટરની વાતું કરે તો જાણે ઓહો...હો..! શું મોટા ભણીને આવ્યા! આ વકીલાતની વાતું લ્યોને વકીલ કરેને. રામજીભાઈ કરતા હશેને તે દિ? આમ છે ને તેમ છે ને ફલાણું છે. આ દુકાન, આ ધંધાના વેપાર

હોય. કપડાના કિંમત હોયને કપડા. આવી કિંમતનું આ કપડું અને આવી કિંમતનું આ. આ શું કહેવાય આને? લૂગડા હોય છેને ... અટલસ-અટલસ. અટલસ હોય છેને એ વેપારી એવી ખુબી કે વાળીને આમ સંકેલીને .. મૂકી દે. ખોલે ત્યારે આમ. એમાં ડાહ્યા બધાય. એમાં એ ખ્યાલ હોય ઇ કરી શકે હોં. નહિતર કુંભાર જેવો બેઠો હોય તો સંકેલતા ન આવડે એને.

મુમુક્ષુ :- બધુ બગાડી નાખેને.

ઉત્તર :- ધૂળેય કરે નહિ. આ તો (અભિમાન) છે. કરે કોણ? અને વાળે કોણ? છોડે કોણ અને પહોળું કરે કોણ? આહા..હા..! એ જગતના પદાર્થની તે સમયની તે પર્યાય તે કાળે તે પર્યાય ઉપજે એને કરે કોણ બીજું? અહીં તો એની પર્યાયરૂપ જે એને દ્રવ્ય ન કરે ગજબ વાતું છે. આ તો જિનવર માર્ગનો આ માર્ગ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે અરે..! એકવાર સાંભળતો ખરો નાથ! તારી ઋદ્ધિ ને તું કોણ છો બાપુ! તે સાંભળ્યું નથી. સમજાણું કાંઈ? આ દયા પાળી ત્યાં ધર્મ થઈ ગયા. કાંઈક વ્રત પાળ્યા તો ધર્મ થઈ ગયા. જાત્રા સમ્મેદશિખરની કરે. એમાં ધર્મ ધૂળેય નથી સાંભળને.

મુમુક્ષુ :- સોનગઢની જાત્રા...

ઉત્તર :- સોનગઢમાં અહીં ક્યાં જાત્રા? આત્મા છે સોનગઢમાં તો. તેને કાટ નથી લાગ્યો જેને સંસાર નથી અડ્યો. એવો ભગવાન સુર્વણ સમાન ભગવાન આત્મા છે. આ એમાં આરૂઢ થવું એ જાત્રા છે. સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં તો એમ પણ આપ્યું છે, ભાઈ! તું તીર્થમાં મત જા, ગુરુને, પરને મત સેવ. એમ કહ્યું છે. ગાથામાં હોં. મત જા એટલે આ તો હજી લોકો એમ ભડકે છે. કે આને પુણ્ય કહેવાય. મત કર એ પુણ્ય કરવાલાયક નથી ત્યાં. અરેરે..! ત્યાં તો પરમાત્મપ્રકાશ છેને? એમ કીધું છે. યોગીન્દ્રદેવ. હે ગુરુ પાસે ન જા. એની સેવા ન કર. સેવ કરનારો ભગવાન તું છો. એ તીર્થમાં ન જા. ત્યાં આત્મા નથી. એવો શબ્દ છે અંદર હોં. મત જા. એવો શબ્દ છે. ભારે કડક કીધું આ તો! દુનિયાની પણ દરકાર ન મળે આને કે આ શું મને માનશે? કરવાલાયક નથી પણ તું ન કર આ. લ્યો એય..! કરવા જેવું તો ત્રિલોકનો નાથ ભગવાન ત્યાં જાને અંદરમાં. આહા..હા..! જેની મોક્ષની પર્યાય કે મોક્ષના માર્ગની પર્યાય, અવસ્થા. **'सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः'** એ ત્રણ પર્યાય છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એ પર્યાયને દ્રવ્ય કરતું નથી. ભારે વાત ભાઈ! માણસોને આવું સાંભળીને અજાણ્યા હોયને બિચારા એટલે અરર..! આ તો બધો વ્યવહારનો તો લોપ કરી નાખ્યો. ભગવાન! સાંભળને ભાઈ! એય..! જયંતિભાઈ!

મુમુક્ષુ :- દુ:ખનો તો લોપ જ કરવો જોઈએને.

ઉત્તર :- દુ:ખ છે, બાપુ! તને ખબર નથી, ભાઈ! તારા દુ:ખડા તે વેદ્યા. એ દુ:ખના દેનારની આંખમાં ઝળહળિયા આંસુ આવ્યા એટલા તે દુ:ખ વેઠ્યા છે. એની ખબર ન મળે. દુ:ખ તો તે રોતા વેદ્યા, પણ તારા દુ:ખને દેખનારાઓ પણ રોયા. એવા તે દુ:ખ વેઠ્યા બાપુ! તને ખબર નથી.

આહા..હા..! એ દુ:ખનું કારણ તો મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે. એ મિથ્યાત્વને ટાળવા માટે ભગવાન ત્રણ લોકનો નાથ તું છો. એના પડખે જાને. એની ઓથ લેને. આહા..હા..! તારા સંસારના દુ:ખ નહિ રહે. કહો, સમજાણું કાંઈ?

કહે છે 'પરમાર્થે જીવે, જીવ ઉપજતો નથી, મરતો પણ નથી, બંધ-મોક્ષ કરતો નથી એમ શ્રી જિનવર કહે છે. વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે.' '**विवक्षितैकदेशशुद्धनयाश्रितेयं भावना**' શું કીધું ઇ? કહેવા માગેલી, કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ. ભાવના કહો, પરિણતિ કહો. તેર બોલ છે એના. આ એકલા અધિકારમાં તેર બોલ આવ્યા છે એના. એકમાં તેર. થોડા ઉતાર્યા છે આમાં. ૧૧૪ પાને છે ક્યાંક. ૧૧૪ પાનું છેને આમાં? ત્યાં ઉતાર્યા છે થોડા જુઓ. 'મોક્ષમાર્ગના ભાવની સમજણ. પહેલા તેને શુદ્ધ જ્ઞાન કહ્યું હતું. અભેદનયથી જ્ઞાન પરિણત જીવ કહ્યો, શુદ્ધ ઉપાદાન કહ્યું તેને ભવ્યત્વ શક્તિની વ્યક્તિ કીધી પ્રગટ. નિજ પરમાત્મદ્રવ્યના સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અનુચરણ કહ્યા. ઔપશમિક આદિ ત્રણ ભાવ કહ્યા, શુદ્ધાત્મ અભિમુખ પરિણામ કહ્યા, શુદ્ધોપયોગ કહ્યો, ભાવના કીધી, તેને મોક્ષના કારણરૂપક્રિયા કહે છે, તેને ધ્યાન કહે છે, તેને નિર્વિકાર સ્વસંવેદન કહે છે, તેને એકદેશવર્તી કહે છે.' લ્યો આ ... આહા..હા..! આ તો પારસમણિને સરાણે ચડાવ્યા છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે, એકવાર સાંભળતો ખરો, પ્રભુ! મનુષ્યપણું નહિ રહે. આ તો નાશ થઈ જશે. રાખું થઈને ઉડી જશે. તારો આત્મા કાંઈ નાશ નહિ થઈ જાય ભેગો. આહા..હા..! એવો જે આત્મા અંદર નિત્યાનંદ મહા અનંત શાંતિ અને આનંદની સંપદાથી ભરેલી સંપત્તિનો નાથ કહે છે એની અંદરમાં શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પોતે જેણે પ્રગટ કરી એવા ત્રિકાળ દ્રવ્યના સ્વીકારથી, ત્રિકાળમાત્રમાં, સત્કારમાત્રમાં દશા પ્રગટ થઈ ગઈ કહે છે. આહા..હા..! એ દશા કહેવા માગેલી આંશિક શુદ્ધિરૂપ પરિણતિ છે. નિર્મળદશાનો અંશ છે ઇ. ત્રિકાળ વસ્તુ ધ્રુવને સ્વીકારનાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય એ અંશે શુદ્ધ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો બધું ગ્રીક-લેટીન જેવું લાગે. બધી ખબર છે દુનિયાની હોં. ખબર નથી? ઓલાને એમ થાય કે આ શું? આ તે વીતરાગનો માર્ગ આવો હશે? કે કાંઈ નવો કાઢ્યો હશે? એમ ઘણા કહે. સોનગઢવાળાએ નવો માર્ગ કાઢ્યો છે. અરે..! ભગવાન! બાપુ! તને ખબર નથી. અનંત જિનવરો કરી ગયા, કહી ગયા એ આ વાત છે. જિનવર ભણેહી એમ તો કહ્યું. આહા..હા..! અનંત જિનવરોએ એમ પોકાર કર્યો કે તારું દ્રવ્ય જે જીવસ્વરૂપ ધ્રુવ એ તો એની બંધની દશામાં અને બંધના માર્ગમાં, મોક્ષના માર્ગમાં અને મોક્ષદશામાં આવતું નથી. આહા..હા..! એમાંથી જે સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ થઈ, ત્રિકાળ દ્રવ્યનો સ્વીકાર કરતાં સ્વસન્મુખ પરિણામ થયા એ એકદેશ, આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ છે. આહા..હા..! પૂર્ણ શુદ્ધ તો મોક્ષ છે. આહા..હા..! એમ કહીને કહે છે કે તારા દયા, દાન ને વ્રત, ભક્તિના પરિણામ એ મોક્ષનો માર્ગ નહિ. આહા..હા..! બાપુ! એ પરિણામ તો મેલ

છે. જેને તું ચોખ્ખો કરવા માગે છો ઇ ચોખ્ખો નથી એ તો મેલ છે. આહા..હા..! ભારે વાત! છેતરાઈ ગયો મારો. આહા..હા..!

કહે છે 'કહેવાધારેલી આશિંક શુદ્ધિરૂપ આ પરિણતિ નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ...' આહા..હા..! આત્મ દ્રવ્ય ત્રિકાળી ધ્રુવ નિત્યાનંદ પ્રભુ જે પર્યાયમાં આવતો નથી એ દ્રવ્ય કેવું છે? એ તો એકરૂપ ત્રિકાળ છે. એનો જેને સ્વીકાર ને જ્ઞાન ને રમણતા કરી એ અંશે શુદ્ધિ એને નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ, 'ક્ષયોપશમિક જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે...' એક અંશ પ્રગટ થયો. પૂર્ણ સ્વરૂપ જે પડ્યું એની જે દૃષ્ટિ અને જ્ઞાન અને રમણતા કરતા એક અંશે શુદ્ધિ વ્યક્ત થઈ. પૂર્ણ વ્યક્ત દશા તો મોક્ષ. છતાં એ પણ એક દેશ જ છે. ત્રિકાળની અપેક્ષાએ તો એક અંશ છે એ. આહા..હા..! દ્રવ્યસંગ્રહમાં લીધું છે પાછળ. મોક્ષનો માર્ગ પણ એકદેશ વ્યક્તિરૂપ છે, મોક્ષ પણ એકદેશ વ્યક્તિરૂપ જ છે. આહા..હા..! આવે છે નહિ ક્યાંક. દ્રવ્યસંગ્રહ. આ દ્રવ્યસંગ્રહ જ છેને. આહા..હા..! સવારમાં આપ્યુંને આ? દ્રવ્યસંગ્રહને ઇ? એમાં છે પાછળ પાને. એમાં સાંકળો હોય પગમાં બાંધવાનો ભાગ. એટલો ભાગ તે ઇ કાંઈ મનુષ્ય નથી અને ઇ ભાગને છેદવાનો પ્રયત્ન જે છે એ કાંઈ મનુષ્યનું આખું સ્વરૂપ નથી. એમ ભગવાન અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એને રાગનું, પર્યાયનું બંધન ઇ કાંઈ એનું મૂળસ્વરૂપ નથી. એટલામાં એ આવ્યો જ નથી અને મોક્ષરૂપી પર્યાય પ્રયત્ન કરી, એ પ્રયત્ન કર્યો અને તોડ્યું એ પણ એક અંશ છે. આહા..હા..! ઇ એનું મૂળસ્વરૂપ નથી. આહા..હા..! મૂળસ્વરૂપ તો નિત્યાનંદ સૂક્ષ્મ છો એમાં. ..માં આવ્યું હતું. સ્થૂળ તરીકે ફળ તરીકે એમ નાખ્યું છે. પણ એ મૂળભુત એમ શબ્દ લેવો. છે? ... આવે છેને ભાઈ એમાં? .. જુઓ.

'વિવક્ષિત એકદેશ...' આ એ શબ્દ છે એમાં. 'વિવક્ષિત એકદેશ શુદ્ધ નિશ્ચયનયથી પૂર્ણ મોક્ષમાર્ગનું વ્યાખ્યાન છે, તેમ પર્યાય મોક્ષરૂપ જે મોક્ષ છે તે પણ (એકદેશ શુદ્ધનિશ્ચયનયથી છે પરંતુ શુદ્ધનિશ્ચયથી નહિ જે શુદ્ધ દ્રવ્ય શક્તિરૂપ) શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણવાળો પરમ નિશ્ચય મોક્ષ તે તો જીવમાં પહેલેથી જ છે. વિદ્યમાન છે. હવે થશે એમ નથી. તે જ પરમનિશ્ચય મોક્ષ રાગાદિ વિકલ્પ રહિત, મોક્ષના કારણભૂત, (તે), ધ્યાન ભાવના પર્યાયમાં ધ્યેય થાય છે.' છેને ..માં? 'શુદ્ધ નિશ્ચયથી જીવનું સ્વરૂપ નથી શુદ્ધ ઉપયોગ આદિ.' પર્યાય છેને? 'તેમ જ તેનાથી સાધ્ય જીવ અને કર્મના પ્રદેશમાં પૃથક્રૂપ જુદા પડવાનું દ્રવ્ય મોક્ષ તે પણ જીવનો સ્વભાવ નથી. પરંતુ તે બંનેથી ભિન્ન અનંત જ્ઞાનાદિગુણરૂપ સ્વભાવવાળું છે, ફળભુત છે.' એમ લખે છે. ઓલામાં આવે છે ફળભુત. ફળભુત નહિ મૂળભુત છે. ફળને ઠેકાણે મૂળભુત એમ શબ્દ આપણે કર્યો તે દિ' અર્થમાં? આમાં એમ ને એમ નાખી દીધું. જુઓ એ પાનું ૨૬૬ છે. મોક્ષ સમજ્યાને? અનાદિ જ્ઞાન-દર્શન આનંદ આદિ ગુણરૂપ સ્વભાવવાળું તત્ત્વ છે. એ ફળભૂત છે એમ નહિ પણ મૂળભુત છે એમ જોઈએ. તે શુદ્ધ જીવનું સ્વરૂપ છે. તે જ શુદ્ધ જીવનું સ્વરૂપ છે. જરી ફેરફાર

થયો. તે દિ' વાંચ્યું હતું ઓલામાં હિન્દીમાં છેને? એટલે અર્થ ફરી ગયો છે હિન્દીમાં. આ તો આ પુસ્તકમાં કેમ આમ ... ફળભૂત કરતા મૂળભૂત લેવું. દ્રવ્યસંગ્રહમાં ફળભૂત છે શબ્દ. ફળભુત પર્યાય પ્રગટ થાય ઇ. આ તો મૂળભુત વસ્તુ છે. જીવનું સ્વરૂપ ત્રિકાળ એકરૂપ છે. શક્તિરૂપ જે મોક્ષ છે એ તો મૂળભૂત વસ્તુ છે. જ્ઞાનાદિ ગુણ લીધા છે. જ્ઞાનાદિ ગુણસ્વરૂપ તે મૂળભુત વસ્તુ છે. આહા..હા..! એ આવી ગયું હતું લક્ષમાં વળી. ત્યાં ક્યાં પાનું તો...

કહે છે એ 'પરિણતિ નિર્વિકાર સ્વસંવેદન લક્ષણ ક્ષયોપશમ જ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ પ્રગટરૂપ છે. તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે...' આહા..હા..! સમ્યગ્દષ્ટિ આત્માનું ધ્યાન કરનાર એમ ભાવે છે કે 'જે સકળ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું.' પર્યાય એમ કહે છે. એય..! કહે છે પર્યાય ધ્યાન કરનારી કે આ હું છું. સકળ નિરાવરણ છે. વસ્તુ તો વસ્તુ નિરાવરણ ચૈતન્યપિંડ છે. તેમ પર્યાય વર્તમાનની અવસ્થા એમ જાણે હું તો સકળ નિરાવરણ આ છું. અખંડ છું. મારી ચીજ તો અખંડ ગુણ અને ગુણીના ભેદ એવું મારામાં છે નહિ. એકરૂપ મારી ચીજ ત્રિકાળ છે. સમ્યગ્દષ્ટિ જીવ આવી ચીજનું ધ્યાન કરે છે. પ્રત્યક્ષ પ્રતિભાસમય. હું તો પ્રત્યક્ષ જણાવ એવો જ આત્મા છું. પરોક્ષ રહે એવી ચીજ જ નથી. આહા..હા..! ભારે ભાઈ!

'અવિનશ્વર છું...' કોઈ દિ' મારો નાશ નથી. 'શુદ્ધ પારિણામિક પરમભાવ લક્ષણ...' જોયું? આ એનું લક્ષણ. કોનું? નિજપરમાત્મદ્રવ્ય. મારો પરમાત્મા દ્રવ્ય જે ત્રિકાળી એક સમયની પર્યાય વિનાનો તે જ હું છું. એ ત્રિકાળી દ્રવ્યનું ધ્યાન કરે જ્ઞાની. ખંડખંડનું નહિ. આહા..હા..! છે એમાં જુઓ. 'શુદ્ધ પારિણામિક પરમભાવ.. પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ હું છું...' આ પૂરું કરવું છેને ...

મુમુક્ષુ :- ભલેને ચાલે ચર્ચામાં કાંઈ વાંધો નથી.

ઉત્તર :- .. ક્યાં ચાલે ત્યાં. ... સમજાણું કાંઈ? એ ધર્મી જીવ સમ્યગ્દષ્ટિ ત્રિકાળ નિરાવરણ એવો ભગવાન અખંડ વસ્તુ એક પ્રત્યક્ષ પ્રતિભાસમય અવિનાશી અને શુદ્ધ પારિણામિક પરમભાવ જેનું લક્ષણ સહજ નિજ પરમાત્મદ્રવ્ય તે હું છું. આહા..હા..! એકાંત થઈ ગયું તો તો. પર્યાય.. પણ ઇ પર્યાય જ કહે છે કે આ હું છું. આહા..હા..! સમજાણું કાંઈ?

'પરંતુ એમ ભાવતો નથી કે ખંડજ્ઞાનરૂપ એક સમયની પર્યાયવાળો હું છું' એમ નથી માનતો એમ કહે છે. આહા..હા..! કહો, ધન્નાલાલજી! આહા..હા..! આમ ભાવાર્થ છે લ્યો. 'આ વ્યાખ્યાન પરસ્પર સાતિશય એવા આગમ અધ્યાત્મના તેમજ નય દ્રય દ્રવ્યાર્થિકનયના અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે.' આહા..હા..! 'નિર્બાધ છે એમ વિવેકીઓએ જાણવું.' લ્યો, આ હિંમતભાઈએ એનો અનુવાદ કર્યો છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## કળશ-૧૯૯

(अनुष्टुभ)
ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।
सामान्यजनवत्तेषां: न मोक्षोऽपि मुमुक्षताम्॥199॥

**હવે, જેઓ-જૈનના સાધુઓ પણ-સર્વથા એકાંતના આશયથી આત્માને કર્તા જ માને છે તેમને નિષેધતો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક કહે છે :-**

**શ્લોકાર્થ :- [ये तु तमसा तताः आत्मानं कर्तारम् पश्यन्ति] જેઓ અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, [मुमुक्षताम् अपि] તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય તોપણ [सामान्यजनवत्] સામાન્ય (લૌકિક) જનોની માફક [तेषां मोक्षः न] તેમનો પણ મોક્ષ થતો નથી. 199.**

---

## શ્રાવણ સુદ-૧, સોમવાર, તા.૩૦-૦૭-૧૯૭૩
## શ્લોક-૧૯૯, ગાથા-૩૨૧ થી ૩૨૩, પ્રવચન-૪૫૪

(अनुष्टुभ)
ये तु कर्तारमात्मानं पश्यन्ति तमसा तताः।
सामान्यजनवत्तेषां: न मोक्षोऽपि मुमुक्षताम्॥199॥

એનો અર્થ નીચે છે. કાલે શું અધિકાર ચાલ્યો અને આજે બીજો અધિકાર છે. **'જેઓ અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત થયા થકા...'** કહે છે કે જેને પોતાનું ચૈતન્ય, જ્ઞાન, આનંદસ્વરૂપ છે એ રાગાદિનો કર્તા નથી અને શરીરની ક્રિયાનો પણ કર્તા નથી. અધિકારમાં તો આપણે એ આવ્યું હતું કે દ્રવ્યસ્વભાવ પર્યાયને કરતું નથી. ઝીણી વાત છે. ભગવાન ધ્રુવ ચૈતન્યમૂર્તિ ધ્રુવ સ્વભાવ, નિત્ય સ્વભાવ એ તો વર્તમાન પર્યાય એમાં થાય છે મોક્ષમાર્ગની એનો પણ એ કર્તા નથી. અહીં તો સ્થૂળ બતાવવું છે. કે કોઈપણ જૈન સાધુ નામ ધરાવીને, જૈન શ્રાવક નામ ધરાવીને, હું આ શરીરની ક્રિયા કરી શકું છું. આ હલન-ચલન. આ દેહ ચાલે છે આમ, વાણી બોલાય જાય છે એ ક્રિયા હું કરી શકું છું એમ માનનારો મિથ્યાદૃષ્ટિ, મૂઢ જીવ છે.

મુમુક્ષુ :- એવું તો તમે કાઢો છો.

ઉત્તર :- એમાં છે જુઓ.

**'આત્માને કર્તા માને છે,...'** છે? એ કર્તા કોને? એમાં આધાર પણ લીધો છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. મોક્ષમાર્ગપ્રકાશકમાં એમ લીધું છે, ભાઈ! આ શ્લોકનો અર્થ. પર્યાયાશ્રિત ક્રિયાનો કર્તા માને છે. એવો શબ્દ છે. મોક્ષમાર્ગપ્રકાશક. પાનું-૨૪૯. આ નવું પુસ્તક. ક્યાં ગયું આ? આ રહ્યું. જુઓ અંદર. આ શ્લોક છે. મોક્ષમાર્ગપ્રકાશક. **'શ્રી સમયસાર કળશમાં પણ એ જ કહ્યું છે. યથા-' 'જે જીવ મિથ્યાઅંધકારથી વ્યાપ્ત બની પોતાને પર્યાયાશ્રિત ક્રિયાનો કર્તા માને છે...'** આ શ્લોકાર્થ છે. સૂક્ષ્મ વાત છે. આ તો સ્થૂળ વાત છે. કાલે ચાલી હતી એ તો બહુ ઝીણી. આહા..! અહીંયાં તો ભગવાન આત્મા અરૂપી, શરીર અને રાગથી પણ ભિન્ન તત્ત્વ છે. એવી જેને ખબર નથી એ અજ્ઞાની પ્રાણી આત્માને છ કાયની દયા પાળવી એમ માને છે. ઇ અહીંયાં આવશે. છ કાયના જીવ છેને? પૃથ્વી, પાણી, જળ, અગ્નિ, વાયુ અને ત્રસ. એની હું દયા પાળી શકું છું, એની ક્રિયા હું કરી શકું છું. એ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. એને તત્ત્વની ખબર નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે. આ તો બહુ સાધારણ વાત છે. આહા..હા..!

આત્મા જે અન્યમતિ ઈશ્વરને કર્તા માને છે એમ અમારા જૈન સાધુ અને શ્રાવક નામ ધરાવીને કહે છે. **'मुमुक्षताम्'** છેને? **'मुमुक्षताम्'** આહા..હા..! એ પણ આ શરીરની ક્રિયા, વાણીની ક્રિયા એ હું કરી શકું છું એવું અજ્ઞાન અંધકારથી વ્યાપ્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં ઇ અર્થ કર્યો છે, ભાઈ! આ પર્યાયાશ્રિતનો અર્થ. પર્યાયાશ્રિત ક્રિયા. પર્યાય એટલે શરીર. ઓલી પર્યાયની અત્યારે નથી વાત લેવી. આ શરીર આ ચાલે હાલે એ મારાથી કામ થાય. હું આત્મા છું તો ચાલે છે, આ હાથ હલે છે, ભાષા બોલાય છે, બીજાને દયા પાળવાની ક્રિયા હું કરી શકું છું, બીજાને મારી શકું છું એ બધી ક્રિયાનો કર્તા અજ્ઞાની માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? સુજાનમલજી!

મુમુક્ષુ :- બહુમત તો એ છે.

ઉત્તર :- બહુમત તો આખી દુનિયા છે તો શું છે? આખી દુનિયા માને તો કાંઈ સત્ય થઈ જાય? એમ કે બહુમત તો એનો છે આ. એ કહે છે જુઓને. **'અજ્ઞાન અંધકારથી...'** એ બહુમત. અજ્ઞાનીના-બાળકના બહુમત શું કામના? બાળક.

મુમુક્ષુ :- ... એમાં શું હોય બહુમત. એક બીજો આમ કહે એક બીજો આમ કહે, ત્રીજો આમ કહે.

ઉત્તર :- એમ હોય નહિ. વસ્તુ તો આવી છે.

મુમુક્ષુ :- એમાં બહુમત થાય કેમ?

ઉત્તર :- બહુમત છે ક્યાં?

ભગવાન ત્રિલોકનાથ એમ કહે છે. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ એમ કહે છે. કે **'જેઓ અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત...'** છે. જેને આત્માનું ભાન નથી. જેને અજ્ઞાનમાં મૂઢતામાં રોકાણો છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ જીવ. જિન આજ્ઞા અને જિનમાર્ગની જેને ખબર નથી. એ જીવ. **'આત્માને કર્તા માને છે.'** એ પરની ક્રિયા, શરીરની ક્રિયા, વાણીની ક્રિયા, તે ક્રિયા હલન-ચલનમાં હું આત્મા છું તો થાય છે. એમ માનનારો અધર્મી-મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જૈનના સાધુ આવું માનતા હશે?

ઉત્તર :- માને છેને. કર્તા નથી માનતા? છ કાયની દયા પાળું છું અને રાગનો કર્તા હું છું, દયા, દાન, વ્રતના પરિણામ આવે એનો હું કર્તા છું. એમ માને છે.

મુમુક્ષુ :- ઇ સાચા સાધુ કહેવાયને?

ઉત્તર :- ઇ ખોટા સાધુ. સાચા સાધુ માને નહિ. આહા..હા..!

શું કહ્યું જુઓને કે **'અજ્ઞાનઅંધકારથી આચ્છાદિત થયા થકા આત્માને કર્તા માને છે, તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય...'** ઇચ્છા માને છે અમને તો મોક્ષ જોઈએ. **'તોપણ સામાન્ય (લૌકિક) જનોની માફક...'** જેમ ઈશ્વરકર્તા માનનારા પ્રાણીઓની પેઠે, એની પેઠે એ **'(લૌકિક) જનોની માફક...'** તેમની પણ મુક્તિ નથી થતી. એને ધર્મ નથી થતો.

મુમુક્ષુ :- એટલે મોક્ષ નથી થતો એમ.

ઉત્તર :- હા મોક્ષ નથી થતો એનો અર્થ રાગથી ભિન્ન નથી થઈ શકતો. સમજાણું કાંઈ? શરીરાદિની ક્રિયા મારાથી થાય છે. આહા..હા.! ભારે આકરું કામ! અરે..! શરીરનો રાગભાવ--દયા, દાન, વ્રત, ભક્તિનો જે શુભભાવ એ મારું કર્તવ્ય છે એમ માને છે એ મૂઢ જીવ છે. આહા..હા..! કહો, ધન્નાલાલજી! સમજાણું કાંઈ? હું ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવી આત્મા એ વસ્તુ રાગનો જ કર્તા છે અને શરીરની ક્રિયાનો કર્તા છે, છ કાયના જીવની દયા પાળી શકે છે એવી માન્યતા મૂઢ જીવની છે. આહા..હા..! હું આ મકાન, મંદિર બનાવી શકું છું. બનાવી શકું છું. બને છે તો એના કારણે. હું બનાવી શકું છું મંદિર, મકાન, પુસ્તક અને પુસ્તકનો અનુવાદ, શબ્દોની અક્ષરની ક્રિયા. શેઠ! આહા..હા..! વીતરાગ માર્ગ જગતથી જુદી જાત છે. એણે સાંભળ્યો નથી. આહા..હા..! પ્રભુ! તું તો જ્ઞાનાનંદસ્વરૂપી. એ જ્ઞાનાનંદ સ્વરૂપ કરે કોને? એ તો રાગ હોય તો જાણે, ક્રિયા હોય તો જાણે. એ તો જાણવાની ક્રિયાનો કર્તા છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પર્યાયાશ્રિત ક્રિયાનો કર્તા માને છે. પર્યાય શબ્દે શરીર. કહો, પંડિતજી!

**'તેઓ ભલે મોક્ષને ઇચ્છનારા હોય...'** જૈન સંપ્રદાયની ક્રિયા કરનાર હોય, પંચ મહાવ્રતના વિકલ્પના કર્તા હોય. આહા..હા..! ભલે એ જૈનના સાધુ નામ ધરાવતા હોય, કે અમે શ્રાવક છીએ એમ માનતા હોય. **'સામાન્ય (લૌકિક) જનોની માફક...'** અજ્ઞાની જેમ ઈશ્વરને કર્તા માનવાવાળા છે એમ **'સામાન્ય (લૌકિક) જનોની માફક તેમનો પણ મોક્ષ થતો નથી.'** જેને કર્તા માને એ

રાગથી છૂટી નથી શકતો. આહા..! સમજાણું કાંઈ? શરીરની ક્રિયાનો કર્તા માને એ શરીરથી ભિન્ન નથી થઈ શકતો. આહા..હા..! આ તો સ્થૂળ વાત છે. કાલે ચાલી હતી એ તો બહુ ઝીણી અને સવારમાં તો.. આહા..હા..! ભગવાન આત્મા પૂર્ણાનંદનું સ્વરૂપ જેનો દ્રવ્ય સ્વભાવ એવી જેની દૃષ્ટિ સમ્યક્ થઈ એ એમ જાણે છે કે આ ભગવાન આત્માને ભવનો પરિચય નથી. ઓહો..હો..! શેઠ! આ બીડી-બીડીના વેપારનો કર્તા નહિ એ તો ઠીક પણ. ભવનો પરિચય નથી એને. ભગવાન જ્ઞાનસ્વરૂપ પિંડ પ્રભુ એ તો છે. અનંત જ્ઞાન અને અનંત આનંદનો ગંજ પૂર છે એ તો. જ્ઞાનનું પૂર આનંદનો અંદર કંદ છે એ તો. આહા..હા..! એ ચીજ જેને દૃષ્ટિમાં આવી એને એમ લાગે કે આ આત્માને સંસાર એમાં થયો જ નથી. પંડિતજી! ભારે વાતું, ભાઈ! આહા..હા..!

અહીં તો શરીરનો કર્તા નથી એટલું સમજાવું છે. કારણ કે જગતના પ્રાણી માને છે કે હું એકેન્દ્રિય જીવને બચાવું છું. પૃથ્વી, અગ્નિ, જળ, વાયુ, વનસ્પતિ, બે ઇન્દ્રિય, ઇયળ, કીડી, પંચેન્દ્રિય મનુષ્યને હું જીવાડી શકું છું એવી જે બુદ્ધિ છે. મૂઢ મિથ્યાદૃષ્ટિ અધર્મીની છે. આહા..હા..! આકરી વાત બહુ વીતરાગ માર્ગની. અરે..! સમજ્યા વિના જિંદગી ચાલી જાય એની. શરણભૂત ભગવાન અંદર છે એ તો જાણનાર-દેખનાર છે. જાણનાર-દેખનારને જાણવું અને એની દૃષ્ટિ કરીને સ્થિર થવું એ એની ધાર્મિક ક્રિયા છે. સમજાણું કાંઈ?

કહે છે અરે..! અજ્ઞાની લોકો જેમ ઈશ્વર છે નહિ કોઈ ઈશ્વર પુરુષ કે જગતને કરે અને બનાવે. એમ અજ્ઞાની જૈન નામ ધરાવનાર એ એમ માને કે હું છ કાયની રક્ષા કરી શકું છું. તો છ કાયની પર્યાયનો કર્તા થયો. બહુ વાત! આહા..હા..! સમજાણું કાંઈ? એ કહેશે હવે.

## ગાથા-૩૨૧ થી ૩૨૩

**लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।**
**समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काऐ॥321॥**
**लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।**
**लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि॥322॥**

एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए॥323॥

लोकस्य करोति विष्णुः सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान्।
श्रमणानामपि चात्मा यदि करोति षड्विधान् कायान्॥321॥
लोकश्रमणानामेकः सिद्धान्तो यदि न दृश्यते विशेषः।
लोकस्य करोति विष्णुः श्रमणानामप्यात्मा करोति॥322॥
एवं न कोऽपि मोक्षो दृश्यते लोकश्रमणानां द्वयेषामपि।
नित्यं कुर्वतां सदेवमनुजासुरान् लोकान्॥323॥

ये त्वात्मानं कर्तारमेव पश्यन्ति ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्तन्ते; लौकिकानां परमात्मा विष्णुः सुरनारकादिकार्याणि करोति, तेषां तु स्वात्मा तानि करोतीत्यपसिद्धान्तस्य समत्वात्। ततस्तेषामात्मनो नित्यकर्तृत्वाभ्युपगमात् लौकिकानामिव लोकोत्तरिकाणामपि नास्ति मोक्षः।

---

જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',
ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', 321.
તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,
વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; 322.
એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,
-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. 323.

ગાથાર્થ :- [लोकस्य] (લૌકિક જનોના) મતમાં [सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान्] દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય-પ્રાણીઓને [विष्णुः] વિષ્ણુ [करोति] કરે છે; [च] અને [यदि] જો [श्रमणानाम् अपि] શ્રમણોના (મુનિઓના) મન્તવ્યમાં પણ [षड्विधान् कायान्] છ કાયના જીવોને [आत्मा] આત્મા [करोति] કરતો હોય [यदि लोकश्रमणानाम्]તો લોક અને શ્રમણોનો [एकः सिद्धान्तः] એક સિદ્ધાંત થાય છે, [विशेषः] કાંઈ ફેર [न दृश्यते] દેખાતો નથી; (કારણ કે) [लोकस्य] લોકના મતમાં [विष्णु] વિષ્ણુ [करोति] કરે છે અને [श्रमणानाम् अपि] શ્રમણોના મતમાં પણ [आत्मा] આત્મા [करोति] કરે છે (તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા). [एवं] એ રીતે, [सदेवमनुजासुरान् लोकान्] દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને [नित्यं कुर्वतां] સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકને કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા [लोकश्रमणानां द्वयेषाम् अपि] તે લોક તેમ જ શ્રમણ-બન્નેનો [कः अपि मोक्षः] કોઈ મોક્ષ[न दृश्यते] દેખાતો નથી.

ટીકા :- જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી; કારણ કે, લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે, અને તેમના (-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે-એમ *અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે. માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે, લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.

ભાવાર્થ :- જેઓ આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે; કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો-એમ બન્નેની માન્યતા સમાન થઈ. માટે જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી. જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો ?

---

## ગાથા-૩૨૧ થી ૩૨૩ ઉપર પ્રવચન

એ કહે છે હવે. 'આ અર્થને ગાથા દ્વારા કહે છે :-' આ તો કળશ થયો કળશ. ૧૯૯ ગાથા.

लोयस्स कुणदि विण्हू सुरणारयतिरियमाणुसे सत्ते।
समणाणं पि य अप्पा जदि कुव्वदि छव्विहे काऐ॥321॥
लोयसमणाणमेयं सिद्धंतं जइ ण दीसदि विसेसो।
लोयस्स कुणइ विण्हू समणाण वि अप्पओ कुणदि॥322॥
एवं ण को वि मोक्खो दीसदि लोयसमणाण दोण्हं पि।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए॥323॥

નીચે હરિગીત છે. નીચે.

**જ્યમ લોક માને 'દેવ, નારક આદિ જીવ વિષ્ણુ કરે',**
**ત્યમ શ્રમણ પણ માને કદી 'આત્મા કરે ષટ્ કાયને', 321.**
**તો લોક-મુનિ સિદ્ધાંત એક જ, ભેદ તેમાં નવ દીસે,**

---

* અપસિદ્ધાંત = ખોટો અથવા ભૂલભરેલો સિદ્ધાંત

**વિષ્ણુ કરે જ્યમ લોકમતમાં, શ્રમણમત આત્મા કરે; 322.**
**એ રીત લોક-મુનિ ઉભયનો મોક્ષ કોઈ નહીં દીસે,**
**-જે દેવ, મનુજ, અસુરના ત્રણ લોકને નિત્યે કરે. 323.**

કેવી વાત વર્ણવી છે જુઓને.

આહા..હા..! છ કાયનો શબ્દ ટીકામાં નથી, ભાઈ! મૂળમાં છે. એટલે મૂળમાં પહેલા અન્વયાર્થ. અન્વયાર્થ લ્યો. છ કાય બહાર છેને પાઠમાં? તો એની ટીકામાં કર્તા છે એટલું લીધું છે. છ કાયનો... એનો અન્વયાર્થ છેને? '**(લૌકિક જનોના) મતમાં...**' દુનિયાના અજ્ઞાની જનના મતમાં, મતને વિષે. '**દેવ, નારક, તિર્યંચ, મનુષ્ય-પ્રાણીઓને વિષ્ણુ કરે છે;...**' આ સૃષ્ટિ દેવ, મનુષ્ય અને ચાર ગતિનો કર્તા ઈશ્વર છે. સમજાણું કાંઈ? એમ જે અજ્ઞાની માને છે. '**અને જો શ્રમણોના...**' અમારા મુનિઓ નામ ધરાવનારા મનુષ્ય '**મંતવ્યમાં પણ...**' એવી વિચારણામાં પણ એમ હોય કે '**છ કાયના જીવોને આત્મા કરતો હોય...**' એનો અર્થ છ કાયાના જીવની આત્મા રક્ષા કરી શકે છે. સમજાણું કાંઈ? ઈશ્વરે જગતની રક્ષા કરી, બનાવ્યું. આ કહે કે મેં છ કાયના જીવની રક્ષા કરી. બેયનો સિદ્ધાંત અપસિદ્ધાંત છે. આહા..હા..! કર્તાપણાનું એટલું સ્પષ્ટ કર્યું છે એમાં. કર્તાકર્મ એનો આખો અધિકાર લીધો. પણ આમાં .. આખી ભૂલ જ. આહા..હા..! અહીંયાં તો હજી સ્થૂળ, શરીર, વાણી, મન, દેશ, કુટુંબ એ કોઈની ક્રિયા હું કરી શકું છું, એને હું મદદ કરી શકું છું. એ બધી ક્રિયા માનનારો મૂઢ અને અજ્ઞાની છે.

મુમુક્ષુ :- નિમિત્ત...

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? કે આમ થાય એ નિમિત્ત. કર્યું શું એણે? કપુરચંદજી! શું કહે છે?

મુમુક્ષુ :- વરદાન આપેને ગુરુ.

ઉત્તર :- કોણ આપે વરદાન?

મુમુક્ષુ :- તમારું આમ થાવ, કલ્યાણ થાવ.

ઉત્તર :- અહીં તો કહે છે. પરમાત્મપ્રકાશમાં લીધું છે, દિવ્યધ્વનિથી પણ આત્માનું જ્ઞાન નથી થતું. '**वेयहिं सत्थहिं**' એવો શબ્દ છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી પોતામાં શું થાય? પોતાના દ્રવ્યથી પરમાં શું થાય? આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વની ખબર નથી. પ્રકાશમાં છે એ. પરમાત્મપ્રકાશ.

**वेयहिं सत्थहिं इंदियहिं जो जिय मुणहु ण जाइ।**
**णिम्मल-झाणहँ जो विसउ सो परमप्पु अणाइ।।२३।।**

આહા..હા..! કહે છે વેદના. આ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ જ્ઞાનાનંદ સ્વભાવી પ્રભુ આત્મા એ

વેદ નામ '**કેવલીકી દિવ્યવાણીસે...**' દિવ્યવાણી. '**કેવલીકી દિવ્યવાણીસે ભી આત્મા સમજમેં નહીં આતા.**' આહા..હા..! સમજાણું કાંઈ? '**शास्त्रैः**' '**મહામુનિયોંકે વચનોંસે...**' કુદંકુંદાચાર્ય આદિના વચનો. એ તો શબ્દો છે. ભગવાનની વાણી પણ શબ્દ પુદ્‌ગલ છે. આહા..હા..! એનાથી પણ આત્માનું જ્ઞાન નથી થઈ શકતું. કહો, પંડિતજી! આ પંડિતાઈ કોનાથી થાય ત્યારે? ના, ના અહીં તો કહે પંડિતાઈની પર્યાય મારી છે, એક સમયની એ જ મિથ્યાદૃષ્ટિ મૂઢ જીવ છે. ક્ષયોપશમની પર્યાય, વિકાસ જે અંશ છે એ હું છું પર્યાયબુદ્ધિ એ તો અજ્ઞાની છે. આહા..હા..! ચાહે તો સાધુ થયો હોય, પણ એમ માને તો એ મિથ્યાદૃષ્ટિ છે, જૈન નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

લ્યો સાંભળો '**ઇન્દ્રિય ઔર મનસે ભી જો શુદ્ધાત્મા જાના નહીં જાતા હૈ,...**' કેમ? '**વેદ, શાસ્ત્ર યે દોનોં શબ્દ અર્થસ્વરૂપ હૈં,...**' એ આત્મામાં ક્યાં આવ્યા? આહા..હા..! દિગંબર સંતોની વાણી. અમારી વાણીથી પણ તને જણાતો નથી. એમ કહે છે. કારણ કે એનું લક્ષ રાખે એ તો વિકલ્પ છે. આહા..હા..! અંતર સ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ અંતર અક્રિયબિંબ પ્રભુ નિષ્ક્રિય આત્મા એની અંતર દૃષ્ટિ જતાં એને જ્ઞાન થાય એનું નામ સમ્યગ્જ્ઞાન અને ધર્મનું જ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! શાસ્ત્રથી જ્ઞાન નહિ, દિવ્યધ્વનિથી જ્ઞાન નહિ. તો આ શાસ્ત્ર રચ્યા શું કરવા તમે? રચે કોણ શાસ્ત્ર? એ તો જડની પર્યાય. એ માટે તો અહીં ચાલે છે. શાસ્ત્રને કોણ રચે? એ તો પાના જડની પર્યાય છે. આહા..હા..! બધો ઘણો અર્થ કર્યો છે. નિર્મળ ધ્યાનક વિષય છે એ તો. એ તો અંતર નિર્મળ સમ્યગ્જ્ઞાન અને દર્શન એ અંતરનો વિષય કરનારી પર્યાય એનાથી જણાય એવી છે. નથી રાગથી જણાય (કે) વ્યવહારથી જણાય. વ્યવહારથી જણાય નહિ એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- લ્યો આ સાધન થયું.

ઉત્તર :- નામ સાધન છે એ બાધક છે. એવી વાતું છે. કહેવાય ભાષા એમ કહે. શાસ્ત્રથી ઉપાય છે અમારે. ઉપાય છે ઇ. ઉપાય એટલે? કે આ શું કહે છે ઇ. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ ચૈતન્ય અરૂપી જ્ઞાનઘન એ કોને કરે અને કોનાથી એમાં આવે? આહા..હા..! સમજાણું કાંઈ?

ટીકા છેને? અન્વયાર્થ-અન્વયાર્થ. એ '**શ્રમણોના (મુનિઓના) મન્તવ્યમાં પણ છ કાયના જીવોને આત્મા કરતો હોય...**' એ આત્મા જ્ઞાન .. એની તો રક્ષા કરી શકે. છ કાયાના જીવને બચાવી શકે છે. પરદ્રવ્યની પર્યાય હું કરી શકું છું. આહા..હા..! એ તો મિથ્યાદૃષ્ટિ, જૈન નથી. એને જૈન નથી કહેતા.

મુમુક્ષુ :- જૈન સાધુ કીધું.

ઉત્તર :- જૈનના સાધુ નામનિક્ષેપે. નામ તો આપે છેને. ભગવાન નામ નથી બતાવતા?

ભગવાન. હીરા ભગવાન, ભગવાન એવા નામ નથી આવતા?

મુમુક્ષુ :- ભગવાન ભુલા

ઉત્તર :- ભગવાન ભુલા. ભગવાન ભુલા. એની શેરી, ખડકી. ભગવાન નામ હોય તો શું છે? પાર્શ્વનાથ નામ નથી? મહાવીર નામ નથી આવતું? પાર્શ્વનાથ, મહાવીર, ઋષભનાથ બધા ઘણા. દિગંબરમાં તો ઘણા નામ હોય. તીર્થંકરના નામે. નામ છે એમાં શું થયું. એમાં શું આવ્યું?

અહીં તો કહે છે કે અજ્ઞાનીઓ વિષ્ણુ કર્તા જગતને માનનારા. જેમ એ મિથ્યાદૃષ્ટિ અને ચાર ગતિમાં રમે તે ભાવનાવાળા છે. કેમકે જે કર્તા થાય છે એને તો રાગની ચાર ગતિમાં ભોગવવું પડશે. આહા..હા..! ભગવાન તો જ્ઞાનસ્વરૂપ આત્મા છે. એ તો જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..! સમજાણું કાંઈ? આકરું કામ. આ તો 'હું કરું હું કરું એ જ અજ્ઞાન છે. ષકટનો ભાર જેમ શ્વાન તાણે.' ગાડા. ગાડું હોય છેને ગાડું. શ્વાન એની નીચે કુતરો. બળદગાડું મોટું. એની નીચે કુતરું હોય એની પીઠ અડે. તો મારાથી ગાડું ચાલે છે. એમ આ જગતની દુકાન ઉપર બેઠીને ધંધાની ક્રિયા જે કરે છે એ મારાથી થાય છે. મૂઢ છે. તારાથી શું થાય?

મુમુક્ષુ :- .. વકીલ...

ઉત્તર :- વકીલાત-બકીલાત મારાથી થાય છે એમ. ત્યાં જાતા હતા ૩૦ વર્ષ પહેલા નહિ કોર્ટમાં? બસ્સો રૂપિયા લેતા હતા. ભાષાની ક્રિયા આવડે છે. આ તમે બધા હુશિયાર છોને તે આ બધા ગયા. પૈસા ... લંડન. ત્યાં રૂપિયા કમાવાના છે જાવું હતું ત્યાં. તો એના બાપ માંદા પડ્યા. આહા..હા..! ભગવાન! તું તારી સીમા તારા દ્રવ્ય, ગુણ અને પર્યાય, અવસ્થા એટલામાં તારી સીમા છે. એ સિવાય બાહ્યની સીમાં તું કોઈનું કામ કરી શકે એ મૂઢ માન્યતા છે. આહા..હા..! ચોર્યાસીમાં રખડવું છેને. એ પરનો કર્તા માને છે એમ કહે છે. આહા..હા..!

કહે છે કે આત્મા છ જીવની કાયા. આહા..હા..! પંચેન્દ્રિય જીવને મેં બચાવ્યો. મરતો હતો એને મેં બચાવ્યો. તો જેમ ઈશ્વર કર્તા છે એનું કામ કર્યું તે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**તો લોક અને શ્રમણોનો એક સિદ્ધાંત થાય છે,...**' તો વિષ્ણુ કર્તા માનનારા લોકો અને જૈન સાધુ નામ ધરાવનારા પરની ક્રિયા હું કરી શકું છું. બેયનો સિદ્ધાંત તો એક થયો. બેયની માન્યતા એક પ્રકારની થઈ. આહા..હા..! દુકાન ઉપર હુશિયાર બેઠો હોય તો ફેર પડે કે નહિ? જુઓ, એય..! સુજાનમલજી!

મુમુક્ષુ :- કુંભારને બેસાડે તો?

ઉત્તર :- કુંભારને બેસાડે તો? વકીલાતમાં રામજીભાઈને બેસાડે અને કુંભારને બેસાડો. ન સમજે. આહા..હા..! એ બહારની ક્રિયા તો પરની થવાની છે એ પરથી થાય છે. આહા..હા..! પરની ક્રિયા માટે તો આત્મા પાંગળો છે. આહા..હા..! અભિમાન જે કરે એને તો તત્ત્વની શ્રદ્ધાની ખબર નથી. હું આત્મા જ્ઞાનસ્વરૂપ છું એ કોનું કરે? રાગ કરું, દયા, દાન, વ્રતના

પરિણામનો કર્તા છું એ તો એનું એ થયું. શરીરની ક્રિયાનો કર્તા કહો, કારણ શરીર નિમિત્તથી થયું, દયા, દાનના પરિણામ એ પણ હું કરું છું. એ અજ્ઞાન થયું. આહા..હા..! કર્તા થશે તો એના ફળમાં ચાર ગતિમાં રખડવું પડશે એને. ભોગવવું પડશે. આકરું કામ. વીતરાગ દર્શન ઓલા ૫૦-૫૦, ૬૦-૬૦ વર્ષ કાઢ્યા હોય પણ એને ખબર ન મળે કાંઈ. એય..! કપુરચંદજી! જૈનમાં કાઢ્યા હોય ૬૦-૬૦ વર્ષ ૬૫. મોટો ધંધો કરે છે. વેપાર આમ કર્યો. એય..! લાલજીભાઈ! ક્યાં ગયા જયંતિભાઈ! એ તો કહે છે પણ પહેલે દિ' નહોતા તો ... કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

કહે છે કે '**એક જ સિદ્ધાંત થાય છે, કાંઈ ફેર દેખાતો નથી;...**' કુંદકુંદાચાર્ય મહારાજ કહે છે. દિગંબર સંત વનવાસી આત્મા. આહા..હા..! અમને તો બેયમાં કાંઈ ફેર દેખાતો નથી. જગત સ્વતંત્ર પદાર્થ છે. એને વિષ્ણુકર્તાની જેમ માને છે. એમ હું પરની દયા પાળું અને પરની ક્રિયા કરી શકું છું બેયની માન્યતા એક જ પ્રકારની છે. બેયમાં અમને તો ફેર દેખાતો નથી કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- નેમિનાથ ભગવાને પશુને બચાવ્યાને?

ઉત્તર :- ના, ના કાંઈ થયું જ નથી. ભાવ પણ નથી કર્યો. ભાવ થયો એને જાણ્યો. એમ કે આ નેમિનાથ ભગવાને પશુને બચાવ્યા કે નહિ? ના. ના. એ તો એનું આયુષ્ય હતું અને બચવાના હતા તો બચ્યા છે. કોઈના વિકલ્પથી બચ્યા છે એમ નથી. ઝીણી વાતું, ભાઈ! અહીં તો વિકલ્પનો કર્તા થાય છે એ પણ વિકારનો કર્તા એ અજ્ઞાની છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એ તે જાણવા-દેખવાનું કાર્ય કરે? કે એ તે રાગ, વિકાર, વિભાવ જે એના નથી એનું કાર્ય કરે? આહા..હા..! સત્ય સમજવામાં આવ્યું નથી, સાંભળવા મળ્યું નથી. એમ ને એમ ચાર ગતિમાં રખડ્યા કરે છે અનાદિથી. રખડે છે.

'**લોકના મતમાં વિષ્ણુ કરે છે અને શ્રમણોના મતમાં પણ આત્મા કરે છે...**' લ્યો, એમાં શું ફેર પડ્યો? '**(તેથી કર્તાપણાની માન્યતામાં બન્ને સમાન થયા).**' આહા..હા..! કુંદકુંદાચાર્યને કાંઈ પડી છે જગતની? કે આ જગત અને આ બધો મોટો ભાગ છે આ શું કરશે? ખળભળાટ કરશે? માર્ગ આ છે, ભાઈ! '**એ રીતે, દેવ, મનુષ્ય અને અસુરવાળા ત્રણે લોકને સદાય કરતા એવા...**' જેમ વિષ્ણુ કર્તા માને તો એ પણ અજ્ઞાન છે એમ આ પણ છ કાયની ક્રિયાને હું કરું છું તો '**સદાય કરતા (અર્થાત્ ત્રણે લોકને કર્તાભાવે નિરંતર પ્રવર્તતા)...**' આહા..હા..! એક રાગના અંશનો કર્તા માને છે એ ત્રણ કાળ, ત્રણ લોકની બધી જડની ક્રિયા મારાથી થાય છે એમ માને છે. અમરચંદભાઈ! આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? જુઓને શું કહ્યું? ' **(અર્થાત્ ત્રણે લોકને કર્તાભાવે નિરંતર પ્રવર્તતા) એવા...**' '**लोकश्रमणानां द्वयेषाम् अपि**' લોક અને સાધુ નામ ધરાવનારા કે શ્રાવક નામ ધરાવનારા જૈન. '**કોઈ મોક્ષ દેખાતો નથી.**' એ રાગથી ભિન્ન તો દેખાતું નથી. કેમકે જે રાગનો કર્તા હોય એ રાગથી ભિન્ન કેમ હોય? સમજાણું કાંઈ? શરીરની

ક્રિયા મારાથી થાય છે, તો એ શરીરથી ભિન્ન કેમ માને? એમ રાગનો કર્તા માને તો રાગથી ભિન્ન મારી ચીજ છે એ કેમ માને? આહા..હા..! શુભયોગથી આમ થાય અને શુભક્રિયાથી આમ થાય. એવી-એવી વાત ચાલે છે એ બધી મૂઢ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. કહો, બંધનથી છુટકારો તો બેયને નથી થતો. આહા..હા..! એ તો જ્ઞાનસ્વરૂપી પ્રભુ. દૃષ્ટાંત આવી ગયું છે. આંખ કોને કરે? આ આંખ અગ્નિને રચે? અને અગ્નિને ઓલવે? આંખ કોને કરે? એમ પ્રભુ ચૈતન્ય આંખ છે એ તો. જગતચક્ષુ. આહા..હા..! એ જ્ઞાતા ભગવાન આત્મા કોને કરે? અને કરે એ માને એ કર્તાથી છુટકારો થાય નહિ એને. સમજાણું કાંઈ? આ બધા હુશિયાર માણસો હોયને શેઠ! આ બીડી-બીડીના કામ કરે તો કેટલા લાખો રૂપિયા લઈ આવે લ્યો તમે થોડાક દિ' રહે ત્યાં. એય..! અમરચંદભાઈ!

મુમુક્ષુ :- ઇ એના કારણે આવતા હશે કે શેઠના કારણે?

ઉત્તર :- પણ ઇ શોભાલાલ શેઠ જાય ત્યારે આવે. એ ભગવાનદાસથી ન આવે ત્યાં. આડતિયા હોય એ બધા પાંચ-પાંચ હજાર, બબ્બે હજાર લઈને આવે. છોડીને મોકલી દે. છોકરીને .. પણ એ તો એને કારણે આવે છે. આહા..હા..! કહો, મોહનભાઈ! શું હશે આ બધું? હુશિયાર મોહનભાઈ જેવા દુકાને બેઠા હોય તો ... આહા..હા..!

મુમુક્ષુ ;- દુકાને જ કોણ બેસે છે?

ઉત્તર :- એ તો છે આત્મા આત્માનો છે. દુકાને ક્યાં બેસે? રાગને શું કરે? પરને શું કરે? અરે..! સત્યની ખબર ન મળે અને પછી ધર્મ મનાવે ખોટા. અમે વ્રત કરીએ છીએ, જાત્રા કરીએ તો ધર્મ થાય છે. ધૂળેય ધર્મ નથી. ધર્મ ક્યાં છે ત્યાં?

મુમુક્ષુ :- અમને શ્રદ્ધા છેને ધર્મ થાય એની.

ઉત્તર :- શેની ધર્મ શ્રદ્ધા? અજ્ઞાની માને કે આ રાગથી મને લાભ થાય, વિષ્ટા ખાય તો મને શાંતિ થાય. આહા..હા..! **'દેખાતો નથી.'** આચાર્ય મહારાજ કહે છે કે અમને તો બેમાં આંતરો નથી દેખાતો.

**'ટીકા :- જેઓ આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય...'** લોકોત્તર. જૈનના સાધુ અને શ્રાવક નામ ધરાવારા હોય. **'તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;...'** જગતના પ્રાણી જેને વિષ્ણુ જગતને માનનારા એ લૌકિક પ્રાણી છે એમ આ લોકોત્તર જૈનમાં રહેનારા એવા છે. સમજાણું કાંઈ? પરનો કર્તા ક્યાં હું? પ્રભુ તો ચૈતન્ય છેને. એ તો જ્ઞાનનો ભંડાર છે. અરે..! તારી દ્રવ્ય ચીજ ધ્રુવ છે એ પર્યાયની કર્તા નથી. આહા..હા..! તો એ દ્રવ્ય પર્યાય રાગની કર્તા નથી. એ રાગ પરની ક્રિયાનો કર્તા નથી. આહા..હા..! અરેરે..! સત્ય વાત તો ક્યાંય રહી ગઈ અને અસત્‌ના ગાણા બધા ગાયા. આમ થાય ને... આમ થાય ને... શુભોપયોગ હોય તો એને આમ .. પછી આત્મામાં ચડે તો એને કરણલબ્ધિ થાય. લોકોને બિચારાને ખબર ન મળે તત્ત્વની. અને એ

જાતનું રુચે કાંઈક શુભભાવથી કાંઈક લાભ થતો હોય તો એ વાત ઠીક પડે, ગોઠે એને. અહીં કહે છે કે શુભભાવનો કર્તા માનનારો જૈનની ખબર નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આત્માને કર્તા જ દેખે છે-માને છે, તેઓ લોકોત્તર હોય...'** એટલે કે જૈન દિગંબરમાં સાધુ થયો હોય અને દિગંબરમાં શ્રાવક નામ ધરાવનારા થયા હોય **'તોપણ લૌકિકતાને અતિક્રમતા નથી;...'** લૌકિકની જેમ એની પણ દૃષ્ટિ એવી છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ હુશિયારી વિના હુશિયારથી કામ કરે જુઓ. વાણિયાના દીકરા છે તો કેવો તેલનો કુચો હોય તો કાઢી નાખે. આઠ હજારનો પગાર મહિને. પણ હુશિયાર કેવો? આ તેલમાં આ ભુક્કો આમ છે ને આમ છે. તો એને આઠ હજારનો પગાર આપતા હશે તો એને કેટલા લાખોનો લાભ થતો હશે ત્યારે આઠ હજાર અપાતા હશેને. કે આઠ હજાર આપે અને આઠ હજારનો લાભ કરતા હશે એટલું જ તે? આહા..હા..! તેલ-તેલ હોય છેને? શું કહેવાય ઇ? પેટ્રોલ. પેટ્રોલ એ શું કહેવાય ઘોડા ઉડતો હોય. ગયો એ. અમેરિકાની કંપની પેટ્રોલની. કામ કરે. એય..! ... આનું આમ કરે... આનું આમ કરે... ત્યાં મજૂરી કરવી પડશે? આહા..હા..! એ રાગની અંદર દોરાઈ જાય છે એ મોટી મજૂરી છે. આહા..હા..! મોટા મજૂર.

અહીં કહે છે કે **'લૌકિક જનોના મતમાં પરમાત્મા વિષ્ણુ દેવનારકાદિ કાર્યો કરે છે,...'** ચાર ગતિ ઈશ્વર બનાવે છે. એમ લૌકિક મતમાં માન્યતા છે. ' **(-લોકથી બાહ્ય થયેલા એવા મુનિઓના) મતમાં પોતાનો આત્મા તે કાર્યો કરે છે...'** લ્યો, એ ચાર ગતિ આત્મા બનાવે, એને રચે. આહા..હા..! શરીરને રચે. માતાના પેટમાં આવે ત્યારે આહારક શરીર, ઇન્દ્રિય, ભાષા અને મન એને રચે છે કે નહિ અંદર પેટમાં? શાસ્ત્રમાં એવું આવે. આહારક શરીર છ પર્યાપ્તિને બાંધે. લ્યો, અહીં કહે કે ના. એ તો જડની પર્યાય જડથી થાય છે. આત્માથી કોઈ પર્યાપ્તિનું બંધન થતું નથી. આહા..હા..! અન્યમાં જેમ પરમાત્મા ચાર ગતિને બનાવે એમ આ લોકોત્તર જૈન સાધુ નામ ધરાવીને, શ્રાવક નામ ધરાવીને એ આત્માનું એ કાર્ય છે. **'તે કાર્યો કરે છે-એમ અપસિદ્ધાંતની (બન્નેને) સમાનતા છે.'** મિથ્યાબુદ્ધિ ભૂલ. એમ આવ્યુંને? ભૂલ ભરેલો સિદ્ધાંત છે. તે સિદ્ધાંતે એમ કહ્યું છે. એક ફેરી લ્યો લીંબડીમાં ૯૯ની સાલમાં. ભુરાભાઈ હતાને. અપસિદ્ધાંત કહ્યો? સિદ્ધાંત ખોટા હોય? સિદ્ધાંત તો સાચા જ હોય એમ. કાંઈ ખબર ન મળે. લીંબડી ૯૯માં ગયા હતાને ૯૯માં? ભુરાભાઈ હતાને વિશાશ્રીમાળી અને ઓલા શેઠ લાલચંદભાઈ. ગીરધરભાઈ હતા ૯૯માં. ... આ અન્ય પક્ષ લીધો કે બેયનો સિદ્ધાંત-અસિદ્ધાંત હોઈ શકે નહિ. આવા કાંઈ હોય? સિદ્ધાંત એ સિદ્ધાંત. એમ કે અમારા સિદ્ધાંત છે એને અપસિદ્ધાંત કહે છે. એમ છે જ નહિ, ભાઈ! સિદ્ધાંત એટલે? એની માન્યતા તદ્દન જૂઠી છે એમ. ભૂલભરેલો મત છે એનો. ભુલભરેલો એનો મત છે. આહા..હા..!

**'માટે આત્માના નિત્ય કર્તાપણાની તેમની માન્યતાને લીધે,...'** જુઓ, ભાષા! રાગને કરે,

દેહની ક્રિયાને કરે એવી નિત્ય કર્તાપણાની બુદ્ધિ તો નિત્ય સંસારમાં રહેવું પડશે એને તો ચાર ગતિમાં. આહા..હા..! સમજાણું કાંઈ? **'લૌકિક જનોની માફક, લોકોત્તર પુરુષોનો (મુનિઓનો) પણ મોક્ષ થતો નથી.'** એને પણ ધર્મ થતો નથી. ધર્મ થયો એ મોક્ષ જ થયો. ધર્મ ન થયો, અધર્મ થયો એને. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? અમે પાઠશાળાઓ બનાવીએ, પંડિતોને આટલા પૈસા આપીને અમે મદદ કરી. કહો, ચંદો કર્યો આટલો ખરડો કર્યો ચંદા-ચંદા. અરે..! બધી ક્રિયા જડની, પરની એને કર્તા માને છે તો નિત્ય કર્તાપણાનો પ્રસંગ એને આવે છે. તો ત્રિકાળ કર્તા જ થાય છે, પછી કર્તાથી ભિન્ન થઈ શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ શ્લોક .. આખી દુનિયાનો મોટો ભાગ. જ્યાં હોય ત્યાં ઈશ્વર કર્તા.... ઈશ્વર કર્તા... ઈશ્વર કર્તા... બસ. એની ધુન લાગી જગતને લ્યો.

ઓલા આવ્યા હતાને અમેરિકાથી. મુંબઈ-મુંબઈ. રાધાકૃષ્ણ... રાધાકૃષ્ણ... એમ કહે કે શું કહે? મુમુક્ષુ :- હરે કૃષ્ણ...

ઉત્તર :- હરે કૃષ્ણ... હરે કૃષ્ણ... હરે રામાકૃષ્ણ... એ મુંબઈમાં આવ્યા છે અમેરિકાથી સાધુ થઈને. બાવા. પછી ભજન કરે. શરીર રૂપાળું, આ બધા કાળા શરીર હોય હિન્દુસ્તાનના. લૂગડા લાલ પહેરે એટલે લોકો ચાલી નીકળે. આહા..હા..! એમાં પણ કાંઈક દગો છે એમ આવ્યું હતું છાપામાં. છાપામાં આવ્યું હતું હોં. આ બધા આ બહાને કાંઈક બીજું ચાલવાનું છે. એમ આવ્યું હતું છાપામાં. આહા..હા..! અમે ક્યાં ધર્મ કરીએ છીએ? આ તરફ લોકોને વાળી અને પોતાના દેશની ઓલી કરવી છે એમ કાંઈક કહેતા હતા.

મુમુક્ષુ :- ગુપ્ત-જાસુસી કરે છે.

ઉત્તર :- એ તો જાસુસી એ તો ઠીક, પણ એ એમ આ રીતે લોકોને વાળે. આહા..હા..!

**'ભાવાર્થ :- જેઓ આત્માને કર્તા માને છે,...'** રાગનો, પુણ્ય-પાપનો, દેહનો અને પરની ક્રિયાનો. ભલે મુનિ હોય, પંચ મહાવ્રતની ક્રિયા કરતા હોય, નગ્ન હોય, દિગંબર હોય **'તોપણ લૌકિક જન જેવા જ છે;...'** એની પણ ક્યાં ખબર છે દુનિયાને? દેશસેવા, દેશભક્તિ કરી શકે છે લ્યો. રાષ્ટ્રસેવા. કોણ કરે? પ્રભુ! રાષ્ટ્રસેવા કરે કોણ? આહા..હા..! રાગ કરે, દ્વેષ કરે ... પુદ્ગલનો સંયોગ એ બધો રાગ છે. રાગની સેવા કોણ કરે? એ રક્ષા કરતો હશે? આહા..હા..! અહીં તો કહે છે કે ભગવાનની પૂજા વખતે પણ જે હાથ ચાલે છે અને આઠ દ્રવ્ય જે કરે છે એ હું છોડું છું અને હું મૂકું છું, એ ક્રિયા હું કરું છું. આહા..હા..! એ અધર્મી જીવ છે એમ કહે છે. આહા..હા..! ધર્મની ખબર નથી એને. એય..! ભારે આકરું કામ! આ એમાં ઇ કહ્યું છે હોં બધો અર્થ કર્યો છે. એક રજકણની પર્યાય મારાથી થાય છે. સ્વાહા. સ્વાહા. એ તો જડની ક્રિયા છે. એ મારાથી થઈ. ભગવાનની સ્તુતિ કરે છે આમ બરાબર. હે પ્રભુ! એ સ્તુતિ તો ભાષા છે, જડ છે. જડને હું કરું અને બરાબર દેખી દેખીને કરું છું. 'ભક્તામર પ્રણિત મૌલી પ્રભાણામ' લ્યો આ ભાષા અમારી.

એ ભાષા મેં કરી. મૂઢ છે કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાષા ક્યાં ઉત્કૃષ્ટ છે? એ તો જડની પર્યાય છે. આહા..હા..! એના રજકણોની પર્યાય એ રીતે ગોઠવાય છે ત્યાં. કરે કોણ એને? આહા..હા..! વીતરાગદર્શન સમજવું એ મોટું પુરુષાર્થનું કામ છે અને એ સમજે એને સંસાર રહે નહિ. આહા..હા..! જેને વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ આત્મા કહ્યો કે ભગવાન! તું તો ચૈતન્યમૂર્તિ છોને. તું શું કરે? ચૈતન્ય સ્વભાવી ભગવાન જેનો ચૈતન્ય સ્વભાવસ્વરૂપ એ ક્યાં વિભાવ, વિકાર એને કરે? એ તો ત્રિકાળ એને વિકાર કરનાર જ રહેવું પડે અને વિકારને ભોગનાર જ રહેવું પડે. છૂટો પડી શકે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- પ્રભુ! આ કર્તાપણાની બુદ્ધિ ક્યારે મટે?

ઉત્તર :- મટાડે ત્યારે મટે.

મુમુક્ષુ :- એ મટાડે ત્યારે કેમ મટે?

ઉત્તર :- લે, એણે માન્યું કે હું કરું છું એ મટાડે કે હું એ નહિ.

મુમુક્ષુ :- કહેતા જાવું કે હું નહિ?

ઉત્તર :- હું જ્ઞાન છું. હું નહિ એમ નહિ.

મુમુક્ષુ :- કરે અને માનવું નહિ

ઉત્તર :- કરી શકતો નથી. કરે શું? એ જ વાંધા છેને આ બધા? આહા..હા..! કરે કોણ? ઓલા કહે છે કે કરવું પણ અનાસક્તિએ કરવું. એમ છે અહીં? બિલકુલ કરી શકતો જ નથી. આંગળી ઉંચી કરી શકતો નથી. આંખની પાપણ જડ છે, આ માટી છે આ તો. અજીવતત્ત્વ છે. એને આમ કરવું એ આત્મા કરી શકતો જ નથી. આહા..હા..! આ શ્વાસની ક્રિયા ચાલે છે એ આત્મા કરતો જ નથી. એ તો જડની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? મૃત્યુના કાળે, દેહ છૂટવાને કાળે શ્વાસ બંધ થઈ જાય, એકદમ શ્વાસ ચાલે એકદમ. એ શ્વાસની ક્રિયા રોકે? કરી શકે છે? આહા..હા..! ડોક્ટર પણ મરી ગયા કંઈક.

મુમુક્ષુ :- જેટલા જન્મ્યા એટલા મરી ગયા બાકી રહ્યા એ છેલ્લે મરશે.

ઉત્તર :- ઓલું કહ્યું નહોતું? કેન્સર. કેન્સર પારસી દવા કરતો હતો. એ પોતાને કેન્સર. મરી ગયો ઇ. હવે ધૂળ પરને કરે કોણ? આહા..હા..! ડોક્ટર શું હશે આમાં નવરંગભાઈ! આ બધા ડોક્ટરો બધા હુશિયાર હોય, માણસ હોય. ઇંજેક્શન આપે, આ કરે. અહીં કહે છે કે ઇંજેક્શન એ આપી શકતો જ નથી.

મુમુક્ષુ :- તો આપવું કે ન આપવું?

ઉત્તર :- કોણ આપે તે આપે? આહા..હા..!

**'આત્માને કર્તા માને છે, તેઓ ભલે મુનિ થયા હોય તોપણ લૌકિક જન જેવા જ છે; કારણ કે, લોક ઈશ્વરને કર્તા માને છે અને તે મુનિઓએ આત્માને કર્તા માન્યો...'** બેય એક છે. આહા..હા..! મિથ્યાશલ્યમાં શું પડ્યું છે એની એને ખબર નથી. અને એ ખબર વિના કરો વ્રત ને કરો તપ અને કરો જાત્રા. એ એકડા વિનાના મીંડા છે બધા. અંક-અંક નહિ. શૂન્ય છે. આહા..હા..! કુંદકુંદાચાર્યે તો સ્પષ્ટ કરી દીધું છે. નામ લઈને સ્પષ્ટ કર્યું છે. બાપુ! એ તો વસ્તુનું સ્વરૂપ બતાવે છે. વસ્તુ એવી છે કે ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય આંખ છે. એ આંખ શું કરે? એ તો પરની ક્રિયા કરી શકતો નથી. પરની દયા પાળે? પૈસા રાખી શકે? પૈસા ખર્ચી શકે? આટલા પૈસા આપો દાનમાં લાવો.

મુમુક્ષુ :- પોતે આપે નહિ પણ ખંખેરી તો શકેને.

ઉત્તર :- કોણ ખંખેરે? ધૂળ? અભિમાન છે. એ કહેતા હતા ખંખેરી નાખીએ અમે તો. ભાઈ! પૈસા-પૈસા નથી અમારી પાસે. પણ જો કરોડોપતિ આવે તો ખંખેરી નાખીએ ઉપદેશ કરીને. લાવો પૈસા. ખંખેરી સમજો છો? ખરડો કરે. લખો અહીંયાં પાંચ હજાર, લખો અહીંયાં દસ હજાર. તમારી પાસે ઘણા છે. લાવો એકાવન હજાર લખો. લ્યો, સાધુ હોય તો કેટલો ખર્ચ કરાવે લ્યો! દસ, વીસ લાખ, પચ્ચીસ લાખ, પચાસ લાખ, કરોડ. કરી શકે છે કે નહિ? બેયની માન્યતા સમાન થઈ. આહા..હા..! અહીં તો કહે છે કે ભગવાનની ભક્તિના પરિણામ જે છે એનો પણ કર્તા થાય છે તો એ મૂઢજીવ છે. આહા..હા..! ભાવ થાય ખરો અશુભથી બચવા, પણ એ કર્તવ્ય મારું છે. આહા..હા..! મોટી ભૂલ છે. વીતરાગમાર્ગની પદ્ધતિ-રીત જાણી નથી.

કહે છે **'જેમ લૌકિક જનોને મોક્ષ નથી, તેમ તે મુનિઓને પણ મોક્ષ નથી...'** એટલે ધર્મ નથી થતો, સમ્યગ્દર્શન નથી થતું એમ કહે છે. આહા..હા..! સમ્યગ્દર્શન થાય તો મુક્ત થઈ ગયો. દ્રવ્ય પોતે મુક્ત વસ્તુ છે. દૃષ્ટિ થઈ તો મુક્ત થયો અને પર્યાયમાં પણ જેટલો રાગનો અભાવ થયો એટલી મુક્તિ થઈ. સમજાણું કાંઈ? તો જે કર્તા માનનાર છે એ તો મુક્ત થઈ શકે નહિ. આહા..હા..! બબ્બે કલાક હું ભાષણ આપી શકું છું. એક ધારાવાહી દઈ શકું છું. એ બધી ક્રિયાનો કર્તા માનનારો મૂઢ છે. કોણ કરે? ભાઈ! ચૈતન્ય પોતાની પર્યાયની સીમા છોડીને શું જડની પર્યાયમાં પ્રવેશ કરે છે? એને અડે છે તે એને બનાવે? આહા..હા..! આકરું કામ. આર્યસંસ્કૃતિથી ફેર છે. ભાઈ! તને આર્યસંસ્કૃતિ કોને કહેવી એની ખબર નથી. જૈન સંસ્કૃતિ તો એમ કહે છે કે રાગ અને પરની ક્રિયા કરનારી એ જૈનસંસ્કૃતિ નથી. આહા..હા..! એ જૈનની પરંપરાની રીત અને કળા પણ એ નથી. અજ્ઞાન ભાવ છે એ તો. આહા..હા..! આકરું કામ ભારે!

કહે છે **'જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ,...'** આહા..હા..! જે કર્તા રાગ અને શરીરની ક્રિયાનો કર્તા થાય તો એનું ફળ ચાર ગતિમાં રખડવાનું ભોગવવું પડશે. આહા..હા..! **'અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?'** એમ કહે છે. રાગ અને શરીરની ક્રિયા હું કરું છું એવો

દષ્ટિવંત એને રાગનું ફળ તો ભોગવવું જ પડશે કર્તા છે તો. આહા..હા..! ભોગ નિમિતં ધર્મભોગ નિમિત્તં આવે છેને? આહા..હા..! .. રાગનો કર્તા થાય છે તો એને ભોગવવું પડશે. રાગ મંદ થઈ જશે મિથ્યાત્વ બંધાશે તો એનું ફળ ચાર ગતિમાં ભોગવવું પડશે. એ ચાર ગતિથી છૂટશે નહિ. આહા..હા..!

**'જે કર્તા થશે તે કાર્યના ફળને ભોગવશે જ, અને જે ફળ ભોગવશે તેને મોક્ષ કેવો?'** એ રાગથી કેમ છૂટો પડે? આહા..હા..! રાગનો વિકલ્પ છે એનાથી ભિન્ન ચૈતન્યતત્ત્વ છે. તો એમ ન માનતા રાગનો કર્તા અને પરનો કર્તા થયો તો પરથી છૂટકારો નહિ થશે. પરમાં રખડવું પડશે ચાર ગતિમાં નરક અને નિગોદ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વિશેષ વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રાવણ સુદ-૨, મંગળવાર, તા.૩૧-૦૭-૧૯૭૩
## શ્લોક-૨૦૦, ગાથા-૩૨૪ થી ૩૨૭, પ્રવચન-૪૫૫

આ પ્રવચન રિપિટ થાય છે. પ્રવચન નં.૪૪૯માં આવી ગયેલ છે. માટે લેવામાં આવેલ નથી.

## શ્રાવણ સુદ-૩, બુધવાર, તા.૦૧-૦૮-૧૯૭૩
## શ્લોક-૨૦૧, ગાથા-૩૨૪ થી ૩૨૭, પ્રવચન-૪૫૬

ટીકા. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. **'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી...'** જેને આત્મા જ્ઞાનસ્વરૂપ પરદ્રવ્યથી હું ભિન્ન છું. એવું જેને ભાન નથી. એવા અજ્ઞાનીઓ. **'અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ (વ્યવહારમાં જ વિમૂઢ) હોવાથી...'** પરદ્રવ્ય એ વ્યવહારી વસ્તુ મારાથી પર છે. એને ન જાણતા **''આ મારું છે' એમ દેખે છે...'** કર્મ મારા, શરીર મારું, વાણી મારી, દેશ મારો, કુટુંબ મારા એમ અજ્ઞાની પોતાની ચીજને ભિન્નપણે ન ભાસતા,

પોતાથી ભિન્ન ચીજને મારા તરીકે માને છે. આહા..હા..! **'જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ...'** છે. ધર્મી જીવ તો આત્મા આનંદ અને જ્ઞાયકસ્વરૂપે પરથી તો ભિન્ન છે, પણ રાગથી પણ ભિન્ન છે. પરથી જેને ભિન્નપણાનું ભાન થતાં એને રાગથી પણ ભિન્નપણાનું સાથે જ ભાન હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે આ સનેપાત. સનેપાત કહે છેને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહંકાર એ હું અને મમ એ મારા એમ. અહં-એ હું, મમ-એ મારા. બેમાંથી .. નહિ. એનું અસ્તિત્વ તે હું અને એનું અસ્તિત્વ તે મારામાં. એ હું એ અહં. અને એ તે મારા તે મમ. આહા..હા..! મોટો ફેર. જેને પોતાની ચીજ અંદર અનંતકાળમાં પણ જેને ભિન્નપણાનું ભાન થયું નથી એથી અજ્ઞાની વ્યવહારમાં મૂઢ જીવ. આહા..હા..! પરદ્રવ્યની ચીજને દેખીને એ મારી છે. સો મકાન છે શેરીમાં. શેરી છેને ગલી. ગલી કહે છે? શું કહે છે? શેરી-શેરી એ મહોલ્લા. મહોલ્લામાં સો મકાન હોય સો. તો આમ માણસ જાય ત્યારે જોવે છે. એમાં જ્યાં એની મેડી આવી ત્યાં કહે કે આ મારું. એ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- .. પૈસા ખર્ચ્યા છેને.

ઉત્તર :- પૈસા ક્યાં હતા એના બાપના? એમ સો મકાનમાં એક ગલી-મહોલ્લામાં પેઠો તો પહેલેથી છેક સુધી જોવે છે. ખરું કે નહિ? એમાં ઇ જ્યાં આવ્યું ઓલું બારણું ઉઘાડીને જ્યાં ઓલી આવો બાપા... આવો બાપા... આ આપણું મકાન. આહા..હા..! ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- પૈસા ખર્ચ્યા છે.

ઉત્તર :- પૈસા ક્યાં હતા એના? આ બીજા પણ મકાન જોતો નથી? એમ જગતના અનંત પદાર્થ એને જ્ઞાન જાણે-દેખે કે આ છે... છે... છે... પણ એમાં આ મારા એ ક્યાંથી આવ્યું કહે છે. આહા..હા..! મોટી ભૂલ. મણમાં આઠ પાંચ શેરીની. આઠ પાંચ શેરીની ખબર છેને? પૂરી. મણમાં આઠ પાંચ શેરી એટલે પૂરેપૂરી ભૂલ. આહા..હા..! શ્રીમદે દાખલો આપ્યો છે આ મકાન અને છોકરાઓને. ભાઈ! પચાસ છોકરા છે આમ જોવે છે કે આ છે... આ છે... આ છે... એમાં એના નિમિત્તથી થયેલો છોકરો. ઇ કાંઈ આત્માએ એને કર્યો નથી અને શરીર એણે કર્યું નથી. આ છોકરો મારો. એ ક્યાંથી આવ્યું? ભ્રમણા થઈ.

મુમુક્ષુ :- આ ભ્રમણા તો ન કહેવાય.

ઉત્તર :- ત્યારે થોડી ભ્રમણા કહેવાય? કહો, સમજાણું કાંઈ? ગાયું હોયને ઘરની એ વેચી નાખી હોય. ગાય-ગાય. વેચી હોય. એ ક્યાંક રબારીને ત્યાં જાય તો કહે જો આ મારી ગાય. અમારે શીવાભાઈ કહેતા શીવા પટેલ. શીવા પટેલ હતાને. એ એવું કરતા. પૈસા કેટલાક રબારીના સલવાઈ ગયા. ક્યાંક રસ્તામાં સાથે આવે તો કહે આ મારી ગાય. મારી પાસે હતીને આ ગાય. પણ તારી આવી ક્યાંથી? એમ બધી ગાયું છે પર અને એ પર છે. એમ સ્ત્રીઓ સો એક સાથે

આમ દેખાય. એ જાણે છે કે આ છે... આ છે... એમ જણાય. પણ એમાંથી આ સ્ત્રી મારી આવ્યું ક્યાંથી? કહે છે. આહા..હા..! ભારે ભ્રમણા! એમ શરીર, આ શરીર... આ શરીર... આ શરીર... આ શરીર... ઇ જાણે છે કે આ છે... છે... છે... એમ આ શરીર મારું એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! અનાદિની અજ્ઞાનીની આ ભ્રમણા છે. એથી એ મારા છે એમ ઇ દેખે છે. માન્યતામાં ભ્રમણા છે માટે એમ દેખે છે. પંડિતજી! બરાબર છે? પણ જેને પરની ... ... કોની સાથે પરણવું? દ્રવ્ય જ જુદું છે એની સાથે શું પરણે? વાદ શું કરે? ભ્રમ લાગ્યો છે તને આ. આ તો મિથ્યાત્વ અને સમ્યગ્દર્શનની વાતું છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ...'** છે. હું તો રજકણમાત્રથી અને બીજા આત્માથી અને રાગથી પણ મારી ચીજ તો ભિન્ન છે. ઇ ભિન્ન ચીજની ભિન્ન ચીજ કોઈ દિ' પોતાની થાય નહિ. આહા..હા..! હવે આવી જ્યાં અંદર માન્યતા થઈ પછી કહે અમે ધર્મ કરીએ છીએ. ક્યાંથી ધર્મ થાય? કે તારો ધર્મ તો પર છે એને જાણવું-દેખવું એ પણ વ્યવહારે છે. ખરેખર પોતે જ એ સંબંધીના જ્ઞાનને જાણે-દેખે. પોતાના જ્ઞાનને જાણે-દેખે છે. એ ઉપરાંત આગળ જઈને આ મારા છે એ એમ કહે છે કે ભ્રમ-અજ્ઞાન છે. આહા..હા..! આ અનાદિની ભૂલ છે આ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનાદિથી એમ જ ચાલે છે.

ઉત્તર :- અનાદિથી એ માટે નથી ચાલી. ક્ષણે-ક્ષણે નવી કરે છે. એની એ ભૂલ કોઈ દિ' નથી આવતી. નવી-નવી ભૂલ ક્ષણે-ક્ષણે નવી-નવી કરે છે. આહા..હા..!

**'પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મારું છે' એમ દેખતા નથી.'** ધર્મી. આહા..હા..! છ ખંડના રાજમાં દેખાય સમકિતી, છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય સમકિતી, લાખો પુત્ર હોય જેને એમ દેખાય કે દીકરા આના છે. ઇ કહે છે કે મને મારા સિવાય બીજું કોઈ મારું નથી. હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપી પ્રભુ છું. મારી ચીજમાં કોઈ ચીજ મને મારી ભાસતી નથી. આહા..હા..! જુઓ, આ દૃષ્ટિનો પલટો. સમજાણું કાંઈ? આ મારું છે **'જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ ...'** એ તો પહેલો સિદ્ધાંત કહ્યો. હવે એને દૃષ્ટાંતથી સિદ્ધ કરે છે. **'જેમ આ જગતમાં કોઈ વ્યવહારવિમૂઢ એવો પારકા ગામમાં રહેનારો માણસ 'આ ગામ મારું છે' એમ દેખતો-માનતો થકો...'** મૂર્ખ છે. આ જયપુર અમારું, રાજકોટ અમારું. શેનું પણ તારું? ક્યાં છે તારું એમાં? અમારો આ દેશ. ક્યાં રહેનારા? ગુજરાતમાં. વિલાયતવાલાને કહે ગુજરાત અમારો દેશ છે, સૌરાષ્ટ્ર અમારો દેશ છે. ઓલા વિલાયતીવાળા અહીં આવે તો કહે વિલાયત અમારો દેશ છે. ક્યાંથી આવ્યો તારો દેશ?

મુમુક્ષુ :- બધા ગાંડા લાગે છે.

ઉત્તર :- ગાંડા-પાગલ છે. શેઠ! આહા..હા..! સાગર અમારું ગામ છે લ્યો.

મુમુક્ષુ :- સાગરનો અર્થ એ બાદશાહ છે.

ઉત્તર :- કોના બાદશાહ? આત્માના બાદશાહ હોય કે પરના બાદશાહ હોય? આહા..હા..!

**''આ ગામ મારું છે' એમ દેખતો-માનતો થકો...'** એ ગામનો માલિક નથી, ગામમાં રહેતો પણ નથી. એ તો પોતામાં રહે છે. એ ક્ષેત્ર છોડીને વળી બીજે ગામ, એ ક્ષેત્ર છોડીને ત્રીજે નરકમાં, એ છોડીને પશુમાં, એ છોડીને સ્વયંભૂરમણ સમુદ્રમાં, ત્યાંથી છોડીને જંબુદ્વીપમાં ઘેટો થાય. ઘેટું સમજો છો? ભેડીયા, બકરા, મેંઢા ક્યાં કરવું તારું? ક્યાં વસ્તુ તારી હતી? તારી હોય એ જુદી રહે? તારી હોય એ જુદી રહે? અને જુદી હોય એ તારી થાય? આહા..! એ જેમ ખોટી દૃષ્ટિવાળો છે. ગામ મારું, દેશ મારો, અમે એના રક્ષક છીએ, અમે એને રાખનારા છીએ, અમે દેશના સેવક છીએ. લ્યો, એમ નથી કહેતા દેશના સેવક? દેશના સેવક ક્યાંથી આવ્યા? દેશ કોનો છે? અજ્ઞાની એમ માને છે.

**'તેમ જો જ્ઞાની પણ કોઈ પણ પ્રકારે વ્યવહારવિમૂઢ થઈને...'** આહા..હા..! **'પરદ્રવ્યને 'આ મારું છે' એમ દેખે...'** આહા..હા..! **'તો તે વખતે...' 'તે પણ નિઃસંશયપણે અર્થાત્ ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો,...'** શરીરની ક્રિયા, કર્મની ક્રિયા, પરની ક્રિયા એ મારાથી થઈ એમ જો એ દેખે કહે છે. આહા..હા..! તો તે પણ **'મિથ્યાદૃષ્ટિ જ થાય છે.'** આહા..હા..! અમારા હોય એના તો અમે રક્ષણ કરીએને. એમ કહે છે. તારા હતા કે દિ'? આહા..હા..! તદ્દન નવરો પરદ્રવ્યથી છૂટો છે. એ બીજાના જંજાળને પોતે પકડીને માને કે આ મારા, મારો ભાઈ અમારા, આ મારો બાપ, આ અમારી દીકરી, આ મારી દીકરી તે અંગ્રેજીમાં ફલાણા નંબરે પાસ થઈ છે. લ્યો એમ .. આ સાકરચંદભાઈ એની દીકરીની વાત કરતા તો બહુ બોલતા. એની દીકરી હશે કોક ભણેલી. તમારા મિત્ર.

મુમુક્ષુ :- મોઢુ ફુલાઈ જાય.

ઉત્તર :- મોઢુ ફુલાઈ જાય. મારી દીકરી આમ છે. તોપણ આ આટલો બધો શું આ! અમારી દીકરી આવી ભણેલી છે, બી.એ.માં પાસ થઈ છે. એમ.એ.ની પરીક્ષા છેલ્લે આપવાની છે. પહેલે નંબરે પાસ થઈ છે. સરકારે પણ એને ઇનામ આપ્યું. ત્યારે આવી હતી. આહા..હા..! સારો છોકરો પાકે હુશિયારને એવો. તો ઓલો કહે કે પણ મારો દીકરો છેને. એની આબરૂ એ મારી આબરૂ છેને. લે! આ ક્યાંથી પણ આ લપ આવ્યું? ભાન નથી એને કે હું એક ચીજ આત્મા છું. એ બીજા ચીજમાં મારો પ્રવેશ નથી અને બીજી ચીજ બદલીને મારામાં આવતી નથી. કેટલે કાળે? ત્રણે કાળે. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય. જ્યાં-જ્યાં હું છું તે ચીજ મારી કોઈ દિ' થઈ નથી. અને હું એનો કોઈ દિ' થયો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ માનનાર જ્ઞાની છે, એમ માનવું છોડી દઈને કોઈ કાળમાં પણ વર્તમાનમાં કે બીજે ક્યાંય. આહા..હા..! શરીરની ક્રિયા આમ મેં કરી, આ પ્રમાણે મેં ધ્યાન રાખ્યું તો શરીર આમ રહ્યું. નહિતર તો હમણા કચરાઈ જાત ઓલો જીવ.

મુમુક્ષુ :- આઘો ખસી ગયો તો રહી ગયો.

ઉત્તર :- આહા..હા..! ભાઈ! તને ખબર નથી. શાસ્ત્રમાં એમ આવે હોં. ઇર્યાસમિતિનો અધિકાર હોય ત્યાં. જ્યાં કોઈ કીડી-મકોડો હોય તો પગને ઉંચો કરી દેવો. ઉંચો કરી શકે છે?

મુમુક્ષુ :- કથંચિત્ કરી શકે.

ઉત્તર :- કોઈ પ્રકારે કરી શકે નહિ. ફક્ત એને પ્રમાદનો ભાવ ન આવે એ ખાતર એને એમ કહ્યું કે આમ કર. એવા કથન શાસ્ત્રમાં ઇર્યાસમિતિના આવે. એક બાજુ આમ કહે પણ એ પગની ક્રિયા મારાથી થાય એ ઉંચો મેં કર્યો એમ માનનાર મૂઢ જીવ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ જગતમાં ભાષાના ક્યાં તોટા છે? ભાષા .. ઘણી કરી એમાં તો સારુ બોલવાની ભાષા કરને. એવું શાસ્ત્રમાં આવે. એનો અર્થ એને પ્રમાદનો ભાવ ન કર એમ કહેવાય છે. ભાષા કરી શકે છે અને ભાષાને હું બોલી શકું છું. એ પરજીવને ક્યાંય પણ જો મૂઢપણે મારી માની તે અજ્ઞાની છે. તે કાળે **'ચોક્કસ, પરદ્રવ્યને પોતારૂપ કરતો થકો, મિથ્યાદષ્ટિ જ થયા છે.'** જેના સત્યની ઉંધી દૃષ્ટિ થઈ ગઈ છે, અસત્ય દૃષ્ટિ છે. મિથ્યા એટલે જૂઠી દૃષ્ટિ છે.

**'માટે તત્ત્વને જાણનારો પુરુષ 'સઘળુંય પરદ્રવ્ય મારું નથી'...'** રજકણથી માંડીને આખી દુનિયા કોઈ ચીજ મારી નથી. મારી હોય એમાં મારાથી વેગળી ન રહે. આહા..હા..! દૂર રહે એ મારી નહિ અને મારી હોય એ મારાથી દૂર રહે નહિ. આહા..હા..! **'પરદ્રવ્ય મારું નથી' એમ જાણીને,...'** આહા..હા..! પંચ પરમેષ્ઠી મારા. એ પણ કહે છે કે ભક્તિના ભાવમાં એ આવી ચીજ છે. એ ચીજ તારી ક્યાં છે? **''લોક અને શ્રમણ-બન્નેને...'** લોક એટલે કે આ જગતના પદાર્થને કરનારો ઈશ્વર છે. આ કહે છે કે આ પરપદાર્થનો હું અધિપતિ-ધણી છું. બેય એક જાતના મિથ્યાદૃષ્ટિ છે. ભારે આકરું કામ. **'લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે...'** આહા..હા..! આત્મા અને શરીરનો સંયોગ છે એ એને હું સંયોગપણે રાખી શકું છું અને એનો વિયોગ પણ હું કરી શકું છું. શરીર અને આત્મા એનો વિયોગ. ... એમ માનનારા **'આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે'...'** લ્યો, આહા..હા..! કહો, સમજાણું કાંઈ? કે આવું જે માને છે એને સમ્યગ્દર્શનરહિતપણું જ છે. કારણ કે એની માન્યતામાં સ્વદ્રવ્ય ભિન્ન છે અને પરદ્રવ્ય ભિન્ન છે એવી માન્યતા તો રહી નહિ. ભિન્ન-ભિન્નનું કરે એમ જે માને એ સમ્યગ્દર્શનરહિત છે. એ સાચી દૃષ્ટિરહિત છે. આહા..હા..!

કપડું એક બૈરા માટે લાવી દીધું હોય. હજાર રૂપિયાનો સાડલો. અને આમ રથયાત્રા નીકળે એમાં માથે બેડુ અને પાણી લે છેને? હજારનો સાડલો પહેર્યો હોય. એનો સાસરો બેઠો હોય દુકાને. આમ દેખે ત્યાં આહા..હા..! આ બધી પચાસ બાયુ છે પણ આની પાસે હજારનો સાડલો .. એને લઈને કેટલી શોભા દેખાય છે. આ શું થયું તને કહે. સુજાનમલજી!

મુમુક્ષુ :- પાગલખાનામાં ભરતી કરી દેવા.

ઉત્તર :- પાગલ છે. પણ હજાર-બારસેનો પગારદાર છોકરો હોય અને એનો બાપ કહે સુખી

ન થાય?

મુમુક્ષુ :- પરપદાર્થને મારો માન્યો તેથી ...

ઉત્તર :- એમ જ હોયને. વાત તો એમ જ છે. આહા..હા..!

તત્ત્વના જાણનાર પુરુષ તો એમ જાણે છે કે જેમ જગતનો કર્તા ઈશ્વર નથી, છતાં એ કર્તા માને છે એ જૂઠું છે. એમ પરદ્રવ્યની અવસ્થાનો કર્તા જીવ નથી. છતાં એ અવસ્થા મારાથી થઈ એ મારી હતીને? મારે કેમ રાખવું અને કેમ ટાળવું એ મારા અધિકારની વાત છે. આ પૈસા કેમ જાળવવા, વ્યાજ કેમ ઉપજાવું અને કેમ દેવા? ક્યાં દેવા? એ મારા અધિકારની વાત છે. મૂર્ખ છે કહે છે. એય..!

**"લોક અને શ્રમણ-બન્નેને જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વનો વ્યવસાય છે તે તેમના સમ્યગ્દર્શનરહિતપણાને લીધે જ છે' એમ સુનિશ્ચિતપણે જાણે છે.'** તત્ત્વજ્ઞાની. આહા..હા..! કહો, આવી વાત છે. દેશની સેવા કરી શકાય. કહો, સમજાણું? નેમિનાથ ભગવાને ન કર્યું? લોકો ત્યાં બધા રાડું પાડતા હતા ત્યાં. પર માટે દયા પાળી કે નહિ પરની? એ તો એક વિકલ્પ આવ્યો કે આ શું? એને એણે જાણ્યું. જાણ્યું. અમારે માટે આ. એમ ન હોય. એવા લગન ન હોય, બસ એ વિકલ્પ છૂટ્યો અંદર સમાઈ ગયા. ... અમે સંયમ ધરીશું સંયમના ધરનારા છીએ. પરની રક્ષાના ધરનારા અમે નહિ. આહા..હા..! અને આથી વિરૂદ્ધ કોઈ માનનાર હોય, જૈનનો સાધુ હોય, જૈનનો શ્રાવક હોય કે જૈનનો માસ્તર હોય પાઠશાળાનો ભણાવનાર. કહો, સમજાણું કાંઈ? કે ઉપદેશક હોય જૈનનો નામ ધરાવનાર. એ એમ માને કે હું આ ઉપદેશ કરું છું એ મારી ક્રિયા છે. આહા..હા..! આ દેશને મેં કેવી રીતે વ્યવસ્થામાં ઉભા રાખ્યા. નહિતર તો બધે આડે રસ્તે હતા. સમજાણું કાંઈ? મેં એને સવળે રસ્તે સરેડે ચડાવ્યા. અવળે રસ્તે.

મુમુક્ષુ :- ઇ તો વકીલનું કામ કરતા હતા.

ઉત્તર :- વકીલનું કામ ગાંડાઈનું છે. વકીલ બરાબર દલીલ આપે એમાં. રામજીભાઈ તો એવી દલીલ આપે તો ઓલાને એમ થઈ જાય લ્યો, ઓહો..હો..!

મુમુક્ષુ :- ખોટું છે. એમ કરી શકે જ નહિ.

ઉત્તર :- .. નથી આપણે મણિભાઈ? મણિભાઈને? મણિભાઈ. ઉદાણી મણિભાઈ એક ફેરી કહે કે મહારાજ! આ તમારો રામજીભાઈ ધોળે દિ'એ જગને પાણી ભરાવે છે. તારા દેખાડે છે. એ જજ કાંઈ મૂર્ખ હશે? એને ઠીક લાગે તો લાગે ઠીક. ... બહુ હતા. ... આહા..હા..! અહીં તો કહે છે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે, મારે, વ્યય કરે, જીવાડે, દેશની સંભાળ કરે તો એ કરી શકે. આહા..હા..! આ પૈસા-બૈસા સરખા વેહેંચે તો લોકો પાસે સરખા પૈસા રહે લ્યો. (એમ માનનાર મૂઢ છે.)

મુમુક્ષુ :- એનું નામ સામ્યવાદ છે.

ઉત્તર :- સામ્યવાદ, પરિગ્રહ. ભાઈ! પરિગ્રહ ઘટાડો, ઓછો રાખો કે જેથી જીવ બીજાને મળી શકે પૈસા. એવી અપરિગ્રહની વ્યાખ્યા કરે છે. પરિગ્રહ ઘટાડો રાખવાનો તો ઘણા પૈસા વધે તો લોકોને મળે. આહા..હા..! આવા ને આવા પાગલ છે કહે છે. મોટા ભાષણ કરે. એક મોટો પ્રાણી અબજ રૂપિયા સંઘરીને બેઠો હોય તો એ જગતને પૈસા મળવામાં અંતરાય પાડનાર છે. લાખ રૂપિયા સંઘરીને બેઠો હોય તો સાધારણ પ્રાણીને પણ મળી ન શકે એટલે એ દુઃખી થશે પ્રાણી. આવા રાખનારા. કોણ રાખે સાંભળને, ભાઈ! કોણ વહેંચી દે? કોની પાસે આવે? ક્યા આવે? આવી જેની માન્યતા છે એ સમ્યગ્દર્શનરહિત છે એમ મતિ ફરી ગઈ છે. સમજાય છે? પછી મોટો માંધાતા આચાર્ય હોય જૈનનો, લાખો માણસને ઉભા રાખતો હોય સભામાં. પણ આ રીતે બીજાનું કરી શકે છે એમ જે માને તે મિથ્યાદૃષ્ટિ સમ્યગ્દર્શનરહિત છે. કહો, સમજાણું કાંઈ? એમ સુનિશ્ચિતપણે તત્ત્વજ્ઞાની જાણે છે એમ છેને? તત્ત્વને જાણનારો પુરુષ આમ સુનિશ્ચિતપણે એમ પાછું. બરાબર નિશ્ચય આ જ છે કે પરનો કરનાર માને છે આ એ મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પૈસાનો આપણે સદ્દુપયોગ કરીએ. ગરીબોને આપો અને વહેંચીને આપો સરખા. એકને ખાડામાં પૂરો અને એકને ઢગલો એમ રહેવા દ્યો. બધાને સરખું આપો એમ જે સરખું આપવાની માન્યતા જેની છે એ નિશ્ચયથી સમ્યગ્દર્શનરહિત છે. ભારે જગતને અને આ વીતરાગને ફેર બહુ. આહા..હા..! ઘર છોડીને લગનમાં જાય એના પ્રમાણમાં આપણે ૨૦-૨૫ લાખના આસામી છે એના પ્રમાણે ૫૦ હજારનું દહેજ દેવું જોઈએ. જેથી એના સાસરાને એ બધા એને હીણી દૃષ્ટિએ ન જોવે. કે આ તો લક્ષ્મી લઈને આવી છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

બે બાયુને થઈ તકરાર દેરાણી-જેઠાણીને. એમાં જેઠાણી છે એ પૈસા દઈને આવેલી. પૈસા છેને. એના બાપે પૈસા દીધેલા ૧૦-૨૦ હજાર. અને દેરાણી હતી એ .. શું કહેવાય? પૈસા લીધા વિના આવી હતી. પૈસા લીધા વિના. હવે બેને થઈ તકરાર. એટલે ઓલી જેઠાણી કહે છે કે હું કાંઈ મફતમાં નથી આવી, તું તો મફતમાં આવી છો. અરેરે..! ભારે!

મુમુક્ષુ :- ... વખતે એને ..

ઉત્તર :- .. હવે બેસને. શું બોલે છો? મારા બાપે કાંઈ મફત નથી આપી અહીં. પૈસા લઈને આપી છે. તારા બાપે મફત આપી છે અહીં. લે! શું કહેવા માગે છે તું? આવા ને આવા મૂર્ખા છે બધા. આહા..હા..!

એક દાખલો આવે છે. પચ્ચીસ જણા અભિમાની હતા. એ ગયા. ત્યાં ખાટલો એક જ. એટલે ખાટલો આપ્યો કે ભાઈ સુવો. બધા કહે આમાં કોણ સૂવે? પછી અંતે છેટે ઓલો કહે મારા બાપે તોડ્યો હતો. હાથે તોડી નાખ્યો. મારા બાપે માખીને ચોળી નાખી હતી માટે હું મોટો, ઓલો કહે હું મોટો. અરેરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવે, દાખલો આવે છે ખબર છેને. પછી બધું ઢોલિયો રાખ્યો અને બધા પગ એની સામું રાખીને સૂવો બધા હવે. આહા..હા..! સમજાણું કે નહિ શેઠ! સમજાતું નથી. ભાષા સમજતા નથી.

મુમુક્ષુ :- ગુજરાતીમાં હોય તો

ઉત્તર :- પણ આમાં શું? આમાં તો સાદી ભાષા છે.

મુમુક્ષુ :- નો સમજાણું.

ઉત્તર :- શું નો સમજાણું? પણ તમે ધ્યાન નો રાખ્યું. આમાં સાધારણ ભાષા છે. આમાં ક્યાં ત્યાં કોઈ (તત્ત્વની વાત છે) આહા..હા..! માણસ ભેગા થઈને એમ બોલે. એને એક ઢોલિયો આપ્યો. ઢોલિયો સમજ્યા? આ પલંગ. પલંગ એક હતો. ઓલો કહે કોણ સૂવે? ઓલો કહે હું સૂવ. કેમ? મારા બાપે માખી ચોળી નાખી હતી. ઓલો કહે હું સૂવ. નહિ મારા બાપે પાપડને તોડી નાખ્યો હતો.

મુમુક્ષુ :- વિકલ્પ...

ઉત્તર :- વિકલ્પની વાત નથી. અમે મોટા કેમ? કે આ લઈને અમે મોટા એમ. આ તો સાદી વાત છે સાધારણ. આ કાંઈ વ્યાકરણ- સંસ્કૃત નથી.

મુમુક્ષુ :- પચ્ચીસ છે તો મળીને બધા...

ઉત્તર :- બધા નીચે પગ રાખીને સૂવો કહે. ઢોલિયો રાખો ખાલી.

મુમુક્ષુ :- પચ્ચીસેય મૂર્ખા.

ઉત્તર :- આવા જ મૂર્ખા છે કહે છે. આહા..હા..!

એક પરદ્રવ્યની ક્રિયામાં હું મોટો અને એ ક્રિયા મારાથી થઈ છે, મારા બાપથી થઈ છે. આહા..હા..! માટે અમે ઉત્તમ કુળમાં જન્મેલા. કહે છે કે એ કુળમાં જન્મ મારો એ કુળ પર અને તારો જન્મ એ મૂઢે માન્યું છે. આહા..હા..! એ સમ્યગ્દર્શન રહિત જ પ્રાણી છે. ચાહે તો જૈનનો આચાર્ય નામ ધરાવનારો હોય, સાધુ હોય, પણ જો એમ કહે કે આ પરદ્રવ્યનું આપણે કરી શકીએ છીએ. આહા..હા..! તો સમજી લ્યો કે એ મિથ્યાદૃષ્ટિ જીવ સમ્યગ્દર્શન રહિત છે. એને માનનારા પણ એવા છે. સમજાણું કાંઈ? આહા..હા..! જુઓને ખુલાસો કેટલો કરી નાખ્યો છે! નામ કાઢી નાખ્યું છે. આહા..હા..!

**‘ભાવાર્થ :- જે વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે...’** આહા..હા..! કહો, આ વરસાદ ઘણો આવશે, માટે ફસલ સારી પાકશે, માટે લોકો સુખી થાશે. હવે ઇ શું હશે? મૂઢ છે એ કહે છે. પરદ્રવ્યને લઈને સુખી થશે? આહા..હા..! અને સારો પાક હોય તો દેશની ઉન્નતિ થાય, પોતાનું અનાજ બહાર ન જાય, ઝાઝું અનાજ બીજેથી મંગાવું ન પડે. અહીંના અનાજે જ લોકોને નિર્વાહ સારો થાય.

નહિ. અમે તો ૭૯ની સાલમાં ઉમરાળા છોડ્યું હતું. એ નાની ઉંમરમાં કોને ઓળખીએ? એ બાપને .. ૭૦ વર્ષ થઈ ગયા. પછી તો સાંજ પડી ત્યાં વરઘોડો નીકળ્યો મોટો. શું છે? ઘનશ્યામભાઈ ચુંટણીમાં આવ્યા.

મુમુક્ષુ :- ઇ વરઘોડો નીકળ્યો?

ઉત્તર :- વરઘોડો નીકળ્યો. એ પાછળથી રાડું નાખે લ્યો! વરઘોડો આવતો હશે. આહા..હા..! કોની તારે મોટપ જોઈએ, ભાઈ! પરદ્રવ્યની અધિકતાથી તું મોટો? એ માન્યતા જ અજ્ઞાનીની છે. અને એવું માને અને જાણી લે કે એ બધા મિથ્યાદૃષ્ટિઓ અજ્ઞાની છે. ચાહે તો મોટા માંધાતા હોય. કહો, અમરચંદભાઈ! ભારે આકરું આવું! સત્ય વસ્તુ તો સત્ય જ હોયને? સત્ય કાંઈ અસત્યમાં આવી જાય? આહા..હા..! પોતાની અપેક્ષાએ તો બીજા બધા દ્રવ્યો અસત્ય છે. દિલીપ! શું કીધું ઇ?

મુમુક્ષુ :- પોતાની અપેક્ષાએ પરદ્રવ્ય...

ઉત્તર :- બીજા બધા દ્રવ્યો અસત્ય છે, એની અપેક્ષાએ સત્ય છે. મારી અપેક્ષાએ અસત્ય છે. હવે અસત્ય છે એને મારા કહેવા. આહા..હા..! ભારે વાત કરી! જુઓને ઘા માર્યો છે બે વચ્ચે. એક દ્રવ્યને બીજું દ્રવ્ય કાંઈ સંભાળે, કરે, સુખી કરી દે, સુખ કરી દે, આપી દે. એમ એને લઈ લે આયુષ્ય આદિ. આહા..હા..! મૂકી દે એનો માલ એમ જે માને છે એ સુદૃષ્ટિ રહિત જીવની માન્યતા છે. આહા..હા..! આકરું કામ ભારે આ!

**'વ્યવહારથી મોહિત થઈને...'** બોલવામાં આવ્યું એમાં માની લીધું એણે. આ ગામ અમારું, આ દીકરા અમારા, આ મકાનો અમારા, આ ધંધો અમારો. અમારો એટલે શું? એ ધંધો ધંધાનો છે. કહો, આ હીરાના ધંધા નથી થતા આમાં? હીરા-હીરાના ધંધા. મોટા પાયે ઓલા સુરતમાં હમણા ચાલે છેને તમારા. હમણા આવ્યો હતોને એક છોકરો શાંતિલાલનો. ત્યાં બધું ચાલે છે. ઇ જ આવ્યો હતો અહીંયાં. પાલનપુરવાળો. આ ચીમનભાઈનો દીકરો. છે ચીમનભાઈ? તમારો દીકરો એક આવ્યો હતો. ત્યાં હીરાના વેપારમાં સંબંધવાળા છીએ એમ કહેતા હતા. કીધું આ ક્યાંથી આવ્યા? ક્યાં શાંતિભાઈના દીકરા અને ક્યાં ચીમનભાઈ પાલનપુરના દીકરા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા કામ કરતા હશેને સાથે. આ અમારા, આ અમારા સંબંધવાળા, આ અમારા સગા-સંબંધી છે. એમ કહે છે કે નહિ? આ અમારા નાતીલા છે. અમે એક નાતના છીએ.

મુમુક્ષુ :- કર્તૃત્વનો રોગ

ઉત્તર :- કર્તૃત્વબુદ્ધિ છે. કર્તૃત્વનો રોગ લાગ્યો છે. આહા..હા..! ... એક દ્રવ્યમાં બીજા અનંતા દ્રવ્યનો જ્યાં અભાવ છે. કેટલે કાળે? કે ત્રણે કાળે. તો પછી વર્તમાનમાં વળી અન્યનું એ ક્યાંથી થઈ ગયું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ વાત તો બધી બરાબર છે.

ઉત્તર :- જ્ઞાનચંદજી! એમ કહે છેને? એમ ભાષણ આપે છે. ઓલા સાંભળનારને ખબર ન હોય કાંઈ. મારે ગપ્પા. આહા..હા..! કહે છે કે વરસાદ પડ્યા માટે ફસલ થઈ એ જૂઠી વાત અને ફસલ થઈ એથી લોકો સુખી થાય એ પણ જૂઠી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જુઠી તો જુઠી જ નીકળેને? કોલસામાં શું નીકળે? કોઠી ધોવે તો કાદવ નીકળે. ગારાની કોઠી હોયને કોઠી? ગારાની સમજ્યા? ધૂળની. તો માટીને સાફ કરવા જાય તો શું નીકળે ત્યાં? આહા..હા..! એમ ખોટામાં આવો ભ્રમ અનાદિનો અજ્ઞાનીઓને છે. અહીં તો આચાર્ય ચોખ્ખું કહે છે. કે ચાહે તો અમારો જૈનનો સાધુ હોય કે અમારો જૈનનો શ્રાવક અને મોટો પદવીધર મોટો હોય. ... હોય. એમ બોલેને. મોટી ..વાળા. .. અમારે કહેતા એ. ... કોને કહેવા સાંભળને મારા! એવા શ્રાવકને. એક ફેરી તો એમ કહેતા હતા અમારે તો ભાઈ! જુઓ આ પાંચ લાખ શ્રાવક છેને સ્થાનકવાસી? એ સુખી હોય તો અમે તો રાજી થઈએ. કેમકે ધર્મી તો સુખી સારા. પાપી દુઃખી સારા એવું આવે છે શાસ્ત્રમાં. ભગવતીમાં. ભગવતીસૂત્ર છેને. એવું આવે છે. આ તો ઘણા ૮૦ વર્ષની, ૭૯ની વાત છે. ઓલાના બાપ આવ્યા હતા .. અહીં જાદવજી .. નહિ જાદવજી વકીલ વઢવાણ. ત્યાં અત્યારે .. રહે છેને? એનો બાપ આવ્યા હતા મગનલાલ. મગન જાદવજી મગન. એ મગનભાઈ. ૭૯-૮૦ની સાલ હશે બોટાદ. ત્યારે આ બોલ્યા હતા. અમે તો ધર્મી જીવ સુખી હોય દુઃખી ન હોય, પણ સુખી એટલે શું? આ પૈસા અને બહારની અનુકૂળતા એ સુખી? આહા..હા..! ધર્મી તો રાગથી રહીત પોતાની દૃષ્ટિ પડી છે ચૈતન્યમાં, સુખી છે. એ સુખી છે. 'સુખીયા જગતમાં સંત દુરીજન દુઃખીયા.' રાગ અને પરદ્રવ્યને મારા માનનારા પ્રાણી પોતે દુઃખી છે. અમરચંદભાઈ! આહા..હા..! આખો પરિવાર હોય, અબજો રૂપિયા હોય એ પરને પોતાનું માને છે તે દુઃખી મિથ્યા ભ્રમથી મહા દુઃખી છે. ઇ આકુળતાના વેદનારા છે. આહા..હા..!

ધર્મી પરથી જુદો હું કોનું કરું? અને હું લઉં કોની પાસેથી? મારામાં ક્યાં પૂર્ણતા નથી કે હું બીજેથી લઉ? લઉ સમજ્યા? લેના. પરથી લેવું નથી, પરને દેવું નથી. આહા..હા..! કેમ હશે આમાં ગીરધરભાઈ! આ તમે બધા ... અભિમાન કર્યા... કાર્યભાર. કાર્યકર્તા. આહા..હા..! કોણ કાર્યકર્તા? બીજા પણ કહે છે. કોણ કાર્યકર્તા? અમે આ કાર્યકર્તા છીએ દેશના. મૂઢ છો? ભારે જગતથી ઉંધું ભાઈ આ.

મુમુક્ષુ :- જગતથી તો ઉંધો જ હોયને ધર્મ.

ઉત્તર :- અમે આ કાર્યભાર઼ી છીએ, ફલાણું છીએ. એ હતાને પહેલા ઘનશ્યામજી? ઘનશ્યામભાઈ નહિ? અહીંયાં હતાને દહેગામ. આવ્યા. તે દિ' અમે ચુંટણી હતી. વ્યાખ્યાન પૂરું થયું અને આવ્યા. મહારાજ! ઉમરાળામાં જન્મ છે અમારો. હશે કીધું આપણને તો કાંઈ ખબર

**'વ્યવહારથી મોહી થઈને પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે-લૌકિક જન હો કે મુનિજન હો...'** અમારા જૈનના દિગંબર સાધુ નામ ધરાવનારા હોય એમ કહે છે. કુંદકુંદાચાર્ય એમ પોકાર કરે છે. **'મિથ્યાદૃષ્ટિ જ છે.'** કહો, પાનાચંદભાઈ! છે? આહા..હા..! કહે છે કે જગતના પ્રાણી એમ માનતા હોય કે અમારા મુનિ નામ ધરાવીને એમ માનતા હોય કે તમે દેશનું કરો, દેશનું કરી શકો છો, તમે સાધનસંપન્ન છો. એ સાધનનો સદ્દુપયોગ કરો. સમજાણું કાંઈ? આવા મનુષ્યના અવતાર ફરીને નહિ મળે. માટે સારા કામ કરો પરને માટે. એય..! શેઠ! એ કહે છે કે **'લૌકિક જન હો કે મુનિજન હો-મિથ્યાદૃષ્ટિ જ છે.'** આકરું ભારે લાગે છે. **'જ્ઞાની પણ જો વ્યવહારમૂઢ થઈને...'** જ્ઞાની એટલે? જાણપણું કર્યું હોય એણે. પણ છતાં અંદરમાં દૃષ્ટિના ફેરને લઈને **'પરદ્રવ્યને 'મારું' માને તો મિથ્યાદૃષ્ટિ જ થાય છે.'** આહા..હા..!

## કળશ-૨૦૧

(वसन्ततिलका)

एकस्य वस्तुन इहान्यतरेण सार्धं
सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे
पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्॥201॥

**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**

**શ્લોકાર્થ :- [यतः] કારણ કે [इह] આ લોકમાં [एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः] એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, [तत्] તેથી [वस्तुभेदे] જ્યાં વસ્તુભેદ છે અર્થાત્ ભિન્ન વસ્તુઓ છે ત્યાં [कर्तृकर्मघटना अस्ति न] કર્તાકર્મઘટના હોતી નથી- [मुनयः च जनाः च] એમ મુનિજનો અને લૌકિક જનો [तत्त्वम् अकर्तृ पश्यन्तु] તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે-એમ શ્રદ્ધામાં લાવો). 201.**

## કળશ-૨૦૧ ઉપર પ્રવચન

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'** ૨૦૧.

(वसन्ततिलका)

एकस्य वस्तुन इहान्यतरेण सार्धं
सम्बन्ध एव सकलोऽपि यतो निषिद्धः।
तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे
पश्यन्त्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वम्॥201॥

**'કારણ કે આ લોકમાં...'** **'एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः'** **'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'** તાદાત્મ્ય સંબંધ છે પરની સાથે? ગુણ-ગુણી સંબંધ છે? સંબંધ છેને? નામ છેને ઓલામાં? આલાપ પદ્ધતિમાં? એમાં પણ છે. ... છેને? પાનું-૧૩૫. આલાપ પદ્ધતિમાં છે. તાદાત્મ્ય લક્ષણ સંબંધ. એક તત્ત્વને બીજા તત્ત્વની સાથે તાદાત્મ્ય સંબંધ નથી. છે? ભિન્ન છે. ગુણ-ગુણીભાવલક્ષણ. ગુણી આત્મા અને બીજા ગુણો એના વસ્તુ એના ગુણો. એવો સંબંધ છે? ગુણગુણીનો સંબંધ છે પર સાથે? લક્ષલક્ષણભાવ. પરદ્રવ્ય લક્ષ અને આત્મા લક્ષણ, આત્મા લક્ષ અને પરદ્રવ્ય લક્ષણ. છે? વાચ્યવાચકભાવ લક્ષણ. કહો, શબ્દગુણ વાચક વાચ્ય પરચીજ. એવો સંબંધ છે એની સાથે? આત્મા બોલનાર અને બીજું વાચ્ય છે એ એનું. વાણીનું. એવો સંબંધ છે એની સાથે? આહા..હા..! વિશેષવિશેષણભાવ. કહો, આત્મા આત્મા વિશેષ અને બીજા પદાર્થો વિશેષણ. એવો સંબંધ છે કાંઈ? આહા..હા..! ઓલામાં લખ્યું છે હોં. લક્ષણ ઇત્યાદિમાં. પરંતુ ભિન્ન વસ્તુ નિષેધ ભગવાને તો એક દ્રવ્યની સાથે આ બધા લક્ષણોનો નિષેધ કર્યો છે. .. આ સંસ્કૃત છે હોં. આહા..હા..! આલાપ પદ્ધતિમાં આવશે. છેને .. આ ૧૩૫ પાનું છે. આલાપ પદ્ધતિ.

અહીં કહ્યું **'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ...'** આ એની વ્યાખ્યા છે આ. સઘળોય સંબંધ, તાદાત્મ્ય લક્ષણ સંબંધ, લક્ષલક્ષણ સંબંધ, ગુણગુણી સંબંધ, વિશેષવિશેષણ સંબંધ આહા..હા..! પરની સાથે કાંઈ સંબંધ છે નહિ. આહા..હા..! પરલક્ષણ અને એનાથી આ લક્ષ થઈ શકે ઓળખાવા જેવો છે સંબંધ? ... અવિનાભાવ સંબંધ. પરદ્રવ્ય.. ની સાથે અવિનાભાવ સંબંધ છે? દેશ સંબંધ. દેશ સંબંધ ... પરિણામપરિણામી સંબંધ. પરિણામ આત્મા, આ એનું પરિણામ. એ પરિણામી અને આ આત્મા એનું પરિણામ એમ છે કાંઈ સંબંધ? આહા..હા..! શ્રદ્ધાશ્રદ્ધેય સંબંધ. પરદ્રવ્યની સાથે છે સંબંધ કાંઈ? આહા..હા..! જ્ઞાનજ્ઞેય સંબંધ. નવરંગભાઈ! આ નવરંગભાઈનો પ્રશ્ન. ... જોયું? જ્ઞાનજ્ઞેય સંબંધ નથી. આલાપ પદ્ધતિ. ૧૩૫ પાનું. આમાં આપણે શેમાં આવ્યું છે? આ અધ્યાત્મતરંગીણીમાં. આ એમાં આ બોલ કીધાને પહેલા વિશેષ...

એમાં. કળશ. એ સંસ્કૃત...

જ્ઞાનજ્ઞેય સંબંધ, ચારિત્ર પર્યાય સંબંધ. ઇત્યાદિ તત્ત્વાર્થ અસત્યાર્થ, સત્યાર્થ ... ઉપચરિત એ બધો સંબંધ સાચો નથી. આહા..હા..! એ તો અસદ્‌ભુત ઉપચારથી કથન કહેવામાં આવે છે. જૂઠી દૃષ્ટિએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભેદજ્ઞાન કરાવ્યું છે આ. જે તારું નથી એને તું માન ત્યાં ભેદજ્ઞાન ક્યાં રહ્યું? એ તો અભેદ થઈ ગયું. આહા..હા..! તારી દૃષ્ટિ જો તારા દ્રવ્ય ઉપર હોય તો તો પરદ્રવ્ય અને રાગાદિ તારા હોય એવું કોઈ રીતે સપનામાં પણ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'एकस्य वस्तुनः अन्यतरेण सार्धं सकलः अपि सम्बन्धः एव निषिद्धः' **'સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે,...'** આહા..હા..! ત્યાં કહ્યું છેને કળશમાં નહિ? કે જ્ઞાન પણ તું, જ્ઞેય પણ તું અને જ્ઞાતા પણ તું. જ્ઞાતા-જ્ઞેય અને જ્ઞાન તુંનો તું છો. જ્ઞેય પરજ્ઞેય એ પણ નહિ. આહા..હા..! આમાં આવે છે પાછળ કળશમાં. સમજાય છે કાંઈ? આહા..હા..! જાણનારો પણ તું, જ્ઞેય પણ તું, દ્રવ્ય-ગુણ-પર્યાય તારું જ્ઞેય, જ્ઞાન પણ તું. પરજ્ઞેયની સાથે તારે શું સંબંધ છે? આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી સત્ય વાત સત્ય કાને પણ ન પડે ઇ શી રીતે ભેદ કરીને જાણે? આહા..હા..! ખીચડો કરીને જાણે બધું. અરે..! અનંતકાળ એમ ને એમ ચાલ્યો ગયો અજ્ઞાનમાં. સાધુ થઈ, મુનિ થઈને પણ પરનું કરી શકે એવી માન્યતામાં ઉભો રહી જીવન ખોયા છે. અને પોતે હોય ત્યાં ક્યાંક સારું થાય બહારમાં. ત્યારે ઇ માને કે મારે લઈને આવું થયું જુઓ. જુઓ આ બધું કેવું થયું? ઓણના ચોમાસામાં કેટલા કામ થયા! એય..! શેઠ! કેટલા અપવાસ, કેટલા દાન, કેટલી પાઠશાળાઓ કરી. જો ભાઈ! એ માણસ હોય ઇ કામ કર્યા વિના રહે નહિ... આહા..હા..! કહે છેકે પરના કામ કરી શકું છું એ માન્યતા અજ્ઞાનીની, મૂઢની છે.

**'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ...'** છેને? 'सम्बन्धः एव' છેને? 'एव છે અંદર.' **'સંબંધ જ...'** આહા..હા..! **'નિષેધવામાં આવ્યો છે,...'** કહો, અહીં તો જ્ઞેય-જ્ઞાયક સંબંધ જ નિષેધવામાં આવ્યો છે.

મુમુક્ષુ :- છે જ ક્યાં? વ્યવહાર છેને.

ઉત્તર :- એ તો વ્યવહારની ભાષા છે. આહા..હા..! જે જ્ઞેયો છે તે સંબંધીનું જ્ઞાન તો પોતાનું પોતામાં આવ્યું. એને લઈને આવ્યું નથી. એ જ્ઞેયો છે માટે જ્ઞાન થાય છે એનું. (એમ નથી) એ તો જ્ઞાન છે તો જ્ઞાન થાય છે તત્ત્વનું અને પરનું. સમજાણું કાંઈ? આહા..હા..!

**'એક વસ્તુનો અન્ય વસ્તુની સાથે સઘળોય સંબંધ જ નિષેધવામાં આવ્યો છે, તેથી જ્યાં વસ્તુભેદ છે...'** વસ્તુભેદ ત્રણે કાળે છે. **' ભિન્ન વસ્તુઓ છે ત્યાં...'** **'कर्तृकर्मघटना अस्ति न'** **'अस्ति न'** એટલે નાસ્તિ. **'કર્તાકર્મઘટના હોતી નથી...'** આહા..હા..! જીવ કર્તા અને પરજીવની દયા પળે તે કામ એના એમ છે નહિ કહે છે. આ ભારે આકરું કામ. આવો હિન્દુસ્તાનનો ધર્મ,

દયા ધર્મ. દયા તો તારી કરવી, રાગની ઉત્પત્તિ ન કરવી અને અંતર્દષ્ટિ કરીને વીતરાગતાની દશાની ઉત્પત્તિ કરવી એનું નામ દયા છે. પરની દયા કોણ કરી શકે? આહા..હા..! સ્ત્રી મરતી હોય, ૩૫ વર્ષની ઉંમર હોય ધણીની ૪૦ની હોય. .. હોય અને આખું શું કરે? ઓલી રોતી રોતી કહેતી જાય. તમે નાની ઉંમરના છો બીજી કરજો હોં, નહિ ચાલે તમારે. અને તમારી પ્રકૃતિ જરી સાચવવી મુશ્કેલ છે. આ બધું અમારે તો ઘણું જોયેલું છેને. ઘણું સાંભળેલું અને ઘણું જોયેલું. આહા..હા..! નામ-ઠામ કાંઈ અપાય છે કાંઈ? આ તો બધાની ખબર છે. કહે એમ. આહા..હા..! કે તમારી પ્રકૃતિ જરી એવી છે, તમને કોઈ નહિ સાચવી શકે. નાગા-ભૂખ્યા.. સ્ત્રી હશે તો થશે. બાકી તમારી ઉંમર ભલે ૫૩ વર્ષની છે, પણ પરણજો એમ કહેતા જાય. આવા ગાંડા તે.

કહે છે. એય..! શેઠ! આ તો બધું પોલ ખોલાય છે. આહા..હા..! મહેનત તો કરી હતી પાછળથી, પણ કાંઈ મળ્યું નહિ. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! અને ત્યાં સુધી વિચાર આવે સાચવવા કરતા-કરતા. અરે..! આ એક સ્ત્રી મરી જાય છે. ઉંમર પચાસ વર્ષની થઈ છે. હવે આ કરતા દસ વર્ષ પહેલા મરી જાત તો બીજું થાત તો ખરી. કહેતો હતોને કે મારી અર્ધાંગના છે. મારી અર્ધાંગના છે. અડધુ અંગ અને અડધું હું. કોણ છે? ઘરવાળી છે અમારી એમ કહે. ઘરવાળી હોય તો શું તે માંડ્યું આ? કે આ કરતા દસ વર્ષ પહેલા મરી ગઈ હોતને તો આપણે ચાલીસ વર્ષની ઉંમરે કાંઈક થતા. આ જુવાની હવે કરવાની શી? આહા..હા..! શેનો સંબંધ કોની સાથે કરે છે તું? શું કરે છે આ? આહા..હા..! અજ્ઞાનીઓની આ બધી ભ્રમણાઓ છે. એ કર્મકર્તાપણાનું ઘટતું નથી.

'मुनयः च जनाः च' **'એમ મુનિજનો અને લૌકિક જનો...'** હવે એની ભલામણ કરે છે હોં. પહેલા તો તત્ત્વજ્ઞાનીની ભલામણ કરી. કે આવું જે માને તે મુનિ હોય એ બધા મિથ્યાદષ્ટિ છે. હવે એને કહે છે. હે મુનિ! અને લૌકિક. 'तत्त्वम् अकर्तृ पश्यन्तु' આહા..હા..! **'તત્ત્વને (વસ્તુના યથાર્થ સ્વરૂપને) અકર્તા દેખો (-કોઈ કોઈનું કર્તા નથી, પરદ્રવ્ય પરનું અકર્તા જ છે-એમ શ્રદ્ધામાં લાવો).'** કહો, બેયને વાત કરી સાધુને અને એને. ઈશ્વરકર્તા માનનારને અને સાધુને. ભાઈ! તમે આ વાત છોડી દ્યો, બાપુ! એ તો ગીતામાં પણ એમ છે. ગાથા છે. હું કોઈનો કર્તા નથી, મેં કોઈનું કર્યું નથી. એ મોટો એક શ્લોક છે. .. ભાષા છે. કોણ કરે? આહા..હા..! એ શ્લોક છે. આવે છે.

**'એમ શ્રદ્ધામાં લાવો.'** છોડી દે આ વાત. કે કોઈ કોઈનું કરે. એ ઈશ્વર થઈને કરે કે તું આ આત્મા થઈને કરે. એમ છોડી દે બે. મોટી દશા તારી ભંગ થાય છે. મોટું અજ્ઞાન ઉભુ થઈને રખડવાનું થશે. માટે એ શ્રદ્ધા છોડી દે. એમ કીધું છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

